...સ્વામીજીની વાતોના દિવ્ય મુક્તક"

...ના ચરણમાં તો જ છે, ભગવાન તથા ભગવાનના સાચા સંત.
...સમાગમ થકી જ એકાંતિક ભક્ત થવાય છે.
...એ ભગવાનની કથા, વાર્તા, માળા, માનસી પૂજા અને ભજન
...યત્ન રાખવા, તેણે કરીને ભગવાન આપણા ઉપર રાજી થાય.
...વાગના સુખનો લોભ રાખીને જેમ ભગવાનનો સંબંધ અતિશય
...તેમ ઉપાય કરે તેને બુદ્ધિવાન કહીએ.
...ઈ ખામી રહે છે, તે આપણા આળસ અને પ્રમાદે કરીને રહે છે.
...કાળ ને ભવિષ્યકાળનો વિચાર ન કરતા વર્તમાનકાળ સુધારવો.
...વાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવા નટની જેમ વૃત્તિ કેળવવી.
...શ્વરના સ્વરૂપનું ધ્યાન કરે ને પરમેશ્વરના વચનને હૃદયમાં ધારે,
...કરીને એ કારણ શરીર છે તે બળીને ખોખાં જેવું થઈ જાય છે.
...લક્ષણે યુક્ત સંતના સમાગમથી જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું
...છે.
...ગ્ર બુદ્ધિવાળાને બ્રહ્મની પ્રાપ્તિ થાય છે.
...વાનનો યથાર્થ મહિમા સમજાઈ જાય તો આપણે એક ક્ષણ પણ
...વાનને ભૂલીએ નહીં.
...ણી સર્વે ખામી ટળી જાય ને આ દેહને અંતે ભગવાનની સેવામાં
...જવાય તો ફેરો સફળ થયો કહેવાય.

– સ.ગુ. ધ્યાનીસ્વામી હરિસ્વરૂપદાસજી

શ્રી ઘનશ્યામ માનવ સેવા ટ્રસ્ટ

અંબિકા પાઈપ - આશીર્વાદ પાઈપ પાછળ,
નો.હા. નં. ૮, વઘાસી, આણંદ
મો. નં. ૯૮૭૯૨ ૦૫૯૪૪, ૯૮૨૪૯ ૦૬૫૮૦૪.

સ.ગુ. ધ્યાનીસ્વામી હરિસ્વરૂપદાસજીની વાતો - ૨

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સ.ગુ. ધ્યાનીસ્વામી હરિસ્વરૂપદાસજીની વાતો

ભાગ - ૨



પ્રકાશક

સ.ગુ. શાસ્ત્રીસ્વામી [illegible]

[illegible]

શ્રી ઘનશ્યામ [illegible] આણંદ

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સ.ગુ. ધ્યાનીસ્વામી હરિસ્વરૂપદાસજીની વાતો

ભાગ - ૨

વડતાલ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજના
રૂડા આશીર્વાદથી.

પ.પૂ.સ.ગુ.શ્રી ધ્યાનીસ્વામી સ્મૃતિ પારાયણના
ઉપલક્ષમાં છપાવી પ્રસિદ્ધ કર્તા

સ.ગુ. શાસ્ત્રીસ્વામી સત્સંગભૂષણદાસજી
મેનેજીંગ ટ્રસ્ટી
શ્રી ઘનશ્યામ માનવસેવા ટ્રસ્ટ, આણંદ

અંબિકા પાઈપ - આશીર્વાદ પાઈપ પાછળ,
ને.હા. નં. ૮, વઘાસી, આણંદ.
મો. નં. ૯૮૭૯૨ ૦૫૯૪૪, ૯૮૨૪૯ ૦૬૮૦૪.

- : પ્રકાશન તિથી :-

સંવત - ૨૦૭૪
પોષ સુદ-૧૧
પુત્રદા એકાદશી

તા. ૨૯-૧૨-૨૦૧૭
શુક્રવાર

આ પુસ્તકના સર્વ હક્ક પ્રસિદ્ધ કર્તાને સ્વાધિન રહેશે.

પ્રાપ્તિસ્થાન

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, રમાણંદ (વઘાસી)
અંબિકા - આશીર્વાદ પાઈપની પાછળ,
નેશનલ હાઈવે નં. ૮, વઘાસી. તા.જી. આણંદ, ગુજરાત.
મો. નં. ૯૮૭૯૨ ૦૫૯૪૪, ૯૮૨૪૯ ૦૬૮૦૪

સર્વજીવહિતાવહ શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, કણભા
તા.દસ્ક્રોઈ, જી. અમદાવાદ - ૩૮૨૪૩૦.
મો. ૯૮૭૯૫ ૨૯૭૧૨, ૯૮૭૯૫ ૫૯૭૧૧, ફોન : ૦૨૭૧૮-૨૮૬૦૦૧

પ્રથમ આવૃત્તિ :- ૫૦૦૦ પ્રત

કિંમત રૂા. ૭૦/-

પ્રિન્ટીંગ : સંસ્કાર ઓફસેટ પ્રિન્ટર્સ - અમદાવાદ



ઉપાસ્ય ઇષ્ટદેવ શ્રી [illegible]



શ્રી ઘનશ્યામ મહારાજ - કણભા ગુરુકુળ



શ્રી લક્ષ્મીનારાયણ દેવ દેશ વડતાલ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮
આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજ



પ્રાતઃ સ્મરણીય પ.પૂ. સ.ગુ. શ્રી ધ્યાનીસ્વામી હરિસ્વરૂપદાસજી



બ્રહ્મનિષ્ઠ સ.ગુ. મહંતશ્રી શ્રીવલ્લભદાસજી સ્વામી - ભુજ
(સ.ગુ. ધ્યાનીસ્વામીના ધ્યાનગુરૂ)



સ.ગુ. ધ્યાનીસ્વામીના ગુરૂ બ્રહ્મનિષ્ઠ સ.ગુ. શ્રી બાલમુકુંદદાસજી સ્વામી - ભુજ

શ્રીહરિ

પ્રસ્તાવના

પ.પૂ. ગુરૂવર્ય સ.ગુ. શ્રી ધ્યાનીસ્વામીજીએ જીવનપર્યંત સત્સંગમાં અનેકવિધ કલ્યાણકારી પ્રવૃત્તિઓ હાથ ધરી, પ્રવચનો, કથા, પારાયણો, શિબિરો દ્વારા લક્ષાવધિ મુમુક્ષોઓને શુદ્ધ સરળ ઉપદેશ આપી, સાથે સાથે ભગવાનને પ્રાર્થના કરી, દીન દુઃખિયાના કષ્ટો કાપીને સુખિયા કરી શ્રીહરિના અનન્ય આશ્રિત કર્યા. ચાર દાયકા પહેલા તો મોબાઈલ કે ફોનની સુવિધા ઉપલબ્ધ ન હતી, તેથી દેશ વિદેશમાં વસતા સર્વે સત્સંગીઓનું પોષણ કરવા, શ્રદ્ધા ટકાવી રાખવા, ચુસ્ત નિયમધારી સહજાનંદી સિંહ બનાવવા, દર વર્ષે દિવાળી પર તથા વચ્ચે વચ્ચે પણ સ્વહસ્તે પત્રો લખીને ઉપદેશ સાથે આશીર્વાદ પાઠવતા. સ્વામીજીના ઐશ્વર્ય તથા સરળ શૈલીના ઉપદેશથી અનેક મુમુક્ષોઓ ખેંચાઈ આવતા. તેઓને સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનો સર્વોપરી મહિમા સમજાવી આજ્ઞા ને ઉપાસનારૂપ સત્સંગની બે પાંખો એમના જીવનમાં દઢ કરાવતા. વળી એ પાંખોની સિદ્ધિ માટે સત્પુરુષો અને સત્શાસ્ત્રોનો સંગ, આત્મનિષ્ઠા, પરમાત્મનિષ્ઠા, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભકિત, બ્રહ્મચર્ય, અહિંસાધર્મ વગેરેની વાતો સરળ દૃષ્ટાંતો દ્વારા કરતા. મુમુક્ષુજનોને ગુરૂવર્ય સ.ગુ.ધ્યાની સ્વામીજીએ આપેલ ઉપદેશ તથા સ્વામીજીએ લખેલા દિવાળીના પત્રોનો યથાતથા આ પુસ્તકમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

આ બુકનું કમ્પોઝિશન પૂજય સ્વામીજીએ જાતે કરેલું છે. આ પુસ્તકમાં ઘણી વાતોનું પુનરાવર્તન જોવા મળે છે, પણ તે બાબતો જો કે દિવાળીના પત્રોની છે એટલે જાણી જોઈને પત્રો મૂળ સ્વરૂપે રહેવા દીધા છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રવર્તાવેલ સંપ્રદાયની કલ્યાણકારી પ્રણાલિકા ચિરકાળ જળહળતી રહે ને મુમુક્ષુજનોને નિજાત્માનં બ્રહ્મરૂપ એમ માની અક્ષરરૂપ થઈને પૂર્ણ પુરૂષોત્તમ સર્વોપરી સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના પરમ ઉપાસક સહજાનંદી સિંહ બનાવી, આત્યંતિક કલ્યાણના અધિકારી બનાવવા તથા છતે દેહે અક્ષરધામનું સુખ લેતા કરવા, એ ઉન્નત ધ્યેયને લક્ષ્યમાં રાખીને પ.પૂ.ગુરૂવર્ય સ.ગુ.શ્રી ધ્યાની સ્વામીજીએ આ વાતોનું પુસ્તક લખ્યું છે.

આ પુસ્તક છપાવવા માટેની વાત જયારે આપણા લાડીલા વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીને કરી કે, સ્વામીની સ્મૃતિમાં સત્સંગિજીવન પંચાહ્ન પારાયણ (વડતાલ મધ્યે) પ્રસંગે સ.ગુ.શ્રી ધ્યાની સ્વામી હરિસ્વરૂપદાસજીની વાતો ભાગ-૨ પુસ્તકનું પ્રકાશન કરવાની ઈચ્છા છે, એટલે તુરંત અતિશય રાજી થઈને પૂજય મહારાજશ્રીએ આશીર્વાદ આપતા કહ્યું કે, સ્વામીની વાતોનું પુસ્તક તમે છપાવો એમાં અમારો અતિશય રાજીપો છે.

આ પુસ્તકનું પ્રૂફ રીડિંગ તથા કોમ્પ્યુટર કમ્પોઝીંગ અમદાવાદ નિવાસી પ.ભ. શ્રી હિતેન્દ્રભાઈ અંતાણી સાહેબે તથા રીકમ્પોઝીંગ ભુજ નિવાસી પ.ભ.શ્રી નીતિનભાઈ ઠક્કરે કરેલ છે તથા તથા ફાઈનલ પ્રૂફ રીડિંગ સ.ગુ. પુરાણી સ્વામી ન્યાલકરણદાસજી તથા ભુજ નિવાસી પ.ભ. શ્રી નીતિનભાઈ ભટ્ટ, પ.ભ.શ્રી મહેશભાઈ ચૌહાણ, પ.ભ. શ્રી વિનોદરાય કાચાએ કરેલ છે. તો આ સર્વે ભકતજનો ઉપર ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા ગુરૂવર્યની અપાર કૃપા ઉતરે અને આ વાતોનું રહસ્ય તેઓને આત્મસાત્ થાય એવી પ્રાર્થના.

પૂજય સ્વામીજીની આ વાતો એકદમ સરળ ને અભણ માણસને પણ સમજાય એવી છે. જે વાંચવાથી મુમુક્ષુઓના ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભકિત આત્મનિષ્ઠા, બ્રહ્મચર્ય અહિંસાધર્મ, આજ્ઞા ને ઉપાસના દઢ થાય અને સાચા સહજાનંદી સિંહ બને એવી પરમકૃપાળુ પરમાત્મા ભગવાન શ્રી સ્વામિનારાયણના ચરણોમાં કોટિ કોટિ વંદન સાથે પ્રાર્થના.

આ પુસ્તકમાં ઘણી ચોકસાઈ રાખીને પ્રૂફ રીડિંગ કરાવ્યું છે, છતાં કયાંય ક્ષતિ રહી ગઈ હોય, તો સુજ્ઞ વાંચકો ક્ષમા કરશે.

લિ.

શાસ્ત્રી સત્સંગભૂષણદાસજી સ્વામી
ગુરૂ ધ્યાનીસ્વામી હરિસ્વરૂપદાસજીના
સપ્રેમ જય શ્રી સ્વામિનારાયણ

નિવેદન

વ્હાલા ભકતો, આપણા સૌના આત્યંતિક કલ્યાણના ધોરી માર્ગના ભોમિયારૂપ પ.પૂ. ગુરૂવર્ય સ.ગુ. શ્રી ધ્યાનીસ્વામીજીની વાતોનો બીજો ભાગ આપ સહુના હાથમાં પહોંચી રહયો છે, ત્યારે દિવ્ય ચિંતામણીના ખજાના સમાન આ વાતો, વાંચનારા સર્વેના મોક્ષ માટે અમૂલ્ય ભાથારૂપ બની રહેશે તેમાં શંકાને સ્થાન નથી.

ગુરૂવર્ય શ્રી ધ્યાનીસ્વામીજીની વાતાનો પ્રથમ ભાગ પ્રકાશિત થયા બાદ અમો સર્વે સંતોને તથા અનેક હરિભકતોને અતિ આનંદાયક અનુભૂતિ થઈ કે જાણે પ.પૂ. ગુરૂજી આપણી સમક્ષ પ્રત્યક્ષ બેસીને જ વાતો કરે છે!

શ્રીજી મહારાજે પોતાની પરાવાણીરૂપ વચનામૃતમાં અનેક વખત એવો ઉલ્લેખ કર્યો છે કે, સત્પુરૂષના પ્રસંગે કરીને જ આ જીવાત્માને પરમાત્માની ઓળખાણ થાય છે તથા મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે.મહાઐશ્વર્ય મૂર્તિ પ.પૂ. સ.ગુ. ગોપાળાનંદ સ્વામી પોતાની વાતોમાં કહે છે કે, એકાંતિક સાધુના સમાગમે કરીને માયાને ટાળીને એકાંતિક થવું એ જ સત્સંગ કર્યાનું સાચું ફળ છે. આમ વચનામૃત તથા મોટા સંતોની વાતો વાંચતા આપણાને ખ્યાલ આવે છે કે, સંત સમાગમ એ જ આત્યંતિક કલ્યાણનું સાધન છે.

કારિયાણીના સાતમાં વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે કે,આત્યંતિક કલ્યાણને પામીને જે સિદ્ધ દશાને પામ્યો હોય, તેને જયાં જુએ ત્યાં ભગવાનની મૂર્તિ જ દેખાય, એ વિના બીજું અણુ માત્ર પણ ભાસે નહીં. પ.પૂ. ગુરૂવર્ય સ.ગુ. શ્રી ધ્યાનીસ્વામીજી આવી સ્થિતિને પામેલા સત્પુરુષ હતા તે તેમની સાથેના નિકટના સહવાસ દરમ્યાન મેં અનુભવેલ.

સત્સંગની અનેકવિધ પ્રવૃત્તિઓ વચ્ચે પણ જેમ શ્રીમંત પિતા પોતાના વ્હાલસોયા સંતાનો માટે આ લોકની અનેક વસ્તુઓ જેવી કે ગાડી, બંગલા, માલિમલ્કત આદિ રાખી જાય છે, તેમ ગુરૂવર્ય આપણા માટે અમૂલ્ય અને આત્યંતિક કલ્યાણના ધોરીમાર્ગ પર પ્રકાશ પાથરતી વાતોનો સંગ્રહ રાખી ગયા છે, તે સમગ્ર સત્સંગ સમાજ ઉપર અહેતુકી કૃપા કરી છે.

તીર્થરાજ વડતાલધામના આંગણે ગુરૂવર્ય પ.પૂ. સ.ગુ. શ્રી ધ્યાની સ્વામીજીની સ્મૃતિમાં યોજાઈ રહેલ ગ્રંથરાજ શ્રીમદ્ સત્સંગી જીવન પંચાહ્ન પારાયણ પ્રસંગે જયારે પૂ. સ્વામીજીની આ વાતો પુસ્તક સ્વરૂપે પ્રકાશિત થઈ રહી છે, ત્યારે આ દિવ્ય વાતો આપણા સહુના જીવનમાં સારધાર ઉતરે ને શ્રીહરિની અલૌકિક, માધુરી, દિવ્ય, પ્રકાશમાન મૂર્તિને વિષે દિનદિન પ્રત્યે હેત વૃદ્ધિ પમાડવામાં સહાયરૂપ બને અને સહુ આત્યંતિક કલ્યાણને પામીએ, તેવી વૃત્તાલય વિહારી શ્રી હરિકૃષ્ણ મહારાજ તથા ગુરૂવર્યના ચરણકમળમાં પ્રાર્થના.

લિ.

દાસાનુદાસ સાધુ ન્યાલકરણદાસજી
ગુરૂ ધ્યાનીસ્વામી હરિસ્વરૂપદાસજીના
આપ સૌને ભાવથી જય શ્રી સ્વામિનારાયણ

શ્રીહરિ

સાદર સમર્પણ

બાળપણથી જ શ્રી હરિના રંગે રંગાઈ, સંસાર ત્યજી ત્યાગીની દીક્ષા લઈ, ઉગ્ર તપસ્યા અને અખંડ મૂર્તિનું ચિંતવન કરી, સમાધિ દ્વારા શ્રીહરિનો સાક્ષાત્કાર કરી, અખંડ શ્રીહરિની મૂર્તિમાં રમમાણ શ્રીહરિની સાથે પ્રગટ વાતો કરનારા, ૪૦-૪૦ વર્ષ ભુજ મંદિરમાં સેવા આપી, કાલુપુર અમદાવાદ પધારી પાંચ પાંચ મહામંદિરોના નિર્માણ કરી, નિર્લેપપણે મહંતાઈ કરી, સંપ્રદાયને પાંચેય મહામંદિરોની ભેટ ધરનારા, સેવા, શિબિરો, મોક્ષ પારાયણોના આયોજન કરી, અનેક જીવોને શ્રી સ્વામિનારાયણ ભગવાનની ઓળખ ને ઉપાસના કરાવી, તેઓના હૈયામાં શ્રીહરિ પ્રત્યે હેત પ્રગટાવનારા, અખંડ સેવામાં વ્યસ્ત રહેવા છતાંય, સમય કાઢીને ધ્યાનપ્રકાશ, શ્રીહરિ ઉપદેશામૃત તથા સ.ગુ. ધ્યાનીસ્વામી હરિસ્વરૂપદાસજીની વાતો ભાગ-૧, ૨ ની ભેટ આપનારા ગુરૂવર્યની સ્મૃતિ પારાયણ પ્રસંગે આ પુસ્તકનું પ્રકાશન કરી, તેમના જ પુનિત ચરણોમાં શ્રીહરિની સ્મૃતિ સહસ્નેહ સમર્પણ કરી અમે કૃતજ્ઞતા અનુભવીએ છીએ.

શાસ્ત્રી સત્સંગભૂષણદાસજી સ્વામી
પુરાણી વ્યાલકરણદાસજી સ્વામી

" શ્રીહરિ "

અનુક્રમણિકા

૧.	પ્રતિલોમ વૃતિથી ધ્યાન કરવાથી આલોકના રાગ માત્ર ટળી જાય છે	૧
૨.	મનુષ્ય જન્મની દુલર્ભતા	૪
૩.	અક્ષરરૂપ થઈને પુરૂષોત્તમની ઉપાસના કરનારને કનક કાન્તા બાધ કરે નહીં	૬
૪.	નિષ્કુળાનંદ સ્વામીનું દૃષ્ટાંત	૯
૫.	વચનામૃત વંચાય ત્યારે એમ ધારવું કે હું અક્ષરધામની સભામાં જ બેઠો છું (સુખપર-કચ્છના દેવજીભાઈનું દૃષ્ટાંત)	૧૩
૬.	ભગવાનમાં અખંડ વૃત્તિ રાખવાના ઉપાયો	૧૬
૭.	માતાએ નાનપણથી પોતાના બાળકને આત્મા-પરમાત્માના જ્ઞાનની દૃઢતા કરાવી	૧૯
૮.	આ અવસર કરુણાનિધિ કરુણા બહુ કીધી	૨૧
૯.	ઘણાં માણસો પાપ કરતા હોય તો પણ સુખી કેમ હોય છે?	૨૩
૧૦.	ગ.મ.પ્ર ના ૪૫ મા વચનામૃત ઉપર વિવેચન	૨૪
૧૧.	પુણ્ય ખૂટે એટલે પાછા લખ ચોર્યાસીમાં (મકોડાનું દૃષ્ટાંત)	૨૭
૧૨.	ગ.મ.પ્ર ના ૪૮ મા વચનામૃતનું વિવેચન	૨૯
૧૩.	નવ લાખ યોગીનું ચરિત્ર	૩૧
૧૪.	ગ.મ.પ્ર ના ૫૦ મા વચનામૃતનું વિવેચન	૩૪
૧૫.	અજ્ઞાનીમાં અજ્ઞાની કોણ?	૩૬
૧૬.	યે દિન ભી જાયેગા	૩૯
૧૭.	ગ.મ.પ્ર ના ૫૪ મા વચનામૃતનું વિવેચન	૪૩
૧૮.	સાચા સંતોનું જીવન પરોપકારી હોય છ	૪૫
૧૯.	ધ્યાનનિષ્ઠ સંત સ.ગુ.હરિનારાયણદાસજી સ્વામી	૪૮
૨૦.	નિયમ, નિશ્ચય અને પક્ષ, એ ત્રણ વાના હોય એ જ પાકો સત્સંગી કહેવાય (જેતલપુરના ગંગામા તથા ધ્યાનગુરૂ શ્રીવલ્લભદાસ સ્વામી)	૫૦
૨૧.	દાસનું લક્ષણ-ભુજના સુંદરજી સુથાર	૫૩

૨૨. આત્મા પરમાત્માનું જ્ઞાન દૃઢ થઈ જાય, તો મરવાની બીક લાગતી નથી ૫૪

૨૩. ગ.મ.પ્ર. ના ૬૨ માં વચનામૃતનું વિવેચન ૫૬

૨૪. વૈકુંઠ, ગોલોક, શ્વેતદ્વીપ કરતા પણ આ સભા અધિક છે ૫૯

૨૫. ભગવાનની પૂજા એકાગ્રચિત્તે કરવી (બોટાદના શિવલાલભાઈ) ૬૦

૨૬. પોતાના ઈષ્ટદેવના ચરિત્ર સંબંધી ગ્રંથથી જ સંપ્રદાયની પુષ્ટિ થાય છે ૬૩

૨૭. પ્રેમી ભકત જેતલપુરના ગંગામા ૬૪

૨૮. અનન્ય નિષ્ઠાવાન્ ભકત સુરતના આત્મારામ દરજી ૬૫

૨૯. સાચો મળ્યો છે સત્સંગ,અંગે અચળ કરીને રાખજા ૬૬

૩૦. શ્રી સ્વામિનારાયણ ભગવાનનો મત વિશિષ્ટાદ્વૈત છે ૬૮

૩૧. ભગવાનના ભકતોએ હંમેશાં દાસભાવ રાખવો (કચ્છના કરમશીભાઈ) ૬૯

૩૨. દેહનું કલ્યાણ કેમ થાય ?(કુંવરજીભાઈ તલાટી) ૭૦

૩૩. ઘનશ્યામ મહારાજનું દિવ્ય બાળચરિત્ર ૭૫

૩૪. અચાનક આ દુનિયામાંથી આપણે જવાનું થશે માટે મોક્ષ માર્ગની તૈયારી કરી લેવી ૭૮

૩૫. સંત સમાગમથી આપણામાં જે કાચ્યપ હોય તે ટાળવી ૭૯

૩૬. સર્વ સુખના નિધિ સ્વામિનારાયણ ભગવાન મળી ગયા છે,તે આપણા સૌના મોટા ભાગ્ય છે ૮૨

૩૭. ત્રીસ લક્ષણે યુકત સત્પુરૂષ મળે, તો પળમાં પાવન કરે ૮૨

૩૮. ભગવાનના ભકત હોય તે દેહને મિથ્યા જાણે ને આત્માને સત્ય જાણે ૮૩

૩૯. આળસ અને અજ્ઞાન અતિશે કામ બગાડ્યું તારૂં ૮૬

૪૦. સત્સંગ કર્યો કોને કહેવાય ? ૮૭

૪૧. ભગવાનનો જેવો છે તેવો મહિમા સમજાઈ જાય તો આપણે એક મિનિટ પણ ભગવાનને ભૂલીએ નહીં (ચંદ્રકાન્તમણિનું દૃષ્ટાંત) ૯૦

૪૨. રસ્તે ચાલતા એક માણસને સોનામહોર મળી ગઈ ૯૨

૪૩. એક બહુરૂપીએ સાધુનો વેશ લીધો ૯૩

૪૪. આવો સમય પછી નહીં મળે ૯૪

૪૫. ચોખા જેવા ચોખ્ખા થઈશું ત્યારે અક્ષરધામમાં રહેવાશે. ૯૫

૪૬. જાણપણારૂપ દરવાજે ઊભા રહેવું ૯૬

૪૭. ધ્યાન એટલે શું ? ૯૭

૪૮. ભગવાન પૂછશે કે તમને ભગવાન ભજવામાં શું ખામી હતી તો આપણે શું કહેશું ? ૯૮

૪૯. એકાગ્ર ચિત્ત ભગવાનની મૂર્તિના દર્શન કરવાથી આપણા અંતરમાં ઠંઠા ઠંડા શેરડા પડયા કરે છે ૯૯

૫૦. આવો રૂડો અવસર રે ઓળખવા એક હરિ ૧૦૦

૫૧. ભગવાનની જો સ્મૃતિ ન રહે તો એ ગાયું તે ન ગાયા જેવ છે. ૧૦૪

૫૨. ભગવાને આપણા ઉપર દયા કરી આ સત્સંગરૂપી દિવ્ય નાવમાં બેસાડયા છે ૧૦૬

૫૩. જ્ઞાને કરીને સાધુ થાવું ૧૦૮

૫૪. ભગવાનના નિશ્ચય તથા માહાત્મ્યરૂપી ખટાઈ જેને ચડી હોય, તે પંચ વિષયના સુખમાં લોભાય નહીં ૧૧૦

૫૫. ભગવાનનો ભકત ભગવાનના સાધર્મ્યપણાને પામે તો પણ સ્વામી સેવક ભાવ તો રહે છે ૧૧૩

૫૬. મનુષ્ય જન્મની દુલર્ભતા તથા સત્સંગના મહિમા વિષે ૧૧૪

૫૭. સત્સંગ એટલે શું ? ૧૧૫

૫૮. ધર્મ, ભકિત, જ્ઞાન અને વૈરાગ્યરૂપી ચાર પાયાવાળા બાજોઠ ઉપર જીવાત્મા ભગવાનને વરવા માટે ઊભો છે ૧૧૬

૫૯. આપણે બધાએ સાથે મળી આપણી જે કાંઈ કસર હોય, તે ટાળવી (હોલા-હોલીનું દૃષ્ટાંત) ૧૧૮

૬૦. ગઢડા પ્ર.પ્ર.ના ૩૨માં વચનામૃતનું વિવેચન ૧૧૯

૬૧. આત્યંતિક કલ્યાણને પામે તેને કેવી સ્થિતિ થાય છે ? ૧૨૨

૬૨. નરકના કુંડ કરતા પણ ગર્ભવાસનું દુઃખ અધિક છે ૧૨૩

૬૩. સુખના સરનામા બે જ છે, ભગવાન તથા ભગવાનના સાચા સંત ૧૨૪

૬૪. જેના કુળમાં ભગવાનનો એક ભકત થાય તેની ૭૧ પેઢીનું કલ્યાણ થાય. ૧૨૭

૬૫. મોક્ષના દાતા બે જ છે, ભગવાન તથા ભગવાનના સાચા સંત ૧૩૧

૬૬. અમારા દાખડા સામું જો જો સૌ મળી ૧૩૧

૬૭. કુશળ કુંવરબાઈની જેમ દૃષ્ટિ પલટાવીને ભગવાનના દર્શન કરવા ૧૩૪

૬૮. જેમ જેમ ભગવાનનું ભજન કરતા જઈએ, તેમ તેમ માયાનું આવરણ ટળતું જાય છે ૧૩૮

૬૯. દરેકમાંથી સારી વસ્તુ લેવી ૧૩૯

૭૦. ઐસી કરની કર ચલો, તુમ હસો જગ રોય. ૧૪૧

૭૧. સાળંગપુરના ૧૦ માં વચનામૃતનું વિવેચન ૧૪૩

૭૨. સ્વામિનારાયણ ભગવાનનો દૃઢ આશરો રાખવો ૧૪૫

૭૩. ધર્મદેવ અને ભકિતદેવીએ દેવતાના સાડાબાર હજાર વર્ષ તપ કર્યું ૧૪૬

૭૪. કારણ શરીરની વાસના ટાળવાનો ઉપાય ૧૪૯

૭૫. આપણા બધાના પિતા સ્વામિનારાયણ ભગવાન આપણા માટે ઘણું રાખી ગયા છે ૧૫૦

૭૬. સંત વચને સ્મૃતિ રાખી કામ કર્યું તો સુખી થયા. (મેમકાના ખેડૂતા) ૧૫૨

૭૭. અદભુતાનંદ સ્વામીની અદભુત વાત ૧૫૪

૭૮. દેહ છતાં દુઃખી નહીં, તન છૂટે તેજ અંબાર ૧૫૬

૭૯. પંચાળા પ્રકરણના પહેલા વચનામૃતનું વિવેચન ૧૫૯

૮૦. પવિત્ર ગૃહસ્થાશ્રમમાં રહેવું ૧૬૨

૮૧. ભગવાનના ભકતોએ માનસી પૂજા અવશ્ય કરવી ૧૬૪

૮૨. પરણીને ભગવાન ભજજો (નાનુબાઈ) ૧૬૬

૮૩. સમજણ એ સુખની સોનેરી ચાવી છે ૧૬૭

૮૪. માછલાંને જળ એ જ જીવન છે, તેમ ભગવાનના ભકતને ભગવાનની મૂર્તિ એ જ જીવન થાય તો જ માનવ જન્મનો ફેરો સફળ થયો કહેવાય ૧૬૯

૮૫. ભગવાનના ભકતોએ પંચવિષયમાં કયાંય પ્રીતિ કરવી નહીં ૧૭૧

૮૬. સારમાં સાર ભગવાનની મૂર્તિ જ છે ૧૭૧

૮૭. આ દુનિયામાં જળકમળવત રહેવું ૧૭૩

૮૮. ભગવાન જયારે આ લોકમાં મનુષ્ય આકારે વિચરતા હતા, ત્યારે મનુષ્ય ભાવ ટાળવાનો હતો, આજે મૂર્તિ ભાવ ટાળવો ૧૭૪

૮૯. જે ભકત સાચે ભાવે સત્સંગ કરે છે તેની, માતા જેમ બાળકની રક્ષા કરે છે તેમ, ભગવાન તે ભકતની રક્ષા કરે છે ૧૭૭

૯૦. ભગવાનની સ્વરૂપ નિષ્ઠાનું બળ હોય, તો કયારેય પણ મોક્ષ માર્ગમાંથી પડી ન જાય ૧૭૮

૯૧. તેજને વિષે જે મૂર્તિ છે, તે જ ભગવાન સાક્ષાત પુરૂષોત્તમ નારાયણ છે ૧૮૦

૯૨. પ.પૂ. સ.ગુ. શ્રી ધ્યાની સ્વામીજીના પત્રો ૧૮૩

૯૩. લાલાબાબુની વાત ૨૪૩

૯૪. ત્યાગી, ગૃહસ્થનો મેળ નથી, જેની સમજણ મોટી તે મોટો ૨૪૩

૯૫. માનસી પૂજા (પર્વતભાઈ) ૨૪૪

૯૬. આ લોક અને આ દેહની વાસના ટાળવાની રીત ૨૪૫

૯૭. સંત સમાગમ થકી એકાંતિક ભકત થવાય છે ૨૪૬

૯૮. સ્વભાવ પ્રકૃતિ ટાળી એક બીજામાં હેત કરવું ૨૪૭

૯૯. પુનરપિ જનનં પુનરપિ મરણમ્ ૨૪૮

૧૦૦. ભગવાન ધામમાં સુખ અતિશય છે ૨૪૯

૧૦૧. ભગવાનની મૂર્તિમાં સુખ અધિક છે. ૨૫૦

૧૦૨. શિક્ષાપત્રી પ્રમાણે વતશે તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષને પામશે. ૨૫૦

૧૦૩. દયાળુ ભગવાન સ્વામિનારાયણ આપણને મળી ગયા છે ૨૫૧
૧૦૪. નહોતી દીઠી, નહોતી સાંભળી રે, ૨૫૨
એવી પ્રગટાવી પુનિત, પુરૂષોત્તમ પ્રગટી રે...
૧૦૫. એક જન્મ હરિ અથ કરે,તો સરી જાય સર્વે કામ ૨૫૨
૧૦૬. જનક રાજા ૨૫૩
૧૦૭. દેહના સંબંધીઓને જ્ઞાને કરીને વિસારી દેવા ૨૫૪
૧૦૮. જ્ઞાને કરીને મરવાની બીક ટાળવી ૨૫૫
૧૦૯. આ શરીરનો ક્ષણ માત્ર નિધાર નથી ૨૫૬
૧૧૦. બોટાદના શિવલાલભાઈ ૨૫૭
૧૧૧. બગાસું ખાતા મોઢામાં સાકરનો ગાંગડો આવ્યો છે ૨૫૮
૧૧૨. જ્ઞાને કરીને તો સાધુ બન્યા વગર ધામમાં જવાય તેમ નથી ૨૫૯
૧૧૩. જ્યાં સુધી શરીર સારૂં હોય, ત્યાં સુધી ભજન બરાબર કરવું ૨૬૦
૧૧૪. ભૂતકાળ ને ભવિષ્યકાળનો વિચાર ન કરતા વર્તમાનકાળ સુધારવો ૨૬૧
૧૧૫. સંસારમાં સરસો રહે ને મન મારે પાસ, ૨૬૨
સંસાર જેને લોપે નહીં, તેને જાણું મારો દાસ
૧૧૬. આ અક્ષર ધામની સભા છે ૨૬૩
૧૧૭. ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવા, નટની જેમ વૃત્તિ કેળવવી ૨૬૪
૧૧૮. ધ્યાન કર્યા વિના કારણ શરીરની વાસનાનો નાશ થતો નથી ૨૬૬
૧૧૯. સર્વે ક્રિયાને વિષે ભગવાનની મૂર્તિનું ચિંતવન કરવું ૨૬૬
૧૨૦. દિવસ જાય ડખામાં અને રાત જાય વખામાં ૨૬૮
૧૨૧. પ્રશ્નોત્તરીના જવાબો ૨૬૯
૧૨૨. પવિત્ર માતા-પિતા અને ગુરૂ હોય, તો જીવનો મોક્ષ થઈ જાય ૨૭૧
૧૨૩. બ્રહ્મચર્યની વાત ૨૭૨
૧૨૪. મનન દ્વારા બ્રહ્મનો સંગ કરે તો બ્રહ્મના ગુણ આવે છે ૨૭૩
૧૨૫. સચ્ચિદાનંદ સ્વામીની વાત ૨૭૪
૧૨૬. ભગવાનને વિષે પ્રત્યક્ષ ભાવ રાખવા અંગે ૨૭૫
૧૨૭. અંતરમાં એક ભગવાન રાખવા ૨૭૭

૧૨૮. ત્રીસ લક્ષણે યુકત સંતના સમાગમથી ૨૭૭
જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે
૧૨૯. એકાંતિક ભકત થવાની રીત ૨૭૯
૧૩૦. કરત અભ્યાસ હોત સુજાના ૨૮૦
૧૩૧. માર ખાઈને નંદ સંતોએ સત્સંગ કરાવ્યો છે ૨૮૨
૧૩૨. કુશાગ્ર બુદ્ધિ હોય તેને બ્રહ્મની પ્રાપ્તિ થાય છે ૨૮૩
૧૩૩. બ્રાહ્મમુહૂર્તમાં જાગી જવું ૨૮૪
૧૩૪. આપણામાં જે કાંઈ દોષ, સ્વભાવ, પ્રકૃતિ કે વાસના ૨૮૫
હોય તે ટાળવા
૧૩૫. સત્સંગ કયારે કયા કહેવાય? ૨૮૭
૧૩૬. અર્થં સાધયામિ વા દેહં પાતયામિ ૨૮૮
૧૩૭. બે ભકતોની વાત ૨૮૯
૧૩૮. દુર્લભો માનુષો દેહ ૨૯૧
૧૩૯. આત્મા કયારેય પરમાત્મા થઈ શકતો નથી ૨૯૨
૧૪૦. અયોધ્યાપ્રસાદજી મહારાજ ઉપશમ સ્થિતિમાં રહેતા ૨૯૪
૧૪૧. કાં સુખ હરિકે ચરણમેં કાં સંતન કે માંહી ૨૯૫
૧૪૨. ભક્તની ડિગ્રી મળવી બહુ કઠણ છે ૨૯૮
૧૪૩. સંતના સમાગમથી આત્મા-પરમાત્માનું જ્ઞાન દૃઢ થાય છે ૨૯૯
૧૪૪. આવા ભગવાન અને આવો સત્સંગનો જોગ મળવો ૩૦૦
બહુ દુર્લભ છે
૧૪૫. પ્રેમબાઈ ૩૦૧
૧૪૬. અમારા દાખડા સામું જો જો ૩૦૨
૧૪૭. સ્વામિનારાયણ ભગવાન જેવો દયાળુ અવતાર થયો નથી ૩૦૩
અને થશે પણ નહીં
૧૪૮. કાળ અને માયા થકી મૂકાવે તેને મારૂં માથું આપી દઉં ૩૦૪
૧૪૯. મુકતાનંદ સ્વામીની વાત ૩૦૫
૧૫૦. સંત સમાગમ કરીને મનને મારવું ૩૦૭
૧૫૧. સંસારમાં સરસો રહે, ને મન મારી પાસ, ૩૧૦
સંસાર જેને લોપે નહીં, તેને જાણું મારો દાસ
૧૫૨. તું કયાંથી આવ્યો છે ? તું કયાં જવાનો છે ? ૩૧૦

૧૫૩. ઘોર કળિમાં સતયુગ સ્થાપ્યો,અનાદિ મોક્ષની રીત, પ્રેમાનંદ કહે નહીં માને તો પછી થાશે ફજેત ૩૧૨

૧૫૪. અક્ષરધામમાં માયાનો કોઈ વિકાર છે જ નહીં ૩૧૩

૧૫૫. દેવો પણ ભરતખંડમાં મનુષ્યનો જન્મ ઈચ્છે છે ૩૧૪

૧૫૬. તપ કરતા સત્સંગનું ફળ વધારે છે. ૩૧૫

૧૫૭. સાચા એકાંતિક સત્પુરૂષો કોને કહેવાય ? ૩૧૬

૧૫૮. ભગવાનની દયા થઈ જાય, તો માયાના વિકારો ટળી જાય ૩૧૮

૧૫૯. આપણી સર્વે ખામી ટાળી, આ જન્મે દેહને અંતે ભગવાનની સેવામાં રહી જવાય તો ફેરો સફળ થયો કહેવાય ૩૧૯

૧૬૦. મહારાજની આજ્ઞામાં વતવું ૩૨૧

૧૬૧. પ્રતિલોમ ધ્યાન વડે ભગવાનની અખંડ સ્મૃતિ રાખવી ૩૨૨

૧૬૨. આ દેહ વડે મોક્ષ રૂપી કામ કરી લેવું ૩૨૩

પ્રતિલોમ વૃત્તિથી ધ્યાન કરવાથી આ લોકના રાગ માત્ર ટળી જાય છે

વચનામૃતમાં વાત આવે છે કે, સમાધિ થાય તેને જ્ઞાન વૃદ્ધિ પામે છે કે જ્ઞાન ઘટી જાય છે ? તેના ઉપર એમ વાત આવી કે, સમાધિ થવી બહુ કઠણ છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા એટલા અંગ સિદ્ધ કરે ત્યારે સમાધિ થાય છે. મુક્તાનંદ સ્વામીએ પણ લોજપુરમાં કહ્યું કે, સમાધિ થવી બહુ કઠણ છે, દોહ્યલી છે. જેને તેને સમાધિ થતી નથી. એટલે આ સમાધિ તો આ સાત અંગ સિદ્ધ કરે તેને થાય. સમાધિ એટલે શું ? કે ઈન્દ્રિયો-અંતઃકરણનો પ્રત્યાહાર થઈને સ્થિર થઈ જાય. જેમ શિયાળામાં હિમ પડે તો પાણી સ્થિર થઈ જાય હો ! બરફ થઈ જાય. એમ તેના ઈન્દ્રિયો ને અંતઃકરણ ભગવાનના આકારે થઈ જાય છે. એટલે તેને આ લોકની કે આ દેહની ભાવના રહેતી નથી. એટલે આવી રીતે જો બરાબર નિયમ પાલન કરે તો સમાધિ થાય. પણ સ્વામિનારાયણ ભગવાનેં બહુ સહેલો માર્ગ બતાવ્યો.

પ્રથમ પ્રકરણમાં ૨૫ માં વચનામૃતમાં કહ્યું કે, જેમ અષ્ટાંગ યોગ સાધવે કરીને ચિત્તનો નિરોધ થાય છે, તેમ ભગવાનના સ્વરૂપને વિષે જોડાવે કરીને ચિત્તનો નિરોધ થાય છે. માટે જે ભક્તની ચિત્તની વૃત્તિ ભગવાનના સ્વરૂપને વિષે જોડાણી, તેને અષ્ટાંગ યોગ વગર સાધ્યે સધાઈ રહ્યો. ચિત્તની વૃત્તિ સ્થિર થાય ક્યારે ? તો કોશનું દૃષ્ટાંત આપ્યું. પહેલાંના લોકો કોશ હાંકતા. નોખા નોખા કોશનું પાણી હોય, તો તેમાં પાણીનું બળ હોય નહીં, પણ પચ્ચીસ પચાસ કોશનું પાણી ભેગું કરીએ, તો મહારાજ કહે કે, નદીના પ્રવાહ જેવું બળ આવે. એમ આપણે ભગવાનના ભક્ત છીએ, તો દરેક વિષયમાંથી ઈન્દ્રિયો, અંતઃકરણનો પ્રત્યાહાર કરી અને ભગવાનની મૂર્તિમાં જોડવા. તે જોડવામાં પણ પહેલા આપણે વાત કહી હતી કે લોમ, અનુલોમ અને પ્રતિલોમ ધ્યાન. લોમ એટલે લાંબીવૃત્તિ. અનુલોમ એટલે નજીક આપણા સામે ઊભા છે અને પ્રતિલોમ એટલે પાછીવૃત્તિ.

મોટા સંતોએ એક દૃષ્ટાંત આપ્યું છે કે, પ્રતાપભાનુ નામે રાજા હતા, એ પોતે રાજ કરતા, છતાં પણ એક મહાત્માની તેના પર દયા થઈ ગઈ. તેઓ પોતે ધ્યાન કરતા હતા. ધ્યાન કરતા કરતા તેને સમાધિ થઈ જાતી હો ! તે છ મહિના સુધી સમાધિમાં સ્થિર થઈ જતા ! છ મહિના સુધી તેને ખાવાનું કે પીવાનું કાંઈ ભાન રહેતું નહી અને વળી છ મહિના થાય, એટલે વળી પાછી વૃત્તિ વળે અને જાગૃત થાય અને વળી રાજ-કાજના વ્યાવહારિક કામકાજ હોય તે કરે. ત્યારે એમ કરતા

કરતા ઘણો ટાઈમ થઈ ગયો. સ્વામિનારાયણ ભગવાન તે વખતે પૃથ્વી પર હયાત હતા. તેમણે અંતર્યામીપણે જાણ્યું કે, આ પ્રતાપભાનુ નામે રાજા બહુ સારા ભક્ત છે અને એને આવી સમાધિ થાય છે તથા સમાધિમાંથી પાછા જાગૃત થઈ જાય છે, એને એટલી કાચ્યપ કહેવાય. આપણા સંત શતાનંદ સ્વામી, એ સ્વામી પણ એવા સમાધિનિષ્ઠ હતા, એને પણ આ લોકનું કે આ દેહનું કંઈ ભાન રહેતું નહીં. કપડાં પહેર્યા હોય તો પણ ભલે ને આ કૌપીન સુકાવી દીધી હોય, તો એમજ કપડાં વિના જ ચાલ્યા આવે. તે એને ખબર પડે નહીં અને કપડાં પહેરે તો પણ એને કાંઈ ખબર પડે નહીં. એવા પોતે સમાધિનિષ્ઠ હતા. સ્વામિનારાયણ ભગવાને શતાનંદ સ્વામીને આજ્ઞા કરી કે સ્વામી ! આ રાજા બહુ સારા છે, ભગવાનના સારા ભક્ત છે, તેને સમાધિ થાય છે પણ વળી પાછા સમાધિમાંથી જાગૃત થઈને બહાર આવે છે. તમે ત્યાં જાઓ અને તેનું અજ્ઞાન હોય તે ટળાવો. ત્યારે સંત તો ફરતા ફરતા ત્યાં ગયા. રાજાએ પણ સંતને જોઈને પ્રેમથી દર્શન કર્યા. સ્વામીને જોઈને તેમનું મન શાંત થઈ ગયું. અહોહો ! મેં ઘણાય સંતો જોયા પણ આવા સંત તો મેં ક્યાંય જોયા નથી! તેના અંતરમાં તો ટાઢું ટાઢું થઈ ગયું હો ! અંતરમાં ભગવાનના સુખ વડે ઠંડા ઠંડા શેરડા પડવા મંડ્યા. હજી તો એણે એ સ્વામીનો સમાગમ પણ કર્યો નહોતો. સ્વામીના ખાલી દર્શન કરવા માત્રથી જ એમના અંતરમાં ભગવાનના સુખ વડે શાંતિ થઈ ગઈ. સ્વામી પાસે બેઠા. સ્વામીને પણ એ જ કે સંતોનો શું ધર્મ છે ? સર્વજીવ હિતાવહ. દરેકને આ દુનિયામાંથી મોહ, ભોગ, વિલાસમાંથી પાછી વૃત્તિ વાળી, ભગવાનમાં જોડવા એ સાધુનો ધર્મ છે. ત્યારે રાજા એને ત્યાં પોતાના દરબારમાં લઈ ગયા. એકબાજુ ઉતારો આપ્યો, સંતોને સીધું આપ્યું. સંતોએ રસોઈ કરી, ભગવાનને થાળ જમાડીને જમ્યા. ત્યારે સંતો ભગવાનની મૂર્તિને વિષે વાત કરવા મંડ્યા, કે આ લોક, દેહ, બ્રહ્માંડ એ બધું ખોટું છે. આત્મા સત્ય છે ને આત્માને વિષે ભગવાનની મૂર્તિ ધારીએ તો અંતરમાં શાંતિ થાય.

સ્વામિનારાયણ ભગવાને લોયાના પાંચમાં વચનામૃતમાં કહ્યું કે, કેટલા સંકલ્પ કહેવાય ત્યારે નિષ્કપટ કહેવાય અને કેટલા સંકલ્પ ન કહેવાય ત્યારે કપટી કહેવાય ? તો એક તો આપણા પંચવર્તમાન સંબંધી પોતામાં કાચ્યપ હોય, તે પોતાથી ટળતી ન હોય, તો એવા સંત પાસે જઈને કહીએ અને એવા સંત જે ઉપાય બતાવે, તે પ્રમાણે કરીએ તો ટળી જાય. ભગવાનના નિશ્ચયમાં અનિશ્ચયનો ઘાટ થતો હોય એ કહીએ, તો પણ એ સંતો જે ઉપાય બતાવે તેમ કરીએ તો ટળી જાય. તે સ્વામી પાસે જઈને કહે કે, હે સ્વામી ! ભગવાનની દયાથી મને બહુ

આનંદ આવે છે, પણ સમાધિ થાય ને વળી પાછો આ લોક અને વૈભવ સાંભરે, એટલે આ માયામાં લપટાઈ જાઉં છું. માટે મારા પર તમે એવી દયા કરો કે સદાયને માટે આ ભગવાનની મૂર્તિમાં તલ્લીન બની જવાય. આ લોક, ભોગ, વૈભવ કાંઈ યાદ ન આવે, એવી તમે મારા પર દયા કરો. ત્યારે સ્વામીની પણ એવી ઈચ્છા હતી ને મહારાજે પણ એ જ કામ કરવાને માટે મોકલ્યા હતા. ત્યારે સ્વામી કહે કે હે ભક્ત ! તમે કાંઈ વિચાર ન કરો ને અમે અહીં બે-પાંચ દિવસ કે અઠવાડિયું રોકાશું, તો તમે ભગવાનની વાતો સાંભળજો, તો ભગવાનની દયાએ કરીને સારૂં થઈ જશે. એટલે સંત તો પાછા આવી રીતે ભગવાનના મહિમાની, ધ્યાનની, ભક્તિની વાતો કરવા મંડ્યા. ત્યારે રાજાના મનમાં શાંતિ થઈ ગઈ, ત્યારે રાજા કહે કે, હું હમણાં તો આ ભગવાનનું સુખ ભોગવું છું, પણ પાછું વળી એવું જ થઈ જશે ? ત્યારે સ્વામીએ શું પૂછ્યું કે, તમે ધ્યાન કેવી રીતે કરો છો ? ભગવાન અહીં બેઠા છે, આવા ચરણ છે, આવા હાથ છે. સ્વામી કહે કે, તમે એ અનુલોમ ધ્યાન કરો છો. એ અનુલોમ ધ્યાન જ્યાં સુધી કરો, ત્યાં સુધી તો આ દેહ કે લોકના ભાવ ટળે નહીં, પણ પ્રતિલોમ વૃત્તિ કરીને તમે ધ્યાન કરશો, તો ટળી જાશે.

ત્યારે આ રાજાએ કહ્યું કે હે સ્વામી ! પ્રતિલોમ વૃત્તિ વડે ધ્યાન કેમ થાય ? એટલે પછી સ્વામીએ એને કહ્યું કે આ રીતે આ લોક, દેહના ભાવ ટાળી અને અક્ષરબ્રહ્મ સાથે આપણા આત્માને એકતા કરવી ને તેજના સમૂહને વિષે દિવ્ય સિંહાસનને વિષે મૂર્તિ ધારવી. આમ પ્રતિલોમવૃત્તિ એટલે આમ સામે નહીં, પણ અંતરમાં ધારવી. એ અંતરમાં ધ્યાન કરવું બહુ કઠણ છે. આ વાત સાંભળવી પણ કઠણ છે, કહેવી તે પણ કઠણ છે ને તે પ્રમાણે વર્તવું તે તો બહુ જ કઠણ છે. પણ આ સ્વામીની દયાથી ને સ્વામીની પણ એવી ઈચ્છા હતી જ કે, મારે પણ આ ભક્તની કસર ટાળવી છે, એટલે બેય છેડા તપે તો સાંધો મળે ને ? એક છેડો તપ્યો હોય ને બીજો છેડો જો ઠંડો પડ્યો હોય, તો સાંધો મળે નહીં. આ સ્વામીની પણ એવી ઈચ્છા હતી કે, મારે પણ આ ભક્તની કસર ટાળવી છે. આ રાજાને પણ મનમાં હતું કે, મારે પણ ભગવાનની દયાથી ને આ સંતના આશીર્વાદથી આ કસર ટાળવી છે. એટલે સ્વામીએ તેને ભગવાનના ધ્યાનનો પ્રતિલોમ વૃત્તિએ કરીને ઉપાય બતાવ્યો, એટલે એ રીતે પોતે ધ્યાન કરવા મંડ્યા. એટલે એ બહુ તલ્લીન બની ગયા. સ્વામીને કહ્યું કે, તમે જે પ્રમાણે કહ્યું તેમ કરવાથી મને બહ આનંદ આવે છે. આ લોક કે દેહ કે બ્રહ્માંડ કાંઈ દેખવામાં આવતું નથી. સ્વામી કહે કે, એ પ્રમાણે તમે ધ્યાન કરશો તો તમને પછી આ

લોકના વિકારો નડશે નહીં, એમ કહીને સ્વામી ત્યાં બે-પાંચ દિવસ રહીને ચાલ્યા ગયા. એટલે એ પ્રમાણે તે ધ્યાન કરવા મંડ્યા, તો એમના અંતરમાં ભગવાનનો સાક્ષાત્કાર થઈ ગયો અને ભગવાનની મૂર્તિમાં તન્મય થઈ ગયા હો ! પછી તેને આ લોક કે દેહનું ભાન ટળી જતા તે રાજાએ પોતાના રાજ-વૈભવ પોતાના પુત્રને આપીને, પોતે જીવ્યા ત્યાં સુધી આવી રીતે ભગવાનનું ધ્યાન ભજન કર્યું અને દેહને અંતે ભગવાન પોતાના અક્ષરધામમાં તેડી ગયા.

વચનામૃતમાં એ જ વાત આવે છે કે, જેને સમાધિ થાય છે તેને જ્ઞાન ઘટતું નથી, પણ જ્ઞાનની વૃદ્ધિ થાય છે. પણ જો એણે આવી રીતે શાસ્ત્રનો અભ્યાસ કર્યો હોય, સંત સમાગમ કર્યો હોય, તો એને જ્ઞાનવૃદ્ધિ થાય અને સારૂં થાય અને શાસ્ત્રનો અભ્યાસ જો બરોબર ન કર્યો હોય ને જો અભિમાન જરાક આવી જાય, તો મહારાજે વચનામૃતમાં પણ કહ્યું છે કે, જેમ તેમ કરવા મંડે અને છકી જાય. તો જેમ ખારાપાટમાં બીજ વાવ્યું હોય, તે બળી જાય ને ઊગે જ નહીં. તેમ આ જ્ઞાનવૃદ્ધિ પામે તો પણ છકી ન જાવું ને આ જે ગુણ છે, એ ભગવાનના છે અને પૂર્ણપણું માનવું કે, હું ભગવાન પુરૂષોત્તમ નારાયણનો ભક્ત છું અને આવા ઈષ્ટદેવ મને મળ્યા છે, તે મારા મોટા ભાગ્ય છે. એમ જાણીને ભગવાનની પ્રસન્નતાના સાધન આપણે બધા કરીશું, તો જેમ આ શતાનંદ સ્વામીએ રાજાની કસર હતી, તે દયાએ કરીને ટળાવી દીધી, તેમ આપણા ઉપર પણ ભગવાન પુરૂષોત્તમ નારાયણની દયા થઈ જશે, તો આપણી પણ જે કાંઈ ખામી હશે, તે ભગવાન ટળાવી દેશે. માટે દરેકે કથા, વાર્તા, માળા, ધ્યાન, ભજન કરવાનો ખટકો રાખી અને ભગવાનની મૂર્તિ આપણા અંતરમાં સાંભરે, એ રીતે આપણે દરેકે કરવાનો ખટકો રાખવો.

મનુષ્ય જન્મની દુર્લભતા

એક સંતે કીર્તનમાં લખ્યું કે -

"આવો રૂડો અવસર રે, ઓળખવા એક હરિ
મોંઘો મનુષ્ય જન્મ રે, નાવે પાછો ફરી ફરી"

આપણને આ અવસર બહુ મોંઘો મળ્યો છે. મનુષ્યનો જન્મ બહુ જ મોંઘો છે. આ તો આપણે આગલા જન્મમાં કંઈક જપ કર્યા હશે, તપ કર્યા હશે, વ્રત કર્યા હશે, યજ્ઞ કર્યા હશે અને એમ કરતા કરતા કાંઈક આપણું અધુરૂં રહી ગયું હશે,

ત્યારે આ મનુષ્યનો જન્મ મળ્યો છે અને આવો આ દિવ્ય સત્સંગનો યોગ મળ્યો છે.

કહેતા આ મનુષ્યનો જન્મ પાછો ફરી ફરીને મળતો નથી. આથી અગાઉ આપણે ૮૪ લાખ અવતાર ધારણ કરી આવ્યા છીએ હોં ! ૮૪ લાખ અવતાર ધરતા ધરતા આપણને એકવાર આ મનુષ્યનો જન્મ મળે છે. કેટલાક માણસો એમ કહે સ્વામી ! હજી આપણને શું ઉતાવળ છે ? આ જન્મે જેટલું થાશે તેટલું કરશું, નહીં થાય તો બીજે જન્મે કરશું. પણ આવો બીજો જન્મ ફરી ક્યારે મળે ? આવો સત્સંગનો યોગ ફરી મળે કે ન પણ મળે. એ કાંઈ આપણા હાથમાં નથી. ભગવાન તો પોતાના ભક્તને સુખિયા કરે જ છે. મોટા સંતોએ લખ્યું કે, બગાસું ખાતા સાકરનો ગાંગડો મોઢામાં આવી ગયો છે અને શેરડીનો વચલો ભાગ મળી ગયો છે. બગાસું ખાઈએ ને સાકરનો ગાંગડો મોઢામાં આવી જાય, તો આપણે એ થૂંકી નાંખીએ તો એ ડાહ્યો કહેવાય કે મૂર્ખો કહેવાય ? તો એને ખાઈ જઈએ તો બરાબર કહેવાય. સ્વામિનારાયણ ભગવાન જયારે પૃથ્વી ઉપર પધાર્યા, ત્યારે સંતોને પણ ઘણું દુઃખ હતું. આ તો અમારા આ વડીલો ઘણુંય દુઃખ વેઠી, કેટલીય તપશ્ચર્યા કરી, કેટલાય દાખડા કરીને આ સત્સંગની સ્થાપના કરી ગયા છે હો ! આજ તો અમે પણ શેરડીનો વચલો ભાગ ખાઈએ છીએ, એવો જોગ સંતોને પણ આપ્યો છે અને ગૃહસ્થ લોકોને પણ કેટલી તકલીફો હતી ? કોઈ સત્સંગી થાય તો તેને નાત બહાર કાઢી મૂકે, એને પઢે, એની નિંદા કરે, પણ ગુણાતીતાનંદ સ્વામીએ લખ્યું કે, એ તો અમારી વારીમાં હતું. આજ તો આપણને કોઈ વાતની ખામી નથી ને બધીય વાતે ભગવાને આપણને સાનુકૂળ કરી આપ્યું છે. છતાં પણ આવા યોગમાં રહી અને આપણી કસર જો નહીં ટાળીએ, તો બીજે ક્યાં ટાળશું ? આ તો આવો યોગ મળવો બહુ જ દુર્લભ છે.

આજ તો ભગવાને આપણા ઉપર ખૂબ દયા કરી દરેક વાતે, ત્યાગીને પણ ખૂબ સુખ આપ્યું છે અને ગૃહસ્થ લોકોને પણ દરેક વાતે સાનુકૂળ કરી આપ્યું છે. અન્ન, વસ્ત્ર ને આબરૂએ કરીને, ગૃહસ્થને કોઈ વાતે ખામી સ્વામિનારાયણ ભગવાને રાખી નથી. તો આપણે ભગવાનના ભક્ત છીએ, માટે આળસ અને અજ્ઞાન ટાળીને, દિનદિન પ્રત્યે ભગવાનની મૂર્તિમાં હેત થાય અને દેહને અંતે ભગવાનની સેવામાં રહી જવાય, તો જ આપણો આ મનુષ્ય જન્મનો ફેરો સફળ થયો કહેવાય, નહીંતર આપણી કંઈ ખામી રહી જાય. ઘણા માણસોને કાંઈક વાસના રહી જાય તો ભૂત થઈને ઊભો રહી જાય હો ! મારી આ ખામી રહી ગઈ,

જગત ભરશો નહીં, જો અંતરમાં જગત ભરશો, તો અમે તેમાં રહી શકશું નહીં. માટે અંતર ચોખ્ખુ રાખજો. માટે મહારાજે લખ્યું કે, સ્ત્રી ને ધન એ બેય બંધનકારી છે. ગૃહસ્થ લોકોને ધન પણ કમાવું પડે. સ્ત્રી, પુત્ર હોય તો ગૃહસ્થ કહેવાય. એટલે સ્વામિનારાયણ ભગવાને વચનામૃતમાં એમ લખ્યું કે, ગૃહસ્થની શોભા એ ત્યાગીને દૂષણરૂપ છે અને ત્યાગીની શોભા એ ગૃહસ્થને દૂષણરૂપ છે. ત્યારે ગૃહસ્થની શોભા શું કહી ? સ્ત્રી, ધન, માલ, મિલકત હોય, તો એ ગૃહસ્થની શોભા કહેવાય. એટલે ગૃહસ્થને કાંઈ પૈસા રાખવાની, મકાન રાખવાની, માલમિલકત રાખવાની કે સ્ત્રી-પુત્ર રાખવાની ના પાડી નથી. એ બધું હોય તો જ એ ગૃહસ્થ કહેવાય, પણ એમાં મોહ ન પામવો એમ જાણીએ જે આ બધું ભગવાનનું છે. ભગવાને મને આ કામ સોંપ્યું છે. ભગવાનના આ બધા બાળકો છે. એટલે ભગવાનના બાળકોની સેવા ભગવાને મને સોંપી છે, તો એ કરવાની મારી ફરજ છે,પણ આ મારૂં છે નહીં.

વળી મોટા સંતો કહેતા કે, મહેતાજી તરીકે કામ કરવું. મહેતાજી હોય એ આખો દિવસ નામું લખે. લાખ, બે લાખ, પાંચ લાખનો વ્યવહાર કરે. બેંકમાં કલાર્ક હોય એ કેટલાય પૈસા લેખે, આપે. પણ એ જાણે છે કે આ પૈસા તો બેંકના છે. મને તો બે હજાર કે પાંચ હજાર, જે પગાર મળે, એ મારો છે ને વેપારી હોય તે પણ એમ જ જાણે કે, ભગવાને મને મહેતાજી તરીકે કામ સોંપ્યું છે એટલે હું કરૂં છું. એટલે એવી ભાવના રાખીને જો વ્યાવહારિક કાર્ય કરીએ, તો અંતરમાં વિક્ષેપ પડે નહીં. એક ઠેકાણે ગુણાતીતાનંદ સ્વામીએ લખ્યું કે, જરાક 'વા' ન આવે એટલે દુઃખી થઈ જવાય. 'વા' એટલે ? આગળના જમાનામાં પંખા હતા નહીં, હવે તો પંખા થઈ ગયા. પવનથી જ હવા આવતી તે જ્યારે પવન ન આવે ત્યારે દુઃખી થઈ જવાય અને મહારાજ કહે કે સંસાર છે, તેમાં જો સુખદુઃખ આવે તો શાંતિ રાખવી ને જોયા કરવું.

"સંસાર છે સુખ-દુઃખનો દરિયો,
તેને તરી શકે કોઈક જ તરિયો"

સંત સમાગમ કરીને મનને મારવું. સંસાર છે એમાં અનેક પ્રકારના મોજાં આવે. સુખના મોજાં આવે, દુઃખના મોજાં આવે અનેક પ્રકારના આ દુનિયામાં સુખ દુઃખ આવે પણ જ્ઞાને કરીને, સુખ આવે તેમાં છકી ન જાવું, દુઃખ પડે તો દિલગીર ન થાવું. આ દુનિયામાં થોડુઘણું દુઃખ આવી પડે તો એમાં દુઃખી ન

મેં પાપ કર્યું, આ થયું, તે થયું, કંઈક આવીને બોલે. એ ખામી રહી જાય અને પછી આવી કસર ટળાવે તેના કરતા હમણાં જ આવી કસર ન રહે અને આને આ જન્મે કસર ટળાવી છેલ્લો જન્મ થઈ જાય, તો જ આપણે બધા સાચા ભક્ત થયા કહેવાઈએ. માટે આપણે બધાએ કાળજી રાખવી.

અક્ષરરૂપ થઈને પુરૂષોત્તમની ઉપાસના કરનારને કનક કાન્તા બાધ કરે નહીં

ગ.મ.પ્ર. ના ૩૦ માં વચનામૃતમાં બહુ સારી વાત આવી કે, સોનુ ને સ્ત્રી એ બેય બંધનકારી છે. પહેલાં સોનાની વાત આવી કે સોનુ બહુ બંધનકારી છે. સોનુ અને સ્ત્રી એ બેય બંધનકારી છે, કેમ કે એ બેય બંધન કરાવે. આ જીવાત્મા જન્મ મરણના ફેરા ભોગવ્યા જ કરે છે હો ! "પુનરપિ જનનં અને પુનરપિ મરણમ્." તે વિષે એક મહાત્માએ લખ્યું, "કનક કાન્તા" કનક એટલે સોનુ કે પૈસા અને કાન્તા એટલે સ્ત્રી. એ બે વડે જ આ જગત આખું બંધાયેલું છે. એ બેની વાસના વડે જ જીવાત્મા મોક્ષને પામી શકતો નથી. મોટા સંતોએ લખ્યું કે, દ્રવ્યમાં વાસના રહી જાય તો સર્પ થાવું પડે હો ! ઘણાંક માણસો આગળના જમાનામાં પૈસા જમીનમાં દાટતા ત્યારે એ પૈસા જમીનમાં રહી જાય, એની ચોકી કરવા માટે સર્પ થઈને ફર્યા કરે હો ! ઘણા અમને વાત કરે કે સ્વામી ! અમારા ઘરમાં સર્પ ફરે છે. એને દ્રવ્યની વાસના રહી જાય તો સર્પ થાવું પડે ને જો સ્ત્રીની વાસના રહી જાય, તો એને ભૂત થાવું પડે એમ લખ્યું. ત્યારે આમાં તો આ બધા ભગવાનના સાચા ભક્તો છે. એમાં તો કોઈને એવી સ્ત્રીની કે ધનની વાસના હોય તેવું લાગતુ નથી. આ લોકમાં રહેલા હોય એટલે થોડુંક એવુ જણાય પણ ભગવાનના ભક્ત હોય એને એ હોય નહીં.

સ્વામિનારાયણ ભગવાને પણ વચનામૃતમાં લખ્યું કે, ઉપરથી અમારે ઘણી પ્રવૃત્તિઓ હોય, તેનો અમારે ખરખરો નહીં પણ અંતરમાં રંચ જેટલો પદાર્થનો ઘાટ થાય, એનો ત્યાગ કરીએ, ત્યારે જ શાંતિ થાય હો ! સ્વામિનારાયણ ભગવાનનો એવો સ્વભાવ હતો, કે અંતરમાં જગત ભરવું નહીં. ઉપરથી તો સંતોને પણ મહારાજની આજ્ઞાનુસાર આ મંદિરની બધી પ્રવૃત્તિઓ કરવી પડે. હરિભક્તોને રાજી કરવા માટે કથાવાર્તા એવી પ્રવૃત્તિ કરવી પડે ને મહારાજે ત્યાગીને પણ આજ્ઞા કરી છે અને ગૃહસ્થ હોય એને સ્વામિનારાયણ ભગવાને વ્યાવહારિક પ્રવૃત્તિ કરવાની ના પાડી નથી. પણ મહારાજ કહે કે, અંતરમાં

થાવું, જ્ઞાને કરીને ટાળવું. સંત સમાગમ કરીને મનને મારવું. સંતનો સમાગમ કરીને મનને મારીને સુખી રહીએ તો અંતરમાં સુખી રહેવાય. એટલા માટે મહારાજે કહ્યું, એ બધું બંધનકર્તા ક્યારે ન થાય ? કે જો ત્રણ દેહથી જુદો પોતાને બ્રહ્મરૂપ માનીને ભગવાનનું ભજન કરે, તો તેને સ્ત્રી-પુત્ર એ બધું બંધનકર્તા થતું નથી. આ આખી દુનિયા જે છે, એ પ્રકૃતિ ને પુરૂષનું કાર્ય છે. પ્રકૃતિ પુરૂષથી પર જે અક્ષરધામ તેને પોતાનું સ્વરૂપ માનવું.

મોટા સંતો કહેતા કે, આપણે ધ્યાન કરવા બેસીએ ત્યારે પોતાના આત્માને અક્ષરધામ સાથે એકતા કરવી. કેમ કે આત્મા તો એક અણુ જેટલો છે. એક વાળના છેડાના સો કટકા કરીએ, એના સો, એના સો એનાથી પણ આત્મા નાનો છે. હાથી હોય, મચ્છર હોય કે મોટા જનાવર હોય એ બધામાં આત્મા તો એક સરખો જ છે. મહારાજ કહે કે, આત્મા અણુ જેટલો છે, એ આત્માને અક્ષરધામ સાથે એકતા કરવી. ભગવાનનું જે દિવ્ય અક્ષરધામ તે જ મારૂં સ્વરૂપ છે અને શિક્ષાપત્રીમાં પણ મહારાજે કહ્યું- ''निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम्'' કહેતા ત્રણ દેહની ભાવના ટાળીને પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને એને વિષે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું. અક્ષરધામ એટલે ભગવાનને રહેવાનું જે દિવ્ય ધામ. તે તેજ-તેજનો સમુહ સુખ-સુખ સુખનો નહીં પાર. તેને મહારાજ કહે કે પોતાનું સ્વરૂપ માનીને એને વિષે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરીએ, તો તેને પ્રકૃતિ અને પ્રકૃતિ પુરૂષનું કાર્ય કાંઈ બંધનકર્તા થતું નથી.

એક મહાત્મા એ લખ્યું છે કે, નારીના બાણ જેમ વાગે તેમ ક્રોધનું પણ એવું જ છે. જો એમાં ધાર્યું નિશાન ન થાય કે કાંઈક એવું થાય, તો આપણને ક્રોધ આવી જાય. સ્વામિનારાયણ ભગવાને વચનામૃતમાં એક ઠેકાણે લખ્યું કે, અમને એકથી લાખ રૂપિયાનું નુકસાન થતું હોય, તો ભલે થાય પણ અમને ક્યારેય ક્રોધ ન થાય. ભગવાનને તો એવું કાંઈ હતું નહીં, પણ આપણને શિખવાડ્યું કે, ક્રોધ ક્યારેય કરવો નહીં. મહારાજે લોયાના પહેલા વચનામૃતમાં પણ લખ્યું કે, ક્રોધી જે માણસ હોય તે અમને દીઠો પણ ગમે નહીં ને ગીતાજીમાં પણ કામ, ક્રોધ ને લોભ એ ત્રણેય નરકના દ્વાર લખ્યા છે. એક ઠેકાણે મોટા સંતોએ લખ્યું કે, તમે લાખ રૂપિયાનું દાન કરો ને ક્રોધ ન કરો, તો એ બેયમાં લાખ રૂપિયાનું દાન કરતા, આ ક્રોધ ન કરો તેનું પુણ્ય વધી જાય છે. લાખ રૂપિયાનું દાન કરો ને એકવાર જો તમે ક્રોધ કરો, તો તે પુણ્ય નાશ પામે છે. તેથી ક્રોધ તો ક્યારેય ન કરવો. ક્રોધરૂપી રાત્રિમાં જે જાગ્યા છે, લોભરૂપી ફાંસડો જેને ગળે બંધાણો નથી આવા જે ભક્ત હોય, એ હે મહારાજ ! તમારા સમાન લખ્યા છે.

સ્વામિનારાયણ ભગવાને એક જગ્યાએ લખ્યું કે, આવા જે મારા ભક્તો હોય,મારા સંતો હોય, તો એ મારા તુલ્ય છે. સારંગપુરના અગિયારમાં વચનામૃતમાં લખ્યું કે, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિએ યુકત જે ભક્ત હોય, તે મારા તુલ્ય જ થાય છે. મધ્યના ૬૭માં વચનામૃતમાં લખ્યું કે, મારો આવો ભક્ત હોય, તે મારા સાધર્મ્યપણાને પામી જાય છે ને મારા ધામને પામી જાય છે. તે ભગવાનના તુલ્યપણાને પામી જાય છે એટલે કાંઈ ભગવાન થઈ જતો નથી. મહારાજે મધ્યના ૬૭માં વચનામૃતમાં લખ્યું કે, ભગવાનના સાધર્મ્યપણાને પામી જાય એટલે ભક્ત જ્યારે ભગવાનના ધામમાં જાય છે, ત્યારે રૂપ તથા સાધર્મ્યપણું ને સામર્થી એ ભક્તની પણ તેવી જ થાય છે, તો પણ તેને સ્વામી સેવકપણું અવશ્ય રહે છે અને જો એમ ન થાય, તો તે અહં બ્રહ્માડસ્મિ થઈ જાય, તો પછી ભગવાનની ભક્તિ કરી શકે નહીં. પછી મહારાજ કહે કે, ભગવાનના જેવું ઐશ્વર્ય ભક્તમાં આવે, તો પણ પોતાને કાંઈક સમજતો ન હોય ને કાલે જ સત્સંગમાં આવ્યો હોય, તો તેને પોતાનાથી ન્યૂન ન જાણે, તો એને કાંઈ અભિમાન ન આવે. એટલે જ મહારાજે લખ્યું કે પોતે કાંઈક જાણતો હોય - શાસ્ત્રી થાય,આચાર્ય થાય ને પછી જો કાંઈ અભિમાન આવી જાય, તો ગુણ ઘટી જાય. સંતો માટે પણ લખ્યું કે જ્ઞાની થાય, ધ્યાની થાય, ભગવાનની મૂર્તિને પ્રત્યક્ષ દેખે, પણ જો તેને અભિમાન આવી જાય, તો એ પડી જાય.

મહારાજે કેરીનું દૃષ્ટાંત આપ્યું કે, જેમ આંબાની કેરી હોય, જેમ જેમ કેરીયું આવતી જાય, તેમ તેમ એ આંબાની ડાળીઓ નમતી જાય. તેમ આપણામાં જેમ જેમ સારા ગુણ આવે, તેમ તેમ નમતા જવું. આપણામાં આ જ્ઞાન, ધર્મ, વૈરાગ, ભક્તિ એ બધા ગુણો ઘરેણાં સમાન છે. જેમ ગૃહસ્થોને ઘરેણાં હોય, સ્ત્રી હોય, પુત્ર હોય, ધન-દોલત હોય, એ સાહેબ થાય, શેઠ થાય, પ્રધાન થાય કે વડાપ્રધાન થાય પણ એને જરાપણ અભિમાન ન આવે તો એ સારા ભક્ત થયા કહેવાય.

નિષ્કુળાનંદ સ્વામીજીનું દૃષ્ટાંત

મહારાજે કહ્યું છે કે, સ્ત્રી ને ધન એ બેય બંધનકારી છે. નિષ્કુળાનંદ સ્વામીની પણ વાત લખી કે, મહારાજ એક સમયે અલૈયા, મોડા ને શેખપાટ એ ગામો છે, તે અલૈયા ગામમાં મહારાજ પધારેલા. તે વખતે આવા મોટા રસ્તા ન હાઈવે ને એવું કાંઈ હતું નહીં, એટલે ચાલીને કે ગાડામાં જવું પડતું. મહારાજ ત્યાં પધાર્યા. ત્યાં લાલજી સુથાર નામે એકાંતિક ભક્ત હતા. મહારાજ બે ત્રણ દિવસ ત્યાં

રહ્યા. લાલજી સુથારે મહારાજની સેવા કરી. મહારાજે ત્યાં ધર્મ, જ્ઞાન, ભક્તિ, વૈરાગ્યની વાતો સંભળાવીને સુખિયા કર્યા પછી મહારાજ કહે કે લાલજી સુથાર ! અમારે તો હવે કચ્છમાં જાવું છે. તે સમયમાં મહારાજ ઘોડા પર બેસતા, રથમાં બેસતા કે ચાલીને જતા, પણ ત્યારે આવી ગાડી કે એવા સાધનો હતા નહીં. લાલજી સુથાર કહે કે ભલે ત્યારે. મહારાજ કહે કે રસ્તામાં અમને તમારા જેવો ભોમિયો જોઈએ, અમને તો રસ્તો મળે નહીં. લાલજી સુથાર કહે કે ભલે, પછી તો બંને ચાલ્યા. રસ્તામાં લાલજી સુથારને મહારાજ પોતે ધર્મની, જ્ઞાનની, ભક્તિની, વૈરાગ્યની વાતો સંભળાવતા આવે. કચ્છમાં આધોઈ- સામખીયાળી પછી લાકડિયા ગામ છે. લાલજી સુથાર ! ક્યાં સુધી તમે આ સંસારમાં રહેશો ? લાલજી સુથાર કહે મહારાજ તમે કહો તેમ કરૂં. પરમહંસ થઈ જાઓ ! લ્યો ! ત્યાં ઘરે તો કોઈને કાંઈ કહ્યું ન હતું. તેના સ્ત્રી ને પુત્ર ભચાઉ પાસે આધોઈ ગામ છે ત્યાં હતા. લાલજી સુથાર કહે-ભલે, ઘાંયજો તો ત્યાં મળે નહીં પણ દાઢીને મૂછ ને એ તો કાંઈ રખાય નહીં. પહેલાના વખતમાં માણસો મૂછ રાખતા હવે નહીં રાખતા હોય. ઘણા રાખે છે ઘણા નહીં રાખતા હોય. ત્યારે મહારાજ કહે કે આ સાધુને દાઢી મૂછ રખાય નહીં. દાઢી મૂછ બાળી નાખ્યા ! ત્યાં આધોઈ આવ્યા, નિષ્કુળાનંદ સ્વામી નામ પાડ્યું.

મહારાજે નિષ્કુળાનંદ સ્વામીને રસ્તામાં વાપરવા માટે અગાઉ થોડાક પૈસા આપ્યા હતા. ક્યાંય જરૂર પડે તો કામ આવે. મહારાજ કહે કે, હવે તમે સાધુ થયા છો, હવે પૈસાનું શું કામ છે ? જાવ ! તમે નાખી આવો. નિષ્કુળાનંદ સ્વામી તો ત્યાં નદી કે તળાવ આવ્યું હશે, ત્યાં થોડાક જે પૈસા હતા, તે ખાડો ખોદી તેમાં દાટીને માથે જાજરૂ જઈ આવ્યા. નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું કે પૈસા ઉપર ઝાડે ફરી આવ્યો, પૈસા નાખીને આવ્યો. એટલે નાહીને મહારાજ પાસે આવ્યા. લક્ષ્મીજી મહારાજ પાસે આવ્યા ને જાજરૂ કરી આવ્યા વિષે વાત થઈ. મહારાજને કહ્યું કે, સ્ત્રી ધનના ત્યાગી તો ઘણાંક જોયા, પણ આવો અવતાર અમે પણ જોયો નથી. મહારાજ કહે મારા સાધુ વૈરાગી છે, તેમને લક્ષ્મીનો મોહ નથી, એમ કહીને મહારાજે લક્ષ્મીજીને વિદાય કર્યા. ત્યારપછી મહારાજે નિષ્કુળાનંદ સ્વામીને કહ્યું કે સ્વામી ! અમને હવે ભૂખ લાગી છે, તો તમે નજીકના ગામમાં જઈને ભિક્ષા માંગી આવો તો જમીએ. નિષ્કુળાનંદ સ્વામી મહારાજને કહે કે, હે મહારાજ ! આ ગામમાં તો મારૂં સાસરૂં છે ને મારા સ્ત્રી ને પુત્ર અહીં છે ! આ ગામમાં જાઉં તો લોકો મને ધોકલાં મારે! મહારાજ કહે કે ત્યાં જ જાઓ ને તેમની પાસેથી જ ભિક્ષા લઈ આવો. અરે મહારાજ ! ત્યાં ક્યાંથી જવાય ? મહારાજ કહે હવે તો

આપણે સાધુ થયા છીએને ? પછી ત્યાં જવામાં શું વાંધો હોય ? એટલે નિષ્કુળાનંદ સ્વામી તો સાસરાના ગામમાં જઈ, સાસરે ''ભિક્ષાન્ન દેહી'' કહીને ઊભા રહ્યા. હવે તો મહારાજની દયા કે રિદ્ધિસિદ્ધિ થઈ ગઈ છે, નહીતર મહારાજે તો સંતોને ભિક્ષા કરીને જમવાનું કહ્યું છે. ''નારાયણ હરે સચ્ચિદાનંદ પ્રભો'' એમ કહીને ઊભા રહે ! એટલે ભક્તો જે કાંઈ આપે તે સંતો જમતા. પછી મહારાજે ના પાડી કે હવેથી સંતોએ પાકી રસોઈ ન લેવી. તેમને ઘેર ભિક્ષા માંગવા ગયા, ત્યાં સ્ત્રી ને પુત્ર, સાસુ ને સસરા બધા હતા, તે સ્વામીને ઓળખી ગયા. તેના પત્ની, તેના માતાને કહે કે તમે આને સમજાવો. છોકરાને પણ સ્વામી પાસે મૂક્યા. નિષ્કુળાનંદ સ્વામી કહે કે, હું તો હવે સ્વામિનારાયણ ભગવાનનો સાધુ થયો એટલે આમાં ક્યાંય બંધાઉ એવો છું નહીં. તમારે મોક્ષ જોઈતો હોય, તો સ્વામિનારાયણ ભગવાન આવ્યા છે, તો તમે રોટલા આપશો, તો હું તેમને જમાડીશ, ને તમારો મોક્ષ થશે. બહુ બહુ કહ્યું છતાં પણ સમજ્યા નહીં. પછી રોટલા બનાવીને આપ્યા. નિષ્કુળાનંદ સ્વામી ત્યાં આવ્યા, મહારાજ જમ્યા. ફરતા ફરતા ઘણો સમય પસાર થઈ ગયો.

મહારાજ એકવાર ગઢપુરમાં સભા કરીને બિરાજમાન હતા. સત્સંગિજીવનમાં ભાલચંદ્ર ભક્તની વાત સારી લખી. એ ભાલચન્દ્ર ભક્ત ભગવાનના એકાંતિક ભક્ત હતા, તે ત્યાં આવ્યા. મહારાજને કહે કે, મારે તો આ સંતોને રસોઈ જમાડવી છે. મહારાજ કહે કે ભલે, આનંદસ્વામીને બોલાવ્યા. આનંદ સ્વામી ! આવતીકાલે આ ભાલચન્દ્ર ભક્તની રસોઈ કરવી છે તો કેમ કરશું ? આનંદસ્વામી કહે કે મહારાજ ! ૪ દિવસની રસોઈ તો નોંધાઈ ગઈ છે. મહારાજ કહે કે નોંધાયેલી રસોઈ ૪ દિવસ પછી કરો. આ ભક્ત બહુ પ્રેમી છે એટલે કાલે જ તેમની રસોઈ જમાડો. આનંદસ્વામીએ ભક્તોને સમજાવ્યા. તેથી ભાલચન્દ્ર ભક્તની રસોઈ બનાવી. નાના પ્રકારના પકવાનો બનાવ્યા અને મહારાજને પીરસીને જમાડ્યા. કીર્તનમાં પણ લખ્યું કે "ફર્યા પંગતમાં પંચવાર" અને ચેષ્ટામાં પણ લખ્યું કે, મહારાજની સ્વાભાવિક પ્રકૃતિ જ સંતોને જમાડવાની અને પછી આ લાડુ લે તેને અમારે મળવું, આ સાટા લે તેને માથે મારે હાથ મૂકવા, વળી આ મોહનથાળ લે, તેને છાતીમાં મારે ચરણારવિંદ આપવા. એમ કરીને સંતોને ખૂબ પ્રેમથી જમાડ્યા.

જમીને સંતો તૃપ્ત થઈને હાથ ધોતા હતા, ત્યારે આનંદ સ્વામી કહે કે મહારાજ ! આપણે આ જલેબી બનાવી છે તે તો પીરસવામાં રહી ગઈ ! મહારાજ કહે કે લાવો. હવે આ જલેબી તો કોઈ જમે એવું છે નહીં. આ અમે તો માથે હાથ

મૂકીને જમાડ્યા. છાતીમાં ચરણારવિંદ આપીને જમાડ્યા. અમે બાથમાં ઘાલીને મળ્યા એ રીતે બધાને જમાડ્યા. હવે તો આ જલેબી જમે એવું કોઈ છે નહીં, માટે લાવો, મહારાજે ત્રાંસમાંથી હાથમાં જલેબી લીધી હોં ! અને કહે કે આ જલેબી જે જમે, તેને અમારી મૂર્તિ અખંડ દેખાય ! બધા સંતોને ઈચ્છા હતી કે આ ધ્યાન કરી કરીને થાકી જઈએ, કેટલાય દાખડા વેઠીએ, અષ્ટાંગ યોગ સાધે તેને પણ આ મૂર્તિ દેખાય નહીં અને આ જલેબી ખાય તેને મૂર્તિ દેખાઈ જાય ! હોંશ તો ઘણી થઈ પણ બધા જમીને તૃપ્ત થઈ ગયેલા. પેટમાં જગ્યા થાય તો જલેબી ખાયને ? એટલે કોઈ જલેબી લઈ શક્યા નહીં. એક ભોળા જેવા અપારાનંદ નામના સંત હતા. અપારાનંદ, કાનડાનંદ અને સહજાનંદ-એ ત્રણેયની જોડ ! ભોળા જેવા હતા પણ મહારાજની મૂર્તિ અખંડ દેખતા. સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ અખંડ થયા કરતું અને ઉમરેઠમાં આ અપારાનંદ સ્વામીએ સત્સંગ કરાવ્યો. ઘણા સંતો ત્યાં ગયા પણ બ્રાહ્મણોને સત્સંગ કરાવી શક્યા નહીં. ત્યારે આ અપારાનંદ સ્વામી કહે કે, તમે સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ નામ લ્યો તો તમારો મોક્ષ થઈ જશે. તો આ બ્રાહ્મણો કહે કે બીજા સાધુ તો વાતું કરતા ને આ સાધુ તો ધ્યાન ભજન સારૂં કરે છે. એમ જાણી એ બધા સત્સંગી થયા. તો એ અપારાનંદ સ્વામીએ પાછળથી મોઢું ખોલ્યું હો ! મહારાજ ! મને જલેબી આપો ! એના મોઢામાં જલેબી આપી ત્યારથી એમની નિરાવરણ દૃષ્ટિ થઈ ગઈ એટલે મૂર્તિ અખંડ દેખાતી.

જમીને તૃપ્ત થઈને બધા બપોરની કથામાં બેઠા અને બધા હરિભક્તો ભેટ સોગાદો લાવીને સંતોને આપવા મંડ્યા. એક હરિભક્તે સોનામહોર લાવી મહારાજ પાસે મૂકી હો ! તે મહારાજે હાથમાં લીધી. બધા સંતો મુખવાસ ધાણાદાળ- વરિયાળી જમ્યા. નિષ્કુળાનંદ સ્વામીને કહે કે લ્યો. મહારાજ કહે કે લ્યો છો કે મોંઢામાં નાખું ? મોઢામાં તો હું ન લઉં, હાથમાં આપો. ઘણું ઘણું કહ્યું. બીજા સંતો કહે કે, નિષ્કુળાનંદ સ્વામી તમે આવી રીતે શું કરો છો ? ભગવાન તમને કાંઈ ઝેર નહીં આપે. નિષ્કુળાનંદ સ્વામી કહે કે, ઝેર આપશે તો હું જમીશ, પણ એમ તો હું લઉં નહીં ને. એટલે બહુ બહુ કહ્યું તોય નિષ્કુળાનંદ સ્વામીએ તો મોઢામાં લીધું નહીં. બ્રહ્માનંદ સ્વામી કહે મહારાજ ! આ તો યોગી હઠ કહેવાય. ત્રણ પ્રકારની હઠ લખી છે. સ્ત્રી હઠ, બાળ હઠ અને યોગી હઠ. અમે પણ તેમાં આવી જઈએ. માટે નિષ્કુળાનંદ સ્વામી તો હઠ મૂકશે નહીં. માટે બધા સંતો કહે કે મહારાજ ! તમે હઠ મૂકી ધ્યો. એટલે

મહારાજે હાથ ખોલ્યો. મહારાજે હાથ ખોલ્યો તો ધાણાદાળને બદલે સોનામહોર નીકળી. મહારાજે લક્ષ્મીજીને કહ્યું હતું ને, કે લાગ આવે તો તું મોઢામાં પ્રવેશ કરજે ! નિષ્કુળાનંદ સ્વામીને મહારાજે પૈસા લેવા કહ્યું પણ સ્વામીએ લીધા નહીં. બ્રહ્માનંદ સ્વામી તો મોટા કવિરાજ, તેઓ આના ઉપર બોલ્યા -

"વિત્ત સારૂં વઢી મરે, રાય રંક નારી નર, સ્વર્ગ મૃત્યુ પાતાળમાં તેનો જ નિવાસ છે,
જોગી યતિ તપસ્વી સન્યાસીઓ ન તજે ધન, વાસના તો વિત્તની ને તેના જ તે દાસ છે,
દ્રવ્ય પર મળમૂત્ર કરી તેનો ત્યાગ કરે,એવા તો આ સમે સાધુ, આજ આપણી જ પાસ છે."

મહારાજ કહે કે નિષ્કુળાનંદ સ્વામી ! તમે આમાં લેવાયા નહીં. માટે શાબાશ ! નિષ્કુળાનંદ સ્વામી કહે કે, મારા ઉપર આપની દયા એટલે એમ હું લેવાઉં નહીં. આમ નિષ્કુળાનંદ સ્વામી મહારાજની પરીક્ષામાં પાસ થઈ ગયા. બ્રહ્માનંદ સ્વામી કહે શાબાશ સ્વામી !

એટલે આમાં કહેવાનો હેતુ એટલો જ કે, વચનામૃતમાં વાત આવી કે, સ્ત્રી ને ધન બંધનકારી છે. પણ નિષ્કુળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને એવા મોટા સંતો ભગવાનનું ધ્યાન ભજન કરતા, તો એમને સ્ત્રી કે ધન બંધનકર્તા ન થયું ને ગૃહસ્થલોકો પણ ગોરધનભાઈ, દાદાખાચર, મયારામ ભટ્ટ, એ બધા વ્યાવહારિક કાર્ય કરતા, પણ ભગવાનની મૂર્તિ અખંડ દેખતા ને તેમને પણ સ્ત્રી કે ધન કાંઈ બંધનકર્તા થતું નહીં. અમારે પણ જેમ નિષ્કુળાનંદ સ્વામી પરીક્ષામાં પાસ થઈ ગયા તેમ કરવાનું છે ને તમારે પણ ગોરધનભાઈ, પર્વતભાઈ એમના જેવા થવાનું છે, કેમ કે અક્ષરધામમાં તો ભેગા રહેવું છે ને ! અક્ષરધામમાં આ ત્યાગીની સભા નોખી છે અને ગૃહસ્થની સભા નોખી છે કે બાઈયુંની સભા નોખી છે, એવું કાંઈ છે નહીં. અક્ષરધામમાં તો મહારાજ અને મહારાજના મુક્તો બેઠા છે. અક્ષરધામમાં બહુ સુખ છે અને આપણે પણ આ લોકમાં જ્ઞાનની દૃઢતા રાખશું, તો આ લોકમાં પણ ભગવાન અક્ષરધામનું સુખ આપશે અને દેહને અંતે પણ આપશે. માટે આપણે બધાએ કાળજી રાખવી.

વચનામૃત વંચાય ત્યારે એમ ધારવું કે, હું અક્ષરધામની સભામાં જ બેઠો છું (સુખપર-કચ્છના દેવજીભાઈ)

વચનામૃત એ મહારાજની શ્રીમુખની વાણી છે. વચનામૃત વંચાય ત્યારે

મોટા સંતો એમ કહેતા કે, અક્ષરધામના અધિપતિ પૂર્ણ પુરૂષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન આ સભામાં સાક્ષાત્ બિરાજમાન છે અને ચારેય બાજુ અનંતકોટિ મુક્તો ભગવાન પાસે સભા ભરીને બેઠેલા છે અને મહારાજ પોતે ધર્મની, જ્ઞાનની, ભક્તિની, વૈરાગ્યની વાતો સંભળાવી દરેક ભક્તજનોને પોતાની દિવ્યમૂર્તિનું સુખ આપે છે.

કચ્છમાં સુખપર કરીને એક ગામ છે. ત્યાં એક દેવજીભાઈ કરીને ગૃહસ્થાશ્રમી ખેડૂત ભક્ત હતા. સ્ત્રી-પુત્ર બધું હતું. ખેતીનું કામ કરતા, લગભગ ૬૦-૭૦ કે ૮૦ વર્ષ પહેલાની વાત હશે. ત્યારે ખેતીનું કામ કરતા કરતા ભગવાનની મૂર્તિનું ચિંતવન કરતા. દર એકાદશીએ ભુજ મંદિરે આવતા. ભુજમાં અક્ષરજીવનદાસજી સ્વામી હતા, એ સંત પણ એવા-મહારાજની મૂર્તિનું અખંડ ચિંતવન કરતા. ત્યાં સભામંડપમાં કથા-વાર્તા થાય, ત્યારે આ ભક્ત ત્યાં સભામાં બેઠા હોય, તે આવી રીતે ભગવાનની મૂર્તિને ધારીને બેસે, તો તેમને અખંડ સ્વામિનારાયણ-સ્વામિનારાયણ થયા કરે હો ! બ્રહ્માનંદ સ્વામીએ કીર્તનમાં લખ્યું ''સૂણી વશીયર જયું ડોલે ''

નાગ જ્યારે મોરલી વાગે તો ગમે ત્યાં હોય, તો એ મોરલીના તાનમાં આવી જાય છે અને ડોલવા મંડે. આમ તેમ ફણા ડોલ્યા કરે એમ કહે છે. તેમ આ કીર્તનમાં પણ બ્રહ્માનંદ સ્વામીએ એમ કહ્યું કે, જેમ મોરલી વાગે અને સર્પ આમ તેમ ડોલ્યા કરે, તેમ આ દેવજીભાઈ પણ સભામાં ભગવાનની મૂર્તિમાં તલ્લીન બની જઈ ડોલ્યા કરે હો ! કથા પૂરી થઈ જાય અને સ્વામી આસને જાય ત્યાં તે પણ જાય. સ્વામી પણ એવા અને સાધુનો ધર્મ પણ એ જ છે કે ''સર્વજીવ હિતાવહ'' સર્વજીવને ભગવાનને માર્ગે ચડાવવા અને જે તે પ્રકારે કરીને આ જગતના વિકારો ટળી જાય અને ભગવાનને સુખે સુખિયા થાય એ જ સાધુનો ધર્મ છે. તે સ્વામિનારાયણ ભગવાને મધ્યના ૪૭માં વચનામૃતમાં પણ એ જ લખ્યું છે કે, ત્યાગી હોય એણે ગૃહસ્થનો મહિમા સમજવો અને ગૃહસ્થ હોય તેણે ત્યાગીનો મહિમા સમજવો અને મહિમા શું સમજે ? કે ગૃહસ્થ હોય એ સંતોનો એવો મહિમા સમજે કે, આ જગતના જીવો ત્રિવિધ તાપમાં બળ્યા જ કરે છે, પણ આ સંતો ઘરસંસાર મૂકી અને આ ભગવાનનું ભજન કરે છે, તો એમના મોટા ભાગ્ય છે, તો એવો મહિમા સમજી અને હરિભક્તો સંતોની અન્ન વસ્ત્ર વડે સેવા કરે. ત્યારે સંતોને શું સમજવાનું ? લખ્યું છે કે, આ બિચારા હરિભક્તો છે તેઓ આ જગતમાં મા-બાપ, સ્ત્રી-પુત્ર એમાં રચ્યાપચ્યા રહેલા છે, તો એમાંથી એમને મોહમાયા ટળાવીને ભગવાનમાં પ્રેમ કેમ થાય. હરિભક્તોએ સંતોનો

મહિમા સમજી અન્નવસ્ત્ર વડે સેવા કરે અને સંતો હોય એ હરિભક્તોની વાતોથી સેવા કરે છે. આવા ભગવાનના મહિમાની, જ્ઞાનની, ધ્યાનની, વાતો સંભળાવીને હરિભક્તોને સુખિયા કરે એટલે આ દેવજીભાઈ ત્યાં સ્વામી પાસે જઈને કહે અહોહો....! સ્વામી ! આ ભગવાનની મૂર્તિમાંથી કાંઈ તેજ નિકળતું હતું ! આ ભગવાન સભામાંથી ઉઠીને સંતો ઉપર હાથ મૂકે ! હાર પહેરાવે ! મહારાજ બહુ રાજી થયા હતા. આમાં કહેવાનો હેતુ એટલો જ કે આ સભા અક્ષરધામની છે. વૈકુંઠ, ગોલોક, શ્વેતદ્વીપ એમાં જેવી સભા છે એના કરતા પણ આ સભા અધિક છે. જેવી અક્ષરધામમાં સભા છે તેવી જ મહારાજ કહે આ સભા છે. તો વચનામૃત વંચાવા માંડે તો આપણે એમ માનવું કે સ્વામી આ વાત વાંચે છે ને ભક્તો સાંભળે છે. એ વાત સાચી પણ આપણે એવી ભાવના રાખીએ કે અક્ષરધામના અધિપતિ આ ભગવાન પુરૂષોત્તમ નારાયણ અહીં વિરાજમાન છે અને એના મુખ થકી હું આ અમૃતના સમાન કથાવાર્તા સાંભળું છું. તો એવો જો ભાવ લાવીને આવી ભગવાનની કથાવાર્તા સાંભળે. વચનામૃત તો એજ છે પણ ભાવનામાં ફેર છે. તો એવી ભાવના રાખીને જો આપણે આ કથાવાર્તા સાંભળીએ તો મહારાજ કહે કે, દેહ મૂકીને જે ધામને આપણે પામવું હતું, તે સુખ આપણને દેહ છતાં જ મળી ગયું છે, ને વાતેય સાચી છે. દેહ મૂકીને જે સુખ આપણને પામવું હતું તે તો અહીંયા અક્ષરધામના અધિપતિ પૂર્ણ પુરૂષોત્તમ સાક્ષાત્ દિવ્ય સિંહાસનને વિષે બિરાજમાન છે. આપણે એની એ મૂર્તિ આપણા હૃદયમાં ધારીએ તો એવો જ આનંદ આવે.

સવારે સ્વામી કીર્તન બોલતા -

"રહ્યું છે મારા હૃદિયામાં રૂપ તમારું,
રૂપ તમારું એક હૃદિયામાં રાખ્યું,
મેં તો બીજું સર્વે કાઢયું છે બારુ,
જગના જીવન વા'લા તમને રે જોઈને,
વારી મનડું લોભાણું છે જો મારું
શું રે કરે સંસારી રે ઘોળ્યા,
મેં તો લોક લજ્જા સર્વે ટાળી,
બ્રહ્માનંદના વા'લા તમ સંગ રમતા,
મારે દાડી દાડી તે દિવાળી. "

એટલે આવી રીતે પણ મહારાજ કહે કે, ભગવાનને આપણા અંતરમાં સંભારીએ, તો આપણને અક્ષરધામનો આનંદ અહીં જ આવે. તો આ સાધુઓ કે હરિભક્તો દરેક આ રીતે ભગવાન ભજવાનો અભ્યાસ રાખે, તો દેહ છતાં જ આવું સુખ આપણને ભગવાન આપી દે છે હો ! ભગવાન તો એ સુખ આપવા તૈયાર છે જ પણ આપણે પણ જો એ સુખ લેવાનો આગ્રહ રાખીએ, તો મહારાજ તો દયાળુ છે જ એટલે જરૂર આપશે જ.

ભગવાનમાં અખંડ વૃત્તિ રાખવાના ઉપાયો

મહારાજે ગ.પ્ર.પ્ર.ના પહેલા વચનામૃતમાં વાત કરી કે, કઠણમાં કઠણ સાધન શું છે ? કે જેને ભગવાનની મૂર્તિમાં મનની અખંડવૃત્તિ રહે તે જ કઠણમાં કઠણ સાધન છે ને જેને ભગવાનની મૂર્તિમાં મનની અખંડવૃત્તિ રહે એને બીજું એકેય સાધન કરવાની જરૂર નથી. મહારાજ કહે કે, દેહ છતાં જ એ કૃતાર્થ થયો જાણવો. ગ.મ.પ્ર. ના ૩૬ માં વચનામૃતમાં પણ એ જ વાત આવે છે કે, ભગવાનના સ્વરૂપમાં મનની અખંડવૃત્તિ રાખવાના શા ઉપાય છે ? તો એમાં પણ એ જ વાત કરી કે એક તો ચોંટવાનો સ્વભાવ હોય. આ લોકનું દૃષ્ટાંત આપ્યું કે જેમ સ્ત્રી-પુત્ર આદિક સગાસંબંધીમાં માણસને પ્રેમ થઈ જાય છે એમાં એકદમ તલ્લીન બની જાય છે. મહારાજે પ્રથમ પ્રકરણના ૩૪ માં વચનામૃતમાં પણ એ જ વાત કરી કે, જગતના જીવો જે હોય, તેને સ્ત્રીને પુરૂષમાં હેત થાય અને પુરૂષને સ્ત્રીમાં હેત થાય અને એના થકી ઉપજી જે પ્રજા, તેમાં સહેજે સહેજે જ હેત થઈ જાય છે અને તે હેત એ જ માયા. મહારાજ કહે કે, માયારૂપી પ્રવાહમાં જે ન વહે, તેને જ ભગવાનમાં અખંડવૃત્તિ રહે. તો આમાં એ વાત કરી કે, જેમ સ્ત્રી,પુત્ર, સગાસંબંધીમાં હેત થઈ જાય છે અને જીવની વૃત્તિ ચોંટી જાય છે, તેવી રીતે ભગવાનની મૂર્તિ મળી જાય, તો તેમાં પણ તેમના ચિત્તની વૃત્તિ ચોંટી જાય. એક ઠેકાણે લખ્યું કે, જેમ ચમકપાણ દેખીને લોહું ખેંચાઈ જાય છે, તેમ ભગવાનના ભક્ત હોય, તે આ ભગવાનની મૂર્તિના દર્શન કરતા કરતા ભગવાનની મૂર્તિમાં તલ્લીન થઈ જાય એટલે એને વિષે સ્થિર થઈ જાય, તો આ લોક કે દેહ કે બ્રહ્માંડ એ કાંઈ દેખવામાં આવે નહીં.

મોટા સંતોએ દૃષ્ટાંત આપ્યું- સચ્ચિદાનંદ સ્વામી, સિદ્ધાનંદ સ્વામી એ બધા મોટા સંતો હતા. તેમના વિષે શાસ્ત્રમાં દૃષ્ટાંત આપ્યું કે, એ બધા સંતો ધ્યાન કરતા ત્યારે તેમની ચિત્તની વૃત્તિ સ્થિર થઈ જાતી અને સિદ્ધાનંદ સ્વામીનું

પણ એવું જ હતું. સિદ્ધાનંદ સ્વામી અને સચ્ચિદાનંદ સ્વામી એ બંને બગીચામાં ફૂલ લેવા જાય, ગુલાબના ફૂલ હોય, મોગરાના ફૂલ હોય, બારમાસીના ફૂલ હોય એ ફૂલ લે અને અહોહો....! આ ફૂલ અમારા ભગવાનને સુંઘાડીશું, તો ભગવાન રાજી થઈ જાશે. એમ એ ભગવાનની મૂર્તિનું ચિંતવન કરે ને ભગવાનની મૂર્તિમાં તલ્લીન થઈ જાય હો ! વૃત્તિ સ્થિર થઈ જાય. પા કલાક, અડધો કલાક થાય. એકવાર સચ્ચિદાનંદ સ્વામી ત્યાં બગીચામાં હતા, તેમને ખબર પડી કે, સિદ્ધાનંદ સ્વામીની વૃત્તિ સ્થિર થઈ ગઈ છે એટલે સ્વામીને કહે ઉઠો ! એમ સ્વામીને જગાડ્યા. પછી સ્વામી જાગ્યા ! તો આમાં કહેવાનો હેતુ એટલો જ કે જેના ચિત્તનો સ્વભાવ હોય, એ આ રીતે ભગવાનમાં ચોંટે ને ભગવાનનો એવો મહિમા સમજીને ભગવાનનું ભજન કરે, એને ભગવાનમાં પ્રેમ થઈ જાય.

ભાગવતમાં ગોપીઓનું દૃષ્ટાંત આપ્યું છે કે... ગોપીયું ભગવાનની ભક્ત હતી. એ કાંઈ કોલેજમાં કે હાઈસ્કૂલમાં ભણવા ગઈ નહતી. એવી કોઈ ભાગવતમાં વાત આવતી નથી કે ગોપીઓ આ કોલેજમાં ભણવા ગઈ હતી. ગોપીઓનો દેહ તો સ્ત્રીનો હતો પણ ભગવાનના જે ભક્ત હોય, એ ભગવાનને ભજી ભજીને ભગવાનના એકાંતિક ભક્ત થાય, એવી રીતે આ ગોપીઓને ભગવાનમાં પ્રેમ. ગોપીઓ દહીં ને દૂધનો વેપાર કરે. દૂધ ને દહીં વહેંચવા જાય. લ્યો દૂધ, લ્યો દહીં, લ્યો કાન ! એમ જ્યાં કાનનું નામ આવે ને ત્યાં વૃત્તિ સ્થિર થઈ જાય. ત્યારે આજુબાજુના માણસોને તો એ ખબર ન હોય એટલે કહેશે કે અરે બાઈ ! તમે આ દૂધ ને દહી ને બધું વેચો છો એ તો બરોબર છે પણ આ 'કાન' એ વળી કઈ વસ્તુ છે? કાન કાંઈ રસ્તામાં પડ્યો નથી ને કાન કાંઈ વહેંચાતો લેવાય તેમ પણ છે નહીં. ધ્યાન કરી કરીને થાકી જાય તોય પણ મહારાજ કહે કે, આવો જો અભ્યાસ ન કરે, તો એને ભગવાનની મૂર્તિ દેખાય નહીં. એટલે આ ગોપીઓને ભગવાન સાથે એવો પ્રેમ થઈ ગયો હતો, એટલે કહે કે અમારે આ નામ નથી લેવું તોય લેવાઈ જ જાય છે, ને એમને અખંડ કૃષ્ણ-કૃષ્ણ એમ થયા જ કરતું. એમ આ સિદ્ધાનંદ સ્વામીને પણ અખંડ સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ થયા જ કરતું. એમ આપણે પણ જો એવી રીતે અભ્યાસ કરીએ તો ભગવાનમાં પ્રેમ થઈ જાય.

બીજો ઉપાય શૂરવીરપણું રાખવું. મહારાજ કહે કે, ભગવાનનો ભક્ત શૂરવીર હોય એને તો ભગવાનની મૂર્તિ વિના બીજો ઘાટ પણ થાય, તો મહારાજે ગઢડા પ્રથમ ના ૪૪માં વચનામૃતમાં કહ્યું કે, કપાળમાં કોઈ એને બળબળતો

ડામ દે ને જેવું વસમું લાગે ને પંચામૃત ભોજન જમતા હોઈએ અને કોઈ ધૂળનો ખોબો ભરીને નાંખે તો કેવું વસમું લાગે ? મહારાજ કહે - ભગવાનને વિષે એવો સ્નેહ જો થઈ ગયો હોય અને પછી એને ભગવાન સિવાય બીજો સંકલ્પ થાય, તો એને એવું વસમું લાગે અને એની ઈન્દ્રિયો થર થર કંપે. ભગવાનનો શૂરવીર ભક્ત હોય, તેની ઈન્દ્રિયો અને અંતઃકરણ નિયમમાં રહે.

મહારાજે મધ્યના બારમાં વચનામૃતમાં વાત લખી કે, રાજા હોય એ પોતાની નગરીમાં હુકમ ચલાવે તો લોક માને, તેમ આ કાયારૂપી નગરીમાં જીવ છે, એ રાજા છે. એ પોતે ઈન્દ્રિયો અને અંતઃકરણને નિયમમાં રાખે, બીજે ક્યાંય પણ મન જાય નહીં. તો આપણે પણ સર્વે ભગવાનના ભક્ત થયા છીએ, તો આવી રીતે ભગવાનનો મહિમા સમજી, ઈન્દ્રિયો અંતઃકરણને નિયમમાં રાખી અને જો ભગવાનને સંભારીએ, તો બીજે ક્યાંય પણ વૃત્તિ જાય નહીં.

એક વચનામૃતમાં વાત લખી કે, પોતાને જ્યારે આત્મારૂપે માને ત્યારે આત્માને કોઈ નાત નથી, કોઈ જાત નથી, સગા સંબંધી કોઈ છે નહીં. તો મહારાજ કહે કે, આપણે પણ પોતાના સ્વરૂપને આત્મારૂપ જાણીએ અને આત્માને વિષે રહેલા એવા જે પરમાત્મા એમને હૃદયમાં ધારીએ, તો બીજા કાંઈ વિચાર મનમાં આવે નહીં. ત્રીજો ઉપાય 'ભય' કહ્યો કે જેને ભય હોય - ભય શેનો ? આ જન્મ-મૃત્યુનો. આ જન્મનું દુઃખ જો આપણને યાદ આવતું હોય તો ૧ મિનિટ પણ ભગવાનને ભૂલીએ નહીં હો ! કેમ કે ગર્ભવાસમાં આપણે દુઃખ ભોગવી આવ્યા છીએ. જેટલા નરકના કૂંડ છે તેના કરતા પણ ગર્ભવાસમાં અધિક દુઃખ છે હો ! તો આપણે જો ગર્ભવાસનું દુઃખ હમણાં યાદ આવતું હોય તો નીચું માથું, ઊંચા પગ. ખારૂં ખાટું માતા ખાય એ પીડા પણ નડે. કીડા, કરમિયા કરડે. તો એટલી બધી વેદના ત્યાં થાય, પણ આપણે અહીંયા આવીએ એટલે ભૂલી જઈએ છીએ. તો મહારાજ કહે કે, ગર્ભવાસનું દુઃખ જો આપણને હમણા યાદ આવે તો ભગવાન ભૂલીએ નહીં અને મૃત્યુ.... મૃત્યુ વિષે પણ સંતે લખ્યું કે, જે ભગવાનના ભક્ત ન હોય અને આખી જિંદગી પાપ કર્મ કર્યા હોય તો એને રૂંવાડે રૂંવાડે કરોડો વીંછીની વેદના થાય હો. અંતઃકાળે જમના દૂત દેખાય ને એ જમના દૂત માર મારીને લઈ જાય. તો અંતઃકાળે એટલું દુઃખ લખ્યું છે. તો મહારાજ કહે કે, આવી રીતે જન્મ - મરણનો ભય હોય એની વૃત્તિ સ્થિર રહે. આથી અગાઉ આપણે ૮૪ લાખ અવતારો ધારણ કરી આવ્યા

છીએ પણ ભગવાનની ભક્તિ, ભજન, સત્સંગ નથી કર્યો, તેથી આપણે જન્મ-મરણના ફેરા ભોગવ્યા જ કરીએ છીએ હો !

ગુણાતીતાનંદ સ્વામીએ લખ્યું કે, હવે આપણે એવું મંડવું કે "અથ સાધયામિ વા દેહં પાતયામિ." આ દેહ પડી જાય તો ભલે પડી જાય, પણ મારે તો આને આ જ જન્મે એકાંતિક ભક્ત થઈને માયાના આવરણો ટાળી, આપણા હૃદયમાં રહેલા કામ, ક્રોધ, મોહ, લોભ, માન, ઈર્ષ્યારૂપી એકાવનના ટોળાને ટાળીને આપણા હૃદયમાં આત્મામાં - ભગવાનને રાખીએ, તો પછી તેને જન્મ મરણના ફેરા ટળી જાય, બીક લાગે નહીં.

ચોથો ઉપાય મહારાજ કહે કે, આત્મજ્ઞાન. આત્મજ્ઞાન એટલે આત્મામાં પરમાત્મા રહેલા છે એવી ભાવના રાખીને ભગવાનનું ભજન કરે, તો એની બધી કસરો ટળી જાય. એમાં મહારાજે એક વચનામૃતમાં લખ્યું કે, મનન દ્વારા બ્રહ્મનો સંગ કરે તો તેનામાં બ્રહ્મના ગુણ આવે છે. મન દ્વારા હું આત્મા છું, ભગવાનનો ભક્ત છું એમ એવો અભ્યાસ કરે, તો એને એવા ગુણ આવે છે.

માતાએ નાનપણથી પોતાના બાળકને આત્મા-પરમાત્માના જ્ઞાનની દૃઢતા કરાવી

એક મોટા સંતે વાત લખી કે, એક બાઈ સારા ભક્ત હતા. તેની સોળ કે અઢાર વર્ષની ઉંમર થઈ, ત્યારે તેના પિતા બાઈને કહે છે કે, તારી આ જુવાનીની અવસ્થા થઈ, તો તું કહે ત્યાં તારા લગ્ન કરી આપું. ત્યારે આ બાઈ શું કહે છે કે હે પિતાજી ! તમે મને પૂછ્યા વિના ક્યાંય મારા લગ્નનું નક્કી કરજો નહીં. તેથી તેના પિતા તો બહુ વિચારમાં પડી ગયા કે આ બાઈ શા માટે ના પાડે છે ? ત્યારે આ બાઈએ પિતાને પાછું આશ્વાસન આપ્યું કે, હું ના નથી પાડતી પણ મારે તો એવો પતિ શોધવો છે કે જે પહેલી પ્રજા થાય, તેને ૧૨ વર્ષ સુધી મારા પાસે રાખું ! એ શરત જે મંજૂર કરે તેની જોડે મારે લગ્ન કરવા. ત્યારે ઘણાંકની તપાસ કરી. ઘણાંક મુરતિયા આવે. પણ આ બાઈ કહે કે મારે પહેલું બાળક જે જન્મે, તેને હું બાર વર્ષ સુધી મારી પાસે રાખું. ત્યારે કેટલાક માણસોને સમજણ ન હોય, તો એ કહે કે બાર વર્ષ સુધી મા પાસે રાખીએ, તો એ છોકરો માવડિયો થઈ જાય ! એટલે એ બરાબર ન કહેવાય. એટલે એ પરણવા તૈયાર ન થાય. એમ કરતા કરતા એ બાઈને તો ૨૪-૨૫-૨૬ વર્ષ થવા આવ્યા. એમ કરતા કરતા ભગવાનનો એક સારો ભક્ત હતો, ત્યારે એને પણ એવી જ ઈચ્છા હતી કે મારે તો કોઈ

સારૂં ભક્ત પાત્ર મળે તો એની સાથે મારૂં લગ્ન થાય તો મારૂં જીવન સારૂં થઈ જાય. વાત પણ સાચી કે પાત્ર જો સારૂં મળે, તો બન્નેનું જીવન સારૂં થાય. એકબીજામાં, ભગવાન ભજવામાં, વ્યાવહારિક કાર્ય કરવામાં, સાનુકૂળ પડે અને પાત્ર જો સારૂં ન હોય તો પતિ કહેશે કે આમ કરૂં ને બાઈ કહેશે કે આમ ન કરૂં. પતિ એક વાત કહે તો બાઈ એને ચાર સામી કહી દે ! તો એવું ચાલે નહીં. ત્યારે આ ભગવાનના એક સારા ભક્ત હતા એ આવ્યા. એમણે વાત કરી કે, માતા સાથે બાળક ભલે રહે એમાં શું વાંધો છે ? એટલે એની જોડે લગ્ન કર્યા. બાર મહિને, બે વર્ષે ભગવાનની ઈચ્છાથી બાઈને પુત્રની પ્રાપ્તિ થઈ. તો એ બાઈ તો પુત્રને પાસે જ રાખે હો ! બાઈ શું શિખવે ? તું આત્મા છો, અક્ષર છો, બ્રહ્મ છો, ચૈતન્ય છો, આવું દરરોજ એ બાઈ એને શિખવાડે, પારણામાં સુવાડે તો ય બાઈ એને એ જ કહે હો ! હમણાં તો ખબર નથી પણ આ બાઈ એમ કરતા, તું એક આત્મા છો ભગવાનનો ભક્ત છો. ગોપીચંદ રાજા થઈ ગયા એની માતાએ પણ એ જ કર્યું ને ?

ધન્ય ધન્ય માતા ધ્રુવ તણી - ધ્રુવજીની માતાએ પણ પોતાના પુત્રને એ જ કહ્યું કે હું અણમાનીતી છું. તારા પુણ્યમાં ખામી છે, તપમાં ખામી છે, મારા તપમાં પણ ખામી છે એટલે ધ્રુવજીએ તપ કર્યું અને "જનની જીવો રે ગોપીચંદની, પુત્રને પ્રેર્યો વૈરાગ્યજી" રાજા ગોપીચંદની જનનીએ પણ પુત્રને વૈરાગ્ય પ્રેર્યો, કહ્યું કે હે પુત્ર ! ચોર્યાશીના કંઈક ફેરા આપણે ફર્યા છીએ, હવે તું ભગવાનનું ભજન કર. ત્યારે રાજા તો રાજ કરતા હતા, રાણી હતી, બધું હતું છતાં એને વૈરાગ્ય થઈ ગયો હો !

તેમ આ બાઈ પણ પોતાના બાળકને રોજ હીંચકા નાંખતા નાંખતા એ જ વાત કરે. એમ કરતા કરતા એ બાળક મોટો થયો તો પણ એ બાઈ બાળકને ક્યાંય બહાર ભણવા મૂકે નહીં, ઘરે ભણાવે ને પરીક્ષા લે. એમ કરતા કરતા ૧૨ વર્ષ સુધી રાખ્યો. ત્યારે છોકરાને તો આત્મા અને પરમાત્માનું જ્ઞાન દૃઢ થઈ ગયું. ત્યારે આ છોકરો વ્યાવહારિક કાર્ય કરતા કરતા ભગવાનનું અખંડ ભજન કરે.

જનક રાજાની વાત લખી. જનકરાજાને પોતાના ગુરૂ અષ્ટાવક્રની દયાથી તેમના અડધા અંગને કોઈ તલવારથી કાપી નાખે અને અડધા અંગને ચંદન ચર્ચે, તો પણ તેમને કાંઈ ફેર પડતો નહીં.

તેમ આ છોકરાને પણ એવું જ્ઞાન થયું. આત્મા પરમાત્માનું જ્ઞાન દૃઢ થઈ ગયું. પોતે મહાત્મા થયો. સંસારમાં રહ્યો. વ્યાવહારિક કાર્ય પણ કર્યું અને એકાંતિક ભક્ત થયા. હજારો જીવોને સત્સંગ કરાવીને અનેક જીવોનો મોક્ષ કર્યો. ત્યારે

આમાં કહેવાનો હેતુ એટલો જ કે આ બાઈ ભગવાનના આવા એકાંતિક ભક્ત હતા, તો એમણે પોતાનો તો મોક્ષ કર્યો જ પણ પોતાના છોકરાનો પણ મોક્ષ કર્યો.

તેવી રીતે આપણે પણ આ શાસ્ત્રો વાંચી, સંત સમાગમ કરી, આપણી જે કાંઈ ખામી હોય તે ટાળી ને આ લોકના, મોહ-માયાના જે વિકારો હોય તે ટાળીને, આપણા હૃદયમાં ભગવાનની મૂર્તિ અખંડ રહે અને દિન દિન પ્રત્યે ભગવાનની મૂર્તિમાં હેત વધતું જાય અને દેહને અંતે ભગવાનની સેવામાં રહી જવાય, એ જ આ મનુષ્ય જન્મનું સાર્થકપણું છે. માટે આપણે દરેકે કાળજી રાખવી.

આ અવસર કરૂણાનિધિ કરૂણા બહુ કીધી

આપણા તો સૌના મોટાભાગ્ય છે, કેમ કે આવા સર્વ સુખના નિધિ અને જેની દૃષ્ટિથી ભ્રૂકુટી વિલાસમાં અનંત કોટિ બ્રહ્માંડો ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે, એવા ભગવાન પુરૂષોત્તમ નારાયણ આપણને મળી ગયા છે. આ દુનિયાની દરેક વસ્તુ મળે, અન્ન મળે, ધન મળે, સ્ત્રી મળે, પુત્ર મળે કે આ લોકની સારી સંપત્તિ મળે પણ આ ભગવાન મળવા બહુ દુર્લભ છે. કેટલાકને ભગવાન મળ્યા હોય, તો પણ ભગવાનનો આવો મહિમા ન સમજાય, તો એને ભગવાનનો આવો આનંદ આવે નહીં. જુઓ ! રામપ્રતાપ ભાઈ હતા તેમને પહેલા વહેલા ભગવાનને વિષે મનુષ્યભાવ હતો કે, આ તો મારા નાના ભાઈ છે. કેટલાક લોકો વાત કરે કે ઘનશ્યામ આવા ઐશ્વર્યો બતાવે છે, ચરિત્રો કરે છે, એમ લોકો વાત કરે, ત્યારે રામપ્રતાપ ભાઈ શું કહે કે, આ તો મારા નાનાભાઈ છે. એમ પહેલા વહેલા એમને ભગવાનનો મહિમા ન હતો એટલે મનુષ્યભાવ આવી જતો. મુક્તાનંદ સ્વામીને પણ મહારાજે પોતાનું ભગવાનપણું દેખાડ્યું, નહીં તો મુક્તાનંદ સ્વામી તો અક્ષરધામના મુક્ત હતા. બીજા ભક્તોને ઉપદેશ દેવા માટે એવું દેખાડ્યું કે, ભગવાન તો રામાનંદ સ્વામી છે. આ વળી નવા ભગવાન ક્યાં થઈ ગયા ? એવો મુક્તાનંદ સ્વામીને સંશય હતો ! પણ રામાનંદ સ્વામીએ જંગલમાં દર્શન આપ્યા અને મુક્તાનંદ સ્વામીને વાત કરી કે "સ્વામી ! હું તો તમને ઘણીવાર કહેતો કે હું તો ડુગડુગી વગાડનારો છું, ખરો ખેલ ભજવનાર તો પાછળથી આવશે." એટલે પહેલા લોકમાં એમ થતું હશે કે ડુગડુગી પહેલા વગાડતા હશે અને પાછળ વેશ કાઢતા

હશે, એમ થતું હશે. એ મને ખબર નથી, આ તો શાસ્ત્રમાં વાત આવે છે. એમ મુક્તાનંદ સ્વામીને જ્યારે રામાનંદ સ્વામીએ દિવ્ય દર્શન આપ્યા ત્યારે સંશય ટળી ગયો. પછી તેઓ મહારાજ પાસે આવ્યા. મહારાજને પ્રાર્થના કરી. હે મહારાજ ! હે દયાળુ ! હે કૃપાસિંધુ ! તમે તો સાક્ષાત્ પુરૂષોત્તમ નારાયણ અક્ષરધામના અધિપતિ છો અને મને ક્યારેય પણ તમારે વિષે મનુષ્યભાવ ન આવે. એમ કહીને તે સમયે મુક્તાનંદ સ્વામીએ "જય સદગુરૂ સ્વામી, પ્રભુ જય સદગુરૂ સ્વામી" એમ મહારાજની આરતી ઉતારી હો ! છેલ્લા પદમાં તો એમણે બહુ જ સારી વાત કીધી "આ અવસર કરૂણાનિધિ કરૂણા બહુ કીધી મુક્તાનંદ કહે મુક્તિ સુગમ કરી સીધી."

હે મહારાજ ! આ સમયે તમે મારા ઉપર ઘણી કરૂણા કીધી કે તમે આ મોક્ષનો માર્ગ સુગમ કરી આપ્યો, નહીંતર તો શાસ્ત્રમાં લખ્યું છે કે

"ભૂખે મારૂં તરસે મારૂં પાડું તનની ખાલ,
એટલું કરતા ન હઠે તો પછે કરૂં ન્યાલ."

હરિશ્ચંદ્ર રાજા પોતે સત્યવાદી હતા. સત્યને રાખવા માટે હરિશ્ચંદ્ર રાજાએ કેટલા બધા કષ્ટો સહન કર્યા, ત્યારે ભગવાને તેમને દર્શન આપ્યા હો ! રાજ્ય વેચાણું, સ્ત્રી વેચાણી, એમનો પુત્ર વેચાણો ત્યારે તેમને ભગવાને દર્શન આપ્યા હો ! પણ આ સ્વામિનારાયણ ભગવાન તો એવા દયાળુ છે કે તમે બધા ભલે ગૃહસ્થાશ્રમમાં રહેલા હો - દૂધ, ચોખા ને સાકર જમો ! હિંડોળા ખાટમાં ઝૂલો અને અંતકાળે તમે મોક્ષ પામો.

અને આ લોકમાં પણ મહારાજે રામાનંદ સ્વામી પાસે માગી લીધું કે અમને રામપાતર આવે, પણ અમારા આશ્રિત અન્ન વસ્ત્રે દુઃખી ન થાય. "દેહ છતાં દુઃખી નહીં ને તન છૂટે તેજ અંબાર." દેહ છતાં પણ ભગવાન પોતાના ભક્તને દરેક રીતે સુખી કરે હો અને તન છૂટે તેજ અંબાર. સ્વામિનારાયણ ભગવાને પ્રથમ પ્રકરણના પહેલા વચનામૃતમાં લખ્યું કે, ધર્મકુળને આશ્રિત એવો જે ભક્ત એ આ દેહને અંતે મારા ધામને જરૂર પામે છે.

" મારા જનને અંતકાળે, જરૂર મારે આવવું,
બિરૂદ મારૂં ન બદલે, સર્વે જનને જણાવવું."

મારા જે આશ્રિત હોય તેમને દર્શન દઈને અંતકાળે મારા ધામમાં લઈ જાઉં હો ! ત્યારે એવા દયાળુ સ્વામિનારાયણ ભગવાન આપણને મળી ગયા છે હો ! એટલે સ્વામીએ કહ્યું કે, આ અવસર કરૂણાનિધિ કરૂણા બહુ કીધી, મુક્તાનંદ કહે મુક્તિ સુગમ કરી સિદ્ધિ. હે મહારાજ ! તમે આ સમયે મોક્ષનો માર્ગ બહુ જ સુગમ કર્યો.

ઘણાં માણસો પાપ કરતા હોય, તો પણ સુખી કેમ હોય છે?

એક સમયે મહારાજ ગઢપુરમાં બિરાજમાન હતા ત્યારે મુક્તાનંદ સ્વામીએ મહારાજને પ્રાર્થના કરી કે, હે મહારાજ ! તમારા સ્વરૂપના નિશ્ચયમાં મારે કસર આવે નહીં, એવી મારા ઉપર દયા રાખજો. ત્યારે મુક્તાનંદ સ્વામીને કાંઈ હતું નહીં. એ તો અક્ષરધામના મુક્ત હતા અને મહારાજના સુખે સુખિયા જ હતા, પણ આપણને શિખવાડ્યું કે, આપણે ભગવાનના ભક્ત છીએ, તો ભગવાનને વિષે ક્યારેય પણ નિશ્ચયમાં ખામી ન આવે. ગૃહસ્થાશ્રમમાં રહેલા હોય કે ત્યાગાશ્રમમાં રહેલા હોય, પણ શરીરમાં ક્યારેક પણ દુઃખ આવી પડે તો જો જ્ઞાનની દૃઢતા હોય, તો તેને વિઘ્ન ન આવે, પણ જો જ્ઞાનની દૃઢતા ન પામ્યા હોય, તો જરાક કાંઈક સુખ દુઃખ આવે તો - હું ભગવાનનો ભક્ત છું, આટલી આટલી ભગવાનની ભક્તિ કરૂં છું, તો પણ મને ભગવાન આવું દુઃખ શા માટે દેતા હશે ? ઘણા ભક્તજનો એવો પ્રશ્ન પૂછે. ઘણાંક માણસો પાપ કરતા હોય તોય એ સુખી હોય છે અને અમે થોડોક કાંઈક એવો ગુન્હો કરીએ તેમાં ભગવાને આટલી મોટી સજા આપી ? તો એના ઉત્તરમાં મોટા સંતો કહેતા કે, એ જગતના જીવો તો ચોર્યાશીના ફેરામાં ફરવાવાળા માણસો જ છે એને દેહને અંતે ભગવાન જમપુરીમાં લઈ જાય છે અને આપણે ભગવાનના ભક્ત છીએ, તો થોડીક આપણને એમાં કાંઈક સજા આપે, તો આપણે એમાંથી કંઈ પાછું ન વળાય. સુખદુઃખ આવી પડે તો ભગવાનને પ્રાર્થના કરીએ, સંતોને પ્રાર્થના કરીએ, તો એ દુઃખ ટળી જાય છે. વળી મોટા સંતો પણ કહેતા કે, ભલે આ જન્મમાં સુખિયા હોય, એમણે આગલા જન્મમાં કાંઈક શુભ કર્મો કર્યા હશે, એ પુણ્યે કરીને ભગવાને એને હમણા સુખ આપ્યું છે. એ સુખ ક્યાં સુધી કે આ દેહ છે ત્યાં સુધી. જેમ આ લોકમાં કોઈ ધનાઢ્ય હોય અને એ બેંકમાં પૈસા રાખે ને મેનેજર પાસે એ પૈસા લેવા જાય કે ભાઈ ! ૫,૦૦૦ કે ૧૦,૦૦૦ લાવો તો મેનેજર એમ પૂછતા નહીં હોય કે ૧૦,૦૦૦ તને ક્યાંથી

આપું ? કેમ કે એના પૈસા બેંકમાં જમા છે જ. એને આપવા જ પડે. પછી એ ભલે ગમે ત્યાં વાપરે. તેમ આગલા જન્મમાં કાંઈક પુણ્ય કર્યા હશે, તો એ પુણ્યે કરીને આ જન્મમાં એ સુખી થાય પણ રાજેશ્વરી-નર્કેશ્વરી, તપેશ્વરી- સ્વર્ગેશ્વરી એ જૈન શાસ્ત્રોમાં લખ્યું છે, રાજય કરતા હોય પણ સારા કર્મો એ ન કરતા હોય તો નરકમાં પડે છે કેમ કે જૈન શાસ્ત્રોમાં મોક્ષ માન્યો નથી. ભગવાનના ધામને પામવું એવું એ શાસ્ત્રોમાં નથી. રાજેશ્વરી- નર્કેશ્વરી, તપેશ્વરી-સ્વર્ગેશ્વરી એટલે કે એ જો તપ કરે તો સ્વર્ગ મળે છે, એમ એણે આગલા જન્મમાં શુભકર્મો કર્યા હશે તો એ પુણ્યે કરીને ભગવાન એને હમણાં સુખ આપે છે પણ એના પુણ્યો થઈ રહેશે એટલે વળી પાછા "પુનરપિ જનનં પુનરપિ મરણમ્' એમ જન્મ મરણના ફેરા ભોગવ્યા જ કરે.

એક મહાત્માએ કીર્તન લખ્યું છે-

"ધીંગાને આપે ધાન, રાંકાથી રૂઠો રે !
તારે આગે નહીં કોઈ પ્રધાન,
તને કોણ સમજાવે શામળા ?"

એમ એક મહાત્માએ સાખીમાં લખ્યું - ત્યારે એના ઉત્તરમાં વળી બીજા મહાત્માએ કહ્યું કે ધીંગો એટલે બળિયો. જેણે આગલા જન્મમાં શુભ કર્મ કર્યા હશે તેને ભગવાન આ જન્મમાં સુખ આપે જ છે અને રાંક એટલે પાપી, એણે શુભકર્મો કર્યા નથી એટલે ભગવાન એને આપતા નથી, એટલે એ શું કરે ? એટલા માટે જ મહારાજ કહે કે, આવો ભગવાનનો મહિમા સમજીને દિનદિન પ્રત્યે ભગવાનમાં પ્રેમ થાય ને દેહને અંતે ભગવાનની સેવામાં રહી જવાય, તો જ આ માનવ જન્મનો ફેરો સફળ થયો કહેવાય.

ગ.મ.પ્ર ના ૪૫ મા વચનામૃત ઉપર વિવેચન

ગ.મ.પ્ર ના ૪૫ મા વચનામૃતમાં પણ મહારાજે સારી વાત કરી કે, તમે બધા સાધુ - બ્રહ્મચારી - પાળા - ગૃહસ્થ સત્સંગી સર્વે સુધા સાવધાન રહેજો. તમારા હૃદયમાં પંચભૂત, પંચવિષય, પંચ ઈન્દ્રિયોના દેવતા, એ કોઈનોય સંગ રાખજો મા. મોટા સંતો કહેતા કે, એ એકાવનનું ટોળું છે. એ એકાવન જણા છે અને ગ.મ.પ્ર ના ૧૨ માં વચનામૃતમાં કહ્યું કે, આ દેહનગર ને વિષે જીવ છે એ

રાજા છે અને આ ઈન્દ્રિયો ને અંતઃકરણ એ એની વસ્તી છે. રાજા પોતે રાજનીતિ જાણી અને રાજ ચલાવે તો દરેક વસ્તી એનો હુકમ માને, પણ જો રાજનીતિ ચલાવતા ન આવડે, તો કોઈ એનો હુકમ માને નહીં. તેમ મહારાજ કહે કે, તમે બધા સાવધાન રહેજો. તમારા અંતરમાં એક તલ જેટલીય કસર રાખજો માં. તલ હોય એ તો સુક્ષ્મમાં સુક્ષ્મ હોય. તો મહારાજ કહે કે, તમારા અંતરમાં જરાય પણ કસર રહેવા દેવી નથી અને જો જરાક પણ ગાફલાઈ રાખશો, તો તમારો પગ સત્સંગમાં ટકશે નહીં. તો મહારાજની એવી લાગણી છે કે, અમારા ભક્ત હોય, ગૃહસ્થ હોય, ત્યાગી હોય કે બાઈ - ભાઈ હોય, તેના અંતરમાં જરાક પણ કસર રહેવા દેવી નથી. મહારાજે તો આપણને આવા ચોખ્ખા કરીને દેહને અંતે પોતાના દિવ્ય ધામમાં રાખવા જ છે, એ તો મહારાજનું બિરૂદ છે મહારાજ કહે ''મારા જનને અંતકાળે જરૂર મારે આવવું, બિરૂદ મારૂં ન બદલે એ સર્વે જનને જણાવવું.'' પણ જો ભગવાનના નિયમોનું બરાબર પાલન ન કર્યું હોય, કોઈ પાપ કર્મ કર્યું હોય ને પ્રાયશ્ચિત ન કર્યું હોય, તો કદાચ ભગવાન ધામમાંથી લેવા આવે પણ આપણે ત્યાં રહી શકીએ નહીં.'

તો મહારાજ કહે કે, આપણે દરેકે આળસ, પ્રમાદ, મોહનો ત્યાગ કરીને જેમ મહારાજને આપણા પ્રત્યે આવી ભાવના તથા લાગણી છે કે, મારા ભક્તજનમાં કોઈ જાતની ખામી રહેવા દેવી નથી, તો આટલી એમને આપણા પ્રત્યે લાગણી અને ભાવના છે, તો આપણે જો ખટકો રાખશું, તો એ ખામી જરૂર ભાંગી જશે. લુહાર લોઢું તપાવે તો જ સાંધો મળે. પહેલાંના વખતમાં લોખંડ તપાવવા ધમણ રાખતા, અત્યારે નથી રાખતા એમ કહે છે, પણ તોય તેને તપાવવું તો પડે જ છે. બેય છેડા તપે તો જ સાંધો મળે. એક છેડો તપે ને બીજો છેડો ઠંડો હોય, તો સાંધો મળે નહીં. એક કીર્તનમાં લખ્યું -

"રટ રટ રે મન બાવરે ! રટ રટ રે મન બાવરે !
બીત જાત હૈ અવસર ઐસો જ્યું લોહે કો તાવ રે."

બાવરાં મન, તું ભગવાનનું નામ લઈ લે. નહીં તો લોખંડને પણ તાવી નાંખે, ઓગાળી નાંખે એવો અવસર વ્યર્થ વીતી જાય છે. લોખંડ ગરમ હોય ને ઘા મારે તો સાંધો મળી જાય, પણ લોખંડ ટાઢું પડી જાય ને પછી ઘા મારે તો સાંધો મળે નહીં, તેમ આ ધર્મદેવ ને ભક્તિમાતાએ કેટલા તપ કર્યા હશે ? દેવતાઓના સાડાબાર હજાર વર્ષ સુધી તપશ્ચર્યા કરી હો ! આ બધા મોટા

મોટા સંતો, મોટા મોટા હરિભક્તોએ કેટલી બધી તપશ્ચર્યા કરી, ત્યારે આ ભગવાન પુરૂષોત્તમ નારાયણ આ પૃથ્વી ઉપર પધાર્યા છે. તો એ તપશ્ચર્યા તો તેઓ કરી ગયા ને આપણે તો એમનું કમાયેલું ખાઈએ છીએ. હવે જો આપણે કાળજી નહીં રાખીએ તો ? આપણે કાળજી એ રાખવાની છે. સ્વામિનારાયણ ભગવાન કહેતા કે, મોટા મોટા સંતો, મોટા મોટા હરિભક્તો કેવી રીતે વર્તી ગયા છે ? પહેલા અમારા મોટા સંતો કહેતા કે, મોટાના શબ્દોની હાર્યું કરવી. હાર્યું કરવી એટલે શું ? કે એ બધા જેવી રીતે વર્તી ગયા છે, તો એવી રીત અમલમાં મૂકવી.

તો જે રીતે મહારાજ આપણને કહી ગયા છે અને ભગવાનના મોટા સંતો, હરિભક્તો વર્તી ગયા છે અને આ અક્ષરધામ સુધી આજે આપણને હાઈવે બંધાવી દીધો છે હો ! આંખ્યું મીંચીનેય આપણે જઈએ ને તોય ત્યાં પહોંચી જઈએ. હવે એ હાઈવે મૂકીને ક્યાંક બીજે રસ્તે જઈએ - બીજે રસ્તે જઈએ એટલે શું ? કે ભગવાનના નિયમોનું બરાબર પાલન ન કરીએ કે ભગવાનના આશરામાં કોઈ ખામી હોય, તો અક્ષરધામમાં જવાય નહીં. તો આપણે દરેકે મહારાજના નાના મોટા વચનો ઉપર સૂરત રાખવી અને ભગવાનની કથા,વાર્તા, કીર્તન, ધૂન, ભજન આપણે ખટકો રાખીને કરશું તો જરૂર કામ થઈ જશે.

ભાઈ ! કામ તો આ દુનિયાના કોઈ ખૂટે એવા છે નહીં. મોટા સંતો કહેતા કે, ત્રણસો ને પાંસઠ દિવસ આ એક વર્ષના થાય, પણ ત્રણસો ને એંસી દિવસ થાય, તો પણ આ લોકના કામ કોઈના પુરા થયા નથી ને થાય એવું છે પણ નહીં. મહારાજ કહે કે, આ પૃથ્વી ફાટે ને એને પાણીના ઘડાથી ભરવા મંડીએ તો ભરાય નહીં એવું છે હો ! તેમ આ લોકના કોઈ કામ પુરા થયા નથી, આ લોકની વાસના કોઈ પુરી થઈ નથી, તો આ લોકના કામ આગળ પાછળ કરી, સાંજે સવારે પૂજા,માળા, માનસી પૂજા, કથાવાર્તા, ધ્યાન, ભજન કરવાનો આપણે ખટકો રાખશું, તો જરૂર થઈ જશે. માટે આપણે દરેકે ભગવાનની મૂર્તિમાં હેત કરવું ને મહારાજના વચનોમાં સૂરત રાખશું, તો મહારાજ આપણા ભેળા ભળીને આપણી કસર ટળાવી દેશે. માટે આપણે બધાએ કાળજી રાખવી. સ્વામિનારાયણ ભગવાને આપણા ઉપર ઘણી દયા કરી છે.

આજે જગતમાં હળાહળ ઘોર કળિકાળ વ્યાપી ગયો છે અને ત્રિવિધ તાપમાં જગતના જીવો દિવસ-રાત બળ્યા જ કરે છે ! અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવ એ ત્રણ પ્રકારના તાપમાં જગતના જીવો - જેને ભગવાન મળ્યા નથી એ

બળ્યા જ કરે છે.મોટા સંતોએ દૃષ્ટાંત આપ્યું કે કડાઈ હોય - તે કડાઈમાં પાણી નાંખીને નીચે તાપ કરે અને તેમાં ભાત કે દાળ નાંખે તો બધાય કણ ઉછળ્યા કરે. તેમ જેને ભગવાન મળ્યા નથી, એ જગતના જીવો એવી રીતે ઉછળ્યા જ કરે છે. ઉછળ્યા જ કરે છે એટલે ? એના અંતરમાં શાંતિ ન આવે. ભલે કેટલાક લોકોને ઘણા પૈસા મળ્યા હોય, કેટલાક લોકોને મોટો હોદ્દો મળ્યો હોય કે બીજી કાંઈ આ લોકની સંપત્તિ મળી હોય, પણ એના અંતરમાં શાંતિ ન આવે.

પુણ્ય ખૂટે એટલે પાછા લખ ચોર્યાસીમાં (મકોડાનું દૃષ્ટાંત)

"સુર લોક નર લોક નાગલોક, તીનોં મે સુખ નાહી,
કાં સુખ હરિ કે ચરન મેં,કાં સંતન કે માંહી."

સ્વર્ગમાં અહીંના કરતા ઘણું સુખ છે. મનોવાંછિત સુખ ભોગવે છે. ત્યાં એમ ઈચ્છા કરે કે મારે સાટા ખાવા છે તો તેજ વખતે સાટા મળી જાય હો ! ગમે તે વસ્તુની એ ઈચ્છા કરે કે ચિંતવન કરે તે મળી જાય છે. એ મનોવાંછિત સુખ ભોગવે છે, પણ એ સુખ ક્યાં સુધી કે જ્યાં સુધી એનું પુણ્ય છે ત્યાં સુધી. પુણ્ય ખૂટે એટલે વળી પાછા ચોર્યાસીમાં ફર્યા જ કરે છે. એવું મોટા સંતોએ લૌકિક દૃષ્ટાંત આપ્યું. એક વખત એક મકોડો ઈન્દ્રાસન ઉપર ચડવા મંડ્યો. થોડેક સુધી ચાલે ને વળી પાછો નીચે પડી જાય હો ! વળી ચાલે ને વળી પડે. ઈન્દ્રરાજાએ આ જોયું. અરે આ મૂર્ખો ને ? મારા સિંહાસન ઉપર ચડવા માંગે છે પણ એને આ સિંહાસન ક્યાંથી મળે ? મકોડાને ભગવાનની ઈચ્છાથી વાચા થઈ હો ! હે ઈન્દ્રરાજા, તમે મનમાં ફુલાવ નહીં, હું ચાર વખત આ ઈન્દ્રાસન પર બેસી ચૂક્યો છું. મેં પણ અગાઉ એવા પુણ્યો કર્યા હતા એટલે હું પણ આ ઈન્દ્રાસન પર બેસી ચૂક્યો છું. પણ મારા પુણ્યો ખૂટી પડ્યા એટલે આવો દેહ આવી પડ્યો. ઈન્દ્રરાજા ચકિત થઈ ગયા ! અહો ! વાત સાચી છે.

ત્યારે મોટા સંતોએ લખ્યું છે કે, સ્વર્ગમાં રહેલા દેવતાઓ પણ ભગવાનને વિનંતી કરે છે કે, હે પ્રભુ, તમે ભલે અમને સ્વર્ગમાં રાખ્યા, પણ હજુ અમારૂં કોઈ પુણ્ય બાકી હોય, તો એ પુણ્યે કરીને અમને ભરતખંડમાં મનુષ્યનો અવતાર આપો. આ ભરતખંડ બહુ ઉત્તમ લખ્યો છે. આ ભરતખંડમાં મનુષ્યનો અવતાર મળવો બહુ દુર્લભ છે. આ તો આપણે આગલા જન્મમાં ઘણા વ્રત કર્યા હશે, જપ કર્યા હશે, તપ કર્યા હશે, દાન-પુણ્યો કર્યા હશે, એવા કેટલાય

સાધનો કર્યા હશે, એ કરતા કરતા કાંઈક અધુરૂં રહી ગયું હશે, એ પુણ્યે કરીને ભગવાને આ દિવ્ય સત્સંગમાં આપણને જન્મ આપ્યો છે. તો હવે આપણે દરેકે શું કરવું ? તો ભગવાનનો દૃઢ આશરો રાખવો કે, આ ભગવાન મને મળ્યા છે, એ જ મારા ઈષ્ટદેવ છે. એને વિષે પ્રતિવ્રતાની ટેક રાખી, આપણાથી ભગવાનનું જે ભજન થાય, તે કાળજી રાખીને કરવું. ભલે ત્યાગાશ્રમમાં ભગવાને રાખ્યા હોય તો ત્યાગાશ્રમમાં રહીને ભગવાનનું ભજન કરવું, ભક્તિ કરવી. ભગવાને ગૃહસ્થાશ્રમમાં રાખ્યા હોય તો તેમાં ભગવાનના જે નિયમ કહ્યા એ પ્રમાણે વર્તી, ભગવાનની ભક્તિ કરશું તો "દેહ છતાં દુઃખી નહીં અને તન છુટે તેજ અંબાર" દેહ છતાં ભગવાન પોતાના ભક્તને અન્ન, વસ્ત્ર અને આબરૂએ કરીને રક્ષા કરે છે અને દેહને અંતે દિવ્ય અપાર સુખ જેમાં રહેલું છે, એ અક્ષરધામનું સુખ આપણને ભગવાન જરૂર આપશે. તો આમાં કહેવાનો હેતુ એટલો જ કે, સ્વર્ગલોકમાં જે સુખ છે તે સુખ પણ કાયમ નથી.

આ મૃત્યુલોકમાં કોઈ મોટો પૈસાવાળો થાય, સાહેબ થાય, શેઠ થાય, વડાપ્રધાન થાય કે કોઈ હોદ્દાને પામે, તો એ સુખ ક્યાં સુધી ? એનું પુણ્ય હોય ત્યાં સુધી જ. વળી પુણ્ય ખૂટે એટલે જેમ જગતના લોકો હોય એવા એ થઈ જાય. એમાં પણ કાયમ સાચું સુખ છે નહીં. પાતાળ લોકમાં મોટા મોટા મણિધરો છે. મણિના પ્રકાશથી ત્યાં પાતાળમાં અજવાળું થાય છે, પણ ત્યાં કાયમ સુખ છે નહીં, ત્યારે સુખ ક્યાં છે ? કાં સુખ હરિ કે ચરનમે, કાં સંતન કે માંહિ. કાં ભગવાનના ચરણારવિંદમાં સુખ છે, કાં ભગવાનને અખંડ સંભારતા હોય, ભગવાનના નિયમોનું પાલન કરતા હોય, એવા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તેણે સહિત એવા જે સંતો એમાં. સંતો એટલે આ ભગવા લૂગડાં પહેરી લીધા એટલે સંત નહીં. ભલે ગૃહસ્થાશ્રમમાં રહેલા હોય પણ એ એવા ગુણે યુક્ત થાય, તો એ પણ ખરા સંત કહેવાય છે. ગોરધનભાઈ, પર્વતભાઈ, મયારામ ભટ્ટ, દાદા ખાચર એમણે કાંઈ ભગવા કપડાં પહેર્યા નહોતા કે સ્ત્રી, ઘરસંસાર કાંઈ છોડ્યું નહોતું, પણ જ્ઞાને કરીને વિરક્ત હતા અને એમ જાણતા કે આ બધું ખોટું છે, હું તો ભગવાનનો ભક્ત છું, મારા આત્માને વિષે પરમાત્મા રહેલા છે, એવી ભાવનાથી વ્યવહારમાં રહેલા હોય, તો એ પણ એક સંત જ કહેવાય. તો આપણા ઉપર ભગવાને ઘણી દયા કરી ઉત્તમ કુળમાં આ સત્સંગને મધ્યે જન્મ આપ્યો, તો જેવો છે એવો ભગવાનનો મહિમા સમજી અને દિન દિન પ્રત્યે ભગવાનની મૂર્તિમાં હેત થાય, એ જ આ મનુષ્ય જન્મનું કર્તવ્ય છે.

ગ.મ.પ્ર ના ૪૮ મા વચનામૃતનું વિવેચન

ગ.મ.પ્ર ના ૪૮ મા વચનામૃતમાં પણ મહારાજે સારી વાત કરી છે. એમાં પ્રેમાનંદ સ્વામી આદિક સંતો અને હરિભક્તો સભા કરીને મહારાજ આગળ બેઠા હતા, ત્યારે એક સંત પ્રેમાનંદ સ્વામી - પ્રેમાનંદ સ્વામી એટલે પ્રેમની જ મૂર્તિ. ભગવાનને વિષે એમને ખૂબજ પ્રેમ. પ્રેમાનંદ સ્વામીના જેટલા કીર્તનો છે, એ બધા જ ભગવાનની મૂર્તિના સંબંધવાળા છે. ભલે બ્રહ્માનંદ સ્વામીના, મુક્તાનંદ સ્વામીના કે બીજા સંતોના કીર્તન સર્વે સારાજ છે, પણ કોઈ જ્ઞાનના હોય, વૈરાગ્યના હોય, ઉપદેશના હોય, પણ આ પ્રેમાનંદ સ્વામીના કીર્તનો ભગવાનની મૂર્તિના છે. ત્યારે પ્રેમાનંદ સ્વામી મહારાજની મૂર્તિ પાસે આવી કીર્તન બોલ્યા.

"વંદુ સહજાનંદ રસરૂપ, અનુપમ સારને રે લોલ,
જેને ભજતા છૂટે ફંદ, કરે ભવ પારને રે લોલ"

વંદુ સહજાનંદ. સહજાનંદ એટલે જેમાં સહેજે સહેજે આનંદ રહેલો છે એવા સહજાનંદ સ્વામી આપણને મળી ગયા છે, એની હું વંદના કરૂં છું. જેને ભજતા છૂટે ફંદ, કરે ભવ પારને રે લોલ-એને ભજતા એટલે કે, એનું ભજન કરતા ભવ એટલે સંસારને પાર કરી ફંદ એટલે માયાના વિકારો. એ માયાના વિકારો વડે જ આપણે " પુનરપિ જનનં પુનરપિ મરણમ્" એ જન્મ મરણના ફેરા આપણે ભોગવ્યા જ કરીએ છીએ. કેટલાય ભોગ ભોગવી આવ્યા છીએ અને હજુ પણ આ જીવનો સ્વભાવ છે કે, આ લોકમાંથી રાગ ટળતા નથી. વળી આપણે થોડીવાર આ કથા વાર્તા કરીએ સંભારીએ ભગવાનનું ધ્યાન ભજન કરીએ, તો થોડીવાર આનંદ આવે, પણ વળી પાછું આ માયાનું આવરણ એવું છે કે એમાં લપટાઈ જઈએ. તો મહારાજ કહે એમાં લપટાવું નહીં. તો સ્વામી આ કીર્તન બોલ્યા એના ઉપર ભગવાન રાજી થયા હો ! અહોહો....! આવી રીતે જેને મારી મૂર્તિનું ચિંતવન થાય છે તેને ઉઠીને અમે દંડવત્ કરીએ હો ! આ સ્વામિનારાયણ ભગવાન પૂર્ણ પુરૂષોત્તમ સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ, જેના ભ્રૂકુટી વિલાસમાં અનંત કોટિ બ્રહ્માંડ ઉત્પન્ન થાય અને નાશ થાય, એવા ભગવાન પુરૂષોત્તમ નારાયણ એ પોતે એમ કહે છે કે, અમે ઉઠીને દંડવત્ કરીએ ! તો મહારાજે સંતોનો મહિમા શું સમજાવ્યો કે, આવી રીતે જેને ચિંતવન થાય છે એના મોટા ભાગ્ય છે.

મહારાજે એક વચનામૃતમાં એમ પણ કહ્યું કે, આવા જે મારા સંત હોય કે મારા ભક્ત હોય, એને અર્થે મારા આ દેહને કૃષ્ણાર્પણ કરી રાખ્યો છે. તો મહારાજે આવા સંતનો મહિમા કહ્યો. તો મહારાજ કહે જેને એવી રીતનું ચિંતવન થાય છે, એ પુરૂષે જેને ઘેર જન્મ લીધો એના મા-બાપ પણ કૃતાર્થ થયા જાણવા અને આવી રીતે ભગવાનનું જેને ચિંતવન થાય છે, તે આ ને આ દેહે બ્રહ્મમહોલને પામ્યો છે. સ્વામિનારાયણ ભગવાને એક ઠેકાણે વચનામૃતમાં કહ્યું કે, દેહ મૂકીને જે સુખને આપણે પામવું હતું તે દેહ છતાં જ મળ્યું છે. તો આવી રીતે ભગવાનનું ભજન કરે તો એને દેહ મૂકીને તો ભગવાન અક્ષરધામ આપે જ છે, પણ આવી રીતે ભગવાનને સંભારે તો અક્ષરધામનું સુખ ભગવાન અહીં જ આપે છે કેમ કે અક્ષરધામમાં શું છે, તો ભગવાન પોતે પુરૂષોત્તમ નારાયણ દિવ્ય સિંહાસન ઉપર બિરાજમાન અને ચારે બાજુ અનંત કોટિ મુક્તો ભગવાનની મૂર્તિનું સુખ લઈ રહ્યા છે. જેમ ચકોર પક્ષી ચંદ્રમા સામું જોઈ રહે, તેમ બધા ભક્તજનો ભગવાનની મૂર્તિ સામું એક નજરે જોઈ રહેલા છે.

મહારાજ કહે આવી રીતે ભગવાનનું ભજન કરે એને દેહ છતાં અક્ષરધામનું સુખ અહીયા જ મળે છે અને મહારાજ કહે કે, અમને પણ એમ થાય છે કે, અમને દેહ ધર્યાનું કોઈ નિમિત્ત નથી છતાં પણ દેહ ધર્યાનું કંઈ નિમિત્ત ઊભું કરી, સંતના મધ્યે જન્મ લેવો. ભગવાનને એવું કાંઈ હતું નહીં પણ ભગવાને એવું દેખાડ્યું કે, મારા જે આવા ભક્ત હોય કે સંત હોય એ મારૂં ભજન કરે છે એના ભેળો મારો નિવાસ છે અને પછી છેલ્લે બાકી કહ્યું કે, આવી રીતે ભગવાનનું ચિંતવન ન થઈ શકે તો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ભક્તિએ સહિત એવા જે સંત મારૂં અખંડ ભજન કરતા હોય, તેના ભેળા પડ્યા રહેવું. એક ઠેકાણે એમ લખ્યું કે "શૂળી ઉપર શયન કરાવે તોયે સાધુને સંગે રહીએ રે," શૂળી ઉપર શયન તો કોઈ સંત કરાવતા નથી કદાચ આપણા સ્વભાવ, પ્રકૃતિ કે વાસના હોય, તો એ ટાળવાના ઉપાય આપણને બતાવે. તો આવો મહિમા સમજ્યા હોઈએ તો સંતોના વેણ આપણને કઠણ પડે નહીં, નહીંતર મને આ સ્વામી વઢ્યા જ કરે છે. સ્વામીને કંઈ સ્વાર્થ છે નહીં પણ સંતોને તો એટલી જ ભાવના હોય કે જેમ તેમ કરીને આ જીવાત્માને, માયાના વિકારો ટળી જાય અને ભગવાનના સુખે સુખિયા થાય, એ જ એની ભાવના હોય. વળી એક ઠેકાણે એમ પણ લખ્યું કે, રોજ પાંચ-પાંચ ખાસડા મારે તોયે સાધુનો સંગ છોડવો નહીં. આપણને તો કોઈ ખાસડા મારતું નથી, પણ જરાક કંઈક આપણા

સ્વભાવ કે પ્રકૃતિ પર વાત કરે તો પણ આપણને જરાક માઠું લાગી જાય, તો એ પણ બરાબર કહેવાય નહીં.

તો વચનામૃતમાં એ જ વાત આવી કે ભગવાનના ભક્ત હોય, એણે ભગવાનની મૂર્તિનું આવી રીતે ચિંતવન કરી અને આ લોકના માયાના વિકારો ટાળી અને દિન દિન પ્રત્યે ભગવાનની મૂર્તિમાં હેત થાય અને દેહને અંતે ભગવાનની સેવામાં રહી જવાય, તો જ આપણો આ માનવજન્મનો ફેરો સફળ થયો કહેવાય. નહીંતર સ્વામીએ લખ્યું કે, કરોડો રૂપિયા કમાણા, ભાઈ ભાઈ કહેવાણા, શેઠ કહેવાણા, સાહેબ કહેવાણા કે અમો સ્વામી કહેવાઈએ, પણ જ્યાં સુધી આપણા સ્વભાવ, પ્રકૃતિ કે વાસના નથી ટળી તે આપણી ખામી કહેવાય. તો સાચે ભાવે સત્સંગ કરી, સંત સમાગમ કરી, આપણી જે કાંઈ કસર હોય એને ટાળી નાંખશું, તો ભગવાન આપણા ભેળા ભળી જરૂર આપણી કસર ટળાવી દેશે. તો આપણે બધાએ જરૂર કાળજી રાખવી.

નવ લાખ યોગીનું ચરિત્ર

આપણા બધાના મોટા ભાગ્ય છે કે, આપણને આવા સ્વામિનારાયણ ભગવાન, પૂર્ણ પુરૂષોત્તમ, અક્ષરધામના અધિપતિ એવા ભગવાન મળી ગયા છે હો ! આ દુનિયાની દરેક વસ્તુ મળે છે એ કાંઈ દુર્લભ નથી પણ આવા ભગવાન મળવા એ બહુ દુર્લભ છે. આગળ ઋષિ-મુનિઓ તપશ્ચર્યા કરતા.

"મોટા મુનિવર રે, એકાગ્ર કરી મનને,
જેને કાજે રે, સેવે જઈ વનને,
આસન સાધી રે, ધ્યાન ધરીને ધારે,
જેની ચેષ્ટા રે, સ્નેહ કરી સંભારે"

કેટલા ઋષિમુનિઓ ભગવાનને રાજી કરવા માટે વનમાં જઈ તપશ્ચર્યા કરતા. નવલખા પર્વત ઉપર નવલખા યોગીઓ તપશ્ચર્યા કરતા અને દરેક એવી ભાવના રાખે કે અમને ભગવાન જરૂર મળશે. કેમ કે નવ લાખ યોગીઓનો જન્મ ક્યારે હતો. એ તો શુકદેવજીની હારે હતો, શુકદેવજી બાર વર્ષ સુધી ગર્ભવાસમાં હતા. જન્મ લે નહીં, એના પિતા કહે તું જન્મ કેમ લેતો નથી ? માણસનો આઠ મહિના કે નવ મહિનાનો સમય ગર્ભવાસમાં રહેવાનો હોય

છે, પણ આતો ગર્ભવાસમાં રહ્યા પણ જન્મ લે નહીં. એક વખત વ્યાસજી ભગવાન પોતે ભગવાનની કથા એમના પત્નીને સંભળાવતા હતા ત્યાં એમને ઝોકું આવી ગયું. શુકદેવજીએ ગર્ભવાસમાં રહીને હુંકારો આપ્યો હરે પિતાજી ! ત્યારે વ્યાસજી ભગવાને કહ્યું તુ કોણ બોલે છે? ત્યારે કહ્યું કે હે પિતા, હું તમારો પુત્ર. ત્યારે વ્યાસજીએ કહયું તારી માતાને તું બાર વર્ષ થયા ગર્ભમાં રહી દુઃખ આપે છે? ત્યારે શુકદેવજી ગર્ભવાસમાં રહીને કહે છે હે પિતાજી, મારી માતાને પૂછો હું એક ફૂલની પાંખડી જેટલો ભાર પણ માતાને આપતો નથી. તો શુકદેવજીના પિતા પૂછે છે કે તું આ બાર વર્ષ થયા જન્મ કેમ લેતો નથી? શુકદેવજી કહે છે કે હું તો તમારી આ માયા થકી બીઉં છું.

"માયા, નગણી, ઠગણી, જાણો કેતા તો ન આવે પાર,
ચૌદલોકને ચાવી નાખે, એક પલક મોઝાર"

માયા, નગણી, ઠગણી એવા માયાના અનેક પ્રકાર લખ્યા છે. ચૌદલોકને એક પલક એટલે આંખનું એક મટકું મારીએ એટલીવારમાં ચાવી નાખે એટલું બધું આ માયાનું બળ છે. શુકદેવજી કહે હે પિતાજી, હું આ માયા થકી બીઉં છું. હું જન્મ લઉં અને આ માયામાં લપટાઈ જાઉં, તો પછી મારો મોક્ષ ક્યારે થાય. ત્યારે એના પિતા કહે તારે જન્મ તો લેવો જ જોઈએ. તો હું એ શરતે જન્મ લઉં કે તમે માયા ખેંચી લો તો. એટલે વ્યાસજીએ માયા ખેંચી લીધી. શુકદેવજીનો જન્મ થયો પણ જન્મતા વેત જ શુકદેવજી અવળા થઈ ગયા. એમને થયું કે જો હું સીધો જ રહીશ, તો આંખનું મટકું મારતા કલાક બે કલાક લાગે નહીં અને માયા મને વળગી જશે. આ મા-બાપની સગાસંબંધીની કંઈક માયા વીંટાઈ વળે, એટલે અવળા થઈ ગયા.

જ્યારે શુકદેવજીનો જન્મ થયો, તે વખતે આ દુનિયામાં માયાનો પ્રવેશ ન હતો, એટલે એ નવલાખ જીવો હતા, એ દરેક માયાને છોડી પર્વત પર ચાલ્યા ગયા હતા. તે નવલખો પર્વત કહેવાણો. આપણા શાસ્ત્રોમાં લખ્યું છે, ત્યાં કોઈ જઈ શકતું નથી અને હજુ સુધી કોઈ માણસના જોવામાં આવ્યો નથી.ભવિષ્યમાં જોવામાં આવે તો ભગવાનની ઈચ્છા. તો એ નવલખા પર્વત પર નવલાખ યોગીઓ ભગવાનને રાજી કરવા તપશ્ચર્યા કરતા કે, અમને ભગવાન જરૂર દર્શન આપશે, અમારો મોક્ષ ભગવાન જરૂર કરશે. એવી ભાવનાથી બધા ઋષિ-મુનિઓ તપશ્ચર્યા કરતા. ભગવાને એમની ભાવના જાણી.

મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, મહારાજ જ્યારે ભગવાન પૃથ્વી પર આવે ત્યારે જ આ જીવનું કલ્યાણ કરી શકે અને અક્ષરધામમાં બેઠા થકા આ જીવનું કલ્યાણ ન કરી શકે, તો ભગવાનને વિષે એટલું અસમર્થપણું કહેવાય. તો ભગવાનને અવતાર લેવાનો હેતુ શું છે ? એમ પૂછ્યું ત્યારે એના ઉત્તરમાં - ભગવાન અક્ષરધામમાં બેઠા થકા પણ સંકલ્પ કરે તો અનંત કોટિ જીવોને અક્ષરધામમાં લઈ જાય. પણ આ જીવને જો જ્ઞાન થયું ન હોય તો ત્યાં રહી શકે નહીં, તો એના ઉત્તરમાં કહ્યું કે ભગવાન પોતે પૃથ્વી ઉપર અવતાર લે છે તે અનેક જીવોના કલ્યાણ કરવા માટે અને પોતાના જે પ્રેમી ભક્ત હોય, એના જેવા મનોરથ હોય તે પુરા કરવા માટે ભગવાન આ પૃથ્વી પર અવતાર લે છે, એમ કારિયાણીના પાંચમાં વચનામૃતમાં પણ લખ્યું છે.

એટલે આ નવલખા પર્વત પર નવલાખ યોગીઓને ઈચ્છા હતી કે, અમને જરૂર પ્રત્યક્ષ ભગવાન મળશે. પોતે જપ, તપ, વ્રત કરતા હતા. એમની ભાવના શુદ્ધ હતી તો સ્વામિનારાયણ ભગવાન ફરતા ફરતા ત્યાં ગયા. આ ઋષિમુનિઓ ત્યાં તપશ્ચર્યા કરતા હતા. ભગવાન નીલકંઠવર્ણી રૂપે ત્યાં ગયા, એ જોઈ બધા ઋષિમુનિઓને આનંદ થઈ ગયો અહોહો! ઘણા સાધુ જોયા છે, ઘણા બાવા જોયા છે, ઘણા મહાત્મા જોયા છે પણ આ મહાત્માને જોઈને તો આપણને આનંદ થઈ જાય છે! આપણા ચિત્તની વૃત્તિ સ્થિર થઈ જાય છે. માટે આ તો કોઈક ઓલિયા પુરૂષ હોવા જોઈએ, કોઈ સારા મહાત્મા હોવા જોઈએ, કાં તો ભગવાન પોતે હોવા જોઈએ. એવી એમની ભાવના હતી. ભગવાને પોતે એમની દિવ્યમૂર્તિના દર્શન આપ્યા. જે હેતુથી આ તપશ્ચર્યા કરતા હતા તે હેતુ સિદ્ધ થયો, એટલે એમના અંતરમાં આનંદ થઈ ગયો અહોહો ! ! ! અમને ભગવાનના દર્શન થઈ ગયા ! આનંદના ફુવારા ઉડવા મંડ્યા અને ઠંડા ઠંડા શેરડા પડવા મંડયા હો ! ત્યારે બધાને એવી ઈચ્છા થઈ મારે તો ભગવાનને ભેટવું છે. ત્યારે ભગવાને નવ લાખ સ્વરુપ ધારણ કયા ને સર્વે ઋષિમુનિઓ ભેટયા.

કોઈ મોટા સંતો ગામડે ગયા હોય, એકબીજાને ભેટે એવો પહેલા રિવાજ હતો, પણ હવે ઓછો થઈ ગયો છે. સ્વામિનારાયણ ભગવાનના વખતમાં એવો રિવાજ હતો અને સંતોને મહારાજને વિષે પ્રેમ થઈ જાય તો એ પણ મળતા હો ! એક વખત મહારાજ મછીયાવ પાસે દહુકા ગામ છે ત્યાં પધાર્યા હતા. ગામની બહાર એક પ્રસાદીનું તળાવ હજુ પણ ત્યાં છે. તળાવના કિનારા પર મહારાજ પોતે બિરાજમાન થયા.ત્યાં સર્વે સંતોને ભેટયા હતા.

તો એ સંતો રાતે ધ્યાન કરીને સૂતા તો એમને સ્વપ્નમાં પણ ભગવાન દેખાણા. જંગલમાં ચણોઠી હતી. એ લાલ ચણોઠી લઈ તેના હાર કરી સંતો મહારાજને પહેરાવતા. એક કહે હું ભગવાનને ભેટ્યો, બીજો કહે મહારાજે મને છાતીમાં ચરણારવિંદ આપ્યા, કોઈ કહે કે મહારાજે મારા પર હાથ મૂક્યો. એમ એ સંતો ભગવાનની મૂર્તિને સંભારીને સૂતા. એમને સ્વપ્નમાં પણ એવા જ દર્શન થતા.

તો આપણે પણ સંતો કે હરિભક્તો, બધાએ ધામમાં તો જવાનું છે. ધામમાં કોઈ ત્યાગીની સભા નોખી છે અને હરિભક્તોની સભા નોખી છે એવું નથી. અક્ષરધામમાં મહારાજ પોતે અનંત કોટી મુક્તોની સભામાં દિવ્ય સિંહાસનને વિષે બિરાજમાન છે અને ચારે બાજુ સર્વે મુક્તો ભગવાનની મૂર્તિનું સુખ લઈ રહ્યા છે. ત્યારે આપણે પણ બધા ભગવાનના ભક્તો થયા છીએ, તો આવી રીતે ભગવાનને સંભારવાનો અભ્યાસ રાખીશું, તો આપણને પણ ભગવાન એવી રીતનું સુખ આપશે.

ગ.મ.પ્ર ના ૫૦ મા વચનામૃતનું વિવેચન

મધ્ય પ્રકરણના પચાસમા વચનામૃતમાં પણ મહારાજે બહુ સારી વાત કરી છે. ભગવાન પોતાના ભક્ત માટે કેટલી બધી મહેનત કરી ગયા, ઘણું બધું રાખી ગયા. આ સમાજમાં પ્રતિષ્ઠિત સદગૃહસ્થ હોય તો પોતાની ભાવિ પ્રજા માટે બંગલા બનાવી જાય, કોઈ આ લોકની રિદ્ધિ-સિદ્ધિ વસ્તુ દાગીના રાખી જાય. આ લોકના માણસો તો માયિક વસ્તુઓ રાખી જાય, પણ આ સ્વામિનારાયણ ભગવાન આપણા માટે અમાયિક અને દિવ્ય વસ્તુ રાખી ગયા છે. આ વચનામૃતમાં એવી સારી વાત કરી. ભગવાનને તો કાંઈ કરવાનું હતું જ નહીં, પોતે પોતાની મૂર્તિના સુખે સુખિયા જ હતા, પણ આ બધું આપણને શિખવાડ્યું. મહારાજ કહે આ બધું અમારું રહસ્ય છે, એ તમને કહીએ છીએ. રહસ્ય એટલે કે સારી વાત: જેમ નદીઓ સમુદ્રને વિષે લીન થઈ જાય છે, શૂરો રણને વિષે ટુક ટુક થઈ જાય છે, એમ એક રસ પરિપૂર્ણ એવું જે અક્ષરધામ એને વિષે અમારા આત્માને અખંડ જોડી રાખ્યો છે. નદી હોય, આ વરસાદ વરસે ને તે નદીઓમાં પુર આવે હો ! તે વહેતી હોય ત્યાં સુધી નદી દેખાય પણ સમુદ્રમાં જઈને ભળે ત્યારે નદી દેખાય નહીં. એ સમુદ્ર જ દેખાય અને એ શૂરો હોય તે રણને વિષે ટુક ટુક થઈ જાય હો !

મહારાજે મધ્ય પ્રકરણના ૨૨માં વચનામૃતમાં લખ્યું કે, જે ભગવાનના શૂરવીર ભક્ત હોય, બેય સામસામે નિશાન રોપ્યા હોય, દરેકના મનમાં એમ જ હોય કે, આપણું નિશાન લેવું અને સામાના નિશાનને પાડી નાખવું. એમ કરતા પોતાના શરીરનું ભાન ભૂલી જાય અને જીવવાની પણ આશા રાખે નહીં હો ! એવી રીતે મહારાજ કહે કે, આપણે પણ શૂરવીરપણું રાખવું. ભગવાન ભજવાને માટે એવી શૂરવીરતા રાખીએ, તો દઢતા જોઈને મદદ કરે મોરારી. આપણી આવી સાચી ભાવના ભગવાન ભજવામાં હોય અને આને આ દેહે કરીને, દેહને અંતે, મારે ભગવાનના અક્ષરધામમાં રહેવું છે, એવી એની ભાવના હોય, તો દઢતા જોઈને મદદ કરે મોરારી, એવી ભાવના હોય તો ભગવાન એને જરૂર મદદ કરે હો ! પણ કાયર થઈને એમ કહે કે, આપણાથી જેટલું ભગવાનનું ભજન થાય તેટલું કરીએ. કાંઈ આને આ દેહે બધી કસર થોડી ટળે ? આને આ દેહે કરીને કાંઈ મોક્ષ થાય છે ? તો મહારાજ કહે એને કાયરને ઠેકાણે જાણવો. અત્યારે આ લોકમાં આપણે હોઈએ તો ઉપરથી થોડીક વાસના જેવું જણાય. પુરૂષ ભક્ત હોય તેને સ્ત્રીમાં, પુત્રમાં, આ લોકમાં વ્યવહારમાં થોડીક વાસના જેવું જણાય, પણ એના અંતરમાં એવી ભાવના હોય કે આ ભગવાનની આજ્ઞાએ કરીને હું ભગવાનના ભક્તોની સેવા કરૂં છું, પણ હું તો આત્મા છું, ભગવાનનો ભક્ત છું. સ્વામીએ પણ લખ્યું કે -

"મેં હું આદિ અનાદિ, આ તો સર્વે ઉપાધિ
કોણ કુળ ને કોણ કુટુંબી, કોણ જ્ઞાત ને જાત
કોણ ભાઈ ને કોણ ભગિની, બ્રહ્મ હમારી જાત."

કોણ માતા કોણ પિતા કોણ ભાઈ કોણ ભગિની ? આ તો બધું મિથ્યા છે.

"લખચોર્યાસી આ કુટુંબ કર્યું
સર્વે સંગે આ બ્રહ્માંડ ભર્યું"

આપણે આથી અગાઉ ચોર્યાસી લાખ જન્મ ધરી આવ્યા છીએ તો એ સંબંધ અજ્ઞાને કરીને ટળી ગયા છે, એનો સંબંધ આ ટાણે આપણને કાંઈ યાદ આવતો નથી. તેમ મહારાજ કહે કે, આ દેહના સગાસંબંધીને જ્ઞાને કરીને ટાળી દેવા. સ્વામિનારાયણ ભગવાને પ્રથમ પ્રકરણના ૩૭માં વચનામૃતમાં

પણ લખ્યું કે, જ્યારે આપણે પોતાને આત્મા માનીએ ત્યારે આત્માને કોઈ નાત-જાત, સગા, સંબંધી છે નહીં. એક હું ભગવાનનો ભક્ત છું ને મારા આત્માને વિષે ભગવાન પુરૂષોત્તમનારાયણ અખંડ વિરાજમાન છે. આ વચનામૃતમાં પણ મહારાજે એ જ વાત કરી. પરિપૂર્ણ એવું જે અક્ષરબ્રહ્મ ભગવાનનું ધામ એને વિષે મેં મારા આત્માને જોડી રાખ્યો છે. ભગવાનનું દિવ્ય અક્ષરધામ એની સાથે આપણે આત્માને જોડી રાખવો.

શિક્ષાપત્રીના ૧૧૬માં શ્લોકમાં પણ લખ્યું કે "નિજાત્માનમ્ બ્રહ્મરૂપમ્ દેહત્રય વિલક્ષણમ્" પોતાના આત્માને વિષે ત્રણ દેહની ભાવના ટાળી અને ત્રણ દેહ થકી રહિત થઈ અને અક્ષર બ્રહ્મ એવું તેજોમય જે ભગવાનનું ધામ, એને વિષે આત્માને જોડી રાખવો. આ અક્ષરધામ છે તે જ હું છું. આ ભગવાનને રહેવાનું જે અક્ષરધામ, એ જ મારૂં સ્વરૂપ છે. એવી ભાવના રાખીને અક્ષરધામને વિષે ભગવાન પુરૂષોત્તમ નારાયણ દિવ્ય સિંહાસનને વિષે બિરાજમાન છે, એ ભગવાનની મૂર્તિનું મહારાજ કહે કે આપણે ધ્યાન કરીએ. ધ્યાનમાં પણ મોટા સંતોએ લખ્યું કે લોમ, અનુલોમ, અને પ્રતિલોમ. લોમ એટલે આપણે અહીં બેઠાં થકા અમદાવાદ, વડતાલ, ગઢડા, ભુજ આદિકની મૂર્તિનું સ્મરણ કરીએ એ મૂર્તિ આપણને દેખાય. ઘનશ્યામ મહારાજની, હરિકૃષ્ણ મહારાજની, કે નરનારાયણ દેવની મૂર્તિ જ્યાં જ્યાં મહારાજે પધરાવી હોય એના આપણે અહીં બેઠા થકા દર્શન કરીએ એ લોમ કહેવાય.

અનુલોમ એટલે આપણા પાસે આ ભગવાન બિરાજમાન થયેલા છે એ અનુલોમ કહેવાય.

પ્રતિલોમ એટલે આ લોક, દેહ, બ્રહ્માંડ કાંઈ દેખાય નહીં. મહારાજે પ્રથમ પ્રકરણના ૨૪માં વચનામૃતમાં પણ લખ્યું કે, જ્ઞાને કરીને સ્થિતિ થાય છે એને આ લોક કે પ્રકૃતિ કે પ્રકૃતિ પુરૂષનું કાર્ય કાંઈ પણ નજરમાં આવતું નથી પરંતુ માત્ર આત્મા, અને આત્માને વિષે રહેલા પરમાત્મા દેખાય છે. તો એમ મહારાજ કહે કે, આવી રીતે પ્રતિલોમ વૃત્તિ એટલે આ લોક દેહ, બ્રહ્માંડ કાંઈ દેખાય નહીં. આ દેહ બળી ગયો, બ્રહ્માંડનો પ્રલય થઈ ગયો એને પ્રતિલોમ કહેવાય. તો એવી રીતે આપણે જો અભ્યાસ કરીએ તો ન થાય એવું શું છે ?

અજ્ઞાનીમાં અજ્ઞાની કોણ?

મહારાજે વચનામૃતમાં લખ્યું છે કે, અજ્ઞાનીમાં અજ્ઞાની, ઘેલામાં ઘેલો,

મૂરખ માં મૂરખ અને નીચમાં નીચ કોણ છે ? તો મહારાજ કહે જે પોતાના સ્વરૂપને જોતો નથી, તે જ અજ્ઞાનીમાં અજ્ઞાની, ઘેલામાં ઘેલો, મૂરખમાં મૂરખ અને નીચમાં નીચ છે. તો મહારાજે આપણને વરદાન પણ આપી દીધું અને શ્રાપ પણ આપી દીધો. આવી રીતે અભ્યાસ કરે તો આત્મા પણ દેખાય અને ન કરે તો અજ્ઞાનીમાં અજ્ઞાની અને નીચમાં નીચ કહેવાય. શિક્ષાપત્રીમાં પણ એ જ લખ્યું કે, મારા જે ભક્ત હોય એ આ નિયમ પ્રમાણે વર્તે તો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારેય પુરૂષાર્થની સિદ્ધિને નિશ્ચે પામે છે અને એ પ્રમાણે નહીં વર્તે તો આ સત્સંગની બહાર છે અને વિમુખ છે. તો વરદાન અને શ્રાપ બન્ને આપી દીધા. આ વચનામૃતમાં પણ એજ વાત કરી છે કે, પોતાના આત્માને બ્રહ્મરૂપ માની અને મૂર્તિને જોવાનો અભ્યાસ કરે, એની સાથે જ અમારે બને છે, એની સાથે જ અમારે સુવાણ થાય. જેના અંતરમાં જગતના સુખની વાત હોય, તેના સાથે અમારે બને પણ નહીં. જો બને નહીં તો ભેળું કેમ રહેવાય ? આ લોકમાં ગૃહસ્થ લોક હોય, એના મા-બાપ હોય, ભાઈઓ કે સગા સંબંધીઓ હોય, તો એકબીજામાં હેત, સંપ રાખીને રહે તો બહુ આનંદ આવે અને એકબીજામાં ઝઘડા કરે તો એને ફાવે નહીં. મા-બાપ હોય કે દીકરા હોય તે નોખા થઈ જાય. મહારાજ કહે બને નહીં તો ભેળું કેમ રહેવાય ? મહારાજે બહુ સારી વાત કરી કે જેના અંતરમાં જગતના સુખની વાસના હોય, એની સાથે તો અમને બને પણ નહીં, તો આપણે પોતાના અંતરની તપાસ કરવી.

મહારાજે વચનામૃતમાં જણાવ્યું છે કે, સત્સંગ થયો ત્યારથી આપણે પોતાના અંગનું નામું કરવું. જેમ વેપારી વેપાર કરે કે આટલો વેપાર થયો, આ માણસ આટલું લઈ ગયો, આ માણસ આટલા પૈસા આપી ગયો, એમ એ દરરોજ નામું કરે તો ખબર પડે. જો એ નામું ન કરે તો વરસ દહાડો થાય ત્યારે સરવાળો મળે નહીં. મહારાજ કહે આપણે પોતાના અંતરની તપાસ કરવી કે, મારે જ્યારે સત્સંગ ન હતો, ત્યારે જગતની કેટલી વાસના હતી. હવે જ્યારે આ સત્સંગ કર્યો, સંત સમાગમ કર્યો, તો કરતા કરતા ભગવાનની મૂર્તિમાં આટલું હેત થયું, આટલી આ જગતની વાસના ટળી. એમ આપણે પણ પોતાના અંતરનો સરવાળો કરી, નામું કરી, પોતાના અંતર સામું જોઈ અને જે કંઈ કસર હોય એ આપણે ટાળીએ, તો જ આપણા પર ભગવાન રાજી થાય.

મહારાજે આમાં કહ્યું કે, અમારે તો આ જગતના કોઈ પદાર્થમાં હેત

નથી. તો મહારાજને તો કાંઈ કરવું હતું નહીં. એ પોતે પોતાની દિવ્યમૂર્તિને સુખે સુખિયા જ હતા અને એને તો આ પદાર્થમાં ક્યાંય મોહ હતો નહીં, પણ આપણને શિખવાડ્યું કે આપણે બધા આવા ભગવાનના ભક્ત થયા છીએ અને બધાને એવી ઈચ્છા છે. જેમ આ લોકમાં રાજા હોય કે શેઠ હોય કે મોટો ઓફિસર હોય, કોલેજ હોય કે ફેક્ટરી હોય, એમાં દરેક પ્રકારના માણસો કામ કરતા હોય, પણ દરેકને એમ ઈચ્છા હોય કે મારે આગળ વધવું. પટાવાળો હોય એને એમ થાય કે મારે કલાર્ક થાવું, કલાર્ક હોય એને એમ થાય કે મારે ઓફિસર થાવું. એમ આ લોકમાં દરેકને એ રીતે આગળ વધવાનો મોહ હોય છે. દુનિયાના મોહ તો દરેકને હોય છે પણ આપણે ક્યાં મોહ રાખવો કે મારે તો ભગવાનના ભજન ભક્તિ કરી, આ લોકના મોહ-માયા, વિષયના રાગ ટાળી અને દેહ છતાં જ મારે ભગવાનની દિવ્યમૂર્તિનું સુખ લઈ અને દેહને અંતે અક્ષરધામમાં ભગવાનની દિવ્ય સેવામાં રહેવું છે. તો એમ ભાવના રાખી ભગવાનનું જેટલું બને તેટલું વિશેષ ભજન કરશું, તો ભગવાન આપણા પર જરૂર દયા કરશે. ભગવાન તો એવા દયાળુ છે કે મહારાજ કહે જો મારા માટે થોડુંકે કરશે તો હું ઘણું માનીશ. તો એવા દયાળુ ભગવાન આપણને સૌને મળ્યા છે, એ આપણા સૌના મોટા ભાગ્ય છે.

મોટા સંતો એમ કહેતા કે, બબ્બે ઘડી વૃત્તિ પાછી વાળી, પોતાના હૃદયમાં જોયા કરવું કે, મારે ભગવાનની મૂર્તિમાં કેટલું હેત થયું છે, આ લોકની વાસના કેટલી ટળી છે. એમ પોતાના હૃદયમાં જોઈ, કંઈ આપણી ખામી હોય, એ વિચાર કરીને ટાળવી. વળી વચનામૃતમાં પણ લખ્યું અને મોટા સંતોએ પણ લખ્યું કે, પોતાની ખામી પોતાના મેળે ટળતી ન હોય અને લોયાના પાંચમાં વચનામૃતમાં પણ લખ્યું કે, કંઈ કસર હોય અને ટળતી ન હોય, તો મહારાજ કહે ધર્મ, જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય સહિત એવા ભગવાનના જે મોટા એકાંતિક સંત હોય, તેની પાસે જઈને વાત કરે કે મારી આટલી કસર ટળતી નથી, તો સંતો આપણા પર દયા કરીને ઉપાય બતાવે, તો પણ ટળી જાય અને કદાચ એવો સત્સંગનો યોગ ન હોય, તો વચનામૃતમાં એમ પણ લખ્યું છે કે, ભગવાનની આપણે પ્રાર્થના કરીએ તો એ પણ લોઢાનો ગોળો ઝાલ્યા જેવું છે. પહેલાંના વખતમાં માણસો કાંઈ ગુનો કરતા તો એ લોઢાનો તપાવેલો ગોળો પકડતા, તો મહારાજ કહે એ આજે ગોળો પકડવાની જરૂર નથી, પણ ભગવાનની પ્રાર્થના કરવી હે મહારાજ, હે દયાળુ, હે કૃપાનાથ, આ મારી કામ, ક્રોધ, લોભ, માન, આદિક જે કાંઈ વાસના છે, તે મારા પર

દયા કરી જરૂર ટળાવજો. તો આપણી એ ભાવના જો સાચી હોય તો જરૂર એ વાસના ટળાવી દેશે અને પોતાની દિવ્ય મૂર્તિનું સુખ આપશે. એવા દયાળુ ભગવાન આપણને મળ્યા છે તે આપણા મોટા ભાગ્ય છે. તો આપણે જેટલું બને તેટલું ભગવાનનું કીર્તન, માળા, ધ્યાન, ભજન ખટકો રાખીને કરશું, તો મહારાજ એવા દયાળુ છે, આપણી કસરો ટળાવી, પોતાની દિવ્ય મૂર્તિનું સુખ આપશે, માટે આપણે કાળજી રાખવી.

આપણા સૌના અહોભાગ્ય છે. આપણા આગલા જન્મના કાંઈક મોટા પુણ્ય હશે ત્યારે આપણને આવો સત્સંગ મળ્યો છે, પણ આપણને એવું અહો અહોપણું આઠે પ્રહર રહેતું નથી. બ્રહ્માનંદ સ્વામીએ લખ્યું કે, " બ્રહ્માનંદના વ્હાલા તમ સંગ રમતા મારે દા'ડી દા'ડી તે દિવાળી." વળી એક મહાત્માએ લખ્યું - "આઠે પ્રહર મારા અંતરમાં વસી મૂર્તિ." મારા અંતરમાં મૂર્તિ વસી ગઈ છે, એણે કરીને મારા અંતરમાં આનંદ વર્ત્યા કરે છે. આપણા શાસ્ત્રમાં મોટા મોટા હરિભક્તોની, મોટા મોટા સંતોની વાતો સાંભળીએ ત્યારે આપણને એવો આનંદ આવે છે કે, આવા વડીલો, સંતો આપણા સંપ્રદાયમાં થઈ ગયા, આવા સદ્‌ગૃહસ્થો ભગવાનના સુખે સુખિયા થઈ ગયા, તો એની રીતને જાળવવી.

નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું કે, મોટા મોટા સંતો હરિભક્તો જેવી રીતે વર્તી ગયા અને વ્યાવહારિક કાર્ય પણ ગૃહસ્થ લોકો કરતા અને આ સંતો પણ મંદિરની સેવા કરતા જ હતા. એ વખતે આવા મંદિરો કરવા કે આવી સત્સંગની પ્રવૃત્તિ કરવી, એમાં સંતોને પણ ઘણી તકલીફ પડતી હતી. ત્યારે એ તકલીફમાં પણ મોટા મોટા સંતો, હરિભક્તો એવી તકલીફો સહન કરી ભગવાનની મૂર્તિ સંભારતા હતા. તો એ બધા આવી રીતે ભગવાનને સંભારી અને આ લોકના રાગ બધા ટાળી અને માયા માથે પગ દઈ અને ભગવાનને સુખે સુખિયા થઈ અક્ષરધામમાં ભગવાનની દિવ્યમૂર્તિના સુખે સુખિયા થઈ ગયા છે. આપણે પણ એક દિવસ આ દુનિયામાંથી જરુર જવાનું છે, માટે ભગવાનની મૂર્તિ સંભારતા સંભારતા વ્યવહાર કે મંદિર સંબધી સત્સંગની પ્રવૃત્તિ કરવી.

યે દિન ભી જાયેગા

શ્રીકૃષ્ણ પરમાત્માની વાત લખી છે કે, શ્રીકૃષ્ણ પરમાત્મા જ્યારે આ પૃથ્વી પર મનુષ્ય આકારે વિચરતા હતા, ત્યારે શ્રીકૃષ્ણ પરમાત્માના

ફઈયાઈ(ફોઈના દીકરા) ભાઈઓ પાંચ પાંડવો થતા હતા. પાંચ પાંડવોમાં યુધિષ્ઠિર રાજા બહુ સત્યવાદી હતા. આમ તો પાંચેય પાંડવો બહુ સારા જ હતા પણ યુધિષ્ઠિર રાજા સત્યવાદી હતા. યુધિષ્ઠિર રાજાને જ્યારે ગાદી અભિષેક કરવાનો આરંભ કર્યો. આ લોકમાં પરંપરાએ ચાલ્યું આવે છે એટલે યુધિષ્ઠિર રાજાને તે વખતે ગાદી અભિષેક કરવાનો આરંભ થયો. એને ગાદી અભિષેક કર્યા ત્યારે ઘણા માણસો તેમને અભિનંદન દેવા આવે. કોઈ હાર પહેરાવે, કોઈ કાંઈ ભેટ આપે, ત્યારે શ્રીકૃષ્ણ પરમાત્મા પણ મનુષ્યાકારે આ પૃથ્વી પર વિચરતા હતા. એમણે વિચાર કર્યો કે ભલે મારા ભાઈ થાય, પણ આ દુનિયાની ફરજ તો બજાવવી જોઈએ. કેમ કે જ્યારે સ્વામિનારાયણ ભગવાન પણ આ પૃથ્વી ઉપર મનુષ્યાકારે વિચરતા હતા, ત્યારે એ પણ દરેક વ્યાવહારિક કાર્યની ફરજ બજાવતા હતા અને એ વ્યાવહારિક કાર્ય કરે તો જ બરાબર કહેવાય. પેટનું, શેઠનું અને ઠેઠનું એ ત્રણેય કાર્યો કરે તેને જ ડાહ્યો કહેવાય. પેટનું એટલે આ દેહના નિર્વાહ માટે નોકરી કરવી પડે, વેપાર કરવો પડે, ખેતી કરવી પડે કે બીજો કાંઈ પણ ઉદ્યમ કરવો પડે એ પેટનું કર્યું કહેવાય. શેઠનું એટલે શેઠ એટલે આ લોકમાં સાહેબ હોય, એ પણ શેઠ કહેવાય પણ આ સંસારરૂપી પણ એક શેઠ છે, સંસારની ફરજ પણ બજાવે. વ્યાવહારિક કાર્ય એ પણ ભગવાનની આજ્ઞા છે.

" સંસારમાં સરસો રહે, મન મારી પાસ
સંસાર જેને લોપે નહીં, તેને જાણું મારો દાસ"

સંસારમાં જે રહેલા હોય, એ સરસો રહે એટલે વ્યાવહારિક જે કાર્ય પોતાની ફરજો હોય એ બરાબર ફરજ બજાવે. મન મારે પાસ. સંસાર જેને લોપે નહીં, પાણીમાં જેમ કમળ હોય છે તો વરસાદનો દિવસ હોય, ત્યારે પાણીમાં, મોટા મોટા ડેમના પાણીમાં કમળ હોય, તે કલાકમાં પાંચ ફૂટ પાણી ઊંચું ચડી જાય, તો કમળ પણ પાણીમાં પાંચ ફૂટ ઊંચું ચડી જાય, પણ એ કમળ પાણીમાં બૂડતું નથી. મોટા સંતો કહેતા કે સંસારમાં રહેવું તો પાણીમાં કમળની પેઠે રહેવું. જેમ કમળ છે એ પાણીમાં રહે છે તો પણ પાણી તેને અડતું નથી, તેમ સંસારમાં રહીએ તો ધન, સ્ત્રી, પુત્ર બધું જ હોય, પણ આપણે એમ માનવું કે આમાનું મારું કાંઈ નથી. આ બધું ભગવાનનું છે. હું ભગવાનનો ભક્ત છું અને ભગવાને મને આ

ફરજ સોંપી છે. પણ મારું આમાં કાંઈ છે નહીં. આપણે જ્યારે સત્સંગમાં આવીએ ત્યારે આચાર્ય મહારાજ કે સંતો વર્તમાન ધરાવે છે, ત્યારે એ જ સંકલ્પ કરે છે કે...

કાળ માયા પામકર્મ યમદૂતભયાદહમ્ ।
શ્રીકૃષ્ણ દેવ શરણં પ્રપન્નોઽસ્મિ સ પાતુમામ્ ॥

તન મન ધન હે ભગવાન! આ તમારા ચરણોમાં મૂકી દઉં છું. હે ભગવાન! હું કાળથી, માયાથી અને યમના દૂતથી બહુ બીઉં છું, એ પણ તમને અર્પણ કરું છું. એ થકી મારી રક્ષા કરજો અને તન, મન, અને ધન હે મહારાજ ! અનેક જન્મોના કર્મ હું તમને અર્પણ કરું છું, એવી ભાવના રાખે, ત્યારે સંતો તેને કંઠી પહેરાવે કે આચાર્ય મહારાજ પહેરાવે ને સત્સંગી બનાવે. ત્યારે આપણે તે વખતે તો તન, મન અને ધન તો મહારાજને અર્પણ કરી જ દઈએ છીએ હો ! પણ આપણે એ સંકલ્પ કરી નાંખીએ, સંતો કરાવી દે. પણ એ આપણે સાચું કરીએ છીએ કે ખોટું કરીએ છીએ ? પછી તન આપણું રાખીએ, મન આપણું રાખીએ અને ધન પણ આપણું રાખીએ, અનેક જન્મના કર્મ તમે લેજો. તો એ શરીર ભગવાનને અર્પણ કર્યું કે'વાય ? શાસ્ત્રમાં જે પ્રમાણે ભગવાને આજ્ઞા કરી, ત્યાગી અને ગૃહસ્થને, એ પ્રમાણે જો વર્તે તો તન ભગવાનને અર્પણ કર્યું કહેવાય. મને કરીને ભગવાનનું જ મનન કરવું. બીજા કોઈ વિચાર ન કરવા. તો સ્વામી ! અમારે શું વ્યાવહારિક કામકાજ ન કરવું ! એ તો કરવું જ પડે. વેપારી હોય તેને આ માલ લીધો છે, લેવાનો છે, વેચવાનો છે એના સંકલ્પ તો કરવા જ પડે ને ? કે ન થાય ? કે નોકરી કરતાં હોઈએ ને સાહેબ કહે કે, આ કામ કરી આપો તો કરવું જ પડે ને ? જે યોગ્ય હોય તે કામ કરવામાં કાંઈ બાધ નથી. આ તો મનનો સ્વભાવ જ એવો છે કે ક્ષણમાત્ર પણ મન સંકલ્પ કર્યા વિના રહેતું નથી. તો જે યોગ્ય હોય તે કરવું જ જોઈએ તન, મન ને ધન. ધન અર્પણ કર્યું ક્યારે કહેવાય ? કે વ્યવહારમાં રહેલા હોય તેને ભગવાને આજ્ઞા કરી કે દશમો કે વીસમો ભાગ ભગવાનને અર્પણ કરવો અને એ ભગવાનને અર્પણ થઈ ગયા બાદ જે કાંઈ ધન હોય એ પોતાનું કહેવાય, તો એવી રીતે જો ભગવાનને અર્પણ કર્યું હોય, તો ભગવાન અનેક જન્મના કર્મ લે અને એ રીતે જો આપણે ન કરીએ, તો એટલી આપણી ખામી કહેવાય.

શ્રીકૃષ્ણ પરમાત્માએ પણ વિચાર કર્યો કે, મારે પણ યુધિષ્ઠિર રાજાને કાંઈક ભેટ આપવા જવી છે. એમણે એક નાનકડી, વીંટી બનાવી ! તેમાં મીનાથી અક્ષર લખ્યા. "યે દિન ભી જાએગા" એમ લખ્યું. એટલે વીટી લઈ યુધિષ્ઠિર રાજાને અર્પણ કરી. યુધિષ્ઠિર રાજા તો બહુ જ સત્યવાદી હતા. વીંટી જોઈને બહુ રાજી થયા. અહોહો...! આ વીંટી બહુ જ સારી છે હો ! ત્યારે બીજા શેઠો કે સાહેબો - જેમણે એ વીંટી કરતા બીજા સારા ઈનામો આપ્યા હતા એમના મનમાં વિચાર થઈ આવ્યો કે, આપણે એમ જાણતા હતા કે આ યુધિષ્ઠિર રાજા બહુ જ સત્યવાદી છે, પણ એ તો ખોટું છે. આજે એમણે પણ પોતાના ભાઈનો પક્ષ રાખ્યો.

શ્રીકૃષ્ણએ વીંટી આપી તો તેના વખાણ કર્યા, પણ આપણે આટલી સારી વસ્તુઓ આપી તો પણ તેના વિષે કાંઈ બોલ્યા નહીં. ત્યારે યુધિષ્ઠિર રાજા તો ભગવાનની કૃપાએ કરીને ભગવાનનું એવું ભજન કરતા હતા. ભગવાનના નિયમોનું એવું પાલન કરતા હતા. સત્યને બળે ત્રિકાળજ્ઞાની હતા એટલે જાણ્યું કે આ માણસોના મનમાં આવો વિચાર થયો છે, એવું જાણી ગયા એટલે યુધિષ્ઠિર રાજા સભામાં બોલ્યા, હે ભાઈઓ, હે શેઠો, હે સાહેબો ! તમે ભલે આવો વિચાર કરો, પણ મેં આ વીંટીની પ્રસંશા નથી કરી, વીંટી તો નાનકડી છે પણ મેં તો એમાં કિંમતી અક્ષર છે તેની પ્રસંશા કરી છે. શું કિંમતી અક્ષર છે ? વખાણ તો બધા કરે છે પણ આ વીંટી મને શું કહે છે ? કે હે રાજન ! તું ભલે આજે ગાદીએ બેસ, પણ તારે આ દુનિયામાંથી જવાનું થશે, આ લોકમાંથી જવાનું થશે, એટલે મને આ ચેતાવે છે આ પણ કાયમ રહેશે નહીં. મોટા સંતો કહેતા કે ગામડામાં વરસાદ ઓછો પડે ને ત્યારે ચોકિયાતો આખી રાત ગામમાં ફરતા અને બધાને ચેતાવતા કે જાગતા રહેજો, નહીંતર ચોર ચોરી જાશે. તેમ યુધિષ્ઠિર રાજા કહે આ વીંટી નાની પણ મને ચેતવણી આપે છે, તું ભલે રાજય કરજે પણ એમાં મોહ ન પામજે. એટલે તમે બધા ભલે ગૃહસ્થાશ્રમમાં રહો, વ્યાવહારિક કાર્ય તો જેને જેટલું યોગ્ય હોય તેટલું તો કરવું જ જોઈએ પણ મનમાં એમ જાણીએ કે આ સર્વે જૂઠું છે.

"સર્વે જૂઠું રે, સર્વે જૂઠું રે, મેં મારી નજરમાં દીઠું રે"

કચ્છમાં એક રામપર ગામ છે, ત્યાં એક મોટા ભાવિક ભક્ત થઈ ગયા. તેમનું ધનબાઈ નામ હતું. તે ભગવાનની મૂર્તિનું અખંડ ધ્યાન કરતા. એમ કરતા કરતા એમને ભગવાનનો સાક્ષાત્કાર થઈ ગયો. એ બાઈ ત્રિકાળજ્ઞાની થઈ ગયા. આ બાઈ બહુ સારા હતા. આ બાઈના ભાઈના દીકરા ભત્રીજા,

તેમનું વિશ્રામભાઈ નામ હતું. એ પણ આ બાઈનો છેટેથી સમાગમ કરે, વાતુ સાંભળે અને એમ કરતા એ ભાઈ પણ એકાંતિક ભક્ત થઈ ગયા.

એક વખત પોતે ત્યાં ખેતર વાવેલું. ત્યાં ડાંગર ને એવા બધા અનાજ પાકેલા, જાર, બાજરી વાવેલી. તેની પાંચ સાત કાલર ખડકેલી. એ શા માટે કે કોઈ નબળું વરસ આવે તો તેમાંથી પશુને ખવડાવે. અચાનક ક્યાંકથી લાય લાગી તે બધુંય બળી ગયું. સર્વે જૂઠું રે સર્વે જૂઠું રે મેં મારી નજરે દીઠું રે. એક તો દુષ્કાળનું વરસ હતું અને પાંચ-સાત ઘાસના કાલરા બળી ગયા. માણસોને તો આ દુનિયામાં લાભ થાય તો આનંદ થઈ આવે અને નુકશાન થાય તો શોક થઈ આવે. પણ આને તો એવો કોઈ ક્ષોભ ન થયો. કચ્છમાં એક સંત હતા, એમણે ગામે ગામ ફરીને સત્સંગનો ફેલાવો કરેલો. તેમને આ વાતની ખબર પડી એટલે વિશ્રામભાઈને મળવા ગયા. ભગવાનના દર્શન કરીને સ્વામી બેઠા અને કહ્યું કે વિશ્રામભાઈને બોલાવો. વિશ્રામભાઈ આવ્યા. સ્વામીએ કહ્યું કે વિશ્રામભાઈ, આ બધું બળી ગયું તે ખોટું થયું. વિશ્રામભાઈ કહે સ્વામી, આ દુનિયા જ ખોટી છે, માટે તમે એ વાત કરો તે ઠીક ન કહેવાય. તમે મને ભગવાનની વાતો કરો. સંસાર તો નાશવંત છે, દુઃખરૂપ છે. આ બધું ખોટું હતું એટલે તો બળી ગયું ને, સર્વે જૂઠું રે, સર્વે જૂઠું રે, મેં મારી નજરે દીઠું રે. સંસાર તો સુખ દુઃખનો દરિયો છે. એમાં કંઈક જાતના મોજાં આવે, પણ આપણે જ્ઞાને કરીને સુખિયા રહીએ અને આ લોકમાં કોઈ મોહ ના પામીએ.

ગ.મ.પ્ર ના ૫૪ મા વચનામૃતનું વિવેચન

આળસ, પ્રમાદ, મોહનો ત્યાગ કરી દિન દિન પ્રત્યે ભગવાનની મૂર્તિમાં હેત થાય અને આ લોકના રાગ નિર્મૂળ થઈ જાય અને દેહને અંતે ભગવાનની સેવામાં રહી જવાય એ જ સાચે ભાવે સત્સંગ કર્યાનું ફળ કહેવાય. ગ.મ.પ્ર ના ૫૪ મા વચનામૃતમાં પણ મહારાજે એ જ વાત કરી કે યમ, નિયમ, આસન, પ્રાણાયામ પ્રત્યાહાર, ધ્યાન, ધારણા અને સમાધિ એ આદિક અષ્ટાંગ યોગે કે બીજા સાધનોએ કરીને હું જેવો વશ થાઉં છું, તેથી અધિક સત્સંગે કરીને વશ થાઉં છું, તેવો બીજા કોઈપણ સાધને કરીને વશ થાતો નથી.

આપણે બધા તો સત્સંગ કરીએ જ છીએ તો આપણને બધાને ભગવાન વશ થઈ જાય છે કે નથી થતા ? આપણને વિચાર તો કરવો પડે ને કે ભગવાન આપણને કેટલા વશ થઈ જાય છે.

મહારાજે વચનામૃતમાં પણ લખ્યું કે, જેવા મને મારા ભક્તો વ્હાલા છે તેવું મનેકંઈ પણ વ્હાલું નથી.મારા ભક્તને અર્થે મારો દેહ પણ કૃષ્ણાર્પણ કરી રાખેલો છે. કૃષ્ણાર્પણ એટલે શું ? કે આપણે ગાય, ભેંસ કે એવું કંઈક દાન કરીએ તો તેના પર આપણો હકક રહે નહીં. એમ ભગવાન કહે, મેં તો મારા ભક્તને અર્થે મારો દેહ પણ કૃષ્ણાર્પણ કરી દીધો છે. મને મારા ભક્ત જેવા વ્હાલા છે તેવું બીજું કાંઈ વ્હાલું નથી.

તો આપણે એવા ભક્ત થઈએ તો કામ થઈ જાય.આપણે બધા સત્સંગ તો કરીએ છીએ, પૂજાપાઠ કરીએ છીએ, કથાવાર્તા કરીએ છીએ એટલે આપણે બધા સત્સંગ તો કરીએ જ છીએ, પણ સત્સંગ કર્યો કેને કહેવાય ? કે સત એવો જે આત્મા, સત એવા જે પરમાત્મા, સત્પુરૂષ અને સત્શાસ્ત્ર આ ચારનો જે સંગ કરે તેને સત્સંગ કર્યો કહેવાય. સત એટલે સત એવો જે આત્મા. હું આ ગામનો છું. હું આ નામનો છું. એ બધું આપણે દઢ થઈ જાય છે, પણ હું આત્મા છું, ભગવાનનો ભક્ત છું, મારૂં ગામ અક્ષરધામ છે. મારા સાચા સગા ભગવાન અને ભગવાનના મુક્તો છે. મારૂં મૂળ ગામ તો અક્ષરધામ છે. આપણે એવું માની લીધું છે ને કે મુંબઈ મારૂં ગામ છે કે અમદાવાદ મારૂં ગામ છે કે ગાંધીનગર મારૂં ગામ છે. આપણે મૂળ વતન તેને માની લઈએ છીએ પણ આપણા આત્માના મૂળ વતનનું ગામ કયું છે ? આત્માના મૂળ વતનનું ગામ અક્ષરધામ છે. આત્માના ખરા સગા કોણ છે ? ભગવાન છે અને ભગવાનના મુક્તો છે. ભગવાન અને ભગવાનના સંતો એ જ આ જીવાત્માના સાચા સગા છે. જેવી આત્મબુદ્ધિ આ દેહને વિષે અને દેહના સગાઓને વિષે છે એવી આત્મબુદ્ધિ ભગવાનને વિષે તથા ભગવાનના સંતોને વિષે થાય તો જ એ ખરો સત્સંગી કહેવાય. ત્યાં મહારાજે દૃષ્ટાંત આપ્યું. જો એવી રીતે ન હોય તો એ ગધેડા જેવો કે બળદ જેવો કહેવાય. સત્સંગ વિષે જેને આત્મબુદ્ધિ ન હોય એને ગધેડા જેવો કે બળદ જેવો કહ્યો છે. આપણને કોઈ ગધેડા જેવો કે બળદ જેવો કહે તો શું થાય ? આપણને માઠું લાગી જાય.

આ તો મહારાજ આપણને કહે છે કે, જેને ભગવાનને વિષે તથા ભગવાનના સંતોને વિષે એવો પ્રેમ ન થાય, એને ગધેડા કે બળદ જેવો જાણવો. તો આપણે પણ ગધેડા કે બળદ જેવું ન થવાય અને ભગવાન અને ભગવાનના સંતો વિષે પ્રેમ થઈ જાય તો જ આપણે સાચો સત્સંગ કર્યો કહેવાય.

વસિષ્ઠ ઋષિ અને વિશ્વામિત્ર મુનિની વાત લખી. એકે હજારો વર્ષ તપશ્ચર્યા કરી અને એકે લવમાત્ર સત્સંગ કર્યો, તો તપશ્ચર્યા કરતા એ સત્સંગ

વધી ગયો. તો આપણે પણ સાચે ભાવે સત્સંગ કરી, આપણી જે કંઈ ખામી હોય, તે ટાળી અને ભગવાનની મૂર્તિમાં દિનદિન પ્રત્યે હેત થાય અને દેહને અંતે ભગવાનના ધામમાં ભગવાનની સેવામાં રહી જવાય. તો જ આપણે સત્સંગ કર્યો કહેવાય.

સાચા સંતોનું જીવન પરોપકારી હોય છે

એક મહાત્માએ વાત લખી છે. એક મહાત્મા એક ગામમાં ગયા. સંતનો તો એ ધર્મ છે કે "સર્વ જીવ હિતાવહ" સર્વે જીવનું હિત કરવું. આનું હિત કરવું કે આનું હિત ન કરવું એવું સંતને હોય નહીં.

" સરોવર તરૂવર સંતજન અને ચોથા વરસે મેહ
પરમારથને કારણે ચારે ધર્યા દેહ "

સરોવર એટલે તળાવ, મોટા ડેમ એ તળાવ હોય તેમાં માણસ પાણી પીવા જાય, કપડાં ધોવા જાય, નહાય કે મોટા મોટા ડેમમાંથી પાણી લઈને ઝાડને પાય, મોલને પાય એટલે સરોવર સંગ્રહ કરે છે, એ બીજાને માટે. તરૂવર એટલે વૃક્ષ, ઝાડ કાપે એને પણ છાંયો આપે અને સંતજનનો પણ એ જ ધર્મ છે કે, જગતના જીવો તાડન તિરસ્કાર કરે છતાં તેમનું કલ્યાણ કરવું. આ જીવાત્માને વિષે અનાદિકાળથી માયાના વિકારો પેસી ગયા છે. તે માયાના વિકારો વડે જે આપણે ચોર્યાસી લાખ જન્મ ભોગવી આવ્યા છીએ અને હવે આપણને ચોર્યાસી લાખ જન્મ ભોગવવા ન પડે અને આને આ દેહે કરીને આપણી ખામી ભાંગી જાય, તો જ આપણે સત્સંગ કર્યો કહેવાય.

સંતો તો એ જ કહે છે કે ભાઈ, ધર્મ કરો, ધ્યાન કરો, સત્સંગ કરો. આ લોકમાંથી માયા ટાળો. સંતો આપણને પોકારી પોકારીને એજ કહે છે. ત્યારે સંતોને આ દુનિયાનો કોઈ સ્વાર્થ હોતો નથી. અમને સાધુને તો બે લૂગડાં જોઈએ અને બે રોટલી જોઈએ એટલું અમને ભગવાન આપી દે છે. ભગવાન આખી દુનિયાને એટલું આપી દે છે તો અમને નહીં આપે ? સંતો તો અનેક જીવના કલ્યાણ માટે આવો દાખડો કરે.

સ્વામિનારાયણ ભગવાને પણ સંતોને આજ્ઞા કરી કે જાવ આખા દિવસમાં કોઈ એકને વર્તમાન ધરાવી પછી તમારે જમવું. ત્યારે સત્સંગ એટલો હતો નહીં. આ સ્વામિનારાયણના મુંડીયા આવ્યા છે તેને બહાર કાઢો. તે વખતે તો

ભૂખ, દુઃખ ને માર, અત્યારે તો એવું છે નહીં. અમે તો એ બધા વડીલોનું પુણ્ય ખાઈએ છીએ. જમવાનું મળે નહીં, પગે ચાલીને જવું પડતું, એવા ઘણા દુઃખો સહન કરીને સંતોએ આ સત્સંગ ચલાવ્યો છે. છતાં પણ મહારાજે સંતોને આજ્ઞા કરી કે આખા દિવસમાં તમારે એક જીવને વર્તમાન ધરાવીને પછી જમવું. સંતો કહે મહારાજ, એમ જ કહો ને કે ઉપવાસ કરજો. અમે ગામમાં જઈએ ત્યાં માણસો પથરા મારે છે, ત્યાં વર્તમાન ક્યાં ધરાવીએ ? સ્વામિનારાયણ ભગવાને કહ્યું કે તમે દાખડો કરો તો ખરા. એટલી બધી તકલીફોમાં સંતોએ આ સત્સંગ ચલાવ્યો છે.

એક વાત લખી છે સંત રામદાસની. સ્વામિનારાયણ ભગવાનના વખતમાં રામદાસ કરીને એક સાધુ હતા. એક ખેડૂત ખેતી કરતા હતા ત્યાં તે સંત ગયા અને કહ્યું કે હે ભાઈ, તમે ભગવાનનું નામ લ્યો, ભગવાનનું ધ્યાન કરો. ખેડૂત પોતાની ખેતીનું કામ કરતો હતો, મોલ વાવતો હતો કહે કે, આ બાવલિયું કોણ આવ્યું છે ? કાઢો એને, પણ આ સ્વામી તો એનો છેડો છોડતા નથી. આ છેડેથી આ છેડે જાય અને કહે. ભગવાનનું નામ લેજો, ભજન કરજો. ખેડૂતને તો એવી કંઈ પડી હતી નહીં. એને જ્ઞાન નહીં, સમજણ નહીં એટલે બે ચાર લાકડી સ્વામીને લગાવી દીધી. સ્વામીને લોહી નીકળી આવ્યું. સાંજે પાછા ગામમાં સત્સંગ કરાવવા ગયા કારણ કે, મહારાજે વર્તમાન ધરાવવાનું કહ્યું હતું. પેલા લાકડી મારનાર ખેડૂતને પણ મનમાં એમ થયું અને બીજા માણસોએ પણ કીધું કે આવા સંતને તે માર માર્યો એટલે તું જમપુરીમાં જઈશ. સાંજે ગામના ચોરા ઉપર બધા સંતો જતા, સત્સંગ કરાવતા, વર્તમાન ધરાવતા હતા. તે વખતે આ ખેડૂત પણ ત્યાં આવ્યો. એને થયું કે મેં આ સાધુને માર્યા છે માટે મને વર્તમાન નહીં ધરાવે. એણે સંતોને પૂછ્યું, મને વર્તમાન ધરાવશો ? તો કહે હા. આવો તમને પણ વર્તમાન ધરાવશું. એટલે માર ખાઈને પણ સંતો સત્સંગ કરાવતા.

મહારાજ કહે કે સંતને વિષે જો એવો પ્રેમ થઈ જાય, તો એનો મોક્ષ થઈ જાય. માટે સત એવો જે આત્મા, સત એવા જે પરમાત્મા અને સત્પુરૂષ એટલે આ ધર્મ, જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય સહિત હોય તો એ સત્પુરૂષ કહેવાય અને સત્શાસ્ત્ર. સંત બનાવે કોણ? તો સત્શાસ્ત્ર. અમે મોટી મોટી વાતો કરીએ પણ શાસ્ત્રના નિયમ પ્રમાણે ન ચાલીએ તો બરાબર ન કહેવાય.

સ્વામિનારાયણ ભગવાને સત્સંગિજીવનમાં હરિગીતા કહી છે, એમાં

ભક્તિમાતાને ઉપદેશ આપ્યો છે. ત્યારે માતા કહે છે કે ઘનશ્યામ, જીવનું કલ્યાણ કઈ રીતે થાય તે મને કહો. પરીક્ષિતને સાત દિવસમાં મૃત્યુ થવાનો શ્રાપ હતો અને શુકદેવજીએ કથા સંભળાવી, તો મારો પણ આ દેહ થોડાક સમયમાં પડી જશે પણ મારો મોક્ષ થાય એવો કોઈ ઉપાય બતાવો. સ્વામિનારાયણ ભગવાને હરિગીતા કહી છે એમાં ધર્મની, વૈરાગ્યની, ભક્તિની ઘણી વાતો કહી છે. મોક્ષના ઉપાય તરીકે એમાં સંતનો સમાગમ કહ્યો છે. આવા ત્રીસ લક્ષણે યુક્ત જે સંત હોય એનો સમાગમ કરશો તો તમારો મોક્ષ થઈ જશે. સ્વામિનારાયણ ભગવાને ભક્તિ માતાને સાત દિવસ સુધી નારાયણ ગીતા સંભળાવી. જેમ પરીક્ષિત રાજાને કથા સાંભળીને આત્મા-પરમાત્માનું જ્ઞાન દૃઢ થઈ ગયું હતું એમ ભક્તિ માતાને પણ આત્મા-પરમાત્માનું જ્ઞાન દૃઢ થઈ ગયું. ભક્તિ માતાને જ્ઞાન તો હતું જ. પણ આ તો દેખાડ્યું કેમકે આ લોકમાં આવ્યા હતા.

મહારાજે પણ કહ્યું આ ચાર વાના દૃઢ કરી લેવા. સત એવો જે આત્મા, સત એવા જે પરમાત્મા, સત્શાસ્ત્ર અને સત્પુરૂષ. આ ચાર વાના શોધવા આપણે ક્યાં જશું ? યાત્રા કરવા જશું અને શોધશું ? બદ્રિનાથ જઈએ હિમાલયમાં જઈએ, પુલહાશ્રમમાં જઈએ તો આ ચાર વાના મળી જાય અને દૃઢ થઈ જાય. આપણે કેટલા જણા હાલશું ? આ ચાર વાના શોધવા ક્યાં જાશું ? દ્વારકા જાશું, બદ્રિકેદાર જાશું, કોણ હાલશે આમાંથી ? મહારાજે કહ્યું ને કે " કોઈ રે મૂકાવે મને આ કાળથી, તો સોંપૂ એને શીશ જી." જે મને કાળ અને માયામાંથી મૂકાવે એને મારૂં મસ્તક આપી દઉં. પહેલાં તો હિમાળે હાડ ગાળવા જતા, કાશીએ કરવત મૂકાવવા જતા અને હમણાં તો સ્વામિનારાયણ ભગવાને દયા કરી છે ને સાચા સંતો અને સત્શાસ્ત્રો આપ્યા છે.

ત્રીસ લક્ષણે યુક્ત એવા સત્પુરૂષ મળે તો પળમાં પાવન કરે. તો આપણે પણ એવા સત્પુરૂષ શોધી, સંતસમાગમ કરી, આપણી ખામી હોય, તે ટાળી અને સતશાસ્ત્ર એટલે આ વચનામૃત, શિક્ષાપત્રી, ગીતા, રામાયણ, મહાભારત એમાં પણ સંતોના લક્ષણ ઘણા ઠેકાણે લખ્યા છે, તો આપણે પણ સાચા ભાવે સત્સંગ કરી, આ ચાર વાના દૃઢ કરી તે ભગવાનની મૂર્તિમાં પ્રેમ થઈ જાય અને દેહને અંતે ભગવાનની સેવામાં રહી જવાય, તો આ લોકના રાગ માત્ર નિમૂર્ણ થઈ જાય. ભગવાન દયાળુ છે, આપણા પર રાજી થાશે અને પોતાની મૂર્તિનું સુખ આપશે. માટે આપણે બધાએ કાળજી રાખવી.

સ્વામિનારાયણ ભગવાને આપણા પર ઘણી દયા કરી છે અને વચનામૃત જેવા શ્રીમુખના વાક્યો આપણા સુખના માટે રાખી ગયા. જો આ શાસ્ત્ર ન કર્યા હોત તો આપણે શું જ્ઞાન મેળવત ? એટલે મહારાજે પોતે વિચાર કર્યો કે હમણાં તો હું પૃથ્વી પર છું એટલે મારા ભક્તજનો મારા દર્શન કરી સુખિયા થાય છે. મારી વાત સાંભળીને પણ સુખિયા થાય છે, પણ જ્યારે હું આ પૃથ્વી પરથી અંતર્ધ્યાન થઈશ ત્યારે મારા ભક્તોનું શું ? ભગવાને પોતાના ભક્તોના ભવિષ્યનો વિચાર કરી અને પોતાના શ્રીમુખે આવા શાસ્ત્રો લખ્યા અને આપણા માટે મૂકી ગયા. હમણાંની પેઠે ચાંપ કરીએ ને લાઈટ થાય તેવું ન હતું. તેલના દિવામાં કામ થતું હતું. ક્યારેક તો ચંદ્રને અજવાળે પણ મોટા સંતો શાસ્ત્રો કરતા.

ધ્યાનનિષ્ઠ સંત સ.ગુ. હરિનારાયણદાસજી સ્વામી

એક મોટા સંતે વાત લખી છે કે, મૂળીમાં એક સંત હતા. હરિનારાયણદાસજી તેમનું નામ હતું. એ સ્વામી પણ ત્રિકાળજ્ઞાની અને મહારાજની મૂર્તિનું પોતે ધ્યાન કરે અને ત્રણે અવસ્થામાં પોતે ભગવાનની મૂર્તિને દેખતા અને જેમ નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું કે, હવે મારા વહાલાને નહીં રે વિસારૂં, શ્વાસ-ઉચ્છ્વાસે તે નિત્યે સંભારૂં. એમ એ સ્વામી પોતે અખંડ ભગવાનની મૂર્તિને સંભારતા. ત્યારે આચાર્ય મહારાજની આજ્ઞાથી સ્વામીને છપૈયાની મહંતાઈ આપી. સ્વામીએ તો ઘણી ના પાડી. મહારાજ મારે તો આ ભગવાનની મૂર્તિનું ધ્યાન-ભજન કરવું હોય અને તમે મને મહંતાઈ આપો એ પ્રવૃત્તિમાં એ ક્યાંથી થાય ? ત્યારે આચાર્ય મહારાજ પણ જાણતા હતા કે આ સ્વામી પોતે બહુ સમર્થ છે અને એમને વ્યાવહારિક કાર્ય કાંઈ બંધનકર્તા થાય તેવું છે નહીં. એટલે મહારાજે આગ્રહ કર્યો કે સ્વામી, તમે ત્યાં જાવ અને ત્યાં બધાને સત્સંગ કરાવજો. સ્વામિનારાયણ ભગવાનનું જુનું મંદિર છે એનો જીર્ણોદ્ધાર કરજો અને આવા શાસ્ત્ર પણ કરજો. સ્વામીની ઈચ્છા તો ન હતી પણ આચાર્ય મહારાજની ઈચ્છા અને આગ્રહને માન આપી સ્વામી ત્યાં રહ્યા. ત્યારે ત્યાં તો ભગવાનની પવિત્ર જન્મભૂમિ એટલે આપણે ત્યાં જઈએ તો સહેજે આનંદ થઈ જાય. દર્શન કરીએ તો પણ આનંદ થઈ જાય અને આ સ્વામી પોતે પણ એવી સિદ્ધિ વાળા હતા. પોતે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરે, ક્યારેક રાતના સૂવે, ક્યારેક ન સૂવે, ક્યારેક કલાક બે કલાક સૂવે અને ધ્યાન કરે. એમને મહારાજે દર્શન આપીને કહ્યું કે સ્વામી, તમે આ ધ્યાન કરો છો એ તો બરાબર છે, પણ સાથે સાથે મારા

જે વચનામૃતો છે, તેનું જ્ઞાન તમે મેળવો અને બીજા ભક્તજનોને પણ સુખિયા કરો.

ભગવાને શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી જ છે કે, પોતાની રૂચિ પ્રમાણે સત્શાસ્ત્રનો અભ્યાસ કરવો. જે ભણવામાં બહુ હોશિયાર હોય તે સંસ્કૃત આદિકનું જ્ઞાન ભણતા હતા.

મહારાજની હયાતીમાં પણ નિત્યાનંદ સ્વામી અને બીજા એક સંત હતા તે ભણ્યા. બાકી ભગવાનનું ધ્યાન, ભજન, વચનામૃત, ભક્ત-ચિંતામણિ આદિકનો અભ્યાસ કરતા. મહારાજે દર્શન આપ્યા અને સ્વામીને વચનામૃત કંઠસ્થ કરવાનો આગ્રહ કર્યો. ત્યારે લાઈટ તો હતી નહીં, એટલે ચંદ્રને અજવાળે એક વરસમાં જ આખી વચનામૃતની પારાયણ કંઠસ્થ કરી લીધી. ભક્તજી હતા તેણે ભગવાનના અઢાર હજાર શ્લોકો મોઢે કર્યા હતા, પણ પોતાના મોક્ષ માટે એક પણ શ્લોક નક્કી કર્યો હતો નહીં. પણ આ સ્વામીને તો પહેલેથી જ ભગવાનના ધ્યાન ભજનનો એવો અભ્યાસ કે દેહ છતાં જ ભગવાનના નિશ્ચયનું એમને બળ થઈ ગયું. એમનો મોક્ષ ભગવાન જરૂર કરશે અને એમને અક્ષરધામમાં લઈ જશે. એવો નિશ્ચય થઈ ગયો.

આપણને પણ મહારાજે એમ જ કહ્યું છે કે, દેહ છતાં જ ભગવાનના ધ્યાનનું, જ્ઞાનનું, ભજનનું બળ લાવી, આપણે એવી સ્થિતિ કરવી કે, અંતકાળે મારા ભગવાન જરૂર મને ધામમાં તેડી જશે અને અક્ષરધામમાં મને ચોક્કસ રાખશે. કેટલાકની એવી સ્થિતિ ન થઈ હોય. મહારાજે વચનામૃતમાં એ પણ લખ્યું, જેને આવી રીતે નિશ્ચયનું બળ ન હોય એને મનમાં ડગમગાટ થાય કે શું હું મરીશ ત્યારે મારો મોક્ષ થશે કે નહીં થાય? ઈન્દ્રના લોકમાં જઈશ કે બ્રહ્માના લોકમાં જઈશ? એવું એને ડગમગાટ થાય. તો એ સ્થિતિ બરાબર ન કહેવાય. આપણે તો હમણાં જ દેહ છતાં જ ભગવાનના જ્ઞાનનું, ધ્યાનનું બળ લઈ નિશ્ચય કરવો કે, મારે તો દેહને અંતે ભગવાનના અક્ષરધામમાં જરૂર જવું છે.

મહારાજે એક ઠેકાણે એમ પણ લખ્યું કે દેહ મૂકીને જે સુખને પામવું હતું તે સુખ તો મહારાજે દેહ છતાં જ આપણને આપી દીધું છે. દેહ મૂકીને ભગવાનના ધામમાં જઈને ભગવાનની જે દિવ્યમૂર્તિનું સુખ આપણે લેવું હતું, તે આપણને મળી ગયું છે. એવી રીતે આપણે ભગવાનના ધ્યાનનો, ભજનનો અભ્યાસ રાખીએ તો અક્ષરધામમાં મુક્તો ભગવાનની મૂર્તિનું જે સુખ ભોગવે છે, તેવું સુખ ભગવાન આપણને પણ આપે, એવી આપણે કાળજી રાખવી.

ભગવાને આપણને જે વચનામૃત આપ્યા છે, તે વાંચી-વિચારી મનન કરી જીવમાં ઉતારવા.

નિયમ, નિશ્ચય અને પક્ષ એ ત્રણ વાના હોય તે પાકો સત્સંગી કહેવાય(જેતલપુરના ગંગામા તથા ધ્યાનગુરૂ શ્રીવલ્લભદાસ સ્વામી)

ભગવાનના ભક્તોને, ત્રણ વાના હોય એ બરાબર પાકો સત્સંગી કહેવાય. એ ત્રણ વાના ક્યા? એક તો નિયમ, ભગવાન કહે પોતાના ઈષ્ટદેવે જે નિયમ ધરાવ્યા હોય એ નિયમ ક્યા કહેવાય? ત્યાગીના, ગૃહસ્થાશ્રમીના, બાઈના, ભાઈના, આચાર્ય મહારાજના નિયમો, સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં અલગ અલગ કહ્યા છે. ગૃહસ્થને પાંચ નિયમ કહ્યા છે. દારૂ, માટી, ચોરી, અવેરી અને વટલવું નહીં અને વટલાવવું નહીં. એ પાંચ ગૃહસ્થના નિયમો કહ્યા છે અને ત્યાગીને નિષ્કામ, નિર્લોભ, નિર્મોહ, નિર્માન, નિસ્વાદ એ પાંચ નિયમો કહ્યા. તો એ પંચ વર્તમાનમાં રહી ભગવાનની ભક્તિ ભજન ધ્યાન ન કરે, તો એટલી મોક્ષ માર્ગમાં ખામી કહેવાય. એટલે એક તો આ નિયમોનું પાલન કરવું. બીજું, નિશ્ચય એટલે આ સ્વામિનારાયણ ભગવાન પુરૂષોત્તમ નારાયણ આપણા ઈષ્ટદેવ છે. બીજા રામ ભગવાનને માનતા હોય કે કૃષ્ણ ભગવાનને માનતા હોય તો એ એમના ઈષ્ટદેવ છે. એ નિશ્ચય કહેવાય. તો આપણે આ સ્વામિનારાયણ ભગવાન મળ્યા એને વિષે પતિવ્રતાની ટેક રાખી અને ભગવાનનું ભજન કરીએ તો એ દૃઢ નિશ્ચય કહેવાય. મહારાજ કહે એમાં પોતાનું મન ક્યારેક ડગમગાટ કરે તો પણ ભગવાનનો દૃઢ નિશ્ચય કર્યો હોય તો એ ફરે નહીં.

એક મહાત્માએ લખ્યું કે, ભગવાનનો નિશ્ચય પોતાના ગુરૂએ કરાવ્યો હોય અને એ ગુરૂ પછી આવીને એમ કહે કે, આ સ્વામિનારાયણ ભગવાન નથી, તો એ પોતાના ગુરૂનું પણ ન માને. મોટા સંતોએ વાત લખી કે, એક નિર્વિકલ્પાનંદ સ્વામી હતા. એમના એક શિષ્યને વર્તમાન ધરાવીને સત્સંગી બનાવ્યા, પછી ભગવાનની ઈચ્છા થકી થોડુંક માન આડું આવ્યું એટલે એ સત્સંગમાંથી નીકળી ગયા. ત્યારે મહિનો બે મહિના થયા સત્સંગમાંથી બહાર નીકળી ગયા પછી પોતાના શિષ્ય પાસે ગયા. અરે ફલાણા ભાઈ, ભલે આ સ્વામિનારાયણ, ભગવાન કહેવાતા હોય, પણ ભગવાનમાં અક્કલ નથી એને કંઈ સમજણ નથી, માણસોનું અપમાન કરે છે, ત્યારે પોતાના ગુરૂ હતા તો પણ એ ભાઈએ

કહ્યું કે સ્વામી બોલ્યા છો એટલું જ બોલજો. સ્વામિનારાયણ ભગવાન તો અમારા ઈષ્ટદેવ છે. એમને માટે માથું આપવા તૈયાર છું. તમારૂં માથું ફર્યું અને તમે સત્સંગમાંથી બહાર નીકળી ગયા, પણ બીજીવાર આવી વાત કહેવા આવજો નહીં. તમારી વાત હું સાંભળવાનો પણ નથી. માટે તમે અહીંથી ચાલ્યા જાવ. કહેવાનો હેતુ એટલો જ કે એને દૃઢ નિશ્ચય થયો હતો, તો પોતાના ગુરૂનું પણ કહ્યું માન્યું નહીં. આ સ્વામિનારાયણ ભગવાન એ જ મારા ઈષ્ટદેવ છે અને એ જ મારૂં જરૂર કલ્યાણ કરશે.

ગંગામાની પણ વાત લખી છે ને ? જેતલપુરમાં ગંગામા હતા. એ પણ ભગવાનના એવા પ્રેમી ભક્ત કે ભગવાનની સેવા પોતે તન, મન, ધનથી કરતા. ત્યારે એક સમયે અત્યારે જ્યાં આપણું મંદિર છે ત્યાં મંદિરની જગ્યામાં ગંગામાની ઓરડી હતી, ત્યારે સંતોએ કહ્યું કે મહારાજ! આપણને રહેવા માટે ધર્મશાળા તરીકે આ ગૃહસ્થબાઈની ઓરડી છે એ ઠીક ન કહેવાય. માટે તમે આ બાઈને બીજે ક્યાંક ઓરડી બનાવી દ્યો, તો અમને વિક્ષેપ ન થાય. અમારે ક્યાંક બહાર આવવું જવું હોય તો ધર્મમાં બાધ આવે છે. મહારાજે ગંગામાને બોલાવ્યા. ગંગામા ઓરડી તમારી છે ને બીજે ક્યાંક બનાવી દઈએ તો તમે ત્યાં જઈને રહો, કેમ કે અહીં અમારા સંતોને તકલીફ થાય છે. ગંગામાએ કહ્યું કે મહારાજ! તમે બોલ્યા એ તો બરાબર, પણ મારે અહીંયા દિવસ-રાત તમારા દર્શન થાય એટલે બીજે જવાનું બરાબર નથી. મહારાજે કહ્યું, પણ બાઈએ વિવેકથી ના પાડી અને બહાર જતા રહયા. એટલામાં બીજે ક્યાંક ઓરડી હશે તેમાં બાઈનો સામાન રાખી ઓરડી પાડી દીધી અને જમીન સરખી કરી દીધી. કોઈને કાંઈ ખબર પડવા દીધી નહીં. ગંગામા બહારથી આવ્યા, આ તમે ગૃહસ્થ લોક બહારગામ જાઓ અને પછી ઘરે આવો અને તમારી ઓરડી કોઈકે પાડી નાખી હોય, તો તમને લાગી આવે ને ? એટલે આ ગંગામાને પણ જરાક મનમાં લાગી આવ્યું. અરે આ મારૂં ઘર કોણે પાડી નાખ્યું ? આજુબાજુ પૂછ્યું તો જાણવા મળ્યું કે, આ સાધુઓએ આ ઘર પાડી નાખ્યું હતું . ગંગામાં સ્ત્રી જાતીના ખરાં ને !

ગંગામા સાધુઓને ગાળો દેવા મંડ્યા. મારા પીટ્યા આવા છે ને તેવા છે. મારી ઓરડી પાડી નાખી. પોતાનું ઘર તો ભાંગી આવ્યા અને હવે મારૂં ઘર ભાંગી નાખ્યું. સાધુ થાય તો બધું મૂકીને આવે ને ! સ્ત્રી, મા-બાપ બધું મૂકીને આવે. અમારા ગુરૂ કહેતા કે, સાધુ થાય ત્યારે વતનનું ગામ એમના માટે હરામ કહેવાય. બધું મૂકીએ તો જ સાધુ થવાયને ? મારા મમ્મી શું કરતા હશે ?

મારા પપ્પા શું કરતા હશે ? એમ કરીએ તો સાધુ ન થવાય. એટલે ગંગામા આમ બોલવા મંડ્યા કે, આ સ્વામિનારાયણ આવા છે અને તેવા છે. મારી ઓરડી પાડી નાખી. એટલામાં ત્યાં બીજો એક બાવો રહેતો હતો, જે ભગવાન અને સાધુઓનો દ્વેષી હતો, એને થયું કે આજે આ લાગ છે, એટલે કહે કે આમ કોઈનું ઘર પાડી નંખાય ? ત્યારે ગંગામા બોલ્યા, બાવા અહીંથી ભાગી જા. આ સાધુઓ તો મારા દીકરા છે. હું ગમે તેમ તેમને બોલું. એટલે મહારાજે કહ્યું એમ તેમને ભગવાનનો પક્ષ હતો. મનમા સંશય થાય તો પણ ડગે નહીં અને બીજું કોઈ નિશ્ચય ડગમગાવવા આવે તો પણ ડગે નહીં. તો એ પાકો નિશ્ચય થયો કહેવાય.

મહારાજ કહે નિયમ, નિશ્ચય અને પક્ષ. ભગવાનના ભક્તોનો પક્ષ રાખવો. ભગવાનના ભક્ત હોય એ માંદા થાય, સાજા થાય કે વ્યવહારે કરીને દુઃખી થાય, તો તેમની અન્ન વસ્ત્રે કરીને સેવા કરવી. મહારાજે ચેષ્ટામાં પણ લખ્યું કે, કોઈને દુઃખીયો રે દેખી ન ખમાય, દયા આણી રે અતિ આકળા થાય. ભગવાન કોઈ ભક્ત હોય એને અન્ન વસ્ત્ર આપી દયા કરતા. કોઈ વ્યવહારમાં દુઃખી હોય, અંતરમાં દુઃખી હોય, તો બોલાવીને એને આશ્વાસન આપતા.

ભુજ મંદિરમાં મારા ધ્યાન ગુરૂ શ્રીવલ્લભદાસ સ્વામી પણ એવા કે વ્યવહારમાં કોઈ દુઃખિયા હોય, કાંઈ સુખદુઃખ આવી પડ્યું હોય અને સ્વામી પાસે જાય, તો સ્વામી કહેતા કે ભલે કાંઈ ચિંતા ન કરજો, બધું સારૂં થઈ જશે. હું ભગવાનને પ્રાર્થના કરીશ. ત્યાના મહંત હતા. એમને રૂંવાડે રૂંવાડે સ્વામિનારાયણ સ્વામિનારાયણ થયા કરતું. સાવરણી કાઢતા હોય, વાસીદું કાઢતા હોય. જેમ નિષ્કુળાનંદ સ્વામી ધોલેરામાં એકવાર છાણ વાસીદું કરતા હતા, ત્યાં કોઈ ભક્ત આવ્યા. એમણે પૂછ્યું કે, આ ગામમાં કોઈ એક સંત છે જેણે "જનની જીવો રે ગોપીચંદની, પુત્રને પ્રેર્યો વૈરાગજી" એ કીર્તન લખ્યું છે એ નિષ્કુળાનંદ સ્વામી કોણ છે ? તેમણે કહ્યું ત્યાં જાવ તમને ત્યાં મળશે. પાછળથી સ્વામી હાથ-પગ ધોઈ સભામંડપમાં જઈ બેસી ગયા. પેલાએ પૂછ્યું "નિષ્કુળાનંદ સ્વામી કોણ છે?" ત્યારે બધા હરિભક્તોએ બતાવીને કહ્યું "આ બેઠા એ નિષ્કુળાનંદ સ્વામી છે" ત્યારે પેલાએ કહ્યું આ કાંઈ નિષ્કુળાનંદ સ્વામી હોય ? આ સ્વામી હમણાં તો છાણ-વાસીદું કરતા હતા. મહંત હોય એ કાંઈ એવું કરે ? પણ બધા કહે એ જ છે. પછી એ ભાઈ સ્વામી પાસે ગયા. બેઠા પાંચ મિનિટ વાતો સાંભળી એટલે એમના અંતરમાં ટાઢું થઈ ગયું.

ગુણાતીતાનંદ સ્વામીએ લખ્યું, એવા સંત હોય જે ભગવાનની મૂર્તિને અખંડ ધારતા હોય, એની પાસે જઈને બેસીએ તો અંતરમાં ટાઢું થઈ જાય. એ ભાઈ પણ સ્વામી પાસે જઈને બેઠા, વાતો સાંભળી, એટલે એમનું અંતર નિર્મળ થઈ ગયું.પછી સ્વામીને કહ્યું કે સ્વામી, મેં તમારા વિષે જેવી વાતો સાંભળી હતી એવા જ તમે છો. માટે મને તમારો શિષ્ય બનાવો. પછી સ્વામીએ વર્તમાન ધરાવીને કંઠી પહેરાવી.

ભુજમાં પણ શ્રીવલ્લભદાસ સ્વામી આવી સેવા કરતા, ત્યારે કોઈ ભક્તે આવીને પૂછ્યું કે, શ્રીવલ્લભદાસ સ્વામી કોણ છે? ત્યારે સ્વામીએ કહ્યું, અંદર જાવ. પછી ભક્ત અંદર જઈને મળ્યા અને સ્વામીએ ભગવાનના મહિમાની વાતો કરી. તેથી ભક્તને અંતરમાં શાંતિ થઈ ગઈ. આમાં કહેવાનો હેતુ એટલો જ કે નિયમ, નિશ્ચય અને પક્ષ, એ ત્રણ વાના હોય એ જ પાકા સત્સંગી કહેવાય. ભગવાન અને ભગવાનના સંતોનો આવો પક્ષ રાખે, સંતોને આગળ પાછળ કાંઈ હોય નહીં, તો પણ હરિભક્તોનો પક્ષ રાખે. વ્યવહારમાં કોઈ દુઃખી હોય તો તેને ભગવાનના મહિમાની, જ્ઞાનની, ધ્યાનની વાતો સંભળાવે, તો અંતરમાં શાંતિ થઈ જાય.

દાસનું લક્ષણ-ભુજના સુંદરજી સુથાર

ગૃહસ્થ હોય અને ભગવાનના દર્શન કરવા જાય અને ભગવાન આજ્ઞા કરે કે પરમહંસ થઈ જાવ, તો તત્કાળ પરમહંસ થઈ જાય.

સત્સંગમાં વાત લખી કે સુંદરજીભાઈ હતા. તે ખાંડુ લઈને જતા હતા. મહારાજે કહ્યું કે કોણ ? તો કહ્યું કે હું તમારો દાસ. દાસના શા લક્ષણ ? તો, સ્વામી જે કહે એમ કરે. તો અમે કહીએ છીએ કે તમે સાધુ થઈ જાવ. "ભલે મહારાજ !" આટલામાં કોણ તૈયાર થાય એવા છે ? મનથી તો સાધુ થવું જ પડશે ને ? આ અમે બધા તો દેહે કરીને સાધુ થયા પણ મને કરીને તો સાધુ થવું જ પડશે ને ? આ સુંદરજીભાઈ તો સાધુ થયા, પણ એમ ન કહ્યું કે આ ખાંડુ લઈને આવ્યો છું. રાજા કચવાઈ જશે. એમ કાંઈ ન કહ્યું હો ! ભલે મહારાજ. ત્યારે આમાં કહ્યું કે ભગવાન આજ્ઞા કરે તો તત્કાળ સાધુ બની જાવું. ત્યારે તમે બધા સાધુ જેવા જ છો. મનમાં લાવજો નહીં. સ્વામી કહે છે સાધુ એટલે શું ? ભગવાનના નિયમો પ્રમાણે વર્તે તો ધોળા લૂગડાવાળા પણ સાધુ જ કહેવાય. સંતોનું પણ કહ્યું કે આ સંતો દેશવિદેશ જાય. ત્યાં કનક કામિની એટલે સ્ત્રી અને ધનનો યોગ થાય, તો પણ તેમાં લેવાય નહીં. એ જ ખરા સંત કહેવાય.

તો આપણે આ શ્રીમુખના વચનો છે એ વાંચી, વિચારીને અંતરમાં ઉતારી, ખામી હોય, કસર હોય, એ ટાળી, આ ને આ જન્મે જ આત્મા અને પરમાત્માનું જ્ઞાન દ્રઢ કરી અને દેહને અંતે ભગવાનની સેવામાં રહી જવાય, તો જ આ મનુષ્ય જન્મનો ફેરો સફળ થયો કહેવાય. વ્યાવહારિક વાતોમાં ગૃહસ્થે પણ સાચવવું અને ત્યાગીએ પણ સાચવવું. મહારાજે કહ્યું કે ત્યાગી હોય, એણે સંસારનો કોઈ રજોગુણી મોટો માણસ સભામાં આવે તો વિવેક રાખીને તેને સભામાં આગળ બેસાડવો, એ આપણી ફરજ છે. તો મહારાજના આવા નાના મોટા વચન ધારી- વિચારી, અંતરમાં ઉતારી, એ પ્રમાણે વર્તવું, એ જ આ માનવ જન્મનું સાચું ફળ છે. માટે કાળજી રાખવી.

આત્મા પરમાત્માનું જ્ઞાન દૃઢ થઈ જાય, તો મરવાની બીક લાગતી નથી

સ્વામિનારાયણ ભગવાને આપણા પર ઘણી દયા કરી અને આ ભરતખંડમાં પધાર્યા. આ ભરતખંડમાં આવવાનો હેતુ એટલો જ કે, જેથી કરીને આ જીવને મારા સ્વરૂપનું જ્ઞાન થઈ જાય અને ભગવાનને વિષે પ્રીતિ થઈ જાય, તો આ લોકમાંથી વાસના ટળી જાય. એક વચનામૃતમાં કહ્યું કે, કોડી કરતા રૂપિયામાં વધુ માલ છે. રૂપિયા કરતા સોનામહોર, પારસમણી, એમ કરતા કરતા ભગવાનના ધામનું સુખ સૌથી અધિક છે. એટલે ભગવાનને વિષે એવી પ્રીતિ થઈ જાય, તો આ લોકના રાગ ટળી જાય. કેમ કે આ જીવ જ્યારથી સૃષ્ટિનું મંડાણ થયું, ત્યારથી આ જીવાત્મા માયામાં ગોથાં ખાધા કરે છે અને "પુનરપિ જનનં અને પુનરપિ મરણમ્" એમ જન્મ-મરણના ફેરા ભોગવ્યા જ કરે છે. ક્યાંય આવા સંતો, આવા હરિભક્તો, ક્યાંય આવા આચાર્ય, ક્યાંય આવા મંદિરોનો યોગ નહીં મળ્યો હોય અને કદાચ મળ્યો હશે, તો આપણે બરાબર કર્યો નહીં હોય, એટલે આપણે હજી માયામાં ગોથા ખાધા જ કરીએ છીએ.

તો આજે સ્વામિનારાયણ ભગવાને આપણા ઉપર ઘણી દયા કરી અને કળિયુગમાં સતયુગના જેવો ધર્મ પ્રવર્તાવ્યો. આપણને આ સત્સંગમાં રાખ્યા તે આપણા સૌના મોટા ભાગ્ય છે. આપણે દરેકે શું કરવાનું છે ? પહેલાના જમાનામાં માણસો ભગવાનને કે ભગવાનના સંતને ખોળવા જતા. કોઈ રે મૂકાવે મને આ કાળથી, તો સોંપૂ એને શીશ જી. જો કોઈ મને કાળ અને

માયાથી મૂકાવે, તો એને મારૂં મસ્તક આપી દઉં. કાળની આપણને બધાને બીક લાગી જાય છે. આપણને મરવાની બીક લાગી જાય છે

હમણાં જો અહિયાં સર્પ નીકળે તો બીક લાગી જાય હો ! કેટલા જણા બેસી રહે ? બધા બેસી રહે ? કેમ કે આપણને મરવાની બીક લાગી જાય છે. આપણે બધા જાણીએ છીએ કે, આ દેહ છોડીને ભગવાનના ધામમાં જવાનું છે. જેમ આ લોકમાં છોકરાઓ દેશ-વિદેશ જાય અને વિદેશથી પાછા આવે, ત્યારે એમ થાય કે મારા મમ્મીને મળીશ, પપ્પાને મળીશ. એમ બધાને મળીને રાજી થાય. તેમ આપણા ખરા સગા તો ભગવાન છે અને મૂળ વતનનું ગામ અક્ષરધામ છે. આ તો આપણે માની લીધું છે કે, આ અમદાવાદ, ગાંધીનગર કે ભુજ એ પોતાનું ગામ જીવાત્માએ માની લીધું છે. મોટા સંતોએ લખ્યું કે ગામ-નામ તો મિથ્યા છે, ખરૂં ગામ તો અક્ષરધામ છે અને આપણા સગા તો ભગવાન છે, સંતો છે, તે સિવાય આ જીવાત્માના ખરા સગા તો કોઈ છે જ નહીં, પણ આપણને એવી આત્મનિષ્ઠા દૃઢ થઈ નથી એટલે મરવાની બીક લાગી જાય છે.

પરીક્ષિત રાજાને કોઈકે કહ્યું કે સાત દિવસમાં તમારૂં મૃત્યુ થઈ જાશે, તો પરીક્ષિત રાજાએ શુકદેવજી પાસે કથા સાંભળી. એમણે કહ્યું, મારે સાત દિવસમાં આ લોકમાંથી જવાનું છે, તો મને મોક્ષનો માર્ગ દેખાડો. તો એમને તો સાત દિવસની અવધિ હતી, પણ આપણને તો એવી કોઈ અવધિ નથી હો. આપણે તો લાંબુ લાંબુ બહુ કરીએ છીએ, આ પછી આ કરશું... આ પછી આ કરશું. પણ દેહનો કોઈ નિર્ધાર છે નહીં. મહારાજ કહે આપણને બીક લાગી જાય છે, તેથી આત્મનિષ્ઠાની દૃઢતા નથી થતી.

પરીક્ષિત રાજાએ શુકદેવજી આગળ કથા સાંભળી. છ દિવસ થયા. શુકદેવજીએ પૂછ્યું કેમ રાજન ! હજી બીક લાગે છે? પરીક્ષિત રાજાએ કહ્યું મારો દેહ, કાલ પડતો હોય તો ભલે આજ પડી જાય. એમને આત્મનિષ્ઠાની એવી દૃઢતા હતી એટલે મરવાની બીક નીકળી ગઈ. પણ આપણને હજુ મરવાની બીક ટળી નથી. મને તો એમ કે તમને બધાને મરવાની બીક ટળી ગઈ લાગે છે. ટાળવી તો પડશે ને ? કેમ કે આપણે જાણીએ છીએ કે, આપણે બધાએ એક દિવસ આ દુનિયામાંથી જાવાનું છે. આપણે જોઈએ છીએ કે આપણા વડીલો હતા એ બધા ચાલ્યા ગયા છે. આપણને પણ ટાઈમ થાશે એટલે જરૂર જાવું પડશે. "મરના મરના સબ કહે પણ મરી ના જાણે કોઈ, એક દિન ઐસા મરના કે ફિર જનમ ના હોઈ." આપણે બધા જાણીએ છીએ કે એક

દિવસ આપણે મરવાનું જ છે, પણ આપણે એવું મરવું છે કે ફિર જનમ ન હોઈ. તો એ જન્મ ક્યારે ન હોય કે એને આત્મા-પરમાત્માનું જ્ઞાન દૃઢ થઈ જાય. તો આપણે પણ સાચે ભાવે સત્સંગ કરી, ભગવાનનો દૃઢ આશરો કરી, ભજન ભક્તિ કરશું, તો જરૂર ટળી જશે.

ગ.મ.પ્ર. ના ૬૨ માં વચનામૃતનું વિવેચન

ગ.મ.પ્ર. ના ૬૨ માં વચનામૃતમાં સ્વામિનારાયણ ભગવાને વાત કરી છે કે, મહારાજ પોતે સભા કરીને બિરાજમાન હતા અને પોતાના ભત્રીજા અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજીને બોલાવીને વાત કરી, આજ તો તમે કોઈક પ્રશ્ન પૂછો. ત્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજ તો સ્થિતિવાળા હતા. પોતે આખા સત્સંગની સંભાળ રાખતા પણ પોતે ઉપશમ દશામાં રહેતા. એકવાર એક ભક્તે લાડુમાં મીઠું નાખ્યું ને પ્રોતે જમી ગયા, પણ તેમને મીઠાના કે સાકરના સ્વાદની ખબર ન પડી. કોળિયે કોળિયે સ્વામિનારાયણ ભગવાનનું નામ લેતા જમી ગયા, પણ તેમને ખાટાની કે ખારાની ખબર પડી નહીં. ભગવાનનો પ્રસાદ ભક્ત જમવા લાગ્યા ત્યારે તેમને ખારો લાગ્યો, એટલે એમણે બ્રાહ્મણને પૂછ્યું તમે આ શું કર્યું ? તો કહે ખાંડને બદલે મીઠું નંખાઈ ગયું, પણ અયોધ્યાપ્રસાદજી મહારાજને ખબર ન પડી. કહેવાનો હેતુ એટલો કે પોતે એવી સ્થિતિવાળા હતા. આખા સત્સંગની સંભાળ રાખતા, ગૃહસ્થોની સંભાળ રાખતા, ભક્તોને નિયમમાં વર્તાવતા છતાં પણ પોતે આવી સ્થિતિમાં વર્તતા. અયોધ્યાપ્રસાદજી મહારાજે પ્રશ્ન પૂછ્યો કે, આખો દિવસ વ્યાવહારિક કામ કરે અને ઘડી બે ઘડી ભગવાનનું નામ લે, ગૃહસ્થાશ્રમમાં રહેતા હોય, તો કંઈ યોગ્ય- અયોગ્ય કામ પણ થઈ જાય, તો એ ઘડી-બે ઘડી ભગવાનનું ભજન કરે તો તેણે દિવસ બધામાં પાપ કર્યા હોય તે બળે કે ન બળે ? તો એના ઉત્તરમાં કહ્યું કે ઈન્દ્રિયો અને અંતઃકરણ એકાગ્ર કરીને ઘડી એટલે ૨૪ મિનિટ થાય અને અડધી ઘડી એટલે ૧૨ મિનિટ ભગવાનનું ભજન કરે તો એનું કામ થઈ જાય.

રામાયણમાં પણ લખ્યું કે, " એક ઘડી આધી ઘડી, આધીમેં પુની આધ, તુલસી સંગત સંતકી, કટે કોટી અપરાધ." એક ઘડી કે અડધી ઘડી પણ કે અડધીની પણ અડધી ઘડી તમે આવી રીતે ભગવાનની મૂર્તિનું ઈન્દ્રિયોને અંતઃકરણ એકાગ્ર કરીને ધ્યાન ભજન કરશો, તો યોગ્ય કે અયોગ્ય કર્મ, યોગ્ય

અયોગ્ય એટલે શું કે જાણે અજાણે કંઈ પાપ થઈ જાય તે. ગૃહસ્થાશ્રમમાં રહેતા હોય એ પંચવર્તમાનની મર્યાદામાં તો રહે જ, પણ જાણે - અજાણે કંઈક થોડું એવું પાપ થઈ જાય અને આવી રીતે ભગવાનનું ભજન કરે તો એ પાપ બળીને ભસ્મ થઈ જાય, પણ ભગવાને વચનામૃતમાં એ કલમ કાપી નાખી. પહેલાં તો રાજાઓ કલમ રાખતા, હવે તો કલમ નથી આવતી. બધા ઈન્ડિયેનો રાખે છે, પણ પહેલાંના જમાનામાં કલમ રાખતા કે કોઈથી અપરાધ થઈ જાય, તો એ કલમ કાપી નાખતા, એમ મારા ગુરૂ કહેતા, પણ એ શું હશે એ મને ખબર નથી. પણ કોઈ અપરાધ થઈ જાય અને કલમ કાપી નાખે પછી એને નોકરીમાંથી કાઢી મૂકતા, એવું પહેલા રાજાશાહી જમાનામાં હતું.

ગઢડા પ્રથમના બાવીસમાં વચનામૃતમાં લખ્યું કે, આખો દિવસ વ્યાવહારિક પ્રવૃત્તિ કરે અને ભગવાનમાં વૃત્તિ ન રાખે, તો જ્યારે ભગવાનનું ભજન કરવા બેસે, ત્યારે પણ તેની વૃત્તિ ભગવાનમાં રહે નહીં. તો એમાં કલમ કાપી નાખી. તો ભગવાનના ભક્તે શું કરવું ? વ્યાવહારિક કામ તો જરૂર કરવું પણ હરતા ફરતા, ઘરનું કામ કરતા, ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવી.

મોટા સંતો આપણા માટે ઘણું કાર્ય કરી ગયા છે. મહારાજે વાત કરી કે, એકલો વનમાં બેઠો હોય, કોઈને કંઈ કશું બોલાવે નહીં, તો એમાં શું સમાસ થાય ? એના કરતા કથાવાર્તા કરીને પોતે પણ ભગવાનના નિયમમાં વર્તે ને બીજાને પણ નિયમમાં વર્તાવી ને ભજન કરે તો એ શ્રેષ્ઠ છે.

મહારાજે સંતોને પણ મંદિર સંબંધી પ્રવૃત્તિઓ કરવી અને હરિભક્તોને વાતો કરીને સુખિયા કરવા, તેમ આજ્ઞા કરી. સંતોને આજ્ઞા કરી કે, સંતોએ પણ મંદિર સંબંધી પ્રવૃત્તિ ભલે કરવી, પણ એ કરતા કરતા ભગવાનની સ્મૃતિ સાથે રાખવી અને તમે ગૃહસ્થાશ્રમીઓએ પણ આઠે પહોર બેસી રહેવું એમ કાંઈ આજ્ઞા નથી કરી, પણ એ વ્યાવહારિક પ્રવૃત્તિ કરતા કરતા ભગવાનની સ્મૃતિ સાથે રાખવી. જેમ આ ગોરધનભાઈ, પર્વતભાઈ, દાદાખાચર, મયારામ ભટ્ટ, શિવલાલભાઈ, આદિક બધા વ્યાવહારિક કાર્ય તો કરતા જ હતા, સાથે સાથે ભગવાનને પણ સંભારતા હતા. લાડુબા, જીવુબા, એ બધા બાઈ હરિભક્તો પણ સત્સંગ સંબંધી વ્યવહાર કરતા કરતા પણ ભગવાનની મૂર્તિને સંભારતા. સેવ વણતા હોય, પાપડ વણતા હોય, રોટલી વણતા હોય, પણ એ વણતા વણતા ભગવાનની મૂર્તિમાં તલ્લીન થઈ જાય હો ! અને ગોપીઓની પણ વાત કરી કે ગોપીઓ દૂધ દહીં વેચવા જાય. છાશનું મંથન કરે. રોટલા

બનાવે પણ વ્યાવહારિક કાર્ય કરતા કરતા પણ ભગવાનની મૂર્તિ સંભારે. લ્યો દૂધ, લ્યો દહીં, લ્યો આ કા'ન. ત્યારે બધા પૂછે આ કા'ન શું છે ? તો ગોપીયું કહે કે ઈ તો અમારો કન્હૈયો છે ! તો આ સ્ત્રી, પુત્ર, ભાઈ-બહેન, એ બધું ભગવાનનું છે. ભગવાને મને આ કામ સોંપ્યું છે.

કોઈકે કહ્યું ને કે, મહેતાજી તરીકે કામ કરવું. એવી ભાવના રાખીને કામ કરે તો એ બંધનકર્તા ન થાય. એવી રીતે ભગવાનની મૂર્તિને સંભારવી ને દરેક ક્રિયામાં ઈન્દ્રિયો અને અંતઃકરણને એકાગ્ર રાખીને ભગવાનની મૂર્તિને સંભારીએ, તો રાતના સૂતા હોઈએ ને તો સૂતા સૂતા ભગવાનના સપના આવે હો !

ભક્ત ચિંતામણીમાં લખ્યું કે, કોઈક કહે કે હું ભગવાનને મળ્યો, કોઈક કહે મેં ભગવાનને હાર પહેરાવ્યો, કોઈક કહે કે મેં ભગવાનને ચંદન ચર્ચ્યું. એમ ભગવાનની મૂર્તિને સંભારીને સૂતા તો તેમને એવા સપના આવતા. તો તમે પણ સૂતા હો ત્યારે એમ કરજો. ભલે હમણાં તમે એમ ન કરતા હો તો હવે શરૂ કરજો. તો સૂતી વખતે ભગવાનને સંભારીને સૂશો તો તમને પણ એવા સપના જરૂર આવશે. મોટા સંતો કહેતા કે, દિવસ જાય ડખ્ખામાં ને રાત જાય વખામાં. આ આખો દિવસ વ્યાવહારિક પ્રવૃત્તિ કરીએ ને તો સપના પણ એવા જ આવે.

એક વાણિયાની વાત લખી કે રાતના સપનું આવ્યું. રેશમના કપડાંનો તાકો હતો. કોઈ ઘરાક લેવા આવ્યો તો ઊભા થઈને આડો કાપી નાંખ્યો ! ને પાછો સૂઈ ગયો. સવારના ઉઠીને જોયું તો એને થયું કે અરે ! આ તાકો કોણે કાપી નાખ્યો ? પછી એને રાતની વાત યાદ આવી ! ત્યારે કહેવાનો હેતુ એટલો જ કે દિવસના વ્યાવહારિક કાર્યમાં મગજ ચડી ગયું હોય, તો રાતના સપના પણ એવા જ આવે. તો તમે ભલે ગૃહસ્થાશ્રમમાં રહેલા હો, વ્યાવહારિક કાર્ય કરતા હો, પણ એ કાર્ય તો ભગવાનની આજ્ઞાએ કરવું, એમ નથી કહ્યું કે ન કરવું. બધાએ સંન્યાસી થઈ જાવું એમ કહીએ ને બધા જો સંન્યાસી થઈ જાય, તો જગત ચાલે પણ નહીં. ત્યારે ગૃહસ્થને વ્યાવહારિક કાર્ય તો કરવું, પણ ભગવાનને સાથે રાખીને કરવું. સંતો હોય તેમણે પણ ભગવાનની આજ્ઞાએ કરીને આ મંદિરની સેવા કરવી, ભગવાનની આજ્ઞાનું અનુસંધાન રાખી, ભગવાનની મૂર્તિને સંભારીને કામ કરે, તો તેને બંધનકર્તા ન થાય.

નિષ્કુળાનંદ સ્વામી અને શ્રીવલ્લભદાસ સ્વામી એ બેય મહંત હતા. એ વ્યાવહારિક કાર્ય પણ કરતા પણ અખંડ સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ

થયા કરે. આ સાવરણી કાઢે એવું બધુંય કામ કરતા, કોઈને ખબર ન પડે કે એ મહંત છે. આખો દિવસ મંદિરની સેવા કરે પણ ભગવાનની મૂર્તિનું અનુસંધાન રાખીને કામ કરતા અને છેલ્લે પછી મુક્તાનંદ સ્વામી માટે પણ એ જ વાત આવી કે આત્મનિષ્ઠા, પતિવ્રતા અને દાસપણું. તો સ્વામિનારાયણ ભગવાને આપણા પર દયા કરીને બધા ઉપાયો બતાવ્યા ને આ વચનામૃત ને એવા શાસ્ત્ર હાથમાં આપ્યા. તો આ મહારાજના વચન અંતરમાં ધારી ને એ પ્રમાણે વર્તવું. તો મુક્તાનંદ સ્વામી કહે કે, એ તો મારા માટે જ વાત કરી છે. મુક્તાનંદ સ્વામી માટે જ વાત કરીને ? આપણા માટે તો કાંઈ છે નહીં. મહારાજ કહે કે, આ બધું તો મેં મુક્તાનંદ સ્વામી માટે કહ્યું ને મુક્તાનંદ સ્વામી કહે કે હા મહારાજ ! આ બધું તમે મારા માટે જ કહ્યું. તો આપણે તેના પરથી શું લેશું ? પણ આપણા માટે જ આ વાત કરી, આપણને પણ ભગવાને એ પ્રમાણે વર્તવાનું કહ્યું. એ પ્રમાણે વર્તીને ભગવાનને સંભારશું, તો સ્વામિનારાયણ ભગવાન સંતોને અને હરિભક્તોને પોતાની દિવ્ય મૂર્તિનું સુખ આપતા હતા, તો આપણે પણ એવી રીતે વર્તશું તો ભગવાન આપણને પોતાની દિવ્યમૂર્તિનું સુખ આપશે. માટે આપણે દરેકે કાળજી રાખવી.

વૈકુંઠ, ગોલોક, શ્વેતદ્વીપ કરતા પણ આ સભા અધિક છે

સ્વામિનારાયણ ભગવાને આપણા પર ઘણી દયા કરી ને પોતાના શ્રીમુખના વચનામૃત તો પોતે કરીને આપણને બધાને ભેટ આપી ગયા. જો આ શાસ્ત્રો ન કર્યા હોત તો આપણને શું ખબર પડત ? મોટા સંતો કહેતા કે, વચનામૃત જ્યારે આપણે વાંચીએ ને સાંભળીએ ત્યારે એવી ભાવના કરવી કે, આ અક્ષરધામની દિવ્ય સભા છે અને તેમાં સ્વામિનારાયણ ભગવાન સાક્ષાત્ પોતે દિવ્ય સિંહાસનને વિષે વિરાજમાન છે અને ચારેય બાજુ અનંતકોટિ મુક્તો ભગવાન સામું એક નજરે જોઈ ભગવાનના દર્શન કરે છે અને મહારાજ પોતે ધર્મની, જ્ઞાનની, વૈરાગ્યની અમૃતના સમાન એ વાણી દરેક ભક્તજનોને સંભળાવે છે. તો એવી ભાવના કરીને જો આપણે વચનામૃત સાંભળીએ, તો આપણને એમ થાય કે આપણે જાણે અક્ષરધામમાં જ બેઠા છીએ.

સ્વામિનારાયણ ભગવાને છેલ્લા પ્રકરણના બીજા વચનામૃતમાં પણ એ જ કહ્યું કે, વૈકુંઠ, ગોલોક, શ્વેતદ્વીપ આદિમાં જેવી સભા છે તેના કરતા પણ આ સભા અધિક છે. આ સભા અક્ષરધામની છે. મહારાજ તથા મોટા સંતો

કહે કે, દેહ મૂકીને જે સુખને આપણે પામવું છે, તે સુખ આપણે આવી ભાવના રાખીને આ કથા સાંભળીએ તો દેહ છતાં જ આપણને અક્ષરધામનું સુખ આંહી જ મળે છે હો ! કેટલાક માણસો શંકા કરે કે સ્વામી એ વળી કેવી રીતે થાય ? ને વાતેય સાચી કે આપણી એવી સ્થિતિ ન થઈ હોય તો એવો આનંદ ન પણ આવે, પણ આ શાસ્ત્રમાં જે લખ્યું તે રીતે જો અભ્યાસ કરે તો ત્યાગી હોય કે ગૃહસ્થ હોય, એને એવો આનંદ આવે જ.

ભગવાનની પૂજા એકાગ્રચિત્ત કરવી (બોટાદના શિવલાલભાઈ)

કથા સાંભળવામાં આવી ભાવના રાખવી તેમજ એવી જ રીતે જો પૂજા કરવામાં આવે તો એવો જ આનંદ આવે. આપણે જ્યારે માનસી પૂજા કરીને પૂજા કરવા બેસીએ ત્યારે આવાહન કરીને શ્લોક બોલીએ છીએ. હે ભગવાન ઉઠો ! એવી આપણે પ્રાર્થના કરીએ છીએ "ઉત્તિષ્ઠોત્તિષ્ઠ હે નાથ સ્વામિનારાયણ પ્રભો, સદાત્વં સન્મુખો ભવઃ " આપણે આવાહન મંત્ર બોલીએ અને ભગવાનને જગાડીએ કે હે મહારાજ! તમે અમારી સન્મુખ બિરાજમાન થાઓ. તો એ વખતે પણ આપણે એવી ભાવના રાખીને એકાગ્રચિત્તે પૂજા કરીએ, તો તે વખતે પણ આપણને એવો અક્ષરધામનો જ આનંદ આવે છે. ત્યારે ત્યાગીને આવે અને ગૃહસ્થને ન આવે એવું કાંઈ શાસ્ત્રમાં નથી લખ્યું. ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, આદિક સંતો આવી રીતે ભગવાનની પૂજા કરતા. ભગવાન સાક્ષાત્ આવી એમની પૂજા સ્વીકારતા.

ગૃહસ્થાશ્રમમાં પણ શિવલાલભાઈની વાત આપણા શાસ્ત્રમાં લખી છે. તેઓ પોતે વેપાર કરતા, દરેક વ્યાવહારિક કાર્ય કરતા, પણ આવી રીતે પોતે પૂજા કરવા બેસે ત્યારે ભગવાન આવીને પૂજામાં પ્રત્યક્ષ એમની સન્મુખ વિરાજમાન થતા ને દર્શન આપતા. ત્યારે શિવલાલભાઈ ભગવાનનો એવો જ આનંદ લેતા. વિશેષમાં આપણા શાસ્ત્રમાં મોટા મોટા સંતો પણ લખી ગયા કે, આત્માનંદ સ્વામી હતા એ શિવલાલભાઈના ગુરૂ થતા છતાં પણ શિવલાલભાઈની સામે મહારાજના દર્શન કરવા બેસતા. શિવલાલભાઈ પણ પા કલાક, અર્ધો કલાક કે કલાક ભગવાનની આવી રીતે એકાગ્ર થઈને પૂજા કરવા બેસતા, ત્યારે સ્વામી પણ એમની સામે ભગવાનના દર્શન કરવા બેસતા.

એક સમયે અચાનક કોઈક બોલાવવા આવ્યું હશે, એટલે શિવલાલભાઈનું મન ત્યાં જતું રહ્યું, એટલે ભગવાન ત્યાંથી પોતે અંતર્ધ્યાન થઈ ગયા. મૂર્તિઓ ત્યાં જ હતી પણ ભક્ત વત્સલ મહારાજ ત્યાં દર્શન આપતા એ દર્શનમાં ત્યાં ખામી આવી ગઈ. મહારાજ ચાલ્યા ગયા એટલે આત્માનંદ સ્વામી પણ ત્યાંથી ચાલ્યા ગયા. શિવલાલભાઈ તો પૂજા કરી, ભગવાનનું વિસર્જન કરીને પૂજા પધરાવી દીધી.

મહારાજે વચનામૃતમાં પણ એ જ કહ્યું કે - મળમૂત્રના ભર્યા થકી પૂજા કરો છો કે પવિત્ર થઈને પૂજા કરો છો? ત્યારે સર્વે સંતોએ, હરિભક્તોએ કહ્યું કે હે મહારાજ ! પવિત્ર થઈને પૂજા કરીએ છીએ. ત્યારે મહારાજે ફરીને કહ્યું કે ઉપર નહાયે શું થાય ? તમે નહાઈ ધોહીને પવિત્ર થઈને પૂજા ભલે કરો પણ અંતરમાં જ્યાં સુધી માયાના વિકારો ભર્યા હોય અને એ સહિત તમે પૂજા કરો તો એ મળ-મૂત્રના ભર્યા થકા પૂજા કરી કહેવાય. આટલામાં તો કોઈ ભક્તજનોને પૂજા કરવા બેસે ત્યારે એવા ઘાટ સંકલ્પ થતા હશે નહીં અને થતા હોય તો આપણે કાળજી રાખવી કે, આપણે માનસી પૂજા કરવા બેસીએ કે પૂજા કરવા બેસીએ કે ધ્યાન કરવા બેસીએ ત્યારે હું જાણે આત્મા છું, અક્ષરધામ છું, આ દેહ, આ લોક બધાનો નાશ થઈ ગયો છે, એવી ભાવના રાખી અને એકાગ્ર થઈને ભગવાનની પૂજા, ધ્યાન તથા માનસી પૂજા કરવી. આપણે અહીં બેઠા હોઈએ અને એવા સંકલ્પો કર્યા કરીએ, તો કામ તો કાંઈ થાય તેવું છે નહીં. કામ તો ત્યાં દુકાને જાઓ, ત્યારે જ થાય. પણ આ જીવનો સ્વભાવ જ એવો છે.

ઘણાં ભક્તજનો પૂછે સ્વામી, માનસી પૂજા કરવા બેસીએ કે પૂજા કરવા બેસીએ ત્યારે સંકલ્પ કેમ ન થાય? એ તો થતા જ હોય, પણ આપણે એકાગ્ર થઈને બેસીએ એટલે આપણને ખબર પડે નહીં. આપણે એવી રીતે પૂજા કરવા બેસીએ ત્યારે કે માનસી પૂજા કરવા બેસીએ ત્યારે કે ધ્યાન કરવા બેસીએ ત્યારે આપણે પણ એવી રીતે અભ્યાસ કરીએ, તો આ શિવલાલભાઈને જેવા દર્શન થતા, તેમ આપણને પણ ભગવાન જરૂર એવા દર્શન આપે જ ને ઘણાને દર્શન આપતા પણ હશે ને આત્માનું સુખ લેતા જ હશે ને ન આપતા હોય, તો આવી રીતે અભ્યાસ કરીએ તો મહારાજનું વચન છે એટલે આપે જ. એટલે શિવલાલભાઈ પૂજા કરીને સ્વામી પાસે ગયા. સ્વામી, હંમેશ તો હું પૂજા કરવા બેસતો ને પૂજા પૂરી થાય, ત્યાં સુધી તમે બેસતા ને આજે તમે કેમ અગાઉથી ચાલ્યા ગયા ? સ્વામી કહે કે કાંઈ નહીં. ના સ્વામી ! તમે મારા ગુરૂ

કહેવાઓ, તો મારી કાંઈ ભૂલ થઈ હોય તો મારે તે સુધારવી તે મારી ફરજ છે. સ્વામી કહે રોજ તો ઈન્દ્રિયો - અંતઃકરણ એકાગ્ર કરીને તમે પૂજા કરતા, તો સ્વામિનારાયણ ભગવાન પોતે સાક્ષાત્ અહીં આવીને બિરાજમાન થતા. આજે તમારૂં મન કોઈક માણસ આવ્યું એમાં જતું રહ્યું, એટલે હું પણ જતો રહ્યો. હું કંઈ તમારા દર્શન કરવા નહોતો આવતો. શિવલાલભાઈને મનમાં ઘણું લાગી આવ્યું કે અહો ! ભગવાનનો ઘણો મોટો અપરાધ થઈ ગયો.

એકવાર પોતે ધ્યાન કરવા બેઠા હશે, તે કાંઈ ખડખડાટ કે અવાજ થયો હશે, તે ઘીનો ડબલો ભર્યો હશે, પહેલાં ઘીના ડબલા આવતા, ત્યારે ઘી ઢોળાઈ ગયું હો ! આ તો પોતે ભગવાનની મૂર્તિમાં તલ્લીન થઈ ગયેલા એટલે ખબર પડી નહીં ને ઘી ઢોળાઈને નીચે ગયું. તેમના પિતા ભગા દોશી હતા. એ ઉપર ગયા ને કહ્યું, શિવા ! તું અહી બેઠો છો ને આટલું ઘી ઢોળાઈ ગયું ને આટલું નુકશાન થયું. તું કાંઈ સંભાળ રાખતો નથી ? પણ એ તો પોતે ભગવાનની મૂર્તિમાં એટલા તલ્લીન બની ગયેલા કે એમને કાંઈ ખબર પડી નહીં. પા કલાક, અડધો કલાક, કલાક જે પોતાના નિયમ હતા તે પુરા કરીને જાગ્યા. એમના પિતા એમને વઢવા લાગ્યા. અરે, તું અહી બેઠો છો ને આટલું ઘી ઢોળાઈ ગયું, આટલું નુકશાન થયું, તેની સંભાળ રાખી નહીં? શિવલાલભાઈ કહે અરે પિતાજી ! તમે તો આ ઘી ની વાત કરો છો, આ દેહ, આ ગામ, આ બ્રહ્માંડ - સર્વેનો નાશ કરીને, ધ્યાન, માનસી પૂજા કરતો હતો, ત્યાં એ ક્યાં રહે ?

સ્વામિનારાયણ ભગવાને પણ ગ.પ્ર.ના ૨૪ માં વચનામૃતમાં ઉપાય બતાવેલો જ છે કે, જ્ઞાને કરીને જેને સ્થિતિ થાય છે એને એક રસ ચૈતન્ય ભાસે છે, એને એકરસ ચૈતન્યને વિષે ભગવાનની મૂર્તિ પ્રકાશમાન દેખાય છે.

ભુજમાં એક સંત હતા. ભક્તિપ્રિયદાસજી સ્વામી તેમનું નામ હતું. તેઓ પોતે સારા સંત હતા. તેઓ પણ એવી રીતે ભગવાનનું ધ્યાન કરવા બેસે કે માનસી પૂજા કરવા બેસે ત્યારે એમને ખબર પડે નહીં. ત્યારે રાજાશાહી રાજ્ય હતું. અગિયાર વાગે કે બાર વાગે એટલે તોપ ફોડતા, અવાજ કરતા. ત્યારે આ સ્વામી પોતે માનસી પૂજા કરવા બેઠા હોય કે ધ્યાન કરવા બેઠા હોય તો તોપનો અવાજ એમને સંભળાય નહીં, ખબર ન પડે. ત્યારે કહેવાનો હેતુ એટલો જ કે આપણે પણ આવી રીતે એકાગ્રતા રાખવી.

ભગવાને એમ નથી કીધું કે ત્યાગી હોય એજ કરી શકે અને ગૃહસ્થ હોય એ ન કરી શકે. નાના હોય એ ન કરી શકે અને મોટા હોય એ જ કરી શકે. મહારાજ કહે કે એ નાના મોટા કે ત્યાગી ગૃહસ્થનો કોઈ મેળ નથી, જેની સમજણ મોટી એ મોટા.

તો આપણે પણ વચનામૃતની કથા સાંભળીએ ત્યારે એવી ભાવના કરીને આવો અભ્યાસ કરીએ. પૂજા કરીએ ત્યારે પણ એવી ભાવના કરીને આવો અભ્યાસ કરીએ, તો અક્ષરધામનો આનંદ દેહ છતાં જ આવી જાય. તો એ તો બધા ભક્તજનો લેતા જ હશો. ન લેતા હો તો લેજો. ભગવાનને પ્રાર્થના કરૂં છું કે, બધાને એવો આનંદ આવે.

પોતાના ઈષ્ટદેવના ચરિત્ર સંબંધી ગ્રંથથી જ સંપ્રદાયની પુષ્ટિ થાય છ

ગ.મ.પ્ર.ના ૫૮ માં વચનામૃતમાં મહારાજે કહ્યું કે, ઘણાંક આચાર્યો થઈ ગયા તેમના સંપ્રદાયની પુષ્ટિ શા વડે થાય ? એના ઉત્તરમાં મહારાજે કહ્યું કે પ્રાકૃત હોય પણ એ ભગવાનના જે જન્મથી કરી અને દેહ મૂકવા પયત ના જે ચરિત્ર, જે ગ્રંથમાં હોય તો અને એ ગ્રંથને આપણે વાંચીએ, સાંભળીએ તો એ સંપ્રદાયની પુષ્ટિ થાય છે. આપણા શાસ્ત્રોમાં સત્સંગી જીવનમાં મહારાજના જન્મથી કરીને મહારાજ અંતર્ધ્યાન થયા ત્યાં સુધીની બધી કથા આવે છે. તો એ પણ આપણે બધાએ સાંભળી છે. તો આ રીતે મહારાજના ચરિત્ર ગાઈ અને જીવમાં ઉતારવા. મહારાજે કહ્યું ને કે શ્રવણ, મનન,નિદિધ્યાસ અને સાક્ષાત્કાર કેને કહેવાય ? શ્રવણ એટલે આપણે પહેલાં જે કથા સાંભળી હોય, પ્રેમથી તેને જીવમાં ઉતારવી અને હંમેશા સંભારવી, તો ભગવાનનો પણ સાક્ષાત્કાર થાય, આત્માનો ય સાક્ષાત્કાર થાય અને કથાનો પણ સાક્ષાત્કાર થાય. તો આપણે પણ એવો અભ્યાસ કરવો. જ્યારથી આ સૃષ્ટિનું મંડાણ થયું, ત્યારથી શાસ્ત્રમાં વર્ણાશ્રમના ધર્મ- ચાર વર્ણ અને ચાર આશ્રમ એ ભગવાને કર્યા છે. તો એમાં જે વર્ણ -બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર અને આશ્રમ- બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ એ ચાર વર્ણ અને ચાર આશ્રમ એવા જે ધર્મ નિયમ છે એ પાલન કરવા, તો એને કરીને પણ પુષ્ટિ થાય છે.

ભગવાન તથા પોતાના ઈષ્ટદેવને વિશે દૃઢતા હોય કે આ ભગવાન જે પુરૂષોત્તમ નારાયણ મને મળ્યા, એ જ મારા ઈષ્ટદેવ છે. રામાયણની વાત કરી, કૃષ્ણ ભગવાનની વાત કરી કે રામના જે ઉપાસક હોય એણે વાલ્મીકિ રામાયણ અને તુલસીકૃત રામાયણ એણે કરીને પુષ્ટિ થાય. કૃષ્ણ ભગવાનના ઉપાસક હોય એણે ગીતા, ભાગવત, આદિક ગ્રંથ સાંભળવાથી એની પુષ્ટિ થાય અને આપણે સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત છીએ તો શિક્ષાપત્રી, વચનામૃત, સત્સંગિજીવન આદિક ગ્રંથો વાંચીએ, સાંભળીએ અને મનન કરીએ, તો આપણને પોતાના ઈષ્ટદેવ વિષે દૃઢતા થાય. આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન એને વિષે બહુ પ્રેમ કરવો. મારા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન છે, એ કાળ, કર્મ અને માયા થકી રહીત છે અને સર્વ સુખના દેનારા છે એવો એના વિષે પ્રેમ કરવો.

પ્રેમી ભકત જેતલપુરના ગંગામા

ગંગામાની મોટા સંતોએ વાત લખી કે ગંગામા હતા એ, મા કહેવાતા. પોતાનો જન્મ વૈશ્યમાં હતો પણ પૂર્વ જન્મના કોઈક યોગ્યભ્રષ્ટ જીવાત્મા હતા. સ્વામિનારાયણ ભગવાને વચનામૃતમાં પણ કહ્યું અને શ્રીકૃષ્ણ ભગવાને ગીતાજીમાં પણ કહ્યું કે, ભગવાનની ભક્તિ કરતા કરતા કાંઈક અધુરૂં રહી ગયું હોય, તો પવિત્ર એવા જે બ્રાહ્મણ અને સારા જે ભક્ત એવા ને વિષે જન્મ આવે. એમ પૂર્વનો યોગભ્રષ્ટ જીવાત્મા હોય અને ભગવાનનું કે ભગવાનના સંતોનો યોગ થાય, તો થોડા કાળમાં એ ભક્ત બની જાય છે. તો ગંગામા પણ પૂર્વના યોગભ્રષ્ટ જીવાત્મા હતા, એટલે ગંગામાને પણ ભગવાનને વિષે પ્રેમ થઈ ગયો. રસ્તામાં ચાલ્યા જાય ત્યારે માથા ઉપર સગડી લઈને દાળ, ભાત, શાક ચડાવતા જાય. આપણને એમ જ ચાલવું હોય તો થાકી જવાય, પણ માથામાં સુંડલામાં એ બધું લઈને, માથે તાપ તો લાગતો હશે, પણ ભગવાનને વિષે એવો પ્રેમ હતો, તે ચાલતા ચાલતા રસ્તામાં દાળ, ભાત, શાક ચડાવતા જાય અને રસ્તામાં મહારાજ જ્યાં ઉતરે ત્યાં રોટલી કે શીરો કરી કહે કે, હાલો મહારાજ, જમવા પધારો. ત્યારે જેમ પોતાની માતા હોય, એ પોતાના લાડકવાયા બાળકની સંભાળ રાખે, તેમ આ ગંગામા પણ સ્વામિનારાયણ ભગવાનને વિષે એવો પ્રેમ રાખતા અને સમય સમય પ્રમાણે ભગવાનને જમાડતા, નવડાવતા, સેવા કરતા. તો આપણે પણ ભગવાનને વિષે એવો પ્રેમ કરવો.

અનન્ય નિષ્ઠાવાન ભકત સુરતના આત્મારામ દરજી

એક દરજીની વાત લખી. સુરતમાં આત્મારામ કરીને એક દરજી હતા. એ પણ ભગવાનના એવા ભક્ત. પોતે દરજીનું કામ કરી કપડાં સીવે. હવે તો સંચા થઈ ગયા, પહેલાં સંચા ન હતા એટલે હાથેથી કરીને સોય દોરાથી કપડાં બનાવતા. એક સમયે એમને એવો પ્રેમ થઈ ગયો કે આ ભગવાનને વિષે એક ડગલી બનાવું. ભગવાનની મૂર્તિ સંભારી અને એ ટાંકા લેતા જાય. જેમ આપણા સત્સંગિજીવનના શાસ્ત્રમાં લખ્યું કે જીવુબા, લાડુબા, આદિક અન્નકૂટની સેવા કરતા. તે પાપડ વણતા, સેવ વણતા, વડી બનાવતા, પણ એક એક વડીએ કે પાપડે ભગવાનનું નામ લેતા. નામ લેતા લેતા એમની વૃત્તિ સ્થિર થઈ જાય. પાટલા ઉપર હાથ રહી જાય અને એમ સ્થિર થઈ જાય.

ભુજમાં પણ એવા એક સંત હતા. અચ્યુતદાસ સ્વામી એમનું નામ હતું. એ પણ એવી સ્થિતિવાળા હતા. રોટલી ચડાવતા ચડાવતા " અરે, આ રોટલી મારા ભગવાન જમશે" એટલે ભગવાનની મૂર્તિમા તલ્લીન બની જાય હો ! હાથ રહી જાય થાળીમાં ને સ્વામી એમ ને એમ બેઠા હોય. આપણા સિદ્ધાનંદ સ્વામીની વાત લખી. સિદ્ધાનંદ સ્વામી હતા એ પોતે ફૂલ લેવા જાય, ગુલાબનું, ચંપાનું, આદિક સુગંધીમાન ફૂલ હોય એ લે. " અહો, આ ફૂલ મારા ભગવાન સૂંઘશે " એમ ભગવાનની મૂર્તિ સંભારીને ફૂલ એમ જ રહી જાય અને ત્યાં સ્થિર થઈ જાય અને ઊભા પડ્યા હોય ને પોતાના દેહનું ભાન ભૂલી જાય. આપણને તો દેહનું ભાન ભૂલાતું નથી, તમને બધાને ભૂલાઈ જાય છે ખરૂં ? આપણને હજી આ લોક અને આ દેહ ભૂલાતો નથી. આપણે આ અક્ષરધામની સભામાં શા માટે બેઠા છીએ ? હમણાં કોઈને કાંઈ કામ છે નહીં અને આ જગતના જીવો હોય એ ફરવા જાય, બગીચામાં જાય, નાસ્તો કરવા જાય, અને કેટલાક વળી ફિલ્મ જોવા જાય. એમ આપણે અહીં ફરવા માટે કે ફિલ્મ જોવાને માટે ભેળા થયા નથી, પણ આપણે બધા સાથે મળીને ભગવાનના મોટા સંતોના ગુણ ગાઈને એ પ્રમાણે વર્તવા ભેળા થયા છીએ. તો એ બધા તો ભગવાનના ધામમાં ભગવાનના સુખે સુખિયા છે, તો આપણે પણ એ સુખ લેવાને માટે જ ભેળા થયા છીએ. આવી રીતે મહારાજના વચન ધારી, વિચારી અને એ પ્રમાણે આપણે વર્તીએ, તો આપણને પણ એવો જ આનંદ આવે.

તે આ દરજી ટાંકા લેતા જાય અને સ્વામિનારાયણ, સ્વામિનારાયણ નામ લેતા જાય અને ભગવાનની મૂર્તિમાં તલ્લીન બની જાય. એ ડગલી સીવીને મહારાજ પાસે ગયા. રસ્તામાં ભાવનગર ગામ આવ્યું. ત્યાંના રાજાનું વજેસિંહ નામ હતું, એને ખબર પડી કે આ દરજીએ ડગલી સારી સીવી લાગે છે, તો એ ડગલી હું પહેરું. એટલે રાજાએ કહેવરાવ્યું, એ દરજીને કહો કે, એ ડગલી મને આપે તો એને લાખ રૂપિયા આપું. ડગલીની કિંમત લાખ રૂપિયા હતી નહીં. એ સમયમાં તો ડગલીની કિંમત પાંચ-દસ રૂપિયા માંડ થતી. પણ આ ભક્ત તો અનન્ય નિષ્ઠા વાળા હતા. એમને ભગવાનને વિષે નિષ્ઠા હતી કે આ ડગલી તો મારા ભગવાન પહેરે એવી છે અને ભગવાનને પહેરવા માટે જ મેં આ ડગલી રાખી છે. મારે ભાવનગરના રાજાને આ ડગલી પહેરાવવી નથી, મારે લાખ રૂપિયા જોઈતા નથી. રાજાને કહો કે મારે આ ડગલી આપવી નથી. આ ડગલી તો મેં મારા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન માટે બનાવી છે. રાજાને વાત કરી. રાજા કહે કે ડગલી ના આપે તો કાંઈ નહીં, પણ એના જેવી બીજી ડગલી સીવી આપે. તો વાત કરી અરે ભલા માણસ, આ તો કાંઈ થાય એવું નથી. તો આપણે પણ આવા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન મળ્યા, તો એને વિષે એ દૃઢતા રાખવી. પૈસા માટે ડગલી સીવી નથી, પ્રેમના કારણે સીવી છે. મારે જેવો ભગવાનને વિશે પ્રેમ છે એવો આ રાજાને વિષે કેવી રીતે કરી શકું ? એટલે એવી ડગલી તો થાય નહીં. આમ લાખ રૂપિયામાં પણ લલચાણા નહીં. મહારાજ પાસે ગયા. મહારાજને ડગલી પહેરાવી. મહારાજ બહુ રાજી થયા. અહોહો ! આત્મારામ દરજી, તમે આ ડગલી બહુ સારી સીવી છે.

ત્યારે આમાં કહેવાનો હેતુ એટલો જ કે, પોતાના ઈષ્ટદેવને વિષે આવી દૃઢતા- મહારાજની કથા, વાર્તા, કીર્તન, ધ્યાન, ભજન તથા સત્સંગ સાચે ભાવે કરીને આપણી જે કંઈ કસરો હોય તે ટાળવી.

સાચો મળ્યો છે સત્સંગ,
અંગે અચળ કરીને રાખજો

નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે,

"સાચો મળ્યો છે આ સત્સંગ, અંગે અચળ કરીને રાખજો,
રખે ચડે બીજાનો રંગ, એવું ડહાપણ દૂર તમે રાખજો."

આપણને આ સાચો સત્સંગ મળી ગયો છે. કેટલાયે એ સત્સંગ ગોતવા જાય છે. સાધુને ગોતવા જાય છે, ભગવાનને ગોતવા જાય છે, તો પણ મળતા નથી. આપણને તો આ ભગવાનની દયા હશે અને પૂર્વ જન્મના પુણ્ય હશે, ત્યારે જ આ યોગ મળ્યો છે. માટે સાચે ભાવે સત્સંગ કરી, આપણી જે કંઈ ખામી હોય કે વાસના હોય, તે આ સત્સંગે કરી ટાળી દેવી. ત્યાગી હોય કે ગૃહસ્થ ભગવાનના અક્ષરધામમાં તો ભેળું જ રહેવું છે. તો આપણે બધાએ આપણી જે કાંઈ ખામી હોય, તે ટાળી ભગવાનની મૂર્તિ અંતરમાં રાખી, આ લોકના રાગ માત્ર નિર્મૂળ થઈ જાય અને દેહને અંતે ભગવાનની સેવામાં રહી જવાય, એ જ આ મનુષ્ય જીવનનો સાચો લાભ છે. માટે આપણે બધાએ કાળજી રાખવી.

આપણા પર સ્વામિનારાયણ ભગવાને દયા કરી છે. દયા તો બધા જ કરે છે પણ આ સ્વામિનારાયણ ભગવાને ઘણી દયા કરી છે. સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું કે, " લહેરી આવ્યા છે આજ લે'રમાં, ઘણી મહેનત કરી છ મે'રબાન" લહેરીલા મહારાજે મહેર કરી છે. આ મહેર એટલે દયા. બહુ ઘણી દયા કરી અને પોતે અહીં અક્ષરધામથી પધાર્યા. તો ભગવાનને અક્ષરધામમાંથી પધારવાનો હેતુ એ જ હતો કે,અનાદિકાળનો આ જીવાત્મા માયામાં રખડતો આવ્યો છે. અનંતકોટી બ્રહ્માંડના જીવો આ માયામાં રખડતા આવ્યા છે. તો આ ભગવાન પુરૂષોત્તમ નારાયણ ભરત ખંડ ઉપર દયા કરી, ભરતખંડમાં દુર્વાસાના શ્રાપનું નિમિત્ત ઊભું કરી અહીં પધાર્યા. તો આપણા સૌના મોટા ભાગ્ય છે કે, આ સ્વામિનારાયણ ભગવાને આપણા પર દયા કરી, બધા જીવોનું કલ્યાણ કરવા માટે અક્ષરધામમાંથી અહીં પધાર્યા છે.

તો આપણે બધા ભગવાનની પ્રસન્નતાના સાધન જેટલા બને તેટલા વિશેષ કાળજી રાખીને કરીએ તો જલ્દી કામ થઈ જાય. ધીમે ધીમે કરશું તો વાર લાગશે પણ આપણે જલ્દી કરશું તો જલ્દી થઈ જાશે.

મહારાજે વચનામૃતમાં કહ્યું કે, કાશી જાવું હોય તો બબ્બે ડગલાં ચાલે તો વાર લાગે અને વીશ વીશ ગાઉ ચાલે તો જલ્દી પૂગી જવાય. તેમ આપણે પણ આ મોક્ષ સંબંધી કામ કરવામાં, તીવ્ર શ્રદ્ધા રાખીને કરશું તો જલ્દી થઈ જાશે. સ્વામિનારાયણ ભગવાને વચનામૃતમાં અને ગીતાજીમાં પણ લખ્યું કે,

શ્રધ્ધાવાન્ લભતે જ્ઞાનં તત્પરઃ સંયતેન્દ્રિય।
જ્ઞાનં લબ્ધા પરં શાન્તિમચિરેણા ધિ ગચ્છતિ।।

શ્રદ્ધાવાળા હોય એનું આ જ જન્મે કલ્યાણ થાય, મંદ શ્રદ્ધાવાળાનું અનેક જન્મે કલ્યાણ થાય. તો આપણે તીવ્ર શ્રદ્ધા રાખી ચાલશું તો જલ્દી કામ થઈ જાશે. હવે અનંત કોટિ બ્રહ્માંડના અધિપતિ સ્વામિનારાયણ ભગવાન અહીં પધાર્યા છે, તો આપણે હવે અનેક જન્મ ધરવા ન પડે અને આને આ જન્મે આપણા જીવાત્માનું કલ્યાણ થઈ જાય. એ માટે જે હેતુથી ભગવાન આ પૃથ્વી પર પધાર્યા, તે હેતુ સાર્થક કરવા આપણે ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તીએ, તો ભગવાનના હેતુને અનુસર્યા કહેવાઈયે અને ભગવાન આપણા પર રાજી થાય. તો આપણે સૌએ કાળજી રાખવી.

બીજું, વચનામૃતમાં બહુ સારી વાત આવે છે કે, ભગવાન અને ભગવાનના સંત એ બે જ જીવના સાચા કલ્યાણકારી છે. ભગવાન અને ભગવાનના સંત ઉપર એવું હેત રાખવું, જેવું આપણા સ્ત્રી, પુત્ર, સગાસંબંધી ઉપર હેત હોય, એનાથી પણ વિશેષ હેત રાખવું. સ્ત્રી, પુત્ર, સગાસંબંધી એ કુલક્ષણવાળા હોય તો પણ જીવને એમાંથી હેત ટળતું નથી. તો આપણે યાદ રાખીએ કે, આપણને ભગવાન પણ મળ્યા છે, સંતો પણ મળ્યા છે અને સત્સંગ પણ મળ્યો છે. કોઈ વાતે કચાશ રાખી નથી.

શ્રી સ્વામિનારાયણ ભગવાનનો મત વિશિષ્ટાદ્વૈત છે

ગ.મ.પ્રા.ના ૬૬ માં વચનામૃતમાં મહારાજે બહુ સારી વાત કરી છે કે, ભગવાનના ભક્ત ભગવાનને ભજીને ભગવાનના સાધર્મ્યપણાને પામી જાય છે. ત્યારે કેટલાકને ગેરસમજણ થઈ જાય કે, એ ભગવાનના સાધર્મ્યપણાને પામી જાય એટલે એ ભગવાનરૂપ થઈ જાય ? કેટલાક સંપ્રદાયમાં એવું પણ છે કે જ્યાં સુધી માયામાં છે ત્યાં સુધી માયામય કહેવાય. માયાથી મુક્ત થઈ જાય કે એને જ્ઞાન થઈ જાય, તો એ ભગવાન તુલ્ય થઈ જાય. ત્યારે સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીના એક્સોને એકવીસમાં શ્લોકમાં પણ કહ્યું કે, અમારો મત છે એ વિશિષ્ટાદ્વૈત છે. એટલે ભગવાનને ભજીને ભગવાનના સાધર્મ્યપણાને ભલે પામી જાય અને ભગવાનના સુખે સુખિયા પણ થાય અને ભગવાનના જેવું ઐશ્વર્ય પણ પામે. પ્રથમના ૨૭માં વચનામૃતમાં પણ લખ્યું કે, ભગવાનના ભક્ત હોય એ આવી રીતે ભગવાનનું ધ્યાન ને ભજન કરે તો એ ભગવાનમય જ બની જાય છે. તેના નેત્રમાં જોનારા ભગવાન છે, ચાલનારા ભગવાન છે, બોલનારા ભગવાન છે. એની દરેક ક્રિયા ભગવાનમય બની જાય છે. ત્યારે

એને જો સમજણની દૃઢતા બરાબર ન હોય, તો જ્ઞાન બરાબર પચાવી ન શકે અને સ્વામી સેવકપણું જતું રહે છે અને એમાં વિઘ્ન આવી જાય છે.

તો આ સંપ્રદાયમાં મહારાજે ૨-૩ દૃષ્ટાંતો આપ્યા. રવજી સુતારની વાત લખી કે રવજી સુતારને પણ આવી રીતે જ્ઞાન થયું, તો એને પણ થોડુંક માન આવી ગયું કે હું ભગવાન છું. હું ભગવાનના જેવું જ કામ કરૂં છું, એટલે એને અભિમાન આવી ગયું. મહારાજને ખબર પડી એટલે ઐશ્વર્ય પાછું ખેંચી લીધું. શેખજી હતા. એની દાઢી દેખાયને સમાધિ થાય. એટલે એમને પણ અભિમાન આવી ગયું. એટલે એના જ્ઞાનમાં પણ વિઘ્ન આવી ગયું. મહારાજે દૃષ્ટિ કરી એટલે એમનામાં પણ ઐશ્વર્ય જતું રહ્યું. એટલે આમાં કહેવાનો હેતુ એટલો જ કે આવી રીતે ભગવાનનું ધ્યાન ભજન કરતા કરતા ઐશ્વર્ય આવે તો પણ છકી ન જાય અને ભગવાનને વિષે સ્વામી સેવકપણું બરોબર રહે તો જ એ ભક્ત બરાબર કહેવાય.

ભગવાનના ભક્તે હંમેશાં દાસભાવ રાખવો
(કચ્છના કરમશીભાઈ)

સ્વામિનારાયણ ભગવાને મધ્યના રૂપમાં વચનામૃતમાં પણ એ જ કહ્યું. પ્રથમ સાધુની વાત કરી. પ્રથમ જ્યારે સાધુ થયા હોય ત્યારે કાંઈ આવડતું ન હોય એટલે પછી બીજા સંતો પાસે જાય અને કહે, સ્વામી મને આવડતું નથી, મને શિખવાડજો. આમ શાસ્ત્રો ભણતા ભણતા શાસ્ત્રીની અને આચાર્યની પદવીને પામે. સાધુ થઈને ભગવાનનું ધ્યાન, ભજન કરતા કરતા એને ભગવાનના જેવું ઐશ્વર્ય આવી જાય, તો પણ એના વિષે લખ્યું કે, પ્રથમ જ્યારે આવ્યો હોય ત્યારે જેવું દાસપણું તેનામાં હોય, તેવું જ દાસપણું પછી પણ રહે તો એ ખરો સાધુ કહેવાય. પછી ગૃહસ્થની વાત લખી. ગૃહસ્થ હોય એ અમદાવાદમાં, ગાંધીનગરમાં કે ભુજમાં જાય ત્યારે એને એક મણ અનાજ ઉધાર આપે પણ એક મણથી વધારે આપે નહીં, એવી એની સ્થિતિ હોય, પણ એમ કરતા કરતા એ ભગવાનની દયાથી લાખો કરોડો રૂપિયા કમાય, મોટા દરજ્જાને પામે, મોટા હોદ્દાને પામે, ઐશ્વર્યને પામે તો પણ પહેલા એના વિષે જેવું દાસપણું હતું તેવું ને તેવું રહે, તો એ ભગવાનનો ભક્ત બરાબર કહેવાય.

એક ભક્તની વાત લખી છે કે, કચ્છમાં કરમશીભાઈ કરીને ભક્ત હતા. પૂર્વના સંસ્કારે કરીને એમની સ્થિતિ જરાક નબળી. પણ મહારાજે લખ્યું કે,

ભગવાનના ભક્ત અન્ન, વસ્ત્રે કરીને દુઃખી ન થાય. જેમ સેવકરામ સાધુની વાત લખી કે, સેવકરામ સાધુએ મહારાજને જમવાનું કે પૈસા આપ્યા નહીં, તો બીજા જન્મમાં તેને પણ એવી જ તકલીફ પડી અને પૈસા કે જમવાનું મળ્યું નહીં. આ ભક્તે પણ પૂર્વમાં ભગવાનનો અપરાધ કર્યો હશે એટલે એમની સ્થિતિ નબળી હતી. આગળ માણસો દુઃખી હતા ત્યારે મુંબઈ કમાવા જતા. ત્યાં ઉદ્યમ કરે એટલે ભગવાન એને પૈસા આપે. આ પણ કમાવા ત્યાં ગયા. એમની પાસે પણ ખાવાનું કે રહેવાનું હતું નહીં. કોઈ ઓટલો હશે ત્યાં રાત્રે સૂઈ જાય. દિવસ આખો વ્યાપારીને ત્યાં કામ કરે અને જે જમવાનું મળે એ જમીને ત્યાં ઓટલા પર નિવાસ કરે. એમ કરતા પાંચ-પંદર દિવસ થયા ત્યારે એક શેઠ રસ્તા પર ચાલ્યા જતા હતા, તેમણે આ માણસને જોયો અને મનમાં થયું કે આ માણસ સારો લાગે છે. પછી શેઠે એને પૂછ્યું કે તું ક્યાંનો છો ? આણે બધી વાત કરી કે હું કચ્છનો છું ને કમાવા આવ્યો છું. શેઠે કહ્યું કે ચાલ અમારી દુકાને, એમ કહીને શેઠ પોતાની દુકાને લઈ ગયા ને બધો ધંધો શિખવાડ્યો અને ભાગ કરી આપ્યો. શેઠને પણ થયું કે આ માણસ સારો છે. એ પોતે કરોડપતિ હતા છતાંય પોતાની કન્યા તેને પરણાવી દીધી. ભલે આની પાસે પૈસા નથી પણ માણસ સારો છે, એટલે આને ઘેર મારી કન્યા દુઃખી નહીં થાય, એમ વિચારી પોતાની કન્યા પરણાવી આપી અને ધંધામાં ભાગ કરી આપ્યો. આમ ભગવાનની દયાથી એ પણ કરોડપતિ થયા અને રાજદરબારમાં મોટા હોદ્દાને પામ્યા છતાં પણ પોતે એવા નિર્માની કે મંદિરમાં જાય તો ગાડી લઈને ન જાય, પણ ચાલતા જાય. વળતા ભલે ગાડી તેડી જાય, પણ જાય ચાલીને.

એક નિષ્કામાનંદ કરીને બ્રહ્મચારી હતા. એમણે કરમશીભાઈને કહ્યું કે કરમશીભાઈ, તમને શેઠ કહું કે સાહેબ કહું કે ભાઈ કહું ? ત્યારે કરમશીભાઈએ કહ્યું કે મને કમલો કહેજો. હું નાનો હતો ત્યારે મારી મા મને કમલો કહેતા અન ભેટતા. માટે મને કમલો કહેજો. આમાં કહેવાનો હેતુ એટલો જ કે પોતે આટલા પૈસા કમાણા, આટલા મોટા હોદ્દાને પામ્યા, તો પણ તેમણે માન રાખ્યું નહીં.

દેહનું કલ્યાણ કેમ થાય ? (કુંવરજીભાઈ તલાટી)

કુંવરજીભાઈની વાત લખી છે. એક ગામમા કુંવરજીભાઈ હતા. એ તલાટી હતા. રાજાશાહીના જમાનામાં ગામડામાં તલાટી હોય એ હુકમ ચલાવતા.

ભક્તચિંતામણિમાં પણ લખ્યું કે, કેટલાક માણસો એવા હોય કે પહેલા આપે ગાળ અને પછી કરે વાત, તેમ આ ભાઈ પણ તેવા જ હતા. ખળાં ભરાવા જાય ત્યારે બે-ચાર ગાળો બોલે એટલે ખળાં ભરાય, એવો તેજ સ્વભાવ હતો. એકવાર આવી રીતે કોઈ સારા ખેડૂતને ત્યાં ખળાં ભરવા ગયા હશે. ખેડૂત બહાર કંઈ કામે ગયો હતો, ઘરમાં દશબાર વર્ષનો છોકરો હતો. છોકરાને પૂછ્યું કે છોકરા આ દેહનું કલ્યાણ કેમ થાય ? ત્યારે છોકરો પણ પૂર્વનો સંસ્કારી હતો અને માબાપે નાનપણથી જ સારા સંસ્કાર આપ્યા હતા. મહાત્માઓએ લખ્યું છે કે, માતા-પિતાએ પણ નાનપણથી જ બાળકને સારા સંસ્કાર પાડવા જેમ કે ભગવાનની પૂજા કરવી, ભગવાનની ભક્તિ કરવી, દેવમંદિરે દર્શને જાવું, કોઈ પ્રકારના વ્યસન કે ફેલફતુર રાખવા નહીં, એવા સારા સંસ્કાર માબાપે આપવા, એ મા-બાપની ફરજ છે અને ગુરૂની પણ અ જ ફરજ છે. શાસ્ત્રમાં લખ્યું છે કે છોકરાં માતા, પિતા અને ગુરૂ એ ત્રણથી જ બગડે છે ને એ ત્રણથી જ સુધરે છે. માતા-પિતાએ પણ બહુ કાળજી રાખવી.

અમારા ગુરૂ કહેતા- તમે બધા માહું ન લગાડજો, પતિ-પત્નીમાં કાંઈ વાતચીત હોય, તો નાના છોકરાં સાંભળે તેમ ન કહેવું, પણ જ્યારે એકલા હોઈએ, ત્યારે વાતચીત કરવી. છોકરાં સાંભળતા હોય ત્યારે પતિ-પત્ની ઊંચા સાદે બોલે, તો છોકરાઓને પણ સારા સંસ્કાર ન પડે. આમાં તો કોઈ બોલે એવું છે નહીં એટલે તમો બધા માહું ન લગાડજો, પણ આ તો અમારા ગુરૂ કહેતા એટલે તમને વાત કરી. તો, શાંતિથી કહેવું. વાત સીધી, સાચી હોય પણ ગુસ્સો કરીને કહીએ તો મનાય નહીં. શાંતિથી કરીએ તો મનાય. છોકરાંને પણ કાંઈ કહેવું હોય કે સગાસંબંધીઓને કાંઈ કહેવું હોય, તો એ પણ શાંતિથી કહેવું.

અમારા ગુરૂ પણ વાત કરતા કે, નાનો છોકરો હોય ને કમલો, રતનિયો, શામલો એવી રીતે કહીએ, પણ છોકરો મોટો થાય પછી એમ ન કહેવાય, એને કહેવાય કે આવો ભાઈ ! આમાં કેમ કરશું ? એમ વાત સીધી હોય અને શાંતિથી કહીએ તો છોકરાંને પણ મનાય. અમારા ગુરૂ એમ પણ કહેતા કે, સાધુઓને કાંઈ કહેવું હોય, હરિભક્તોને કાંઈ કહેવું હોય, તો એ પણ શાંતિથી કહીએ તો મનાય. વઢવા મંડીએ તો કોઈ આવે નહીં.

એમાં કુંવરજીભાઈએ છોકરાને પૂછ્યું આ દેહનું કલ્યાણ કેમ થાય ? તો છોકરાએ કહ્યું કે, સવારે વહેલા ઊઠીને નાહ્યા વિના બે-ચાર કપ ચા પી, બે-

ચાર બીડી પી અને પછી નાસ્તો કરીએ તો કલ્યાણ થઈ જાય. નાનપણથી એ છોકરાને એવા સંસ્કારો હતા ને ? નાહવા-ધોવાનો નિયમ નહીં, ચા પીએ બીડી પીએ, એવું જ બધું જોયેલું એટલે એણે એવો જવાબ આપ્યો. પણ કુંવરજીભાઈને નવાઈ લાગી, આ છોકરો મારી મશ્કરી કરે છે કે શું ? પા અડધો કલાક થયો ત્યાં એના પિતાજી આવ્યા એટલે કુંવરજીભાઈ બોલવા મંડ્યા કે આ નાના છોકરાને આવા સંસ્કાર આપ્યા છે ? હું આ ગામનો આવડો મોટો તલાટી અને મારી મશ્કરી કરે ? એના પિતાજી કહે કે મારો છોકરો મશ્કરી કરે એવો નથી જ. નાનપણથી જ અમે સત્સંગના સંસ્કાર નાંખ્યા છે. એટલે એ મશ્કરી કરે નહીં. તો કહે ના પૂછો એને. પછી છોકરાને પૂછ્યું કે, આમણે તને શું કહ્યું ? તો કહે દેહનું કલ્યાણ કેમ થાય? પછી તે એને શું કહ્યું ? છોકરાએ કહ્યું નાહ્યા-ધોયા વિના ચાય પીવી, બીડી પીવી, એમ બધું કરીએ તો કલ્યાણ થઈ જાય. ત્યારે એના પિતાજીએ કુંવરજીભાઈને કહ્યું કે મારા છોકરાએ બરાબર કહ્યું છે. એમાં ખોટું શું કહ્યું છે ? દેહનું કલ્યાણ તો એમ જ થાય ને ? એને પૂછો કે આત્માનું કલ્યાણ કેમ થાય ? આત્માનું કલ્યાણ કેમ થાય એમ પૂછ્યું હોત, તો એ બરાબર જવાબ દેત, બાકી દેહનું કલ્યાણ તો ખાવું-પીવું ને મજો કરવો એમાં જ થાય ને એમાં શું ખોટું કહ્યું ? ત્યારે કહે આત્માને દેહ શું નોખાં છે ? તો કહે તે આત્મા અને દેહ નોખાં જ છે ને ? તમે જાણો છો કે આપણે બોલીએ છીએ, ચાલીએ છીએ, પણ જો આપણા દેહમાંથી આત્મા નીકળી જાય, તો બોલાય પણ નહીં અને ચલાય પણ નહીં. તો કહે એ વાત બરોબર. પછી પૂછ્યું તમે આ વાત શિખ્યા ક્યાંથી? તો કહે એ તો અમારા સંતોના સમાગમથી એવું જ્ઞાન થયું.

તો કહે તમારા સંતો ક્યાં છે ? તો કહે એ તો ભુજમાં છે. મારે પણ એ સંતોના દર્શન કરવા છે. પછી એને પણ ત્યાં લઈ ગયા. ત્યાં અક્ષરજીવનદાસજી સ્વામી હતા. એ સારી સ્થિતિવાળા હતા અને ભગવાનનું ધ્યાન, ભજન અખંડ કરતા. ત્યારે એમની પાસે ગયા. સ્વામીએ તો ભગવાનના ધ્યાનની, ભજનની, જ્ઞાનની વાતો કરી ત્યારે એમના અંતરમાં તો શાંતિ થઈ ગઈ કે, મેં ઘણાય બાવાઓ જોયા, સાધુઓ જોયા, પણ આવી શાંતિ તો મને ક્યાંય થઈ નથી. ત્યારે કથા પૂરી થઈ, સંતો આસને ગયા. પછી એમણે પટેલને કહ્યું કે, આ તમારા સંતો તો બહુ સારા છે, એ મારા ગુરૂ થાશે ? પટેલે કહ્યું પૂછી જોઈએ, કારણ કે સ્વામી તો સ્વતંત્ર કહેવાય અને મહારાજે પણ કહ્યું છે કે, પરીક્ષા લીધા વિના શિષ્ય બનાવાય નહીં. શિષ્યની પણ પરીક્ષા કરવી અને ગુરૂની

પણ પરીક્ષા કરવી પણ એમ પરબારા ગુરૂ બનાવવા નહીં.ગુ એટલે અંધકાર અને રૂ એટલે નાશ. અજ્ઞાનરૂપી અંધકારનો જે નાશ કરે એને ગુરૂ કહેવાય અને શિષ્ય પણ જો નિયમ-ધર્મનું પાલન કરતો હોય, તો જ એને શિષ્ય બનાવવો. એ સ્વામી પણ ત્રિકાળજ્ઞાની હતા. એમણે જાણ્યું કે આ પૂર્વનો યોગભ્રષ્ટ જીવ છે, એટલે આવા હોદ્દાને પામ્યો છે. ભલે અજ્ઞાની છે, પણ જીવ સારો છે. એને વર્તમાન ધરાવી કંઠી પહેરાવી. પાંચ વર્તમાન આપ્યા- દારૂ, માટી, ચોરી, અવેરી, વટલવું નહીં અને વટલાવવું નહીં. ભગવાનની ભક્તિ કરવી અને ગુસ્સો ન કરવો. સ્વામીએ પણ પહેલાં કંઈક સાંભળ્યું હશે, એટલે આ નિયમ આપ્યો પણ કુંવરજીભાઈ કહે કે, સ્વામી પહેલાના નિયમ તો બરાબર, પણ ગુસ્સાવાળો નિયમ મારાથી પળાય નહીં. ત્યારે સ્વામી કહે, એ તો પહેલું પાળવું પડે. ત્યારે સ્વામીના વચનમાં વિશ્વાસ રાખી ક્યારે પણ ગુસ્સો ના કર્યો હો. સ્વામીના વચનથી જ્ઞાન, ધ્યાન, ભજન કરે. ત્યારે હમણાંની પેઠે ગાડી જેવા સાધનો બહુ નહીં. તે ગાડા ઉપર જાતા કે ઘોડા ઉપર જાતા. તે ઘોડા ઉપર બેસીને જાય ત્યારે લગામ છુટ્ટી મૂકી દે હો ! અને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતા કરતા ભુજ આવે. ભુજ એમના ગામથી પચ્ચીસ કિલોમીટર દૂર થાય, પણ ભુજ આવે ત્યાં સુધી આંખ ખોલે નહીં અને ઘોડું પણ એવું ભોમિયું થઈ ગયેલું કે, છેક ભુજનો દરવાજો આવે ત્યારે આંખ ખોલે.

ત્યારે કહેવાનો હેતુ એટલો જ કે, આવી રીતે સંતનો સમાગમ કરતા કરતા એમને આત્માનું જ્ઞાન થયું. આમાં પણ એવી જ વાત છે કે આવું આત્મા-પરમાત્માનું જ્ઞાન દૃઢ થઈ જાય, તો પણ એને આમ અભિમાન ન આવે. સ્પષ્ટતાને માટે બહુ સારી વાત કરી. મહારાજ કહે કે, ભગવાનનો જે ભક્ત હોય, એ ભગવાનનું ભજન કરી કરીને ભગવાનના સાધર્મ્યપણાને પામી જાય છે. દેહ મૂકીને ભગવાનના ધામમાં જાય, ત્યારે ભગવાનના જેવું જ ઐશ્વર્ય, સુખ, સામર્થ્ય પામે છે. ભગવાન જેમ પોતાની દિવ્યમૂર્તિને સુખે સુખિયા છે તેમ એ ભક્ત પણ આવી રીતે ભગવાનના સુખે સુખિયા થાય છે. ભગવાનના ધામમાં તેમનું તેજ, ઐશ્વર્ય બધું સરખું જ હોય છે, તો પણ એને સ્વામી સેવકભાવ કેમ કરીને રહે છે ? તો એના ઉત્તરમાં એમ આવ્યું કે, આવી રીતે ભગવાનનો ભક્ત સત્સંગ કરી, સંત સમાગમ કરી અને ભગવાનના આવા મહિમાને પામ્યો હોય કે ભગવાનનો મહિમા અપાર છે, ભગવાનનું

સુખ અપાર છે અને ભગવાનના જેવો કોઈ પણ થઈ શકતો નથી અને ભગવાનનું ઐશ્વર્ય, સામર્થ્ય અને તેજ અધિક જ હોય છે. ભગવાનના સાધર્મ્યપણાને ભલે પામી ગયો, ઐશ્વર્યને ભલે પામ્યો, પણ એ પામ્યો ક્યાંથી ? તો,પોતાના ઈષ્ટદેવ માંથી જ ને? માટે એમના ધામમાં જઈને પણ સ્વામી સેવકપણું તો રહે જ છે.

એમ મધ્યના ૬૭માં વચનામૃતમાં સ્પષ્ટતા તો કરી જ છે. તો એમાંથી આપણને શું લેવાનું કે ભગવાનનું આમ ભજન કરતા કરતા આપણને પણ એવું ઐશ્વર્ય આવી જાય, તો પણ કોઈ પ્રકારનું અભિમાન ન લેવું. પહેલા વાત કરી ત્યાગીને ગૃહસ્થની. ત્યાગી પહેલા આવ્યો હોય ત્યારે કંઈ સમજતો ન હોય, પણ પછી ભગવાનના જેવું ઐશ્વર્ય આવે અને બીજા સંતોને કાંઈ ન આવડતું હોય, તો પણ પોતાથી મોટા જાણે અને પોતાને એનાથી નાનો જાણે. ગૃહસ્થની પણ વાત કરી કે, પહેલા મણ એક અનાજ મળતું હોય અને એમ કરતા કરતા એને કરોડો રૂપિયા મળી જાય કે મોટા હોદ્દાને પામી જાય કે સાહેબ થાય, છતાં પણ એને કોઈ પ્રકારનું અભિમાન ન આવે. તો આપણે પણ આ વચનામૃત વાંચી, વિચારી, મનન કરી અને ભગવાન ભજવામાં આપણી જે કંઈ ખામી હોય તે ટાળવી. આમાં એમ લખ્યું કે, ભગવાનનું ભજન કરીને ભગવાનના સાધર્મ્યપણાને પામે છે. તો ઘણા કહે આ તો સતયુગની વાત લખી છે. કળિયુગમાં આમ થાતું હશે ? વાતે ય સાચી છે. કળિયુગના માણસોને સમજાવવું કઠણ હોય અને અમુક પ્રકારના ફેલ ફતુરમાં જો ખ્યાલ ના રાખે તો પડી જાય. તો આપણે પણ એ ખ્યાલ રાખવો.

એક મહાત્માએ એમ પણ વાત કરી કે, પવિત્ર ગૃહસ્થાશ્રમમાં રહેવું. તો પવિત્ર ગૃહસ્થાશ્રમ કોને કહેવાય ? તો સ્વામિનારાયણ ભગવાને જે પ્રમાણે એક પત્નીવ્રત રાખવાનું કહ્યું અને ચોત્રીસમાં વચનામૃતમાં જે કાયદાઓ લખ્યા, તે પ્રમાણે વર્તે, એ પવિત્ર ગૃહસ્થાશ્રમમાં રહ્યો કહેવાય. પોતાના બાળકોમાં સારા સંસ્કાર નાખવા. પહેલા જેમ વાત કરી કે, ઘરમાં કંઈ બન્યું હોય તો છોકરા દેખતા ઉંચે સાદે બોલવું નહીં. આટલામાંથી આ સભામાં એવા કોઈ હશે નહીં, છતાં પણ કોઈ હોય, તો આપણે એ ખ્યાલ રાખવો. ભગવાને કેટલા જન્મના પુણ્યે આપણને આ સત્સંગમાં જન્મ આપ્યો. તો સાચે ભાવે સત્સંગ કરી આત્મા-પરમાત્માનું જ્ઞાન દૃઢ કરી, ભગવાનની સેવામાં દેહના અંતે રહી જવાય, તો જ આ માનવ જન્મનો ફેરો સફળ કહેવાય. તો આપણે દરેકે કાળજી રાખવી.

આપણા બધાના મોટા ભાગ્ય છે કે, આપણને આવા ભગવાન પુરૂષોત્તમ નારાયણ મળ્યા છે. જો આ ભગવાન ન મળ્યા હોત, તો જેમ જગતના જીવો ત્રિવિધ તાપમાં બળ્યા કરે છે, તેમ આપણે પણ બળ્યા કરત.

ઘનશ્યામ મહારાજનું દિવ્ય બાળચરિત્ર

એક સમયે છપૈયાની વાત લખી. છપૈયા ગામમાં મહારાજ નાના હતા ત્યારે બાળચરિત્ર કરી, ભક્તજનોને સુખિયા કરતા. વેણી, માધવ, પ્રાગ આદિક બધા સખાઓ હતા. એમણે બધાએ આગલા જન્મમાં એવી તપશ્ચર્યા કરીને ભગવાન પાસે એવું વરદાન માંગેલું હશે કે મારા સખા ભગવાન થાય. વળી મોટા સંતોએ પણ લખ્યું કે, સુરા ખાચર, બ્રહ્માનંદ સ્વામી એ પણ મહારાજને સખા ભાવે માનતા. મહારાજ કયારેક રિસાયા હોય કે બોલે નહીં. એવું કંઈ થાય તો સુરો ખાચર અને બ્રહ્માનંદ સ્વામી મહારાજ પાસે જઈ રમૂજની વાતો કરીને મહારાજને રાજી કરતા. એમ છપૈયામાં મહારાજ બાળચરિત્રો કરતા. એમ કરતા મહારાજને ત્રીજું વર્ષ બેઠું ત્યારે બાળ કેશ જેને આપણે બાબરી કહીએ છીએ તે ઉતારવાનો આરંભ કર્યો. ધર્મદેવ અને ભક્તિમાતાએ એમના બધા સગાઓને બોલાવ્યા અને એવી રીતે બાળકેશ ઉતારવાનો પ્રારંભ કર્યો. ત્યારે તે દિવસે ભગવાનના બધા સખાઓ વેણી, માધવ, પ્રાગ વગેરે બધા રમતા રમતા થોડાક ગામની બહાર નીકળી ગયા.

ત્યાં નારાયણ સરોવર પાસે બધા છોકરાઓ આંબા નીચે રમવા માંડ્યા. મહારાજ પોતે ભગવાન હતા પણ આ લોકમાં આવેલા અને મનુષ્ય આકૃતિ ધારણ કરેલી એટલે મનુષ્યની પેઠે જ બધા લોકોને આનંદ આપતા. ભગવાન એવી રીતે વર્તે તો જ આપણને બધાને આનંદ આવે. ભગવાન જો પોતાનું સ્વરૂપ જેવું અક્ષરધામમાં પ્રકાશમાન છે એવું સ્વરૂપ જો હમણાં દેખાડે, તો ભગવાનની ઈચ્છાએ આપણે એ ઐશ્વર્ય સહન કરી શકીએ, નહીંતર ન કરી શકીએ. અર્જુન ભગવાનના ભક્ત હતા, ભગવાને પોતાનું ઐશ્વર્ય દેખાડ્યું એમાં એને આનંદ ન આવ્યો. ભગવાન પોતાના ભક્તજનોને સુખ દેવાને માટે મનુષ્ય આકૃતિ ધારણ કરી, મનુષ્યની જેમ જ વર્તતા. રમતા રમતા તે છોકરાઓ આંબાના ઝાડ નીચે ગયા. તેટલામાં કાળીદત્ત નામનો અસુર ત્યાં આવ્યો. એને થયું કે આ ઘનશ્યામ સખાઓ સાથે રમે છે, તો હું તેમને મારી નાખું. એને ખબર હતી કે ભગવાન ઘનશ્યામનું રૂપ લઈને હમણાં પૃથ્વી પર

પધાર્યા છે. હમણાં એમને મારી નાખું તો પાછળથી કાંઈ કરી શકે નહીં. અસુરોને એમને વિષે એવો દ્વેષ ભાવ હોઈ, એવી ભાવનાથી ત્યાં ગયો. રમતા-રમતા વરસાદનો ટાઈમ થઈ ગયો. વરસાદ આવવા માંડ્યો, વાવાઝોડું આવ્યું, રમતા-રમતા સૌ આગળ નીકળી ગયા, પણ ઘનશ્યામ મહારાજ તો આંબાના ઝાડ નીચે બેઠા રહ્યા. સ્વામિનારાયણ ભગવાને વચનામૃતમાં પણ લખ્યું કે, અમે નાના હતા ત્યારથી જ અમારો એવો સ્વભાવ હતો કે, વન-પર્વતમાં રહેવું, જંગલમાં રહેવું અને ભગવાનનું ભજન કરવું. વસતિમાં તો રહેવું ગમતું જ નહીં. એટલે ભગવાનને તો આ કંઈ કરવું હતું નહીં, પણ આપણને બધું શિખવાડયું. ભગવાન પોતે આંબાના ઝાડ નીચે બેસી અને પોતાના સ્વરૂપનું ધ્યાન કરવા મંડ્યા.

ભગવાન નાના હતા છતાં બાળપણથી જ એમનો સ્વભાવ એવો હતો તે પોતાના ભક્તજનોને શિખવાડતા. ત્યારે કાળીદત્તને એમ થયું કે, આ ઘનશ્યામ એકલા છે ત્યાં જ તેમને મારી નાખું. એટલે પોતે એવું મોટું રૂપ ધરી અને આંબાના ઝાડ ઉપર પડ્યા અને ડાળખી ભાંગી ગઈ અને ઘનશ્યામ મહારાજ ઉપર આ ડાળખી છત્ર આકારે થઈ ગઈ, એટલે મહારાજ ઉપર વરસાદ કે એવું પડે નહીં. પવન આવે તો પણ કંઈ તકલીફ પડે નહીં. ભગવાન તો ત્યાં બેસીને પોતાના સ્વરૂપનું ધ્યાન કરતા હતા. ત્યારે એમના સખાઓ વેણી, માધવ, પ્રાગ વગેરે કહેવા લાગ્યા અરે ! આપણા ઘનશ્યામ ક્યાં ગયા ? આપણા સખા, આપણા મિત્રને તેડી આવ્યા હતા તે ક્યાં ખોવાઈ ગયા ? એના માતાપિતાને આપણે શું જવાબ દેશું ? એમ બધા ચિંતા કરવા માંડ્યા. ત્યાં ઘરે પણ આ ઘનશ્યામ ક્યાં ગયા ? ઘનશ્યામ ક્યાં ગયા? એમ સૌ ચિંતા કરવા લાગ્યા.

આ લોકમાં પણ ગૃહસ્થ લોકો હોય, ત્યારે એમના નાના બાળકો કંઈક આડા-અવળા થઈ જાય, તો એના મા-બાપને ચિંતા થઈ જાય કે મારો છોકરો ક્યાં ખોવાઈ ગયો હશે. છોકરો તો ક્યાંય ખોવાઈ ગયો હોય નહીં, છતાં પણ એના માતા-પિતાને ચિંતા થાય, કેમ કે આ દુનિયામાં ભગવાને મોહ રાખ્યો છે. એટલે સહેજે સહેજે દુનિયામાં પોતાના સ્ત્રી-પુત્ર, સગાસંબંધીમાં મોહ થઈ જાય છે. એટલે ત્યાં ધર્મદેવ અને ભક્તિમાતાને ખબર પડી કે આપણા ઘનશ્યામ દેખાતા નથી તો ક્યાં ગયા હશે ?તપાસ કરી તો ખબર પડી કે, છોકરાઓ બધા રમવા લઈ ગયા છે. મહારાજને જોયા નહીં એટલે માતા પણ બહુ ચિંતા

કરવા માંડ્યા. અરે ! મારા ઘનશ્યામ ક્યાં ગયા ? ક્યાં ગયા ? એમણે ભગવાનને એકદમ ન દેખ્યા એટલે ખૂબજ ચિંતા કરવા માંડ્યા હો. એમણે તો ન દેખ્યા એટલે ચિંતા કરવા માંડ્યા, પણ આપણે ન દેખીએ તો કંઈ ચિંતા કરવા મંડતા નથી. આપણે થોડીવાર દેખીએ અને થોડીવાર ન દેખીએ તો કાંઈ ચિંતા કરવા માંડતા નથી કે ચિંતા કરીએ છીએ ? જેમ ભક્તિમાતાએ ઘનશ્યામ મહારાજને જોયા નહીં, તો ચિંતા કરવા માંડ્યા કે મારા ઘનશ્યામ ક્યાં ગયા, મારા ઘનશ્યામ ક્યાં ગયા. એમ આપણે પણ માનસી પૂજા કરવા બેસીએ કે ધ્યાન કરવા બેસીએ અને થોડીવાર તો ઘનશ્યામ મહારાજ દેખાય અને પછી ન દેખાય. વળી આ દુનિયાની પ્રવૃત્તિમાં ભૂલી જવાય. આટલામાં તો કોઈ ભૂલતા હોય તેવું લાગતું નથી. છતાંય ભૂલતા હો તો આજથી આપણે ખ્યાલ રાખવો અને ભૂલવા નહીં. કીર્તનમાં પણ લખ્યું કે, " હરતા ફરતા કરતા ઘરનું કામ, સ્વામિનારાયણ સ્વામિનારાયણ રટીએ આઠો જામ."

મોટા સંતોએ પણ એવું લખ્યું, ક્યારેય પણ ભગવાનનું એવું સ્વરૂપ ભૂલવું નહીં. અમે ભણતા ત્યારે કવિતા આવતી કે " વિસરું નહીં, વિસરું નહીં, વિસરું નહીં પ્રભુનું નામ" આગળ તો એવી સારી સારી કવિતાઓ આવતી. " નાથ! અમે ઊભા હાથ જોડી, કરો તમે કૃપાદૃષ્ટિ થોડી." એવા કીર્તન પહેલા અમને કવિતામાં ભણવામાં આવતા. હવે આવતા હોય તો ખબર નથી. આ છોકરાઓને ખબર પડે. એવી કવિતાઓ આવે છે ? કે જગતની આવે છે ? તો ત્યારે એવા સત્સંગી કવિઓ હતા ને કવિતામાં ભગવાનના ભજન લખતા. એમ આપણે તો જેમ ભક્તિ માતાએ ઘનશ્યામ મહારાજને જોયા નહીં તો ચિંતા કરવા માંડ્યા, શોક કરવા માંડ્યા. પણ આપણે તો એવી ચિંતા નથી થતી. આપણને પણ એવું થાય તો બરાબર થઈ જાય ને ભગવાન ભૂલાય જ નહીં. તો આપણે પણ આવા ભગવાન ન ભૂલાય એવા ભક્ત થઈ જઈએ. એમાં કાંઈ બહુ મહેનત નથી.

મોટા સંતો કહેતા કે, વૃત્તિને એમ કેળવવી કે જેમ ખેડૂત હોય ને એ પાણીનો ધોરિયો હોય, ત્યાં આમ માટીનો પાટો કરી દે, એટલે પાણીનો ધોરિયો આમથી આમ થઈ જાય. એટલે આપણે વૃત્તિ જો કેળવીએ તો કામ કાંઈ નડતું નથી. એ તો વૃત્તિ કેળવવા માથે આધાર છે. મોટા સંતો કહેતા આપણે પણ આવી રીતે વૃત્તિ કેળવીએ તો કામ થઈ જાય. ત્યાગી હોય કે ગૃહસ્થ, એમાં ત્યાગી ગૃહસ્થનો કાંઈ મેળ નથી કે નાના-મોટાનો મેળ નથી. કેટલાક નાના હોય તો પણ એના સ્વભાવ બાળક જેવો હોય.

એક સંત હતા, એ સિત્તેર વર્ષના હતા. સ્વભાવ એમનો બાળક જેવો. નાના છોકરા હોય એ એમને ચિડવતા. કેટલાક નાના સંત હોય એના વિષે મહારાજે લખ્યું કે, એમના વિષે કોઈ અવળું વેણ પણ કહી શકે નહીં. એવા સંત હોય કે ભગવાનના સારા નાના ભક્ત હોય, તો એમને કોઈ અવળું વેણ પણ કહી શકે નહીં. આપણે જો ભગવાનના આવા વચનો ધારી-વિચારી મનમાં ઉતારીએ, તો અક્ષરધામમાં મુક્તો જેવો ભગવાનનો આનંદ લે છે તેવો જ આનંદ દેહ છતાં જ ભગવાન આપણને આપી દે. પણ આપણે એવી વૃત્તિ તો કેળવવી પડશે ને ? એવો આનંદ તો લેવો જ પડશે ને ? હમણાં જો લેશું તો હમણાં આનંદ આવશે, નહીંતર ભગવાન ધારશે ત્યારે. માટે એવી વૃત્તિ જો કેળવી હોય, એવો સ્વભાવ પડી ગયો હોય, તો આપણને ભગવાન ભજવાનો આનંદ સારો આવે.

ભક્તિમાતા ચિંતા કરવા મંડ્યા. બધા ગામ બહારે ગયા અને ગોતવા મંડ્યા. ભગવાનના મામા વશરામ મામા હતા, એમણ ગોતતા ગોતતા ઘનશ્યામ મહારાજને ઝાડ નીચે બેઠેલા જોયા. એમને તો એકદમ આનંદ આવી ગયો. અહો... ! મને ઘનશ્યામ મળી ગયા. અહો...! મને ઘનશ્યામ મળી ગયા. એટલે એમને ઘનશ્યામ મળી ગયાનો એવો આનંદ આવી ગયો. આપણને પણ ઘનશ્યામ મળી ગયા છે ને ? પણ આપણને એવો આનંદ થતો નથી કે થઈ જાય છે ? થાય ખરો, ન થાય એવું નથી, એવો આનંદ આવતો જ હશે. ન આવતો હોય તો આપણે એવો આનંદ લેવો.

અચાનક આ દુનિયામાંથી આપણે જવાનું થશે માટે મોક્ષ માર્ગની તૈયારી કરી લેવી

મહારાજ કહે કે, દેહ મૂકીને જે સુખને આપણે પામવું હતું, એ તો દેહ છતાં જ મળી ગયું છે. તમે ગૃહસ્થાશ્રમમાં રહ્યા છો તો ગૃહસ્થાશ્રમના નિયમો કહ્યા છે. એ નિયમો પ્રમાણે વર્તીને ભગવાનની ભક્તિ કરીએ તો ભગવાનનો આનંદ એવો જ આવે. ત્યાગીના જે નિયમ કહ્યા છે એ પ્રમાણે એ વર્તે તો એને પણ ભગવાનનો એવો જ આનંદ આવે. વચનામૃતમાં પણ એવી સારી વાત આવી કે ભગવાનની મૂર્તિને પકડી રાખવી. હરિ મેરે હાલરકી લકડી. એ હાલર નામનું પક્ષી થાય છે, અમે જોયું નથી. શાસ્ત્રમાં વાત લખી છે. એ હાલર નામનું એક પક્ષી જન્મે, ત્યારથી જ એક લાકડી મોઢામાં પકડી રાખે. તો એ તો દૃષ્ટાંત કહ્યું. પણ સિદ્ધાંતમાં શું ? કેમ કે એ લાકડીને પકડી રાખે છે,

એમ આપણે પણ ભગવાન પુરૂષોત્તમ નારાયણરૂપી લાકડીને પકડી રાખવી. આપણે લાકડીને પકડી રાખતા નથી. થોડીકવાર પકડીએ અને વળી છોડી દઈએ. આપણે જો અખંડ પકડી રાખતા હોઈએ તો આનંદ આવી જાય ને ? પણ આપણાથી પકડી શકાતું નથી. નથી પકડી શકાતું એમ ન કહી શકાય. કેટલાક પકડી રાખી શકતા હશે.

સત્સંગમાં તો મહારાજ કહે કે લક્ષવધિ મનુષ્ય છે. ત્યાગીમાં પણ એવા હોય અને ગૃહસ્થમાં પણ એવા હોય. નથી હોતા એમ નથી કહેતો, પણ આપણે આપણી તપાસ કરવી, કે આપણી સ્થિતિ શું છે ? મોટા મોટા સંતો કહેતા કે, ઘડીએ ઘડીએ પોતાના હૃદયને જોયા કરવું. સુતાર હોય, લુહાર હોય, સોની હોય, દરજી હોય એ સર્વે એક-એક ઘા મારી અને વળી જુએ. આ તમે લોકો કેલક્યુલેટરની ઘડી ઘડી ચાંપ દાબીને જુઓ છો ને? કે કેટલો સરવાળો થયો. એમ આપણે પણ જોવું કે, મારે ભગવાનની મૂર્તિમાં કેટલું હેત થયું છે ? આ લોકના કેટલા રાગ ટળ્યા છે ? મહારાજ જો અચાનક આપણને લેવા આવે, તો આપણે કેટલી તૈયારી કરી છે ? કેમ કે આ સમય-નિર્ધારિત તો છે નહીં, આપણે ઘણીવાર સાંભળીએ છીએ કે, ફલાણાભાઈનું હાર્ટ ફેઈલ થઈ ગયું, એક્સિડન્ટ થઈ ગયો. તો આ દેહનો તો કોઈ નિર્ધાર છે નહીં.

વળી કીર્તનમાં પણ લખ્યું, "મનમાં જાણે મરવું નથી, નથી એક ઘડીનો નિર્ધાર." મારૂં મારૂં કરીને આ લોકમાં બેઠા છીએ, તો વ્યવહાર તો બધા કરવા જોઈએ, પણ જ્ઞાને કરીને બધું ખોટું કરી નાખવું જોઈએ. આપણે દેખીએ પણ છીએ કે, આજે આપણે બધા અહીંયા બેઠા છીએ, પણ અચાનક કોઈને આ દુનિયામાંથી જવાન થાય, તો કાલે આ દેહનું શું થશે ? એટલે આપણે જાણીએ જ છીએ કે આ દેહ ખોટો છે, નાશવંત છે. અચાનક આપણે અહીંથી જવાનું છે છતાં પણ હજી આપણને આ લોકમાંથી મોહ ટળતો નથી. આટલા બેઠા છે એમને તો ટળી ગયો હશે, પણ આ તો સ્વાભાવિક આ લોકની વાત કરૂં છું, તમને નથી કહેતો. સત્સંગમાં આવ્યા હોય એમને તો ટળી જ ગયો હોય ને ? કામ તો કરવું જ પડે ને કામ કરવા માટે આપણે બધા ભેળા થયા છીએ.

સંત સમાગમથી આપણામાં જે કાચ્યપ હોય તે ટાળવી

મોટા સંતોએ શું લખ્યું ? જગતની વાતો કરીએ તો શું કહેવાય? જગતની

વાતો કરીએ તો એને જ્ઞાન ગોષ્ઠિ ન કહેવાય. વચનામૃતમાં પણ એજ વાત આવી. આમાં પતંગની વાત આવી. બે દિવસ પછી સંક્રાન્તિ આવે છે એટલે આમાં પણ પતંગની વાત આવી, ત્યારે મૂર્તિરૂપી પતંગ ઊંચે ચઢાવે અને વળી અડખે-પડખે ડોલાવે. વૃત્તિરૂપી દોરી અને મૂર્તિરૂપી પતંગ એને અડખે-પડખે ડોલાવે, એમ મહારાજે લખ્યું. પણ એ કેમ કરતા હશે એ તો ખબર નથી. મોટા સંતો હોય એ એવું કરતા, એટલે એમને ખબર પડે. આટલામાં કોઈ એવા હરિભક્તો એવું કરતા હોય તો એમને ખબર પડે. એટલે એવું તમારે જણાય તો બહાર મૂર્તિ ધારવી અને અંતરમાં શાંતિ હોય તો અંતરમાં ધ્યાન કરવું.

મહારાજે વચનામૃતમાં લખ્યું ને કે રજોગુણ ને તમોગુણ પ્રવર્તતા હોય, ત્યારે ધ્યાન ન કરવું પણ બહાર કીર્તન કરવા, પ્રદક્ષિણા કરવી કેમ કે આ જીવનો અનાદિકાળનો સ્વભાવ છે અને કંઈક જન્મોના કર્મના થર ખડક્યા છે. એમાં કોઈક થર વળી એવો આવી જાય. ભગવાનના ભક્તને એવા થર નડતા નથી. પણ આ જગતના જે જીવ હોય, જેણે જેવા જેવા કર્મો કર્યા હોય, તેને તેવા ફળ ભોગવવા પડે છે. મહારાજે વચનામૃતમાં લખ્યું છે કે, ભગવાનના જે ભક્ત હોય એને કાળ, કર્મ કે માયા એ કોઈ દુઃખ દેવા સમર્થ થતા નથી. પણ આપણે ભગવાનના ભક્ત થયા છીએ કે અમે સાધુ થયા છીએ, તો પણ આ લોકના સુખ દુઃખ તો આવ્યા જ કરે છે. કોઈને તાવ આવે, કોઈને માથું દુઃખે. કોઈ કહેશે આ બૈરાં છોકરાં કહ્યું માનતા નથી અને મહારાજે તો આમાં ના પાડી કે ભગવાનના ભક્તને કોઈ કાળ, કર્મ કે માયા દુઃખ દેવા સમર્થ થતા નથી, તો આ દુઃખ આવ્યાનું શું કારણ છે ? મહારાજે ગ.પ્ર.ના ચોત્રીસમાં વચનામૃતમાં લખ્યું છે કે, આપણાથી જાણે અજાણે નાની મોટી આજ્ઞામાં કોઈ ફેર પડી જાય, તેણે કરીને આ દુનિયામાં સુખદુઃખ આવ્યા કરે છે, પણ જ્ઞાને કરીને એને ટાળ્યા કરવું. સંસાર છે સુખ દુઃખનો દરિયો, એને તરી શકે કોઈક જ તરીયો. સંત સમાગમથી મનને મારવું. આ સંસાર છે એ સુખદુઃખનો દરિયો છે. દરિયો હોય એમાં ઘણાય મોજા આવે. એમ આ સંસારમાં પણ કોઈ સારા મોજાં આવે, કોઈ ખરાબ મોજાં આવે, એને જ્ઞાને કરીને ટાળી દેવા અને સંત સમાગમ કરી મનને મારવું.

કચ્છમાં રામપર નામનું ગામ છે, ત્યાં વશરામભાઈ કરીને ભક્ત હતા. તેઓ ભગવાનના એકાંતિક ભક્ત હતા અને સંત સમાગમ કરીને

એવી સ્થિતિને પામેલા. ત્યારે દુષ્કાળનું વર્ષ હતું અને જેવું તેવું ઘાસ ખવડાવીને નિભાવ કરતા હતા. અચાનક એમાં લાય લાગી અને ઘાસ બધું બળી ગયું. સંતોને બધાને ખબર પડી કે વશરામભાઈ આવા સારા ભક્ત છે અને એમને આવી તકલીફ આવી પડી છે તો આપણે બધા મળી આવીએ. મહારાજે પણ લખ્યું ને કે, "કોઈને દુઃખિયો દેખી અતી આકળા થાય" એમ આવા ભક્ત હોય એમને આવા સુખ-દુઃખ થાય, તો એમના સુખ-દુઃખમાં ભાગ લેવો એ સંતોની અને હરિભક્તોની ફરજ છે. એટલે આ સંતોને એ વાતની ખબર પડી, એટલે ત્યાં ગયા. પછી મંદિરમાં સ્વામી પાસે બોલાવ્યા. અરે વશરામભાઈ, આ દુષ્કાળ વર્ષમાં તમને આવી તકલીફ પડી, આવી લાય લાગી, અને ઘાસ બધું બળી ગયું એ સારૂં ન થયું. તમને બહુ તકલીફ પડી, પણ કંઈ જરૂર પડે, તો તમે અમને કહેજો. તો હરિભક્તોને કહીને અમે તમારી મદદ કરાવશું, એમ સ્વામીએ વાત કરી. ત્યારે વશરામભાઈ શું બોલ્યા ? સ્વામી, એ તો તમે જ કહો છો કે "સર્વે જૂઠું રે સર્વે જૂઠું રે, મેં મારી નજરમાં દીઠું" તે જો સાચું હોય તો શું કામ બળે ? ખોટું હોય તો જ બળે ને ? તમે કહો છો કે, આ બધું ખોટું છે, તો સ્વામી એ બધી ચિંતા તમે ન કરો. ભગવાનના ધ્યાનની, ભજનની, જ્ઞાનની વાતો કરો. આ તો બધું જૂઠું જ છે. એ કેવી સ્થિતિ કહેવાય. આપણને દુનિયામાં કાંઈક સુખ-દુઃખ આવી પડે, તો દુઃખિયા થઈ જવાય છે.

ગુણાતીતાનંદ સ્વામીએ પણ લખ્યું ને ? આ દુનિયામાં વિવાહ થાય અને છૂટાછેડા પણ થાય. સંસાર કોને કહેવાય ? તો દુનિયામાં હોય એને સુખદુઃખ તો આવે. આપણે ભગવાનના ભક્ત થયા છીએ, તો ભગવાનનું ભજન કરી અને જીવાત્માનું કલ્યાણ થઈ જાય, એ જ આ મનુષ્ય જન્મનો મોટો લાભ છે. ભગવાનનું ધ્યાન કરતા કરતા આળસ-પ્રમાદ જેવું થાય, એટલે ભગવાનની મૂર્તિને ઉંચે ચઢાવે -નીચે ઉતારે, વળી બહાર જુવે-અંદર જુવે એવી રીતે અભ્યાસ કરે, તો એવી રીતે એને ભગવાનની મૂર્તિ સિદ્ધ થઈ જાય છે. માટે આપણે પણ સાચે ભાવે સત્સંગ કરી, સંત સમાગમ કરી અને ભગવાનના આવા નાના મોટા વચનો ધારી, મનમાં ઉતારી અને જે કંઈ આપણી ભગવાન ભજવામાં થોડી ઘણી કાચ્યપ હોય, તો સંત સમાગમ કરી, જ્ઞાને કરીને ટાળી નાંખવી. તો આઠે પ્રહર અંતરમાં આંનદ વર્ત્યા કરે અને ભગવાનની મૂર્તિનું સુખ આવે, એ જ આ મનુષ્ય જન્મનું અને સત્સંગ કર્યાનું સાર્થકપણું છે. માટે આપણે બધાએ કાળજી રાખવી.

સર્વ સુખના નિધિ સ્વામિનારાયણ ભગવાન મળી ગયા છે, તે આપણા સૌના મોટા ભાગ્ય છે

આપણા સૌના મોટા ભાગ્ય છે કે, આવા સર્વ સુખના નિધિ, સર્વના નિયંતા, એવા સ્વામિનારાયણ ભગવાન આપણને મળી ગયા છે. આ સ્વામિનારાયણ ભગવાનને પામવાને માટે કેટલાય ઋષિમુનિઓ ધ્યાન કરીને થાકી જાય છે. "મોટા મુનિવર રે એકાગ્ર કરી મનને, જેને કાજે રે સેવે જાઈ વનને. આસન સાધી રે, ધ્યાન ધરીને ધારે." વનમાં જઈને ટાઢ-તડકા વેઠી, કેટલા સુખદુઃખ વેઠી, તપશ્ચર્યા કરે. સૌભરી ઋષિએ સાઈઠ હજાર વર્ષ સુધી પાણીમાં બેસીને તપશ્ચર્યા કરી અને ચ્યવન ઋષિએ છનું હજાર વર્ષ સુધી તપશ્ચર્યા કરી. પાણીમાં માછલાનું મૈથુન જોવાઈ ગયું ને તેમાંથી આખો સંસાર ઊભો થયો પણ આ લોકના રાગ ટળ્યા નહીં. જરાક જેટલી માછલીની ક્રિયા જોવાઈ ગઈ, તેમાંથી આખો સંસાર ઊભો થઈ ગયો ! આમાં કહેવાનો હેતુ એટલો જ છે કે, આ ભગવાન કેવા મોંઘા છે. એ ઋષિઓએ હજારો વર્ષ સુધી તપશ્ચર્યા કરી, તો પણ એમની માયિક વાસના ટળી નહીં. તો આપણા સૌના તો મોટા ભાગ્ય છે કે આ સ્વામિનારાયણ ભગવાન આપણને ઘેર બેઠા જ મળી ગયા છે. તો હવે આપણે દરેકે શું કરવાનું છે ? કે આ ભગવાનનો દૃઢ આશરો કરી, એમની આજ્ઞાનુ પાલન બરાબર કરવું . ભગવાનને આપણે યાદ કરીએ તો દેહ છતાં દુઃખી નહીં અને તન છૂટે તેજ અંબાર. દેહ છતાં દુઃખી નહીં. દેહ છતાં ભગવાન પોતાના ભક્તની અન્ન, વસ્ત્ર અને આબરૂએ કરીને રક્ષા કરે છે અને દેહને અંતે ભગવાન રથ, વેલ કે વિમાનમાં આવી પોતાના ભક્તને અક્ષરધામમાં તેડી જાય છે. એવા દયાળુ ભગવાન આપણને મળ્યા, તે આપણા સૌના મોટા ભાગ્ય છે.

ત્રીસ લક્ષણે યુકત સત્પુરૂષ મળે, તો પળમાં પાવન કરે

મહારાજે કહ્યું કે, આ જીવાત્મા જ્યારે ભરતખંડમાં જન્મ ધારણ કરે છે, ત્યારે ભગવાનના અવતારો કે સત્પુરૂષો, ભક્તો આ ભરતખંડમાં જરૂર વિચરતા હોય છે. મહારાજે ભાર દઈને કહ્યું છે કે, ભગવાનના અવતારો કે સત્પુરૂષો-સત્પુરૂષો એટલે આ ભગવા લૂગડાં પહેર્યા એટલે સત્પુરૂષ બની ગયા એમ નહીં, પણ ગીતા, રામાયણ, મહાભારત આદિકમાં અન સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રી, વચનામૃત, સત્સંગિજીવન આદિકમાં સત્પુરૂષોના લક્ષણ

કહ્યા છે. એક મહાત્માએ લખ્યું કે, ત્રીસ લક્ષણે યુકત સત્પુરૂષ મળે, તો પળમાં પાવન કરે. પળ એટલે કલાક-બે કલાક થતા હશે ? કેટલા કલાક થાય ? એક ક્ષણ માત્ર "ક્ષણમપિ સંગતિ સજ્જન રેકા ભવિત ભવાર્ણવ તરણે નૌકા"

મહારાજ કહે કે, એવા સત્પુરૂષોનો એક ક્ષણ માત્ર પણ સંગ થાય, તો આ જીવાત્માનો મોક્ષ થઈ જાય. તો મહારાજ કહે કે, ભગવાનના અવતારો કે ભગવાનના સત્પુરૂષોનો આ જીવાત્માને જો યોગ થઈ જાય, તો આ જીવ ભગવાનનો ભક્ત થઈ જાય. કેમ કે સત્પુરૂષને તો એ જ પ્રકારે આ જીવાત્માને માયાના બંધનમાંથી છોડાવી, ભગવાનની મૂર્તિમાં જોડવા. મહારાજ કહે કે, એ જ સત્પુરૂષોનો ધર્મ છે.

મહારાજે શિક્ષાપત્રીમાં પણ એજ લખ્યું કે, નિત્ય પ્રત્યે સાધુનો સમાગમ કરવો અને બ્રહ્માનંદ સ્વામીએ પણ કીર્તનમાં એ જ લખ્યું કે - "સંત સમાગમ કીજે હો નિશદિન, સંત સમાગમ કીજે" અને "રટ રટ રે મન બાવરે, એક નામ હરિ કો, બીત જાત હૈ અવસર એસો, જ્યું લોહે કો તાવ રે." લોઢામાં તાપ તપ્યા હોય, અને બેય છેડા તપ્યા હોય અને ઘા મારે તો સાંધો મળી જાય.

આ ઋષિ મુનિઓએ કેટલી તપશ્ચર્યા કરી ત્યારે ભરતખંડમાં આ ભગવાન પધાર્યા અને સ્ત્રી - ધનના ત્યાગી પાંચસો પરમહંસો પોતાની સાથે લાવ્યા. તો મહારાજ કહે કે, સત્પુરૂષોનો સમાગમ થઈ જાય, તો આ જીવ ભગવાનનો ભક્ત થઈ જાય અને જેમ આપણે શાસ્ત્રોમાં પણ વાંચીએ છીએ અને આજે ય વર્તમાન કાળે ઘણાંક માણસો આસુરી હોય, પણ સત્પુરૂષોનો સમાગમ થઈ જાય, તો દૈવી થઈ જાય છે અને એમનો મોક્ષ થઈ જાય છે.

ભગવાનના ભકત હોય તે દેહને મિથ્યા જાણે ને આત્માને સત્ય જાણે

મહારાજ કહે કે, એવા ભગવાન આપણને મળ્યા, તો એનો કેફ રાખી અને ભગવાનના ભક્ત થાવું. એક મહાત્માએ લખ્યું છે કે "ભક્ત થાવું ભગવાનના, છે જો કઠણ કામ." આપણે બધા ભગવાનના ભક્ત તો થયા કહેવાઈએ જ. મહારાજે ચૌદમાં વચનામૃતમાં પણ એ જ કહ્યું કે, સૌ કરતા ભગવાનના ભક્ત થાવું બહું કઠણ છે. તો મહારાજ કહે કે, ભગવાનના ભક્તના શા લક્ષણ છે ? તો આ દેહને મિથ્યા જાણે. સગાસંબંધી, સ્ત્રી-પુરૂષ, મા-બાપ એ બધાને મિથ્યા જાણે અને આત્માને જ સત્ય માને. મહારાજ કહે

કે, ભગવાનનો જો એ ખરો ભક્ત થાય, તો ચૌદ લોકની સંપત્તિ એને તણખલાં સમાન છે. તણખલું એટલે ? ઘાસની સળી હોય, એની કાંઈ કિંમત હોય નહીં. ગામમાં વેચવા જાય તો કોઈ મમ્મી-પપ્પા રૂપિયા આપે નહીં, કેમ કે એ મામૂલી વસ્તુ છે.

મહારાજ કહે કે, ભગવાનનો જો એ ભક્ત થાય, તો તેને ચૌદ લોકની સંપત્તિ તણખલાં સમાન છે. આ વચનામૃતમાં પણ એ જ કહ્યું કે, પંચ વિષયના સુખો તો આ જીવાત્માએ જયાં જયાં જન્મ ધર્યો ત્યાં ભોગવ્યા જ છે. મહારાજે એ પણ વાત કરી કે, વિષ્ઠાના ખાતલ કીડા હોય એને પણ આ માયિક પંચવિષયના સુખો તો મળે જ છે, એ કાંઈ દુર્લભ નથી. ત્યારે દુર્લભ શું છે ? આવા ભગવાન મળવા, આવા ભગવાનના સંતો મળવા, આવો સત્સંગ મળવો એ દુર્લભ છે. તો મહારાજ કહે કે, આપણને એ ભગવાનની દયા અને પૂર્વના પુણ્યથી આ ભગવાન પણ મળ્યા, સંતો પણ મળ્યા અને આવો સત્સંગ પણ મળ્યો. ભગવાન આપણને પૂછશે તો શું કહેશું ? આ જગતના જીવો તો એમ કહેશે કે, આ ભગવાન મળ્યા ન હતા, સંતો મળ્યા ન હતા, સત્સંગ મળ્યો ન હતો, એમ કહેશે. પણ આપણે શું કહેશું ? આપણને તો ભગવાન મળ્યા છે, આવા સંતો મળ્યા છે, સત્સંગનો યોગ મળ્યો છે. ભગવાને સર્વે વાતે આપણને સાનુકૂળ કરી આપ્યું અને અન્ન વસ્ત્રે પણ આપણે સુખિયા છીએ.

આ જગતના જીવો બિચારા હોય, એને રોટલા ખાવા મળે નહીં હો ! ઘણેક ઠેકાણે આ મુંબઈ આદિક ગામોમાં, ત્યાં ઝુંપડપટ્ટી હોય, અમદાવાદમાં પણ હશે, તો એ ઝુંપડપટ્ટીમાં તો રોટલા ખાવા મળે નહીં, તો ભગવાનનું ભજન ક્યાંથી કરી શકે ? તો આપણા ઉપર તો ભગવાને દયા કરી અને અન્ન, વસ્ત્ર પણ સુખેથી આપે છે. સ્વામિનારાયણ ભગવાને પોતાના ગુરૂ રામાનંદ સ્વામી આગળ માંગી લીધું કે, તમારા જે સત્સંગી હોય એને પ્રારબ્ધમાં રામપાત્ર લખેલું હોય, રામપાત્ર એટલે શું ? કે માટીનું ઠીકરૂં હોય એ લઈને ઘરે ઘરે માગી ખાય એને રામપાત્ર કહેવાય. એના કિસ્મતમાં એવું લખ્યું હોય, તો સ્વામિનારાયણ ભગવાન કહે કે, તે મને આવો પણ તમારો ભક્ત અન્ન, વસ્ત્રે કરીને કોઈ પ્રકારે દુઃખી ન થાય. આજે આપણા સત્સંગમાં દેખાય પણ છે કે, જે સાચે ભાવે ભગવાનના ભજન, ભક્તિ, સત્સંગ કરતા હોય, તો આ લોકમાં પણ એને અન્ન, વસ્ત્રને આબરૂએ કરીને વાંધો નથી આવતો અને દેહને અંતે મહારાજ રથ, વેલ, વિમાન આદિક લાવીને પોતાના અક્ષરધામમાં લઈ જાય છે.

મહારાજ કહે કે, અક્ષરધામમાં તો એટલું સુખ છે કે સુખ, સુખ, સુખ, સુખનો નહીં પાર. અક્ષરધામમાં મહારાજ કહે કે, એટલું સુખ રહેલું છે અને એટલો આનંદ રહેલો છે કે એ સુખમાં જો આપણી દૃષ્ટિ પહોંચે, તો આપણને આ સંસારના સુખ ઝેર જેવા થઈ જાય હો ! શાસ્ત્રમાં લખ્યું છે, ભાગવતમાં પણ લખ્યું છે. ગોપીઓ શ્રીકૃષ્ણ ભગવાનને કહે છે કે, હે ભગવાન ! જ્યારથી કરીને તમારા ચરણના સુખનો જોગ થયો, ત્યારથી અમને આ સંસારના સુખ ઝેર જેવા થઈ ગયા છે અને ચૌદ લોકની સંપત્તિ તણખલાં જેવી થઈ ગઈ છે ! જુઓ ! આપણે બધા ભગવાનના ભક્ત તો થયા છીએ, પણ આપણને હજી સંસારના સુખોમાંથી મોહ ટળતો નથી. વિચારીએ, નામું કરીએ. મોટા સંતો કહેતા કે, ઘડીએ ઘડીએ પોતાના હૃદય સામું જોયા કરવું.

મોટા સંતોએ સોનીનું દૃષ્ટાંત આપ્યું કે, સોની હોય એ ટચ ટચ માર્યા જ કરે, પણ એ જરાક જો અંદર ગાફલાઈ રાખે તો અંદર સોનું ચાંદી ભેગું થઈ જાય હોં- એ તો દૃષ્ટાંત આપ્યું. અહીંયા જે સોની લોકો હોય એ માઠું ન લગાડજો, નહીંતર કહેશે કે અમારા સ્વામી તો વઢે છે. માઠું ન લગાડજો. આ તો વચનામૃતમાં સ્વામિનારાયણ ભગવાને કહ્યું કે, સત્સંગીઓ તો એવું કરે નહીં. સત્સંગી હોય એ એવું નહીં જ કરતા હોય. તો મહારાજ કહે કે, જરાક જો એ નજર મૂકે તો સોનું અને ચાંદી એ બેય ભેળું થઈ જાય -તો એ તો દૃષ્ટાંત આપ્યું. સિદ્ધાંતમાં તો મહારાજે આપણને સારૂં સમજાવ્યું કે, આ કાયા નગરમાં જીવાત્મા છે એ રાજા છે અને આ ઈન્દ્રિયોને અંતઃકરણ એ એના ચાકર છે. તો મહારાજ કહે કે, જરાક જો આપણે ગાફલાઈ રાખીએ, તો કામ, ક્રોધ, લોભ, મોહ, માન, ઈર્ષ્યા એ આદિક એકાવનનું ટોળું લખ્યું છે, એ એકાવન છે ને જીવાત્મા એકલો છે.

મહારાજે મધ્ય પ્રકરણના બારમાં વચનામૃતમાં લખ્યું કે, કાયાનગરમાં જીવાત્મા એ રાજા છે અને આ ઈન્દ્રિયો અને અંતઃકરણ એ એના ચાકર છે. પણ જો એ જીવાત્મા ખ્યાલ ન રાખે અને આળસ પ્રમાદ કરે તો આ ઈન્દ્રિયો ને અંતઃકરણ એવા છે કે એ સત્વગુણરૂપી સોનું કાઢીને રજોગુણ, તમોગુણરૂપી રૂપું ને ત્રાંબુ ભેળવી નાખે અને એ વડે જ આપણે બધા "પુનરપિ જનનં અને પુનરપિ મરણમ્ " ભોગવ્યા જ કરીએ છીએ. આ દેહે જ કરીને મહારાજ કહે કે આત્મા અને પરમાત્માનું જ્ઞાન દૃઢ થઈ જાય અને દેહને અંતે ભગવાનની સેવામાં રહી જવાય, તો જ આપણો આ મનુષ્ય જન્મનો ફેરો સફળ થયો કહેવાય, નહીંતર તો સ્વામીએ જેમ લખ્યું કે, કરોડો કામ કર્યા, ભાઈ, ભાઈ

કહેવાણા સાહેબ કહેવાણા કે શેઠ કહેવાણા કે સ્વામી કહેવાણા પણ મોક્ષ સંબંધી કામ નથી કર્યું તો મહારાજ કહે કે, આપણે કાંઈ કર્યું નથી. ઘાણીનો બળદ હોય એ સાંજ સુધી ઘાણીમાં ફર્યા જ કરે પણ સાંજ સુધીમાં એકે કિલોમીટર પુરો ન થાય. એમ આપણે પણ જ્યારથી આ સૃષ્ટિનું મંડાણ થયું ત્યારથી જન્મ-મરણના ફેરા ભોગવ્યા જ કરીએ છીએ. લખચોર્યાસીમાં આપણે આ કૂતરા, બિલાડા, ગધેડાં એવા કેટલાય અવતાર લઈ આવ્યા છીએ અને ક્યાંયે આવા ભગવાન, આવા સંતો કે આવો સત્સંગનો યોગ મળ્યો નહીં હોય અને કદાચ મળ્યો હશે તો કર્યો નહીં હોય. મોટા સંતો કહેતા કે, ભૂતકાળ કે ભવિષ્યકાળનો વિચાર ન કરતા, વર્તમાનકાળ સુધારી લેવો. ભૂતકાળ એટલે જે થઈ ગયો. સ્વામિનારાયણ ભગવાન આ પૃથ્વી પર જ્યારે મનુષ્યાકારે વિચરતા હતા ત્યારે ઘણાયે ભક્તજનો ભગવાનનું ધ્યાન ભજન કરી, આત્મા પરમાત્માનું જ્ઞાન દઢ કરી, ભગવાનના સુખે સુખિયા થતા.

તો આપણે પણ સાચે ભાવે ભગવાનની ભક્તિ, ભજન, સત્સંગ કરશું, તો એ બધા ભગવાનને સુખે સુખિયા થઈ ગયા, તેમ આપણને બધાને પણ ભગવાન એ સુખ આપી દેશે. એ તો આપણે નામું કરીએ તો ખબર પડે. મોટા સંતો એમ કહેતા કે, ઘડી બે ઘડી પાછી વૃત્તિ વાળીને વિચાર કરવો. એ વિચાર કે, તું કોણ છો ? ને ક્યાંથી આવ્યો છો ? અને તું ક્યાં જઈશ? જેમ પાણીના પરપોટા હોય ને વરસાદ પડે તો પાણીનો એક પરપોટો થાય અને બીજો ફૂટી જાય એમ આ મનુષ્યનું જીવન અચળ છે. પણ જો આપણે સાચે ભાવે ભગવાનની ભક્તિ, ભજન, સત્સંગ કરીશું , તો અનાદિકાળના ચોર્યાસી લાખ જન્મ થયા અને જે કામ થયું નથી એ આ જ જન્મે થઈ જાય એવું છે. તો આપણે આળસ-પ્રમાદ-મોહનો ત્યાગ કરી અને ભગવાનની ભક્તિ કરવી.

આળસ અને અજ્ઞાન અતિશે કામ બગાડ્યું તારૂં

સ્વામીએ લખ્યું કે, " આળસ અને અજ્ઞાનથી કામ બગાડ્યું તારૂં, દેવાનંદ કહે દેહ મનુષ્યનો ન મળે ખર્ચે નાણું. " આળસ અને પ્રમાદમાં તો આ જીવાત્માએ અનેક જન્મો ધારણ કર્યા છે હો ! સાચે ભાવે આ ભગવાનની ભક્તિ, ભજન અને સત્સંગ નથી કર્યો, તેથી આપણે "પુનરપિ જનનં અને પુનરપિ મરણમ્" એમ જન્મ-મરણના ફેરા ભોગવ્યા જ કરીએ છીએ. આ જીવાત્માને જ્ઞાન નથી એટલે માયારૂપી વાસના આપણે ભોગવ્યા જ કરીએ

છીએ, પણ એ વાસના આપણે જરૂર મૂકવી પડશે હો! નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું, જો સમજીને છોડ તો સારૂં, નહીં તો એ જરૂર આપણને મૂકાવશે. એ વિચારીને જો આપણે ટાળી નાખશું તો ટળી જશે અને જો એમ નહીં વિચારીએ અને નહીં ટાળીએ તો અને ભગવાનની મૂર્તિમાં હેત નહીં કરીએ, તો પાછા જન્મ-મરણના ફેરા ભોગવવા જ પડશે. મોટા સંતો એમ કહેતા કે, છ લાખ અને ચોર્યાશી હજાર નરકના કુંડ છે. એમાં જેવું દુઃખ છે એનાથી પણ વધુ આ માયાના દુઃખ છે હો ! એ દુઃખ આપણને હમણાં સાંભરતું હોય, તો એક મિનિટ પણ ભગવાનને ભૂલીએ નહીં, પણ આ માયાનો પડદો એવો છે કે આપણે ભૂલી જઈએ છીએ. પણ ભગવાન તો ભૂલે એવા નથી ને? તો આપણે દરેકે દિન-દિન પ્રત્યે ભગવાનનો આવો મહિમા સમજાય અને આ લોકના રાગ માત્ર નિર્મૂળ થઈ જાય અને દેહને અંતે ભગવાનની સેવામાં રહી જવાય, તો જ આપણો આ મનુષ્ય જન્મ સફળ થયો કહેવાય. નહીંતર સ્વામીએ લખ્યું કે, આપણે કરોડો રૂપિયા કમાણા, પણ કાંઈ મોક્ષ સંબંધી કાર્ય કર્યું નથી, તો એકે કામ કર્યા ન કહેવાય. ભગવાને દયા કરીને આપણને મનુષ્યનો જન્મ આપ્યો, આ સત્સંગનો યોગ આપ્યો અને કોઈ વાતે ખામી રહેવા દીધી નથી. છતાં આ યોગમાં પણ જો ભગવાનનું ભજન, ભક્તિ નહીં કરીએ, તો પાછા જન્મ-મરણના ફેરા ભોગવવા પડશે. જન્મ-મરણના ફેરા પાછા ભોગવવા ન પડે અને આને આ જન્મે આપણો મોક્ષ થઈ જાય, એ કામ કરવાને માટે જ આપણે બધા અહીંયા ભેળા થયા છીએ માટે કાળજી રાખવી.

સત્સંગ કર્યો કોને કહેવાય ?

સ્વામિનારાયણ ભગવાને તો આપણા પર ખૂબ દયા કરીને આપણને આવો આ દિવ્ય સત્સંગનો યોગ આપ્યો. મહારાજે વચનામૃતમાં તથા ભાગવતમાં પણ કહ્યું છે કે, જેવો હું સત્સંગે કરીને વશ થાઉં છું, તેવો કોઈ સાધને કરીને વશ થતો નથી. ત્યારે આપણને ભગવાને દયા કરીને સત્સંગ આપ્યો છે. આ લોકના લોકો સત્સંગ કરે છે, શું સત્સંગ કરે છે ? હુક્કા, ગાંજા પીએ, ફેલ ફતુર કરે અને કહેશે કે, અમે તો રાત આખી સત્સંગ કર્યો. એ ભલે એમ સત્સંગ કરે છે, પણ એમ સત્સંગ કર્યાનું ફળ મળતું નથી. મહારાજે વચનામૃતમાં પણ કહ્યું કે સત્સંગ કોને કહેવાય ? સત્ એવો જે આત્મા, સત્

એવા જે પરમાત્મા, સત્પુરૂષ અને સત્શાસ્ત્ર એમ ચારનો સંગ કરે તેને સત્સંગ કર્યો કહેવાય. ત્યારે આ આત્મા છે એ જ સત્ય છે. આપણા શરીરમાં જ્યાં સુધી આ આત્મા રહેલો છે, ત્યાં સુધી આપણે બોલીએ છીએ, જોઈએ છીએ, ચાલીએ છીએ, સાંભળીએ છીએ, પણ આ જીવાત્મા જ્યારે દેહમાંથી નીકળી જાય, ત્યારે આ દેહ કાંઈ કામ કરી શકતો નથી. ત્યારે આત્મા છે એ જ સત્ય છે. ત્યારે આપણે બધા કહીએ તો છીએ કે, આત્મા છે એ સત્ય છે, પણ આ લોકમાં જરાક કાંઈક સુખ-દુઃખ આવી જાય, કોઈક માન-અપમાન કરે, તો આત્મપણું ભૂલી જવાય છે. તમને લોકોને તો કાંઈ આત્મપણું ભૂલાય તેમ નથી, આ આટલામાં જે બેઠા એને તો કંઈ ભૂલાય એવું કંઈ લાગતું નથી, કે ભૂલી જવાય છે ? કેમ કે આ લોક માયાના બંધનમાં છે, એટલે આ લોકમાં જરાક જો ટાઢું-ઉનું થઈ આવે, તો આપણને લાગી આવે, પણ જો એવું ટાઢું ઉનું થાય અને ન લાગી આવે, તો જ આપણે આત્મનિષ્ઠા દૃઢ કરી કહેવાય. આપણે કરવી તો પડશે જ ને ? આજ નહીં તો કાલ.

"કાલ કરે સો આજ કર અને આજ કરે સો અબ,
મૂળ વિનાનું ધોકળું ઢળી પડશે ઢબ"

એમ એક મહાત્માએ કહ્યું. હે ભાઈ, તું કાલ કરે તો આજ કર. કેટલાક માણસો કહેશે હજી આપણને શું ઉતાવળ છે, હમણાં ક્યાં આ દુનિયામાંથી જવાનું છે, પછી કરશું. પણ આ દેહનો કાંઈ નિર્ધાર છે નહીં. સ્વામીએ લખ્યું,

"તારા મનમાં જાણે મરવું નથી રે, એવો નિશ્ચે કર્યો નિરધાર,
તેમાં ભૂલી ગયો ભગવાનને રે.....
મારૂં મારૂં કરીને ધન મેળવ્યું રે, તેમાં મારૂં નથી તલભાર,
અંતકાળે સગુ નહીં કોઈનું રે...."

ત્યારે ગૃહસ્થ લોકોને ધન તો મેળવવું પડે, એમાં ભગવાને કાંઈ ના નથી પાડી કે, તમે ધન રાખો નહીં, બંગલા રાખો નહીં, માલ-મિલકત હોય, સ્ત્રી-પુત્ર હોય, સગાસંબંધી હોય તેને જ ગૃહસ્થ કહેવાય. તમે એ બધું ભલે મેળવો

પણ જ્ઞાને કરીને એમ જાણો જે આ બધું ખોટું છે. હું તો આત્મા છું, ભગવાનનો ભક્ત છું. આ દેહ, લોક, બ્રહ્માંડ બધું ખોટું છે અને વાત પણ સાચી છે કે, આપણને આ દુનિયામાંથી જવાનું થાય,

તો આપણે કંઈ ભેળું લઈ જતા નથી. તો એ ખોટું જ છે અને આત્મા છે એ જ સત્ય છે અને આત્માને વિશે પરમાત્મા રહેલા છે. કેટલાક માણસોને એવી સમજણ ન હોય તા કહેશે કે, આત્મા સો પરમાત્મા, પણ જ્યાં સુધી આત્માને માયાનું બંધન હોય, ત્યાં સુધી એ આત્મા જ છે અને જ્યારે એ માયાનું બંધન નીકળી જાય, ત્યારે આત્મા પરમાત્મા થઈ જાય છે. એમ કેટલાક લોકોનો મત હોય, પણ સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીના એકસો એક્વીસમાં શ્લોકમાં કહ્યું કે, આત્મા છે એ ક્યારેય પરમાત્મા થતો નથી, પણ આત્માને વિષે પરમાત્મા રહેલા છે. પરમાત્મા સરખો કોઈ થઈ શકતો નથી, ત્યારે આત્મા તથા પરમાત્માને ઓળખાવે કોણ ? સત્પુરૂષો ઓળખાવે. ત્યારે સત્પુરૂષ કોને કહેવાય ? સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં, વચનામૃતમાં, સત્સંગિજીવનમાં આદિકમાં પણ સત્પુરૂષોના લક્ષણો લખ્યા છે. ત્રીસ લક્ષણે યુક્ત હોય કે ચોસઠ લક્ષણે યુક્ત હોય એને સત્પુરૂષ કહેવાય. સત્ય, સંતોષ, શૌચ, તપ એ આદિક સર્વે સંતોના ગુણો લખ્યા એ પ્રમાણે જે વર્તતા હોય, તેને સત્પુરૂષ કહેવાય. ત્યારે સત્પુરૂષોને કોણ ઓળખાવે ? તો આ સત્શાસ્ત્રો ઓળખાવે. આ સંતો મોટી મોટી વાતો કરે પણ એવી રીતે વર્તતા ન હોય, તો એને કોણ ઓળખાવે ? શાસ્ત્રો. શાસ્ત્રમાં સંતોના, હરિભક્તોના લક્ષણ લખ્યા હોય. એ આપણે જોઈએ તો આપણને ખ્યાલ આવે કે, આને સત્પુરૂષ કહેવાય કે ન કહેવાય. તો મહારાજ કહે એ ચારનો સંગ કરે તેણે સત્સંગ કર્યો કહેવાય. આપણે કેટલાનો સત્સંગ કરીએ છીએ ? ચારનો કરીએ છીએ ? બેનો કરીએ છીએ ? એકનો કરીએ છીએ ? કે હવે કરશું ? ચારનો કરીએ એ ખરૂં પણ આપણે કાચ્યપ તો જે છે એ કાઢવી જ પડશે.

ભગવાને દયા કરી આપણને આ ઉત્તમ કુળમાં અને સત્સંગની મધ્યમાં જન્મ આપ્યો છે, આ તો આપણે ભગવાનનો જેવો છે તેવો મહિમા સમજયા નથી એટલે હજુ અંતરમાં આનંદ આવતો નથી. ભગવાનનો જેવો છે તેવો મહિમા સમજાઈ જાય, તો આપણને આઠે પહોર આનંદ વર્ત્યા કરે કે ઓહોહો... મને આવા દયાળુ ભગવાન મળ્યા, મને આવો દિવ્ય સત્સંગ મળ્યો, તે મારા મોટા ભાગ્ય છે. વળી આપણે વિચાર કરીએ, શાસ્ત્રો વાંચીએ,

તો આપણને એવો આનંદ આવી જાય. પણ વળી પાછું આ માયાનું આવરણ એવું છે કે, વળી પાછા ભૂલી જવાય. નિષ્કુળાનંદ સ્વામીએ ભક્ત ચિંતામણીમાં લખ્યું કે, ''કંઈક વાર અમે કહ્યું તમે સાંભળ્યું સો સો વાર, કામ પડે તે વાતનો નથી રહેતો નિર્ધાર.'' ત્યારે આપણે ભૂલી જઈએ એટલી આપણી કાચ્યપ કહેવાય. પણ આપણે આ સાચે ભાવે સત્સંગ કરી, સંત સમાગમ કરીને આપણે એ કાચ્યપ ટાળી નાખવી, કેમ કે આ ભગવાન છે એ જ સર્વે સુખના નિધિ છે.

ભગવાનનો જેવો છે તેવો મહિમા સમજાઈ જાય તો આપણે એક મિનિટ પણ ભગવાનને ભૂલીએ નહીં (ચંદ્રકાન્ત મણિનું દૃષ્ટાંત)

મોટા સંતોએ એક માયિક દૃષ્ટાંત આપ્યું. એક માણસ ચાલતા ચાલતા રસ્તામાં જતો હતો, ત્યાં એને એક મણી મળી ગયો, મોટો ચંદ્રકાન્ત મણિ. એને એમ કે આ ઝગારા મારે છે, તે આ કાચ-મણિ સારો લાગે છે એમ વિચારીને તે મણિ તેણે ખિસ્સામાં નાખ્યો. ત્યારે રસ્તામાં ચાલતા ચાલતા રીંગણા, ગાજર ને મરચાં વેચતો હોય એની પાસે આ ભાઈ ગયો અને કહે કે ભાઈ, મને રીંગણા લેવા છે તો તમે આ રીંગણા આપશો ? તો રીંગણાવાળો ભાઈ કહે તમે કહેતા હો તો આપીએ. ત્યારે જેને મણિ મળ્યો તે ભાઈ કહે, પણ મારી પાસે કંઈ પૈસા તો છે નહીં. મારી પાસે આ કાચ છે એ મને સારો લાગે છે. એમાંથી તને કંઈ પૈસા મળતા હોય તો તું મને રીંગણા આપ. રીંગણા વેચવાવાળા ભાઈએ જાણ્યું કે આ કાચ બહુ સારો લાગે છે. તો આ પાંચ કિલો રીંગણા લઈ જા..પાંચ કિલો રીંગણા લઈને એ માણસ ચાલ્યો ગયો.

એ રીંગણા વેચવાવાળાભાઈને થયું કે, આ કાચ તો બહુ સારો લાગે છે. એટલે એ કોઈ ખાંડ કે ગોળ વેચતા હશે તેના વેપારી પાસે ગયો. એટલે આ ભાઈ કહે મારે પાંચ કિલો ખાંડ લેવી છે, તો વેપારી કહે પૈસા આપ તો આપીએ. પૈસા તો હું નથી લઈ આવ્યો. પણ આ એક કાચ લઈ આવ્યો છું એ તું જો. વેપારીએ કાચ જોયો. એને થયું કે કાચ બહુ સારો લાગે છે એટલે કહે લે ભાઈ, તું આ દસ કિલો ખાંડ લઈ જા. ઓલો માણસ તો દસ કિલો ખાંડ લઈને જતો રહ્યો.

આ વેપારીએ વિચાર કર્યો કે કાચ તો ઘણા જોયા છે, પણ આ કાચ

ઝગારા મારે છે તે બહુ સારો લાગે છે. એટલે તે કાચ લઈને સોની પાસે ગયો.એ ભાઈ કહે મારે દાગીના લેવા છે. તો સોની કહે કે કેટલા લેશો દાગીના ? સોનીએ તો કાચ જોયો, સોનાનું કામ કરે પણ ઘણા માણસોને હીરાની ખબર ન પણ પડે. એ કાચ કાંઈક સારો હોય એ લાખ રૂપિયાનો પણ હોય અને પાંચ રૂપિયાનો પણ હોય. એને થયું કે કાચ તો બહુ સારો છે, લે ભાઈ આ બે ગ્રામ સોનાની વીંટી. એ તો વીંટી લઈને ગયો.

આ સોનીએ વિચાર કર્યો કે, આ કાચ તો બહુ સારો લાગે છે એટલે એ કોઈ હીરાના વેપારી પાસે ગયો. ભાઈ મારે આ હીરો વેચવા છે. હીરો તો પાંચ રૂપિયાનો હોય અને લાખ રૂપિયાનો પણ હોય. એટલે આ હીરો જોયો પણ એને બહુ ખબર પડી નહીં એટલે એણે કહ્યું કે લે, હીરો લે એમ કહી વીસ હજાર રૂપિયામાં હીરો આપી દીધો. એમ કરતા કરતા એ એક હીરા પારખુ પાસે ગયો અને કહ્યું ભાઈ, આ એક કાચ છે, તું મને એનું શું દઈશ ? સવારથી સાંજ સુધીમાં જેટલું ઉપડે તેટલું સોનું તું મારી દુકાનમાંથી લઈ જા. આણે તો વિચાર કર્યો આ હીરો બહુ કિંમતી છે, એના પિતાજી ક્યાંક બહાર ગયા હશે તે આજુબાજુના માણસોને ખબર પડી કે, આ છોકરાનો બાપ તો બહાર ગયો છે અને આ છોકરો તો દુકાન ખાલી કરાવી દેશે. સાંજે એના પિતા આવ્યા ત્યારે માણસોએ કહ્યું, તમે આ બહાર ફર્યા કરો છો ને તમારો આ છોકરો તો બહુ ઉડાઉ છે, તે બહુ ઉડાવી દેશે. એના પિતાજીને ખબર કે મારો છોકરો એમ ઉડાવે એવો નથી. એટલે તેના પિતાને કાંઈ શોક થયો નહીં. ઘરે ગયા છોકરાને પૂછ્યું તે શું લીધું ? આ એક ચંદ્રકાંતમણિ લીધો છે. તે શું આપ્યું ? તો કહે મેં આટલું સોનું આપ્યું. પિતાએ કહ્યું તેં એને છેતરી લીધો. કહે કે તે એને ફૂટી કોડી પણ આપી નથી. એમ કરતા પૂનમનો દિવસ આવ્યો. અગાસીમાં રાતે એ હીરાને રાખ્યો, તો એ આખી અગાસી સોના-ચાંદીથી ભરાઈ ગઈ.

તો કહેવાનો હેતુ એટલો જ છે, એને કાચનો મહિમા પાંચ કિલો રીંગણા મળે એટલો જ જાણ્યો અને આ તો આખી અગાસી સોના-ચાંદીથી ભરાઈ ગઈ. એટલે આમાં કહેવાનો હેતુ એટલો જ કે, હીરાનો મહિમા જેટલો હીરા પારખુએ જાણ્યો એટલો ઓલા રીંગણાના વેપારીએ જાણ્યો નહીં. આ તો એક દૃષ્ટાંત છે. સિદ્ધાંતમાં આપણે શું લેવું કે, આ સ્વામિનારાયણ ભગવાન છે, એ સર્વે સુખના નિધિ છે. એવો એમનો મહિમા સમજાઈ જાય, તો આપણે એક

મિનિટ પણ ભગવાનને ભૂલીએ નહીં પણ આ માયાનું આવરણ એવું છે કે, આપણને એવો મહિમા સમજાતો નથી.

રસ્તે ચાલતા એક માણસને સોનામહોર મળી ગઈ

એક માણસ રસ્તામાં ચાલ્યો જતો હતો, એને એક સોનામહોર મળી. અહા ! મને આ સોનામહોર મળી એમ હરખાતો હરખાતો ચાલ્યો જતો હતો, ત્યાં રસ્તામાં એક વિરડો આવ્યો. પહેલાના જમાનામાં નદીમાં ખાડો કરી પાણી કાઢે તેને વિરડો કહેતા. એમાંથી પાણી કાઢી કાઢી મોલને પાતા. તે એ માણસ વિરડામાંથી પાણી પીવા ગયો, ત્યાં એની સોનામહોર વિરડામાં પડી ગઈ. તે તો ચિંતા કરવા લાગ્યો.રસ્તામાં ચાલતા ચાલતા એક મહાત્મા મળ્યા. મહાત્મા બહુ સારા હતા. ભગવાનની મૂર્તિને ત્રણે અવસ્થામાં અખંડ દેખતા હતા. આ માણસે એ મહાત્માને વિનંતી કરી. મહાત્માજી તમે જ્ઞાની છો તો મારા ઉપર દયા કરો અને મારૂં એક કામ કરી આપો. મને એક સોનામહોર મળી હતી તે પાણીમાં પડી ગઈ છે. વળી ગુણાતીતાનંદ સ્વામીએ એમ વાત કરી કે ''મુજકો રસા પાયા હી નહીં થા'' એક ભરવાડ હતો. રસ્તામાં ચાલતા ચાલતા એક દોરડું મળી ગયું એ દોરડું ખોવાઈ ગયું. એ માણસ વિચાર કરવા લાગ્યો, અરે મને દોરડું બહુ સારૂં મળ્યું હતું પણ એ ખોવાઈ ગયું. ત્યાં રસ્તામાં બીજા એક ફકીર મળ્યા, એણે પૂછ્યું કેમ ભાઈ શું વિચાર કરે છે ? શું ચિંતા કરે છે ? આણે કહ્યું મને એક દોરડું મળ્યું હતું તે ખોવાઈ ગયું. ફકીરે કહ્યું કે તુ એમ માની લે કે ''મુજકો રસા પાયા હી નહીં થા'' મને દોરડું મળ્યુ જ નહોતું, તેમ આ મહાત્માએ પણ એમ કહ્યું, તું એમ માની લે કે, મને સોનામહોર મળી જ ન હતી. પણ પેલો માણસ કહે કે, તમને સાધુ લોકોને એમ થાય, પણ અમને ગૃહસ્થ માણસને તો પૈસા જોઈએ ને ? માંડ માંડ આ સોનામહોર મળી હતી. મારૂં આ આખી જીંદગીનું દારિદ્ર ટળી જાત. મહાત્માએ તેને સમજાવ્યો અને રસ્તામાં ચાલતા ચાલતા ભગવાનના જ્ઞાનની, ધ્યાનની અને મહિમાની વાતો કરી. ચાલતા ચાલતા એક ઝાડ આવ્યું ત્યાં આ મહાત્મા પણ બેઠા અને એ માણસ પણ બેઠો. મહાત્માએ આમ ચપટી વગાડી અને તેને સમાધી કરાવી દીધી. સમાધિમાં તેને સમુદ્ર દેખાયો. સમુદ્રની વચ્ચે એક બેટ હતો, એ બેટ ઉપર તેને હીરા-મોતી, સોના મહોરોના ઢગલા દેખાણા. એ તો એના ખિસ્સામાં નાખવા જ મંડ્યો. આ મહાત્માએ પણ ચપટી વગાડી ને આ ભાઈ તો જાગ્યા.

તેને બેટ ને સમુદ્ર એવું કાંઈ દેખાણું નહીં, પણ સોનામહોરો જે ભેગી કરી હતી તે ખિસ્સામાં રહી ગઈ. પછી આ તો બેઉ જણા આગળ ચાલવા માંડ્યા. સાધુએ પૂછ્યું કેમ ભાઈ ? ત્યારે આ માણસે કહ્યું કે સ્વામી તમે મારા ઉપર ઘણી દયા કરી દીધી. મારી તો એક જ સોનામહોર ખોવાઈ ગઈ હતી. પણ તમે તો મને ખિસ્સુ ભરીને સોનામહોર આપી દીધી. પણ સ્વામી, આ પર્વત અને આ સોનામહોર એવું કાંઈ હતું નહીં, તો આ બધું ક્યાંથી થયું ? ત્યારે સાધુ મહાત્માએ કહ્યું કે એ તો બધું ભગવાનની દયાથી થયું. પણ એવુ થાય ક્યાંથી ? આવી સિદ્ધિ તમે ક્યાંથી મેળવી આવ્યા ? સાધુ મહાત્માએ કહ્યું કે, હું તો એવો કંઈ હોશિયાર માણસ છું નહીં. હું તો આ ભગવાનનું નામ લઉં છું. હરિકૃષ્ણ, નારાયણ, સ્વામિનારાયણ એમ ભગવાનનો જાપ કરૂં છું. એણે કરીને તને એવું દેખાણું હશે. અહોહો.... ભગવાનનું નામ લેવાથી આવું બધું થઈ જાય કે ? મારે આ સોનામહોર નથી જોઈતી. મને તમારી જેમ સાધુ બનાવી દો. એને વૈરાગ્ય આવી ગયો. એણે સોનામહોર ઘા કરી દીધી અને સાધુ પાસે રહી દીક્ષા લઈ ભગવાનનું ભજન કરવા લાગ્યો અને એકાંતિક ભક્ત થઈ ગયો અને દેહના અંતે તેનો મોક્ષ થઈ ગયો. ત્યારે આમાં કહેવાનો હેતુ એટલો જ કે, જો આવી રીતે ભગવાનનું ભજન કરે, તો માયાના વિકારો ટળી જાય અને અંતરમાં આનંદ થઈ જાય છે.

એક બહુરૂપીએ સાધુનો વેશ લીધો

એક મહાત્માએ વળી બહુરૂપીની વાત કરી. બહુરૂપી ને રાજાની મૈત્રી હતી. અવારનવાર બન્ને ભેગા થાય. બહુરૂપીનો તો સ્વભાવ એવો કે, અવારનવાર અવનવા વેશ કાઢી લોકોનું મનોરંજન કરે. રાજાએ બહુરૂપીને શું કહ્યું કે, તું ગમે તેવા વેશ કાઢે તો પણ હું તને ઓળખી જાઉં. તમે ઓળખી જાવ એ તો બરાબર પણ ક્યારેક ન પણ ઓળખો. અરે ! હું તને ન ઓળખું ? આપણે બે ભાઈબંધ છીએ તે આપણે ભેગા મળીએ, બોલીએ, ચાલીએ, વાતચીત કરીએ તો તારી બોલી ઉપરથી ખબર ન પડી જાય ? ત્યારે આ બહુરૂપી કહે, પણ જો તમે ક્યારેક ન ઓળખો તો શું કરશો ? ત્યારે રાજાએ કહ્યું કે, હું તને મારૂં આખું રાજપાટ આપી દઉં. ત્યારે બહુરૂપી કહે, આ વાત યાદ રાખજો, તો રાજા કહે કે ભલે.

એમ કરતા કરતા અઠવાડિયું પંદર દિવસ પસાર થઈ ગયા. આ બહુરૂપીનો

સ્વભાવ એવો કે અવનવા વેશ કાઢી, એમાંથી જે કાંઈ મળે તેમાંથી પોતાનો ગુજારો કરે. એક વાર બાળકનો વેશ કાઢ્યો, એક વાર સિંહનો વેશ કાઢ્યો. એમ અવારનવાર નોખા નોખા વેશ કાઢ્યા. એક વખત એણે સાધુનો વેશ કાઢ્યો. માથે મોટી જટા, આવડા મોટા વાળ, હાથમાં માળાઓ બાંધી, વાની અને રાખના અવનવા ચિન્હ હાથપગ ઉપર કર્યા અને ત્યાં એવો સાધુ બની કોઈક ગામમાં ગયો. કોણ છો ભાઈ ? અમે તો સાધુ છીએ. અહીયા શું કરવા આવ્યા છો ? અમે તો સાધુ રમતા રામ કહેવાઈએ. ભગવાનનું નામ લેવું અને લેવરાવવું એ સાધુનું કામ છે. ત્યારે સારા દૈવી માણસો હશે એમણે કહ્યું કે, અમારા ઘરે આવશો? તો કહે આવશું. સાધુનું સગુ કોણ ? સાધુના સગા ભગવાન. તો આ તો કહે ભલે. પછી તો એ સાધુ તો ગામમાં ગયા. ગામની બહાર ચોરો હશે, ત્યાં બેસીને ભગવાનના ધ્યાનની, જ્ઞાનની, ભજનની વાતો કરવા મંડ્યા. સાધુ થયા તો શિખવું જ પડે ને ? બધા માણસો એ સાંભળી બહુ રાજી થઈ ગયા, ત્યારે ફરતા ફરતા એ રાજા પણ આ ભાષણ સાંભળવા ગયેલા, એને પણ થયું કે આ સાધુ તો બહુ સારા છે. કથા પૂરી થઈ. સૌ સૌને ઘેર ચાલ્યા ગયા. રાજા પણ પોતાને ઘેર ચાલ્યો ગયો.

બહુરૂપી પણ બીજે દિવસે રાજા પાસે ગયો. રાજાને થયું કે આ બાવો ક્યાંથી આવ્યો, રાજા કહે તમે ભાષણ કરતા હતા એ જ કે? સાધુ કહે હું એ જ છું તમે મને ઓળખો છો ? રાજા કહે હા તમે એજ મહાત્મા છો, તમારી વાતો મેં સાંભળી. ત્યાં તો એ બહુરૂપી એ પોતાની જટા કાઢી નાખી, માથાના વાળ કાઢી નાખ્યા અને પોતાના કપડાં હતા તે પહેરી લીધા. અહોહો ! તું બહુરૂપી ? તમે કહેતા હતા ને કે, હું ઓળખી જ જાઉં. રાજા કહે મને મારૂં વચન યાદ છે એટલે મારૂં આ રાજપાટ આજથી હું તને આપી દઉં છું. બહુરૂપી કહે હે રાજન ! તમારૂં વચન સત્ય રાખો એ બરોબર છે, પણ આ મેં ખાલી સાધુનો વેશ લીધો તો મને આટલો આનંદ આવી ગયો, તો ખરેખર સાધુ થવાથી કેટલો આનંદ આવે?

આવો સમય પછી નહીં મળે

ગામડામાં રાતે ચોકીદારો ફરતા. રાતે જાગજો... જાગજો એમ ચેતવતા. નહીં જાગો તો ચોર ચોરી કરી જાશે. તેમ આ શાસ્ત્ર અને સંતો આપણને કહેછે કે હે ભાઈ, ભગવાનનું ભજન કરો, પછી આવો સમય નહીં મળે. સંતોએ કીર્તનમાં લખ્યું

"પછે નહીં મળે તુને પછે નહીં મળે,
કંઈક લે લે લે ને લાવ, પછે નહીં મળે,
મોતી સરખો કણ લઈ, મૂરખ ઘંટીમાં કાં દળે ?"

મોતી હોય અને જો ખબર ન હોય કે આ લાખ રૂપિયાનું મોતી છે, તો એ એને ઘંટીમાં દળી નાખે. એ ઘંટીમાં દળી નાખે તો મોતીની ભસ્મ ભલે કહેવાય પણ એના લાખ રૂપિયા ન આવે. આ મનુષ્યનો જન્મ તો લાખ રૂપિયા તો શું પણ કરોડો રૂપિયા દેતાય નહીં મળે. કરોડો રૂપિયા ખર્ચતા આવા સંતો નહીં મળે અને કરોડો રૂપિયા ખર્ચતા આવો સત્સંગનો જોગ નહીં મળે. આ તો મફતમાં મળી ગયો છે. એટલે ઠીક છે... ચાલે છે, પછી કરશું પછી કરશું. પણ આ મનુષ્યનો જન્મ બહુ દુર્લભ છે, તો મહારાજ કહે કે, આ ત્રણ દેહના ભાવ ટાળી ભગવાનનું ભજન કરવું.

ચોખા જેવા ચોખ્ખા થશું ત્યારે અક્ષરધામમા રહેવાશે

એક વખત મહારાજ ગઢપુરમાં બિરાજમાન હતા. ત્યાં વસઈ ગામના ભક્ત સારા ચોખા લાવ્યા અને મહારાજ પાસે મુક્યા. મહારાજે પુછ્યું આ શું છે ? સંતો કહે આ ચોખા છે. બીજા માણસોએ એમ જાણ્યું કે, આ ભગવાન વળી કેવા છે જેને ચોખા શું છે એ ખબર પડતી નથી. ત્યારે મહારાજે કહ્યું કે હે ભક્તજનો ! હે સંતો ! કે તમે જ્યારે આ ચોખા જેવા ચોખ્ખા થશો ત્યારે અમારા અક્ષરધામમાં પ્રવેશ પામશો. જ્યાં સુધી આ લોકના રાગ હશે ત્યાં સુધી ભગવાન કહે કે, મારા અક્ષરધામમાં રહેવાશે નહીં. તો આ લોકના રાગ કેમ ટળશે ? પંચાળાના પહેલા વચનામૃતમાં મહારાજે કહ્યું કે, પશુના કરતા મનુષ્યનું સુખ અધિક છે, એના કરતા દેવતાનું, એના કરતા બ્રહ્માનું સુખ અધિક છે. વૈકુંઠ ગોલોક અને શ્વેતદ્વિપ એ આદિકમાં પણ સુખ છે. પણ સૌ કરતા ભગવાનના અક્ષરધામનું સુખ અધિક છે.

વળી ભગવાનના અક્ષરધામના સુખમાં જો આપણી દષ્ટિ પહોંચી જાય, તો એને આ લોકના પદાર્થમાં મોહ જ ન રહે. મોહ ન રહે, તો સાધુ બની જવાય તો સારૂં ને ! પણ મહારાજે એમ સાધુ થવાનું કહ્યું નથી. બધા સાધુ બની જાય તો જગત ચાલે નહીં અને સાધુ બનવું એ પણ કઠણ છે. મહારાજે આમાં એમ કહ્યું કે અંતરથી સાધુ થવું. એક ઠેકાણે એમ પણ લખ્યું કે, ઉપર થકી ગમે તેટલી વ્યવહારની પ્રવૃત્તિ હોય, એનો અમારે ખરખરો નહીં, પણ

અંતરમાં જો રંચ જેટલો પણ ઘાટ થાય, તો એનો ત્યાગ કરીએ ત્યારે જ નિરાંત થાય. ભગવાનને તો એવા ઘાટ-સંકલ્પ થતા નહીં.એ તો પોતે પોતાની દિવ્ય મૂર્તિના સુખે સુખિયા હતા. પણ આ તો આપણને શિખવાડ્યું કે ભગવાનના જે ભક્ત હોય, એમણે આ માયિક રાગો ટાળવા. કેટલાક હરિભક્તો પૂછે છે કે, સ્વામી જ્યારે ધ્યાન ભજન કરીએ ત્યારે ઘાટ-સંકલ્પ બહુ થાય છે, તો શું ધ્યાન કરવા બેસીએ ત્યારે જ ઘાટ સંકલ્પ થાય છે અને બીજે સમયે થતા નથી ? એ તો તે વખતે વૃત્તિ સ્થિર હોય એટલે ખબર પડે કે આ ઘાટ થાય છે. દિવસ આખો તો વ્યાવહારિક પ્રવૃત્તિમાં હોઈએ એટલે ખબર ન પડે. આમાં તો મહારાજે એમ કહ્યું કે, આ લોકના રાગ માત્ર ટાળી નાખવા.

જાણપણારૂપ દરવાજે ઊભા રહેવું

મોટા સંતો કહેતા કે, આ દૂધમાં ઘી રહેલું છે પણ જો ઘી કરતા આવડે, તો આપણને ઘીનો સ્વાદ આવે અને જો ઘી કરતા ન આવડે તો ? દૂધમાં થોડીક છાશ નાખીએ તો દહી થાય. વલોવીએ તો માખણ થાય અને માખણને બરાબર તાવતા ન આવડે તો ઘી બરાબર ન થાય, બળી જાય. ઘીનો સ્વાદ ન આવે. તો મહારાજ કહે, દૂધમાં ઘી રહેલું છે એને જો બરાબર બનાવતા આવડે તો. આપણા હૃદયમાં જો ભગવાનની મૂર્તિને રાખીએ અને જાણપણા રૂપ દરવાજે રહી, આ લોકના કોઈપણ વિચારો આપણા અંતરમાં પેસી ન જાય તેની કાળજી રાખવી. આ જીવાત્માનો સ્વભાવ એવો છે કે, અનાદિ કાળનો આ જીવ માયામાં રખડતો આવ્યો છે, એટલે જગતના ઢાળે ઢળી જવાય, પણ આપણે જગતના ઢાળે ઢળવું નહીં. આમાં તમે ગૃહસ્થ લોકો રહ્યા, એટલે તમારે વ્યાવહારિક કામ તો કરવું જ પડે, પણ આવી રીતે આ ભગવાનના ભક્તો છે અને ભગવાને મને સેવા સોંપી છે, તે કરવાની મારી ફરજ છે, પણ હું તો ભગવાનનો ભક્ત છું, આત્મા છું, બ્રહ્મ છું, ચૈતન્ય છું , જેમકે પ્રથમ પ્રકરણના સાડત્રીસમાં વચનામૃતમાં પણ એ જ કહ્યું કે, જ્યારે પોતાને આત્મા માને ત્યારે આત્માને કોઈ નાત નથી, જાત નથી, સગાસંબંધી કોઈ છે નહીં. તેમ આ વચનામૃતમાં શિક્ષાપત્રી આદિક શાસ્ત્રમાં પણ એજ આવ્યું કે, તમે જે તે પ્રકારે કરીને આ લોકના રાગ ટાળી અને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું.

ધ્યાન એટલે શું ?

ધ્યાન એટલે શું ? પોતાને ભગવાનની જે પ્રિય મૂર્તિ હોય કેટલાકને ઘનશ્યામ મહારાજની ગમે, સહજાનંદ સ્વામી, હરિકૃષ્ણ મહારાજ એ જેને જે પ્રિય લાગે, એ મૂર્તિનું મોટા સંતો કહેતા કે, ચરણથી શરૂ કરી અને શિખા પર્યંત, એક એક અંગ જોતા જઈએ અને લાંબા શ્વાસે ભગવાનનું બે વખત નામ લઈએ, તો ભગવાનની મૂર્તિમાં સ્થિર થઈ જવાય. એમ ચરણથી કરી અને શિખા સુધી જોઈએ તો પા કલાક, અડધો કલાક, પોણો કલાક શાંતિ થઈ જાય. મોટા સંતો કહેતા કે, ચરણથી શિખા પર્યંત જોઈ, પછી આખી મૂર્તિને જોવી. ક્યારેક અંગો અંગ જોવા, ક્યારેક આખી મૂર્તિ જોવી. તો એવી રીતે લોમ, અનુલોમ, પ્રતિલોમ કરતા કરતા એને ભગવાનની મૂર્તિમાં પ્રેમ થઈ જાય છે. એટલે એવી રીતેં જો ભગવાનની મૂર્તિમાં પ્રેમ થઈ જાય, તો જેમ સૂર્યનારાયણ ઊગે ને આખી પૃથ્વીમાં અંધકારનો નાશ થઈ જાય છે, તેમ આપણે આવી રીતે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતા કરતા ભગવાનને જો સંભારીએ, તો આપણા અંતરમાં ભગવાનની મૂર્તિ અખંડ રહે અને ભગવાનની મૂર્તિમાં સ્થિર થઈ જવાય.

એક ભક્તની વાત લખી. ગઢપુરમાં એક વખત મહારાજ બિરાજમાન થયેલા અને મહારાજ તો જ્યાં જ્યાં જાય ત્યાં ભક્તજનોને ધર્મની, જ્ઞાનની, વૈરાગ્યની વાતો સંભળાવી, ભગવાન પોતાની દિવ્યમૂર્તિને સુખે સુખિયા કરતા, ત્યારે એ ભક્તજન ભગવાનના દર્શન કરવા ગયા. એમણે વાત સાંભળી, આ સ્વામિનારાયણ ભગવાન છે અને ભક્તોને સુખિયા કરે છે. આ વાત સાંભળી એટલે એ ભક્તજન મહારાજના દર્શન કરવા ગયા. ભગવાનના એણે દર્શન કર્યા એટલામાં તો એ ભગવાનની મૂર્તિમાં સ્થિર થઈ ગયા, તલ્લીન થઈ ગયા. મોટા સંતો એમ કહેતા કે, આવી રીતે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતા કરતા જેમ પાણી હોય તે હિમ પડે તો બરફ થઈ જાય છે, તેમ આવી રીતે ભગવાનનું ધ્યાન, ભજન કરતા કરતા તેના ઈન્દ્રિયો અને અંતઃકરણ સ્થિર થઈ જાય છે. અને ભગવાનની મૂર્તિમાં તલ્લીન બની જાય છે. એટલે આણે ભગવાનના દર્શન કર્યા.

મહારાજે સારંગપુરના બીજા વચનામૃતમાં લખ્યું કે ઈન્દ્રિયો, અંતઃકરણ એકાગ્ર કરી જેમ ધરમપુરના કુશળકુંવરબાઈ દર્શન કરતા એવી રીતે દૃષ્ટિને પલટાવીને ભગવાનના દર્શન કરે તો એને ભગવાનનો આનંદ આવે એટલે

આ ભક્તજને ભગવાનના દર્શન કર્યા અને જેમ ચમકપાણ દેખીને લોઢું ખેંચાઈ જાય છે, તેમ આપણે ભગવાનનું ધ્યાન ધરતા હોઈએ માનસી પૂજા કરતા હોઈએ, દર્શન કરતા હોઈએ, તો ભગવાનની મૂર્તિમાં તલ્લીન બની જવાય. આપણે એવું કરવું પડશે, થતું હોય તો બરાબર છે. ન થતું હોય તો કરવું જ પડશે ને ? કે હવે કરશું ? હવે કરવું તો પડશે ને ? મોટા સંતોએ આપણા માટે આવો દાખડો કરી અને શિક્ષાપત્રી, વચનામૃત, સત્સંગિજીવન આદિક શાસ્ત્રો આપણા માટે જ લખી ગયા છે. આપણે એમ જાણવું કે આ મારા માટે જ છે.

કચ્છમાં એક અંજાર ગામ છે, ત્યાં એક ભક્ત હતા આમ ભોળા જેવા હતા. સંતો ભગવાનના ધ્યાનની, જ્ઞાનની, મહિમાની વાતો કરે એટલે આ ભક્ત ''અહોહો ! આતો સોનાના અક્ષર'' એમ બોલે એમ આપણે પણ ભગવાનનું ધ્યાન, ભજન, કથા, કીર્તન કરીએ, સાંભળીએ, તો આપણને ભગવાનના એવો આનંદ આવી જાય, ત્યારે આપણે ભગવાનના સાચા ભક્ત થયા કહેવાઈએ અને એવું નથી થતું ત્યાં સુધી આપણી ખામી કહેવાય કે કસર કહેવાય. એ કસર ટાળવાને માટે જ આપણે બધા ભેળા થયા છીએ.

ભગવાન પૂછશે કે તમને ભગવાન ભજવામાં શું ખામી હતી ? તો આપણે શું કહેશું ?

છોકરાઓ ભણવા સ્કૂલમાં જાય, કોલેજમાં જાય, તો એ શા માટે ભણવા જાય છે? જ્ઞાન શીખવા માટે, વિદ્યા શિખવા માટે. તેમ આ મોટા સંતોએ ગામ વચ્ચે વન કર્યા, મંદિરો કર્યા તો આપણે આ સત્સંગરૂપી હાઈસ્કૂલ કે કોલેજોમાં ભણવા માટે ભેળા થયા છીએ. તો આપણે આવા સત્શાસ્ત્ર વાંચી સંતસમાગમ કરી અને જે કંઈ આપણી કસર હોય તે ટાળી નાખીશું અને દેહને અંતે ભગવાનની સેવામાં રહી જવાય, તો જ આ મનુષ્ય જન્મનો ફેરો સફળ થયો ગણાય. વચનામૃતમાં પણ એજ વાત આવી. પોતાના દેહની અને આ લોકની ભાવના ટાળી, ભગવાનનું ધ્યાન-ભજન કરે એ શ્રેષ્ઠ કહ્યો. ઉપરથી આપણે નાહ્યા હોઈએ, પણ જ્યાં સુધી અંતરમાંથી માયાના વિકારો ન ટાળીએ તો આપણી એટલી ખામી કહેવાય. તો આપણે દરેકે આળસ, પ્રમાદ અને મોહનો ત્યાગ કરી અને દિન દિન પ્રત્યે ભગવાનની મૂર્તિમાં હેત થઈ જાય અને આ લોકના રાગ માત્ર નિર્મૂળ થઈ જાય, તો જ આપણો આ મનુષ્ય જન્મનો ફેરો સફળ થયો કહેવાય. એ કામ કરવા માટે જ આપણે બધા ભેળા

થયા છીએ અને મહારાજે આપણા પર દયા કરીને યોગ પણ સારો આપ્યો છે. જો આપણને ભગવાન પૂછશે કે તમને ભગવાન ભજવામાં શું ખામી હતી ? તો શું કહેશો ? આ જગતના જીવ તો એમ કહેશે કે, અમને રહેવા મકાન નહોતા મળ્યા કે ખાવા નોતું મળ્યું, કપડાં મળ્યા નોતા, એમ કહેશે પણ આપણે શું કહેશું ? આપણને શું નથી મળ્યું ? આપણને અન્ન વસ્ત્ર મળ્યા છે, રહેવાને માટે મકાન મળ્યા છે, હવા ખાવા પંખા મળ્યા છે. બધી વાતે સાનુકૂળ કરી આપ્યું છે, છતાં પણ આવા જોગમાં જો ભગવાનની ભક્તિ બરાબર નહીં કરીએ, તો આવો જોગ બીજે મળશે નહીં. આ દેહ જ્યાં સુધી સારો હોય, સત્સંગનો યોગ હોય, ત્યાં સુધીમાં આપણી જે કાંઈ ખામી હોય એ સત્સંગ કરીને ટાળીશું તો મહારાજ આપણા પર દયા કરી, જરૂર પોતાની દિવ્ય મૂર્તિનું સુખ આપશે. માટે આપણે દરેકે કાળજી રાખવી.

એકાગ્ર ચિત્તે ભગવાનની મૂર્તિના દર્શન કરવાથી આપણા અંતરમાં ઠંડા ઠંડા શેરડા પડયા કરે છે

અમદાવાદના વચનામૃતમાં મહારાજે બહુ સારી વાત કરી. અમદાવાદ ઉપર તો સ્વામિનારાયણ ભગવાનને વિશેષ પ્રેમ હતો અને આજે પણ એવો જ પ્રેમ છે. આપણા સંપ્રદાયમાં ઘણાંક મંદિરો છે અને સત્સંગ પણ સારો છે પણ આ અમદાવાદમાં સ્વામિનારાયણ ભગવાને પ્રથમ નરનારાયણદેવને બાથમાં ઘાલી પધરાવ્યા છે એટલે ત્યારથી કરી આજ દિવસ સુધી અમદાવાદમાં સત્સંગ ચડતો ને ચડતો જ છે. આખો દિવસ અમદાવાદમાં મંદિર ભર્યું ભર્યું જ લાગે અને આરતી થાય ત્યારે તો બધા ભક્તજનો આ દેવનું ધામ ગણીને જલ્દી મારે ભગવાનના દર્શન કરવા છે, એવું આ અમદાવાદ શહેર. ત્યાં સ્વામિનારાયણ ભગવાને નરનારાયણદેવને પધરાવ્યા, એવું આ પવિત્ર અમદાવાદ શહેર. સ્વામિનારાયણ ભગવાને વચનામૃતમાં કહ્યું : ક્યાં કહ્યું ? હમણાં આપણે આ દરવાજા પાસે ઓટલો કરેલો છે ત્યાં લીમડાનું ઝાડ હતું, ત્યાં સ્વામિનારાયણ ભગવાન પોતે વિરાજમાન હતા અને મહારાજ પોતે સંતો હરિભક્તોની સભા કરીને બેસે, ત્યારે દરેક ભક્તજનો આમ મહારાજની મૂર્તિ સામું એક નજરે જોઈ રહે.

કારિયાણીના પ્રથમ વચનામૃતમાં મહારાજે કહ્યું કે, બધા ભક્તજનો મહારાજની મૂર્તિ સામું જોઈ રહે. ત્યારે ચંદ્રમાનો પ્રકાશ એવો છે કે, ચકોરપક્ષી

ચંદ્રમા સામે જોઈ રહે એ એનો વિષય છે. ચંદ્રમા આથમી જાય એટલે ચકોર પક્ષી પડી જાય. બીજે દિવસે ચંદ્રમા ઉગે ત્યારે એ જાગે. એવું એ ચકોર પક્ષી આપણે જોયું નથી પણ શાસ્ત્રમાં વાત આવે છે. નિષ્કુળાનંદ સ્વામીએ પણ લખ્યું છે અને આ મહારાજે પણ વચનામૃતમાં લખ્યું કે, ચંદ્રમાની શીતળતા તેમાં આવી જાય છે. ધગધગતા કોલસા ઉપર ચકોર પક્ષી પડે તો પણ એને કંઈ થતું નથી, કેમકે ચંદ્રમાને વિષે એને એટલો બધો પ્રેમ છે, તેથી એનામાં એટલી શીતળતા આવી જાય છે.

ત્યારે આપણને પણ જો ભગવાનની મૂર્તિને વિષે એવો પ્રેમ થઈ જાય, તો આપણા અંતરમાં પણ એવી શીતળતા આવી જાય. ભગવાનની મૂર્તિને સુખે કરીને એના અંતરમાં આનંદ વર્ત્યા કરે. મોટા સંતો એમ કહેતા કે જો ભગવાનની મૂર્તિને વિષે આવો પ્રેમ થઈ જાય, તો આપણું કામ થઈ જાય.

મહારાજે પણ સારંગપુરના પહેલા વચનામૃતમાં કહ્યું કે, આંખનું એક મટકું ભરીએ એટલી વાર પણ જો આપણે ભગવાનનું સુખ લીધું હોય, તો એમ થાય કે મેં લાખો વર્ષો સુધી ભગવાનની મૂર્તિનું સુખ લીધું. વળી મોટા સંતો એમ કહેતા કે, આવી રીતે ભગવાનની મૂર્તિમાં તલ્લીન બની જવાય, તો ભગવાનના સુખ વડે આ શરીરનું ભાન ભૂલી જવાય અને અંતરમાં એને આનંદના ફુવારા ઉડ્યા કરે અને અંતરમાં ઠંડા ઠંડા શેરડા પડ્યા કરે. અહોહો! આવું ભગવાનનું સુખ છે, આવો ભગવાનનો આનંદ છે. મોટા સંતો કહેતા કે આપણે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરીએ, ભજન કરીએ કે એકાગ્ર ચિત્તે કરીને ભગવાનની મૂર્તિનું દર્શન કરીએ, તો અંતરમાં ભગવાનના સુખ વડે ઠંડા ઠંડા શેરડા પડ્યા કરે અને આનંદના ફુવારા ઉડ્યા કરે. તો આ ભક્તજનો એવું સુખ લેતા જ હશે, લ્યો છો ને એવું સુખ ? કે નથી લેતા ? તો આપણે સત્સંગ કરીને, શાસ્ત્ર વાંચીને, સંત સમાગમ કરીને, કરી કરીને કરવાનું તો એ જ છે. જે તે પ્રકારે કરીને આપણે આ લોકના, દેહના ભાવ ટાળી, આ લોકના રાગ માત્ર ટાળી અને ભગવાનની મૂર્તિ વિષે આવો પ્રેમ થઈ જાય, તો જ આ મનુષ્ય જન્મ સાર્થક થયો કહેવાય.

આવો રૂડો અવસર રે ઓળખવા એક હરિ

એક મહાત્માએ કીર્તનમાં લખ્યું છે કે,

"આવો રૂડો અવસર રે, ઓળખવા એક હરિ."

આજે સ્વામિનારાયણ ભગવાને આપણા ઉપર ઘણી દયા કરી છે. આજે

છેક અક્ષરધામથી અહીં પધાર્યા છે. અક્ષરધામમાં તો ઘણું દિવ્ય સુખ રહેલું છે "સુખ, સુખ-સુખનો નહીં પાર" તો ભગવાનના અક્ષરધામમાં દિવ્ય સુખ રહેલું છે, ત્યારે એ સુખમાંથી ભગવાન અહીંયા શા માટે પધાર્યા? તો સ્વામિનારાયણ ભગવાને એવો વિચાર કર્યો કે, મારે અક્ષરધામમાંથી આ પૃથ્વી પર જઈને અનેક જીવોનું કલ્યાણ કરવું છે. તો ભગવાને તેવો સંકલ્પ ધારી અને અક્ષરધામમાંથી અહીં પધાર્યા છે. સ્વામિનારાયણ ભગવાને એક ઠેકાણે લખ્યું

"અમે જોને આવીયા તમ કારણ તન ધરી,
મન વાણી પહોંચે નહીં, કહે નેતિ નેતિ નિગમ વળી.
માટે અમારા દાખડા સામું જો જો સૌ મળી,
અન્ય વાસના અંતરે કોઈ રાખજોમાં સૌ વળી"

મહારાજ કહે અમે એટલે દૂરથી અહીં પધાર્યા શા માટે ? તો તમારા જીવના કલ્યાણ માટે. તો સૌ હવે અમારા દાખડા સામું જોજો. દાખડા સામું શું જોવું ? કે ભગવાનનો કેમ રાજીપો થાય ? ભગવાન આપણા પર કેમ રાજી થાય એ જ. ભગવાનના દાખડા સામું જોવાનું આપણું ધ્યેય છે. તો મહારાજ કહે હવે તમે બધા મારા ભક્ત થયા છો તો વાસના રાખજો મા.એ વાસના વડે જ આ જીવ માયામાં બંધાયેલો છે હો!

એ વાસના વડે જ આપણે જન્મમરણના ફેરા ભોગવ્યા કરીએ છીએ. પુનરપિ જનનં, પુનરપિ મરણમ્. કોઈએ એમ કહ્યું કે, આપણે ચોર્યાસી લાખ જન્મો ધારણ કરી આવ્યા છીએ, પણ ક્યાંય આવા ભગવાન, ક્યાંય આવા સંતો કે ક્યાંય આવા હરિભક્તો કે આવો સત્સંગનો યોગ કે આવા આચાર્ય મહારાજ મળ્યા નહીં હોય અને કદાચ મળ્યા હશે, તો આપણે જેવો જોઈએ એવો સમાગમ બરોબર નહીં કર્યો હોય. ભગવાનની ભક્તિ, ભજન, સત્સંગ બરાબર નહીં કર્યા હોય, તો આપણે બધા હજી આ લોકમાં ગોથા ખાધા જ કરીએ છીએ. પુનરપિ જનનં ને પુનરપિ મરણમ્.

પણ હવે આપણને જન્મ-મરણના ફેરા ભોગવવા ન પડે અને આ દેહે કરીને, આ લોકના રાગ માત્ર નિર્મૂળ કરીને દેહને અંતે ભગવાનની સેવામાં રહી જવાય, તો જ આપણો આ મનુષ્ય જન્મનો ફેરો સફળ થયો કહેવાય.

મોટા સંતો લખી ગયા, ગૃહસ્થ લોકો કરોડો રૂપિયા કમાણા. સાહેબ

સાહેબ કહેવાયા, શેઠ શેઠ કહેવાયા, પણ મોક્ષ સંબંધી કામ જો ન થયું તો બધું નકામું કહેવાય. બીજું, મોક્ષ સંબંધી કામ કરવાને માટે જ આપણે બધા અહીં ભેળા થયા છીએ અને સ્વામિનારાયણ ભગવાને આપણા ઉપર કેટલી બધી દયા કરી છે ? આવા મંદિરોની સ્થાપના કરી, આચાર્યોની સ્થાપના કરી, આવા સંતોની સ્થાપના કરી. કોઈ વાતની સ્વામિનારાયણ ભગવાને કચાશ રાખી નથી હો! આપણને કોઈ પૂછશે કે તમારે ભગવાન ભજવામાં શું ખામી હતી ? ત્યારે આ જગતના જીવ તો એમ કહેશે કે રોટલા ખાવા મળતા નહીં, કપડાં પહેરવા મળતા નહીં. આ મુંબઈમાં ને ઘણી જગ્યાએ ઝુંપડપટ્ટી છે ત્યાં રોટલા ખાવા મળે નહીં કપડાં પહેરવા મળે નહીં. પણ આપણા ઉપર તો ભગવાને કેવી મોટી દયા કરી છે ? આપણા બધાના સુખને માટે પોતાના ગુરૂ રામાનંદ સ્વામી પાસે માગી લીધું, તમારા સત્સંગી હોય, તેના પ્રારબ્ધમાં રામપાત્ર લખ્યું હોય, તે રામપાત્ર મને આવો. રામપાત્ર એટલે શું ? તો બાવાઓ કુંભારને ત્યાંથી તૂટેલા માટલાની ઠીબડી લઈ આવે તેને રામપાત્ર કહેવાય. તે રામપાત્ર લઈને ઘરોઘર માંગે. આખો દિવસ જાય ત્યારે અડધો કિલો, કિલો લોટ માંડ મળે. તો મહારાજ કહે એના પ્રારબ્ધમાં આવું હોય તો ભગવાન કહે એ દુઃખ મને આવે. પણ ભગવાનના ભક્તને એ દુઃખ ન આવે અને સત્સંગીના પ્રારબ્ધમાં એક વીંછીનું દુઃખ થવાનું લખ્યું હોય. વીંછી કોઈને કરડે ને તો બહુ પીડા થાય. મને એકવાર કરડ્યો હતો. પીડા થઈ હતી. વાત સાચી છે, ઘણા વર્ષ પહેલાની વાત છે. આજે નથી કરડ્યો. ત્યારે એક વીંછીનું દુઃખ થવાનું લખ્યું હોય, તો મહારાજ કહે અમને રૂંવાડે રૂંવાડે કરોડો વીંછીની વેદના થાય, પણ ભગવાનના ભક્તને એ દુઃખ ન થવું જોઈએ.

આથી અગાઉ ભગવાનના અનેક અવતારો થઈ ગયા અને ગીતાજીના વાક્ય પ્રમાણે ભગવાનના અનેક અવતારો થાશે. પણ સ્વામિનારાયણ ભગવાન જેવો દયાળુ અવતાર તો કોઈ થયો નથી અને થાશે પણ નહીં. એટલા માટે સ્વામિનારાયણ ભગવાને વચનામૃતમાં લખ્યું, **"ન ભૂતો ન ભવિષ્યતિ."** આથી અગાઉ આવી વાત ક્યાંય થઈ નથી ને થાશે પણ નહીં. નિષ્કુળાનંદ સ્વામીએ પણ લખ્યું " નહોતી દીઠી, નહોતી સાંભળી, એવી પ્રગટાવી પુનિત રીત પુરૂષોત્તમ પ્રગટી રે." આવી વાત તો મેં ક્યાંય દીઠી નહોતી ને સાંભળીયે નહોતી. એવી પ્રગટાવી પુનિત રીત પુરૂષોત્તમ પ્રગટી રે. ને વાતેય સાચી કે આગળ ઋષિમુનીઓ ધ્યાન કરીને થાકી જતા ! આસન સાધી રે, ધ્યાન ધરીને ધારે જેની ચેષ્ટા રે....

એક ઋષિએ સાઈઠ હજાર વર્ષ તપશ્ચર્યા કરી, તો પણ તેને ભગવાન મળ્યા નહીં. આ જ તો આ સંતોને સતયુગ કરતા પણ વધારે સારા દેશકાળ સ્વામિનારાયણ ભગવાને કર્યા છે. સતયુગમાં તો કલ્પવૃક્ષ નીચે જઈને સંકલ્પ કરે, ત્યારે કપડાં કે જમવાનું આદિ મળતું. પણ આ કળિયુગમાં તો સ્વામિનારાયણ ભગવાનના સંતો, સ્વામિનારાયણ ભગવાનની દયાથી એમને કોઈ સંકલ્પ કરવો પડતો નથી કે લૂગડાં ક્યાંથી આવશે ? જમવાનું ક્યાંથી મળશે ? માંદા થાશે તો કોણ ચાકરી કરશે ? તો કોઈ સંતોને સ્વામિનારાયણ ભગવાનની દયાથી સંકલ્પ કરવો પડતો નથી અને ગૃહસ્થો પણ સ્વામિનારાયણ ભગવાનના જે પાંચ નિયમોનું પાલન કરે અને ભગવાનની ભક્તિ કરે, તો એને પણ કોઈ પ્રકારે અન્ન, વસ્ત્ર ને આબરૂએ કરીને વાંધો આવતો નથી. એટલા માટે મહારાજે કહ્યું કે, તમે બધા ભલે દૂધ, ચોખાને સાકર જમો, હિંડોળાખાટમાં ભલે ઝૂલો પણ ભગવાનનો આશરો રાખી અને ભગવાનનું ભજન કરો તો

"મારા જનને અંતકાળે જરૂર મારે આવવું,
બિરૂદ મારૂં ન બદલે, તે સર્વે જનને જણાવવું"

મારા જે ભક્તો હોય એને અંતકાળે જરૂર મારે તેડવા આવવું. તે આપણા શાસ્ત્રમાં દેખાડ્યું છે કે, મહારાજ અંતકાળે જરૂર તેડવા આવે જ છે અને રથ, વેલ, વિમાન લઈને મહારાજ પોતાના ભક્તને અક્ષરધામમાં તેડી જાય છે. તો આપણે દરેકે શું કરવાનું ? વનમાં જઈએ, ટાઢ, તડકો વેઠીએ, કે ભૂખ-તરસ વેઠીએ, એવું બધું કાંઈ કરવાની જરૂર નથી. પહેલા તો ભગવાનના ભક્તો હતા, તે ભગવાનને રાજી કરવા માટે ભગવાનને ખોળવા જતા.

કાળ અને માયા થકી મૂકાવે એને માટું મસ્તક આપી દઉં. તો કાળ અને માયા થકી કોણ મૂકાવે ? કાં ભગવાન મૂકાવે અને કાં ભગવાનના સાચા સંતો. એ બે સિવાય કોઈ કાળને માયા થકી મૂકાવનાર શાસ્ત્રમાં લખ્યું નથી. ત્યારે કાળ અને માયા થકી મૂકાવવા માટે કેઈક ભક્તજનો ભગવાનને ખોળવા જાય છે. પણ સ્વામિનારાયણ ભગવાને તો કોઈ વાતેય ખામી રાખી નથી હો. આવા દયાળુ પુરૂષોત્તમ નારાયણ ભગવાન આપણને મળ્યા, આવા ગામ વચ્ચે એ ભગવાનનાં મંદિરો કર્યા, આવા આચાર્ય મહારાજ કર્યા, આવા સંતો કર્યા. આપણા સૌના મોટા ભાગ્ય છે. હવે આપણે દરેકે શું કરવાનું ? ભગવાનને રાજી કરવાને માટે આવા ભગવાનના મંદિરો કર્યા. તો મંદિરમાં જઈને સવાર-સાંજ

કથાવાર્તા થતી હોય તો એ લાભ લેવો. સવારે-સાંજે ઉઠતી વખતે, દિવસના હાલતા ચાલતા ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું.

ભગવાનની જો સ્મૃતિ ન રહે તો એ ગાયું તે ન ગાયા જેવું છ

પ્રથમના ૨૨માં વચનામૃતમાં સ્વામિનારાયણ ભગવાને એવી વાત કરી કે, ભગવાનના ભક્ત હોય તેણે વાજિંત્ર વગાડી, ભગવાનના કીર્તન ગાવા. આ કીર્તન ગાતા ગાતા ભગવાનની જો સ્મૃતિ ન રહે, તો એ ગાયું તે ન ગાયા જેવું છે. સ્વામિનારાયણ ભગવાને પણ ના પાડી છે. કારણ કે કીર્તનમાં તો શું આવે? આજની ઘડી તે રળિયામણી.... ભગવાનની મૂર્તિના કીર્તન ગાતા ગાતા પણ ભગવાનની મૂર્તિની સ્મૃતિ રહેવી જોઈએ, એટલે ભગવાન એને દેખાયા કરે.

એક સમયે સ્વામિનારાયણ ભગવાન ગઢપુરમાં વિરાજમાન થયેલા. ચારેય બાજુ સંતો, હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી અને મુકતાનંદ સ્વામી પણ મહારાજની સભામાં બિરાજમાન થયેલા. ત્યારે મુકતાનંદ સ્વામીએ ભગવાનની મૂર્તિ જોતા જોતા એક કાવ્ય કર્યું. તે ગાયન કરતા, કીર્તન ગાતા તે હાથમાં કિરતાર વગાડતા જાય.ભગવાનની મૂર્તિની સામે જોતા જોતા જ જમીન ઉપર ગુલાલથી હાથીનું ચિત્ર બનાવ્યું. તેના ઉપર અંબાડી, તેના ઉપર ભગવાનની મૂર્તિ બિરાજમાન કરાવી. બીજા ભક્તો કહે કે, આ મુકતાનંદ સ્વામી કીર્તન ગાય છે, પણ નીચે જોયું તો નથી આ કેમ થાય ? ત્યારે મુકતાનંદ સ્વામીએ આવી રીતે હાથીની અંબાડી ઉપર ભગવાનની મૂર્તિનું ચિત્ર કરી આપ્યું. ત્યારે આપણે પણ સ્વામિનારાયણ-સ્વામિનારાયણ, ઘનશ્યામ મહારાજ એવું નામ લઈએ તો ભગવાનની મૂર્તિ દેખાય હો! સ્વામિનારાયણ - સ્વામિનારાયણ એમ ભગવાનનું નામ લઈએ એટલે ભગવાનનું રૂપ ખડું થઈ જાય. તમો બધાને થઈ જાતું હશે. તેમ થઈ જાય છે ને ? સ્વામિનારાયણ નામ લઈએ એટલે ભગવાનની મૂર્તિ આપણને અંતરમાં દેખાય કે ઘનશ્યામ મહારાજનું નામ લઈએ તો ઘનશ્યામ મહારાજની મૂર્તિ એ આપણને દેખાય. એટલા માટે બ્રહ્માનંદ સ્વામીએ કીર્તનમાં લખ્યું,

"મારા હેડામાં નાથ હંમેશ રે દર્શન દેજો રે,
બ્રહ્મમુનિ કહે નટવર વેશ રે, આંખલડીમાં રહેજો રે."

હે મહારાજ ! મારા હૈડામાં એટલે મારા હૃદયમાં રહેજો. બ્રહ્મમુની કહે, નટવરવેશ આંખલડીમાં રહેજો રે. એટલે મનુષ્ય આકારે ભગવાન જ્યારે વિચરતા ત્યારે સામે મૂર્તિ આ પ્રમાણે દેખાતી. એટલે આપણે પણ એવો અભ્યાસ કરીએ તો મહારાજે ગ.પ્ર.ના વીસમાં વચનામૃતમાં કહ્યું છે કે અજ્ઞાનીમાં અજ્ઞાની, ઘેલામાં ઘેલો, મૂર્ખમાં મૂર્ખ, નીચમાં નીચ કોણ છે ? ત્યારે કહ્યું કે, પોતાના સ્વરૂપને જે જોતો નથી એ અજ્ઞાનીમાં અજ્ઞાની, ઘેલામાં ઘેલો, મૂર્ખમાં મૂર્ખ, નીચમાં નીચ છે.

પોતાનું સ્વરૂપ જોવું પોતાના હાથમાં છે? ત્યારે એના ઉત્તરમાં મહારાજે કહ્યું કે , જેને સત્સંગ થયો છે તેને તો પોતાના હાથમાં જ છે.તમે અભ્યાસ કરશો તો આત્મા પણ દેખાશે ને આત્માની અંદર રહેલા પરમાત્મા પણ દેખાશે,એમ સ્વામિનારાયણ ભગવાને ઉત્તર કર્યો.

તો આપણે પણ બધા ભગવાનના ભક્ત થયા છીએ અને દરેકને એમ છે કે, મારે ભગવાનની ભક્તિ કરી અને આ ને આ જ જન્મે આત્મા પરમાત્માનું જ્ઞાન દૃઢ કરીને, દેહને અંતે મારે ભગવાનની સેવામાં રહેવું છે. આપણે દરેકને એવી ઈચ્છા છે જ. આપણે કાળજી રાખીને ભગવાનનું ધ્યાન, ભજન, કથા, વાર્તા ખટકો રાખીને કરશું તો આપણી જે ખામી હશે, તે ભગવાન જરૂર ટળાવી દેશે.

મોટા સંતો આગળ કહેતા કે, મોટા-મોટા સંતોના શબ્દોની હાર્યું કરવી. હાર્યું કરવી એટલે કે આ મોટા સંતો સ.ગુ.ગોપાળાનંદ સ્વામી, સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી, વિગેરે જેવી રીતે વર્તી ગયા, આ ગોરધનભાઈ, પર્વતભાઈ, દાદાખાચર એ બધા ભગવાનના એકાંતિક ભક્તો થઈ ગયા, તેઓ કઈ રીતે વર્તી ગયા? નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું કે : જે મોટા સંતો કે ભગવાનના હરિભક્તો જેમ વર્તી ગયા છે, એ પ્રમાણે આપણે ચાલ્યા જશું, તો બધા ભગવાનની સેવામાં રહી જશું અને ભગવાનને સુખે સુખિયા થઈ જાશું. તો આપણને જરૂર ભગવાન સુખ આપશે. તો આપણે દરેકે એવી કાળજી રાખવી. ગ.પ્ર.ના બાવીસમાં વચનામૃતમાં કલમ કાપી નાખી કે ભગવાનની મૂર્તિમાં વૃત્તિ રાખ્યા વગર જે ગાય છે, તે તો ન ગાયા જેવું જ છે.

એક મોટા સંતે દૃષ્ટાંત આપ્યું. "ગાય છે ગાય છે, દૂધ પ્યારાને પાય છે. છાશે જગ ભરાય છે, આપ ધાઈ ગાય તો કોઈક જ થાય છે."

થોડી ઘણી વાતો કરે કે, વચનામૃતમાં આમ છે ને આમ છે, પણ પોતે વર્તે નહીં. આવી રીતે વાતું કરે પણ પોતે વર્તે નહીં, તો ગાય છે, ગાય છે દૂધ

આ જગતના જીવો ત્રિવિધ તાપમાં બળ્યા કરે છે અને આ સંસારરૂપી દરિયામાં ફર્યા જ કરે છે. પણ સ્વામિનારાયણ ભગવાને આપણા ઉપર દયા કરી આ સત્સંગરૂપી નાવમાં બેસાડી દીધા છે. આગળ સમુદ્ર તરવા માણસો સ્ટીમરમાં બેસીને જતા. ત્યારે વહાણ કે સ્ટીમર હોય પણ એને ચલાવનારો નાવિક ન હોય, તો સ્ટીમર કે વહાણ ચાલે નહીં. પણ મહારાજ કહે, આપણને આ સત્સંગરૂપી નાવ મળી છે. નાવ નવિન નાંગર્યું છે વહાલે, બેસો તો થઈ જાઓ ભવ પાર. ત્યારે આ સત્સંગરૂપી નાવ મળી ગઈ છે. તો તમે એ નાવમાં બેસી જાશો તો ભવ પાર. ભવ એટલે આ સંસાર. આ સંસારમાં પુનરપિ જનનં પુનરપિ મરણમ્, આ પહેલાય આપણે સંસારમાં ચોર્યાશી લાખ જન્મ ધરી આવ્યા છીએ.

આપણે સત્સંગની નાવમાં બેસી ગયા છીએ. તો ભગવાન આપણને સામે કિનારે એટલે અક્ષરધામ તેડી જાશે. બીજું,આ સત્સંગરૂપી નાવમાં બેઠા છીએ, તો સામે કિનારે એટલે ભગવાનના અક્ષરધામમાં દેહને અંતે આપણા બધાને તેડી જાશે. એક મહાત્માએ લખ્યું - લઈ જાઓ સામે તીર; સંતો લઈ જાઓ સામે તીર. જો નાવમાં બેસીએ તો સામે કિનારે જે મોટું શહેર હોય ત્યાં જવાય. ત્યાં જઈને રહી જવાય. તેમ આપણે પણ આ સત્સંગરૂપી નાવમાં બેઠા છીએ, તો સામે કિનારે એટલે ભગવાનના અક્ષરધામમાં આપણે સૌને દેહને અંતે જવાનું છે. એ કરવાને માટે જ આપણે બધા ભેળા થયા છીએ. પણ નાવમાં બેઠા હોઈએ તોય મોજાં તો કંઈક પ્રકારના આવે ખરા.

"સંસાર છે સુખ-દુઃખનો દરિયો,
તેને તરી શકે કોઈક જ તરીયો"

સંત સમાગમ કરીને મનને મારવું. આ સંસાર છે એ સુખને દુઃખનો દરિયો જ છે. એમાં કઈક પ્રકારના મોજાં આવે. જ્યારે સુખ આવે ત્યારે માણસ રાજી થઈ જાય. મને આ ઘણા પૈસા ભગવાને આપ્યા, આ પુત્ર આપ્યો, બંગલા આપ્યા, ટી.વી., બધું આપ્યું. માણસ રાજી થઈ જાય. પણ ક્યાં સુધી એ સુખ છે? જ્યાં સુધી આપણે આ દેહમાં છીએ ત્યાં સુધી. પણ દેહ મૂકીને આ દુનિયામાંથી જવાનું થાશે ત્યારે એ બંગલા, ટી.વી. કે પુત્ર કાંઈપણ કામ આવશે નહીં. સુખ મળે છકી ન જવું, ને દુઃખમાં હિંમત ન હારવી. સુખ આવે તો એમાં છકી ન જવું. આ ભગવાને મને સુખ આપ્યું તો મારે સારા કામ કરવા ને ક્યારેક દુઃખના યે મોજાં આવે. દુઃખના મોજામાં શું હોય ? ક્યારેક આ શરીરમાં દુઃખ આવે, વ્યવહારમાં દુઃખ આવે, દુઃખ આવે તો

પ્યારાને પાય છે એમ કહેવાય. એટલે હરિભક્તોને કથાવાર્તા કરે પણ પોતે એ પ્રમાણે કાંઈ વર્તે નહીં, તો એ ગાય જેવું કહેવાય.

એવી રીતે નિયમ ધર્મનું પાલન કરી, ભગવાનની ભક્તિ, ભજન, સત્સંગ પોતે કરે અને બીજાને ઉપદેશ આપે, તો તેને આપ ધાઈ ગાય. કહેવાય. મહારાજે વચનામૃતમાં લખ્યું કે, ભગવાનની મૂર્તિને સ્મૃતિમાં રાખ્યા વિના ગાય છે, તો તે ન ગાયા જેવું જ છે. તો આપણે દરેકે ભગવાનની મૂર્તિ સંભારવામાં જ કાળજી રાખવી ને સૂતા, બેઠા, હાલતા- ચાલતા, દરેક ક્રિયામાં મૂર્તિની સ્મૃતિ રાખવી.

"હવે મારા વહાલાને નહીં રે વિસારૂ રે,
શ્વાસોચ્છવાસે તે નિત્ય સંભારૂં"

એ શું કહેવાય ? શ્વાસોચ્છવાસે નિત્ય સંભારૂં. શ્વાસોચ્છવાસ કે'ને કહેવાય ? આ શ્વાસ લઈએ ત્યારે ને શ્વાસને મૂકીએ ત્યારે સ્વામિનારાયણ-સ્વામિનારાયણ અખંડ થયા જ કરે. તેવું આપણે પણ કરી શકીએ.

આપણે સિદ્ધાનંદ સ્વામીની વાત કરીએ. નિયમની એકાદશી આવી, ત્યારે બધાએ નિયમ લીધા. કોઈએ માળાના, કોઈએ વાંચનના. મહારાજ કહે કે, અમારી મૂર્તિમાં ચોવીસ કલાક વૃત્તિ રાખે એ દરેક રીતે કઠણ છે.સિદ્ધાનંદ કહે મારે એવું નિયમ લેવું છે. તો સ્વામીએ એવો નિયમ રાખ્યો. તો ચોવીસ કલાક સુધી એવી રીતે ભગવાનની મૂર્તિની સ્મૃતિ રાખવી.

ત્યારે આપણે બધાએ એવો અભ્યાસ કરવાનો ખટકો રાખવો. તો મહારાજ આપણા પર જરૂર દયા કરશે અને જરૂર આપણને પોતાની દિવ્ય મૂર્તિનું સુખ આપશે. કેટલાક વળી એમ કહેશે વાતેય સાચી, સાધુને કાંઈ કામ હોય નહીં. પણ સાધુને ભગવાનનું કામ કરવું પડે ને ગૃહસ્થ હોય તેણે વ્યાવહારિક કાર્યો કરવા પડે. પણ આ બધું ભગવાનની સ્મૃતિ રાખીને કરશું, તો જરૂર આપણા ઉપર ભગવાનની દયા થાશે. તો આપણે દરેકે કાળજી રાખીને ભગવાનનું ભજન કરવું.

ભગવાને આપણા ઉપર દયા કરી આ સત્સંગરૂપી દિવ્ય નાવમાં બેસાડયા છે

આપણા મોટા ભાગ્ય છે કે, આપણને આવો રૂડો સત્સંગનો યોગ મળ્યા છે.

આપણે મુંઝાઈ જઈએ. તો મહારાજ કહે - આ સંસારમાં સુખ ને દુઃખ આવ્યા જ કરે. પણ તેમાં આપણે જ્ઞાને કરીને સુખિયા રહેવું. આ વાર્તા જાણીએ તો જરૂર દેહને અંતે મહારાજની સેવામાં રહી જાશું. સત્સંગ કરવા માટે જ સ્વામિનારાયણ ભગવાને આપણા ઉપર ઘણી દયા કરી છે. અક્ષરધામમાંથી અહીં પધાર્યા. આપણા શાસ્ત્રમાં લખ્યું કે, અક્ષરધામ કેટલું છેટું છે ? તો ત્યાંથી લાખ મણ લોઢાનો ગોળો પડતો મૂકે, તો અહીં આવતા આવતા અણુ જેટલો રહે કે ન રહે. એટલું બધું ભગવાનનું અક્ષરધામ દૂર છે. એટલે દૂરથી ભગવાન અહીં પધાર્યા છે. શા માટે ? કે આપણા જીવના કલ્યાણને માટે. તો આપણે દરેકે શું કરવાનું ?તો આ ભગવાનનો દૃઢ આશરો રાખવો.

આ સ્વામિનારાયણ ભગવાન સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ, સર્વના નિયંતા, એ આપણા ઈષ્ટદેવ છે. તેને વિષે પતિવ્રતાની ટેક રાખીને ભજન કરવું. સવાર-સાંજ અવારનવાર મંદિર હોય ત્યાં કથા-વાર્તા સાંભળવી. કદાચ મંદિરે કથા-વાર્તાનો અવકાશ ન મળે તો ઘેર સાથે મળી ભગવાનની કથા, કીર્તન, ધ્યાન, ભજન કરીએ તો આપણા ઉપર ભગવાન જરૂર રાજી થાય. આપણે ગર્ભવાસમાં ભગવાનને શું કોલ આપી આવ્યા છીએ ? ગર્ભવાસમાં નીચું માથું, ઊંચા પગ, ખારૂં ખાટું માતા ખાય એની પીડા થાય. કેટલું બધું દુઃખ થાય ? ત્યારે ભગવાનને પ્રાર્થના કરીએ કે હે મહારાજ ! મને આ દુઃખમાંથી મુક્ત કરાવો. ત્યારે ભગવાન કહે તને ઘણી વખત છોડ્યો છે, પણ તું ત્યાં જઈને ભૂલી જાય છે. બાળકનો જન્મ થાય ત્યારે બહુ દુઃખ થાય. એ દુઃખમાંથી છૂટે એટલે ઊંવા-ઊંવા કરે. હું અહીંયા ને તું ત્યાં. હવે તારે ને મારે લેવા દેવા નથી. પણ તેમ કાંઈ થતું નથી. આમાંથી છૂટ્યા પણ વળી પાછા અનેક પ્રકારના સુખદુઃખ આવે જ છે. તો ભગવાનને આપણે કોલ આપીએ છીએ કે હે ભગવાન ! હું તમારી ભક્તિ કરીશ, કથા સાંભળીશ, માળા ફેરવીશ, તમારા દર્શન કરીશ ને આ લોકમાં ક્યાંય બંધાઈશ નહીં. આપણે બધા ભગવાનને તેવો કોલ દઈને આવ્યા છીએ. પણ આ માયાનું આવરણ છે ને ! તે વળી ભૂલી જવાય છે!

જ્ઞાને કરીને સાધુ થાવું

આવો સત્સંગનો યોગ મળે, કોઈ સારા સંતોનો સમાગમ થાય, આવા ભગવાનના ભક્તોનો યોગ થાય કે સારા શાસ્ત્ર વાંચે તો એમાંથી જ્ઞાન થાય, તો આ દુનિયામાંથી પાછી વૃત્તિ વળે. પાછી વૃત્તિ વળે એટલે બધા સાધુ બની

જાય ? ના. એમ નહીં. પણ જ્ઞાને કરીને સાધુ થાવું. મોટા સંતોએ લખ્યું "એક દિવસ જરૂર સાધુ થાવું પડશે. સાધુ થયા વિના ભગવાનના ધામમાં જવાશે પણ નહીં" એમ પણ લખ્યું હો. બધા સાધુ થઈ જાય તો આ સંસાર ચાલે કેમ ? ને આ સાધુનું ભરણપોષણ કોણ કરે ? માટે બધાએ આ ભગવા કપડાં પહેરવાની જરૂર નથી. મહારાજ કહે કે, જેને વૈરાગ્ય હોય એ સાધુ જ કહેવાય. વૈરાગ્યની દુર્બળતા હોય તેને ગૃહસ્થાશ્રમમાં રહેવું. જળકમળવત્ રહેવું. કમળ પાણીમાં રહે છે તો પણ કમળ પાણીમાં બૂડતું નથી. વરસાદ થાય ત્યારે કલાકમાં બે ફૂટ કે ચાર ફૂટ પાણી તળાવમાં ઊંચે આવી જાય, તો કમળ પણ ઉપર તરી આવે હો, પણ એ કમળ પાણીમાં બૂડતું નથી. તેમ તમે બધા ગૃહસ્થાશ્રમમાં ભલે રહેલા હો પણ તેમાં ઓતપ્રોત થાવું નહીં.

સંસારમાં ભલે રહ્યા હોઈએ પણ ઉપર થકી વ્યવહાર કરવો પણ અંતરમાં વ્યવહાર ભરવો નહીં.અંતકાળે આ બધું ખોટું છે અને આપણે દેખીએ પણ છીએ કે ખોટું છે. આજે આપણે બધા અહીંયા બેઠા છીએ. બેઠાં બેઠાં કોઈનું હાર્ટ ફેઈલ થઈ જાય. તો શું ચાલે ? આ સંસાર છે એ સુખ ને દુઃખનો દરિયો છે ને કોઈક જ મોટો તરીયો હોય તે જ તેને તરી શકે. માટે આપણે પણ જ્ઞાને કરીને સંસારમાંથી વિરક્ત રહેવું.

વચનામૃતમાં પણ વાતો સારી આવે. આપણે વાંચી, વિચારી, મનન કરીને જીવમાં ઉતારીએ તો શાંતિ થઈ જાય. આમ વાંચી નાખ્યું. આ કથા સાંભળી નાખી, વાંચીને નાખી દીધી કે કથા સાંભળીને નાખી દઈએ, તો જીવમાં ઉતરે નહીં. વાંચી, વિચારી અને મનન કરીએ તો જીવમાં ઉતરે. વચનામૃતમાં વાત આવી હતી કે જ્ઞાને કરીને સ્થિતિ થાય છે. ત્યારે તેને એક રસ ચૈતન્ય ભાસે છે અને ચૈતન્યને વિષે ભગવાનની પ્રકાશમાન મૂર્તિ દેખાય છે. આપણને જ્ઞાન થોડું થોડું હોય, પણ મહારાજ કહે કે જ્ઞાની ભલે કહેવાય, પણ ખરો જ્ઞાની તેને ગણીએ જેને હરિ મૂર્તિનું જ્ઞાન હોય. જેને હરિમૂર્તિનું જ્ઞાન હોય એ જ સાચો જ્ઞાની કહેવાય. ત્યારે એમાં એમ નથી કે ત્યાગી હોય એ જ જ્ઞાની થઈ શકે અને ગૃહસ્થ હોય એ જ્ઞાની ન થઈ શકે એવું નથી. ત્યાગી હોય ને ત્યાગીના નિયમ પ્રમાણે વર્તીને ભગવાનની ભક્તિ કરે, તો તે પણ જ્ઞાની થઈ શકે છે. ગૃહસ્થાશ્રમમાં જનકરાજા રાજ્ય કરતા હતા. પ્રિયવ્રત, ઉધ્ધવ, અક્રુર, વિદુર, સુદામા, બધા મોટા ગૃહસ્થ ભક્તો થઈ ગયા અને આપણા સંપ્રદાયમાં, ગોરધનભાઈ, પર્વતભાઈ, આદિક ઘણા ભક્તજનો વ્યવહારમાં રહેતા હતા છતાં પણ વિરક્ત હતા.

"સંસારમાં સરસો રહે, ને મન મારી પાસ;
સંસાર જેને લોપે નહીં, તેને જાણું મારો દાસ."

સંસારમાં રહેલા હોઈએ તો વ્યાવહારિક ફરજ બજાવે, પણ ભગવાન કહે, મન મારી પાસે રાખે, સંસાર જેને લોપે નહીં તેને જાણું મારો દાસ. ત્યારે આ મોટા મોટા સંતો, હરિભક્તો થઈ ગયા. તો મોટા સંતો લખી ગયા કે, મોટા-મોટા સંતોની વાતોની હાર્યું કરવી. એ કેવી રીતે વર્તી ગયા છે ? ને આપણને શું કરવાનું કહી ગયા છે? તે ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, આદિક સંતો, ગોરધનભાઈ, પર્વતભાઈ, દાદાખાચર, મયારામ ભટ્ટ, આદિક બધા ગૃહસ્થ ભક્તજનો, આ લોકમાંથી નિવૃત્ત થઈને ભગવાનના અક્ષરધામમાં ભગવાનની મૂર્તિને સુખે સુખિયા થઈ ગયા. તેમ આપણે પણ અક્ષરધામમાં મહારાજની સેવામાં દેહને અંતે રહેવાનું છે. માટે આપણે પણ જ્ઞાને કરીને હું આત્મા છું, ભગવાનનો ભક્ત છું, મારા આત્મામાં પરમાત્મા રહેલા છે એમ નિરંતર માનવું.

મહારાજે વચનામૃતમાં પણ લખ્યું છે કે, બ્રહ્મનો સંગ કરે, તો બ્રહ્મના જેવા ગુણ આવે છે. હું આત્મા છું, ભગવાનનો ભક્ત છું, મારા આત્મામાં પરમાત્મા રહ્યા છે. એવી ભાવના કરી અને આ લોકનું વ્યાવહારિક કાર્ય ભલે કરે પણ સાથે સાથે આપણે ભગવાનને યાદ કરવા. ગુણાતીતાનંદ સ્વામીએ લખ્યું. "કે આ લોકમાં રહ્યા એટલે વ્યાવહારિક કાર્ય તો ગૃહસ્થને કરવું જ જોઈએ. પણ તે કરતા કરતા પણ પાછી વૃત્તિ વાળીને ભગવાનને સંભારવા." હે-ભાઈ ! તું વિચાર કર, તું ક્યાંથી આવ્યો છો ? તું ક્યાં જવાનો છો ? વરસાદ વરસે તો વરસાદના પાણીમાં પરપોટા થાય છે. તે પરપોટા કલાક રહે કે બે કલાક રહે ? એક ક્ષણ માત્રમાં પાણીના પરપોટા ફૂટી જાય છે. એમ આ સંસાર ક્ષણભંગુર છે. મહારાજે લખ્યું કે, જ્ઞાને કરીને સુખી થાવું.

ભગવાનના નિશ્ચય તથા માહાત્મ્યરૂપી ખટાઈ જેને ચડી હોય તે પંચવિષયના સુખમાં લોભાય નહીં

મહારાજે લીંબુનું દૃષ્ટાંત આપ્યું કે, ભગવાનના નિશ્ચય, મહાત્મ્યરૂપી ખટાઈ જેને ચડી ગઈ હોય, તો તેને પછી સંસારના સુખ ચલાયમાન કરી શકે નહીં. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ સંસારના વિષયોના પાંચ સુખ છે. દુનિયા આખી એ પંચવિષયના સુખમાં જ બંધાયેલી છે હો!

કૂતરા, ગધેડાં, બિલાડા એવા અનેક દેહમાં તથા માણસ પણ, પંચવિષયના સુખ ભોગવે જ છે. પણ મહારાજ કહે ભગવાનના ભક્તને પણ પંચ વિષય તો છે જ. જગતના જીવને જે પંચ વિષય છે એમાં ને આમાં ઘણો ફેર છે. ભગવાનના ભક્તો હોય તેને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ તે ભગવાન સંબંધી જ હોય ને જગતના જીવોને જગત સંબંધી પંચવિષય હોય.

બીજું, મહારાજ કહે ભગવાનના નિશ્ચય મહાત્મ્યરૂપી જેને ખટાઈ ચડી ગઈ હોય, તો એ આ પંચવિષયના સુખમાં લોભાઈ ન જાય. આપણે પણ ભગવાનનો આવો મહિમા સમજીએ કે, આ ભગવાન છે તે સર્વ સુખના નિધિ છે. સર્વના નિયંતા છે. ભગવાનની મૂર્તિમાં એવું સુખ છે, એવો આનંદ છે, તેવો બીજે ક્યાંય પણ આનંદ નથી. આ બધું જાણીએ છીએ, સાંભળીએ છીએ, પણ માયાનું આવરણ એવું છે. મહારાજે પણ કહ્યું - અમે કહ્યું ને તમે સાંભળ્યું સો સો વાર... કામ પડે ત્યારે એ વાતનો નથી રહેતો નિર્ધાર. મહારાજ કહે મેં ઘણીવાર કહ્યું, તમે ઘણીવાર સાંભળ્યું, પણ કામ પડે ત્યારે એ વાતનો નિર્ધાર રહેતો નથી. વળી આપણે આ માયાના સુખમાં લોભાઈ જઈએ છીએ, પણ ભગવાનનો એવો એકાંતિત ભક્ત થઈ ગયો હોય તો તેને માયાનો યોગ થાય તો પણ એ લોભાય નહીં, એ ખરો જ્ઞાની કહેવાય. આપણા ઉપર સ્વામિનારાયણ ભગવાને ઘણી દયા કરી,

"ઘોર કળીમાં સતયુગ સ્થાપ્યો,
અનાદિ મોક્ષની રીત,
પ્રેમાનંદ કે' નહીં માને, તો પછી થાશે ફજેત."

આજે જગતના જીવો બળ્યા જ કરે છે, પણ મહારાજે આપણા ઉપર દયા કરીને સતયુગ જેવો દેશકાળ સ્થાપન કર્યા. ઘોર કળિમાં સતયુગ સ્થાપ્યો, અનાદિ મોક્ષની રીત. અનાદિ જે મોક્ષની રીત હતી, તે મહારાજે આપણા પર દયા કરીને આ સત્સંગમાં સ્થાપના કરી. તો પ્રેમાનંદ સ્વામી કહે કે નહીં માને તો પછી થાશે ફજેત.

આપણે જો ભગવાનના આ વચનોનું પાલન બરાબર નહીં કરીએ, ધ્યાન ભજન નહીં કરીએ, આ લોકમાંથી નિર્વાસનિક નહીં થઈએ, તો પછી ફજેત શું થાશે ? પછી જન્મ મરણના ફેરા ભોગવવા જ પડશે. પુનરપિ જનનં ને પુનરપિ મરણમ્. જન્મમરણના ફેરા ભોગવવા જ પડશે.

વળી કોઈ પ્રકારની વાસના રહી જાય તો મહારાજે ગઢડા પ્રથમ પ્રકરણના અઢારમાં વચનામૃતમાં લખ્યું - કે કોઈ વાસના રહી જાય, તો ભૂત-પ્રતના અવતાર આવી પડે છે. ત્યારે ઘણાંય એમાં દુઃખી થાય. ખાવા મળે નહીં, પાણી મળે નહીં. તલવારની ધાર જેવા પાંદડાં તેમાં લટકવું પડે. એ તો આપણને ભગવાનના ભક્તને એવું કાંઈ થાય નહીં, પણ ભગવાનના ભક્તને જો થોડીક કાંઈક કાચ્ચપ રહી જાય, તો ગર્ભવાસમાં જવું પડે. તો ગર્ભવાસનું દુઃખ હમણાં જો આપણને સાંભરતું હોયને, તો એક મિનિટ પણ આપણે ભગવાનને ભૂલીએ નહીં. પહેલાં આપણે વાત કરી તેવું ગર્ભવાસમાં દુઃખ છે. અંતકાળે પણ જગતના જીવોએ જો ભગવાનની ભક્તિ ન કરી હોય, એને પણ કોટિ વીંછીની વેદના થાય છે. એમ જગતના જીવોએ પણ ભગવાનની ભક્તિ ન કરી હોય તો એવું દુઃખ થાય છે. મોટા સંતો એ લખ્યું "આદિ અને અંતનો જો વિચાર કરીએ તો મધ્યમાં મોહ ન પામીએ." આદિ એટલે ગર્ભવાસના દુઃખોની આપણે વાત કરીએ, તો આપણે એક મિનિટ પણ ભગવાનને ભૂલીએ નહીં અને અંતકાળે આપણને મરવાની બીક લાગી જાય છે. હમણાં અહીં એક સર્પ નીકળે તો કેટલા જણા બેસી રહીએ ? બધા બેસી રહો કે ભાગી જાઓ ? આપણને બીક લાગી જાય કે આ સર્પ મને કરડશે તો હું મરી જઈશ. પણ આપણને આત્મા અને પરમાત્માનું જ્ઞાન દૃઢ થઈ જાય, તો ભગવાનના ધામમાં જઈ શકાય. ભગવાનના ધામમાં તો અહીના કરતા ઘણું સુખ છે. આપણા માતાપિતા પાસે જવું હોય તો આપણે રાજી થઈજઈએ ને ? આપણા માતા પિતા પાસે જાશું. છોકરા અમેરિકા-ઈંગ્લેંડ જાય, વર્ષ બે વર્ષ પછી અહીં દેશમાં આવે, તો એમ થાય કે "મારા મમ્મી-પપ્પાને મળશું." રાજી થઈ જાય. એમ આપણા ખરા માતાપિતા કોણ છે ? તો ભગવાન છે. ત્યારે ભગવાન પાસે જવામાં તો આપણને આનંદ થઈ જવો જોઈએ. પણ આપણને આનંદ થતો નથી. આપણે જરાક માંદા થઈ જઈએ તો કહેશું ડોક્ટરને બોલાવો. ડોક્ટરને ભલે બોલાવો, ના નથી, પણ આપણને બીક લાગી જાય છે કે જાણે આ દેહ પડી જશે. તો તે આપણે બીવાની જરૂર નથી.

તો ભગવાન દયાળુ છે, તે આપણને સુખિયા કરશે. આપણે જ્ઞાને કરીને સુખિયા રહેવું, ને તૈયાર રહેવું. મારા ગુરૂ વાત કરતા કે, ભગવાન તેડવા આવશે. હમણાં આવશે, આજે આવશે, સવારે આવશે. એમ કરતા કરતા ભગવાન જરૂર આપણને અક્ષરધામમાં તેડી જાશે. તો આપણે જ્ઞાને કરીને સુખિયા રહેવું.

આ લોકમાંથી વાસના ટાળવી અને મહારાજની મૂર્તિમાં હેત કરવું.બીજું, આપણા પર ભગવાને દયા કરી ને આવો ઉત્તમ સત્સંગનો યોગ આપ્યો છે. તો આ સત્સંગરૂપી નાવમાં બેસીને આપણા જીવાત્માનું કલ્યાણ કરવું તો જ આ મનુષ્ય જન્મ સાર્થક કહેવાય.

ભગવાનનો ભકત ભગવાનના સાધર્મ્યપણાને પામે તો પણ સ્વામી સેવક ભાવ તો રહે જ છે

વચનામૃતમાં મહારાજે બહુ સારી વાત કરી. સાધુનું પણ લીધું અને ગૃહસ્થનું પણ લીધું કેમ કે સ્વામિનારાયણ ભગવાને ચાર વર્ણ અને ચાર આશ્રમ - એ મહારાજે પ્રતિપાદન કર્યું કે ત્યાગી હોય તે ત્યાગીના નિયમ પ્રમાણે વર્તે અને ભગવાનનું ભજન કરે તો તેનો મોક્ષ થાય અને ગૃહસ્થાશ્રમી હોય, તે ગૃહસ્થના જે નિયમ કહ્યા છે - એ ગૃહસ્થના નિયમ પ્રમાણે વર્તીને ભગવાનની ભક્તિ કરે તો તેનો ત્યાગીના જેવો જ મોક્ષ થાય. અક્ષરધામમાં ત્યાગીની સભા નોખી છે ? કે ગૃહસ્થોની સભા નોખી છે ? બાઈયુની કે ભાઈયુની સભા નોખી છે? એવું અક્ષરધામમાં નથી. અક્ષરધામમાં સ્ત્રી અને પુરૂષના ભેદ છે નહીં એમ આપણા શાસ્ત્રમાં લખ્યું છે. અક્ષરધામમાં કોઈ માયાના વિકારો છે નહીં અને અક્ષરધામમાં જેવું ભગવાન પુરૂષોત્તમ નારાયણનું દિવ્ય સ્વરૂપ છે, તેવું જ મુક્તનું પણ દિવ્ય સ્વરૂપ છે. ત્યારે જો એ કલ્પના કરીએ તો તો બધા ભગવાન થઈ જાય. તો મહારાજે મધ્યના ૬૭માં વચનામૃતમાં લખ્યું કે, ભગવાનનો ભક્ત છે તે ભગવાનનું ભજન કરીને, ભગવાનના સાધર્મ્યપણાને પામે છે અને જેવો ભગવાનનો દિવ્ય આકાર છે, તેવો જ દિવ્ય આકાર અક્ષરધામમાં ભગવાનના ભક્તને મળે છે. તો પછી સ્વામી સેવકપણું કેમ રહ ? તો એના ઉત્તરમાં મધ્યના ૬૭માં સ્પષ્ટતા કરી કે, ભગવાનનો ભક્ત ભગવાનનું ભજન કરી અને અક્ષરધામમાં ભગવાનની સેવામાં રહે છે. દિવ્ય દેહે પણ ત્યાં સ્વામી-સેવકપણું રહે છે. એ ભક્ત એમ જાણે કે હું મારા ભગવાનનો દાસ છું. આ મારા સ્વામી ભગવાન પુરૂષોત્તમ નારાયણ છે. એની કૃપાએ કરીને, એની ભક્તિ-ભજનથી જ હું આ સુખ સામર્થ્યને પામ્યો છું. એટલે ત્યાં સ્વામી સેવકપણાનો ભાવ રહે છે.

ખીમા સુથાર નામના એક ભોળા ભક્તે પ્રશ્ન પૂછ્યો. પોતે ભણેલા કાંઈ નહીં. પણ ભગવાનનું અખંડ ભજન કરતા. સ્વામિનારાયણ-સ્વામિનારાયણ

અખંડ ભજન કરતા. એવા ભગવાનના એકાંતિક ભક્ત હતા ત્યારે એ ભક્તે ભગવાનને પ્રશ્ન પૂછ્યો. હે મહારાજ ! તમે અક્ષરધામમાં બધા ભક્તજનોને લઈ જાઓ, ત્યારે એને કેવું સુખ આપો છો ? એના ઉત્તરમાં સ્વામિનારાયણ ભગવાને કહ્યું કે : હે ભક્ત ! એ ભક્ત અક્ષરધામમાં જાય, ત્યાં જઈને ભગવાનની દિવ્ય મૂર્તિના ચરણ સામું જુએ તો ચરણ જોતા-જોતા એ ભગવાનના ચરણમાં તલ્લીન થઈ જાય. એટલે એ હજારો વર્ષ સુધી બીજુ અંગ જોવા સમર્થ થાય જ નહીં. એવું ભગવાનના એકે એક અંગમાં દિવ્ય સુખ રહેલું છે, તો સમગ્ર મૂર્તિમાં કેવું સુખ હશે ? તો આપણે એના ઉપર વિચાર કરીએ કે આવું ભગવાનનું દિવ્ય અક્ષરધામમાં સુખ છે, તો એ સુખ પામવાને માટે આપણે બધા અહીં ભેળા થયા છીએ. તો આપણી સાચી ભાવના છે તો જરૂર આપણને એ માધુરી મૂર્તિનું સુખ આપશે.

મનુષ્ય જન્મની દુર્લભતા તથા સત્સંગના મહિમા વિષે

ગાયનો દેહ ભલે પવિત્ર છે. એના શરીરમાં દેવતાઓ રહેલા છે. કોઈક એવો પ્રસંગ હોય ત્યારે ગાયને માણસો પૂજે છે. તો ગાય એ પવિત્ર છે. છતાં પણ એ ગાયથી ભગવાનની ભક્તિ થઈ શકતી નથી. પણ આ મનુષ્ય જન્મથી ભગવાનની ભક્તિ, ભજન, સત્સંગ થઈ શકે છે. એટલા માટે શાસ્ત્રમાં લખ્યું કે "દુર્લભો માનુષો દેહ." આ મનુષ્યનો દેહ છે તે બહુ દુર્લભ છે. બ્રહ્માદિક દેવોને ત્યાં અહીંના કરતા બહુ સુખ છે. મનોવાંછિત સુખ ભોગવે છે.મનમાં સંકલ્પ થાય કે મારે લાડવા જોઈએ, જલેબી જોઈએ, ભજીયાં જોઈએ, એવો સંકલ્પ કરે તો એને સંકલ્પ માત્રથી મળી જાય છે. ત્યાં મનોવાંછિત સુખ ભોગવે છે. છતાં પણ એ સુખનો ત્યાગ કરીને આ ભરતખંડમાં મનુષ્યનો જન્મ ઈચ્છે છે. હે ભગવાન ! અમારૂં કાંઈ પુણ્ય હોય તો અમને આ ભરતખંડમાં મનુષ્યનો જન્મ આપજો. એ દેવતાઓ પણ આ મનુષ્ય જન્મને ઈચ્છે છે, એવો આ દુર્લભ મનુષ્યનો જન્મ આપણને સૌને મળ્યો છે, ત્યારે મનુષ્યનો જન્મ તો દુનિયા આખીને મળ્યો છે. પણ આપણને વિશેષ શું છે ? કે આપણને આ દિવ્ય સત્સંગનો યોગ મળ્યો છે. "સત્સંગનો મહિમા મોટો, જીભે કહ્યો ન જાય."

તો એમાં કહેવાનો હેતુ એટલો જ છે કે મનુષ્ય જન્મ તો દુનિયા આખીને મળ્યો છે પણ આપણને વિશેષમાં આ સત્સંગ મળ્યો છે તે આપણા મોટા ભાગ્ય છે.

સત્સંગ એટલે શું ?

સત્સંગ એટલે શું ? તો મહારાજ કહે સત્ એવો જે આત્મા. સત્ એવા જે પરમાત્મા, સત્પુરૂષ ને સત્શાસ્ત્ર. ચારનો સંગ કરીએ તેને સત્સંગ કર્યો કહેવાય. એટલે મહારાજ કહે આ આત્મા છે એ સત્ય છે. કોઈ ગમે તેટલો મોટો હોય, વડાપ્રધાન હોય, કે મુખ્યમંત્રી હોય કે પ્રધાન હોય કે રાજા હોય કે શેઠ હોય કે સાહેબ હોય કે સ્વામી હોય પણ આ દેહમાં આત્મા છે ત્યાં સુધી એ કામ કરી શકે છે. આત્મા નીકળી જાય તો આ શરીર કાંઈ કામ કરતું નથી. એટલે આત્મા છે, એ સત્ય છે ને આત્મા ને વિષે પરમાત્મા રહેલા છે તે પણ સત્ય છે. કેટલાક અહં બ્રહ્માસ્મિ હોય એ ઉત્તર કરે - આત્મા સો પરમાત્મા. એટલે આત્મા એ પરમાત્મા થઈ જાય છે એમ અમુક શાસ્ત્રમાં લખ્યું પણ છે, પણ સ્વામિનારાયણ ભગવાને ના પાડી કે આત્મા એ ક્યારેય પરમાત્મા થઈ શકતો નથી. શિક્ષાપત્રીના એક્સોને એકવીસમાં શ્લોકમાં સ્વામિનારાયણ ભગવાને સ્પષ્ટ બતાવ્યું છે ને શિક્ષાપત્રી ભાષ્યમાં પણ લખ્યું છે કે, આત્મા એ પરમાત્મા ક્યારેય થઈ શકતો નથી. તો આત્માની અંદર પરમાત્મા રહેલા છે. એટલે સત એવો જે આત્મા, સત એવા જે પરમાત્મા અને સત્પુરૂષ. આત્મા અને પરમાત્માને ઓળખાવે કોણ ? તો કહે સત્પુરુષો. ગીતામાં, રામાયણમાં, ભાગવતમાં અને આ સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રી, વચનામૃત, સત્સંગિજીવન એ દરેકમાં સત્પુરૂષના લક્ષણ લખ્યા છે.

આ ભગવા લૂગડાં પહેર્યા એટલે સત્પુરૂષ બની ગયા એમ નથી, પણ ત્રીસ લક્ષણે યુક્ત હોય તો જ એ સત્પુરુષ કહેવાય. ત્યારે સત્પુરૂષોને પણ કોણ ઓળખાવે ? તો શાસ્ત્ર. ગીતા, રામાયણ, ભાગવત, વચનામૃત, સત્સંગિજીવન, શિક્ષાપત્રી, એ બધામાં સંતોના લક્ષણો લખ્યા છે, તો એ લક્ષણો જોઈને સંતોનો સમાગમ કરવો. સંત કેને કહેવાય ? એક મહાત્માએ લખ્યું છે કે, ગુરુ. 'ગુ' એટલે અંધકાર અને 'રુ' એટલે નાશ. અજ્ઞાન રૂપી અંધકારનો નાશ કરે તેનું નામ ગુરુ કહેવાય. તો મહારાજ કહે કે, આ ચારનો સંગ કરે એને સત્સંગ કર્યો કહેવાય.

આપણા ઉપર તો ભગવાને ઘણી દયા કરી અને આવો દિવ્ય સત્સંગનો જોગ આપ્યો. આવા શાસ્ત્ર, આવા સંતોનો યોગ આપ્યો છે. બધી વાતે મહારાજે સાનુકૂળ કર્યું છે. છતાં આવા યોગમાં જો આપણે ભગવાનની ભક્તિ, ભજન નહીં કરીએ, તો આ ખામી ક્યારે ભાંગશું ? તો એ ખામી ભાંગવાને માટે

આપણે બધા ભેળા થયા છીએ. સત્યાવીસમાં વચનામૃતમાં પણ બહુ સારી વાત કરી કે, જેની આજ્ઞાએ કરીને પૃથ્વી સ્થિર રહી છે, સમુદ્ર તેની મર્યાદામાં રહે છે, આકાશમાં ગાજવીજ, વરસાદ થાય છે. તે મને મળ્યા એ ભગવાનનું કર્યું થાય છે. તો મને આ સ્વામિનારાયણ ભગવાન મળ્યા છે, તે એની આજ્ઞાએ જ આ બધું થાય છે. તો એવા ભગવાન પુરૂષોત્તમ નારાયણના સુખને મૂકીને આ સંસારના સુખમાં હું શું મોહ પામું ? અને મહારાજ કહે છે કે, આવી રીતે જેની સમજણ હોય અને એવી જ્ઞાનની દૃઢતાને પામ્યા હોય, તો તેના નેત્રમાં જોનારા ભગવાન છે, પગમાં ચાલનારા ભગવાન છે અને દુનિયા આખીને પોષણ કરવાને શક્તિમાન થાય છે. એવા સત્પુરૂષ એટલે આ ભગવા લૂગડાં પહેરાવ્યા એટલે સત્પુરૂષ થઈ ગયા એમ નહીં પણ સંત જેવા ગુણ હોય તે સત્પુરૂષ કહેવાય.

બીજું, ગૃહસ્થ આશ્રમમાં હોય જેમકે ગોરધનભાઈ, પર્વતભાઈ, મયારામ ભટ્ટ આદિક એ કાંઈ સંતો બન્યા ન હતા કે, ભગવા લૂગડાં પહેર્યા ન હતા, એ ગૃહસ્થાશ્રમમાં જ હતા, પણ આવી રીતે એ ભગવાનની મૂર્તિને સંભારીને કામ કરતા. તો ભગવાનમાં જેવું ઐશ્વર્ય હતું તેવું સંતો તથા ભગવાનના ભક્તોમાં પણ હતું.

તો મહારાજ કહે કે, આવી રીતે સંતો હોય કે ભગવાનના એકાંતિક ભક્તો હોય ને તુચ્છ જેવા જીવ હોય તે માન અપમાન કરે તો તેને સહન કરે એ જ એની શોભા છે. તો મહારાજ કહે, આપણે પણ સાચે ભાવે આ ભગવાનની ભક્તિ કરીએ તો આપણા અંતરમાં ભગવાન અખંડ રહે. તો આપણે પણ સાચે ભાવે ભગવાનની ભક્તિ, ભજન, સત્સંગ કરશું તો આ લોકના રાગ તથા અનાદિકાળના આ જીવને માયાના વિકારો પેસી ગયા છે, જે ભગવાનનું ભજન કરવા દેતા નથી તેનાથી મુક્ત થશું.

ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યરૂપી ચાર પાયાવાળા બાજોઠ ઉપર જીવાત્મા ભગવાનને વરવા માટે ઊભો છે

મોટા સંતોએ એક લૌકિક દૃષ્ટાંત આપ્યું છે કે, એક વરરાજા પરણવા ગયા. તે સમયમાં પરણવા જાય તે સસરાને ઘરે જાય, ત્યારે સાસુ એને પોંખવા આવે. બ્રાહ્મણો કાંઈક શ્લોક બોલે. ત્યારે આ વરરાજા ત્યાં પોંખવા માટે બાજોઠ ઉપર ઊભા રહ્યા.ત્યાં ગામમાં ઓલા અડબંગી બાવાઓ પચ્ચીસ

પચાસ આવીને વરરાજાને બાજોઠથી નીચે ઉતારી દીધા અને એક બાવો બાજોઠ માથે ચડીને ઊભો. મને પોંખો... મને પોંખો. એટલે સાસુ કાંઈ બાવાને પોંખે નહીં. એમ કરતા કરતા ઘણો ટાઈમ થઈ ગયો. પણ આ તો બાવો વરરાજાને પોંખવા આપે નહીં. ત્યારે ગામમાંથી જઈને પોલીસને બોલાવ્યા. પોલીસે તે બાવાને પકડી અને કેદમાં પૂર્યા, પછી વરરાજાને પોંખવા દીધા. એ તો એક માયિક દૃષ્ટાંત છે. તો વરરાજાને ઠેકાણે આ જીવાત્મા છે. જીવાત્મા ભગવાનને વરવાને માટે ચાર પાયારૂપી બાજોઠ- ચાર પાયા ક્યાં ? ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એ ચાર પાયા છે. એ ચાર પાયારૂપી બાજોઠ ઉપર આ વરરાજા - જીવાત્મા ભગવાનને વરવા ઊભો છે. પણ ગ.મ. ના ૪૫માં વચનામૃતમાં લખ્યું છે કે, કામ, ક્રોધ, લોભ, મોહ, માન, આદિનું ટોળું વૈરી બનીને ઊભું છે. ત્યારે એ ભગવાનને વરવા દેતું નથી. પણ પછી જેમ એ પોલીસોને લઈ આવ્યા તેમ આપણે ભગવાનનું શરણું લઈએ, ભગવાનને યાદ કરીએ, તો ભગવાનની દયા થઈ જાય, તો એ માયાના વિકારો ટળી જાય.

તો આપણે બધાએ પણ આ ભગવાનને વરવાને માટે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિરૂપી બાજોઠ ઉપર ઊભા રહેશું , તો આ વૈરીઓ નીકળી જાશે. એ કાઢવાને માટે આપણે બધા ભેળા થયા છીએ. તો આપણે પણ સાચે ભાવે ભગવાનની ભક્તિ, ભજન, સત્સંગ કરી, ને આપણા અંતરમાં રહેલા જે માયાના બધા વિકારો છે, તે ટાળી અને દિન દિન પ્રત્યે ભગવાનની મૂર્તિમાં હેત થાય અને આ લોકના રાગ ટળી જાય અને દેહને અંતે આપણે ભગવાનની સેવામાં રહી જવાય, તો જ આપણો આ ફેરો સફળ થયો કહેવાય. નહીંતર સ્વામીએ લખ્યું કે, કરોડો રૂપિયા કમાણા, ભાઈ ભાઈ કહેવાણા, શેઠ કહેવાણા, સાહેબ કહેવાણા કે સ્વામી કહેવાણા પણ જ્યાં સુધી આપણી આ ખામી નથી ભાંગી ત્યાં સુધી કાંઈ થયું નથી.

આપણે એમ હિંમત હારીને બેસી નથી રહેવાનું કે આ સ્વામી તો ટાઢા પહોરના ગપ્પા માર્યા કરે છે. આપણાથી એવું કેમ થવાય ? એટલે આપણે સર્વેએ હિંમત હારીને બેસી નથી રહેવાનું. આ ટાઢા પહોરના ગપ્પા નથી પણ આ શાસ્ત્રોમાં મોટા સંતો લખી ગયા છે. આ સ્વામિનારાયણ ભગવાન પણ લખી ગયા. તો આપણે બધા એકબીજામાં સંપ અને સાથ-સહકાર રાખી અને કાળજી રાખીને ભજન કરશું તો જરૂર ટળી જશે.

આપણે બધાયે સાથે મળી આપણી જે કાંઈ કસર હોય તે ટાળવી (હોલા હોલીનું દૃષ્ટાંત)

એક હોલાની વાત લખી છે. હોલા જાળમાં બંધાઈ ગયા તો બધા હોલા પ્રયત્ન કરે પણ જાળ ઉપડે નહીં. પણ એક ઘરડો વૃદ્ધ હોલો હતો એણે કહ્યું અરે ભાઈ, આમ તો જાળ ઉપડશે નહીં તો હવે શું કરવું ? બધા ભેળા મળીને બળ કરો. તે બધાએ સાથે મળી અને બળ કર્યું તો આખીને આખી જાળ ઉપડી ગઈ અને બીજા કોઈ સારા શેઠીયા લોકો હતા તેમણે કાતરથી જાળ કાપી નાંખી. તેમ આ માયા તોડવી બહુ સહેલી નથી, કેમ કે અનાદિકાળથી આ જીવ માયામાં રખડતો આવ્યો છે, એટલે માયામાં જ ગોથાં ખાધા કરે છે. કામ, ક્રોધ, લોભ, માન એવા અનેક પ્રકારના માયાના વિકારો પેસી ગયા છે, તો એ આપણે ટાળવા છે. પણ એ ટળશે ક્યારે ? તો પે'લા હોલાઓએ જેમ એક સાથે બળ કર્યું, તેમ આપણે બધા સાથે મળી, સંતો હરિભક્તો એકબીજામાં આવી જ્ઞાન ગોષ્ઠિ કરી,વાતું કરી ને જોવું કે હજી મારામાં આ ખામી છે, તો એ ખામી કેમ ટળશે ? તો અરસપરસ ભગવાનના મહિમાની, જ્ઞાનની, ધ્યાનની વાત કરી અને એકબીજાને ઉપાય બતાવીએ તો ખામી ટળી જશે.

મહારાજ કહે કે, ત્યાગી કે ગૃહસ્થનો કાંઈ મેળ નથી કે નાના-મોટાનો મેળ નથી એવું નથી. મોટા સંતોએ એમ લખ્યું છે કે, જેની "સમજણ મોટી એ મોટો" (ત્યાગી હોય પણ એની સમજણ ઓછી હોય) એક અમારા સંત હતા એ એંશી વરસના હતા. તે છોકરાઓની મશ્કરી કર્યા કરે. કાંઈ સમજણ નહીં. તો એ શું, કે સ્વભાવ એવો હતો. એક સંત પચ્ચીસ વર્ષના હતા પણ મહારાજના જ્ઞાનની, ધ્યાનની, ભજનની વાતું કરતા અને પોતે પણ એવી સ્થિતિમાં વર્તતા હતા. તો નાના હતા તોય પણ એ મોટા કહેવાયા. ગૃહસ્થ હોય, કોઈ સારા ધર્મ નિયમ પાલન કરીન ભક્તિ કરતા હોય, તો એને પણ મહારાજ કહે કે મોટા કહેવાય. તો આપણે બધાએ સાથે ભેળા મળીને આવી રીતે જ્ઞાન ગોષ્ઠિ કરવી અને આપણી જે કાંઈ ખામી હોય, તે ટાળીને આ ને આ જન્મે કરીને દેહને અંતે ભગવાનની સેવામાં રહી જવાય, તો જાણે આપણો આ જન્મનો ફેરો સફળ થયો કહેવાય અને એ કામ કરવાને માટે જ આપણે બધા ભેળા થયા છીએ. આપણે બીજું કાંઈ કામ છે નહીં. કેટલાક ફિલ્મો જોવા જાય, તાયફો જોવા જાય. આપણે એવું કાંઈ છે નહીં. ભેળા શું કામ થયા છીએ ? કે આ રીતે ભગવાનની ભક્તિ ભજન કરીને આપણી જે કાંઈ ખામી હોય એ ટળી જાય અને દેહને

અંતે અક્ષરધામમાં રહી જવાય, તો જાણે આપણો આ ફેરો સફળ થયો કહેવાય. માટે બધાએ ખટકો રાખી ભજન કરવું.

બીજું, ભગવાન તો બહુ મોંઘા છે. "બહુ મોંઘા છો ઘનશ્યામ,નાવે કોઈ જોડમાં." આ ભગવાન તો બહુ મોંઘા છે. ઋષિમુનિઓ ધ્યાન કરી કરીને થાકી ગયા.

સતયુગમાં ઋષિમુનિઓની વાત કરીએ તો ચ્યવનઋષિએ ૯૬ હજાર વર્ષ સુધી તપસ્યા કરી. સાભરી ઋષિએ પાણીમાં બેસીને ૬૦ હજાર વર્ષ સુધી તપસ્યા કરી તો પણ એને આ દયાળુ ભગવાન મળ્યા નહીં હો ! તો આપણા તો સૌના મોટા ભાગ્ય છે કે, આપણને ઘેર બેઠાં આવા ભગવાન પુરૂષોત્તમ નારાયણની ઓળખાણ થઈ છે. તો આપણે બધાએ શું કરવાનું છે ? કે આ સ્વામિનારાયણ ભગવાનનો દૃઢ આશરો રાખવો. આ સ્વામિનારાયણ ભગવાન છે, એ આપણા ઈષ્ટદેવ છે. એને વિષે પતિવ્રતાની ટેક રાખવી અને એમની આજ્ઞા જે, ભગવાને ત્યાગી, ગૃહસ્થને, જે પ્રમાણે શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે, તે પ્રમાણે આપણે વર્તીએ તો દેહ છતાં પણ ભગવાન પોતાના ભક્તજનને અન્ન, વસ્ત્ર ને આબરૂએ કરીને રક્ષા કરે જ છે, ને દેહને અંતે ભગવાન જરૂર પોતાના અક્ષરધામમાં તેડી જાય છે. તો આપણે બધાએ ભગવાનનો આશરો રાખવો અને ભગવાનની ભક્તિ, ભજન સત્સંગ સાચે ભાવે કરી લેશું, તો થોડા સમયમાં કામ થઈ જાશે.

આગળ સતયુગમાં લાખ વર્ષની આયુષ્ય હતી, પણ આપણે ભગવાનની ભક્તિ બરાબર નહીં કરી હોય, એટલે આપણો મોક્ષ થયો નથી. આજ તો થોડા સમયમાં આપણે સાચવીને ભગવાનની ભક્તિ કરશું, તો અક્ષરધામમાં રહેલું અપાર દિવ્ય સુખ આપણને મળશે. સારંગપુરના પહેલા વચનામૃતમાં લખ્યું - આંખનું એક મટકું ભરીએ એટલી વાર પણ જો ભગવાનનું સુખ લીધું હોય, તો એમ થાય કે, મેં લાખો વર્ષો સુધી સુખ લીધું. તો આપણી એ સુખમાં જો દૃષ્ટિ પહોંચી જાય, તો આપણે એક મિનિટ પણ ભગવાનને ભૂલીએ નહીં હો. તો આપણે બધાએ એ સુખમાં દૃષ્ટિ પહોંચાડવી અને આ લોકના ક્ષણિક ને માયિક જે સ્ત્રી, ધન આદિક વસ્તુઓમાંથી ધીમે ધીમે મોહ ટાળી અને ભગવાનની મૂર્તિમાં હેત કરવું.

ગ.પ્ર.પ્ર. ના ૩૨ મા વચનામૃતનું વિવેચન

પ્રથમ પ્રકરણના બત્રીસમા વચનામૃતમાં પણ મહારાજે આપણને સૌને સારી વાત કરી કે, પંચવિષય તો જગતના જીવને પણ છે અને ભગવાનના

ભક્તને પણ છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ તો જગતના જીવો એ ગૃહસ્થની રીતે પંચવિષયને ભોગવે છે અને જો આપણે ભગવાનના ભક્તો ભગવાન સંબંધી પંચવિષયને ભોગવીએ, તો આપણે ભક્ત બરોબર થયા કહેવાઈએ.જો એવી રીતે ન થયા હોઈએ અને જગતના જીવો જેમ પંચવિષયોને ભોગવે છે એ રીતે આપણે પણ એમાં લોલુપ થઈ જઈએ, તો એટલી આપણી ભક્તપણામાં કાચ્યપ કહેવાય. તો આપણે એ ખ્યાલ રાખીને મહારાજે આપણને જે આજ્ઞા કરી છે, એ પ્રમાણે આપણે વર્તશું, તો આપણે જરૂર સુખિયા થશું.

બીજું, દૃષ્ટાંત આપ્યું કે, ભગવાનના ભક્તોએ કથાવાર્તા રૂપી ચારો કરીને, ભગવાનની મૂર્તિરૂપી માળો અથવા ખીલામાં વિરામ કરો છો કે કેમ ? પક્ષીઓનું અને જનાવરોનું દૃષ્ટાંત આપ્યું. પારેવાં, ચકલાં આદિક બધા પક્ષીઓ કહેવાય. એ દિવસના ચારો કરવા જાય પણ સાંજે આવીને પોતાના માળામાં વિરામ કરે. પશુઓનું દૃષ્ટાંત આપ્યું. ગાયું, ભેંસું આદિક, તેઓ દિવસના ચરવા જાય પણ સાંજે પોતાને ખીલે આવી વિરામ કરે. તો એમાં પણ મહારાજે આપણને કહ્યું કે, તમે આવી રીતે કથા-વાર્તારૂપી ચારો કરી અને ભગવાનની મૂર્તિરૂપી માળો તથા ખીલામાં રહો છો કે કેમ ? તો આ સંતો હોય તેને સત્સંગ સંબંધી કે ભગવાન સંબંધી, ભગવાનના મંદિર સંબંધી પ્રવૃત્તિ કરવાની મહારાજે આજ્ઞા કરી છે, તે પ્રમાણે કરવી જોઈએ અને પ્રવૃત્તિ કરતા કરતા પણ ભગવાનની મૂર્તિનું સ્મરણ કરવું. તેમજ ગૃહસ્થ લોકો હોય, એમણે પણ વ્યાવહારિક કાર્ય કરવું જોઈએ. વ્યાવહારિક કાર્ય કરતા કરતા પણ સાથે ભગવાનની મૂર્તિનું સ્મરણ કરવું અને સંતો કહેતા કે,સવાર-સાંજ ભગવાનના ભક્તોને તો અખંડ સ્મૃતિ રાખવી જોઈએ. છતાં પણ કદાચ વ્યાવહારિક કાર્યને વિષે પ્રવૃત્તિઓ રહેતી હોય, તો સૂતી વખતે અને ઉઠતી વખતે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું. તો એ ધ્યાને કરીને કારણ શરીરની વાસના ટળે છે.

આમાં મહારાજે દૃષ્ટાંત સારૂં આપ્યું કે, માળો અને ખીલો, કેટલાક ભક્તજનો પૂછે કે, માળો અને ખીલો કેને કહેવાય ? તો એ એમ છે કે માળો અને ખીલો એક જ કહેવાય. પણ મોટા સંતો દૃષ્ટાંત આપતા કે માળો અને ખીલો, માળામાં પક્ષીઓ હોય તે માળાની અંદર જ રહે, બહાર દેખાય નહીં. તેમ ત્રણ દેહની ભાવના ટાળી અને પ્રતિલોમ વૃત્તિ વળે ભગવાનની મૂર્તિને અંતરમાં ધારે, તો એ માળામાં વિરામ કર્યો કહેવાય અને ખીલો, જેમ પશુ

હોય, ગાયું, ભેંસુ, બળદ આદિક ખીલે બંધાયેલા હોય, એ ખીલે વિરામ કરે તો એ બહાર દેખાય. એ બહાર મૂર્તિનું ધ્યાન કરે. બહાર મૂર્તિનું ધ્યાન કરવાથી મૂર્તિ દેખાય અને આનંદ પણ આવે. પણ જે કારિયાણીના બારમાં વચનામૃતમાં કહ્યું કે, કારણ શરીરની વાસના ભગવાનની મૂર્તિનું અંતરમાં ધ્યાન કરવાથી ટળે છે. તો આપણે પણ સ્વામિનારાયણ ભગવાનના ભક્ત થયા છીએ. તો આ રીતે ભગવાનનો મહિમા સમજી અને કથા, વાર્તા, ધ્યાન, ભજન કરીને અંતરમાં ભગવાનની મૂર્તિને ધારવી. સૂઈએ તથા ઉઠીયે ત્યારે દરરોજ ભગવાનનું ધ્યાન કરવું જોઈએ.

મહારાજે એમ કહ્યું કે, રજોગુણ કે તમોગુણ વર્તતા હોય, તે વખતે ધ્યાન કરવું નહીં. કેમ કે આ જીવનો સ્વભાવ એવો છે. અનાદિકાળનો જીવ માયામાં અટવાયો છે, એટલે આપણે ક્યારેક રજોગુણ તમોગુણના વેગ વર્ત્યા કરે. રજોગુણ હોય ત્યારે સંકલ્પો થયા જ કરે. કેટલાક હરિભક્તો કહે કે, સ્વામી અમારે સંકલ્પો થયા જ કરે છે. પણ દિવસના ન થાય પણ જ્યારે ધ્યાન ભજન કરીએ ત્યારે જ થાય, તો એ ધ્યાન-ભજન કરે કે માનસી કરે ત્યારે જ સંકલ્પો થાય અને દિવસના નથી થતા એમ નહીં, એ સંકલ્પો થયા જ કરતા હોય, પણ આપણે ઓળખીએ નહીં. તમોગુણ એટલે આપણને શુન્ય વર્ત્યા કરે, કોઈકે આપણને કાંઈ કહ્યું ન હોય, કાંઈ દુઃખેય ન હોય, છતાંય આવી રીતે ગુણનું કાર્ય વર્તતું હોય, તો તે વખતે આપણા અંતરમાં શાંતિ ન આવે. મહારાજે આમાં એમ કહ્યું કે, જ્યારે સત્વગુણ વર્તતો હોય, ત્યારે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું. આપણે બધા ભગવાનના ભક્તો થયા છીએ, તો આ રીતે ભગવાનની મૂર્તિનું ધ્યાન ભજન કથા, વાર્તા, કીર્તન કરી અને આ લોકના રાગમાત્ર નિર્મૂળ કરી અને દેહને અંતે અક્ષરધામમાં આપણે ભગવાનની સેવામાં રહી જવાય, તો આપણો આ ફેરો સફળ થયો કહેવાય.

ગુણાતીતાનંદ સ્વામીએ લખ્યું કે, કરોડો કામ કર્યા, કરોડો રૂપિયા કમાણા, ભાઈ-ભાઈ કહેવાણા, શેઠ કહેવાણા કે સ્વામી કહેવાણા, પણ જો મોક્ષને લાયક ન થયા, તો તે બધું વ્યર્થ કહેવાય. તો આપણે દરેકે આળસ, પ્રમાદ, મોહનો ત્યાગ કરી અને દિન-દિન પ્રત્યે ભગવાનની મૂર્તિમાં હેત થાય અને દેહને અંતે આપણે ભગવાનની સેવામાં, અક્ષરધામમાં રહેવાઈ જવાય, તો જ આપણો આ મનુષ્ય જન્મનો ફેરો સફળ થયો કહેવાય. માટે આપણે દરેકે કાળજી રાખી ભજન કરવું.

આત્યંતિક કલ્યાણને પામે તેને કેવી સ્થિતિ થાય છે ?

એક સમયે શ્રીજી મહારાજ સુરત પધાર્યા. સુરતમાં ભાલચન્દ્ર નામના ભક્ત બહુ જ પ્રેમી હતા. એ ગૃહસ્થાશ્રમમાં હતા. વ્યાવહારિક કાર્ય બધું જ કરતા હતા, પણ ભગવાનની મૂર્તિનું ધ્યાન, ભજન અખંડ કરતા. એમને આત્મા અને પરમાત્માનું જ્ઞાન દૃઢ થઈ ગયું હતું. પોતે તો જાણતા જ હતા, પણ બીજા ભક્તોની જાણ માટે મહારાજને પ્રશ્ન પૂછ્યો કે, હે મહારાજ ! આત્યંતિક કલ્યાણને પામે તેની કેવી સ્થિતિ થાય છે ? એના ઉત્તરમાં મહારાજે કહ્યું કે,સ્થાવર જંગમ દરેકમાં મહારાજની મૂર્તિ જ દેખે ને ત્યારે જ પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ એ કાંઈ રહેં નહીં. એક ભગવાનનું અક્ષરધામ જ રહે. અક્ષરધામ, અક્ષરધામના મુક્તો અને મહારાજની મૂર્તિ એ સિવાય બીજી કાંઈ વસ્તુ રહેતી નથી. "જ્યાં જુવે ત્યાં રામજી, બીજું કાંઈ નવ ભાસે રે." આવી સ્થિતિ જેની થઈ જાય, તો એ જ્યાં જાય ત્યાં, એ મૂર્તિ જ દેખે. પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, માણસ, પશુ એ દરેકને ભગવાનને આકારે જ દેખે . ત્યારે એ બધા ભગવાન થતા નથી પણ જેની આવી સ્થિતિ થઈ જાય, તે ભગવાનની મૂર્તિ જ દેખે. તેને ભગવાનની મૂર્તિ વિના બીજું કાંઈ દેખવામાં જ ન આવે હો. તે આ વાત ભક્ત ચિંતામણીના ૧૪૧ માં પ્રકરણમાં લખેલી છે.

ગામ પીજના અવલબાઈ ભગવાનના એવા એકાંતિક ભક્ત હતા. તે દરરોજ ભગવાનનું ધ્યાન ભજન કરે હો. તે ધ્યાન કરતા કરતા તેને આત્મા પરમાત્માનું જ્ઞાન દૃઢ થઈ ગયું અને ભગવાનની મૂર્તિમાં તલ્લીન બની ગયા. તેની ભગવાનને આકારે વૃત્તિ થઈ ગઈ ! તેથી તે બાઈ શું બોલ્યા ? કે હું સહજાનંદ છું, હું ભગવાન છું. એટલે બધા ભક્તજનોએ મળીને બાઈને પાટ ઉપર બેસાડ્યા ને દર્શન કરવા માંડ્યા. પછી બાઈ દેહમાં આવીને બોલી કે, મને આ શું થયું ? હું તો ભગવાનની દાસી છું.

એટલે આમાં કહેવાનો હેતુ એટલો જ છે કે, આવી રીતે ભગવાનનો ભક્ત હોય, તેને ભગવાનનું ભજન કરતા કરતા આ લોકના માયાના ભાવ ટળી જાય છે ને ભગવાનની મૂર્તિમાં તલ્લીન જઈ જાય છે. પોતે ભગવાન થતો નથી. ભગવાન થઈ જાય તો ભજન કે'નું કરવાનું ? ભગવાન તો એક જ સ્વામિનારાયણ છે, પણ આપણે આવી રીતે ભગવાનનું ધ્યાન, ભજન, કથા, વાર્તા કરીએ તો આત્મા ને પરમાત્માનું જ્ઞાન દૃઢ થઈ જાય. તો દરેકને સત્સંગ કરવાનું આ

જ સાચું ફળ છે. તો આપણે એ પ્રમાણે સત્સંગ કરવો. જેમ આમાં હરિભક્તોની વાત કરી. સુરતના ભાલચંદ્ર એ ગૃહસ્થાશ્રમમાં હતા તો પણ એકાંતિક ભક્ત હતા કે આ બાઈ... એ પોતે પણ બાઈ હતા તો પણ ભગવાનનું ભજન કરતા કરતા ભગવાનની મૂર્તિમાં તલ્લીન બની ગયા. તો આપણે પણ બધાએ સાચે ભાવે સત્સંગ કરીને આપણી જે કાંઈ કસર હોય એ ટાળી, આત્મા પરમાત્માનું જ્ઞાન દૃઢ કરી અને દેહને અંતે ભગવાનના અક્ષરધામમાં મહારાજની સેવામાં રહી જવાય, તો જ આપણો આ ફેરો સફળ થયો કહેવાય. તો આપણે દરેકે આળસ, પ્રમાદ, મોહનો ત્યાગ કરી અને દિન દિન પ્રત્યે ભગવાનની મૂર્તિમાં હેત થાય એમાં તો મહારાજે એમ કહ્યું કે, દેહ છતાં જ આવું સુખ ભોગવે પણ દેહ છતાં આવી જો ભાવના હોય તો દેહને અંતે ભગવાન જરૂર આપણને એમની સેવામાં રાખશે. તો આપણે દરેકે ભગવાન ભજવવામાં વિશેષ કાળજી રાખવી.

નરકના કુંડ કરતા પણ ગર્ભવાસનું દુઃખ અધિક છે

સ્વામિનારાયણ ભગવાને આપણા ઉપર ઘણી દયા કરીને આવો અલૌકિક દિવ્ય સત્સંગનો યોગ આપ્યો, તો આપણે બધાએ શું કરવાનું છે ? ભગવાનની ભક્તિ, ભજન, સત્સંગ કરી અને આપણા જીવનું કલ્યાણ થઈ જાય, એ જ મોટો લાભ છે. આપણે જ્યારે ગર્ભવાસમાં હતા, ત્યારે આપણે ભગવાનને કોલ દઈ આવ્યા છીએ કે હે ભગવાન ! હું તમારી ભક્તિ કરીશ, કાને કરીને તમારી કથા સાંભળીશ, હાથે કરીને માળા ફેરવીશ, પગે કરીને તમારા દર્શન કરવા જઈશ. એવો આપણે ભગવાનને ગર્ભવાસમાં કોલ દઈ આવ્યા છીએ.ગર્ભવાસમાં એટલું બધું દુઃખ લખ્યું છે કે, નરકના લાખો કુંડ છે, એમાં દુઃખ છે, એના કરતા પણ આ ગર્ભવાસનું દુઃખ અધિક છે. એ દુઃખ આપણને જો હમણા યાદ આવતું હોય તો એક મિનિટ પણ ભગવાનને આપણે ભૂલીએ નહીં . પણ આ માયાનું આવરણ એવું છે ને કે, આપણે ભૂલી જઈએ છીએ. આપણે ભૂલી જઈએ પણ ભગવાન તો કાંઈ ભૂલશે નહીં. એટલા માટે મોટા સંતો કહેતા કે, ઘડીએ ઘડીએ પોતાના હૃદયને જોયા કરવું. જેમ આ લોકમાં કોઈ દરજી હોય, સુતાર હોય, સોની હોય, એ એક બે ઘા મારીને કાંઈક જુવે. સુતાર હોય એ એક બે ઘા મારીને વળી જુવે. જો જુવે નહીં ને એમને એમ ઘા માર્યા જ કરે, તો લાકડું કાંઈ કામ આવે નહીં. સોની હોય તે દાગીના બનાવતો

હોય, ફૂંક મારતો જાય ને કાંઈ જુવે નહીં, તો સોનાનો કાંઈ ઘાટ થાય નહીં. તેમ મોટા સંતો કહેતા કે, ઘડીએ ઘડીએ આપણા હૃદયને જોયા કરવું. હૃદયને શું જોયા કરવું ? કે મને ભગવાને અહીં શા માટે મોકલ્યો છે ? અને હું શું કરૂં છું ? અને હજી આપણી કેટલી કસર ભગવાન ભજયામાં રહી ગઈ છે ? અને ભગવાન જો અચાનક આપણને તેડવા આવે તો આપણે કેટલી તૈયારી કરી છે ? જો આપણે તૈયારી કરીને બેઠા હોઈએ તો તો વાંધો નહીં.

બીજું, સ્વામિનારાયણ ભગવાને મધ્યના પંચાવનમાં વચનામૃતમાં એ જ લખ્યું કે, અમારે તો સદાય અંત અવસ્થા જ રહે છે. જેમ મનુષ્યને મૂવા ટાણે પથારી ઉપર સૂવાડેલ હોય, તો એને દરેકમાંથી વાસના ટળી જાય કે, હમણાં આ મારો દેહ પડી જશે ને સગાસંબંધી હોય તેને પણ એમ થાય કે, આ બાપા હમણાં જતા રહેશે. એમ એને પણ એમાંથી વાસના ટળી જાય. સ્વામિનારાયણ ભગવાને આપણને એમ કહ્યું છે કે, સદાયને માટે એવી અંત અવસ્થા રાખવી અને મરવાની તૈયારી કરી લેવી. મરવાની તૈયારી શું કરવી ? આ ચોકો કરીને સૂઈ જવું એ નહીં. એ તો આપણને નહીં સૂવું હોય ને તોય સૂવાડી દેશે. પણ મરવાની તૈયારી શું કરવી ? કે જ્યાં સુધી આપણું આ શરીર સારૂં હોય, આ સત્સંગનો સારો યોગ હોય, ત્યાં સુધી આપણી જે કાંઈ કસરો હોય એ ટાળી ને આત્મા-પરમાત્માનું જ્ઞાન દૃઢ કરી લઈએ તો જ આપણે મરવાની સાચી તૈયારી કરી કહેવાય. પણ આપણે હજી વિચાર કરીએ તો એ નામું ભળે નહીં. બધાને એવું ન કહેવાય. કોઈકનું ભળી પણ જાતું હશે. ભગવાનના સાચા એકાંતિક ભક્તો હોય, સંત હોય કે હરિભક્ત હોય, તો એને એવું થતું પણ હશે, તેમ આપણે પણ પોતાના હૃદયને જોઈને તપાસ કરતા રહેવું.

સુખના સરનામા બે જ છે, ભગવાન તથા ભગવાનના સાચા સંત

આજે જગતમાં ઘોર કળિકાળ વ્યાપી ગયો છે અને ત્રિવિધ તાપમાં જગતના જીવો રાત દિવસ બળ્યા જ કરે છે. અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવ એ ત્રણ પ્રકારના તાપમાં જગતના જીવો બિચારા રાત દિવસ બળ્યા જ કરે છે. ભલે એના પાસે પૈસા હોય કે ભલે ઘણી મોટી સત્તા હોય, પણ ભગવાનના સ્વરૂપનું એને જ્ઞાન ન હોય, તો એના અંતરમાં શાંતિ ન હોય.

"સુરલોક, નરલોક, નાગલોક, યે તીનો મેં સુખ નાંહી,
કાં સુખ હરિકે ચરણમે, કાં સંતન કે માંહી"

સુરલોક એટલે સ્વર્ગનું સુખ. ત્યાં ઈન્દ્રરાજા રાજ કરે છે. ત્યાં જયાં સુધી એનું પુણ્ય હોય-આ લોકમાં કોઈક માણસે દાન પુણ્ય કર્યા હોય, એ પુણ્ય હોય ત્યાં સુધી એ ત્યાં રહે. પુણ્ય પુરૂં થઈ જાય એટલે વળી પાછા પુનરપિ જનનં ને પુનરપિ મરણમ્ એમ જન્મમરણના ફેરા ભોગવ્યા જ કરે. એટલે એમાં કાંઈ સાચું સુખ છે નહીં. નરલોક એટલે આ મનુષ્યનો લોક. એમાં કોઈ રાજા થાય, સાહેબ થાય, શેઠ થાય કે સ્વામી થાય. ત્યારે એ બધા પોતપોતાની રીતે મનમાં એમ જાણે કે અમે સુખિયા છીએ. આ શેઠ છીએ, કે સાહેબ છીએ કે મોટા પ્રધાન છીએ, વડાપ્રધાન છીએ, એમ એ મનથી માને પણ એના અંતરમાં સાચું સુખ હોય નહીં. નાગલોક એટલે પાતાળમાં નાગલોક છે, ત્યાં મોટા મોટા મણિધરો, નાગ રહેલા છે. ત્યાં ચન્દ્ર કે સૂર્યના પ્રકાશની જરૂર પડતી નથી. ત્યાં મોટા મણિધરો, નાગ એના મોટા મણિના પ્રકાશ વડે જ એ નાગ ત્યાં પ્રકાશમાન હોય છે. પણ એમાંય સાચું સુખ શાસ્ત્રમાં લખ્યું નથી. હવે સુખ ક્યાં રહેલું છે ? કાં સુખ હરિકે ચરણમે કાં સંતનકે માંહી. કાં ભગવાનના ચરણમાં કાં ભગવાનની મૂર્તિમાં સુખ છે. ભગવાનની મૂર્તિનું ચિંતન કરીએ. ચરણથી કરીને શિખા સુધી, ભગવાનના અંગો અંગનું ધ્યાન કરતા જઈએ. ભગવાનનું ચિંતવન કરતા જઈએ. મનમાંને મનમાં શ્વાસોચ્છ્વાસે માનસિક જપ કરતા જઈએ, તો એ વડે જ એના અંતરમાં સાચું સુખ મળે છે. કાં સંતન કે માંહી. ભગવાનના જે સાચા સંતો હોય, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એ સહિત એવા જે સત્પુરૂષો હોય, તો એના પાસે જઈને બેસે તો શાંતિ થઈ જાય.

"તીન તાપકી જ્વાલ ઝર્યો, પ્રાની કોઈ આવે,
તાકું શીતલ કરત તુરત, દિલ દાહ મિટાવે
કહી કહી સુંદર બેન રેન, અગ્યાન નિકાસે,
પ્રગટ હોત પહિચાન, ગ્યાન ઉર ભાનુ પ્રકાસે
વૈરાગ ત્યાગ રાજત વિમલ, ભવ દુઃખ કાટત જંતકો,
કહે બ્રહ્મ મુનિ યહ જગતમેં, સંગ અનુપમ સંતકો."

બી.કોમ. થાય, બી.એસ.સી. થાય, એલ.એલ.બી. થાય, તેમ આપણને પણ સત્સંગરૂપી શાળાઓ ભગવાને આ મંદિરોમાં કરી આપી છે, તો ત્યાં જઈ અને ભગવાનની આવી ભક્તિ, ભજન, સત્સંગ કરી લઈએ તો થોડા સમયમાં કામ થઈ જાય તેવું છે. તો આપણે દરેકે એવો ખટકો રાખવો કે, આ ને આ દેહે કરીને કોઈ વાતની કસર રહે નહી અને દેહને અંતે આપણે ભગવાનની સેવામાં રહી જવાય, તો જ આપણો આ માનવ જન્મનો ફેરો સુફળ થયો કહેવાય.

જેના કુળમાં ભગવાનનો એક ભક્ત થાય તેની ૭૧ પેઢીનું કલ્યાણ થાય

વચનામૃતમાં વાત કરી છે કે, સુરા ખાચર (લોયા ગામના) ભગવાનના એકાંતિક ભક્ત હતા. સુરા ખાચર પોતે બહુ ભોળા જેવા હતા. તેમને ભગવાનનો નિશ્ચય બહુ પરિપૂર્ણ હતો. એક સમયે સભામાં સંતો, હરિભક્તો બિરાજમાન હતા. સ્વામિનારાયણ ભગવાન પણ સભામાં બિરાજમાન હતા. ત્યારે મહારાજે સુરા ખાચરને વાત કરી. સુરા ખાચર, આજ તો તમે વાત કરો. સુરા ખાચર કહે કે મહારાજ અમે તો કાઠીઓ કહેવાઈએ. અમને ક્યાં એવી સત્સંગની વાતુ કરતા આવડે ? આ ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, એવા સંતો હોય એ આ સત્સંગની વાતું કરી શકે. અમને તો લડાઈઓ ખેલવી હોય તો એ આવડે પણ સભા ખેલવી હોય તો અમને શું આવડે ? પહેલાં લડાઈયું થાય ત્યારે તલવારથી ને બંદૂકોથી લડાઈ કરતા. ત્યારે સુરાખાચર કહે- મહારાજ ! અમને આવું આવડે, પણ આવી વાતું તો આવડે નહીં. મહારાજ કહે કે તમે ઘણા ટાઈમથી સંતોનો સમાગમ કરો છો, સત્સંગ કરો છો તેથી આજ તો તમારા પાસે જ આ સત્સંગની વાતો સાંભળવી છે. મહારાજે ઘણો આગ્રહ કર્યો એટલે સુરા ખાચર તો ઊભા થયા. ત્યારે સુરા ખાચરનું શરીર બહુ જાડું, મહારાજનો ઢોલિયો અને સુરા ખાચરનું પેટ બેય સરખું થઈ જાય હો ! અને કાઠીઓની પાઘડી મોટી, ગોળ સુંડલા જેવી, માથું મોટું, ઊભા થઈને તાળી પાડી. "ભણેબા, સાંભળજો. આ મહારાજ મને કહે વાતું કરો એટલે હું વાતું કરું. " બધાને તાડી પાડીને જગાડ્યા. આમ તો જાગતા જ હતા. ત્યારે વાત શું કરી જુઓ ! " આ ઢોલિયા ઉપર બેઠા એ સ્વામિનારાયણ ભગવાન સર્વ અવતારના અવતારી છે, સર્વ કારણના કારણ છે, સર્વ સુખના નિધિ છે. એની આજ્ઞાપાલન કરીને તમે

આમાં કહેવાનું કે, આ સંતો કેવા હોય ? તો આ ત્રણ પ્રકારના તાપમાં આ જગતના જીવો બળતા હોય તો એવા કોઈ જીવ આવે તો તેને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિની વાતો કરી, અજ્ઞાનરૂપી રાત્રિનો નાશ કરીને, જ્ઞાનરૂપી સૂર્યનો એના હૃદયમાં પ્રકાશ કરે. આ જગતના જીવ રાત દિવસ ત્રિવિધ તાપમાં બળ્યા જ કરે છે. જેમ પાણી રાખ્યું હોય ને એમાં ચોખા કે દાળ કે કાંઈ નાખ્યું હોય અને નીચે આપણે બળતું કરીએ તો બધાય કણ ઉછળ્યા કરે. તેમ આ જગતના જીવો જેને ભગવાન મળ્યા નથી, જેને આવા વૈરાગ્ય, ત્યાગ, ભક્તિએ યુક્ત સંતો મળ્યા નથી, આચાર્ય મળ્યા નથી, સત્સંગ મળ્યો નથી, તેઓ રાત દિન બિચારા બળ્યા જ કરે છે. પણ આપણા તો સૌના મોટા ભાગ્ય છે કે, આપણને આ સર્વ કારણના કારણ, સર્વ સુખના નિધિ, સર્વના નિયંતા એવા સ્વામિનારાયણ ભગવાન મળી ગયા છે, તે બગાસું ખાતા સાકરનો ગાંગડો મોઢામાં મળી ગયો છે, નહીતર આગળ તો ભગવાન તથા ભગવાનના સંતોને ખોળવા જતા.

"કોઈ રે મૂકાવે મને કાળથી એને આપું મારૂં શીશ જો." કોઈ મને કાળ અને માયા થકી મૂકાવે એને મારૂં મસ્તક આપી દઉં. પણ કાળ અને માયા થકી મૂકાવે કોણ ? આમાં બે જ વાત લખી કાં ભગવાન મૂકાવે અને કાં ભગવાનના સાચા સંતો મૂકાવે. તો આપણા ઉપર ભગવાને દયા કરી અને આવો અલૌકિક સત્સંગનો યોગ મળી ગયો છે, તો આપણે દરેકે આળસ, પ્રમાદ, મોહનો ત્યાગ કરી અને દિન-દિન પ્રત્યે ભગવાનની મૂર્તિમાં હેત થાય અને આ લોકમાં અનાદિકાળના આ જીવને માયાના જે કાંટા લાગ્યા છે, પેસી ગયા છે, એ નીકળી જશે. જેમ સૂર્ય ઉગે તો રાત્રિનો અંધકાર એની મેળે ટળી જાય છે, તેમ આપણને આ ભગવાનના નામનો, મહિમાનો, ભક્તિનો અને વૈરાગ્યનો રંગ ચડી જાય, મહિમા સમજાઈ જાય, તો આ જગતના સુખના કોઈ રાગ રહે નહી. તો આપણે પોતાના અંતરની તપાસ કરવી કે, હજી મારામાં શું ખામી છે ?

મોટા સંતોએ દૃષ્ટાંત આપ્યું, આપણે દીવો કરવો હોય અને આપણે જો ચાંપ દાબીએ ને દીવો થાય, તો બરાબર કહેવાય અને દીવો ન થાય, તો એમ જાણીએ કે આમાં કાંઈક ખામી છે. તેમ આપણા અંતરમાં ભગવાનનો મહિમા જેવો છે એવો સમજાય અને માયાના જે રાગ બરોબર ન ટળતા હોય, તો એમ જાણીએ કે, મારામાં હજી કાંઈક ખામી છે. ત્યારે એ ખામી કે કસર ટળે ક્યાં ? તો જેમ છોકરાઓ હાઈસ્કૂલમાં, કોલેજમાં ભણવા જાય, તો ભણીને કેટલાય

ભગવાનનું ભજન કરશો, તો તમને ભગવાન જે અક્ષરધામમાંથી આવ્યા છે ત્યાં લઈ જાશે અને એનું ભજન જો નહીં કરીએ, એની આજ્ઞા જો નહીં પાળીએ, તો જમપુરીમાં જવું પડશે. મહારાજ અમે ભણેલા નહીં એટલે બહુ આવડે નહીં " એટલું કહીને બેસી ગયા. હવે વાત કેટલી કરી ? જરાક જ કરીને ? આ ઢોલિયા ઉપર બેઠા એ ભગવાન છે, એનો આશરો રાખીને ભજન કરશો તો સુખિયા થાશો. જુઓ, આ લોકમાં એ ભોળા જેવા હતા, પણ પોતે સંતનો સમાગમ કરી અને મહારાજની દરરોજ સેવા કરતા અને મહારાજ ભેળા રહેતા, એટલે પોતે ભગવાનના નિશ્ચયે તથા માહાત્મયે સહિત બહુ સુખિયા હતા. તો એ સુરાખાચરે મહારાજને વચનામૃતમાં પ્રશ્ન પૂછ્યો મહારાજ ! જેના કુળમાં ભગવાનનો એક ભક્ત થાય એની એકોતેર પેઢીનું કલ્યાણ થાય અને મરીને પિતૃઓ સ્વર્ગમાં ગયા હોય, એનું પણ કલ્યાણ થાય એમ કહ્યું. ત્યારે મહારાજ કહે એ વાત સાચી. એટલે આમાં સ્વામિનારાયણ ભગવાનનો સિદ્ધાંત એ કે, ભગવાનના ભક્ત થયા એટલે ? પાંચ રૂપિયામાં ભગવાનના ભક્ત થઈ જવાય? આ કંઠી બાંધીને, તિલક ચાંદલો કરીને, માળા લઈએ એટલે ભક્ત થઈ ગયા ને ? પણ એ પાંચ રૂપિયાના ભક્તથી કાંઈ વળતું નથી.

નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું કે... ભક્ત થાવું ભગવાનના, છે જો કઠણ કામ. ભગવાનના ભક્ત થવું એ બહુ કઠણ છે અને સ્વામિનારાયણ ભગવાને પ્રથમ પ્રકરણના ચૌદમાં વચનામૃતમાં પણ લખ્યું કે, ભગવાનના ભક્ત હોય તેના શું લક્ષણ છે ? તો એના ઉત્તરમાં મહારાજે કહ્યું કે, જે ભગવાનનો ભક્ત હોય, એ પોતાના આત્માને સત્ય જાણે, આ દેહને મિથ્યા જાણે અને આત્માને વિષે રહેલા પરમાત્મા એનું ભજન કરે. તો આપણે આના ઉપર વિચાર કરીએ કે, આપણે બધા આ ભક્ત તો થયા છીએ, પણ આપણે હજુ નામું કરીએ તો થોડુંક ઓછું પડે.

મહારાજે કહ્યું કે, આત્માને સત્ય જાણે. આપણે પણ આત્મા છીએ, આત્મા છીએ એમ કહ્યા કરીએ. હું આત્મા છું, હું બ્રહ્મ છું, હું ચૈતન્ય છું એમ કહીએ છીએ, પણ હજી એવું આત્મજ્ઞાન દૃઢ થતું નથી. મહારાજે મધ્યના એકત્રીસમાં વચનામૃતમાં પણ લખ્યું કે, મનન દ્વારા બ્રહ્મનો સંગ કરશો, તો તમારા અંતરમાં બ્રહ્મના ગુણ આવશે. તેમ આપણે પણ સાચે ભાવે સત્સંગ કરી અને એવી ભાવના રાખવી કે, હું આત્મા છું, ભગવાનનો ભક્ત છું, મારા આત્માને વિષે ભગવાન અખંડ રહેલા છે. એટલે એવી ભાવના રાખીને ભગવાનનું ભજન કરે, તો જ એ ભક્ત થયો કહેવાય.હમણાં આપણે આ સુરા ખાચરની વાત કરી.

મહારાજના ભક્ત ગોરધનભાઈ હતા, તે વાણિયા હતા. પોતે વેપાર કરતા. સ્વામિનારાયણ ભગવાને આજ્ઞા કરી કે, જેમ સંતો હોય એ ભગવાનની ને હરિભક્તોની સેવા કરે અને ગૃહસ્થો હોય એ સંતોનો મહિમા સમજીને સેવા કરે. એટલે ગોરધનભાઈ પોતે વ્યાવહારિક કાર્ય કરતા, પોતે વ્યવહારમાં હતા. સ્ત્રી, પુત્ર, માલ-મિલ્કત બધું જ હતું, છતાં પણ પોતે વિરક્ત હતા અને મહારાજની મૂર્તિ ત્રણેય અવસ્થામાં દેખતા હતા. જેમ મોરનો કંઠ ચાલે તેમ અખંડ સ્વામિનારાયણ, સ્વામિનારાયણ થયા જ કરતું ! પોતે વેપાર કરતા. તો પોતે આ વ્યાવહારિક દુનિયામાં રહ્યા એટલે વ્યાવહારિક કાર્ય કરવું જોઈએ. કોઈ ખાંડ, કોઈ ગોળ લઈ જાય. કોઈ પૈસા આપે તો લે. ન આપે તો હસ્તે સ્વામિનારાયણ જ લખે હો ! ત્યારે એમ કરતા કરતા ઘણો ટાઈમ થઈ ગયો. મહારાજ એક સમયે ત્યાં પધારેલા. સંતો પણ સાથે હતા. ત્યારે મુક્તાનંદ સ્વામીએ મહારાજને વાત કરી હે મહારાજ ! આ ગોરધનભાઈનો વ્યવહાર તો બગડી જશે અને બોલ્યા કે મહારાજ ! આ ગોરધનભાઈ વેપાર કરે છે, પણ કોઈક માણસો પૈસા આપે તો એ લે અને ન આપે તો તમારૂં નામ "હસ્તે સ્વામિનારાયણ" લખે. સ્વામિનારાયણ ભગવાને ઉત્તરમાં શું કહ્યું ? સ્વામી ! આ બધા માણસો પૈસા ન આપે તો અમે દેવા જઈએ છીએ. અમારૂં નામ લખે તો અમારે પૈસા દેવા પડે ને ? મહારાજ તો જે ભક્તો માલ લઈ જાય તેને પ્રેરણા કરે. તે ગોરધનભાઈ લેવા ન જાય પણ સામેથી માણસો પૈસા દઈ જાય. ત્યારે મહારાજ કહે કે મારે વિશ્વાસે જે રહે છે, એની જેમ માતા બાળકની રક્ષા કરે છે, નાનું બાળક હોય, એને કાંઈ ખાવાની, પીવાની, સૂવાની, બેસવાની કાંઈ ખબર હોય નહીં, છતાં પણ એની માતા પોતાના બાળકની સંભાળ રાખે છે, એમ મહારાજ કહે કે, જે આવો ભક્ત થાય એની હું એવી સંભાળ રાખું છું.

ત્યારે આ વચનામૃતમાં પણ એમ કહ્યું છે કે, જે એવો ભક્ત થાય એની ૭૧ પેઢીનું કલ્યાણ થાય ! મરીને કેટલાક પિતૃઓ સ્વર્ગમાં ગયા હોય,તો તેનું પણ કલ્યાણ થાય. ત્યાં એક મોટા સંતે વાત લખી છે કે, કચ્છમાં ભુજ પાસે માધાપર ગામ છે. તે ગામમાં કેટલાક ભક્તો માતાને માનતા, કેટલાક ભક્તો પીરને માનતા, કેટલાક રામને માનતા, ત્યારે આગળ એવો સત્સંગ નહીં. ત્યારે આપણા સંતો ત્યાં ગયેલા હતા. ત્યારે સાધુઓનો ધર્મ છે કે જે તે પ્રકારે કરીને આ જીવને માયાના બંધ થકી મૂકાવીને, ભગવાનમાં પ્રેમ કરાવવો. એટલે આ સાધુઓ ત્યાં ગયેલા અને મહારાજના મહિમાની, ધર્મની, જ્ઞાનની, વૈરાગ્યની વાતો કરી, એટલે એક ભક્તને શાંતિ થઈ ગઈ ! અને બોલવા

લાગ્યા, "ઓહો ! કેટલાય સંતો જોયા, પણ આવા સાધુ તો મેં ક્યાંય જોયા નથી !"

ગુણાતીતાનંદ સ્વામીએ એક વાત લખી કે, નિરંજનાનંદ સ્વામી પાસે જઈને કોઈ બેસે, તો એનું અંતર ટાઢું થઈ જાય. ત્યારે એ સ્વામી પાસે કાંઈ બરફ હતો નહીં અને બરફ હોય તોયે ઉપરથી ટાઢું કરે પણ અંતરમાં ટાઢું થાય નહીં. પણ આ સ્વામી તો ભગવાનના સુખે સુખિયા હતા અને આખો વખત સ્વામિનારાયણ, સ્વામિનારાયણ એમ ભજન કરતા હતા. ત્યારે આ સંતો પણ માધાપર ગયેલા ને સંતોએ એક જણને ભગવાનની ઘણીક વાતો કરી, તેથી તેને ઘણો ગુણ આવ્યો. સ્વામી, મેં તો ઘણા પાપ કર્યા. હું તો બહુ અવળે માર્ગે ચાલ્યો છું. તમે મને કંઠી પહેરાવશો ? સ્વામી કહે શું કામ ન પહેરાવીએ ? આવ તને કંઠી પહેરાવી દઈએ ને તારો મોક્ષેય કરાવી દઈએ. એને હાથમાં પાણી આપી "કાળ, માયા, પાપ, કર્મ, યમદુત ભયાદ્‌હમ શ્રીકૃષ્ણ દેવ શરણં પ્રપન્નોસ્મિ " એમ બોલી પાણી આપીને કહ્યું કે, અનેક જન્મના કર્મ અને તન, મન, ધન ભગવાનના ચરણમાં ધરવા, એમ સ્વામીએ એના હાથમાં પાણી આપીને કહ્યું એટલે તેના અનેક જન્મના કર્મ અને તન, મન, ધન ભગવાનને ચરણે ધરવાથી પાપ બધા બળી ગયા. સ્વામીએ માળા આપી, છબી આપી, શિક્ષાપત્રી આપી ને શિખામણ આપી કે તું ભગવાનનું ભજન કરજે. એમ કરતા કરતા ત્યાં છ મહીના થયા. એની પચીશમી પેઢીએ એક ભક્ત દેહ મૂકી ગયા હશે. એને ત્યાં પ્રકાશ થયો કે મારા કુળમાં એક ભગવાનનો ભક્ત થયો ને કોઈકમાં આવી ને બોલ્યો અરે, ભક્ત તું આ સ્વામિનારાયણ ભગવાનનો ભક્ત થયો, ભલે થયો. હું તો આવું કેટલું દુઃખ ભોગવતો હતો અને ત્યાં કેટલું દુઃખ હતું. ત્યાં ખાવા મળે નહીં, પાણી પીવા મળે નહીં ને તલવારની ધાર જેવા પાંદડા પર લટકવું પડે, એવી તકલીફો પડે, પણ તું આ ભક્ત થયો, તો મને ભગવાન ધામમાં તેડી ગયા. ભલે તું સત્સંગી થયો, એમ કોઈકમાં આવીને બોલ્યો.

આમાં પણ એમ કહ્યું જે ભગવાનનો આવો ભક્ત થાય, તેની ૭૧ પેઢીઓનું કલ્યાણ થાય. તેમ આપણી ૭૧ પેઢીનું કલ્યાણ ભગવાન જરૂર કરશે જ. તો આપણે પણ આપણું કલ્યાણ આ ને આ જન્મે કરી લઈએ. આ છેલ્લો જન્મ થઈ જાય ને દેહને અંતે ભગવાનનાં ધામમાં, ભગવાનની સેવામાં રહી જવાય, એ જ આપણે આ જન્મે કરી, સાચે ભાવે ભગવાનની ભક્તિ કરી, આપણા જીવનું કામ થઈ જાય, તો જ આપણો આ ફેરો સફળ થયો કહેવાય. માટે

આપણે દરેકે આળસ, પ્રમાદ, મોહનો ત્યાગ કરી અને દેહને અંતે ભગવાનની સેવામાં રહી જવાય, એ કામ કરવાને માટે જ આપણે બધા ભેળા થયા છીએ. માટે આપણે બધાએ કાળજી રાખી ભજન વિશેષ કરવું.

મોક્ષના દાતા તો બે જ છે, કાં ભગવાન કાં ભગવાનના સાચા સંત

સ્વામિનારાયણ ભગવાન આજ તો પોતે આપણા ઉપર અઢળક ઢળી ગયા છે. જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ, આજ ધર્મ વંશીને દ્વાર નર નારી રે લોલ. હે ભાઈઓ ! જેને જોઈએ તે આવો મોક્ષ માંગવા. આ દુનિયાની વસ્તુ તો દરેક માણસો આપે છે પૈસા આપે, મકાન આપે, જમીન આપે કે, ગૃહસ્થ લોકો કન્યાદાન આપે, ગાયનું દાન આપે. દાન તો દરેક માણસો આપી શકે પણ મોક્ષનું દાન કોણ આપે ? કાં ભગવાન આપ ને કાં ભગવાનના સાચા સંતો આપે, બે જ આપે. એટલે આ સ્વામિનારાયણ ભગવાને આજ મોક્ષનું દ્વાર ખુલ્લું મૂક્યું છે. જેને જોઈએ તે આવો હો. આને જોઈએ કે આને જોઈએ કે આને જોઈએ એમ નહીં.

સ્વામિનારાયણ ભગવાને લખ્યું છે કે, "દુર્બળના દુઃખ કાપિયા ન જોઈ જાત-કુજાત, પુરૂષોત્તમ પ્રગટી રે, અષાઢી મેઘે આવી કર્યા ઝાઝાં બીજા ઝાકળ" આવો ભાઈ, જેને જોઈએ તે આવો. અષાઢી મેઘ એટલે અષાઢ મહીનાનો વરસાદ. પહેલા તો આખી પૃથ્વી પર ખૂબ વરસતો, હમણાં તો ખબર નથી. તેમ આ સ્વામિનારાયણ ભગવાને આજે આપણા ઉપર દયા કરીને મોક્ષનો માર્ગ ખુલ્લો રાખ્યો. " ભૂંડા શીદને ભટકો છો મત પંથમાં, આવો સત્સંગ મેલીને મોક્ષરૂપ." મોટા સંતોએ પણ પોતાની શૈલી, ભાષામાં એવા કીર્તનો કર્યા કે, આપણે ગાઈએ અને સાંભળીએ, તો આપણું અંતર ટાઢું થઈ જાય. તો આપણા ઉપર આ સ્વામિનારાયણ ભગવાને અને મોટા સંતોએ ઘણા દયા કરી છે.

અમારા દાખડા સામું જો જો સૌ મળી

મહારાજ કહે કે, અમારા દાખડા સામું જો જો સૌ મળી, અન્ય વાસના અંતરે રાખશો માં કોઈ વળી. સ્વામિનારાયણ ભગવાન કહે અમારા દાખડા

સામું જો જો. કોઈ વળી કહે ભગવાને શું દાખડો કર્યો? અક્ષરધામમાંથી અહીં પધાર્યા અને આવો દિવ્ય સત્સંગનો યોગ આપ્યો. ''નાવ નવીન નાંગરીયું છે વાલે, બેસો તો થઈ જાઓ ભવપાર.'' નાવ એટલે સમુદ્રમાં સ્ટીમર કે વહાણ હોય. એમાં બેસી જાઓ તો થઈ જાઓ ભવપાર. ભવ એટલે આ સંસાર. આ સંસારરૂપી સમુદ્ર. આ દુનિયાનો સમુદ્ર તરવો એ સહેલો છે, એ સ્ટીમરથી કે વહાણથી માણસો તરી જાય, પણ આ સંસારરૂપી સમુદ્ર તરવો બહુ કઠણ છે. કેમ કે જ્યારથી કરીને સતયુગથી આ સૃષ્ટિનું મંડાણ થયું, ત્યારથી કરીને આ સંસારરૂપી સમુદ્રમાં જગતના જીવો ગોથાં ખાધા જ કરે છે. આ સ્વામિનારાયણ ભગવાન કહે છે કે, સમુદ્રમાં આ નાવ નવીન નાગરીયું, તમે બેસો તો થઈ જાઓ ભવપાર. હે ભાઈ ! તમે આમાં બેસી જશો તો ભવપાર એટલે આ સંસારરૂપી સમુદ્રમાંથી તરી અને સામે કિનારે પહોંચી જશો. ''મારે જાવું સામે તીર,સંતો મારે જાવું સામે તીર'' એમ મોટા સંતોએ કીર્તનમાં લખ્યું છે. સામે તીર એટલે પહેલા કચ્છમાં કંડલાથી નાવ જતું. તેમાં નવલખી ઉતરાતું. એમાં ઘણીવાર અમારે બેસવું પડતું. પહેલા આવી ગાડી કે એવા સાધનો હતા નહી, એટલે નવલખીથી અમદાવાદ આવતા. કંડલાથી બેસતા ને નવલખી જતા, તેમ આપણે બધા સામે તીર. તીર એટલે કાંઠો. સામે કાંઠે ક્યાં જવું છે ? કલકત્તા જવું છે કે મુંબઈ જવું છે ? ક્યાં જવું છે ? સામે તીર એટલે અક્ષરધામ જવું છે. આપણે બધા આ સત્સંગમાં ભેળા શા માટે થયા છીએ કે, આપણે બધા સામે તીર એટલે કે ભગવાનના અક્ષરધામમાં જવાને માટે ભેળા થયા છીએ.

તો આ સ્વામિનારાયણ ભગવાને નવીન નાવ નાગરીયું, તેમાં બેસો તો થઈ જાઓ ભવ પાર. તો હે ભાઈઓ ! તેમાં બેસી જશું તો સામે કિનારે પહોંચી જશું. મોટા સંતોએ એક લૌકિક દૃષ્ટાંત આપ્યું છે કે, મચ્છરિયું હોય તે વૈકુંઠમાં પહોંચી જાય હો ! તેમ સાધન તો આપણે શું કરી શકીએ ? સવારમાં ભગવાનના દર્શન કરીએ, થોડીવાર માળા ફેરવીએ, થોડીવાર માનસી પૂજા કરીએ, થોડી પૂજા કરીએ. મહારાજ તો દયાળુ છે. રાજી થાય જ છે.

''એક ઘડી આધી ઘડી, આધી મે પુનિ આધ,
તુલસી સંગત સંત કી કટે કોટિ અપરાધ.''

એક ઘડી આધી ઘડી. ૧ ઘડી તો ૨૪ મિનિટની થાય ને અડધી ઘડી ૧૨

મિનિટની થાય ને પા ઘડી તો ૬ મિનિટની થાય. એટલી વાર પણ તમે એકાગ્ર થઈને ભગવાનનું ભજન કરશો, તો કટે કોટિ અપરાધ અને આવો મોક્ષ થઈ જાય.

સ્વામિનારાયણ ભગવાને તો આપણા ઉપર એવી દયા કરી છે ને આપણા ઉપર એવા અઢળક ઢળી ગયા છે કે, સાચા સંતોને પણ સતયુગ કરતા સારા દેશકાળ છે. સ્વામિનારાયણ ભગવાનના સાચા સાધુ છે તેને કોઈ સંકલ્પ કરવો પડતો નથી. પહેલા સતયુગ હતો, ત્યારે માણસો કલ્પવૃક્ષ નીચે જઈને સંકલ્પ કરતા, ત્યારે તેને વસ્તુઓ મળતી. પણ આ સ્વામિનારાયણ ભગવાનની દયાથી અહીના સંતોને સતયુગ કરતા દેશકાળ વધારે સારા છે. કપડાં ક્યાંથી મળશે ? જમવાનું ક્યાંથી મળશે ? રહેવાનું ક્યાંથી મળશે ? એમને એવા કોઈપણ સંકલ્પ કરવા પડતા નથી. સતયુગ કરતા પણ સ્વામિનારાયણ ભગવાને આ સાચા સંતોને સારૂં સુખ આપ્યું છે. આ કળિયુગમાં સાચા ગૃહસ્થ લોકો- તમે ભલે દૂધ, ચોખા ને સાકર જમો, હિંડોળા ખાટમાં ઝૂલો, પણ આ સ્વામિનારાયણ ભગવાનની ભક્તિ ભજન કરીને સ્વામિનારાયણ ભગવાનનો આશરો રાખીને કે આ સ્વામિનારાયણ ભગવાન છે એ મારા ઈષ્ટદેવ છે. એને વિષે પતિવ્રતાની ટેક રાખીને એનું ભજન કરીએ, તો દેહ છતાં દુઃખી નહીં ને તન છૂટે તેજ અંબાર. ગૃહસ્થ લોકો ભગવાનનો આશરો રાખીને, ભગવાનની ભક્તિ, ભજન, સત્સંગ કરી અને ભગવાને આપણા સૌને શિક્ષાપત્રી, વચનામૃત, સત્સંગી જીવન, આદિક શાસ્ત્રો દયા કરીને આપ્યા છે, એમાં કોઈ વાતની ખામી રાખી નથી. એ પ્રમાણે વર્તીએ અને ગૃહસ્થ લોકો ભલે દૂધ ચોખાને સાકર જમે, હિંડોળા ખાટમાં ઝૂલે, પણ સ્વામિનારાયણ ભગવાનનો આવો આશરો રાખીને ભજન કરે, તો અક્ષરધામની પ્રાપ્તિ થાય.

આ કોઈ શાસ્ત્રમાં જોવા જઈએ કે સાંભળવા જઈએ, તો ક્યાંય પણ આ વસ્તુ મળે નહીં. ''ભૂખે મારૂં, તરસે મારૂં, પાડું તનની ખાલ, એટલું કરતા ન હટે, તો પછી કરી દઉ ન્યાલ.'' હરિશ્ચંદ્ર રાજા પોતે કેવા હતા છતાં હરિજનને ત્યાં વેચાણા ! કેટલી બધી તકલીફો વેઠી ? એની રાણી, એના કુંવરે, સત્ય રાખવાને માટે કેટલી તકલીફ વેઠી, ત્યારે ભગવાને એને દર્શન આપ્યા. પણ આજ તો સ્વામિનારાયણ ભગવાન એવા અઢળક ઢળી ગયા છે કે, કોઈ વાતની કાંઈ ખામી રાખી નથી અને ગૃહસ્થાશ્રમમાં રહીને ભગવાનના નિયમ પ્રમાણે વર્તે, તો સ્વામિનારાયણ ભગવાનનું બિરૂદ છે કે ''મારા જનને અંતકાળે જરૂર મારે આવવું, બિરૂદ મારૂં ન બદલે, તે સર્વે જનને જણાવવું.''

સ્વામિનારાયણ ભગવાન કહે અમારા જે ભક્ત હોય, તેને અંતકાળે જરૂર અમારે અક્ષરધામમાં તેડી જવાનું. એવું સ્વામિનારાયણ ભગવાને આપણને વચન આપ્યું છે. તો આપણે દરેકે શું કરવાનું ? સ્વામિનારાયણ ભગવાનનો આશરો રાખીને એની પંચ વર્તમાનની મર્યાદામાં રહીને, ભગવાનનું ભજન કરવું.

કુશળ કુંવરબાઈની જેમ દૃષ્ટિ પલટાવીને ભગવાનના દર્શન કરવા

વચનામૃતમાં ઘણી સારી વાત આવે છે. દર્શનનો મહિમા, ધ્યાનની, ધર્મની, વૈરાગ્યની ઘણી વાતો આવી. દર્શન હમેશાં કુશળ કુંવરબાઈની પેઠે કરવા, ત્યારે કુશળકુંવરબાઈ કોણ હતા ? ધરમપુર છે તે વાંસદાની બાજુનું ગામ છે. વલસાડ ને એ બાજુ કુશળ કુંવરબાઈનું ગામ ધરમપુર છે. ત્યારે ધરમપુરના કુશળકુંવરબાઈના પતિ દેહ મૂકી ગયા, ત્યારે એ બાઈ પોતે રાજ કરતા હતા. ત્યારે આપણા સંતો ફરતા ફરતા ત્યાં ગયા. પરમ ચૈતન્યાનંદ સ્વામી નામ હતું. તેઓ ફરતા ફરતા ત્યાં ગયા. ત્યારે સાધુનો ધર્મ તો શું ? કે સર્વ જીવ હિતાવહઃ બધાનું હિત કરવું એ સાધુનો ધર્મ છે. આનું હિત કરવું, આનું હિત ન કરવું, એમ નહીં પણ બધાનું હિત કરવું એ સાધુનો ધર્મ છે. જેમ તળાવ હોય એ પીવા માટે પાણી આપે છે. જેમ ઝાડ હોય એ છાંયો આપે છે.

"સરોવર, તરૂવર, સંતજન ને ચોથા વરસે મેહ,
પરમારથને કારણ ચારે ધર્યા છે દેહ"

સરોવર, તરૂવર, સંતજન. સરોવર એટલે તળાવ, તરૂવર એટલે ઝાડ, સંતજન એટલે સાધુ લોકો, ચોથા વરસે મેહ એટલે વરસાદ. આ ચારેય જણાએ પરમારથને કારણ દેહ ધર્યો છે. એટલે આ સંતો ફરતા ફરતા ત્યાં ગયા. સ્વામી એવા કે મહારાજની મૂર્તિ સંભારીને વાત કરે, એટલે સાંભળનારના અંતરમાં શાંતિ થઈ જાતી.

અહોહો ! આવા સાધુ !! એ બાઈ પણ ત્યાં છેટેથી કથા સાંભળતા. એ બાઈને તો આ સંતની વાત સાંભળીને અંતરમાં શાંતિ થઈ ગઈ હોં ! અહોહો... ઘણાય સાધુ જોયા છે, ઘણાયના દર્શન કર્યા છે, ઘણાય સંતોની વાત મેં સાંભળી છે, પણ આવા સાધુ તો મેં ક્યાંય જોયા નથી. એ બાઈ પછી કથા

વાર્તા થઈ ગઈ, ત્યારે છેટેથી બીજા ભક્ત દ્વારા કહેવરાવ્યું કે આ સ્વામી કહે છે કે, મારા સ્વામિનારાયણ એ ભગવાન છે. આવા ચમત્કારી છે. મારા ઈષ્ટદેવ પધાર્યા છે, તો એ સ્વામિનારાયણ ભગવાનને અહીં બોલાવો તો જેટલો ખરચો થાય એ હું અપાવું, એમ કહેવરાવ્યું.

ત્યારે સ્વામી ફરતા ફરતા ગઢપુરમાં ગયા અને આ બાઈની વાત કરી. મહારાજ તો બાઈની વાત સાંભળીને રાજી થઈ ગયા. અહોહો... આ બાઈ તો પૂર્વના યોગભ્રષ્ટ જીવ છે, ત્યારે ચાલો, આપણે જઈએ. એટલે ફરતા ફરતા સ્વામિનારાયણ ભગવાન ત્યાં ગયા. ત્યારે તો હમણાંની પેઠે તાર કે ટેલિફોન કે એવું કાંઈ હતું નહીં. ટપાલ હતી નહીં. કોઈ કાંઈ કામ હોય તો પહેલા માણસ મોકલતા કે જાવ ને ફલાણા ભાઈને આમ કહી આવો. ત્યારે એ બાઈને કાંઈ સમાચાર મોકલ્યા નહીં. ફરતા ફરતા સ્વામિનારાયણ ભગવાન અને સંતો ત્યાં ગયા. ત્યારે એ બાઈ તો રાજ-કાજ કરતા હતા. એટલે રાજ-કાજમાં તો અનેક પ્રકારની વ્યાવહારિક પ્રવૃત્તિ હોય. એટલે બીજે ગામ ક્યાંક ગયેલા. ત્યારે કોઈકે એમને કહી મોકલ્યું કે, સ્વામિનારાયણ ભગવાન તમારા ગામમાં આવેલા છે.

"ગયા હતા ગામ બાઈ બીજે, નામ કુશળકુંવરબાઈજી,
તરત જ ત્યાંથી આવિયા, સૂણી પ્રભુ પધાર્યા ઘેરજી,
નયણે નીરખી નાથને, સનાથ થઈ એમ જાણીયું,
અહો મારા ભાગ્ય મોટા, એમ કહી આનંદ આણીયું."

એ બાઈ બીજે ગામ ગયેલા. ત્યાં કોઈએ સ્વામિનારાયણ ભગવાન આવ્યાના સમાચાર આપ્યા એટલે આ બાઈ રાજની મર્યાદા મેલીને તરત દોડ્યા ! નહીંતર વાહન હતું ! ત્યારે ઘોડા હોય, રથ હોય, પણ આ અત્યારની પેઠે ટેક્ષી, ગાડી એવા સાધન ન હતા. પણ ત્યારે તો ઘોડા, રથ એવા સાધન હતા. આ બાઈ તો સ્વામિનારાયણ ભગવાનના સમાચાર સાંભળીને રથમાં પણ બેઠા નહિ અને એકદમ દોડ્યા ! જેમ ગાય દોહવાને માટે વાછરડાંને છોડીએ ને વાછરડું એકદમ દોડે તે જોયું હોય તો ખબર પડે. ધીમે ધીમે ચાલે ? કે દોડે ? એ દોડે. એટલે ગાયને દોહવા માટે વાછરડાં છોડે ને તે વાછરડાં દોડે. ભુજમાં ઘણી ગાયું હતી. તો વાછરડાં દોડે તેમ આ બાઈ તો પોતાની રાજમર્યાદાને છોડીને દોડ્યા ! આવીને ભગવાનના દર્શન કર્યા. નયણે નિરખી નાથને, સનાથ થઈ એમ જાણીયું

અહોહો ! મને આ ભગવાન પુરૂષોત્તમ નારાયણના દર્શન થયા. એ બાઈ તો ભગવાનની મૂર્તિ જોતા જાય અને દૃષ્ટિ પલટાવીને મૂર્તિને અંતરમાં ઉતારતા જાય! મહારાજે વચનામૃતમાં કહ્યું કે, દર્શન કરવા તો જેમ ધરમપુરના કુશળકુંવરબાઈ દૃષ્ટિ પલટાવી, મારી મૂર્તિને અંતરમાં ઉતારતા જતા હતા, એવી રીતે કરવા. કેમ કરવા ? આમાં શું કહ્યું ? કાંઈ સમજાય છે ? આ દર્શન કેમ કરવા ? સમજયા ? તે દૃષ્ટિ કેમ પલટાવવી ? આપણે તો આમ ભગવાનને જોઈ રહીને કેમ કરવું ? એટલે આમાં એમ કહ્યું કે, ધરમપુરમાં કુશળકુંવરબાઈ હતા, તે દૃષ્ટિ પલટાવીને દર્શન કરતા, તો આમાં ભગવાનના દર્શન કરીએ તો ચરણ જોઈએ, હાથ જોઈએ, મુખારવિંદ જોઈએ. એમ એક-એક અંગને જોતા જઈને, ને નેત્ર મીંચીને વળી અંતરમાં જોઈએ ને વળી બહાર જોઈએ ને નેત્ર મીંચીને વળી અંતરમાં જોઈએ ને વળી બહાર જોઈએ ને વળી નેત્ર મીંચીને અંતરમાં જોઈએ એને દૃષ્ટિ પલટાવીને દર્શન કર્યા કહેવાય. વળી એમ પણ શિખામણ આપી કે ગદ્‌ગદ્‌ કંઠે અને રોમાંચિત્‌ ગાત્રે, એવી રીતે પણ ભગવાનના દર્શન કરવા. ગદ્‌ગદ્‌ કંઠે એટલે કે હે દયાળુ ! હે કૃપાનાથ ! એમ કહેતા કહેતા દર્શન કરીએ તો આપણું આ હૈયું ભરાઈ જાય. અહોહો ! ભગવાનના આવા દર્શન ! અને રોમાંચિત ગાત્રે એટલે- આપણા શરીરના સાડા ત્રણ કરોડ રૂંવાડા છે, એ સાડાત્રણ કરોડ રૂંવાડા ઊભા થઈ જાય અને ભગવાનની મૂર્તિનો આનંદ આવી જાય.

આપણા સંત હતા. પ્રેમાનંદ સ્વામી. એ પ્રેમાનંદ સ્વામી પણ પ્રેમની મૂર્તિ. તે એ ભગવાનની મૂર્તિને સંભારીને દર્શન કરે. તે ભગવાનની મૂર્તિના કીર્તન બોલે તો એમને રૂંવાડે રૂંવાડે ભગવાનની મૂર્તિના દર્શન થતા, એમ મોટા સંતોએ લખ્યું છે. એટલે આ બાઈ ભગવાનના એવા પ્રેમી ભક્ત હતા. પછી મહારાજના દર્શન કરીને ભગવાનને ખુબ રાજી કર્યા અને પોતાને ઘેર રાખ્યા. મહારાજને થાળ જમાડ્યા. મહારાજની કથાવાર્તા સાંભળી અને બહુ રાજી થયા. પછી એણે મહારાજના દર્શન કર્યા, ત્યારથી એને સંસારરૂપી વાસના ટળી ગઈ. અજાણે હું આ રાજ કરતી હતી, પણ આ રાજવૈભવ તમે સાચવો, હું તો તમારી દાસી થઈને રહીશ. મહારાજ કહે -

"રાજ તમારૂં તમે કરો, પણ અંતરમાં રાખજો હરિ !
રહેશે ઉપાધિ અંતરે, તો થાશે મોટી ખોટ ખરી !"

ભગવાન કહે , અમે આ રાજ કરવા નથી આવ્યા, આ તો તમારો પ્રેમ હતો, એટલે અમે અહીં તમને દર્શન દેવા માટે આવ્યા. રાજ ભલે તમે તમારૂં કરો, પણ અંતરમાં અમારી મૂર્તિ રાખજો. તેમ એ બાઈને કહ્યું. આપણને કાંઈ કહ્યું નથી !! બાઈને કહ્યું ને ? પણ એના ઉપરથી આપણને બધાને કહ્યું કે ભલે; અમે સાધુ લોકો હોઈએ તો ભલે આ મંદિરની સેવા કરવી પડે, એ સેવા કરતા કરતા પણ ભગવાનની મૂર્તિ સંભારવી. સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, આ તમે કહો છો કે ભગવાનની મૂર્તિ સંભારવી, પણ એ તો કેમ થાય ? કેમ કે અમારે તો દેશ-પરદેશ જવાનું હોય, મનુષ્ય આગળ ભગવાનની વાતો કરવી પડે, તો એ કેવી રીતે થાય ? તો મહારાજ કહે, અમે તો આજ્ઞા કરી છે, એ રીતે અભ્યાસ કરીને ભગવાનને સંભારશો તો થશે. તેમ ગૃહસ્થ લોકો તમે ભલે મહારાજની આજ્ઞાએ કરીને વ્યાવહારિક કાર્ય ભલે કરો, પણ આ તો બધું ખોટું છે, પણ ભગવાને મને આ કામ સોંપ્યું છે એટલે ફરજરૂપે કરૂં છું. ભગવાનની આજ્ઞા પ્રમાણે કામ કરૂં છું. પણ આ ઘર કે વૈભવ કે સ્ત્રી, પુત્ર, ધન-દોલત ભગવાનનું છે. હું તો એનો એક દાસ છું. એની આજ્ઞાએ કરીને આ કામ કરૂં છું. તો ભલે એ કામ તમે કરો પણ મોટા સંતોએ કહ્યું કે, તમે 'મહેતાજી' તરીકે કામ કરો. મહેતાજી હોય ત્યારે એ કેટલાય પૈસા લે-દે-ગણે પણ એ શું જાણે ? કે આ પેઢી તો ભગવાનની છે, શેઠની છે, મને તો આ બે હજાર, પાંચ હજાર પગાર મળે. બાકી તો આ શેઠનું છે. તેમ એમ જાણીએ કે, આ પેઢી ભગવાનની છે, હું તો ભગવાનનો દાસ છું. ભગવાને મને આ કામ સોંપ્યું છે. તો એ રીતે ભગવાનને સંભારીને આપણે કામ કરીએ, તો એ કામ ભક્તિમય થાય છે.

બીજું, વચનામૃતમાં મહારાજે બહુ સારી વાત કરી. મહારાજના વચન આપણે ધારીએ, વિચારીએ ને એ પ્રકારે વર્તીએ, તો આપણા અંતરમાં કોઈ પ્રકારે અશાંતિ થાય જ નહીં અને કોઈ પ્રકારની માયાનો લોભ આપણને લાગે નહીં. જેમ જનકરાજા રાજ કરતા હતા છતાં પણ વિદેહી કહેવાયા. ઉદ્ધવ, અક્રુર, વિદુર, સુદામા એ દરેક વ્યાવહારિક કાર્ય કરતા હતા, છતાં પણ વિરક્ત હતા. મહારાજના ભક્તો ગોરધનભાઈ, પર્વતભાઈ, દાદા ખાચર, મયારામ ભટ્ટ એ બધા વ્યાવહારિક કાર્ય કરતા હતા, છતાં પણ તેઓ ભગવાનની મૂર્તિ ત્રણેય અવસ્થામાં દેખતા.

"એની રીત્યે રીત આપણી રે, બીજી રીત્યે બાધ,
પરહરી પરી પાપણી રે, વળગી એ વરાધ"

નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું કે, એની રીત તે આપણી. મારા સ્વામિનારાયણ ભગવાન અને મોટા સંતો અને ભગવાનના મોટા ભક્તો જે રીતે વર્તી ગયા છે તે રીતે ચાલવું, પણ બીજી રીતે ન ચાલવું. જગતના જીવો માયામાં ગોથાં ખાતા હોય, એ ગમે તેવી રીતે વર્તતા હોય, તે રીતે આપણે વર્તવું નહીં. કેમ કે જગત જાશે જમપુરીએ ને ભક્ત જાશે બ્રહ્મમહોલ. જગતના જીવોને જમપુરીમાં જવાનું છે ને આપણે ભગવાનના ભક્તોને ભગવાનના ધામમાં જવાનું છે. તો જગતના જીવો ને ભગવાનના ભક્તોને ફેર છે. તો આપણે ભગવાનના ભક્તરાજ થયા છીએ, તો આપણે દરેકે આવી રીતે વર્તવામાં કાળજી રાખવી. ભગવાનને આપણે સંભારશું, તો ભગવાન જરૂર આપણા ઉપર રાજી થઈ અને પોતાની દિવ્ય મૂર્તિનું સુખ હમણાં પણ આપશે અને દેહ મૂકીને પણ પોતાની સેવામાં રાખશે. માટે આપણે દરેકે કાળજી રાખી ભજન વિશેષ કરવું.

જેમ જેમ ભગવાનનું ભજન કરતા જઈએ, તેમ તેમ માયાનું આવરણ ટળતું જાય છે

સ્વામિનારાયણ ભગવાને તો આપણા ઉપર ઘણી કૃપા કરી છે હોં ! અને આપણને આવો દિવ્ય સત્સંગનો યોગ પ્રાપ્ત થયો. તો આપણે દરેકે શું કરવાનું કે, આ સ્વામિનારાયણ ભગવાનનો દૃઢ આશરો રાખવો કે, આ સ્વામિનારાયણ ભગવાન છે તે મારા ઈષ્ટદેવ છે, એને વિષે પતિવ્રતાની ટેક રાખવી ને આપણાથી જેટલું બને તેટલું ભગવાનનું ભજન કરવું. જેમ જેમ આપણે ભગવાનનું ભજન કરતા જઈએ, તેમ તેમ આપણે માયાનું આવરણ ટળતું જાય, કેમ કે જ્યારથી આ સૃષ્ટિનું મંડાણ થયું, ત્યારથી આ જીવ માયામાં જ ગોથાં ખાધા કરે છે ! પુનરપિ જનનં પુનરપિ મરણમ્. આપણે બધા વારંવાર જન્મ-મરણના ફેરા ભોગવ્યા જ કરીએ છીએ . ગર્ભવાસમાં કેટલું બધું દુઃખ રહેલું છે. આપણને ભગવાનના ભક્તને જમપુરીમાં કે લખ ચોરાશીમાં જવું ન પડે, પણ થોડી કાંઈ કસર રહી જાય, તો ગર્ભવાસમાં તો જવું જ પડે. જન્મ તો લેવો જ પડે. એ ગર્ભવાસમાં એટલું દુઃખ છે કે, છ લાખ ને ચોર્યાસી હજાર નરકના કુંડ છે, તેના કરતા પણ ગર્ભવાસમાં અધિક દુઃખ લખ્યું છે. એ દુઃખ જો આપણને યાદ આવતું હોય તો એક મિનિટ પણ આપણે ભગવાનને ભૂલીએ નહીં. પણ ભગવાન એવા છે કે, આ માયાનો પડદો નાખી દે છે,

એટલે આપણે ભૂલી જઈએ છીએ. આપણે બધા ભૂલી ગયા છીએ, પણ ભગવાન કાંઈ ભૂલે એમ નથી. ટાઈમ થાય એટલે બાળક થાય, બાળકમાંથી જુવાન થાય, જુવાનમાંથી વૃદ્ધ થાય, એમ કરતા કરતા આ દુનિયામાંથી જવાનું થાય.

"મરના મરના સબ કહે, મરી ન જાને કોઇ,
એક દિન ઐસા મરના, કિ ફિર જનમ ન હોઈ."

આપણે બધા એ જાણીએ છીએ કે, આપણા વડીલો ચાલ્યા ગયા. એ જેમ ચાલ્યા ગયા, તેમ આપણે પણ આ દુનિયામાંથી જવું પડશે. પણ મરી ન જાને કોઈ, એક દિન ઐસા મરના, કિ ફિર જનમ ન હોઈ ! આપણે એક દિવસ એવું મરવું કે ફિર જનમ ન હોય. ફરી જન્મ ક્યારે ન હોય ? તો આપણને બધાને આત્મા-પરમાત્માનું જ્ઞાન દૃઢ થઈ જાય, તો ભગવાનના ધામને આપણે પામી જઈએ. ત્યારે એ વાત સમજાય ક્યારે ? તો આ શાસ્ત્ર થકી તથા સંત સમાગમ થકી.

દરેકમાંથી સારી વસ્તુ લેવી

શ્રીકૃષ્ણ પરમાત્માની વાત લખી છે કે, કૃષ્ણ ભગવાન જ્યારે આ દ્વાપરકળિના સંધિકાળે પ્રકટ થયા ને આ પૃથ્વી ઉપર મનુષ્યાકારે વિચરતા હતા, ત્યારે પાંચેય પાંડવ સત્યવાદી હતા. પણ યુધિષ્ઠિર મહારાજ મહા સત્યવાદી હતા. તે ક્યારેય પણ ખોટું કામ કરે નહીં. ખોટું ક્યારેય બોલે નહીં. તે યુધિષ્ઠિર મહારાજને એકવાર શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું કે, આ હસ્તિનાપુરમાંથી એક ખરાબ માણસને લઈ આવો. ત્યારે એ આખા ગામમાં ફર્યા, પણ એમને કોઈ ખરાબ લાગ્યો નહીં. આ સારો છે, આ સારો છે અને ભગવાન પાસે આવીને ઊભા રહ્યા. ભગવાન કહે કાં ! લઈ આવ્યા ? યુધિષ્ઠિર કહે ભગવાન ! બધાય સારા છે ને હું એક ખરાબ છું. યુધિષ્ઠિર રાજા કાંઈ ખરાબ હતા નહીં, પણ એમણે દરેકમાંથી સારી વસ્તુ લીધી, એટલે એમને કોઈ ખરાબ લાગ્યો નહીં.

સ્વામિનારાયણ ભગવાને વચનામૃતમાં લખ્યું કે, ભીમસેન જેવા તો હજારો હોય. યુધિષ્ઠિર એ કાંઈ સાધુ થયા ન હતા, છતાં પણ પોતે સાધુતાના ગુણ શિખ્યા હતા. એટલે તમે બધા ભલે ગૃહસ્થાશ્રમમાં રહેલા હો, દૂધ,

ચોખા ને સાકર જમો, હિંડોળા ખાટે ભલે ઝૂલતા હો, પણ મનથી તો જરૂર સાધુ થવું પડશે. મોટા સંતોએ લખ્યું કે, એક દિવસ તો જરૂર સાધુ થવું પડશે. સાધુ થયા વિના એને મોક્ષ પ્રાપ્ત થતો નથી. ત્યારે બધા સાધુ થઈ જાય, તો જગત ચાલે નહીં. માટે સાધુ કેમ થવાય ? તો કે મનથી જાણવું કે, આ બધું ખોટું છે, હું આત્મા છું, ભગવાનનો ભક્ત છું. એવી ભાવના રાખીને પોતે વ્યવહારમાં રહેવું.

"સંસારમાં સરસો રહે, ને મન મારે પાસ
સંસાર જેને લોપે નહીં, તેને જાણું મારો દાસ"

સંસારમાં ભલે રહેલા હોય, પણ મન મારી પાસે રાખે તો સંસાર એને લોપે નહીં. એટલે યુધિષ્ઠિર રાજા એવા સત્યવાદી હતા. ભલે વ્યાવહારિક કાર્યમાં રહેતા હતા, છતાં પણ પોતે સાધુતાના ગુણ શિખ્યા હતા. તેમ સાધુ થાવું એટલે એમ જાણવું કે, આ બધું ખોટું છે. જ્ઞાને કરીને સાધુ થાવું. એક દિ આપણે આ દુનિયામાંથી જશું ત્યારે સાધુ થવું જ પડશે ને ? પણ તમે બધા આ દેહને અંતે સ્ત્રી, પુત્ર, માલ-મિલકત, સગા સંબંધી મૂકીને જશો. જવું જ પડશે ને ? એટલે આપણે હમણાંથી જ જ્યાં સુધી આપણું આ શરીર સારૂં હોય, ત્યાં સુધી જ્ઞાને કરીને આ બધું ખોટું કરી નાખવું. યુધિષ્ઠિર રાજા એવા સત્યવાદી હતા. એમનો ગાદી અભિષેક કરવાનો ટાઈમ થયો, ત્યારે દરેક માણસોએ એમને વસ્ત્રો આપ્યા, સારા ઘરેણાં આપ્યા, સારી વસ્તુઓ આપી, ત્યારે કૃષ્ણ પરમાત્માએ વિચાર કર્યો કે, હું પણ આ દુનિયામાં છું, તો મારા કોઈના દીકરા ભાઈ થાય, તેથી મારે પણ એનું કાંઈક સન્માન કરવું જોઈએ. શ્રીકૃષ્ણ પરમાત્માએ શું દીધું ? નાનકડી વીંટી દીધી. ત્યારે તે વખતે વીંટીની કિંમત તો પાંચ રૂપિયા કે દશ રૂપિયા માંડ હતી, પણ એના મીના ઉપર "યે દિન ભી બીત જાયેગા" એમ લખ્યું. એ વીંટી લઈ અને કૃષ્ણ પરમાત્માએ યુધિષ્ઠિરને આપી. વીંટી જોઈ યુધિષ્ઠિર બહુ રાજી થયા. આ વીંટી બહુ કિંમતી છે. ત્યારે બીજા કોઈ શેઠ કે સાહેબે હોય તેમણે ઘણી કિંમતી વસ્તુઓ આપી હતી, પણ તેમણે એની પ્રશંસા ન કરી ને આ એક મામૂલી વીંટીની પ્રશંસા કરી. જેમ જેતલપુરમાં સ્વામિનારાયણ ભગવાનના ઘણાક ભક્તો સાટા, મેસૂબ, જલેબી એવા સારા સારા થાળ લાવ્યા હતા, એની પ્રશંસા ભગવાને કરી ન હતી, પણ જીવણ ભક્ત એક મઠનો રોટલો લાવ્યા, તેની પ્રશંસા કરી. તેમ આ વીંટીની

યુધિષ્ઠિર રાજાએ પ્રસંશા કરી, કે અહો ! આ વીંટી બહુ સારી છે. ત્યારે બધાને એમ થયું કે, આ શ્રીકૃષ્ણ પરમાત્મા વીંટી લાવ્યા, યુધિષ્ઠિર રાજા ભલે સત્તાધીશ કહેવાય છે, પણ તોયે થોડોક પક્ષ તો રાખે જ છે. પણ એમણે પક્ષ રાખ્યો નહોતો. એ યુધિષ્ઠિર રાજા પોતે તો મહાજ્ઞાની હતા. એ બીજાના મનમાં સંકલ્પ થયો એટલે એ જાણી ગયા. ત્યારે એ બોલ્યા હે ભાઈઓ ! હું આ વીંટીની પ્રશંસા કરૂં છું. એ મને ચેતવે છે કે હે રાજન્ ! તું હમણાં ભલે આ ગાદી અભિષેક કરવાને માટે બેઠો છે, પણ હું તો આમાં જે મીનાકારી અક્ષરો છે તેની પ્રશંસા કરૂં છું. યે દિન ભી બીત જાયેગા. તારા આ દિવસો વીતી જશે ત્યારે તારે પણ એક દિ સ્મશાનયાત્રા કરવા જરૂર જવું પડશે. એટલે મને આ અક્ષર ચેતવે છે તેથી તેની પ્રશંસા કરૂં છું.

ઐસી કરની કર ચલો, તુમ હસો જગ રોય

એમાં કહેવાનું એટલું જ કે, આપણે પણ આ દુનિયામાંથી એક દિવસ જરૂર જવાનું છે, એ વાત તો સાચી જ છે, અને આપણે દરેક જાણીએ છીએ કે, આપણા વડીલો ચાલ્યા ગયા. એમ આપણે પણ ટાઈમ થશે એટલે જરૂર જવાનું છે. પણ એક દિન ઐસા મરના કે ફિર જનમ ન હોય. એક દિવસ આપણે એવું મરવું કે ફિર જનમ ન હોય. પણ એવું ક્યારે થાય ? કે આપણા બધાને આત્મા ને પરમાત્માનું જ્ઞાન દૃઢ થઈ જાય. તો દેહને અંતે આપણે ભગવાનની સેવામાં રહી જવાય. તો આપણને આ જન્મ-મરણના ફેરા ભોગવવા ન પડે. એમ મહાત્માએ વાત લખી કે "જબ આયો તું સંસારમેં, દુનિયા હસે તુમ રોય, ઐસી કરણી કર ચલો, કી તુમ હસે જગ રોય" એક મહાત્માએ એવી સાખી કહી કે, તું આ સંસારમાં આવ્યો ત્યારે- બાળકનો જન્મ થાય, ત્યારે બાળક પોતે ઊંવા ઊંવા કરે. શું કરતા હશે એ મને ખબર નથી. પણ મોટા સંતો એમ વાત કરતા કે એમ બોલે. તમને ગૃહસ્થ લોકોને ખબર હોય કે બાળક જન્મે, ત્યારે એમ જ બોલતું હોય. ત્યારે એમ લખ્યું કે હે ભાઈ ! તું જબ આયે સંસાર મેં, તુમ રોયે - દુનિયા હસે. દુનિયા કેમ હસે છે ? કે ફલાણાભાઈને ઘેર બાળકનો- દીકરાનો જન્મ થયો છે. તે બધા માણસો હસે, રાજી થાય, સાકર આપે, પેંડા આપે, કોઈ દાગીના આપે, પણ મહાત્માએ શું કહ્યું કે ઐસી કરણી કર ચલો, તુમ હસે જગ રોય. આ જિંદગીમાં એવી કરણી તું કર કે દુનિયા રડે. તું જ્યારે જઈશ ત્યારે તને આનંદ થશે. તારા આત્મા અને પરમાત્માનું મિલન થઈ જશે. તો તું ભગવાનના ધામમાં જઈશ તો

આનંદ-આનંદ થઈ જશે. હસતો હસતો તું જઈ શકે. આપણને બધાને મરવાની બીક લાગી જાય છે. જરાક હાર્ટમાં તકલીફ થાય કે છાતી દુઃખે, તો અમને કેટલાય ફોન આવે કે સ્વામી ! આ મને છાતી દુઃખે છે. પણ છાતી તો દુખાય જ. આ દુનિયામાં સુખ દુઃખ તો થવાનું છે જ. પણ માણસોને બીક લાગવા માંડે. આ જરાક કેન્સરનો રોગ થઈ જાય, તો રડવા જ મંડે હો ! પણ આ દુનિયામાંથી આપણને જવાનું છે જ, ભગવાનના ધામમાં જવાનું છે. તો આપણા માતાપિતા પાસે જવામાં આપણને કેટલો આનંદ થઈ જાય? તેમ ભગવાન આપણા માતાપિતા કરતા પણ બહુ સુખરૂપ છે, તો તેની પાસે જવામાં આપણને શું કામ બીક રાખવી પડે. પણ આપણને હજી એવું જ્ઞાન, દેહ છતાં નથી થયું, એટલે આપણને આ મરવાની બીક લાગી જાય છે.

ત્યારે આ મહાત્માએ કહ્યું કે, " ઐસી કરણી કર ચલો, તુમ હસે, જગ રોય ." એવી કરણી તું કર કે, તું હસે અહોહો ! તું ભગવાનના ધામમાં જઈશ. તો તને આનંદ થઈ જશે. દુનિયા રડે - અહો, આ ભગવાનનો સારો ભક્ત હતો, સારા મહાત્મા હતા કે સારો માણસ હતો. એના ગુણ જોઈને દુનિયાને રડવું આવી જાય. તેમ આપણે ભગવાનના ભક્તો છીએ, તો આપણે પણ તેમ કરવું.વળી એક મહાત્માએ એમ પણ લખ્યું કે,

"જનની જણ તો ભક્ત જણ, કાં દાતા કાં શૂર,
નહીં તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર."

હે જનની ! કાં ભક્ત, કાં શૂરવીર, કાં દાતા જણજે, નહીંતર રહેજે વાંઝણી, પણ મત ગુમાવીશ નૂર. આપણે આમાંથી શું લેવાનું છે કે, સર્વેએ આ દુનિયામાંથી વાસના ટાળીને જેમ આ મહાત્માએ વાત કરી કે, તુમ હસે ને જગ રોય. આપણને આનંદ આવી જાય કે અહોહો ! હું ભગવાનના ધામમાં જઈશ ! આપણને આનંદ આવી જાય.

તો આપણે પણ આ સાચે ભાવે સત્સંગ અને સંત સમાગમ કરી દેહને અંતે ભગવાનની સેવામાં રહી જવાય, તો આનંદ આવી જાય. તેમ આ યુધિષ્ઠિર રાજા કહે હે ભાઈઓ ! હું આ વીંટીની પ્રશંસા નથી કરતો, પણ એ વીંટી મને ચેતવે છે કે હે રાજન, તું આમાં મોહ ન પામજે, એક દિવસ જરૂર તને આ દુનિયામાંથી જવાનું થશે. તો આપણે પણ સાચે ભાવે સત્સંગ કરી ને ભગવાનની મૂર્તિમાં હેત કરશું તો કામ થઈ જશે.

સાળંગપુરના ૧૦ મા વચનામૃતનું વિવેચન

વચનામૃતમાં વાત આવી કે, ધર્મવાળા માણસો હોય તેની દરેક માણસો પ્રશંસા કરે અને અધર્મી હોય તેની કોઈ પ્રશંસા કરે નહી. માટે ધર્મવાળાનો સમાગમ કરી, ધર્મવાળા બનીને ભગવાનની મૂર્તિમાં હેત કરવું.

બાહ્યવૃત્તિથી જોઈએ તો શ્વેતદીપ વૈકુંઠ, ગોલોક, બ્રહ્મલોક આદિક ભગવાનના ધામ ઘણા દૂર છે. પણ અંતર વૃત્તિથી જોઈએ તો એક અણુમાત્ર પણ દૂર નથી. જે સંત કે જે ભગવાનનો ભક્ત એમ સમજતો હોય કે, મારા આત્માને વિશે ભગવાન અખંડ વિરાજમાન છે, તો એવા જે ભગવાનના સંત હોય કે, ભક્ત હોય, આ ભગવા લૂગડાં પહેરી લીધા એટલે કાંઈ સંત બની ગયા એમ નથી, પણ આવી રીતે જ્ઞાનની દૃઢતા કરી હોય, તો એ પણ સંત કહેવાય. તો એવી રીતે જ્ઞાનની દૃઢતા કરીને મહારાજ કહે કે, ભગવાનની ભક્તિ કરે, તો એવા જે સંત કે ભગવાનના ભક્તથી એક અણુમાત્ર પણ ભગવાન દૂર નથી.

પહેલા અમે વાત કરી હતી કે એક સંત એમ વાત કરતા કે, આખ્યું મીંચીને બેઠા ને અક્ષરધામમાં પેઠા. એ સંત ભોળા જેવા હતા, કાંઈ ભણ્યા ન હતા, પણ ધ્યાન ભજન ખૂબ કરતા. સવારના ત્રણ વાગ્યે ઉઠી, નાહી-ધોહી, પૂજા-પાઠ કરીને પદ્માસનમાં બેસી જાય. તે બે-ત્રણ કલાક સુધી બેઠા હોય ને એને થાક પણ ન લાગે. તો એ આ દુનિયામાં ભોળા જેવા હતા, પણ એમને ભગવાનની મૂર્તિમાં હેત હતું. મહારાજે એક ઠેકાણે એમ પણ લખ્યું છે કે, વડોદરાના દિવાન હતા બહુ હોશિયાર હતા. પણ બીજા ભકત હતા તેમને વીસ ગણતા પણ આવડે નહીં, એવી જાડી બુદ્ધિવાળા હતા. પણ ભગવાનની ભક્તિ કરતા. ભગવાનના માર્ગે હોશિયાર હતા. તો મહારાજ કહે એ બુદ્ધિવાળા જ કહેવાય. તો આપણે પણ ભગવાનને સંભારીયે તો મહારાજ કહે ભગવાનના સંત હોય, તેનાથી એક અણુમાત્ર પણ ભગવાન છેટા નથી. ભગવાનનું ધામ કે ભગવાનની મૂર્તિ જરા પણ દૂર નથી. એટલે આમાં તો એવું લખ્યું . પણ આપણે એવું ક્યારે કરશું ને ક્યારે થાશે ? આ વાત યાદ રહી ગઈ? શું કીધું એમાં ? કે આવા જે ભગવાનના ભક્ત હોય, આવી સમજણ હોય, તો એના થકી ભગવાનનું ધામ અને ભગવાનની મૂર્તિ એક અણુમાત્ર પણ દૂર નથી. અણુ એટલે કેટલા ગાઉ થાય ? બે ગાઉ કે પાંચ ગાઉ ? જરા પણ ભગવાન તેનાથી દૂર રહેતા નથી.

કેટલાક માણસ કહે કે, આ કળિયુગમાં આમ ન થાય. આ તો સતયુગનો ધર્મ છે. કેટલાક માણસો એવી શંકા કરે કે કાંઈ કળિયુગમાં આવું થતું હશે ? આ તો બધા સતયુગના ધર્મો છે, પણ સ્વામિનારાયણ ભગવાને કળિયુગના ધર્મ કાઢીને સતયુગ જેવા દેશ, કાળ, ધર્મ સ્થાપન કર્યા છે. તો ન થતું હોય તો આમા ભગવાન લખે જ નહીં. તો આ સ્વામિનારાયણ ભગવાને આ લખ્યું છે, તો એવી રીતે જો આપણે મહારાજ કહે એમ વર્તીએ. એમા સંત હોય કે સાધુ હોય કે ગૃહસ્થાશ્રમી હોય, પણ એ સમજણ, એવી દૃઢતા થઈ ગઈ હોય, તો મહારાજ કહે એક અણુમાત્ર પણ ભગવાન એનાથી દૂર રહેતા નથી. તો આપણે પણ આવી રીતે જ્ઞાનની દૃઢતા કરવી અને સાચે ભાવે ભગવાનની ભક્તિ, ભજન કરી, આળસ, પ્રમાદ, મોહનો ત્યાગ કરી અને દિન-દિન પ્રત્યે ભગવાનની મૂર્તિમાં હેત થાય એવું કરીશું, તો થોડાક સમયમાં જ કામ થઈ જશે. જ્યાં કાળ, કર્મ ને માયાનો ભય નથી, ને અષ્ટ આવરણ થકી પર અને જ્યાં સુખ-સુખ-સુખનો નહી પાર, એવું ભગવાનના અક્ષરધામમાં દિવ્ય સુખ રહેલું છે. તો એ સુખ પામવાને માટે આપણે બધા અહીં ભેળા થયા છીએ. તો આપણે દરેકે આળસ-પ્રમાદનો ત્યાગ કરી અને આ દુનિયાના કામ થોડાંક આગળ પાછળ કરીને ભજન કરવું, કેમ કે આ દુનિયાના કામ તો કોઈ ખૂટે એવા છે જ નહીં. મોટા સંતો કહેતા કે, વર્ષના ત્રણસો ને પાંસઠ દિવસ છે પણ વર્ષના ત્રણસો ને નેવું દિવસ થાય, તો પણ આ દુનિયામાં કામ કોઈ ખૂટે તેવા છે નહીં . તો એમાંથી બબ્બે ઘડી પાછી વૃત્તિ વાળવી અને વિચાર કરવો, હું શા માટે અહીં આવ્યો છું ? ભગવાને મને શું કરવા મોકલ્યો છે? હે ભાઈ ! તું વિચાર કર. તું ક્યાંથી આવ્યો છો ? ને ક્યાં આપણે જવાનું છે ? અહીં તો કોઈ સ્થિર રહેતું નથી. કોઈ સો વર્ષ જીવે, કોઈ ઓછા વર્ષ જીવે, પણ જ્યાં સુધી આપણું શરીર સારૂં હોય, ત્યાં સુધીમાં આપણે જ્ઞાનની દૃઢતા કરશું, તો આપણને આનંદ આનંદ વર્તાશે. અહો ! આ ભગવાન મળ્યા, આ સંતો મળ્યા. મારા મોટા ભાગ્ય છે. તો તેના અંતરમાં આઠે પહોર આનંદ વર્ત્યા કરે. તો આપણે પણ સાચે ભાવે સત્સંગ કરી, સંત સમાગમ કરી અને આપણી જે કાંઈ કસર હોય તે ટાળીને, આને આ દેહે કરીને, દેહને અંતે ભગવાનની સેવામાં રહી જવાય, તો આપણો ફેરો સફળ થયો કહેવાય. માટે આપણે બધાએ કાળજી રાખી ભજન વિશેષ કરવું.

સ્વામિનારાયણ ભગવાનનો દૃઢ આશરો રાખવો

આજ તો આપણા ઉપર સ્વામિનારાયણ ભગવાન અઢળક ઢળી ગયા છે ! પોતે અક્ષરધામથી અહીં પધાર્યા ! આપણા ઉપર દયા કરીને આપણને પોતાને શરણે લીધા. તે આપણા સૌના મોટા ભાગ્ય છે, નહીંતર આવા ભગવાન મળવા બહુ દુર્લભ છે. આ ભગવાનને મેળવવા માટે તો કેટલાક ભક્તજનો ટાઢ, તડકો, ભૂખ, તરસ કેટલુંય સહન કરે, તો પણ તેમને આવા દયાળુ ભગવાન મળતા નથી, પણ આપણા ઉપર તો આ ભગવાને ઘણી દયા કરી અને પોતાને શરણે લીધા. તો આપણા સૌના મોટા ભાગ્ય છે. તો આપણે દરેકે શું કરવાનું કે એ સ્વામિનારાયણ ભગવાનનો દૃઢ આશરો રાખવો.

સ્વામિનારાયણ ભગવાને પ્રથમ પ્રકરણના ૩૩માં વચનામૃતમાં પણ કહ્યું કે, ભગવાનનો દૃઢ આશરો રાખી અને એની જે પ્રસન્નતાના સાધન આપણાથી જેટલા બને તેટલા કાળજી રાખીને કરવા, નહીંતર આ ભગવાનને રાજી કરવા એ તો બહુ કઠણ છે, પણ આજ તો આ સ્વામિનારાયણ ભગવાને આપણા ઉપર બહુ દયા કરી ને સુખિયા કર્યા છે.

બીજું, આપણે થોડું કરીએ તો પણ ભગવાન પોતાના ભક્તનું ઘણું માને છે, તો એવા દયાળુ ભગવાન આપણાને મળી ગયા છે. તો ભગવાન કેમ રાજી થાય એ જ આપણે બધાએ કાળજી રાખીને કરવાનું છે. કેમ કે આવો લાભ મળવો બહુ દુર્લભ છે. આવા ભગવાન મળવા, આવા સંતો મળવા, આવા આચાર્ય મહારાજ મળવા, આવા હરિભક્તો મળવા, આવો દિવ્ય સત્સંગનો યોગ મળવો, બહુ જ દુર્લભ છે. તો આપણને જે દુર્લભ હતું, તે સુલભ થયું છે. તો આપણે દરેકે ભગવાન ભજવામાં કાળજી રાખવી. આપણે જેટલી કાળજી રાખીને વધારે ભજન કરશું, તો વધારે જલ્દી કામ થઈ જશે અને આપણે ધીમે ધીમે કરશું તો વાર લાગશે.

મારા ગુરૂ એમ વાત કરતા કે, બે ભક્ત હતા તે રસ્તામાં ચાલ્યા જતા હતા. ચાલતા ચાલતા ગામ થોડુંક દૂર હતું. બીજા માણસોને પૂછ્યું ભાઈ; આ ફલાણું ગામ કેટલું દૂર છે ? એ તો પાંચ કિલોમીટર દૂર છે. એટલે એક ભક્ત કહે કે હું ઊભો ત્યાંથી કે આ ઊભો ત્યાંથી ? હવે ઊભા તો બેય સાથે જ હતા. પણ તેઓને શ્રદ્ધા ઓછી હતી. એટલે કહે કે, હું તો ચાલી-ચાલીને થાકી ગયો છું. તેમ આપણે ચોર્યાશી લાખ જન્મ થયા, આ જગતમાં ફેરા ફર્યા જ કરીએ છીએ,ને જ્યાં જ્યાં આ જીવ જન્મ ધરે, ત્યાં માયાનો જ માર ખાધા

કરે છે. તો આપણે એવી શ્રદ્ધા રાખવી કે ભલે આ દેહ પડી જાય, પણ મારે આ મોક્ષ સંબંધી કાર્ય સિદ્ધ કરી લેવું. આપણે એ કામ કરવાને માટે અહીં બધા ભેળા થયા છીએ, તો આળસ પ્રમાદ મોહનો ત્યાગ કરી અને દિન દિન પ્રત્યે ભગવાનની મૂર્તિમાં કેમ હેત થાય અને ભગવાનની મૂર્તિ આપણને આઠે પહોર સાંભર્યા કરે અને આ જે અનાદિકાળના જીવને માયાના પાશ પેસી ગયા છે, તે આપણે બધાએ ટાળવા. કેમ કે માયાના પાશ વડે જ આપણે સર્વે જન્મ-મરણના ફેરા ભોગવ્યા કરીએ છીએ. ''પુનરપિ જનનં પુનરપિ મરણમ્'' આપણે બધા આ જન્મ-મરણના ફેરા ભોગવ્યા જ કરીએ છીએ. પણ હવે એ જન્મ-મરણના ફેરા ભોગવવા ન પડે અને આ ને આ દેહે કરીને આત્મા અને પરમાત્માનું જ્ઞાન દૃઢ થઈ જાય અને દેહને અંતે આપણે ભગવાનની સેવામાં રહી જવાય, તો આ મનુષ્ય જન્મનો ફેરો સફળ થયો કહેવાય. કેમ કે આ શરીરનો કાંઈ નિર્ધાર છે નહીં. ધન, જોબન ને આવરદાનો ન કરીએ નિર્ધાર, વિજળીના ઝબકારાની પેઠે જાતા ન લાગે વાર. ધનનું પણ એવું છે, જુવાની અવસ્થાનું પણ એવું છે. ધન-જોબન ને આવરદા એટલે આયુષ્યનું પણ એવું જ છે. આપણને એમ કે હજી સો વર્ષ જીવશું, પણ આ આયુષ્યનો એક ઘડીનો પણ નિર્ધાર નથી.

સ્વામિનારાયણ ભગવાને અને મોટા સંતોએ એમ લખ્યું કે, જ્યાં સુધી આપણું આ શરીર સારૂં હોય કે આ સત્સંગનો યોગ સારો હોય, તો ભગવાનનું ભજન સારી રીતે થાય. કેમ કે આ શરીરમાં પેટ દુઃખે, માથું દુઃખે, તાવ આવે કે કાંઈ રોગ થઈ જાય, તો ભગવાનનું ભજન આપણે કરી શકીએ નહીં. તો શરીર સારૂં હોય, જોગ સારો હોય- જોગ સારો કોને કહેવાય ? તો મહારાજ કહે, જ્યાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ સહિત ભગવાનના ભક્તો રહેતા હોય, એ જોગ સારો કહેવાય. તો બધી વાતે ભગવાને આપણા ઉપર દયા કરી છે અને બધી વાતે આપણને સાનુકૂળ કરી આપ્યું છે. તો આપણે સૌએ બરાબર કાળજી રાખવી.

ધર્મદેવ અને ભક્તિદેવીએ દેવતાના સાડા બાર હજાર વર્ષ તપ કર્યું

વચનામૃતમાં મહારાજે બહુ સારી વાત કરી છે કે, મુક્તાનંદ સ્વામીએ પૂછયું કે, હે મહારાજ! ભગવાનના અવતાર થાય, ત્યારે જ ભગવાન કલ્યાણ

કરી શકે ? ભગવાન પોતે સંકલ્પ કરે કે, મારે અનંત કોટી જીવોને અક્ષરધામમાં લઈ જવા છે, પણ એ પાત્ર બરાબર થયા ન હોય- જેમકે અલૈયા ને મોડા એ ગામ છે. તે અલૈયા ગામની વાત લખી છે. તે અલૈયા ગામમાં મહારાજ પોતે ઘણી વખત ગયેલા અને ત્યાં બધા ભક્તજનો ખૂબ જ પ્રેમી હતા. ત્યાં એક ભક્ત ભગવાનના દર્શન કરવા આવ્યા. મહારાજે એને સમાધિ કરાવીને અક્ષરધામમાં મોકલ્યા. અક્ષરધામનું દર્શન કરાવ્યું, પણ તેને ત્યાં ફાવ્યું નહીં. કેમ કે એ પોતે પાત્ર બરોબર નહોતા થયા. તો ભગવાન તો પોતે સંકલ્પ કરે કે અનંત કોટિ બ્રહ્માંડના જીવોને મારે અક્ષરધામમાં લઈ જવા છે, પણ એણે જ્યાં સુધી પાત્રતા કેળવી ન હોય, ત્યાં સુધી ત્યાં રહી શકાય નહીં. એટલા માટે મહારાજ કહે કે, ભગવાન પોતે અક્ષરધામમાંથી અહીં શા માટે આવે છે? તો પોતાના પ્રેમી ભક્તજનોના જેવા જેવા મનોરથો હોય, એ મનોરથો પરિપૂર્ણ કરવા માટે જ ભગવાન આ પૃથ્વી ઉપર આવે.

મોટા સંતોએ વાત લખી કે, સ્વામિનારાયણ ભગવાનના માતાપિતા ધર્મદેવ અને ભક્તિમાતા, એમણે ભગવાનને રાજી કરવા માટે દેવતાના સાડા બાર હજાર વર્ષો સુધી તપશ્ચર્યા કરી ! આપણા તો સાડા બાર કરોડથી પણ વધારે વર્ષો થાય. એટલા વર્ષો સુધી ટાઢ, તડકો, ભૂખ, તરસ વેઠીને તપશ્ચર્યા કરી ! જેમ સ્વામિનારાયણ ભગવાને અને મોટા સંતોએ કહ્યું ''હવે મારા વ્હાલાને નહીં રે વિસારૂં, શ્વાસોચ્છ્વાસે તે નિત્ય સંભારૂં'' એમ અખંડ ભગવાનનું રટણ કરતા કરતા એમને આત્મા પરમાત્માનો સાક્ષાત્કાર થઈ ગયો. શ્વાસોચ્છ્વાસે નારાયણ નારાયણ એમ ભગવાનનું નામ લેતા હતા અને પોતાના અંતરમાં પ્રકાશમાન એવા ભગવાનના દર્શન થતા હતા.

સ્વામિનારાયણ ભગવાને વચનામૃતમાં એ જ લખ્યું કે, તમે અભ્યાસ કરો, ધ્યાન કરવાનો, ભજન કરવાનો, તો ન થાય તેવું શું છે ? અભ્યાસ કરો તો આત્મા પણ દેખાય ને આત્મામાં બિરાજમાન એવા જે પરમાત્મા પણ દેખાય. એવી રીતે ધર્મદેવ અને ભક્તિમાતા તપશ્ચર્યા કરતા તેથી તેમને પણ ભગવાનનો સાક્ષાત્કાર થયો ! પોતાના પ્રકાશમાન એવા આત્માને વિશે ભગવાનની મૂર્તિના દર્શન થતા હતા. એટલે એ ભગવાનના અંતરમાં દર્શન થતા એ વડે તેઓ ભગવાનની મૂર્તિમાં તલ્લીન થઈ ગયા હતા ! કેમ કે ભગવાનની મૂર્તિનું એવું સુખ છે. પ્રેમાનંદ સ્વામીએ કીર્તનમાં પણ લખ્યું '' વાલા એ રસના ચાખણહાર છાશ તે નવ પીએ રે લોલ'' કે જેણે એવો ભગવાનનો રસ ચાખ્યો હોય, તેઓ સંસારના છાશ જેવા સુખ પીવા કયારેય

સમર્થ થાય જ નહીં. એટલે ભગવાનનો એવો આનંદ છે એટલે ભગવાનના આનંદમાં પોતે ગરકાવ થઈ જતા ! તલ્લીન થઈ જતા !

એટલે મોટા સંતો કહેતા - આ રીતે ધ્યાન કરવાનો, ભજન કરવાનો એ અભ્યાસ કરે તો તેના અંતરમાં સુખના ઠંડા ઠંડા શેરડા પડે અને ભગવાનના સુખ વડે આનંદના ફુવારા ઉડયા કરે. એ તો ભગવાનના ભક્ત જે એવી રીતે ધ્યાન ને ભજન કરતા હોય એને એવી ખબર પડે. તમને પણ એવો આનંદ આવતો હશે. એવું આપણે કરવું પડશે ને ? કેમ કે મોટા મોટા સંતોને ભગવાનના મોટા મોટા ભક્તો એવી રીતે કરીને ભગવાનના સુખે સુખિયા થઈ ગયા. તો આપણે પણ અક્ષરધામમાં જ જાવું છે ને ? કે બીજે જાવું છે ? તો આપણે પણ એવી રીતે કરવાનો જો અભ્યાસ કરશું તો જરૂર થઈ જશે. આ ધર્મદેવ ને ભક્તિમાતાએ ભગવાનને રાજી કરવાને માટે એવું કર્યું, તો ભગવાન એના ઉપર રાજી થયા અને ભગવાને એમને પ્રત્યક્ષ દર્શન આપ્યા ! પણ એ તો અંતરમાં ભગવાનની મૂર્તિના સુખે સુખિયા હતા, તો ભગવાને એમને પ્રત્યક્ષ દર્શન આપ્યા, તો પણ એ ભગવાનના પ્રત્યક્ષ દર્શન કરવા સમર્થ થયા નહી હો ! આંખ ખૂલે જ નહી. ભગવાનની મૂર્તિમાં એવા તલ્લીન થઈ ગયા હતા. ત્યારે ધર્મદેવ ને ભક્તિમાતાને ભગવાને કહ્યું કે હે ધર્મદેવ,હે ભક્તિમાતા, આ તમારી આવી તપશ્ચર્યા અને ભજનથી હું રાજી થયો છું ને તમને દર્શન આપવા આવ્યો છું, તમે જાગો ! જાગો ! પણ ધર્મદેવ ને ભક્તિમાતા તો જાગે જ નહીં !! પછી હાથેથી ઢંઢોળ્યા ત્યારે જાગ્યા હો ! જાગીને એકદમ ભગવાનની મૂર્તિના દર્શન કર્યા એટલે એકદમ આનંદના ફુવારા ઉડ્યા હોં ! અહોહો ! અમને આવા ભગવાનના દર્શન થયા ! આ ભગવાન અમને મળ્યા ! એટલે એવો એમને આનંદ આવી ગયો એટલે ભગવાનના દર્શનથી ભગવાનની મૂર્તિમાં તલ્લીન બની ગયા. ત્યાં ધર્મદેવ ને ભક્તિમાતાને ભગવાન કહે હે ધર્મદેવ ! હે ભક્તિમાતા ! હું તમારી આવી તપશ્ચર્યા અને ભક્તિ જોઈને બહુ જ રાજી થયો છું, તો તમે કાંઈક મારા પાસે વરદાન માંગો, તો હું તમારા ઋણમાંથી મુક્ત થાઉં. જુઓ ! ભગવાન કહે છે કે આ ઋણ હતું. ભગવાને કાંઈપણ વસ્તુ લીધી નહોતી પણ ભગવાનનું ભજન કર્યું તો ભગવાન કહે કે તમારૂં ઋણ મારા ઉપર ચડી ગયું હો ! ત્યારે ધર્મદેવ ને ભક્તિમાતા - પોતે તો ભગવાનની મૂર્તિને સુખે સુખિયા હતા.

સ્વામિનારાયણ ભગવાને આપણા પર ઘણી દયા કરી છે અને દિવ્ય સત્સંગનો યોગ આપ્યો છે. તો આપણા સૌના મોટા ભાગ્ય છે. નહીંતર આ

ભગવાન મળવા બહુ દુર્લભ છે. " કોટિ જન્મ કા પુણ્ય જબ ઉદય હોત, એક મંત્ર એક સંગ અસુભાવત સત્સંગ, તબ મેટત મનકી મલિનતા ઔર પાવત સત્સંગ." કરોડો જન્મના પુણ્ય જ્યારે ઉદય થાય, ત્યારે એને મનની મલિનતા મટે અને મનની મલિનતા મટે ત્યારે જ એને સત્સંગનો યોગ થાય. તો આપણા સૌના મોટા ભાગ્ય છે કે આપણને આ સત્સંગ કરવો ગમે છે. તો આપણે સાચે ભાવે સત્સંગ કરી અને આપણા હૃદયની તપાસ કરી અને આપણા હૃદયમાં જે કઈ માયાના વિકારો પડ્યા હોય, એ ટાળી નાખવા. એ માયાના વિકારો વડે જ આપણે બધા " પુનરપિ જનનં ને પુનરપિ મરણમ્" જન્મમરણના ફેરા આપણે અનેક જન્મથી ભોગવતા આવ્યા છીએ. સતયુગ હતો તે વખતે એક લાખ વરસનું આયુષ્ય હતું, તો તે વખતે આપણે બરોબર ભક્તિ નહીં કરી હોય એટલે આપણે ધામમાં પુગ્યા નથી. તો આજે સ્વામિનારાયણ ભગવાને આપણા પર દયા કરીને આવો દિવ્ય સત્સંગનો યોગ આપ્યો છે. તો આપણે સાવધાની રાખીને આપણા જીવનું મોક્ષ સંબંધી કામ કરીશું, તો થોડા જ સમયમાં કામ થઈ જશે.

કારણ શરીરની વાસના ટાળવાનો ઉપાય

કારિયાણીના બારમાં વચનામૃતમાં બહુ જ સારી વાત કરી છે કે, કારણ શરીરની જે વાસના છે તે ક્યારેય પણ આ જીવથી નોખી પડતી નથી. ત્યાં આંબલીયાનું દૃષ્ટાંત આવ્યું કે આંબલીયો હોય, એના ઉપર કાળી છાલ ચોટી હોય, ને એના પર ગમે તેટલી મહેનત કરે તો પણ એ કાળી છાલ અલગ પડતી નથી. એમ આમાં સ્વામિનારાયણ ભગવાને બહુ સારી વાત કરી કે, કારણ શરીરની વાસના ક્યારેય પણ આ દેહથી નોખી પડતી નથી. કેમ કે વાસના વડે જ આપણે જન્મ-મરણના ફેરા ભોગવ્યા જ કરીએ છીએ. ચોર્યાશી લાખ યોનિમાં આપણે જન્મ-મરણના ફેરા ભોગવ્યા જ કરીએ છીએ.

તો સ્વામિનારાયણ ભગવાને આપણા પર ઘણી દયા કરીને આ સત્સંગનો જોગ આપ્યો છે. તો સાચે ભાવે એ સત્સંગ કરીને કારણ શરીરની વાસના ટાળી નાખશું, તો થોડા જ સમયમાં કામ થઈ જાશે. એના ઉપાયમાં એમ કીધું કે, ભગવાનના ધ્યાને કરીને આ કારણ શરીરની વાસના ટળે છે. ધ્યાન અને ભગવાનનું ભજન નિયમ એટલે શિક્ષાપત્રીમાં સ્વામિનારાયણ ભગવાને સંતો, હરિભક્તો દરેકના નિયમ લખ્યા છે. એ નિયમ પ્રમાણે વર્તીને ભગવાનની

મૂર્તિનું ધ્યાન કરવું. ધ્યાનમાં ઘનશ્યામ મહારાજની, હરિકૃષ્ણ મહારાજની, સહજાનંદ સ્વામી મહારાજની, જે આપણને પ્રિય મૂર્તિ હોય, તેનું ધ્યાન પોતાના હૃદયમાં કરીએ, તો ધ્યાને કરીને કારણ શરીરની વાસના ટળે છે. તો સવારે સાંજે આગળ પાછળ કામ કરીને પણ ભગવાનની મૂર્તિનું ધ્યાન કરીએ તો જ કારણ શરીરની વાસના ટળે છે. ત્યારે કેટલાક શંકા કરે કે સ્વામી ! અમને ગૃહસ્થોને તો અનેક પ્રકારની વ્યાવહારિક વિટંબણાઓ હોય તો ધ્યાન કઈ રીતે કરાય ? તો ગોરધનભાઈ, પર્વતભાઈ, દાદાખાચર, મયારામ ભટ્ટ આદિક ભગવાનના ભક્ત હતા. એ દરેક પણ વ્યવહારિક કાર્ય કરતા હતા, છતાં પણ ભગવાનની મૂર્તિ ત્રણેય અવસ્થામાં દેખતા.

તો એમાં એમ નથી કે ત્યાગી હોય એ જ કરી શકે અને ગૃહસ્થ હોય એ ન કરી શકે એવું કાંઈ છે નહીં. અભ્યાસ કરીએ તો જરૂર થાય. કરત કરત અભ્યાસ, જડ મતિ હોત સુજાન. આ લોકમાં પણ કેટલાક અભ્યાસ કરે તો ડૉક્ટર થાય છે, ઈજનેર થાય છે. તો અભ્યાસ કરે તો એ થાય છે અને અભ્યાસ ન કરે તો ન થાય. તો આપણે દરેકે આળસ પ્રમાદ મોહનો ત્યાગ કરી અને દિન દિન પ્રત્યે એવો અભ્યાસ કરશું, ભગવાનની મૂર્તિમાં હેત કરશું, તો થોડા જ સમયમાં કામ થઈ જશે તો આપણે દરેકે એ પ્રમાણે વર્તવાનો ખટકો રાખવો.

આપણા બધાના પિતા સ્વામિનારાયણ ભગવાન આપણા માટે ઘણું રાખી ગયા છે

સ્વામિનારાયણ ભગવાને આપણા ઉપર દયા કરીને આ વચનામૃત જેવા શાસ્ત્રો આપણને આપ્યા છે. આ લોકમાં કોઈ શેઠ હોય કે સાહેબ હોય, એ પોતાના બાળક માટે મકાન, પૈસા, જમીન એ બધું રાખી જાય, ત્યારે આપણા બધાના પિતા સ્વામિનારાયણ ભગવાન આપણા માટે ઘણું રાખી ગયા છે. એમણે ભવિષ્યનો વિચાર કર્યો કે હાલ અમે આંહી છીએ- એટલે અમારે જોગે કરીને બધા જ ભક્તજનો અમારૂં ભજન કરે છે. પણ પછી ભવિષ્યમાં ભક્તો શું કરશે ? ત્યારે ભગવાને વિચાર કરીને બધા ભક્તજનો માટે સ્વમુખે વચનામૃત કહ્યાં. શિક્ષાપત્રી પોતાને હાથે લખી હોં ! અને સત્સંગી જીવન મહારાજે શતાનંદ સ્વામી પાસે લખાવ્યું અને બીજા પણ ઘણાં પુસ્તકો સંતોએ લખ્યા. તો એ કરવાનો હેતુ શું ? કે આવા જે પુસ્તકો છે તે આપણે વાંચીએ છીએ, સાંભળીએ છીએ, તો તે વખતની ઝાંખી આપણને થઈ જાય છે કે, આ

સ્વામિનારાયણ ભગવાન પુરૂષોત્તમનારાયણ પોતે આ સભામાં વિરાજમાન છે.

મોટા સંતો કહેતા કે, વચનામૃત વંચાય ત્યારે આપણે એવી ભાવના રાખીએ કે, આ સ્વામિનારાયણ ભગવાન પોતે સાક્ષાત્ આ સભામાં વિરાજમાન છે અને ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી આદિક ૫૦૦ પરમહંસો તથા દાદાખાચર, મયારામ ભટ્ટ, આદિક બધા સદ્‌ગૃહસ્થ ભક્તોની સભા ભરાઈને બેઠી છે અને આપણે એમ જાણીએ જે અક્ષરધામની આ સભામાં આપણે પણ બેઠા છીએ. તો આપણને પણ એવો અલૌકિક આનંદ આવે. નહીંતર તો આપણને એમ થાય કે આપણે આ બેઠા છીએ. આ મંદિરમાં સભા થઈ છે તો એવો આનંદ ન આવે.

સ્વામિનારાયણ ભગવાને છેલ્લા પ્રકરણના બીજા વચનામૃતમાં લખ્યું છે કે, જેવી વૈકુંઠ, ગોલોક, શ્વેતદ્વિપ આદિક ધામની સભા છે, તેના કરતા પણ આ સભા અધિક છે. આ સભા અક્ષરધામની છે, એવી ભાવના રાખીને ભગવાનને સંભારીએ તો આનંદ આવે અને સ્વામિનારાયણ ભગવાને પછી વિશેષ એમ પણ કહ્યું કે, એમાં અમે ખોટું કહેતા હોઈએ તો ૫૦૦ પરમહંસોના અમને સમ છે હોં ! એટલે આપણે પણ એવી ભાવના રાખીને ભગવાનને સંભારીએ, તો આપણને એવો આનંદ આવે. વળી સારંગપુરના ૧૦મા વચનામૃતમાં પણ એ જ કહ્યું કે, બહાર વૃત્તિ વડે કરીને જોઈએ તો અક્ષરધામ, ભગવાનની મૂર્તિ, ભગવાનના મુક્તો લાખો ગાઉ દૂર છે અને અંતરવૃત્તિથી જોઈએ તો એક અણુ માત્ર પણ દૂર નથી. તો સ્વામિનારાયણ ભગવાને એમ કહ્યું કે અંતરદૃષ્ટિવાળાની જે સમજણ છે એ સાચી છે. ત્યારે અંતરદૃષ્ટિની વાત પણ સ્વામિનારાયણ ભગવાને પ્રથમ પ્રકરણના ૪૯માં વચનામૃતમાં કહી કે, અંતરદૃષ્ટિ એટલે શું ? તો બહાર તથા અંદર ભગવાનની મૂર્તિ સામું વૃત્તિ રહે એ "અંતરદૃષ્ટિ" કહેવાય.

તો બહાર એટલે તમે ગૃહસ્થ લોકો વ્યાવહારિક કાર્ય કરતા હો અને અમે લોકો આ મંદિરનું કાર્ય કરતા હોઈએ, તો એ બહાર વૃત્તિ વડે કરીને આ કામ તો બધું કરવું પડે. પણ એમ જાણીએ કે આ ભગવાન પુરૂષોત્તમનારાયણ સાક્ષાત્ વિરાજમાન થયેલા છે અને આ ચારેય બાજુ અનંત કોટિ મુક્તોની સભા ભરાઈને બેઠી છે, એ ભાવના રાખીને જો આપણે કામ કરીએ, તો અક્ષરધામમાં જેવો આનંદ છે તેવો આનંદ ત્યાગીને પણ આવે ને ગૃહસ્થને પણ આવે, ન આવે એવું કાંઈ નથી. તમે ઓફિસમાં બેઠા હો કે દુકાને બેઠા

હો કે ખેડૂત લોકો ખેતી કરતા હોય, પણ આવી રીતે જો વૃત્તિને કેળવો, તો બહારથી પણ એને ભગવાનની મૂર્તિ દેખાયા કરે.

સંત વચને સ્મૃતિ રાખી કામ કર્યું તો સુખી થયા
(મેમકાના ખેડૂતો)

અમારા ગુરૂએ એક વાત કરી હતી કે, મેમકા ગામ છે ત્યાંના સથવારા ખેડૂત તથા બીજા બહુ પ્રેમી ભક્તો હતા, પણ ખેડૂત એટલે ખેતીનું કામ કરવું પડે. ઉનાળાનો વખત. તે કપાસની સાઠીયું કાપવા માટે જતા હતા. એમને વિચાર આવ્યો કે હાલો, પહેલાં આપણે ભગવાનના દર્શન કરીએ. ચાર વાગ્યા છે એટલે ભગવાન તો પોઢ્યા હશે, પણ આપણા ગુરૂ તથા મોટા સંતોના આશીર્વાદ લઈને કામ કરીએ તો આપણું કામ જરૂર સફળ થાય. ત્યારે સ્વામી તો વહેલા ઊઠીને નાહીધોઈને પોતે તો ધ્યાનમાં બેઠા હતા. આ હરિભક્તો જુવાનિયા જુવાનિયા ૨૦-૨૫ છોકરાંઓ ત્યાં જઈને સ્વામીને દંડવત્ કરીને દર્શન કર્યાં. સ્વામી કહે કે - કેમ છોકરાઓ, આજ વહેલા વહેલા આવ્યા ? ક્યાંય જાવું છે ? બીજે તો ક્યાંય જાવું નથી, પણ અમારે આજે આ ખેતરમાં સાંઠી કાપવા જવું છે. એટલે એમ થયું કે અમારા ગુરૂ તમે છો - એટલે તમારા આશીર્વાદ લઈને કામ કરીએ તો કામ સારૂં થાય. સ્વામી બહુ રાજી થયા. કહે આવો ! તમે સૌ ભગવાનને સંભારીને કામ કરજો, પણ ૧-૧ સાંઠી કાપો એમાં સ્વામિનારાયણ-સ્વામિનારાયણ એમ નામ લઈને કાપજો.

એટલે છોકરાઓને તો સ્વામીના વચનમાં વિશ્વાસ. કેમ કે મોક્ષને માર્ગે ચલાવનારા તો બે જ લખ્યા છે. ગીતામાં, ભાગવતમાં, રામાયણમાં દરેકમાં ભગવાન કે ભગવાનના સંત એ જ મોક્ષ માર્ગે ચલાવનાર. એટલે આમાં પણ એ જ આવ્યું કે ભગવાન ને ભગવાનના સંતોનો મહાત્મ્ય જ્ઞાને સહિત નિશ્ચય હોય તો શું ન થાય ? એટલે આ છોકરાઓ તો સ્વામીના વચનમાં શ્રદ્ધા રાખી.... આ સ્વામીએ આમ કહ્યું એટલે આપણે આમ જ કરવું. ત્યાં છોકરાઓ તો સવારે ઘરેથી થોડું જમીને ગયા ને બપોર માટે જમવાનું તથા પાણી સાથે લઈ ગયા હતા તે એક બાજુ રાખીને સાંઠીયું કાપવા માંડ્યા. સ્વામિનારાયણ, સ્વામિનારાયણ, સ્વામિનારાયણ નામ લીધા જ કરે હોં ! તે સાંજ સુધી કરે. વળી સવારના ૮-૯ વાગે એટલે થોડીક શિરામણી કરે. જમીને જાય. પાંચ વખત ખાય ! એકવાર સવારે જમે. થોડીવાર પછી શિરામણી કરે. બપોરે

જમે, ચાર વાગ્યે જમે ને રાતે. પાંચ વખત ખાય ! એટલે ૯ વાગ્યે તો થોડોક વિસામો ખાઈને જમે. પણ આ તો સમયની ખબર પડી નહીં. સ્વામિનારાયણ-સ્વામિનારાયણ ભગવાનનું નામ લેતા લેતા કામ કરવા મંડ્યા. ૯ વાગ્યા, ૧૦ વાગ્યા. કામ કરતા કરતા થોડોક આમ તેમ વિસામો ખાય. પણ આજે તો કાંઈ ખબર પડી નહીં. એમ કરતા કરતા ૧૨ વાગ્યા. ભૂખ તરસની ખબર પડી નહીં. સાંજના પાંચ વાગ્યા ! ચારગણું કામ કરી નાખ્યું.

ત્યારે એના માબાપને ચિંતા થઈ કે દરરોજ તો છોકરાઓ બે-ત્રણ વાગ્યે, ચાર વાગ્યે પાછા આવી જાય, પણ આજે કેમ ન આવ્યા? પણ છોકરાઓ તો સાંઠી કાપ્યા જ કરતા હતા. સ્વામિનારાયણ-સ્વામિનારાયણ નામ લીધા કરે. એના કુટુંબીઓ ગયા. અરે છોકરાઓ ! શું કરો છો ? એમ માબાપે કહ્યું તો પણ એમને કાંઈ ખબર પડી નહીં. એના આગળ જઈને ઊભા રહ્યા. છોકરાઓનો હાથ પકડ્યો હોં ! ત્યારે એ છોકરાઓને ખબર પડી ! અરે ! છોકરાઓ, શું કરો છો ? અમે તો આ સાંઠીયું કાપીએ છીએ. કેટલા વાગ્યા ? કેટલા વાગ્યા એ તો ખબર નથી, પણ સ્વામીએ અમને એમ કહ્યું હતું કે, સ્વામિનારાયણ-સ્વામિનારાયણ એમ નામ લઈને આ કામ કરજો. એટલે અમે તો આ કામ કર્યા કર્યું. ઘડિયાળ, સૂરજ સામે જોયું તો સૂરજ આથમવાનો ટાઈમ થઈ ગયો હતો. અરે ! આ તો તમે હજી કાંઈ ખાધું નથી, કાંઈ પાણી પીધું નથી. આ શું થયું ? એ અમને કાંઈ ખબર નથી. આ સ્વામીએ અમને કહ્યું હતું એટલે અમે કર્યું. ત્યારે એના માબાપ પણ બહુ રાજી થયા કે આ જુવાનિયાઓ જુવાની અવસ્થામાં સંતોનો મહિમા સમજી અને આવી રીતે વર્ત્યાં ને બહુ કામ કર્યું, તે ઘણું સારૂં કર્યું. એટલે માબાપ પણ રાજી થયા. કાંઈ જમ્યા નહોતા. એટલે કહે હાલો ! સ્વામી પાસે ગયા. સ્વામીએ માથે હાથ મૂક્યો, સ્વામી બહુ રાજી થયા અને કહ્યું કે અમે અક્ષરધામમાં જાશું ત્યારે તમને ત્યાં ધામમાં સેવામાં ભેળા રાખશું. કહો ! એમણે કાંઈ સ્વામીનું કામ નહોતું કર્યું. કામ કોનું કર્યું હતું ? કામ તો એના ઘરનું કર્યું હતું અને દરરોજ કરતા ચારગણું કામ કર્યું હતું. પણ સ્વામી રાજી થઈ ગયા !

ત્યારે એમાં કહેવાનો હેતુ એટલો જ કે, પોતે ગૃહસ્થાશ્રમમાં હતા ને વ્યાવહારિક કામ કરતા હતા, પણ ભગવાન અને ભગવાનના સંતોના વચનમાં વિશ્વાસ રાખી અને વ્યાવહારિક કાર્ય કર્યું તો તેમના ઉપર ભગવાન અને ભગવાનના સંતો રાજી થઈ ગયા અને સ્વામીએ વરદાન આપ્યું કે જાઓ ! અક્ષરધામમાં મારી હાર્યે જ બેસાડી દેશું હો ! ત્યારે આમાં કહેવાનો હેતુ

એટલો જ કે, આવી રીતે ભગવાન અને ભગવાનના સંતોના વચનમાં વિશ્વાસ રાખી અને કામ કરે તો ન થાય એવું શું છે ? સ્વામિનારાયણ ભગવાને વચનામૃતમાં પણ લખ્યું છે કે ન થાય એવું શું છે ? તમે કયે દહાડે કરવા મંડ્યા ને ન થયું ? અભ્યાસ કરે તો આત્મા પણ દેખાય ને આત્માને વિશે પરમાત્મા પણ દેખાય. પછી આમાં ડૂસરના ગલુજીની વાત કરી. ગલુજી પણ એવા ભગવાનના એકાન્તિક ભક્ત હતા ત્યારે મહારાજ એમને ગામ જાય તો તે એને સામા જાય! હવે સ્વામિનારાયણ ભગવાનને આવવાનું થયું. એ દરમ્યાન એની માતા ધામમાં ગયા. દેહ મૂકી ગયા હોં ! દર વખતે તો એ સામા જાય. વાજતે-ગાજતે ઘેર લઈ આવે. મહારાજનો થાળ કરીને જમાડે. તે વખતે એમની માતા ધામમાં ગયા ને મહારાજના આવવાના સમાચાર મળ્યા. ત્યારે એ તો શૂરવીર ગરાસિયા ભક્ત હતા. એના માતા ધામમાં ગયેલા, તેમને એક કપડામાં બાંધી અને ઊંચે રાખી દીધા ! અને પોતે ન્હાઈ કરીને બીજા હરિભક્તોને સાથે તેડી ગયા અને વાજતે-ગાજતે ભગવાનને તેડી આવ્યા.મહારાજને અડ્યા નહીં ને બીજા દ્વારે મહારાજનો થાળ કરાવ્યો. ભગવાનને જમાડ્યા અને એમ સાંજ સુધી કરીને પછી મહારાજને વળાવવા ગયા. મહારાજને કહે મહારાજ ! રાજી રહેજો. દયા કરજો. મહારાજ કહે કે અમે રાજી છીએ જાઓ. તમારી માતાના અગ્નિ સંસ્કાર કરો. પોતાના માતા દેહ મૂકી ગયા હોય અને આવી રીતે વર્તવું એ સામાન્ય માણસથી થઈ ન શકે. પણ આતો ભગવાનના એવા ભક્ત હતા. તો ભગવાનના વચનમાં એવો વિશ્વાસ. મહારાજનો માહાત્મ્ય જ્ઞાને કરીને નિશ્ચય. તો એવી રીતે આપણે પણ ભગવાનના ભક્તો થયા છીએ. તો એવી રીતે ભગવાનનો માહાત્મ્ય સહિત નિશ્ચય સમજીને ભગવાનની ભક્તિ ભજન કરશું, તો આપણા ઉપર ભગવાન જરૂર રાજી થશે.

અદ્‌ભુતાનંદ સ્વામીની અદ્‌ભુત વાત

વળી અદ્‌ભુતાનંદ સ્વામીની વાત લખી. સ્વામિનારાયણ ભગવાને કાગળ લખ્યો. અજા-જીવા-માતરા-મામૈયા-આદિક પરમહંસો થઈને દીક્ષા લઈને આવજો. ત્યારે મહારાજ ભુજમાં હતા. ત્યારે અજા પટેલ ગામના ધણી એવા મોટા પટેલ હતા. મહારાજના વચનમાં વિશ્વાસ લાવી, જેને જ્યાંથી કાગળ મળ્યો ને ગાડા ને બળદ તે બધું ત્યાં ખેતરમાં મૂક્યું પડતું ! અને ત્યાંથી રવાના

થઈ ગયા. બીજા પણ ભક્તજનો મહારાજના આવા સમાચાર સાંભળીને આવવા તૈયાર થયા. ત્યારે મેંથાણ ગામના અજા પટેલના ભાણેજ હતા. એના લગ્ન થતા હતા. મીંઢળ બાંધીને ફેરા ફરતા હતા. એમણે પૂછ્યું કે મામા તમે ક્યાં જાઓ છો ? કહે કે, આ મહારાજનો કાગળ આવ્યો છે, એટલે અમે તો ત્યાં જઈએ છીએ. હવે મહારાજનો કાગળ આવ્યો ને તમે જાઓ તો હુંય હાલૂ કે ? લાવો કાગળમાં શું લખ્યું છે ? ''અજા, જીવા, માતરા,મામૈયા, આદિક...'' તે આ તો લગ્નમાં ફેરા ફરતા હતા. ત્યારે કહે હું પણ હાલૂં ? ત્યારે મામા કહે ભલા માણસ! આ ટાણે હલાતા હશે? આ તારા લગ્ન થાય છે. તો કહે, એ તો બે ફેરા ફર્યા છે, તે અવળા ફેરા ફરી લઈશ ! ત્યારે જ અવળા ફેરા ફરી, મીંઢળ બાંધ્યું હતું તે તોડી ને થયા રવાના હો ! જુઓ એ કેટલું કઠણ કહેવાય ? ત્યાં ગયા. તેમને આવતા જાણીને મહારાજે પોતે દંડવત્ કર્યા હો ! બે ઠેકાણે સ્વામિનારાયણ ભગવાને દંડવત્ સાથે સંતોના દર્શન કર્યા ..એક તો ભુજમાં, સંતોને એ રીતે આવતા જોઈ દંડવત્ કર્યા અને ગ.મ.પ્ર.ના ૪૮માં વચનામૃતમાં પ્રેમાનંદ સ્વામી કીર્તન બોલ્યા,. ''વંદુ સહજાનંદ રસરૂપ અનુપમ સારને રે લોલ.'' મહારાજ કહે.. આ કીર્તન સાંભળીને અમે બહુ રાજી થયા ને આવી રીતે જેને ભગવાનનું ચિંતવન થાય છે તેને અમે ઊઠીને દંડવત્ કરીએ ! એટલે મહારાજે એવો આ સંતોનો મહિમા સમજાવ્યો. મહારાજે કહ્યું કે, હવે તમે બધા પાછા જાઓ. ત્યારે આ લગ્નનું મીઢોળ બાંધેલ અજા ભગતના ભાણેજ કહે કે, હું તો નહીં જાઉં. તેઓ કહે કે હું લગ્ન કરવા બેઠો હતો, ત્યાંથી આવ્યો. હવે મારાથી જવાય નહીં. એ ન ગયા. એટલે કહેવાનો હેતુ એટલો જ કે એ લગ્ન કરવા ગયા હતા. ફેરા ફરતા હતા ત્યાંથી ઊઠીને ભગવાન પાસે જઈને સાધુ થયા હો! મહારાજે એમનું નામ અદભુતાનંદ સ્વામી રાખ્યું. એવો મહારાજના વચનમાં વિશ્વાસ કે ''આદિક'' માં તો હું ય આવી જાઉં ને !

આગળ ભક્તો ધ્રુવ-પ્રહલાદ આદિની પણ વાત કરી. ધ્રુવજી પણ ભગવાનના ભક્ત. ભગવાનને રાજી કરવાને માટે તપશ્ચર્યા કરવા ગયા, એના પિતાએ ખોળામાં બેસવા દીધા નહીં. થોડાક ચાલ્યા એના પિતાને ખબર પડી કે આ ધ્રુવજી તો જાય છે. ત્યારે એના પિતાએ કહ્યું કે ચાલો, આવો હું ખોળામાં બેસાડું. આણે વિચાર કર્યો. હજી હું વનમાં ગયો નથી. ટાઢ-તડકા જોયા નથી. કહે અડધી ગાદી આપું, આખી ગાદી આપું તો પણ પાછા વળ્યા નહીં. એની માતાએ એને કહ્યું, જા ! ''ધન્ય ધન્ય માતા ધ્રુવ તણી, એને કહ્યાં

કઠણ વચનજી '' એની માતાએ કહ્યું, અરે પુત્ર ! હું તો અણમાનીતી છું. મારે પેટે તે જન્મ લીધો. મારા પુણ્યમાં પણ ખામી ને તારા પુણ્યમાં પણ ખામી, એટલે માતાએ એને વૈરાગ્ય આપ્યો ને ધ્રુવજી વનમાં ગયા.

ત્યારે આમાં કહેવાનો હેતુ એટલો જ કે, એવા ભગવાનના ભક્ત ભગવાનને માર્ગે ચાલે છે, તો એને એવો આનંદ આવે છે. આગળ ગોપીચંદ રાજા, ભરથરી રાજા જેવા રાજાઓ થઈ ગયા. તેમાં ભરથરી રાજાને સોળસો સ્ત્રીઓ હતી તો પણ એનો ત્યાગ કર્યો. તો ભગવાનને ભગવાનના સંતોનો માહાત્મ્ય જ્ઞાને સહિત નિશ્ચય હોય તો લોકનો ત્યાગ કરે, ધનનો ત્યાગ કરે, સ્ત્રીનો ત્યાગ કરે, સ્ત્રી હોય તે પુરૂષનો ત્યાગ કરે, એમ ઘણાંકની વાત કરી.

માનકુવાના મૂળજી, કૃષ્ણજી હતા. એ પણ એવા અને એક ઝમકુબાઈ-ઉદયપુરના રાણી હતા, એ પણ પોતે રાજ વૈભવનો ત્યાગ કરી અને મહારાજને મળ્યા અને લાધીબાઈ પાસે ભુજમાં માતાજી તરીકે રહ્યા. એટલે આમાં કહેવાનો હેતુ એટલો જ કે, ભગવાનને રાજી કરવાને માટે આ ઘર સંસારનો ત્યાગ કરી અને ભગવાનનું ભજન કરવું. ત્યારે આજ તો તમને ગૃહસ્થ લોકોને ઘર સંસાર મૂકવાની જરૂર નથી. પણ સ્વામિનારાયણ ભગવાને આપણને સૌને શિક્ષાપત્રી આપણા સૌના હાથમાં આપી છે. એના વચન પ્રમાણે વર્તી અને આપણે વ્યાવહારિક કાર્ય કરશું તો "દેહ છતાં દુઃખી નહીં, તન છૂટે તેજ અંબાર" દેહ છતાં મહારાજ પોતાના ભક્તની અન્ન વસ્ત્રને આબરૂએ કરીને રક્ષા કરે છે ને દેહને અંતે મહારાજ રથ, વેલ, વિમાનમાં બેસાડીને પોતાના અક્ષરધામમાં તેડી જાય છે. માટે આપણે બધાએ આળસ, પ્રમાદ, મોહનો ત્યાગ કરી અને દિન દિન પ્રત્યે ભગવાનની મૂર્તિમાં હેત થાય અને અનાદિ કાળના માયાના આ જીવને કાંટા લાગી ગયા છે, તે નીકળી જાય અને દેહને અંતે ભગવાનની સેવામાં રહી જવાય, તો જ આ આપણો મનુષ્ય જન્મનો ફેરો સફળ થયો કહેવાય.. તો આપણે દરેકે ભગવાન ભજવામાં આવી કાળજી રાખવી.

દેહ છતાં દુઃખી નહીં ને તન છૂટે તેજ અંબાર

શ્રી સ્વામિનારાયણ ભગવાને વચનામૃતમાં પોતે સ્વમુખે કહ્યું છે કે, વાંચી, વિચારી, મનન કરીને જીવમાં ઉતારવું. સ્વામિનારાયણ ભગવાને વચનામૃતમાં લખ્યું કે, દેહ મૂકીને જે સુખને પામવું હતું તે સુખ તો આ દેહ છતાં જ મળ્યું છે. આપણે આ વચનામૃત વાંચીએ ત્યારે એમ જાણીએ જે આ

અક્ષરધામની સભા છે અને એ સભામાં આ સ્વામિનારાયણ ભગવાન તથા અનંત કોટિ મુક્તો આ સભામાં વિરાજમાન છે ને હું પણ એ અક્ષરધામની સભામાં બેઠો છું. તો એવી ભાવના રાખીને જો આ વચનામૃત સાંભળીએ તો ઘણો અલૌકિક આનંદ આવે.

વળી મહારાજે છેલ્લા પ્રકરણના બીજા વચનામૃતમાં કહ્યું કે, વૈકુંઠ, ગોલોક, શ્વેતદ્વીપ આદિ ધામની સભા છે તેના કરતા પણ આ સભા અધિક છે. આ સભા અક્ષરધામની સભા છે. તો આપણે આ અક્ષરધામની સભામાં એમ ને એમ બેસવા મળ્યું નથી. આગલા જન્મમાં કોટિ જપ કર્યા હશે, તપ કર્યા હશે, વ્રત કર્યા હશે, દાનપુણ્ય કર્યા હશે. એ પુણ્યે કરીને આપણને આ અક્ષરધામની સભામાં બેસવાનું મળ્યું. તો હવે આપણે બધાએ શું કરવાનું ? સ્વામિનારાયણ ભગવાને જે પ્રમાણે શિક્ષાપત્રી, વચનામૃત, સત્સંગી જીવન, આદિકમાં જે આજ્ઞા કરી તે પ્રમાણે આપણે વર્તીએ તો દેહ છતાં દુઃખી નહીં ને તન છૂટે તેજ અંબાર. દેહ છતાં ભગવાન પોતાના ભક્તની અન્ન-વસ્ત્રે આબરૂએ કરીને રક્ષા કરે છે. તે સ્વામિનારાયણ ભગવાને પોતાના ગુરૂ રામાનંદ સ્વામી પાસે માંગી લીધું, મહારાજ ! તમારા જે સત્સંગી હોય ને તેને પ્રારબ્ધમાં રામપાતર લખ્યું હોય તો તે રામપાતર મને આવો, પણ ભગવાનના ભક્તને એ દુઃખ થાઓ નહીં. તો સ્વામિનારાયણ ભગવાન જેવો દયાળુ અવતાર તો કોઈ થયો નથી ને થાશે પણ નહીં. એટલા માટે મુક્તાનંદ સ્વામીએ આરતીમાં લખ્યું,

"આ અવસર કરૂણાનિધિ-કરૂણા બહુ કીધી
મુક્તાનંદ કહે મુક્તિ-સુગમ કરી સીધી"

હે ભગવાન ! આ સમયે તો તમે કરૂણા એટલે દયા કરીને મોક્ષનો માર્ગ સહેલો બનાવ્યા ! નહીતર આગળ તો લખ્યું છે ક

"ભૂખે મારૂં તરસે મારૂં, પાડું તનની ખાલ,
એટલું કરતા ન હટે તો પછી કરૂં ન્યાલ"

આગળ શાસ્ત્રમાં લખ્યું કે ભૂખે મારૂં- તરસે મારૂં અને શરીરની ચામડી તૂટી પડે એટલું કરૂં ને છતાંય જો કોઈ પાછો ન પડે તો ભગવાન કહે ન્યાલ કરૂં .

પણ આજ તો સ્વામિનારાયણ ભગવાન કહે કે તમે ગૃહસ્થાશ્રમમાં રહેલ હો, દૂધ ચોખાને સાકર ભલે જમો. તમે ભલે હિંડોળા ખાટમાં ઝૂલો પણ આ સ્વામિનારાયણ ભગવાનનો આશરો રાખી, એની આજ્ઞામાં રહી અને ભજન કરશું તો મહારાજનું વચન છે કે -

"મારા જનને અંતકાલે જરૂર મારે આવવું,
બિરૂદ મારૂં ન બદલે, સર્વે જનને જણાવવું"

મારા જે આશ્રિત હોય તેને અંતઃકાળે મારે જરૂર તેડવા આવવું. તે આપણને શાસ્ત્રમાં દેખાય છે ને સ્વામિનારાયણ ભગવાને પ્રથમ પ્રકરણના પહેલા વચનામૃતમાં પણ એ જ લખ્યું, કે ધર્મકુળને આશ્રિત એવો જે ભગવાનનો ભક્ત હોય, ભગવાનનું ભજન, ભક્તિ, સત્સંગ કરતો હોય, તો એ ભક્તને અંતકાળે ભગવાન રથ, વેલ આદિક લઈને અક્ષરધામમાં તેડી જાય છે. એવા દયાળુ ભગવાન આપણને મળ્યા તો એનો કેફ રાખી અને એનું ભજન કરવું અને વચનામૃતમાં પણ સારી વાત કહી કે, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પંચવિષયની વાસના વડે જ આ જીવ જન્મ-મરણના ફેરા ભોગવ્યા કરે છે. પુનરપિ જનનં ને પુનરપિ મરણમ્ આપણે બધા એ પંચ વિષયની વાસના વડે જ ચોર્યાસી લાખ જન્મ ધરી આવ્યા છીએ ! ક્યાંય આવા ભગવાન, ક્યાંય આવા સંતો, ક્યાંય આવા આચાર્યો આપણને મળ્યા નહીં હોય, એટલે આપણે ભગવાનના ધામમાં પહોંચ્યા નથી અને કદાચ યોગ મળ્યો હશે, તો જેવો કરવો જોઈએ તેવો કર્યો નહીં હોય.

મોટા સંતોએ કહ્યું કે, ભૂતકાળ ને ભવિષ્યકાળનો વિચાર ન કરતા વર્તમાનકાળ સુધારી લેવો. આજે સ્વામિનારાયણ ભગવાને ગામ વચ્ચે વન કરી આપ્યા. આવા શાસ્ત્રો, આવા આચાર્યો, આવા સંતો, આવા હરિભક્તોનો યોગ કરી આપ્યો. કોઈ વાતે સ્વામિનારાયણ ભગવાને મોક્ષ કરવામાં ખામી રાખી નથી, અને આવા જોગમાં જો આપણે ભગવાનમાં હેત નહીં કરીએ તો અને આ પંચ વિષયના રાગ નહીં ટાળીએ, તો વળી પાછા "પુનરપિ જનનં ને પુનરપિ મરણમ્" એ ફેરા ફરવા જ પડશે. તો એ ફેરા ફરવા ન પડે ને આને આ જન્મે આત્મા ને પરમાત્માનું જ્ઞાન દૃઢ કરી અને દિન-દિન પ્રત્યે ભગવાનની મૂર્તિમાં હેત થાય અને દેહને અંતે ભગવાનની સેવામાં રહી જવાય, તો જ આ માનવ જન્મનો ફેરો સફળ થયો કહેવાય. નહીતર સ્વામીએ લખ્યું કે, કરોડો કામ

કર્યા, કરોડો રૂપિયા કમાયા, ભાઈ-ભાઈ કહેવાણા, સાહેબ કહેવાણા કે સ્વામી કહેવાણા પણ મોક્ષ સંબંધી કામ નથી કર્યું તો કાંઈ કામ કર્યું કહેવાય નહીં.

પંચાળા પ્રાકરણના પહેલા વચનામૃતનું વિવેચન

વચનામૃતમાં મહારાજ કહે કે, પશુ કરતા મનુષ્યને અધિક સુખ છે. પશુ હોય તો તેને ખેડૂત કે માણસ ઘાસચારો નાખે તો ખાય, નહીંતર બિચારૂં ભૂખે મરે અને માણસને ભૂખ લાગે તો પોતે જમી લે. એટલે પશુના કરતા માણસનું સુખ અધિક છે. માણસને તો કેટલાય પ્રકારની પ્રવૃત્તિ કરવી પડે. ખેડૂત હોય તો તેણે ખેતી કરવી પડે, વેપારી હોય તેને વેપાર કરવો પડે, કર્મચારીઓને નોકરી કરવી પડે, એના કરતા ઈન્દ્રનું સુખ વધારે છે. ઈન્દ્ર જો સંકલ્પ કરે તો એને મનોવાંચ્છિત સુખ મળી જાય, પણ ઈન્દ્રને એ સુખ ક્યાં સુધી છે ? કે જ્યાં સુધી એનું પુણ્ય હોય ત્યાં સુધી. એનું પુણ્ય થઈ રહે એટલે વળી પાછો હેઠે પડે. એટલે ઈન્દ્રનું સુખ કાયમી છે નહીં.

"સુર લોક, નર લોક, નાગલોક તીનોં મેં સુખ નાહી,
કાં સુખ હરિ કે ચરણમેં કાં સંતન કે માંહી"

સુરલોક એટલે ઈન્દ્રલોક, નરલોક એટલે આ મૃત્યુલોક. અહીં કોઈ પ્રધાન થાય, વડાપ્રધાન થાય, શેઠ થાય, સાહેબ થાય, ઘણા પ્રકારના સુખ ભોગવે પણ ક્યાં સુધી ? જ્યાં સુધી પુણ્ય હોય ત્યાં સુધી. પુણ્ય થઈ રહે એટલે વળી પાછા હેઠે પડે. એટલે આ લોકમાં પણ સાચું સુખ છે નહીં. પાતાળમાં મોટા મણિધર સાપ રહે છે. ત્યાં ચન્દ્ર, સૂર્ય, અગ્નિના પ્રકાશની જરૂર નથી. એ મણિના પ્રકાશે પ્રકાશમાન છે. છતાં પણ એ કાયમ સુખ છે નહીં, તો સુખ ક્યાં છે ? કાં સુખ હરિકે ચરણમે, કાં સંતન કે માંહી.

એટલા માટે સારંગપુરના બીજા વચનામૃતમાં મહારાજે લખ્યું કે, ભગવાનની મૂર્તિમાં એટલો બધો આનંદ છે, એટલું બધું સુખ છે. તો આપણે ભગવાનના પ્રેમે કરીને દર્શન કરીએ. તો એમાં શું લખ્યું કે ગદ્ગદ કંઠ અને રોમાંચિત ગાત્ર વડે આપણે ભગવાનના દર્શન કરવા. ગદ્ગદ કંઠ એટલે હે મહારાજ ! હે દયાળુ ! હ કૃપાનાથ ! એમ આપણે પ્રાર્થના કરીએ તો આપણું હૈયું ભરાઈ જાય. રોમાંચિત ગાત્ર એટલે આપણા શરીરમાં સાડા ત્રણ કરોડ રૂંવાડા છે.

તો એ રૂંવાડે રૂંવાડે આનંદ થઈ જાય. પ્રેમાનંદ સ્વામી હતા, તે પ્રેમની જ મૂર્તિ. તે ભગવાનના કીર્તન ગાતા જાય, ડોલતા જાય ને ભગવાનની મૂર્તિ સામું જોતા જાય. તો તેમને રૂંવાડે રૂંવાડે ભગવાનની મૂર્તિના દર્શન થતા, એમ મોટા સંતોએ લખ્યું. તો એમાં કહેવાનો હેતુ એટલો જ કે, આવા જે ભગવાનના ભક્ત હોય, સાચે ભાવે ભગવાનની ભક્તિ કરે, તો તેને એવો આનંદ આવે. તો મનુષ્યના કરતા દેવતા, એના કરતા બ્રહ્મા, વૈકુંઠ, ગોલોક, શ્વેતદ્વીપ આદિ ભગવાનના ધામોમાં સુખ છે તેના કરતા ભગવાનના અક્ષરધામનું સુખ અતિ અધિક છે. તો આપણે પણ એ સુખનો લોભ રાખવો કે મારે આ ને આ જન્મે આત્મા ને પરમાત્માનું જ્ઞાન દૃઢ કરી અને દેહને અંતે ભગવાનના ધામમાં પૂગી જવું છે. દૃઢતા જોઈને મદદ કરે મુરારી. આપણી સાચી ભાવના હોય કે, મારે આ ને આ જન્મે જે કાંઈ કસર કે ખામી હોય, તો એ ટાળી નાખવી છે. તો એ ભાવના રાખીને આપણે સાચે ભાવે મંડીએ, તો આપણા ભેળા ભગવાન ભળે અને આપણી જે કાંઈ ખામી હોય, તે ટળાવીને પોતાની દિવ્ય મૂર્તિનું સુખ આપે. તો આપણે દરેકે આળસ, પ્રમાદ, મોહનો ત્યાગ કરી અને દિન દિન પ્રત્યે ભગવાનની મૂર્તિમાં હેત થાય અને આને આ દેહે કરીને છેલ્લો જન્મ થઈ જાય, તો જ આપણો મનુષ્ય જન્મનો ફેરો સાર્થક થયો કહેવાય. નહીંતર તો સ્વામીએ લખ્યું કે, કરોડો કામ કર્યા, કરોડો રૂપિયા કમાણા, સાહેબ કહેવાણા, શેઠ કહેવાણા, પણ મોક્ષ સંબંધી કામ નથી કર્યું તો એ કાંઈ કામ કર્યું કહેવાય નહીં. માટે આપણે દરેકે આળસ-પ્રમાદનો ત્યાગ કરીને ભગવાનમાં પ્રેમ કરવો. સ્વામીએ લખ્યું કે,

"આળસ ને અજ્ઞાને અતિશય કામ બગાડ્યું તારૂં
દેવાનંદ કહે દેહ મનુષ્યનો ન મળે ખરચે નાણું"

હે ભાઈ ! આળસ અને અજ્ઞાનમાં તે તારૂં કામ બગાડ્યું. દેવાનંદ સ્વામી કહે કે, આ મનુષ્યનો દેહ લાખ રૂપિયા ખર્ચતા પણ ન મળે. પણ આપણને સ્વામિનારાયણ ભગવાને આવો આ કિંમતી મનુષ્યનો દેહ આપ્યો છે. શા માટે આપ્યો છે ? કે ભગવાનની ભક્તિ, ભજન, સત્સંગ કરી અને આપણા જીવાત્માનું કલ્યાણ થઈ જાય તો આપણો મનુષ્ય જન્મનો ફેરો સફળ જઈ જાય. તો આપણે દરેકે કાળજી રાખીને ભગવાનની મૂર્તિમાં હેત કરવું.

આજે સ્વામિનારાયણ ભગવાને આપણા ઉપર દયા કરી છે. સ્વામિનારાયણ ભગવાને આપણને આવો દિવ્ય સત્સંગનો યોગ આપ્યો છે. સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રી, વચનામૃત આદિક ગ્રંથોમાં સત્સંગનો ઘણો મહિમા કહ્યો છે.

સત્સંગનો મહિમા મોટો, જીભે કહ્યો ન જાય. એટલે આપણને દિવ્ય સત્સંગનો યોગ આપ્યો તો સાચે ભાવે આપણે સત્સંગ કરીને દિન-દિન પ્રત્યે ભગવાનની મૂર્તિમાં હેત વધારવું. સ્વાભાવિકપણે આ તો એક વાત છે કે, જે સારી વસ્તુમાં હેત થાય તો એનાથી ઉતરતી વસ્તુમાં હેત ટળી જાય. સ્વામિનારાયણ ભગવાને પંચાળાના પહેલા વચનામૃતમાં લખ્યું કે, પશુના સુખ કરતા મનુષ્યનું સુખ અધિક છે. એના કરતા દેવતા, ઈન્દ્ર, બ્રહ્મા, વૈકુંઠ, ગોલોક, શ્વેતદ્વીપ આદિકમાં વધુ સુખ છે, પણ સૌ કરતા અક્ષરધામમાં અધિક સુખ છે. વળી કોડીનું દૃષ્ટાંત આપ્યું. પહેલા કોડી થતી. કોડી કરતા પૈસામાં વધુ માલ છે ને પૈસા કરતા રૂપિયામાં વધુ માલ છે. એમ કરતા કરતા સોનામહોર અને છેલ્લે ચિંતામણી એમ ઉત્તરોત્તર જેમ સારી વસ્તુ મળતી જાય, તેમ એનાથી ઉતરતી વસ્તુમાં હેત ટળતું જાય. તેમ આ ભગવાન પુરૂષોત્તમ નારાયણ એ સૌના નિયંતા છે અને સર્વે સુખના નિધિ છે. તો એ ભગવાનની મૂર્તિમાં હેત થઈ જાય એવું કરવું. ભક્ત ચિંતામણીમાં સ્વામીએ લખ્યું કે, ભગવાનની મૂર્તિમાં એવું સુખ છે કે

"એવી કઈ વસ્તુ છે આ ભૂ માં,
જેમાં લોભે જે લોભ્યા પ્રભુમાં"

ભગવાનની મૂર્તિમાં જો લોભાઈ જાય, તો આ જગતના સુખમાં એને ક્યાંય પ્રેમ થાય નહીં. "સંસારના સુખ એવા, ઝાંઝવાના જળ જેવા." સંસારના સુખ કેવા છે ? ઝાંઝવાના જળ જેવા. ઝાંઝવાના જળ એટલે રણ, સમુદ્ર જેવી જમીન હોય તો એમાં એ જળ દેખાય. પણ ત્યાં એ જળ હોય નહીં.

પચાસ વર્ષ પહેલાંની વાત છે. અમે એકવાર યાત્રા કરવા નીકળ્યા હતા ત્યારે અમારી સાથે ૫-૭ સંતો હતા. ત્યારે મોરબીમાં હમણા પુલ છે એવો હતો નહીં. તે પગે ચાલીને જતા. તે રસ્તામાં રણભૂમિમાં ચાલતા અમે હળવદ થઈને ગાગોદરનું રણ ઉતર્યા હતા, ત્યારે દૂરથી આમ પાણી દેખાય.નદી, તળાવ જેવું લાગે. ત્યારે બેચાર સંતો નાના હતા. મેં પણ પૂછ્યું કે સ્વામી ! આ સામે

પાણી દેખાય છે ત્યાં નહાશું-ધોશું ? તો સ્વામી કહે કે આ દેખાય છે ત્યાં પાણી છે જ નહીં. આ તો ઝાંઝવાના જળ છે. તેને પાણી કહેવાય નહીં. બધા નાના સંતો. હું પણ તે દિ' નાનો હતો હો ! સાધુ થયે હજી એક વર્ષ જ થયું હતું. બીજા પણ બેચાર નાના સંતો હતા તે રાતના ૮-૦૦ વાગે નીકળ્યા હતા, સૂર્યનારાયણ ઉગ્યા એટલે બધા સંતો રાજી થયા કે અમે તો થાકી ગયા છીએ, આ પાણી આવે એટલે નાહી ધોઈ પૂજાપાઠ કરી ને થોડોક કાંઈ ભગવાનનો પ્રસાદ જમશું. તે બધા નાના સંતો કહે કે સ્વામી ! આ હવે સામે પાણી આવે છે. ત્યાં ન્હાઈ-ધોઈને કાંઈક કરશું. સ્વામી કહે કે ભલા માણસ ! આ પાણી નથી. આ તો ઝાંઝવાના પાણી છે. ગામ હજી ઘણું દૂર છે. તે અમે બપોરના બાર વાગ્યે ગાગોદર પહોંચ્યા. એટલે કહેવાનું શું કે એ ઝાંઝવાનું પાણી હોય, પણ એ પીવાના કામમાં આવે નહીં. તેમ સ્વામીએ કીર્તનમાં લખ્યું કે, સંસારના સુખ એવા ઝાંઝવાના પાણી જેવા.

પવિત્ર ગૃહસ્થાશ્રમમાં રહેવું

આ પૈસા, સ્ત્રી, પુત્ર, માલ-મિલ્કત, ધન-દૌલત, ગૃહસ્થને શોભારુપ છે એમ વચનામૃતમાં કહ્યું છે. શોભા ભલે કહી, પણ તેમાં મોહ ન પામવો. આ દુનિયામાં રહ્યા એટલે ગૃહસ્થ તો જ કહેવાયને કે સ્ત્રી-પુત્ર, માલ-મિલ્કત, ધનદૌલત એ બધું ય હોય, એ ગૃહસ્થ કહેવાય. એટલે ગૃહસ્થાશ્રમમાં રહેવું એ કાંઈ મહારાજે ના પાડી નથી. પણ એક મહાત્માએ એવું લખ્યું કે પવિત્ર ગૃહસ્થાશ્રમમાં રહેવું. ત્યારે એ પવિત્ર ગૃહસ્થાશ્રમ કેને કહેવાય? સ્વામિનારાયણ ભગવાને પ્રથમ પ્રકરણના ચોત્રીસમાં વચનામૃતમાં ગૃહસ્થના નિયમો કહ્યા છે અને શિક્ષાપત્રીમાં પણ ગૃહસ્થના નિયમો કહ્યા છે. તો એ નિયમમાં શું લખ્યું છે કે ગૃહસ્થને પણ બ્રહ્મચર્ય કહ્યું છે. પરસ્ત્રીનો ત્યાગ રાખે, વ્રતના દિવસે ત્યાગ રાખે અને ઋતુ સમયે સ્ત્રીનો સમાગમ કરે, એ પ્રમાણે વર્તે તો એ પવિત્ર ગૃહસ્થાશ્રમમાં રહ્યો કહેવાય. અને એ પ્રમાણે ન વર્તે તો એ પવિત્ર ગૃહસ્થાશ્રમમાં થોડીક ખામી કહેવાય. લક્ષ્મણજીનું દૃષ્ટાંત આપ્યું ને? સીતામાતા ભેળા ૧૪ વર્ષ સુધી વનમાં રહ્યા પણ સીતા માતાજીના ચરણ વિના એણે કાંઈ જોયું નહીં. તેમ ગૃહસ્થાશ્રમમાં રહેલા હોય તો બીજી સ્ત્રીઓ માતા, બહેન કે દીકરી સમાન જાણવી. જો પ્રયોજન હોય તો બોલવું જોઈએ, જોવું જોઈએ, એ ભગવાને કાંઈ ના પાડી નથી, પણ પ્રયોજન વિના કોઈ પર સ્ત્રી સામે ન

જોવાય એ ગૃહસ્થને ખ્યાલ રાખવો. તેમ સ્ત્રી હોય તેણે પણ પ્રયોજન વિના પર પુરૂષ સામે જોવું નહીં. એની સાથે વિના પ્રયોજન કાંઈ વાત ન કરવી. એમ શાસ્ત્રમાં પણ લખ્યું છે અને શિક્ષાપત્રીમાં પણ લખ્યું છે. તો એ પ્રમાણે વર્તે તો એ પવિત્ર ગૃહસ્થાશ્રમમાં રહ્યા કહેવાય અને જે કાંઈ પોતે રસોઈ બનાવે એ પહેલા ભગવાનને થાળ કરી અને ભગવાનને જમાડી પછી જ જમે.

એક મહાત્માએ વાત લખી છે. એક પવિત્ર ગૃહસ્થાશ્રમી ભક્ત હતા. ધનાઢ્ય હતા. ત્યારે એના ઘરમાં એવો રિવાજ કે એના ઘરમાં નાના-નાના બાળકો હોય એ પણ પોતાની મમ્મી પાસે જમવાનું માગે નહીં. શું કહે કે મમ્મી, આ થાળ ભગવાનને જમાડ્યો ?એની મમ્મી કહે કે હજી તો થાળ ભગવાનને જમાડ્યો નથી. જુઓ, છોકરાઓ જમવાનું માંગ્યા વિના બેઠા હોય હો ! અત્યારના છોકરાઓ શું કરતા હશે મને ખબર નથી ! એના પપ્પા હોય એને ખબર હોય, પણ પહેલા આવો રિવાજ હતો કે સારા પવિત્ર ગૃહસ્થાશ્રમી હોય, ભગવાનના ભક્ત હોય તો એ ભગવાનને થાળ જમાડીને પછી જ જમે. એટલે આજે પણ ભગવાનના ભક્તોએ એવું કરતા જ રહેવું. કરતા જ હશે. ભગવાનને થાળ જમાડીને પછી જ જમવું અને સવારમાં ભગવાનને દૂધ પાવું. ચા ન પાવી. ચા પીતા હોય તો ભલે પીવે.આમાં તો કોઈ ચા પીતા હોય એવા લાગતા નથી. પણ જો કદાચ પીતા હોય તો પણ ભગવાનને ચા પીવડાવવી નહીં.પણ ભગવાનને દૂધ પીવડાવી, પ્રસાદીનું દૂધ ચામાં નાખીને પોતે ચા પીવી. પણ ભગવાનને ચા પીવડાવવી નહીં અને શિક્ષાપત્રીમાં પણ મહારાજે ના લખી છે કે કોઈપણ પ્રકારનું વ્યસન કરવું જ નહીં. તો એ જે પવિત્ર ગૃહસ્થાશ્રમી હોય તેણે ભગવાનને થાળ જમાડીને પછી જ જમવું. આત્મનિવેદી અંબરિષ રાજાના લક્ષણો લખ્યા.એ ગૃહસ્થાશ્રમી હતા, છતાં પણ પોતે આત્મનિવેદી હતા. ભગવાનને જમાડ્યા વિના પોતે જમતા નહીં. ભગવાનને પાણી પીવડાવવા માટે પોતે પાણી ભરી આવતા ! રાજા હતા તો પણ રસોઈ પોતે બનાવતા ! વચનામૃતમાં પણ મહારાજે બહુ સારી વાત કરી અને છેલ્લે કહ્યું કે યજ્ઞ કરજો. યજ્ઞ ન કરનારનું કલ્યાણ થતું નથી. તેમાં પ્રવૃત્તિ માર્ગ વાળા હતા તેમને સાત્વિક યજ્ઞો બતાવ્યા હતા. જપયજ્ઞ, તપયજ્ઞ, જ્ઞાનયજ્ઞ એમ અનેક પ્રકારના યજ્ઞો કહ્યા છે.

જ્ઞાનયજ્ઞ- કાશીમાં એક પ્રેમદાસ નામના સંતે જ્ઞાનયજ્ઞ કર્યો હતો. તો ભગવાને એમને દર્શન આપ્યા હતા. તેમ આપણે પણ જ્ઞાનયજ્ઞ કરવો. તપયજ્ઞ એટલે તપ કરવું, વ્રત કરવા ઉપવાસ કરવા, અધિક માસમાં ઘણાં ભક્તજનોએ

ચાંદ્રાયણ વ્રત કર્યા હતા. એટલે બે કે ત્રણ દિવસ ઉપવાસ કરે એ તપયજ્ઞ કહેવાય અને જપયજ્ઞ એટલે આ ભગવાનની અખંડ ધૂન કરે, ભજન કરે એ જપયજ્ઞ કહેવાય. જ્ઞાનયજ્ઞ એટલે આ ભગવાનના મહિમાની ધ્યાનની, જ્ઞાનની આદિક જે વાતો સંભળાય કે કહેવાય. ભગવાનની કથાવાર્તા સંભળાય કે કહેવાય તો એ જ્ઞાનયજ્ઞ કહેવાય. મહારાજે કહ્યું કે જ્ઞાનયજ્ઞ કર્યા કરવો અને પછી શું કહ્યું કે એને પછી ભગવાનની મૂર્તિમાં હોમવો. જેમ આપણે યજ્ઞ કરી, એ જવ ને તલ બધું યજ્ઞમાં હોમીએ અને બ્રાહ્મણ સ્વાહા... સ્વાહા... કરે ને ! તેમ આપણે પણ આ ઈન્દ્રિયો અને અંતઃકરણને ભગવાનના ચરણારવિંદમાં અખંડ રાખવા. ભગવાનની મૂર્તિમાં અખંડ રાખે તો એને બીજા વિચાર ન આવે. જેમ માછલું છે તો માછલાંને જળ એ જ જીવન છે.તેમ આપણને ભગવાનની મૂર્તિ એ જ જીવન છે.

ભગવાનના ભકતોએ માનસી પૂજા અવશ્ય કરવી

માનસી પૂજાનો મહિમા પણ મહારાજે વચનામૃતમાં સારો કહ્યો છે. સારંગપુરના ત્રીજા વચનામૃતમાં પણ વાત કરી કે, એક ભક્ત પ્રત્યક્ષ પૂજા કરે છે અને એક ભક્ત નાના પ્રકારના ઉપચારે કરીને માનસી પૂજા કરે છે, એ બેયમાં શ્રેષ્ઠ કોણ છે ? તો તેના ઉત્તરમાં કહ્યું કે, પ્રેમે કરીને પ્રેમમગ્ન થઈને હેતે કરીને માનસી પૂજા કરતો હોય અથવા પ્રત્યક્ષ પૂજા કરતો હોય તો એ બંને શ્રેષ્ઠ છે. ત્યારે મહારાજે આમાં બન્નેનું પૂણ્ય સરખું કહ્યું હા ! દરરોજ આવી રીતે માનસી પૂજા કરે તેને પાંચ હજાર રૂપિયાનું પુણ્ય થાય. મહિનાનું કેટલું થાય ? તો દોઢ લાખનું થાય અને વર્ષનું અઢાર લાખનું પુણ્ય મફત થઈ જાય. તો હાલો આપણે આ ભગવાનને થાળ ધરાવીએ. હાલો ભગવાનના હિંડોળા કરાવીએ એ બધું થાય. માનસી પૂજામાં થોડીક આળસ થઈ જાય. કોઈને એવી આળસ થતી હોય તો માનસી પૂજા તો આપણે કાળજી રાખીને કરવી જોઈએ. આમ તો મહારાજે પાંચ વાર કહી છે. એક તો સવારે આપણે પૂજા કરીએ ત્યારે, બીજી બપોરે જમીએ ત્યારે, બપોરે ભલે બેંકવાળાઓ હોય કે ઓફિસવાળા ઓફિસે જતા હોય. પછી નવ વાગે જતા હોય કે દશ વાગે જતા હોય પણ માનસી પૂજા કરી શકે. ત્રીજી ચાર વાગ્યાની, તો ચાર વાગ્યાની ભલે પાંચ વાગ્યે થાય.

અમારા સંતો ત્યાં કચ્છમાં કહેતા કે ખેડૂત સાંજના છ વાગ્યા સુધી કામ

કરે. સાજે છ વાગ્યે આવીને મંડે ન્હાવા ! પહેલા ચાર વાગ્યે મંદિરમાં આવી, માનસી પૂજા કરીને પછી ઘરે જાય ! એટલે, ચાર વાગ્યાની છ વાગ્યે થાય અથવા તો ઓફિસમાં બેઠાં હોઈએ તો હાથમાં કલમ હોય એટલે સાહેબ એમ જાણે કે લખીએ છીએ એટલે ઓફિસમાં પણ માનસી પૂજા થાય. પણ એવી રીતે જો ટેવ પાડીએ તો પડી જાય છે. ચાર વાગ્યાની ન થાય તો સાંજની તો ઘરે જઈને કરવી હોય તો થઈ શકે.

કેટલાક એમ કહે કે સ્વામી ! સાંજે અમને ભૂખ બહુ લાગી હોય. એટલે ઘેર જઈને મંડીએ ખાવા, તો ભલે જમો. ભગવાને જમવાની કાંઈ ના પાડી નથી, પણ માનસી પૂજા કરતા તો કાંઈ કલાક બે કલાક લાગતા નથી.એક ભક્તને માનસી પૂજા કરતા કલાક લાગતો. ભગવાનની મૂર્તિમાં એવા તલ્લિન થઈ જાય તો કલાક લાગે.પણ ભલે આપણને કલાક ન લાગે. પાંચ મિનિટ કે દશ મિનિટ જો આપણે કરવી હોય તો થઈ શકે. તો લગભગ બધાયે કરતા હશે. ન કરતા હો તો આજથી એવો નિયમ રાખજો કે કરવી અને પાંચમી આપણે સૂઈએ ત્યારે, એ સહેલું થઈ ગયું છે ! બટન દાબીએ એટલે માનસી પૂજા થઈ જાય. થઈ જાય ને ? બટન દાબીએ એટલે માનસી પૂજા થઈ જાય. એટલે માનસી પૂજા સહેલી થઈ ગઈ છે. કાંઈ સમજ્યા તમે ? શું સમજ્યા ? બટન દાબીએ એટલે શું ? આ ટી.વી. નું દાબીએને. એટલે ત્યાં ભગવાનની મૂર્તિ દેખાવા લાગે. એટલે ત્યાં માનસી પૂજા થઈ જાય ને ! એ માનસી પૂજા સહેલી થઈ જાય છે. બરોબરને ? ટી.વી. જોવાની તો મહારાજે ના પાડી છે. એટલે લગભગ નહીં જોતા હોય. ગુરૂપૂનમની દક્ષિણામાં મેં માગેલ હતું. હવે કેટલા નહીં જોતા હોય એ આપણને ખબર નથી પણ એ આપણે ભગવાનના ભક્તને ટી.વી. જેટલું બને તેટલું ન જોવાય એ સારૂં. સવારે ઉઠીએ ત્યારે ને રાત્રે સૂઈએ ત્યારે થોડું થોડું ધ્યાન કરીએ તો એ રીતે અભ્યાસ થઈ શકે. સાંજે ટી.વી. જોઈને સૂઈએ એટલે મોડું થાય, તો સવારે ઊઠવામાં મોડું થઈ જાય. કોલેજ જવું હોય કે ઓફિસ જવું હોય, તો પણ આળસ થઈ જાય. તો એ આપણે થોડોક ખટકો રાખવો. કેમકે ભગવાને આપણને આવો આ મનુષ્યનો જન્મ આપ્યો છે તો ભગવાન ભજવાને માટે આપ્યો છે. ખાવું પીવું ને એશ-આરામ કરવાને માટે આ મનુષ્યનો જન્મ નથી આપ્યો. કેમ કે આ પંચવિષયના સુખ તો આપણે જ્યાં જ્યાં જન્મ ધર્યા હશે ત્યાં ત્યાં દરેક ઠેકાણે ભોગવતા જ આવ્યા છીએ ને હજી પણ ભગવાનના ધામમાં નહીં જઈએ તો એ મળવાના જ છે.

તો હવે આપણે આને આ જન્મે જ મહારાજ કહે કે, આત્માને પરમાત્માનું જ્ઞાન દૃઢ થઈ જાય અને દેહને અંતે ભગવાનની સેવામાં રહી જવાય, તો આપણો આ ફેરો સફળ થયો કહેવાય. તો આપણે દરેકે કાળજી રાખવી ને તેમાં મહારાજે એમ પણ નથી કહ્યું કે, ત્યાગી હોય એ કરી શકે ને ગૃહસ્થ હોય એ ન કરી શકે. ત્યાગી હોય એ પણ કરી શકે છે ને ગૃહસ્થ હોય એ પણ આ રીતે અભ્યાસ કરે તો થઈ શકે છે. બાઈયું હોય એ કરી શકે ને ભાઈયું હોય એ ન કરી શકે એમ નથી કહ્યું. મહારાજ કહે કે જેની સમજણ મોટી એ મોટો, જીવુબા, મોટીબા, લાડુબા એ બધા ભગવાનના ભક્ત બાઈયું હતા તો પણ એ ભગવાનની મૂર્તિને થાળ કરતા હોય, પાપડ બનાવતા હોય, તો પણ એ અખંડ સ્વામિનારાયણ સ્વામિનારાયણ કરતા, તે પાપડ વણતાં વેલણ હાથમાં રહી જાય. વણતાં-વણતાં પાટીયા ઉપર હાથ રહી જાય. તો એ બાઈયું હતા તો પણ ભગવાનની મૂર્તિ એવી રીતે સંભારતા. પરોક્ષમાં મીરાંબાઈ પણ એવાં ભક્ત થઈ ગયા.

પરણીને ભગવાન ભજજો (નાનુબાઈ)

મહારાજના વખતમાં એક ભક્ત હતા. નાનુબાઈ એનું નામ હતું. એ પણ એવા એકાંતિક ભક્ત. ભગવાનની મૂર્તિ અખંડ સંભાર્યા કરે. એમણે મનમાં વિચાર કર્યો કે આથી પહેલાં જેટલા જન્મો ધર્યા ત્યાં દરેક ઠેકાણે પતિ કર્યા છે. મારે આ જન્મે ભગવાન સિવાય કોઈને મારા પતિ કરવા નથી. બાઈએ મનમાં એક સંકલ્પ કર્યો. ત્યારે એના પિતાએ એને સમજાવવા મંડ્યા કે તું લગ્ન કરી અને ભગવાનની ભક્તિ કર, પણ આ નાનુબાઈએ શું કહ્યું કે મારે તો ભગવાન સિવાય કોઈને ય પતિ કરવા નથી. મારે લગ્ન કરવા નથી. છતાંયે બાઈને પિતાએ ઘણા સમજાવ્યા. બાઈના પિતા મહારાજ પાસે ગયા. "મહારાજ ! આ બાઈ તમારા ભક્ત છે. એને ઘણા સમજાવ્યા પણ એ પણ સમજતા નથી. અમારે ન્યાતમાં એવો રિવાજ છે કે જો કોઈ પરણે નહીં તો તેને નાત બહાર કરી મૂકે. શું કરવું ? તમે આને સમજાવો." મહારાજે નાનુબાઈને બોલાવ્યા અને કહયું કે તમારા પિતા એમ કહે છે કે પરણો. પરણી ને ભગવાન ભજજો. ત્યારે નાનુબાઈએ શું કહ્યું કે મહારાજ ! મેં તો ચોર્યાસીમાં ઘણાય એવા પતિ કર્યા છે. આ વખતે તો મહારાજ, મારે ક્યાંય બીજે ઠેકાણે લગ્ન કરવા નથી. પણ એના પિતાએ મહારાજને એકદમ ટાઈટ કરી દીધા હતા કે

ન કરે તો ન્યાત બહાર કરી મૂકે ! એટલે મહારાજ કહે કે નાનુ ! પરણ્યા વગર છૂટકો નથી. પરણવું તો પડે જ. નકર બધાને તકલીફ પડે. આ સત્સંગી થઈએ ને બધાને તકલીફ પડે એ બરાબર ન કહેવાય ને ? મહારાજની આજ્ઞા તો પાલન કરવી પડે. ભલે ! મહારાજ ! પછી બાઈનું સગપણ કર્યું અને સમય જતા લગ્નની તૈયારી કરી. જાન આવી. ચાર ફેરા ફર્યા. પછી આ લોકમાં લગ્ન થાય એટલે તેના સગાસંબંધી હાથ ઘરણું આપે. એમ મારા ગુરૂ વાત કરતા. બધા હાથ ઘરણું આપવા માંડ્યા. કોઈએ પૈસા આપ્યા. કોઈએ દાગીના આપ્યા. કપડાં આપ્યા, બાઈએ ઊભા થઈ હાથના, પગના ને નાકના ને કાનના તે બધા ઘરેણાં ઉતારી એના પતિના ખોળામાં મૂક્યા. કહે લે ભાઈ ! આ હું પણ તને હાથ ઘરણું આપું છું. શું હાથ ઘરણું આપ્યું ? નાકના ને કાનના ને હાથના ને બધા દાગીના હતા ને ? એ ઉતારી નાખ્યા. લે ભાઈ ! મેં આ તને હાથ ઘરણું આપ્યું. પછી ભાઈની જાન તો ગઈ પાછી. કહે કે આ તો મારી બેન કહેવાય. એટલે એણે મહારાજની આજ્ઞા પણ બરાબર પાલન કરી અને પરણ્યા પણ ખરા. એટલે આગળ બાઈયું ભક્ત પણ ઘણા થઈ ગયા.

મીરાબાઈ પણ એવા હતા ને ? મીરાબાઈ પણ પરણ્યા. એ પરણ્યા તો એને એના દિયર રાણાએ કેટલું દુઃખ દીધું ! છેલ્લે બાકી શું કર્યું ? ઝેર પાય ! પણ ઝેર અમૃતની પેઠે પચી ગયું ! એટલે મહારાજ કહે કે, એમ ભગવાનના બાઈયું ભક્ત પણ ઘણા ઘણા થઈ ગયા. મહારાજે એમ પણ લખ્યું કે, ગૃહસ્થાશ્રમમાં જેમ પુરૂષની વાત આપણે કરી કે બાઈયુંએ તેમ ન કરવું. તેમ પુરૂષે પણ પોતાની સ્ત્રી અર્ધાંગિની કહેવાય, તો એણે પણ નિયમ પ્રમાણે ચાલવું.

સમજણ એ સુખની સોનેરી ચાવી છે

એક બ્રાહ્મણ હતા. તે કથા કરતા હતા. તે રોજ પોતાની સ્ત્રીને આ બનાવ, તે બનાવ તેમ કહ્યા કરે. તે એકવાર તેણે કહ્યું કે આજ રીંગણાનું શાક બનાવજે, તે રીંગણાનું શાક તો બાઈ ભૂલી ગયા. પોતે જમવા ગયા. રોજ જમવા બેસે ત્યારે, તેં આજ આ નથી કર્યું, ને આજ તે નથી કર્યું, તેમ કચકચ કર્યા જ કરે. બાઈ પણ આમ કંટાળી ગયા કે મારો પતિ આમ ગાંડો માણસ. રોજ આખો દિ આમ કચકચ કર્યા કરે એ બરોબર ન કહેવાય. એ દિવસે બાઈ રીંગણાનું શાક બનાવતા ભૂલી ગયા. ત્યારે એણે શું કહ્યું કે અરે ! મેં તને કહ્યું હતું કે રીંગણાનું શાક બનાવજે, કેમ બનાવ્યું નથી ? બાઈ કહે કે હું ભૂલી ગઈ. તે ભૂલી ગઈ તે કૂવો ન મળ્યો કૂવો ? પતિ દરરોજ એમ કહ્યા કરે. તે આ

બાઈ તો કંટાળી ગઈ હતી ! તે કૂવામાં જઈને પડી. પછી સરકારને ખબર પડી એટલે એને કેદમાં પૂરી મૂક્યો. એટલે આમાં કહેવાનો હેતુ એટલો જ છે કે, પુરૂષ હોય એને પણ એ રીતે કાળજી રાખવી.

એક ભાઈ હમણાં વાત કરતા હતા કે સ્વામી ! મારૂં બૈરૂં માનતું નથી ! ન માને તો બે લાકડી લગાવું ? પછી એના માવતરે ભાગી જાય. ને વાતેય સાચી. પત્ની બિચારી મા-બાપ, સગા સંબંધીને મૂકીને પતિને ઘેર આવે. પતિ પરમેશ્વર કહેવાય.પતિએ સ્ત્રીને સાચવવી એ પણ પતિનો ધર્મ છે. મારકૂટ કરે તો પત્ની શું કરે.? એટલે પત્ની માવતરે ભાગી ગઈ ! હમણા બે ચાર દિ' પહેલા જ એક ભાઈ વાત કરતા હતા. સ્વામી! મેં તો આમ કર્યું. એને વઢ્યો. હે મૂરખા ! એવું કરાતું હશે ? એ ભાઈનું નામ નથી લેતો. માણસો એવા થતા હશે. સ્ત્રી તો તમારી પત્ની કહેવાય. ઘરસંસાર, માબાપ, મૂકીને એ તમારે ઘરે આવી. પતિએ પત્નીને સાચવવી એ પતિનો ધર્મ છે, તો પુરૂષોએ પણ એ ખ્યાલ રાખવો જોઈએ. આખો દિવસ વઢ્યા કરે તો શું થાય ? પત્ની ભાગી જાય ! સ્ત્રીએ પણ ખ્યાલ રાખવો કે પતિની આજ્ઞા પાલન કરવી. પતિનો પણ ખ્યાલ રાખવો. પતિએ પત્નીને શાંતિથી સમજાવવું. આમ કરવું, તેમ કરવું. પણ હુકમ જ હલાવ્યા કરે એમ તો ન જ ચાલે ને કે આ પત્નીને પરણ્યો છું.

બે ભાઈયુંની વાત હતી. એક છોકરો હતો તે પપ્પા આ જોઈએ ને પપ્પા તે જોઈએ તેમ કર્યા કરે. તે એકવાર તેના પિતાને ગુસ્સો ચડ્યો તે બે ચાર લાકડી લગાવી દીધી ! માળા! તું આમ કરશ ! તને ખબર છે કે પૈસા કમાવવામાં કેવી તકલીફ પડે ? તે એને ગુસ્સો ચડ્યો તે બે ચાર લાકડી લગાવી દીધી. છોકરો ભાગી ગયો. તે હજી મળ્યો નથી. કહેવાનું શું કે ગૃહસ્થોએ અરસપરસ સ્ત્રી, પુત્ર, સગાસંબંધી હોય તે એકબીજામાં પ્રેમ રાખવો. ગુસ્સે ન થાવું તો જ એકબીજાના ઘરસંસાર ચાલે. તો એવી રીતે શાંતિ હોય તો ભગવાન ભજવામાં સુખ આવે, પણ ઝઘડા કર્યા જ કરે, આખો દિવસ બૈરાંને વઢ્યા જ કરે, તો સંસાર ચાલે નહીં ને પપ્પા છોકરાને કહ્યા જ કરે તો છોકરાં ભાગી જાય. પપ્પાને પણ ખ્યાલ રાખવો જોઈએ. છોકરાંને પણ ખ્યાલ રાખવો જોઈએ અને સ્ત્રીઓને પણ ખ્યાલ રાખવો જોઈએ. દરેક જણ એવી રીતે ખ્યાલ રાખીને ચાલે. અમે તો આ સાધુ થયા. એટલે અમારે તો કોઈ સગાસંબંધી હોય નહી. કોઈ કાકા-મામાના છોકરાં હોય નહીં. કોઈ ક્યાંથી આવ્યા હોય ! પણ સંતો એકબીજામાં હેત સંપ રાખીને અરસપરસ નિભાવે. મહારાજે વચનામૃતમાં

પણ લખ્યું છે ને કે, જેને સાધુને રાખતા આવડતું હોય તો એની પાસે સાધુ રાજી થઈને રહે.

એમ સાધુને પણ ખ્યાલ રાખવો જોઈએ. ગુરૂને પણ ખ્યાલ રાખવો જોઈએ. આપણે ગુરૂ થયા તો શિષ્યને સારે માર્ગે ચલાવવા. ભજન કરવું, ભક્તિ કરવી. આ નિયમ પાળવા એમ ગુરૂએ પણ શિષ્યને સમજાવવા જોઈએ. શિષ્યનો ધર્મ શું છે કે, ગુરૂની આજ્ઞા પાલન કરવી.

ગુરૂએ પણ ખ્યાલ રાખવો પડે ને શિષ્ય એ પણ ખ્યાલ રાખવો પડે. એમ અરસપરસ આપણે એકબીજાનો ખ્યાલ રાખીએ તો એમાં આનંદ આવે. સંતોએ અરસપરસ એકબીજાનો મહિમા સમજીને હેત રાખવું. ગુરૂએ શિષ્ય સાથે ભગવાનના સંબંધે હેત રાખવું. ગુરૂએ શિષ્યને ભગવાનમાં જોડવા. માટે આપણે દરેકે કાળજી રાખવી.

માછલાંને જળ એ જ જીવન છે, તેમ ભગવાનના ભક્તને ભગવાનની મૂર્તિ એ જ જીવન થાય તો જ માનવ જન્મનો ફેરો સફળ થયો કહેવાય

માછલાંને જળ એ જ જીવન છે એમ સ્વામિનારાયણ ભગવાને કહ્યું છે. પાણી કરતા દૂધ કિંમતી છે, પણ જો એ માછલાંને દૂધમાં રાખે તો એ દૂધમાં રહી શકે નહીં. એ મૃત્યુ પામી જાય. માછલાંને જળ એ જ જીવન છે. તેમ આપણે ભગવાનના ભક્તને ભગવાનની મૂર્તિ એ જ જીવન થાય ને ભગવાન વિના બીજા રાગ માત્ર ટળી જાય. એ જ આપણે આ સત્સંગ કરીને, શાસ્ત્ર વાંચીને, સંતસમાગમ કરી-કરીને કરવાનું છે અને મહારાજે વચનામૃતમાં લખ્યું કે, આ વાત તમે આજ સમજો કે પાંચ જન્મે કે દશ જન્મે કે સો જન્મે કે હજાર જન્મે કે લાખ જન્મે સમજો, જ્યારે ત્યારે આ વાત તમે સમજશો, ત્યારે જ તમારો મોક્ષ થશે. તો લાખ જન્મે પણ તમારે સમજી-સમજીને એ જ સમજવાનું છે.

તો આપણે આથી અગાઉ ૮૪ લાખ જન્મ ધરીને આવ્યા છીએ એ ૮૪ લાખ જન્મમાં આપણે આ વાત સમજ્યા નથી એટલે આપણે ભગવાનના ધામમાં પહોંચ્યા નથી. પણ એ સમય તો ચાલ્યો ગયો. હવે એનો પસ્તાવો કરીને વિચાર કરીશું તો આજ એ સમય કાંઈ પાછો મળે એવો છે નહીં.

"ધન જોબન ને આવરદા, તેનો ન કરીએ નિર્ધાર,
વિજળીના ઝબકારાની પેઠે, જાતા ન લાગે વાર."

"नलिनी दलगत् जलवततरलम्
तदजीविनम अतिशय चपलम् ॥
विदि व्याधि अभिमान ग्रस्तं ।
क्षणंअपि सज्जन सङ्गति संपति रेका ।
क्षणमपि सत्संगति रेका
भवति भवतारण नौका"

નલિની દલગત્ એક કમળનું પાન હોય, તેના પર આ વરસાદનું પાણી પડે એ કેટલા કલાક રહે? બે કલાક રહેતું હશે? ના. એક ક્ષણમાત્ર. પવન આવે એટલે પડી જાય. "नलिनी दलगत् जलव[illegible] तरलम्" તેવી રીતે આ મનુષ્યનું જીવન અતિશય ચંચળ છે પણ ક્ષણમાત્ર જે સારા સત્પુરૂષનો સમાગમ કર્યો હોય, તો 'भवति भवार्णव तरणे नौका' આ સંસારરૂપી સમુદ્ર છે, તેને તરવા માટે જીવન નાવ સમાન છે. જેમ આપણને આ સમુદ્ર તરવો હોય તો કાં વહાણ હોય કાં સ્ટીમર હોય તો જ સમુદ્ર તરી શકાય છે. ગમે તેવો તરી શકનારો હોય તો પણ સમુદ્ર તરી શકાતો નથી. નાવનું, સ્ટીમરનું, કાં વહાણનું જ કામ પડે. તેમ આ સંસારરૂપી સમુદ્રને તરવાને માટે સત્સંગરૂપી આ સત્પુરુષનું જ કામ પડે. તો "भवति भवार्णव तरणे नौका" વહાણના સમાન આ સત્પુરૂષોનો સમાગમ તો આપણા ઉપર ભગવાનની દયા છે એટલે આ દિવ્ય સત્સંગનો યોગ મળ્યો છે. આ સત્સંગનો, સંત સમાગમનો યોગ મળ્યો છે. તો આપણા સૌના મોટા ભાગ્ય છે. પહેલા આપણે વાત કરી હતી કે, જ્યારે આપણે આ વાત સમજીશું, ત્યારે જ આપણે અક્ષરધામમાં રહી શકીશું. તો આજે જ આપણે આ વાત સમજીને આત્મા ને પરમાત્માનું જ્ઞાન દ્રઢ કરી અને ભગવાનની મૂર્તિમાં હેત કરીશું, તો થોડા જ સમયમાં કામ થઈ જાશે. માટે આપણે દરેકે એ ખટકો રાખવો.

વચનામૃતમાં સ્વામિનારાયણ ભગવાને બહુ સારી વાત કરી છે કે, આપણે એ પ્રમાણે જો વર્તીએ તો દેહ મૂકીને ભગવાનનું જે સુખ આપણને લેવાનું હતું, તે સુખ મહારાજ કહે કે, આવી રીતે જો વર્તે તો દેહ છતાં જ ભગવાન આપણને એ સુખ આપી દે. એવા દયાળુ ભગવાન પુરૂષોત્તમ નારાયણ છે.

ભગવાનના ભકતોએ પંચ વિષયમાં ક્યાંય પ્રીતિ કરવી નહીં

વચનામૃતમાં બહુ સારી વાત આવી કે, શબ્દ સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આ પંચ પ્રકારના વિષયોમાં જ આ જીવ રચ્યો-પચ્યો રહે છે અને આ પંચ પ્રકારના વિષયોની વાસના વડે જ આપણે બધા "पुनरपि जननं ने पुनरपि मरणम्" આપણે જન્મ-મરણના ફેરા ભોગવ્યા જ કરીએ છીએ ! આ સ્વામિનારાયણ ભગવાને પોતે પોતાની વાત કરી કે, આ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પંચ પ્રકારના વિષયમાં અમારે ક્યાંય પણ પ્રીતિ છે નહીં. બળાત્કારે પ્રીતિ કરીએ છીએ તો પણ એમાં પ્રીતિ થાતી નથી. તો સ્વામિનારાયણ ભગવાન પુરૂષોત્તમ નારાયણ, એમને તો કાંઈ આ પંચવિષયના સુખમાં પ્રીતિ હતી નહીં પણ આપણને શિખવાડ્યું કે ભગવાનના જે એકાંતિક ભક્ત હોય અને ભલે ભગવાનના ભક્ત ન હોય પણ જો તેને ભગવાનના એકાંતિક ભક્ત થાવું હોય તો એને આ પંચપ્રકારના વિષયમાં ક્યાંય પ્રીતિ રાખવી નહીં.

પૂંછલેલ ઢોરનું દૃષ્ટાંત આપ્યું કે... ઢોર હોય એને શીંગડે પૂછડે ઝાલીને બીજા માણસો ઊભું કરે ત્યારે જ્યાં સુધી ઝાલી રાખે ત્યાં સુધી ઊભું રહે ને મૂકી દે એટલે ધબ્બ દેતું ને પડી જાય. તેમ આ પંચપ્રકારના વિષયમાં સ્વામિનારાયણ ભગવાન કહે કે, અમને ક્યાંય પ્રીતિ થાતી નથી, તો આપણે દરેક ભગવાનના ભક્ત થયા છીએ તો આપણે પણ એ પંચપ્રકારના વિષયમાં ક્યાંય પણ પ્રીતિ રાખવી નહીં, કેમ કે પંચપ્રકારના જે સુખ છે એ ક્ષણિક છે, નાશવંત છે. તેમાં પ્રીતિ રાખવાથી, વાસના રાખવાથી આપણે ચોર્યાશીના ફેરા ફર્યા જ કરીએ છીએ. ભગવાન છે તે સર્વ સુખના નિધિ છે અને ભગવાનના જેવી કોઈ સારી વસ્તુ છે નહીં આપણે આવો ભગવાનનો મહિમા સમજવો.

સારમાં સાર ભગવાનની મૂર્તિ જ છે

નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું કે, એવી શું વસ્તુ છે કે જેમાં લોભાઈ જઈએ અને ન લોભાઈએ ભગવાનમાં. નિષ્કુળાનંદ સ્વામીએ સારસિદ્ધિ ગ્રંથમાં લખ્યું કે,

"સારમાં સાર હરિની મૂર્તિજી,
તેમાં રાખી જેણે મન ચિત્ત વૃત્તિજી
હરિ વિના બીજે રાખે નહીં રતિજી,
તે ખરા સંત કહીએ મહામતિજી"

કહે કે સારમાં સાર ભગવાનની મૂર્તિ છે. દૂધ હોય તે પીવામાં તો કામ આવે, પણ ઘી જો આપણે બનાવવું હોય તો દૂધ જમાવીને દહીં બનાવીએ, દહીંને જંગીને માખણ બનાવીએ અને માખણને તાવી અને પછી જ ઘી બને, તેમ આ સારમાં સાર ભગવાનની મૂર્તિ છે. આ ત્રિલોકીમાં ભગવાનના જેવી કોઈપણ વસ્તુ સારી નથી. આપણે બધા કહ્યે જઈએ છીએ, સાંભળ્યે જઈએ છીએ પણ થોડીવાર વળી આનંદ આવે.

નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણીમાં કહ્યું,

"કંઈકવાર અમે કહ્યું અને તમે સાંભળ્યું સો સો વાર
પણ કામ પડે ત્યારે એ વાતનો નથી રહેતો નિર્ધાર"

અમે તમને ઘણીવાર કહ્યું અને વાતેય સાચી કે આપણે વચનામૃત વાંચીએ તો જાણે કે આ ભગવાન કહે છે. આ ભક્ત ચિંતામણી વાંચીએ તો જાણે કે આ નિષ્કુળાનંદ સ્વામી કહે છે. આ સત્સંગી જીવન વાંચીએ તો જાણે કે આ શતાનંદ સ્વામી કહે છે, એટલે કંઈકવાર સાંભળ્યું ને કંઈકવાર કહ્યું ને તમે સાંભળ્યું સો સો વાર. સ્વામિનારાયણ ભગવાન કહે કે અમે તમને ઘણીવાર કહ્યું. તે વખતે તો સ્વામિનારાયણ ભગવાન આ પૃથ્વી પર વિચરતા હતા. એટલે ભક્તજનોને ધર્મની, જ્ઞાનની, ભક્તિની, વૈરાગ્યની વાતું સંભળાવી અને પોતે પોતાની દિવ્ય મૂર્તિને સુખે સુખિયા કરતા હતા. એટલે કહ્યું કે અમે કંઈકવાર કહ્યું ને તમે સાંભળ્યું સો સો વાર, કામ પડે ત્યારે એ વાતનો નથી રહેતો નિર્ધાર. વળી કામ પડે એટલે જ્યારે વળી કાંઈક એવું આ લોકમાં આવી પડે ને ત્યારે આપણે વળી માયામાં લપટાઈ જઈએ હો ! સ્વામી કહે કે ત્યારે આપણને એવો નિર્ધાર રહેતો નથી. તો એટલી આપણી સમજણ ઓછી કહેવાય અને એટલા આપણે ભગવાનના ભક્ત ઓછા થયા કહેવાઈએ. એટલે મહારાજ કહે સૌ કરતા ભગવાનના ભક્ત થાવું અતિ કઠણ છે. મહારાજ કહે કે, ભક્ત હોય એ પોતાના આત્માને સત્ય જાણે અને દેહને મિથ્યા જાણે અને શાસ્ત્રમાં પણ એમ કહ્યું છે, હરિ વિના બીજે રાખે નહીં વૃત્તિ. ભગવાનની મૂર્તિ વિના બીજે ક્યાંય પણ પ્રીતિ રાખે નહીં. એને જ ખરા કહીએ. ગૃહસ્થ કે સંતને ભગવાનની મૂર્તિ વિના બીજે ક્યાંય પ્રીતિ ન રહે તો જ એ ખરા ભક્ત થયા કહેવાય.

આ દુનિયામાં જળકમળવત્ રહેવું

તો આ ગૃહસ્થાશ્રમમાં રહ્યા હોઈએ તો આ અનેક પ્રકારની વ્યવહારની વિટંબણા આવી પડે. તો મહારાજ કહે કે, જનક રાજા પોતે રાજ કરતા હતા. આપણે એકવાર વાત કરી હતી કે, ભીનું લૂગડું પહેર્યું હતું, માથે પાઘ સોનેરી પહેરી હતી, કેટલાંક તો ઓ હો કરે બીજા કહે કે રાજન્ ! આ તમે શું કર્યું છે ? કહે કે મારો છોકરો પરણે છે એટલે રાજી થાઉં છું ને મારો જમાઈ દેહ મૂકીને ગયો છે એટલે રડું છું. આ ભીનું કપડું પહેર્યું છે તે મારા જમાઈ મરી ગયા છે એટલે ન્હાઈ આવ્યો છું અને માથે આ પાઘ બાંધી છે સોનેરી, તે મારો છોકરો પરણે છે એટલે રાજી થાઉં છું. એટલે બધા કહે આ તો નાટક જ કહેવાય ને ? ત્યારે જનક રાજા કહે કે, આ દુનિયા તો નાટક જ છે ને ! એટલે કહેવાનો હેતુ એટલો જ કે, જનકરાજા પોતે રાજ કરતા હતા છતાં પણ વિદેહી કહેવાઈ ગયા. આપણા સંપ્રદાયમાં ગોરધનભાઈ, પર્વતભાઈ, મયારામ ભટ્ટ, દાદા ખાચર, આદિક ઘણા ભક્તજનો હતા તે વ્યાવહારિક કાર્ય તો કરતા જ હતા, જે વ્યવહારિક કાર્ય કરવાની ગૃહસ્થને ભગવાને કાંઈ ના પાડી નથી. 'સંસારમાં સરસો રહે, મન મારે પાસ, સંસાર જેને લોપે નહી તેને જાણું મારો દાસ. ' સંસારમાં રહેલા હોય તો વ્યાવહારિક કાર્ય બરોબર કરે પણ સંસાર જેને લોપે નહીં, સંસારમાં પોતે બંધાઈ ન જાય, જળ કમળવત્, જળમાં જેમ કમળ રહે છે તે જળમાં બૂડતું નથી એમ જળકમળવત્ રહેવું. વળી એક ઠેકાણે મહાત્માએ લખ્યું કે, મહેતાજી તરીકે આ દુનિયામાં વ્યાવહારિક કાર્ય કરવું. મહેતાજીની જેમ જાણે કે આ પેઢી ભગવાનની છે. આ સ્ત્રી, પુત્ર, ધન, દોલત, માલ, મિલકત એ બધું ભગવાનનું છે. મને ભગવાને આ કામ સોંપ્યું છે એટલે આ કામ કરવાની મારી ફરજ છે પણ વસ્તુગતે આ મારૂં કાંઈ છે નહીં અને દેખાય પણ છે કે ૫૦, ૬૦, ૮૦ કે ૧૦૦ વર્ષ પછી આપણું આ ગામ કાંઈ રહેશે નહીં. આપણે હમણાં એમ માનીએ છીએ કે આ ગાંધીનગર કે અમદાવાદ કે ભુજ કે મુંબઈ આ મારૂં ગામ છે, આ મારૂં ગામ છે. હું આ જ્ઞાતિનો છું એમ આપણે માનીએ છીએ. પણ સો વર્ષ પહેલાં આપણું આ ગામ હતું નહીં અને સો વર્ષ પછી આપણું આ ગામ હશે પણ નહીં. એટલા માટે નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું-

"સપનું સમજો રે આ સંસારને, દુઃખ દરિયો વિશાળ જી,
પડ્યા પાછા નવ નીસરે, કોટિ વાર ગળે કાળ જી"

દરિયામાં અનેક પ્રકારના મોજાં આવે, તેમ સંસારમાં પણ અનેક પ્રકારના સુખ દુઃખ આવ્યા જ કરે. પડ્યા પાછા નવ નીસરે. આ સંસારમાં જે પડે છે એ પાછા બહાર નીકળી શકતા નથી. કોટિ વાર એટલે કરોડો વખત એને આ કાળ ભક્ષણ કરી ગયો છે હો ! આપણે સર્વે ચોર્યાશી લાખ જન્મના ફેરા ફરી આવ્યા છીએ પણ ક્યાંય સત્સંગનો યોગ આપણને થયો નહીં હોય અને કદાચ થયો હશે તો આપણે બરોબર કર્યો નહીં હોય. પણ હવે એ વખત ચાલ્યો ગયો. ભૂતકાળ કે ભવિષ્યકાળનો વિચાર ન કરતા મહારાજ કહે કે, વર્તમાનકાળ સુધારી લેવો. આજે ભગવાનની દયાથી દિવ્ય સત્સંગનો યોગ આપણન મળ્યો છે.

ગુણાતીતાનંદ સ્વામીએ લખ્યું કે, પહેલાં તો બધું જ કઠણ હતું. એ તો અમારી વારીમાં હતું કે, પહેલાં તો સંતોને કેટલી તકલીફ હતી કેટલાં દુઃખ, ભૂખ, તરસ, ટાઢ, તડકાં વેઠવા પડતા. ગૃહસ્થોને પણ કેટલા પ્રકારની ઉપાધિ હતી. માંડ માંડ પોતાના વ્યાવહારિક કાર્ય ચલાવે એટલી જ શક્તિ હતી. આજ તો સ્વામિનારાયણ ભગવાનની દયાથી આ સંતોને સતયુગ કરતા પણ દેશકાળ ઘણા સારા છે અને ગૃહસ્થોને માટે પણ મહારાજે પોતે રામાનંદ સ્વામી પાસે માગી લીધું કે ભગવાનના ભક્તના પ્રારબ્ધમાં રામપાત્ર લખ્યું હોય તો એ રામપાત્ર અમને મળજો પણ તમારા જે ભક્ત હોય તે અન્ન, વસ્ત્ર ને આબરૂએ કરીને દુઃખી થાય નહીં. તે આપણને આજે સત્સંગમાં દેખાય છે જે સાચે ભાવે કરીને ભજન, ભક્તિ, સત્સંગ કરે તો એને ક્યાંય પણ વહેવારમાં તકલીફ પડતી નથી.

ભગવાન જયારે આ લોકમાં મનુષ્ય આકારે વિચરતા હતા, ત્યારે મનુષ્યભાવ ટાળવાનો હતો, આજે મૂર્તિ ભાવ ટાળવો

વચનામૃતમાં વાત આવે છે કે અમારા હૃદયને વિશે એકદમ તેજ વ્યાપેલું છે. જેમ ચોમાસાને વિશે આકાશમાં વાદળાં હોય તેમ મહારાજ કહે કે, મારા હૃદયને વિષે એકલું તેજ છવાયેલું છે અને એ તેજ ને વિષે ભગવાનની મૂર્તિ દેખાય છે.

ત્યારે ભગવાનને તો આ બધુ કાંઈ કરવું હતું નહીં. એ તો પોતે પોતાની દિવ્યમૂર્તિના સુખે સુખિયા હતા જ. પણ આપણને શિખવાડ્યું કે આપણે

ભગવાનના ભક્ત છીએ તો ભગવાનનો મહિમા આવી રીતે સમજી અને ધ્યાન ભજન ખટકો રાખીને કરીએ, તો જેમ મહારાજે વચનામૃતમાં લખ્યું તેમ આપણા અંતરમાં પણ તેજ તેજનો પૂંજ દેખાય.

મહારાજે પ્રથમ પ્રકરણના બારમાં વચનામૃતમાં માયિક દૃષ્ટાંત આપ્યું છે કે, આકાશને વિષે જે સમગ્ર તારા તે સર્વે સૂર્ય હોય તેવી શોભાએ યુક્ત ભગવાનનું ધામ છે. તો આમાં મહારાજ કહે, એવું પ્રકાશમાન દિવ્ય ભગવાનનું ધામ છે એવું તેજ દેખાય છે ને તેને વિષે ભગવાનની મૂર્તિ અખંડ દેખાય છે, ક્યારેક બેઠી દેખાય છે, ક્યારેક ઊભી દેખાય છે, ક્યારેક હરતી-ફરતી દેખાય છે, પણ મહારાજ કહે કે આ ગઢડું શહેર કે ઓસરી એ કાંઈ દેખવામાં આવતું નથી. તે વખતે મહારાજ પોતે ગઢપુરમાં દાદા ખાચરના દરબારમાં વિરાજમાન હતા એટલે ત્યાં એ ગઢડાની વાત કરી, પણ આપણે તો જ્યાં બેઠા હોઈએ, અહીંયા બેઠા હોઈએ કે અમદાવાદ બેઠા હોઈએ કે મુંબઈ બેઠા હોઈએ કે કલકત્તા બેઠા હોઈએ. જ્યાં હોઈએ ત્યાં એવી રીતે ભગવાનનું ધ્યાન, ભજન કરવાનો અભ્યાસ કરીએ તો આપણા આત્માને વિશે પણ ભગવાનની મનુષ્યએવી બેઠી દેખાય, ઊભી દેખાય, હરતી-ફરતી દેખાય, મટકાં મારતી દેખાય, હાથ હલાવતી દેખાય. એવી રીતે અભ્યાસ કરીએ તો જરૂર થાય, ન થાય એવું નથી.

એક ભક્તજનની વાત કરી છે કે, સ્વામિનારાયણ ભગવાન જ્યારે આ પૃથ્વી ઉપર વિરાજમાન હતા, ત્યારે એ ભક્તજન નિયમિત અગિયારશના દર્શન કરવા આવે. ત્યાં મહારાજ દાદા ખાચરના દરબારમાં લીમડાના ઝાડ તળે બેઠા હોય અને ત્યાં ભગવાનના દર્શન કરી, ભગવાનની આવી વાતું સાંભળીને સુખિયા થતા. મહારાજ જ્યારે અંતર્ધ્યાન થઈ ગયા, ત્યારબાદ એ ભક્તજન ફરી દર્શન કરવા આવ્યા. દાદા ખાચરના દરબારમાં આવ્યા. મહારાજ! અરે ! મને બોલાવતા હતા. વાતું સંભળાવતા હતા.હવે મને કોણ બોલાવશે ? કોણ વાતું સંભળાવશે ? એમ કહીને તેમનું હૈયું ભરાઈ આવ્યું. રડવું આવી ગયું ! વળી મહારાજની વાત યાદ આવી ગઈ કે, આટલા વખત હું એક જ રૂપે દર્શન આપતો, હવે હું ચાર સ્વરૂપે દર્શન આપીશ. મૂર્તિ દ્વારે, આચાર્ય દ્વારે, સંત દ્વારે અને શાસ્ત્ર દ્વારે. મહારાજે લખ્યું છે કે, મૂર્તિના દર્શન કરવા જાવું. ગોપીનાથ ભગવાનના દર્શન કરવા ગયા. ત્યાં પ્રેમથી તેણે ગોપીનાથ ભગવાનના દર્શન કર્યા ને ભગવાન હસવા મંડ્યા ! મટકાં મારવા મંડ્યા ! હાથ હલાવવા મંડ્યા ! અને એમ બોલ્યા કેમ ભક્ત, સુખી છો ને ?

એમ કહીને પોતાના ગળામાં ફુલનો હાર હતો તે હાર કાઢીને ભક્તના ગળામાં પહેરાવ્યો ! ભક્ત રાજી થઈ ગયા ! કહે મને ભગવાન કહી ગયા હતા કે હું આમાં રહીશ, તો ભગવાન આમાં રહેલા જ છે.

તો કહેવાનો હેતુ એટલો જ કે, ભગવાન તે વખતે મનુષ્યાકારે વિચરતા હતા. ત્યારે જેમ પોતાના ભક્તને સુખ આપતા હતા તેમ આ મૂર્તિ દ્વારે પોતાના ભક્તને એ રીતે ધ્યાન ભજન કરે, તો એને એવો જ આનંદ આવે, એવું જ સુખ આવે. તે વખતે મનુષ્યભાવ ટાળવાનો હતો. આજે મૂર્તિભાવ ટાળવો. હમણાં આજે આપણે અહીંયા બેઠા છીએ અને મહારાજ અક્ષરધામમાંથી દિવ્ય વિમાન લઈ આવીને મહારાજ પોતે દર્શન આપે તો કેટલો આનંદ થઈ જાય ? તો ભગવાન અહીં વિરાજમાન છે, છતાંય એમાં એટલો આનંદ નથી આવતો તો એટલી આપણી ખામી કહેવાય, એમાં મૂર્તિભાવ આવી જાય છે.

તો ભગવાને આપણને આ વચનામૃતમાં કહ્યું કે, આવી રીતે અભ્યાસ કરે તો એને કોઈ જ પ્રકારે આ લોકના પદાર્થમાં મોહ ન રહે. ભગવાન કહે મારી મૂર્તિના સુખે સુખિયો થઈ જાય.

કેટલાક લોકો કહે છે કળિયુગમાં ધ્યાન થાય જ નહીં. આજ કેટલા માણસો એવી વાત કરે છે કે, એ તો સતયુગમાં એવું ધ્યાન ભજન થાતું પણ હાલ એવું થાતું નહીં હોય, તો સ્વામિનારાયણ ભગવાન આ વચનામૃતમાં લખે નહીં. અભ્યાસ કરે તો કરત કરત અભ્યાસ જડમતિ હોત સુજાન. છોકરાં ભણવા જાય, એક ચોપડી, બે ચોપડી, એમ કરતા કરતા એલ.એલ.બી. પાસ થઈ જાય. કોઈ ડોક્ટર થાય, કોઈ ઈજનેર થાય, બી.કોમ. થઈ જાય, પી.એચડી. થઈ જાય, અભ્યાસ કરે તો જરૂર થઈ જાય. તેમ આપણે પણ આ રીતે ધ્યાન, ભજન, કથા, વાર્તા કરવાનો ખટકો રાખીએ તો જરૂર થઈ જાય, ન થાય એવું કાંઈ છે નહીં. તો આજે આપણે દરેકે આળસ, પ્રમાદ, મોહનો ત્યાગ કરી અને દિનદિન પ્રત્યે ભગવાનની મૂર્તિમાં હેત થાય અને આ લોકના રાગ માત્ર દરેકને ટાળવાના જ છે. ભગવાનના ધામમાં તો દરેકને જવાનું છે, ત્યાં ત્યાગીની સભા નોખી છે જ નહીં. અક્ષરધામમાં તો મહારાજ અને મહારાજના મુક્તો છે એટલે આપણને દરેકને દેહને અંતે ભગવાનના ધામમાં ભગવાનની સેવામાં રહેવું છે, તો આપણે દરેકે આવી રીતે ભગવાન ભજવાનો ખટકો રાખી આપણા જીવાત્માનું કલ્યાણ કરી લેવું, તો જ આપણો આ મનુષ્ય જન્મનો ફેરો સફળ થયો કહેવાય. માટે આપણે દરેકે કાળજી રાખવી.

જે ભકત સાચે ભાવે સત્સંગ કરે છે તેની, માતા જેમ બાળકની રક્ષા કરે છે તેમ, ભગવાન તે ભકતની રક્ષા કરે છે

સ્વામિનારાયણ ભગવાને આપણા પર ઘણી દયા કરી અને આપણને આવો અલૌકિક દિવ્ય સત્સંગનો યોગ આપ્યો. તો આપણા સૌના મોટા ભાગ્ય છે. નહીંતર આ ભગવાન મળવા, આવા આચાર્ય મળવા, આવા સંતો મળવા, આવા હરિભક્તો મળવા બહુ દુર્લભ છે. તો હવે આપણે દરેકે શું કરવાનું છે ? નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું,

"સાચો મળ્યો છે આ સત્સંગ,
અંગે અચળ કરીને રાખજો રે;
રખે ચડે બીજાનો રંગ,
એવું ડહાપણ દૂર રાખજો રે."

તમને આવો સાચો સત્સંગ મળ્યો છે. સાચો સત્સંગ કોને કહેવાય ? પહેલાં આપણે વાત કરી હતી કે ધર્મ, ભક્તિ, વૈરાગ્ય ને જ્ઞાનની વાતો કરે તેને સાચો સત્સંગ મળ્યો કહેવાય. તો આપણને આ સાચો સત્સંગ મળ્યો છે.

નહીંતર લોકમાં ઘણાય એવા સત્સંગ કરતા હોય, હુક્કા-ગાંજા પણ સેવતા હોય અને કહેશે કે મેં સાચો સત્સંગ કર્યો, પણ એવો સત્સંગ કરવાથી કાંઈ વળતું નથી. પણ સાચે ભાવે આવો સત્સંગ કરવાથી જીવનું કલ્યાણ થઈ જાય. અચળ કરીને રાખજો. અચળ એટલે પર્વત. પર્વત હોય એને વરસાદ વરસે, શિયાળાની ઠંડી લાગે, ઉનાળામાં તાપ લાગે તો પણ એ સ્થિર થઈને રહે છે પણ ક્યાંય જતો રહેતો નથી. તેમ આપણે આ સત્સંગ કરવાથી થોડું ક્યારેક કાંઈ માન અપમાન જેવું જણાય, કે શરીરમાં કાંઈ સુખદુઃખ આવી પડે કે આ લોકમાં હોઈએ - તેથી કાંઈ પૂર્વના સાધારણ કર્મને કારણે થોડું કાંઈ સુખદુઃખ આવી પડે, તો આવી જો સમજણ હોય, તો ભગવાનના નિશ્ચયમાંથી પડી ન જાય. નહીંતર એના મનમાં સંશય થાય અરે ! હું આ સત્સંગ કરી કરીને થાકી ગયો તોય ભગવાન મારી આટલીય રક્ષા કરતા નથી. ભગવાન તો પોતાના ભક્તની ડગલે ને પગલે રક્ષા કરે છે. જેમ માતા પોતાના બાળકની કેવી રક્ષા કરે છે ? બાળક નાનું હોય તેને ભૂખ લાગે, તરસ લાગે તો તેની માતા તેની સંભાળ રાખે. તેમ આ ભગવાન પુરૂષોત્તમ નારાયણ આપણી માતા કરતા

પણ વધારે સંભાળ રાખે છે. તો સાચે ભાવે આપણે આ સત્સંગ કરી અને ભગવાનની પ્રસન્નતાના સાધન જેટલા બને એટલા વિશેષ ખટકો રાખીને આપણે કરશું, તો બને તેટલું જલ્દી કામ થઈ જાશે.

મહારાજે મધ્યના ૪૯માં વચનામૃતમાં પણ એ જ કહ્યું કે, અમારે તો ભગવાનની કથા, કીર્તન, વાર્તા કે ભગવાનનું ધ્યાન એમાંથી કોઈ કાળે મનની તૃપ્તિ થતી જ નથી. ત્યારે ભગવાન પુરૂષોત્તમ નારાયણ સર્વ સુખના નિધિ એને આ કાંઈ કરવાની જરૂર હતી જ નહીં પણ આપણને શિખવાડ્યું કે, ભગવાનની કથા, સાંભળવામાં તૃપ્તિ થતી નથી, ભગવાનની વાતું કરવાથી કે સાંભળવાથી પણ ક્યારેય મનને તૃપ્તિ થતી નથી. કથા, વાર્તા, ભગવાનના કીર્તન, ભગવાનના કીર્તન પણ એવા કે ભગવાનની મૂર્તિ સંભારી અને આવા કીર્તન બોલીએ તો ભગવાનની મૂર્તિમાં તલ્લીન થઈ જવાય ! પ્રેમાનંદ સ્વામી ભગવાનની મૂર્તિ સંભારી અને કીર્તન બોલતા એટલે રૂંવાડે રૂંવાડે ભગવાનના દર્શન થતા ! ભગવાનની મૂર્તિમાં તલ્લીન બની જતા. એટલે આ ભગવાનના કીર્તન પણ એવા મોટાં સંતોએ કર્યા છે કે ''લાધ્યો હરિવર હીરલો જી રે'' મને હરિવરરૂપી હીરલો મળી ગયો છે. આ લોકમાં લાખ રૂપિયાનો હીરો માણસોને મળી જાય, તો એનો એને કેફ આવી જાય. અહો..હો ! મને લાખ રૂપિયાનો હીરો મળી ગયો. પણ આ હરિવરરૂપી હીરલો તો લાખ કે કરોડ રૂપિયા ખરચતાં પણ મળતો નથી !! પણ આ તો આપણાને સહેજે સહેજે ભગવાન મળી ગયા છે હોં ! ''ન ગઈ ગંગા, ગોદાવરી, કાશી, ઘેર બેઠાં મળ્યા અક્ષરવાસી.'' આગળ ઋષિઓ થાકી જતા. વનમાં જતા. ટાઢ, તડકો, વરસાદ કેટલુંય સહન કરતા, તો પણ એને આ ભગવાન ન મળતા, પણ આપણા તો મોટા ભાગ્ય છે કે આપણને સહેજે સહેજે આ ભગવાન મળી ગયા છે હોં ! તો આપણે દરેકે ભગવાનનો દૃઢ આશરો રાખી એની પ્રસન્નતાના સાધન કાળજી રાખીને કરશું તો જલ્દી કામ થઈ જાશે.

ભગવાનની સ્વરૂપ નિષ્ઠાનું બળ હોય, તો એ ક્યારેય પણ મોક્ષના માર્ગમાંથી પડી ન જાય

વચનામૃતમાં પણ એ જ વાત આવે છે કે, ભગવાનના સ્વરૂપ નિષ્ઠાનું બળ હોય, તો એ ક્યારેય પણ મોક્ષના માર્ગમાંથી પડી ન જાય. કદાચ કોઈ ખામી રહી જાય અને કદાચ જન્મ લેવો પડે તો ભરતજીનું દૃષ્ટાંત આપ્યું કે,

ભરતજી પોતે ઋષભદેવ ભગવાનના પુત્ર હતા. ભગવાનને રાજી કરવાને માટે રાજ-પાટ એ બધુંય મૂકીને વનમાં ગયા. વનમાં ભરતજીને મૃગલામાં હેત થઈ ગયું. જરા ઘરે લઈ આવીને જરાક દૂધ પાઈને થોડો સમય રાખીને કાઢી મૂક્યું હોત તો કોઈ વાંધો આવત નહીં પણ એને એમાં હેત થઈ ગયું. તે અંતકાળે પણ એમને મૃગલુ સાંભરી આવ્યું.

સ્વામિનારાયણ ભગવાને વચનામૃતમાં પણ કહ્યું કે અંતકાળે જેને જેવું સાંભરી આવે એવા દેહને પામે છે. ગીતાજીમાં પણ એમ જ કહ્યું કે, અંતકાળે એને કોઈ એવી વાસના રહી જાય ને સાંભરી આવે, તો એવા દેહને એ પામે છે. એટલા માટે સ્વામિનારાયણ ભગવાને આપણને એમ કીધું કે, ભગવાનની મૂર્તિ વિના બીજે ક્યાંય પણ પ્રીતિ રાખવી નહીં. ત્યાગીને પણ એવી કાળજી રાખવી પડે અને ગૃહસ્થને એથી વધારે કાળજી રાખવી પડે. કેમ કે ગૃહસ્થ તો સ્ત્રી, પુત્ર, સગા, સંબંધી, ધન, દૌલત એના બંધનમાં છે; તો એમાં જરાક જો ગાફલાઈ રાખે તો એમાં વાસના રહી જાય અને મોક્ષના માર્ગમાં એ આડું આવે.

એટલા માટે સ્વામિનારાયણ ભગવાને મધ્યના પંચાવનમાં વચનામૃતમાં એમ કહ્યું કે, અમારે પોતાની કોરનું અને બીજાની કોરનું અંત અવસ્થા જેવું વર્તે છે. આ ઘડી ને આ ક્ષણમાં અમારો દેહ પડી જાશે તો મહારાજ કહે મનુષ્યને મરવા ટાણે પથારી પર સુવાડ્યો હોય, તો એને દરેકમાંથી વાસના ટળી જાય કે મારે હવે આ દુનિયામાંથી જવાનું છે અને તેના સગા સંબંધીને પણ એમ થાય કે હવે આ બાપા આપણાથી દૂર જાય છે, એમ દરેકને એમાંથી વાસના ટળી જાય. પણ જો અંતરમાંથી વાસના ન ટળે તો વળી ફરીવાર જન્મ લેવો પડે. તો આ ભરતજીને અંતકાળે મૃગલુ સાંભરી આવ્યું તો ભરતજીને મૃગલાને ત્યાં જન્મ લેવો પડ્યો ! જન્મ લેવો પડ્યો પણ પૂર્વનું જ્ઞાન ગયું નહીં. આપણને આ જ્ઞાન યાદ રહેતું નથી પણ ભૂલી જઈએ છીએ. આગલા જન્મમાં આપણે શું હતા ? કે ક્યાં હતા ? એ જ્ઞાન આપણને હમણાં કાંઈ છે નહીં અને નથી એ જ સારૂં છે.

એક સમયે સ્વામિનારાયણ ભગવાન ગઢપુરમાં સભા કરીને વિરાજમાન હતા ને મહારાજે પોતે ધર્મ, જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યની વાતો કરી અને બધા ભક્તજનોને પોતાની દિવ્યમૂર્તિનું સુખ આપતા હતા. બધા સંતો-હરિભક્તો મહારાજની દિવ્ય વાણી સાંભળીને તલ્લીન બની જતા હતા.

અહોહોહો...! આવું ભગવાનનું સુખ, આવો ભગવાનનો આનંદ ! ભગવાનની મૂર્તિમાં તલ્લીન બની જતા હતા. નિર્ગુણપણે ભગવાનની મૂર્તિમાં જોડાઈ જતા હતા એટલે એવી રીતે મહારાજ વાતો કરતા ત્યારે ભગવાનની ઈચ્છાથી સંતોને પૂર્વજન્મનું જ્ઞાન થયું. કોઈકને હું આ ઋષિ હતો, કોઈકને હું આ હતો, એમ બધાને જ્ઞાન થઈ ગયું ! બધા સંતો આનંદમાં આવી ગયા. હું પૂર્વજન્મમાં આવો ઋષિ હતો, આવો મહાત્મા હતો. પણ મહારાજે પછી સભામાં એવી વાત કરી કે આવું આ જ્ઞાન હમણાં થઈ જાય, તો તે સારૂં નહીં, કેમ કે અભિમાન આવી જાય. આ મોટા ઋષિ હતા, આ મોટા મહાત્મા હતા, આ મોટા તપસ્વી હતા. તે જ્ઞાન મહારાજે બે મિનિટ રાખ્યું ને પાછું સંકેલી લીધું. તેમ એ પૂર્વનું જ્ઞાન નથી એ જ સારૂં છે, પણ આપણે સાચે ભાવે ભગવાનની ભક્તિ, ભજન,સત્સંગ એવું કરીએ તો ભગવાન જરૂર આપણને પોતાનું સુખ આપશે જ. તો ભરતજીને પોતાનું જ્ઞાન ગયું નહીં. પોતાને મૃગલાંનો જન્મ આવ્યો, લીલું ઘાસ પણ ખાય નહીં, બીજો જન્મ આવ્યો, તો તેમાં પણ પોતે ક્યાંય માયામાં લોભાણા નહીં.

આમાં કહેવાનું એટલું જ કે, જો આવું ભગવાનના સ્વરૂપનું જ્ઞાન હોય, તો કદાચ થોડી ઘણી કાંઈ વાસના રહી જાય, તો પણ એ પાછો ભગવાનના સ્વરૂપને પામે છે, તો એટલા માટે ભગવાનની સ્વરૂપ નિષ્ઠાનું બળ અખંડ રાખવું કે આ ભગવાન સ્વામિનારાયણ આપણને મળ્યા છે તો એ જ સર્વ અવતારના અવતારી છે, સર્વ કારણના પણ કારણ છે, સર્વના નિયંતા છે. એ ભગવાન છે. એ રીતે સમજીએ તો આપણા અંતરમાં આનંદ આવે.

તેજને વિષે જે મૂર્તિ છે એ જ આ સાક્ષાત્ ભગવાન પુરૂષોત્તમ નારાયણ છે

ગ.મ.પ્ર.ના ૧૩ માં વચનામૃતમાં છેલ્લે કહ્યું કે, આ તેજને વિષે જે મૂર્તિ છે એ જ આ સાક્ષાત્ ભગવાન પુરૂષોત્તમ નારાયણ છે એવી ભાવના રાખવી અને મહારાજ કહે, ''મારો નિશ્ચય રાખશો તો તમને એવો આનંદ આવશે'' અને વળી પાછું એમ પણ કહ્યું કે, '' અને જો એમ ન જણાય તો એટલું તો જરૂર જાણજો જે, અક્ષરરૂપ જે તેજ તેને વિષે જે મૂર્તિ છે તેને મહારાજ દેખે છે. એમ જાણશો તો પણ તમારે મારે વિષે હેત રહેશે, તેણે કરીને તમારૂં પરમ કલ્યાણ થશે.'' એમ માનજો તો મુક્ત ભાવ આવે. કેટલાક સારા સંતો હોય,

ભગવાનનું ધ્યાન, ભજન, કથા, વાર્તા કરતા હોય, તો દરેકને એમ થાય કે આ સંતો બહુ સારા છે. આવું ભગવાનનું ધ્યાન-ભજન કરે છે. કેટલાક હરિભક્તો હોય એ પણ આવી રીતે ભગવાનનું ધ્યાન, ભજન, કથા, વાર્તા કરતા હોય, તો એને બીજા ભક્તોને પણ એમ થાય કે આ ભક્તો બહુ સારા છે ને આ ભક્તો ભગવાનની મૂર્તિને અખંડ દેખે છે.

કચ્છમાં ભુજ પાસે સુખપર ગામ છે. ત્યાંના એક ભક્ત હતા. જ્ઞાનમાં જાડા જેવા. બહુ ભણેલ નહીં એટલે જાડી બુદ્ધિ હતી. પણ ભગવાનનું ધ્યાન અખંડ કરે ! અગિયારશ હોય ત્યારે ભગવાનના દર્શન કરવા ભુજ આવે અને ત્યાં સંતો કથા, વાર્તા સાંભળતા હોય, કરતા હોય તો એ પણ એ કથા વાર્તા સાંભળે. કથા પૂરી થઈ જાય ને બહાર મોટા મોટા સંતો હોય, એની પાસે જઈ ભગવાનના મહિમાની, ધ્યાનની, જ્ઞાનની વાતો સાંભળે ! વાતો સાંભળતા-સાંભળતા એમને ભગવાનના સુખનો નિશ્ચય દૃઢ થઈ ગયો અને વ્યાવહારિક કાર્ય પોતે કરતા, ખેતીનું કામ પણ ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતા કરે ! ધ્યાન કરતા કરતા એ ભગવાનની મૂર્તિમાં તલ્લીન બની જાય ! ભગવાનનો સાક્ષાત્કાર થઈ ગયો !

કેટલાક ભક્તો એમ પૂછે છે સ્વામી ! આ ભગવાનનો સાક્ષાત્કાર કેમ થતો હશે ? ભગવાનની મૂર્તિ અમને ગૃહસ્થને કેવી રીતે દેખાય? અમને તો અનેક પ્રકારની વ્યવહારની વિટંબણા હોય ! ને વાતેય સાચી. વચનામૃતમાં પણ મહારાજે લખ્યું છે કે, ત્યાગી તો નિવૃત્તિ માર્ગવાળા છે ને ગૃહસ્થ તો પ્રવૃત્તિ માર્ગવાળા છે, તેમાં તો અનેક પ્રકારની વિટંબણા આવે. તો ભગવાનની મૂર્તિની અખંડ સ્મૃતિ કેમ રહે ? તો એના ઉત્તરમાં મહારાજે કહ્યું કે, આવો ભગવાનનો મહિમા સમજાય કે ભગવાનના જેવી કોઈપણ સારી વસ્તુ નથી.

એક મોટા સંતે દૃષ્ટાંત આપ્યું કે, એક માણસ હતો જેને ચાલતા ચાલતા એક લાખ રૂપિયાનો હીરો મળી ગયો ! ચાલતા ચાલતા જરાક અવાજ થાય, તો તેની વૃત્તિ હીરામાં જ ચાલી જાય. મારો હીરો ક્યાંય ખોવાઈ જતો નથી ને ? કોઈ લઈ જતું નથી ને ? એમ એની વૃત્તિ એ હીરામાં જ રહે. તેમ આવો ભગવાનનો મહિમા સમજાય કે આ ભગવાન પુરૂષોત્તમ નારાયણ સર્વ સુખના નિધિ છે, એને કેમ ભૂલાય ? તો આ હરિભક્ત એવા હતા કે વ્યાવહારિક કાર્ય કરતા કરતા પણ એમણે ભગવાનની મૂર્તિ સિદ્ધ કરી ! ભગવાનની સેવા કરતા ઘણા હરિભક્તો રાતે સૂઈ જાય, પણ એ ભક્ત રાતે જાગે ! જાગીને ભગવાનની મૂર્તિનું ધ્યાન ધરે ! ભગવાનના સિંહાસન પાસે આવીને ભગવાન

સાથે વાતું કરે ! બીજા બધા હરિભક્તોને એમ થાય કે આ બાપો ગાંડો થઈ ગયો છે કે શું ? રાતના પોતે સૂતા નથી ને કોઈને સૂવા દેતા નથી. પણ કેટલાક સારા હરિભક્તોને ખ્યાલ કે તે એકાંતિક ભક્ત છે એટલે ભગવાન સાથે વાતો કરે છે. ભગવાન સાથેની વાતું તો જેની પોતાની એકાંતિક સ્થિતિ થઈ હોય, એ જ સાંભળી શકે, કેમકે ભગવાનની વાણી તો પરાવાણી છે, એટલે એ તો એવા ભક્ત હોય એ જ સાંભળી શકે, પણ બીજા ભક્તોને તો એમ થાય કે આ બાપા આમ જ વાતો કરે છે, પણ પોતે તો ભગવાન સાથે વાતો કરતા હતા હોં ! ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતા કરતા પોતે તલ્લિન થઈ જાય, દેહનું ભાન ભૂલી જાય ! એ પોતે તો ગૃહસ્થાશ્રમમાં હતા, વ્યાવહારિક બધું કામ કરતા હતા, છતાં પણ ભગવાનની મૂર્તિ ત્રણેય અવસ્થામાં દેખતા હતા. તેમ આપણે પણ તેવો અભ્યાસ કરશું તો ન થાય એવું શું છે? તો વચનામૃતમાં એમ વાત કરી કે તેજ ને વિષે જે મૂર્તિ છે, તેને ભગવાન દેખે છે, કેમકે જ્યારે ભગવાન પૃથ્વી પર વિચરતા હતા, ત્યારે તો તેમાં મનુષ્યભાવ આવી જતો કે આ તો રામપ્રતાપભાઈ ને ઈચ્છારામભાઈના ભાઈ છે, એટલે ઘણાયને તેમના ભગવાનપણાનો નિશ્ચય ન હતો. એટલે તેમને મનુષ્યભાવ ટાળવાનો હતો અને આજે આ મૂર્તિભાવ ટાળવાનો છે.

મહારાજ કહે કે, ''અક્ષરરુપ જે તેજ તેને વિષે જે મૂર્તિ છે તેને મહારાજ દેખે છે.'' તો મુક્ત ભાવ આવ્યો કહેવાય કે આ ભગવાનના સારા ભક્ત છે, સારા મુક્તરાજ છે, તે ભગવાનની મૂર્તિને દેખે છે. તો મહારાજ કહે કે એમ સમજશો તો પણ તમારે મારે વિષે હેત રહેશે અને છેલ્લે પછી એમ કહ્યું કે, તેજને વિષે જે મૂર્તિ છે, તે જ આ સાક્ષાત્ પુરૂષોત્તમ નારાયણ છે, તો એ તેજને વિષે જે મૂર્તિની વચનામૃતમાં વાત આવી તે જ આ મૂર્તિ છે. તેવો નિશ્ચય આપણે દઢ રાખી અને એમની પ્રસન્નતાના સાધન બને જેટલા બને તેટલા કાળજી રાખીને કરશો, તો તેમાં મહારાજ કહે કે ન થાય એવું શું છે? તમે કયે દિવસે કર્યું અને ન થયું ? તમે અભ્યાસ કરશો તો જરૂર થશે. મહારાજ કહે કે શાસ્ત્રમાંથી કાંઈ સમજાતું ન હોય, તો મોટા સંતોનો સમાગમ કરી ને સમજવું ને એ રીતે બધા કરશું તો થોડા સમયમાં આપણું કામ થઈ જશે.

ગુણાતીતાનંદ સ્વામીએ લખ્યું કે, આપણે એવા મંડવું કે ''અથ સાધયામિ વા દેહં પાતયામિ .'' આ દેહ પડી જાય તો ભલે પડી જાય પણ મારે તો મોક્ષ સંબંધી અર્થ સિદ્ધ કરવો છે. તો એવી ભાવના રાખીને ભજન કરશું તો જરૂર

આપણા ભેળા ભગવાન ભળશે. દઢતા જોઈને મદદ કરે મોરારી. એવી સાચી ભાવના હોય કે મારે તો આ ને આ જન્મે કસર ટાળી અને આત્મા પરમાત્માનું જ્ઞાન દઢ કરી દેહને અંતે ભગવાનની સેવામાં રહેવાનું છે, એવી ભાવના રાખીને આપણે ભજન કરશું, તો ભલે આ લોકમાં હોઈએ તો થોડી વાસના જેવું પણ જણાય, પણ સાચી ભાવના રાખીને મનમાં નિશ્ચય રાખે કે મારે તો જે કાંઈ ખામી હોય, તે આ ને આ દેહે ટાળી નાખવી છે. મોટા સંતો કહેતા કે, અંતકાળે ભગવાન એને યોગ આપે, રોગ આપે અને સો સદ્‌ગુરૂનું જ્ઞાન આપે. એક સદ્‌ગુરૂનું જ્ઞાન મળી જાય તો પણ આપણું કામ પૂરું કરાવી દે છે, તો આપણે બધાએ આળસ, પ્રમાદ, મોહનો ત્યાગ કરીને દિન દિન પ્રત્યે ભગવાનની મૂર્તિમાં હેત થાય, આત્મા–પરમાત્માનું જ્ઞાન દઢ થઈ જાય અને દેહને અંતે ભગવાનની સેવામાં રહી જવાય, તો જ આપણો મનુષ્ય જન્મનો ફેરો સફળ થયો કહેવાય.

ગુણાતીતાનંદ સ્વામીએ લખ્યું કે, કરોડો કામ કર્યા પણ મોક્ષ સબંધી કામ નથી કર્યું ત્યાં સુધી આપણી એટલી ખામી કહેવાય. તો સાચે ભાવે સત્સંગ કરીને આપણી જેટલી ખામી હોય, તે ટાળી નાખશું, તો આ ભગવાન આપણા ઉપર દયા કરીને આપણી કસર ટળાવશે. તો આપણે દરેકે કાળજી રાખવી.

પ.પૂ. સ.ગુ. શ્રી ધ્યાની સ્વામીજીએ હરિભકતોન લખેલા પત્રોમાં લખેલી ઉપદેશાત્મક વાતો

પત્ર નંબર : ૧

દયાળુ શ્રીહરિ પોતાના આશ્રિતોની સર્વ પ્રકારે સહાયતા કરી જ રહેલા છે ને સદાય કરશે ને આપણે પણ શ્રીહરિની નાની મોટી આજ્ઞા પાલન કરવામાં તેમજ તેમનું ભજન, સ્મરણ તથા કથા, વાર્તા, ધ્યાન, આદિ કરવામાં નવીન નવીન શ્રદ્ધા વૃદ્ધિ પમાડવી એ જ આ મનુષ્ય જન્મનું સાચું ફળ છે. તો આપણે બહુ જ કાળજી રાખી ભજન કરવું કેમ કે, આવો અમુલો વખત ભગવાન ભજવાનો પાછો કોટી કલ્પે નહીં મળે. ઓહોહો ! આજ તો કાંઈ દયાળુ શ્રીહરિ આપણા ઉપર અપાર દયા કરીને બહુ અઢળક ઢળી ગયા છે, તો આપણે બધાએ બહુ જ કાળજી રાખી ભજન કરવું. જેમ માછલાંને જળ એ જ જીવન છે, તે પાણી વિના એક ક્ષણમાત્ર દૂર ન રહી શકે, તેમ આપણને

પણ શ્રીહરિની મૂર્તિ જ જીવન થાય ને એક ક્ષણ માત્ર પણ શ્રીહરિની મૂર્તિ ન ભૂલાય, એ આપણે બધાએ બહુ જ કાળજી રાખવી ને પોતાના બ્રહ્મચર્ય વર્તમાનમાં બહુ કાળજી રાખવી. ક્યારે પણ એકલી પરસ્ત્રીનો પ્રસંગ એકાંતમાં ન થાય એ ખાસ કાળજી રાખવી કેમ કે, આજે માયા ને કળિયુગનું બહુ જ જોર છે, તે જો જરા પણ ગાફલાઈ રહે તો તે જ વખતે માયા મોક્ષના માર્ગ થકી પાડી નાખે. માટે આપણે બધાએ ખૂબ કાળજી રાખવી.

બીજું, કારિયાણીના પાંચમાં વચનામૃતમાં કહેલ છે કે, ભગવાન અક્ષરધામમાંથી અહીં પધારે છે, તે પોતાના પ્રેમી ભક્તોના મનોરથો પૂરા કરવાને માટે જ પધારે છે. તો આપણે પણ શ્રીહરિની નાની મોટી આજ્ઞા બરાબર પાલન કરવામાં તથા તેમની માણીગર દિવ્ય પ્રકાશમાન મૂર્તિને વિષે નવીન ને નવીન પ્રેમ કરવામાં અતિશય આગ્રહ રાખવો, એ જ આપણે સાચું ફળ તથા સુખ છે ને ખરૂં કર્તવ્ય છે. તો આપણે બધાએ બહુ કાળજી રાખીને ભગવાન ભજવા.

બીજું, આજે શ્રીજી મહારાજે આપણા ઉપર અપાર અપાર ને અપાર કૃપા કરીને પોતાને શરણે લીધા ને વળી દિવ્ય અલૌકિક સત્સંગનો યોગ પણ આપ્યો છે. તો આવા યોગને પામીને આપણી કસરમાત્ર ટાળીને આપણા આત્માનું કલ્યાણ કરી લેવું ને શ્રીહરિની મૂર્તિને વિશે જ અતિશય હેત કરવું ને તે જ મૂર્તિ જીવન રાખવી. ઓહોહો ! તે શ્રીહરિની મૂર્તિને વિષે તો કાંઈ દિવ્ય અલૌકિક સુખ રહેલું છે. તેનું તો શું વર્ણન થઈ શકે ! તે સુખ જો એક ક્ષણમાત્ર પણ જો લીધું હોય,તો આપણને એમ થાય કે મેં લાખો વર્ષો તે સુખ લીધું ને તે દિવ્ય મૂર્તિના સુખ વડે આપણા અંતરમાં ઠંડાઠંડા શેરડા પડે ને આનંદ આનંદ ને આનંદના સાગરમાં ન્હાયા કરીએ, એવું શ્રીહરિની મૂર્તિને વિષે અલૌકિક દિવ્ય સુખ રહેલું છે. તો આપણે પણ તે સુખનો લોભ રાખીને ભગવાનનું ભજન કરી લેવું. આપણે બરોબર કાળજી રાખીને ભગવાનનું ભજન કરીશું, તો દયાળુ શ્રીહરિ આપણી કસર ટળાવીને પોતાની હજૂર સેવામાં દેહને અંતે જરૂર રાખશે. માટે આપણે બધાએ બહુ જ કાળજી રાખવી.

પત્ર નંબર : ૨

દયાળુ શ્રીહરિ પોતાના આશ્રિતની સર્વ પ્રકારે સહાયતા કરી જ રહેલા છે ને કરશે, તો આપણે પણ શ્રીહરિની માધુરી મૂર્તિને વિષે અતિશય નવીન

નવીન હેતની વૃદ્ધિ કરવામાં તથા તેમની નાની મોટી આજ્ઞાઓ પાલન કરવામાં નવીન નવીન શ્રદ્ધા વૃદ્ધિ પમાડવી. તે કેવી રીતે તો જેમ સુદ પક્ષના બીજના ચંદ્રમાની કળા દિન દિન પ્રત્યે વૃદ્ધિને પામતી જાય છે ને પૂનમને દિવસે તે ચંદ્રમાની કળા સોળે કળાએ સંપન્ન થાય છે ને તે પૂનમના ચંદ્રમાને જોઈને સમુદ્ર ઘેલો થઈ જાય છે ને તે સમુદ્રમાંથી મોટા મોટા નવીન નવીન પાણીના તરંગ નીકળે છે ને તે ચંદ્રમાને રાજી કરે છે. એવા ચંદ્રમાને જોઈને ચકોર પક્ષી તે પ્રકાશમાં નિમગ્ન થઈ જાય છે. તે ચંદ્રમા જેમ જેમ નમતા જાય છે તેમ તેમ ચકોર પક્ષી નમતું જાય છે ને ચંદ્રમા અસ્ત પામી જાય છે ત્યારે તે ચકોર પક્ષી પડી જાય છે. એમ ચકોર પક્ષીને ચંદ્રમાને વિષે અતિશય પ્રીતિ છે તેથી તે ચકોર પક્ષી ખેરના લાકડાના ધગધગતા કોલસાથી પણ બળતું નથી, એવો પ્રેમ આપણે શ્રીહરિની માધુરી મૂર્તિને વિષે જો આ નૂતનવર્ષમાં થાય, તો સંસારરૂપી જે દાવાનળ તેમાં બળાય નહીં. વળી માછલાંને જળ એ જ જીવન છે તે જળ વિના એક ક્ષણ પણ રહી ન શકે, તેમ આપણે શ્રીહરિની માણીગર મૂર્તિ જ જીવન થાય ને તે મૂર્તિ વિના આ સંસારના સુખ ઝેર જેવા લાગે, એ જ આપણે આ કરી કરીને ખરૂં કરવાનું છે ને તે જ સાચું ફળ છે. બાકી આ તો બધું ખોટું છે અને દેહને અંતે આ લોકના માયિક પદાર્થ કંઈપણ કામ નહીં આવે. માટે આપણે બધાએ ભગવાન ભજવાનો બહુ ખટકો રાખવો.

દયાળુ શ્રી હરિ પોતાના આશ્રિતની સર્વ પ્રકારે સહાયતા કરી જ રહેલા છે ને સદાયે કરશે. તો આપણે પણ તેમની માધુરી દિવ્ય મૂર્તિને વિષે અતિશય નવીન નવીન પ્રેમ કરવામાં, અતિશય દૃઢ સત્સંગ કરવામાં, નવીન નવીન શ્રદ્ધા વૃદ્ધિ પમાડવામાં અતિશય કાળજી રાખવી. કેવી રીતે, તો જેમ આ લોકમાં કોઈ મોટા વેપારીઓ હોય, તે નવીન નવીન ઘરાકો મેળવવામાં કેટલો બધો ઘરાકોને પ્રેમ આપે છે, તે પ્રેમને વશ થઈ તે વેપારીઓના પ્રેમમાં કેટલા બધા ઘરાકો આવે છે ને તે વેપારીઓ તે ઘરાકોના પ્રેમથી કરોડો રૂપિયા કમાય છે, તેથી જેમ વેપારીઓ કરોડોપતિ થઈ જાય છે. તેમ આપણને શ્રીહરિ તથા સત્સંગના દિવ્ય ગુણોરૂપી ધન મળી જાય છે, તે એ ગુણોરૂપી જે ધનના પ્રતાપથી આપણા અંતરમાં શાંતિ શાંતિ વર્ત્યા કરે ને અહોઅહોપણું વર્ત્યા કરે ને તેથી આપણા અંતરમાં આનંદ આનંદ ને આનંદનો સાગર વહેવા માંડે ને શ્રીહરિના દિવ્ય ગુણોરૂપી ધનના પ્રતાપથી આપણા અંતરમાં ભગવાનની મૂર્તિના સુખથી ઠંડા ઠંડા શેરડા પડવા માંડે ને તે સુખ વડે આપણા

અંતરમાં અનેક જન્મોથી ઘૂસી ગયેલા જે માયાના વિકારો કામ,ક્રોધ, લોભ માન ઈર્ષા આદિ અનેક દોષો નીકળી જાય છે. કેવી રીતે તો જેમ તે વેપારીઓ ઘરાકોને નવીન નવીન પ્રેમ આપે છે તેથી તે વેપારીઓનું દારિદ્રપણું નાશ થઈ જાય છે ને કરોડોપતિ બની જાય છે, તેથી તે કેવા સુખી થઈને આનંદ ભોગવે છે. તેવી રીતે આપણા અંતરમાંથી માયાના દુર્ગુણો વિદાય લે અને શ્રીહરિના દિવ્ય ગુણો પ્રાપ્ત કરીએ, તો આપણે શ્રીહરિની માધુરી, દિવ્ય, પ્રકાશમાન મૂર્તિનું સુખ અહર્નિશ ભોગવીએ ને આનંદના સાગરમાં ખૂબ જ નાહ્યા કરીએ.

તો હે ભાઈઓ, આપણે આવી રીતે શ્રીહરિની મૂર્તિને વિષે અતિશય પ્રીતિ કરીએ ને તે શ્રીહરિના દિવ્ય મૂર્તિના સુખના ભોક્તા બનીએ, એ જ સાચું ફળ છે. તો આપણે બહુ જ કાળજી રાખી શ્રીહરિની આજ્ઞા બરાબર પાલન કરવી.

કારિયાણીના પાંચમાં વચનામૃતમાં કહેલ છે કે, ભગવાન અક્ષરધામમાંથી પોતાના પ્રેમી ભક્તોના મનોરથો પુરા કરવાને માટે જ અહીં પધારે છે. તો આપણે પણ તે શ્રી હરિની નાની મોટી આજ્ઞા બરાબર પાલન કરવામાં તથા તેમની માણીગર દિવ્ય પ્રકાશમાન મૂર્તિને વિષે નવીન ને નવીન પ્રેમ કરવામાં અતિશય આગ્રહ રાખવો. એ જ આ સત્સંગનું સાચું ફળ તથા સુખ છે ને ખરૂં કર્તવ્ય છે. તો આપણે બધાએ બહુ કાળજી રાખીને ભગવાન ભજવા.

પત્ર નંબર : ૩

આજે શ્રીજી મહારાજે આપણા ઉપર અપાર, અપાર ને અપાર દયા કરીને પોતાને શરણે લીધા ને વળી દિવ્ય અલૌકિક સત્સંગનો યોગ પણ આપ્યો છે. તો આવા યોગને પામીને આપણી કસરમાત્ર ટાળીને, આપણા આત્માનું કલ્યાણ કરી લેવું ને શ્રીહરિની મૂર્તિને વિષે જ અતિશય હેત કરવું ને તે જ મૂર્તિ જીવન રાખવી. જેમ માછલાને જળ એ જ જીવન છે. તે જળ વિના એક ક્ષણ માત્ર પણ માછલું રહી ન શકે તેમ આપણે શ્રીહરિની મૂર્તિને વિષે અતિશય પ્રેમ કરવો. ઓહોહો...! તે શ્રીહરિની મૂર્તિને વિષે તો કાંઈ દિવ્ય અલૌકિક સુખ રહેલું છે, તેનું તો શું વર્ણન થઈ શકે. તે સુખ જો આપણે ઈન્દ્રિયો અંતઃકરણને એકાગ્ર કરીને એક ક્ષણ માત્ર પણ જો લીધું હોય, તો આપણાને એમ થાય કે મેં લાખો વર્ષો તે સુખ લીધું ને તે દિવ્ય મૂર્તિના સુખ

વડે આપણા અંતરમાં ઠંડા ઠંડા શેરડા પડે ને આનંદ, આનંદ ને આનંદના સાગરમાં નાહ્યા કરીએ. એવું તે શ્રીહરિની મૂર્તિને વિષે અલૌકિક સુખ રહેલું છે. તો આપણે પણ તે સુખનો લોભ રાખીને ભગવાનનું ભજન કરી લેવું. તે આપણે બરોબર કાળજી રાખીને ભગવાનનું ભજન કરીશું તો દયાળુ શ્રીહરિ આપણી કસર ટળાવીને પોતાની હજૂર સેવામાં દેહને અંતે જરૂર રાખશે. માટે આપણે બધાએ બહુ જ કાળજી રાખવી.

દયાળુ શ્રી હરિ પોતાના આશ્રિતોની સર્વ પ્રકારે સહાયતા કરી જ રહેલા છે ને સદાયે કરશે, તો આપણે પણ તેમની માધુરી મૂર્તિને વિષે દિનદિન પ્રત્યે નવીન નવીન હેતની વૃદ્ધિ કરવામાં તથા તેમની આજ્ઞા પાળવામાં શ્રદ્ધા રાખવી. એ જ આ મનુષ્ય જન્મ પામવાનું સાચું ફળ છે. તો આપણે ભગવાનની ભક્તિ કરવામાં બહુ જ કાળજી રાખવી ને જેમ ચમકપાણને જોઈને લોઢું ખેંચાઈ જાય છે, તેમ જ આપણા મનની વૃત્તિ દયાળુ શ્રીહરિની માધુરી મૂર્તિને વિષે ખેંચાઈ જાય ને વળી જેમ માછલાંને જળ એ જ જીવન છે, તેમ આપણાને શ્રીહરિની મૂર્તિ જ જીવન થાય, તે વિના આ સંસારના પંચ વિષયના સુખો બધા ઝેર જેવા લાગે ને દેહને અંતે શ્રીહરિની હજૂર સેવામાં રહી જવાય, એ જ શુદ્ધ ભાવે સત્સંગ કરવાનું સાચું ફળ છે. બાકી આ તો બધું સ્વપ્ન સમાન છે. આપણે આ લોકમાંથી અચાનક જવાનું થાશે, ત્યારે દેહને અંતે આ લોકના માયિક પદાર્થો કોઈપણ કામ નહીં આવે. માટે જ્યાં સુધી આપણું શરીર સારૂં હોય, સત્સંગનો સારો યોગ હોય, ત્યાં સુધી આપણી બધી કસરો ટાળી નાખવી ને તે કસરો ટાળવાને માટે દયાળુ શ્રીહરિએ આપણા ઉપર અપાર દયા કરીને આ અમુલો સત્સંગનો યોગ આપ્યો છે. તો આપણે બહુ જ સાવધાની રાખીને વીજળીના ઝબકારામાં મોતી પરોવી લેવાની હોંશિયારી મોક્ષના માર્ગમાં રાખવી. તે આપણે કાળજી રાખી ભગવાનની ભક્તિ બરાબર કરીશું, તો થોડા સમયમાં બહુ જ ભારે કામ થઈ જશે ને દયાળુ શ્રીહરિ જરૂર આપણાને પોતાની માધુરી મૂર્તિનું સુખ આપશે.

ઓહોહો...! તે મૂર્તિને વિષે તો કાંઈ અલૌકિક, દિવ્ય સુખ રહેલું છે ! તેનું તો શું વર્ણન થઈ શકે. તો એ સુખને આપણે એક ક્ષણ માત્ર લીધું હોય, તો આપણા અંતરમાં ઠંડા ઠંડા શેરડા પડે ને આનંદ આનંદના સાગરમાં નાહ્યા કરીએ. એવી રીતે આપણે બધાએ કાળજી રાખીને ભગવાનનું ભજન કરવું.

પત્ર નંબર : ૪

આપણે ભગવાનની માધુરી મૂર્તિને વિષે નવીન નવીન પ્રેમ કરવામાં તથા તેમની આજ્ઞા બરાબર પાલન કરવામાં નવીન નવીન શ્રદ્ધા રાખવી. કેવી રીતે, તો જેમ એક મોટો સારો સુંદર બગીચો હોય ને તેમાં નવીન નવીન સુગંધીમાન પુષ્પોના ઝાડ હોય ને ભમરાઓ તે સુગંધીમાન પુષ્પોમાંથી નવીન નવીન સુગંધીઓમાં તલ્લીન બની જાય છે, તેવી જ રીતે આપણે પણ ભગવાનની મૂર્તિનું નવીન નવીન સુખ લેવામાં ગુલતાન બની જવું. તે મૂર્તિના સુખમાં તલ્લીન બની જવાથી આપણા અંતરમાં આનંદ આનંદ ને આનંદનો સાગર વહેવા માંડે ને ભગવાનની મૂર્તિ સંબંધી સુખના ઠંડા ઠંડા શેરડા પડવા માંડે ને અંતરમાં શાંતિ શાંતિ વર્ત્યા કરે. જેવી રીતે બાવના ચંદનની શીતળતાથી બધું ઠંડુ થઈ જાય છે ને તે અગ્નિથી પણ ક્યારેય તપતું નથી, તેવી જ રીતે ભગવાનની માધુરી દિવ્ય મૂર્તિના સુખમાં ગુલતાન બની જવાય, તો આ માયિક વિષયરૂપી અગ્નિથી ક્યારેય તપાય નહીં.

તો આપણે બધાએ તે શ્રીહરિની મૂર્તિના જ સુખના ભોક્તા થવું. ઓ હો હો....! તે મૂર્તિને વિષે તો કાંઈ અલૌકિક દિવ્ય સુખ રહેલું છે, તેનું તો શું વર્ણન થઈ શકે! તો આપણે પણ એ મૂર્તિના જ સુખમાં તલ્લીન બની જવાય ને આપણા અંતરમાં ભગવાનની માધુરી મૂર્તિનું સુખ નવીન નવીન આવ્યા કરે ને તે જ સુખમાં ગરકાવ થઈ જવાય ને પંચવિષયના રાગ માત્ર નિર્મૂળ થઈ જાય એ જ સાચું ફળ છે. તો આપણે બહુ જ કાળજી રાખવી.

હે દીનબંધુ ! હે ભક્તવત્સલ ! આ તમારા પ્રેમી ભક્તોને તમારી માધુરી, પ્રકાશમાન દિવ્ય મૂર્તિનું સુખ નવિન નવિન આપશો ને તેમના સર્વે નવિન નવિન મનોરથો પણ પૂર્ણ કરશો. તો આપણે બધા એમના જ આશ્રિતો છીએ તે દયાળુ શ્રીહરિ જરૂર આપણી સહાયતા કરશે. તો આપણે પણ તેમની દિવ્ય મૂર્તિને વિષે અતિશય પ્રેમ કરવો તથા તેમની આજ્ઞા બરાબર પાલન કરવામાં નવીન નવીન શ્રદ્ધા વૃદ્ધિ પમાડવી. તો આપણે બધાએ બહુ જ કાળજી રાખવી કેમ કે આવો અમૂલો વખત ભગવાન ભજવાનો કોટિ કલ્પે મળે તેમ નથી. તો વીજળીના ઝબકારામાં મોતી પરોવી લેવાની હોશિયારી આપણે મોક્ષના માર્ગમાં રાખવી. આપણા ઉપર દયાળુ શ્રીજી મહારાજે કેટલી દયા કરી છે તે દીવાદાંડી રૂપ શિક્ષાપત્રી આદિ સત્શાસ્ત્રો આપણાને આપ્યા છે, આવા આચાર્યો, આવા સંતો તથા આવો અલૌકિક દિવ્ય સત્સંગનો યોગ આપ્યો છે, તો આપણે બહુ જ કાળજી રાખવી. આ હો હો ભાઈઓ, આજ તો આપણા ઉપર દયાળુ

શ્રીહરિ કેવા અઢળક ઢળી ગયા છે ને કેવા આપણને ન્યાલ કરી દીધા છે, તેની તો શું વાત કરવી. તો હવે આપણે બધાએ બહુ જ સાવધાની રાખવી ને આ છેલ્લો જન્મ કરી દેહને અંતે શ્રીહરિના અક્ષરધામમાં તેમની હજૂર સેવામાં રહી જવાય એ જ આ માનવ જન્મનું આપણું ખરૂં કર્તવ્ય છે. માટે ભગવાન ભજવામાં કાળજી રાખવી.

પત્ર નંબર : ૫

તે દયાળુ શ્રીહરિ પોતાના પ્રેમી ભક્તોને લાડ લડાવે જ છે, તે આપણા સત્સંગમાં દેખાય જ છે, કે જે શ્રીજી મહારાજનો આશ્રિત હોય છે તેને અન્ન વસ્ત્ર ને આબરૂએ વાંધો આવતો જ નથી. તો એવા દયાળુ શ્રીજી મહારાજ આપણને મળ્યા છે, તો આપણે પણ તેમની પ્રસન્નતાને અર્થે ધર્મપાલન કરવામાં તથા તેમની દિવ્ય મૂર્તિનું ધ્યાન ભજન કરવામાં તથા સત્સંગ કરવામાં નવીન નવીન શ્રદ્ધા વૃદ્ધિ પમાડવી. કેવી રીતે, તો જેમ નટો પોતાની નટવિદ્યાઓ બતાવવામાં કેવા તલ્લીન બની જાય છે ને દોરડા ઉપર ચઢીને વેશ ભજવે છે, ત્યારે તેની વૃત્તિ નિશાન ઉપર જ હોય છે. તે નટની વાત સત્સંગીભૂષણમાં બહુ વિસ્તારપૂર્વક લખી છે તથા સદ્‌ગુરૂ નિષ્કુળાનંદ સ્વામિએ પણ લખી છે કે, "નટ ચડે વળી વાંસડે, જોવા મળે સઘળું ગામ, નટ ન જોવે કોઈને, જોવે તો બગડે કામ" જુવો, તે નટો પોતાના દેહ નિર્વાહ માટે કેટલી બધી વૃત્તિ કેળવે છે ને તેમાં કેવા તલ્લીન બની જાય છે ને પોતાની નટવિદ્યાથી જોનારાના મન પણ પોતાની નટવિદ્યામાં તલ્લીન બનાવી દે છે. તેથી તે નટવિદ્યા જોવાવાળા પાસેથી તે નટો ઘણુંક ધન મેળવે છે. તેવી રીતે આપણે પણ દેહે કરીને આ લોકના વ્યવહારની પ્રવૃત્તિ કરવી ને બીજી વૃત્તિથી ભગવાનની મૂર્તિમાં વૃત્તિ રાખવાનો અભ્યાસ કરવો.

આવી રીતે શ્રીજી મહારાજની મૂર્તિને સંભારવી તથા ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરવી એ જ આ મનુષ્ય જન્મનું સાચું ફળ છે. માટે આપણે બધાએ બહુ જ સાવધાની રાખવી ને વીજળીના ઝબકારામાં મોતી પરોવી લેવું, એવી હોશિયારી મોક્ષના માર્ગમાં રાખવી. દયાળુ શ્રીજી મહારાજ પણ પોતાના આશ્રિતો ઉપર એવા તો અઢળક ઢળી ગયા છે કે, આ સત્સંગની મર્યાદા રૂપી હાઈવે રોડ બાંધી આપ્યો છે તેના ઉપર આપણે ચાલ્યા જઈશું, તો ઠેઠ શ્રીજી મહારાજના અક્ષરધામમાં દેહને અંતે પહોંચી જઈશું. માટે આપણે

બધાએ સાચે શુદ્ધ ભાવે સત્સંગ કરવો ને રાત્રે સૂતી વખતે તથા સવારના ઉઠતી વખતે પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને અંતરમાં શ્રીજી મહારાજની મૂર્તિનું પ્રતિલોમ વૃત્તિ વડે ધ્યાન કરવાથી કારણ શરીરના રાગો નિર્મૂળ થઈ જવાથી આપણા અંતરમાં શ્રીજી મહારાજની દિવ્ય માધુરી પ્રકાશમાન મૂર્તિનું અપાર અપાર ને અપાર દિવ્ય સુખ મળશે ને તે દિવ્ય મૂર્તિના સુખ વડે આપણા અંતરમાં ઠંડા ઠંડા શેરડા પડશે ને અંતરમાં તે સુખ વડે અહો અહોપણું વર્તવા લાગશે ને શાંતિ...શાંતિ ને શાંતિ થઈ જાશે. તો આપણે એ સુખમાં દૃષ્ટિ પહોંચાડવી એ જ આપણે કરી કરીને ખરૂં કરવાનું છે. માટે ભગવાનનું ભજન કરવામાં કાળજી રાખવી ને શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં જે નિયમો કહ્યા છે તે પ્રમાણે વર્તવામાં પણ કાળજી રાખવી કેમ કે તેણે કરીને અંતરની શુદ્ધિ થાય છે ને શ્રીજી મહારાજનો રાજીપો થાય છે.

દયાળુ શ્રી હરિ પોતાના આશ્રિતની સર્વ પ્રકારે રક્ષા કરી જ રહેલા છે ને સદાય કરશે, તો આપણે પણ તેમની આજ્ઞા બરાબર પાલન કરવામાં તથા તેમની મૂર્તિને વિષે નવીન નવીન સ્નેહ કરવામાં નવીન નવીન શ્રદ્ધા વૃદ્ધિ પમાડવી. કેવી રીતે, તો જેમ વેપારીઓ ગ્રાહકોને નવીન નવીન પ્રેમ આપે છે ને સારા સારા વચનો વડે તેમને રાજી કરે છે, તેથી તે ગ્રાહકો થકી ઘણા રૂપિયા કમાય છે ને બહુ જ સુખિયા થાય છે, તેવી જ રીતે આપણે પણ સારા સત્પુરૂષોનો સમાગમ કરી, તેમના નવીન નવીન વચનો સાંભળીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિરૂપી ધન આપણા હૃદયમાં નવીન નવીન સંપાદન કરવું, તેનાથી આપણા અંતરમાં અનાદિ કાળના જે માયાના વિકારો ઘૂસી ગયા છે તે નીકળી જાય છે અને આપણા અંતઃકરણમાં સર્વોપરી, સર્વ અવતારના અવતારી, સર્વ સુખના નિધિ એવા જે સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થઈ આવે છે. તે શ્રીહરિની મૂર્તિનું સુખ તો મહાઅલૌકિક છે, તો તે સુખ વડે આનંદ આનંદ ને આનંદનો સાગર વહેવા માંડે ને એ સુખમાં તલ્લીન થઈ જવાય એ જ આ સત્સંગ કરવાનું સાચું ફળ છે.

તો આપણે પણ આળસ, પ્રમાદ અને મોહનો ત્યાગ કરી, દિન દિન પ્રત્યે શ્રીજીમહારાજની મૂર્તિને વિષે પ્રેમ કરવો ને તે જ સુખમાં ગુલતાન બની જવું. શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં લખેલ છે તે પ્રમાણે વર્તવું ને શ્રીજીમહારાજને અંતર્યામી જાણી તેમના નાના મોટા વચન ઉપર સૂરત રાખવી ને ક્યારેય પણ એકાંતમાં એકલી પરસ્ત્રીનો સહવાસ થવા ન દેવો. એ તો બહુ જ સાવધાની રાખવી. રાત્રે સૂતી વખતે તથા સવારના ઉઠતી વખતે પોતાના આત્માને

અક્ષરબ્રહ્મ સાથે એકતા કરીને શ્રીજીમહારાજની મૂર્તિનું પ્રતિલોમવૃત્તિ વડે ધ્યાન કરવું. ધ્યાને કરીને કારણ શરીરની વાસના ટળી જાય છે અને તે વાસના ટળી જવાથી દેહને અંતે શ્રીજીમહારાજની હજૂર સેવામાં રહેવાય છે. માટે સાવધાની રાખી ભજન વિશેષ કરવું.

પત્ર નંબર : ૬

આપણે ભગવાનની માધુરી, દિવ્ય અને પ્રકાશમાન મૂર્તિને વિષે નવીન નવીન પ્રેમ કરવામાં કાળજી રાખવી. કેવી રીતે, તો જેમ ખેડૂતો છે તે નવા મોલને (પાકને) ખૂબ જ પ્રેમથી મીઠા પાણીનું સિંચન કરે છે ને તેથી નવીન નવીન સારા પાકો થાય છે અને તેમાંથી ઘણા રૂપિયા કમાય છે ને સુખિયા થાય છે. તેવી જ રીતે આપણે પણ સારા સત્પુરૂષોનો સમાગમ કરીને સત્સંગરૂપ મીઠા પાણીનું સિંચન કરીશું તો આપણા અંતરમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિ સત્સંગના સારા, દિવ્ય, નવીન નવીન ગુણો પ્રાપ્ત થશે ને તે દિવ્ય ગુણો પ્રાપ્ત થવાથી આપણા અંતરમાં અનાદિ કાળના જે માયાના દોષો જે કામ, ક્રોધ, લોભ, આદિ રહેલા છે, તે નાશ થઈ જશે ને મહારાજની દિવ્ય, પ્રકાશમાન માધુરી મૂર્તિનું દર્શન થાશે ને તે દર્શન વડે આપણા અંતરમાં ભગવાનની મૂર્તિના સુખ વડે ઠંડા ઠંડા શેરડા પડશે ને આપણા અંતરમાં આનંદ, આનંદ ને આનંદના ફુવારા વહ્યા કરશે. ઓહોહો! એ માધુરી મૂર્તિને વિષે તો કાંઈ અલૌકિક દિવ્ય સુખ રહેલું છે તેનું તો શું વર્ણન થઈ શકે! તો આપણે પણ એ દિવ્ય મૂર્તિને વિષે જ અતિશય હેતની વૃદ્ધિ કરવી ને એ મૂર્તિના સુખમાં જ તલ્લીન થઈ જવું એ જ સત્સંગ કરવાનું સાચું ફળ છે. માટે આપણે ભજન કરવામાં સાવધાની રાખવી ને વીજળીના ઝબકારામાં મોતી પરોવી લેવાય એવી હોશિયારી મોક્ષના મારગમાં રાખવી. દયાળુ શ્રીહરિએ આપણને દીવાદાંડીરૂપ શિક્ષાપત્રી આપી છે, તો તેને આધારે આપણે ચાલ્યા જઈશું, તો જેમ દીવાદાંડીને આધારે સ્ટીમરો તથા વહાણો દરિયાની સામે કિનારે પહોંચી જાય છે, તેમ આપણે શિક્ષાપત્રીરૂપ દીવાદાંડીને આધારે ચાલ્યા જઈશું, તો આ સંસારરૂપી સમુદ્રને તરીને શ્રીજીમહારાજના અક્ષરધામરૂપ કિનારે દેહને અંતે પહોંચી જઈશું. તે અક્ષરધામને વિશે શ્રીજીમહારાજની દિવ્ય મૂર્તિના સુખમાં ગુલતાન બની જઈશું. માટે આપણે એ સુખમાં દૃષ્ટિ પહોંચાડીને આ સંસારના ક્ષણિક ને નાશવંત સુખના રાગો ટાળવા, કેમ કે આ સંસારના સુખો તો આપણે ચોર્યાસી લાખ જન્મથી ભોગવતા જ આવ્યા છીએ. એ કાંઈ દુર્લભ નથી. એ સુખ તો વિષ્ટાના

ખાતલ કીડા ને પણ મળ છે. તો એ સુખના રાગો ટાળીને દિન દિન પ્રત્યે શ્રીજીમહારાજની મૂર્તિને વિષે હેત કરવું એ જ આપણે બધાએ કરી કરીને ખરૂં કરવાનું છે. માટે મૂર્તિને વિષે હેત કરવામાં ખટકો રાખવો.

આપણે ભગવાનનો કેફ રાખીને આઠે પહોર આનંદમાં રહી ભગવાન ભજવામાં કાળજી કેવી રીતે રાખવી તો જેમ મોટા સંતો ભગવાનને રાજી કરવા માટે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિ નિયમો બરાબર પાલન કરી, ભગવાનની માધુરી દિવ્ય પ્રકાશમાન મૂર્તિનું ધ્યાન ભજન બરાબર કાળજી રાખીને કરે છે, તો તેમના અતરમાં ભગવાન સાક્ષાત્ પ્રગટ થઈને પોતાની દિવ્ય, માધુરી, પ્રકાશમાન મૂર્તિનું સુખ નવીન નવીન આપે છે, તેથી તેમના અંતરમાં આનંદ આનંદ ને આનંદ વર્ત્યા કરે છે ને આનંદના સાગરમાં નાહ્યા કરે છે. ઓહોહો...! એ મૂર્તિમાં તો કાંઈ અલૌકિક દિવ્ય સુખ રહેલું છે તેનું તો શું વર્ણન થઈ શકે ! તો જુઓ, આવા એકાંતિક સંતો ભગવાનને રાજી કરવાને માટે આવો દાખડો કરે છે તેથી કેવું અલૌકિક દિવ્ય ભગવાનની મૂર્તિનું સુખ ભોગવે છે. તો આપણે પણ ભગવાનને રાજી કરવાને માટે ભગવાનની આજ્ઞાઓ બરાબર પાલન કરવામાં તથા ભગવાનની મૂર્તિનું ધ્યાન ભજન કરવામાં નવીન નવીન શ્રદ્ધા વૃદ્ધિ પમાડવી. તે શ્રીજી મહારાજે આપણા ઉપર દયા કરીને કેવો આ દિવ્ય સત્સંગનો યોગ આપ્યો છે ને વળી દીવાદાંડીરૂપ શિક્ષાપત્રી આદિ સત્શાસ્ત્રો આપ્યા છે. તે દીવાદાંડીને આધારે સ્ટીમરો આદિ સમુદ્રમાંથી સામે કિનારે પહોંચી જાય છે, તો આપણે પણ સંસાર સાગરરૂપ સમુદ્રને તરીને અક્ષરધામરૂપ સામે કિનારે દેહને અંતે પહોંચી જવાય, તો જાણો કે આપણા આ માનવ જન્મનો ફેરો સફળ થયો કહેવાય. માટે આપણે ભગવાન ભજવામાં વિશેષ કાળજી રાખવી.

પત્ર નંબર : ૭

દયાળુ શ્રીહરિ પોતાના પ્રેમી ભક્તોની સર્વે પ્રકારે સહાયતા કરી જ રહેલા છે ને સદાય કરશે. તો આપણે પણ તે મૂર્તિને વિષે પ્રેમ કરવામાં નવિન નવિન શ્રદ્ધા વૃદ્ધિ પમાડવી. કેવી રીતે, તો જેમ બિલ્ડરો પોતાના ગ્રાહકોને નવિન નવિન બંગલાઓ બનાવીને આપે છે ને તેમાંથી ઘણુંક ધન કમાય છે ને તેઓ સંસારના નવિન નવિન સુખો ભોગવે છે, તેવી રીતે આપણે ભગવાન ભજવામાં તથા શ્રીહરિની માધુરી દિવ્ય પ્રકાશમાન મૂર્તિને વિષે હેત કરવામાં

શ્રદ્ધા અતિશય વૃદ્ધિ પમાડવી. ઓ હો હો ...! તે માણીગર દિવ્ય પ્રકાશમાન મૂર્તિને વિષે તો કંઈ અલૌકિક દિવ્ય સુખ રહેલું છે, તે જો એક ક્ષણ માત્ર પણ લીધું હોય, તો એમ થાય કે મેં તે સુખ લાખો વર્ષ સુધી લીધું. એવું તે દિવ્ય મૂર્તિને વિષે અલૌકિક સુખ રહેલું છે. જો આપણે એકાગ્ર થઈને કથાવાર્તા, ધ્યાન, ભજન, આદિ કરવામાં કાળજી રાખીએ તો દયાળુ શ્રીહરિ જરૂર તે પોતાની દિવ્ય માધુરી મૂર્તિનું સુખ પોતાના પ્રેમી ભક્તોને આપે જ છે. તો આપણે ધ્યાન-ભજન કરવામાં અતિશય કાળજી રાખવી. એવી રીતે બરોબર કાળજી રાખી ભજન કરીએ તો આપણા અંતરમાં ભગવાનની દિવ્ય મૂર્તિના સુખ વડે આનંદ, આનંદ ને આનંદના સાગર વહેવા લાગે ને જેમ સમુદ્રમાં મોટા મોટા તરંગો ઉછળે, તેમ આપણા અંતરમાં ભગવાનના સુખના તરંગો ઉછળવા લાગે. તો આવી રીતે ભજન કરીએ તો જરૂર સુખ મળે છે ને ભગવાનની મૂર્તિના સુખ વડે અંતરમાં ઠંડા ઠંડા શેરડા પડવા માંડે ને અંતરમાં સુખ,સુખને સુખ વર્ત્યા કરે એવી રીતે આપણે ભગવાન ભજવામાં કાળજી રાખીને આવી રીતે ભગવાનની દિવ્ય, પ્રકાશમાન, માધુરી મૂર્તિનું સુખ બરાબર લઈએ એ જ સત્સંગ કરવાનું સાચું ફળ છે. તો આપણે એ મૂર્તિનું સુખ લેવા માટે કાળજી રાખવી ને શ્રીજી મહારાજની મૂર્તિને વિષે પ્રેમ કરવામાં તથા શ્રીજી મહારાજની નાની મોટી આજ્ઞાઓનું પાલન કરવામાં અતિશય કાળજી રાખવી.

જુઓ, આપણે આથી અગાઉ અસંખ્યાત્ અવતારો ધરી આવ્યા છીએ ને અત્યાર કરતા પણ અસંખ્યાત્ પંચવિષયના સુખો ભોગવ્યા જ હશે. તો પણ તેની વાસના હજુ ટળી નથી ને આપણે જન્મમરણના ફેરાનું દુઃખ ભોગવ્યા જ કરીએ છીએ, પણ હવે આ દેહે કરીને ભગવાનનું ભજન બરાબર કરી, આ લોકના રાગમાત્ર નિર્મૂળ કરી, દેહને અંતે ભગવાનની હજૂર સેવામાં રહી જવાય એ જ આ મનુષ્ય જન્મનું સાર્થકપણું છે. માટે આપણે બધાએ બહુ જ કાળજી રાખવી ને આહાર વિહારની શુદ્ધિ રાખવી. કહેતા બજારની કંઈપણ મીઠાઈ ન ખાવી ને દૂધથી બનાવેલી વસ્તુ પણ ન ખાવી તથા ગૃહસ્થે પોતાના બ્રહ્મચર્ય વર્તમાનમાં તો બહુ જ કાળજી રાખવી. ક્યારેય એકલી સ્ત્રી સાથે એકાંતમાં ન રહેવું. એ તો બહુ કાળજી રાખવી.

બીજું, આગળ આપણા વડીલો રાત્રે મંદિરમાં જતા ત્યાં કથાવાર્તા ધ્યાન ભજન કરતા ને કોઈને સંજોગવસાત્ મંદિરો દૂર હોય ને ન જઈ શકતા તો ઘેર

સ્ત્રી પુત્રો આદિ સગાસંબંધિઓ સાથે મળીને કથા, વાર્તા, કીર્તન, ધૂન, ભજન,ચેષ્ટા આદિ કરતા, પણ આજકાલ તો માણસોને ટી.વી. આદિ જોવાનો બહુ શોખ થઈ ગયો છે. તે રાતના બાર વાગ્યાની આસપાસના સમય સુધી તે જોવામાં જ ટાઈમ કાઢી નાખે. તો ભગવાન ભજવાની વાત જ ક્યાં રહી. પણ એમાંથી જેમ બને તેમ ઓછું કરીને ભગવાન ભજવામાં કાળજી રાખવી. કેમ કે આવો ટાઈમ પાછો કોટિ કલ્પે મળે તેમ નથી. તે સત્શાસ્ત્રમાં કહેલ છે કે મનુષ્ય જન્મ તો પાછો કરોડો વર્ષે મળે છે. તેમાં પણ જો આપણે સાચે ભાવે સત્સંગ કરીએ તો જ મોક્ષ થાશે,નહીંતર તો વારંવાર જન્મમરણના ફેરાનું દુઃખ ભોગવવું જ પડે છે. તો હવે તે ભોગવવું ન પડે તેવી કાળજી આપણે બધાએ રાખવાની છે.

બીજું, આપણે બબ્બે ઘડી પાછી વૃત્તિ વાળીને વિચાર કરવો કે, હું અહીં શું કરવા આવ્યો છું ? ને શું થાય છે? ને શ્રીજીમહારાજને કેવા કરીને પોતાની સેવામાં રાખવા છે ? તો તે પણ કાળજી રાખવીને સંગની શુદ્ધિ ને નિર્દોષ બુદ્ધિ રાખવી. વખતો વખત પોતાના હૃદય સામું જોઈને આપણી જે કસરો હોય, તે ટાળી નાખવી ને જાણપણારૂપ ધામને દરવાજે રહી, આપણા અંતરમાં ભગવાનની મૂર્તિ સિવાય બીજું કાંઈ પેસી ન જાય, એ ખાસ કાળજી રાખવી. આજે શ્રીજી મહારાજે આપણા ઉપર કેવી દયા કરીને આ ઉત્તમ સત્સંગનો યોગ આપ્યો છે. આવા મંદિરો, આવા આચાર્યો, આવા સંતો, આવા હરિભક્તો આદિકનો ઉત્તમયોગ આપ્યો છે, તો આવા યોગમાં રહી આપણી સર્વ કસરો ટાળી નાખવી.

પત્ર નંબર : ૮

આપણે ભગવાનની માધુરી મૂર્તિમાં પ્રેમ કરવામાં તથા તેમની આજ્ઞા પાલન કરવામાં નવીન નવીન શ્રદ્ધા વૃદ્ધિ પમાડવી. કેવી રીતે, તો જેમ સારા વિદ્યાર્થીઓ વિદ્યાભ્યાસ કરવામાં કેટલી કાળજી રાખે છે ને પરીક્ષા વખતે તો કેટલી બધી મહેનત કરે છે અને રાત્રિદિવસ અભ્યાસ કરે છે જ. તે થોડો સમય જ આરામ કરે પણ અભ્યાસ કરવામાં ખૂબ જ કાળજી રાખે છે અને કેટલાક વિદ્યાર્થીઓ વિદ્યાભ્યાસ કરવામાં તલ્લિન બની જાય છે અને ખાવાપીવાનું પણ ભાન ભૂલી જાય અને પરીક્ષા દરમ્યાન શરીરનું વજન પણ ઘણા વિદ્યાર્થીઓનું ઘટી જાય છે. તે વિદ્યાર્થીઓને એક જ તાન, કે હું સારા માર્કે પાસ થઈ જાઉ ને પાસ થઈ ઘણાંક રૂપિયા કમાઉ ને સુખી થાઉં. તો આ વિદ્યાર્થીઓ વિદ્યાભ્યાસ

કરવામાં કેટલા તલ્લીન બની જાય છે ને સારા ટકા લાવી ઘણાંક રૂપિયા કમાય છે. તેઓ આ લોકમાં વિદ્યાભ્યાસ કરવામાં ને રૂપિયા કમાવા માટે કેટલી બધી મહેનત કરે છે. તેમ આપણે પણ અષ્ટ આવરણ થકી પર ને સુખ, સુખ ને સુખનું ધામ એવું દિવ્ય પ્રકાશમાન અક્ષરધામ, તેને વિષે દિવ્ય સિંહાસનને વિષે વિરાજમાન સર્વાવતારી, સર્વ સુખના નિધિ એવા આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની દિવ્ય, માધુરી, પ્રકાશમાન મૂર્તિનું સુખ ભોગવવામાં નવીન નવીન શ્રદ્ધા વૃદ્ધિ પમાડવી. તે જુવો એ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી ઘણાંક રૂપિયા કમાવવામાં આટલી મહેનત કરે છે એ સુખ તો નાશવંત છે ને આ તો સદાયને માટે અવિનાશી ને કોટિ કલ્પે પણ તે સુખ નાશ ન પામે એવા દયાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રકાશમાન દિવ્ય માધુરી ભગવાનની મૂર્તિનું ધ્યાન ભજન કરીએ, તો ભગવાનની મૂર્તિના સુખ વડે આપણા અંતરમાં ઠંડા ઠંડા શેરડા પડવા લાગે ને આપણા અંતરમાં આનંદ, આનંદ ને આનંદના ફુવારા વહેવા લાગે. ઓહોહો ...! હે ભાઈઓ ! આ દિવ્ય માધુરી મૂર્તિમાં તો કાંઈ અલૌકિક સુખ રહેલું છે, તેનું તો શું વર્ણન થઈ શકે. તો આપણે પણ આ સાચે શુદ્ધ ભાવે સત્સંગ કરી તે સુખમાં તલ્લિન બની જવાય ને આપણા અંતરમાંથી માયાના વિકારો નિર્મૂળ થઈ જાય એજ આ સાચે શુદ્ધ ભાવે સત્સંગ કરવાનું સાચું ફળ છે. માટે આપણે સાવધાની રાખવી ને વીજળીના ઝબકારામાં મોતી પરોવી લેવાય એવી મોક્ષ સંબંધી કાર્યમાં કાળજી રાખવી.

જુવો ભાઈઓ, આપણે આથી પહેલા અસંખ્યાત્ અવતારો ધરી આવ્યા છીએ ને ઘણાંક પંચ વિષયના સુખો ભોગવી આવ્યા છીએ પણ સાચે શુદ્ધભાવે ભગવાનની ભક્તિ બરાબર નહીં કરી હોય, તેથી આપણે જન્મ-મરણના ફેરા ભોગવ્યા જ કરીએ છીએ, પણ હવે તે જન્મ-મરણના ફેરા ભોગવવા ન પડે ને આને આ દેહે કરી ભગવાનનું ભજન બરાબર કરી, આ છેલ્લો જન્મ થઈ જાય ને દેહને અંતે શ્રીહરિની હજૂર સેવામાં રહેવાય, એ જ આ મનુષ્ય જન્મનું સાર્થકપણું છે. માટે આપણે કાળજી રાખવી.

તે દયાળુ શ્રીહરિ જરૂર પોતાના ભક્તોના મનોરથો પૂર્ણ કરે જ છે ને કરશે જ. તો આપણે તે મૂર્તિનો કેફ રાખી આઠે પહોર આનંદમાં રહેવું ને તે દિવ્ય પ્રકાશમાન મૂર્તિનું સુખ લેવામાં તત્પર રહેવું ને તેમની નાનીમોટી આજ્ઞા પાલન કરવામાં કાળજી રાખવી. કેવી રીતે તો જેમ ફિલ્મ બતાવવાળા કેવી ચાલાકી તથા હોશિયારી રાખીને માણસોને નવીન નવીન ફિલ્મો બતાવે

છે. તેથી માણસો પાસેથી ઘણાંક રૂપિયા કમાય છે ને તેથી તે ખૂબ જ સુખિયા થાય છે, તેવી જ રીતે આપણે પણ તે માધુરી, દિવ્ય, પ્રકાશમાન મૂર્તિના સુખમાં ગરકાવ બની જવું ને તે દિવ્ય મૂર્તિના સુખ વડે આપણા અંતરમાં આનંદ, આનંદ ને આનંદનો સાગર વહેવા માંડે ને તે મૂર્તિના સુખમાં આપણી વૃત્તિઓ ખેંચાઈ જાય ને તે દિવ્ય મૂર્તિના જ સુખ વડે આ શરીરનું પણ ભાન ન રહે ને એમ થાય કે, જાણે હું અક્ષરધામમાં જ ભગવાનની સેવામાં રહેલો છું. તો આપણે બધાએ ખૂબ જ કાળજી રાખવી ને તે મૂર્તિના જ સુખનો લોભ રાખી, આ સંસારના ક્ષણિક ને નાશવંત ને અંતે અપાર કલેશના આપનારા જે માયિક સુખો, તેના રાગો બધા નિર્મૂળ કરી, એક ભગવાનને જ સુખે સુખિયા રહેવાય, એ જ સાચું ફળ છે. માટે આપણે બધાએ ખૂબ જ કાળજી રાખી ભજન કરવું.

પત્ર નંબર : ૯

આપણે ભગવાનની દિવ્ય મૂર્તિને વિષે અતિયશ પ્રેમ કરવામાં કાળજી રાખવી. કેવી રીતે, તો જેમ સુપાત્ર બાળકો પોતાના માતા-પિતાની આજ્ઞા બરાબર પાલન કરીને તેમને અતિશય રાજી કરે છે ને બાળકો સારી વિદ્યાને પામે છે ને સારા પૈસાને પામે છે ને સર્વ પ્રકારે સુખિયા થાય છે ને માતાપિતા તીર્થ સમાન છે તો તેમની બરાબર આજ્ઞા પાલન કરવાથી શ્રીજી મહારાજ આપણાને જરૂર સર્વ પ્રકારે સુખિયા કરે છે. માટે આપણે બધાએ તે શ્રીહરિની માણિગર દિવ્ય પ્રકાશમાન, બધાને સુખ આપનારી તે મૂર્તિને વિષે જ અતિશય હેત કરવું. તે મૂર્તિનું સુખ જો એક ક્ષણમાત્ર લીધું હોય, તો એમ થાય કે મેં તે સુખ લાખો વર્ષો સુધી લીધું, એવું એ માણિગર મૂર્તિને વિષે સુખ રહેલું છે. તો આપણે પણ એ મૂર્તિના જ સુખમાં તલ્લીન બની જવું ને તે સુખમાં ગરકાવ બની જવું. જેમ ભમરો સુગંધી ફુલમાં ગરકાવ બની જાય છે તેમ તે મૂર્તિના સુખમાં ગરકાવ બની જવું. આવી રીતે ભગવાન ભજીને મૂર્તિના સુખમાં ગરકાવ બની જવાય ને આ જગતમાત્ર ભૂલી જવાય, માટે આપણે બધાએ સાવધાની રાખવી. શ્રીહરિને અંતર્યામી જાણી તેમના નાના મોટા વચન ઉપર બહુ જ સાવધાની રાખવી. ગૃહસ્થને યોગ્ય રીતે બ્રહ્મચર્ય કહેલ છે, તે પ્રમાણે વર્તવામાં તો બહુ જ સાવધાની રાખવી. ક્યારેય પણ એકાંતમાં એકલી પરસ્ત્રીનો સહવાસ ન થાય એ ખાસ કાળજી રાખવી. કેમ કે, હાલમાં માયા ને કળિયુગનું બહું જ

જોર છે. તે જો જરાપણ ગાફલાઈ રાખીએ તો માયામાં ફસાઈ જઈએ; માટે બહુ જ કાળજી રાખવી.

બીજું, દયાળુ શ્રીહરિ પોતાના પ્રેમીભક્તોને સર્વ પ્રકારે સુખિયા કરે જ છે ને સદાય કરશે. તેવી જ રીતે આપણે પણ તે માધુરી, દિવ્ય, પ્રકાશમાન મૂર્તિને વિષે અતિશય હેત કરવામાં કાળજી રાખવી. કેવી રીતે, તો જેમ રાજા હોય તેની પ્રજા સર્વ પ્રકારે રાજાની આજ્ઞાનું પાલન કરીને તે રાજાને અતિશય રાજી કરે છે, તેથી તે રાજા પણ પોતાની પ્રજા ઉપર અતિશય રાજી થઈને પોતાની સારી પ્રજાના સર્વે પ્રકારે મનોરથો પૂર્ણ કરે છે અને તે પ્રજા પણ સર્વે પ્રકારના નવીન નવીન સુખો પ્રાપ્ત કરે છે ને સર્વે પ્રકારે તે પ્રજા સુખશાંતિને પામે છે ને તે પોતાનો વ્યવહાર સુખરૂપ ચલાવે છે ને ખૂબ જ સુખી થાય છે. જુઓ, આ લોકના રાજાને પ્રજા રાજી કરે છે, તો તે પ્રજા સર્વ પ્રકારે સુખી થાય છે, તો આપણને તો સર્વ અવતારના અવતારી, સર્વકારણના કારણ સર્વ સુખના નિધિ એવા દયાળુ રાજાધિરાજ શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રાપ્ત થયા છે, તો જો આપણે શ્રી સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞાનું બરાબર પાલન કરીશું તો તે ભગવાન આપણી સર્વે પ્રકારની કસરો ટળાવીને સર્વ પ્રકારે સુખિયા કરશે. તો આપણે તે ભગવાનને રાજી કરવામાં તથા તેમની આજ્ઞાનું બરાબર પાલન કરવામાં તથા ભગવાનની મૂર્તિનું ધ્યાન-ભજન, કથા-વાર્તા કરવામાં તથા તે મૂર્તિને વિષે નવીન પ્રેમ કરવામાં અતિશય કાળજી રાખવી ને તે મૂર્તિના સુખમાં તલ્લીન બની જવું ને તે મૂર્તિના સુખમાં જ ગુલતાન બની જવું. ઓહોહો...! તે દિવ્ય પ્રકાશમાન-માધુરી મૂર્તિને વિશે તો અતિશય સુખ રહેલું છે. માટે તે સુખમાં તન્મય બની જવાય ને આ લોકના સર્વે રાગો નિર્મૂળ થઈ જાય ને સર્વ પ્રકારે તે મૂર્તિના જ સુખમાં ગરકાવ થઈ જવાય. માટે આપણે બધાએ આળસ-પ્રમાદનો ત્યાગ કરીને ભગવાન ભજવામાં કાળજી રાખવી.

પત્ર નંબર : ૧૦

આ સંસારના ક્ષણિક અને નાશવંત પંચવિષયના સુખના રાગ નિર્મૂળ કરવામાં તીવ્ર શ્રદ્ધા રાખવી. જુઓ, આપણે આથી અગાઉ ચોર્યાસી લાખ અવતારો ધરી આવ્યા છીએ ને ત્યાં અનેક પ્રકારના આ લોકના સુખો ભોગવ્યા હશે એ કાંઈ દુર્લભ નથી, એ તો વિષ્ટાના ખાતલ કીડાને પણ આ લોકના સુખો મળે છે. માટે આપણે તો હવે એવું મંડવું કે અથ સાધયામિ વા દેહં પાત્યામિ, હવે આ દેહે કરી છેલ્લો જન્મ કરી લેવો ને દેહને અંતે શ્રીહરિની હજૂર સેવામાં

અક્ષરધામમાં રહી જવાય એ જ આ માનવ જન્મનું સાર્થકપણું છે. બાકી આ તો બધું ખોટું છે. આ લોકમાં રહ્યા તો ઉપર થકી વ્યાવહારિક કાર્ય કરવું પણ અંતરમાં જગત ન ભરવું. અંતરમાં તો માણીગર પ્રકાશમાન મૂર્તિ જ રાખવી. અહોહો...! તે મૂર્તિમાં તો કાંઈ અલૌકિક દિવ્ય સુખ રહેલું છે, તેનું તો શું વર્ણન થાય. જેમ માછલાં ને પાણી એ જ જીવન છે ને તે પાણી વિના ક્ષણમાત્ર રહી ન શકે, તેમ આપણને ભગવાન જ જીવન થાય, એ જ આપણે બધાએ ખરૂં કરવાનું છે. તે કામ કરવાને માટે દયાળુ શ્રીહરિએ આ અલૌકિક જેવો જોઈએ તેવો દિવ્ય સત્સંગનો યોગ આપ્યો છે, તે આવા યોગમાં જો આપણી કસર નહીં ટાળીએ તો પછી આવો યોગ કોટી કલ્પે પણ નહીં મળે. માટે વીજળીના ઝબકારામાં મોતી પરોવી લેવું, એવી સાવધાની રાખવી તથા ગૃહસ્થને યોગ્ય રીતે પોતાના બ્રહ્મચર્યવ્રતમાં તો અતિશય સાવધાની રાખવી. ક્યારેય પણ એકાંતમાં એકલી પરસ્ત્રીનો સહવાસ ન થાય એ ખાસ કાળજી રાખવીને ગૃહસ્થના નિયમો ગ.પ્ર.પ.ના ૩૪ માં વચનામૃતમાં લખેલ છે તે પ્રમાણે વાંચીને વર્તવું.

દયાળુ શ્રી હરિ જરૂર પોતાના લાડકવાયા ભક્તોને સર્વે પ્રકારે સુખિયા કરે જ છે અને સદાય કરશે. તો આપણે પણ તેમની આજ્ઞા બરોબર પાલન કરવામાં તથા તેમની પ્રકાશમાન મૂર્તિને વિષે નવીન નવીન પ્રેમ કરવામાં નવીન નવીન શ્રદ્ધા વૃદ્ધિ પમાડવી. કેવી રીતે, તો જેમ વેપારીઓ છે તે પોતાના લાડકવાયા ગ્રાહકોને નવીન નવીન વાતો સંભળાવીને તેમને નવીન નવીન પ્રેમ આપે છે, તેથી તે ગ્રાહકો પ્રેમથી તે દુકાનમાંથી ઘણોક માલ લઈ જાય છે. તેથી તે વેપારીઓ તેમાંથી ઘણુંક ધન કમાય છે અને ખૂબ જ સુખિયા થાય છે. તેવી જ રીતે આપણે તે માણીગર, માધુરી, દિવ્ય, પ્રકાશમાન મૂર્તિને વિષે હેત કરવામાં ઘણી જ કાળજી રાખવી. ઓહો..હો.. હો... તે દિવ્ય મૂર્તિને વિષે તો કાંઈ અલૌકિક દિવ્ય સુખ રહેલું છે તેનું તો વર્ણન થઈ શકે નહીં. તે દિવ્ય માધુરી મૂર્તિનું સુખ જો આપણે એકાગ્ર થઈને એક ક્ષણ માત્ર પણ જો લીધું હોય તો જાણે એમ થાય કે મેં લાખો વર્ષ ભગવાનની મૂર્તિનું સુખ લીધું ને આનંદ થઈ જાય ને આનંદ આનંદ ને આનંદના ફુવારા વહ્યા કરે . તો આપણે બધાએ ભગવાન ભજવામાં બહુ જ કાળજી રાખવી ને તે દિવ્ય પ્રકાશમાન મૂર્તિને વિષે તલ્લીન થઈ જવું ને તે મૂર્તિના જ સુખમાં ગરકાવ થઈ જવું. જેમ ચમકપાણ પથરો હોય તે લોઢાને ખેંચી લે છે, તેવી જ

રીતે આપણે ભગવાનની મૂર્તિના જ સુખમાં તલ્લીન થઈ જવું. જેમ લક્ષ્મીજી છે તે ભગવાનની મૂર્તિમાં સંલગ્ન પણે જોડાઈ જાય છે, તેથી પોતાને આ દેહનું કે આ લોકનું કાંઈ ભાન રહેતું નથી, તેવી રીતે આપણે પણ ભગવાન ભજવામાં એકદમ કાળજી રાખવી ને આળસ પ્રમાદ ને મોહનો ત્યાગ કરી બરાબર કાળજી રાખી ભજન કરીશું, તો દયાળુ ભગવાન જરૂર પોતાના આશ્રિતોને ખુબ જ સુખિયા કરે જ છે ને સદાય કરશે. તો આપણે તેના કેફ રાખી આઠે પહોર આનંદ આનંદના સાગરમાં નાહ્યા કરવું.

પત્ર નંબર : ૧૧

જેમ હિમ પડે ત્યારે પાણી થંભી જાય છે, તેમ આપણા ઈન્દ્રીયો અંતઃકરણની વૃત્તિઓને ભગવાનની મૂર્તિમાં સ્થિર કરવી તેથી તે ભક્તના હૃદયમાં શાંતિ શાંતિ વર્ત્યા કરે ને અહો... અહોપણું થયા જ કરે છે. માટે આપણે બધાએ ભગવાન ભજવામાં વિશેષ કાળજી રાખવી ને આપણે આ લોક ભોગ દેહ આદિની વાસના ટાળીને ભગવાનની મૂર્તિના સુખમાં જોડાઈ જવું. જેમ ભમરી ઈયળને લાવીને તેમાં ગુંજારવ કરે છે ને ટચકા મારે છે ને ઈયળ ભમરીના ટચકા સહન કરે છે, તેથી તે ઈયળ ભમરી જેવી જ ભમરી થઈ જાય છે ને કોઈ અંગ ઈયળનું રહેતું નથી, તેવી જ રીતે આપણે ભગવાનના વચનરૂપી ટચકા સહન કરીશું તો આને આ દેહે કરી બ્રહ્મરૂપ થઈ જશું ને માયાનો પાસ લાગશે નહીં. વળી વચનામૃત ગ.પ્ર.પ્ર.ના ૫૧માં લખેલ છે કે "ભગવાનનું ભજન કરતા કરતા ભગવાનનો ભક્ત આ લોક તથા દેહનું ભાન ભૂલી જઈ ભગવાનની મૂર્તિના સુખમાં ગરકાવ થઈ જાય છે." તો આપણાને આજે જેવો જોઈએ તેવો આ દિવ્ય સત્સંગનો યોગ મળ્યો છે, તો આપણે પણ ભગવાનનું ભજન બરોબર કાળજી રાખી કરવું. તો આપણી જે જે કસરો હોય તેને ટાળી નાંખવી. વળી ઘડી બે ઘડી પાછી વૃત્તિ વાળી ને વિચાર કરવો કે, હું અહીં શું કરવા આવ્યો છું ને શું થાય છે ને શ્રીજી મહારાજને કેવા કરીને પોતાની હજૂર સેવામાં રાખવા છે, તેમાં જે કાંઈ કસર હોય તે ટાળી નાખવી. વળી જણાવવાનું કે, સુદ બીજનો ચંદ્ર હંમેશાં વધતો જ જાય, તે પૂર્ણમાસી આવે ત્યારે સોળે કળાએ સંપન્ન થાય છે. તેવી રીતે આપણે સાચે શુદ્ધ ભાવે સત્સંગ કરવો અને જેમ બીજનો ચંદ્ર વૃદ્ધિ ને પામે છે, તેમ આપણો સત્સંગ વૃદ્ધિ પમાડવો. રાત્રે સૂતી વખતે તથા સવારના ઉઠતી વખતે તથા

દિવસના ટાઈમની અનુકૂળતા પ્રમાણે શ્રીજી મહારાજની મૂર્તિનું પ્રતિલોમવૃત્તિ વડે ધ્યાન કરવું, કેમ જે ધ્યાને કરીને આપણી કારણ શરીરની વાસના ટળે છે તથા આહારની શુદ્ધતા રાખવી. ક્યારેય પણ બજારની બનાવેલી મીઠાઈઓ, ભેળપુરી આદિ ન ખાવા ને ડુંગળી લસણ તો આપણા સત્સંગીઓએ ક્યારેય ન ખાવા. સીગારેટ ન પીવી તથા ગુટકા આદિ આપણા સત્સંગીઓ ક્યારેય ખાય પીયે નહીં તે પણ આપણે બહુ જ કાળજી રાખવી.

જુઓ, આપણે આથી અગાઉ અસંખ્યાત્ અવતારો ધરી આવ્યા છીએ પણ આપણે બરાબર કાળજી રાખી ભજન નહી કર્યું હોય, તેથી આપણે જન્મ-મરણના ફેરા ટાળી શક્યા નથી. તેથી આપણે આ લોકમાં ભટક્યા જ કરીએ છીએ. પણ હવે આપણે બરાબર કાળજી રાખી ભગવાનનું ભજન કરીશું, તો આને આ જન્મે જ બેડો પાર કરી, અષ્ટ આવરણ થકી પર એવું જે અક્ષરધામ, તેની દેહને અંતે પ્રાપ્તિ થઈ જશે. ઓહોહો...! તે અક્ષરધામમાં તો કાંઈ અલૌકિક દિવ્ય સુખ રહેલું છે, તેનું તો શું વર્ણન થઈ શકે. તો આપણે શ્રીજી મહારાજની દિવ્ય, પ્રકાશમાન, માધુરી મૂર્તિના સુખનો લોભ રાખીને ભગવાનનું ભજન વિશેષ કરવું ને પંચવિષયના સુખનો ત્યાગ કરવો. પંચવિષયના સુખ તો વિષ્ટાના ખાતલ ભૂંડીયાને પણ મળે છે એ કાંઈ દુર્લભ નથી, એ તો આપણે ભગવાનનો મહિમા વિશેષ સમજીને એ પંચવિષયના સુખનો ત્યાગ કરી, ભગવાનની મૂર્તિને વિષે પ્રેમ કરવો ને પંચવિષયના સુખ તો આજ દિન સુધી આપણે ભોગવ્યા જ છે, તો આપણે ભગવાનનો મહિમા વિશેષ સમજીને એ પંચવિષયના સુખનો ત્યાગ કરી, ભગવાન ભજી લેવા.

પત્ર નંબર : ૧૨

શ્રીજી મહારાજે આપણા બધાના હાથમાં દીવાદાંડી રૂપી "શિક્ષાપત્રી" આપી છે. જેમ સમુદ્રની દીવાદાંડી ને આધારે ઘણાંક વહાણો તથા ઘણીક સ્ટીમરો સમુદ્રના સામે કિનારે આવી જાય છે, તેમ આપણે "શિક્ષાપત્રી" રૂપી દીવાદાંડીને આધારે ચાલીશું, તો હે ભાઈઓ, આપણે ભવસાગર રૂપી જે સમુદ્ર તેને જરૂર તરીને સામે કિનારે અક્ષરધામના સુખને, દેહને અંતે જરૂર પામી જશું. તો આપણે ભગવાન ભજવામાં બહુ જ કાળજી રાખવી ને શ્રીજી મહારાજને અંતર્યામી જાણી, તેમના નાના મોટા વચનો ઉપર સૂરત રાખવી ને ગૃહસ્થોને યોગ્ય રીતે બ્રહ્મચર્ય કહેલ છે તે પ્રમાણે વર્તવામાં બહુ જ કાળજી રાખવી.

ક્યારેય પણ એકલી પરસ્ત્રીનો સહવાસ એકાંતમાં થવા દેવો નહીં, એ તો બહુ જ કાળજી રાખવી, કેમ કે આજે જગતમાં હળાહળ કળિયુગ વ્યાપી ગયો છે, જેમાં જગતના જીવો બિચારા ત્રિવિધ તાપમાં બળ્યા જ કરે છે. તો આપણે એમાં ન બળીએ એ ખાસ કાળજી રાખવી. કામ, ક્રોધ ને લોભ એ ત્રણ દોષોને નરકના દ્વાર કહ્યા છે, તો આપણામાં તે દોષો ન આવે એ ખાસ કાળજી રાખવી ને આપણે સદાય સત્વગુણમાં રહેવું. રજોગુણ, તમોગુણના વેગ આપણામાં ન આવે તે ખાસ કાળજી રાખવી. વળી, મોટા સંતો કહેતા કે, આ ત્રણ વાના જે શીખે તેને સદાય શાંતિ વર્તે. તે ત્રણ વાના કયા? તો ૧. ચાલશે... ૨. નભશે... ૩. ફાવશે... આ ત્રણ વાના જે શીખે તેને સદાય શાંતિ વર્તે ને અંતરમાં આનંદ વર્તે એ જ સાચું સુખ છે. શ્રીજી મહારાજનો જે આશ્રિત હોય તેને તો શ્રીજી મહારાજની જે આજ્ઞા હોય, તેનું બરોબર પાલન કરવું. જે આજ્ઞા પાલન કરે તેની તો શ્રીજી મહારાજ ડગલે ને પગલે રક્ષા કરે જ છે ને સદાય રક્ષા કરશે. તો આપણે બધાએ જેમ બને તેમ ભગવાનનું ભજન બરાબર કાળજી રાખી કરવું અને દિન દિન પ્રત્યે ભગવાનની દિવ્ય પ્રકાશમાન માધુરી મૂર્તિના સુખમાં તલ્લીન બની જવાય ને આ લોકના રાગમાત્ર નિર્મૂળ થઈ જાય એ જ આ મનુષ્ય જન્મનું તથા સાચે શુદ્ધ ભાવે સત્સંગ કરવાનું સાચું ફળ છે. માટે આપણે બધાએ ભગવાનનું ભજન કરવામાં બહુ જ કાળજી રાખવી.

તે દયાળુ શ્રીહરિ જરૂર પોતાના પ્રેમી ભક્તોના સર્વે મનોરથો પૂર્ણ કરે જ છે ને સદાય કરશે જ. તો આપણે પણ ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરવામાં તથા તે ભગવાનની માધુરી, દિવ્ય, પ્રકાશમાન મૂર્તિને વિષે અતિશય હેત કરવામાં નવિન નવિન શ્રદ્ધા વૃદ્ધિ પમાડવી. કેવી રીતે, તો જેમ સારો વરસાદ વરસે તે વખતે ખેડૂતો ખેતરોમાં મોલ વાવવામાં કેટલી બધી શ્રદ્ધા રાખીને કાળજી રાખીને પોતાના ખેતરોમાં મોલ વાવે છે. તેથી તે ખેતરોમાં ઘણાંક પ્રકારના અનાજ આદિ પાકે છે. તેથી તે અનાજ આદિ વેચીને તે ઘણાંક રૂપિયા કમાય છે ને તે ખુબ જ સુખિયા થાય છે. તો આપણાને આવા સર્વે સુખના નિધિ દયાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાન મળ્યા છે, તેનો કેફ રાખી આઠેય પહોર આનંદમાં રહી ભજન કરવું. ઓ...હો...હો...! તે માણીગર, દિવ્ય, પ્રકાશમાન મૂર્તિમાં તો કાંઈ અલૌકિક દિવ્ય સુખ રહેલું છે, તેનું તો શું વર્ણન થઈ શકે...! એ સુખને આપણે ઈન્દ્રિયો અંતઃકરણને એકાગ્ર રાખીને

એક ક્ષણ માત્ર પણ જો લીધું હોય, તો જાણે એમ થાય કે, લાખો વર્ષ સુધી એ સુખ મેં ભોગવ્યું. આ સંસારના સુખો તો આપણે જ્યારથી આ સૃષ્ટિનું મંડાણ થયું ત્યારથી કરીને આજ દિન સુધી અનેક અવતારોમાં ભોગવ્યા જ છે, તે કાંઈ દુર્લભ નથી. તે તો વિષયના ખાતલ ભૂંડીયાને પણ મળે છે, તે કાંઈ દુર્લભ નથી, પણ આવા ભગવાન મળવા તે અતિ દુર્લભ છે. માટે આવા સર્વે સુખના નિધિ ભગવાનને ભજીને દિન દિન પ્રત્યે તે માધુરી, પ્રકાશમાન, દિવ્ય મૂર્તિને વિષે અતિશય પ્રેમ કરવો, એ જ આ માનવ જન્મનું તથા સત્સંગ કર્યાનું સાચું ફળ છે. માટે ભગવાન ભજવામાં બહુ જ કાળજી રાખવી.

પત્ર નંબર : ૧૩

જેટલું બને તેટલું ભજન વિશેષ કરવું. માળા, માનસીપૂજા, ધ્યાન, ભજન, કથાવાર્તા કરવા - સાંભળવાની કાળજી રાખવી. રાત્રે સૂતી વખતે તથા સવારે ઉઠતી વખતે પોતાની પ્રિયમૂર્તિ ઘનશ્યામ મહારાજ આદિનું ધ્યાન કરવામાં કાળજી રાખવી કેમ કે ધ્યાને કરીને કારણ શરીરની વાસના ટળે છે ને દરેક કામકાજ કરતા ભગવાનની મૂર્તિની સ્મૃતિ રાખવી તથા ભગવાનના નામની પણ સ્મૃતિ રાખવી ને જનક રાજાની પેઠે ઉપરથી વ્યવહાર કાર્ય કરવું પણ અંતરથી નિર્વાસનિક રહેવું. જુઓ, આપણા સત્સંગમાં ગોરધનભાઈ, પરવતભાઈ, દાદાખાચર, મયારામભટ્ટ, આદિ ઘણાંક ગૃહસ્થાશ્રમમાં હતા ને વ્યાવહારિક કાર્ય કરતા હતા પણ અંતરમાં ભગવાનની મૂર્તિની સ્મૃતિ રાખતા હતા. તો આપણે પણ એવી રીતે કાળજી રાખીને વર્તવું ને શ્રીજી મહારાજને અંતર્યામી જાણી તેના નાના મોટા વચનો પર સૂરત રાખવી ને પોતાના બ્રહ્મચર્ય વર્તમાનમાં તો બહુ જ કાળજી રાખવી. ક્યારેય પણ એકાંતમાં એકલી પરસ્ત્રીનો સહવાસ ન થાય તે ખાસ કાળજી રાખવી. અમો પણ અહીં ભગવાન આગળ ખૂબ જ અંતરથી આપના વતીથી પ્રાર્થના કરીએ છીએ કે હે દયાળુ, તમારા આ પ્રેમી ભક્તોની બધી કસરો ટળાવીને તમારી દિવ્ય, માધુરી, પ્રકાશમાન મૂર્તિનું સુખ નવિન નવિન આપશો ને સર્વે પ્રકારે ખૂબ જ સુખિયા કરશો. તો દયાળુ શ્રીહરિ જરૂર સારૂં કરશે. આપણે પણ તેનો કેફ રાખી આઠેય પહોર આનંદમાં રહી ભજન કરવું.

બીજું, દયાળુ શ્રીહરિ જરૂર પોતાના લાડકવાયા પ્રેમી ભક્તો ઉપર વહાલ રાખી સુખિયા કરે છે ને સદાય કરશે. તો આપણે પણ તે માધુરી, પ્રકાશમાન, દિવ્ય મૂર્તિને વિષે અતિશય હેત કરવામાં શ્રદ્ધા પમાડવી. કેવી રીતે, તો જેમ

બિલ્ડરો કલાત્મક, સારા બંગલાઓ બનાવીને કરોડોપતિઓ થાય છે ને સારા સારા શેઠીયાઓને આકર્ષે છે ને તે કરોડપતિઓ તે બંગલાઓમાં આકર્ષાઈને ખરીદ કરીને તે બિલ્ડરોને કરોડો રૂપિયા આપે છે તેથી તે બિલ્ડરો ખૂબ જ સુખિયા થાય છે ને આ લોકમાં તે બિલ્ડરો ખૂબ જ મજા કરે છે. તેવી રીતે હે વ્હાલા લાડકવાયા ભક્તો, આપણે પણ તે માધુરી મૂર્તિમાં હેત કરવામાં ઘણી જ કાળજી રાખવી. કેમ કે ભગવાન ભજવાનો આવો અવસર પાછો કોટિ કલ્પે મળે તેમ નથી. આવો યોગ તો આપણા પૂર્વેના ઘણા જન્મના પુણ્યથી તથા દયાળુ શ્રીજી મહારાજની કૃપાથી મળ્યો છે. તો આપણે આળસ, પ્રમાદ, મોહનો ત્યાગ કરી ભગવાન ભજીને આ છેલ્લો જન્મ કરી લેવો અને આ છેલ્લો જન્મ થઈ જાય એ જ સત્સંગ કરવાનું તથા આ મનુષ્ય જન્મનું ખરૂં સાર્થકપણું છે. માટે તમો ભગવાન ભજવામાં તથા આ લોકના માયિક પંચવિષયના સુખના રાગો ટાળવામાં બહુ જ કાળજી રાખશો. જો આપણે બરાબર કાળજી રાખી ભજન કરીશું, તો દયાળુ શ્રી ઘનશ્યામ મહારાજ જરૂર પોતાના લાડકવાયા પ્રેમી ભક્તોને ખૂબ જ સુખિયા કરે છે ને સદાય કરશે. તો આપણે તેનો કેફ રાખી આઠે પહોર આનંદ, આનંદ ને આનંદના સાગરમાં નાહ્યા કરાય ને આવી રીતે ભગવાનની માધુરી મૂર્તિમાં હેત થઈ જાય, તો આ લોકના નાશવંત પંચવિષયના સુખમાંથી રાગ માત્ર ટળી જાય. કેમ કે આ માયિક પંચવિષયના સુખો આથી અગાઉ આપણે અસંખ્યાત્ અવતારો ધરીને ભોગવ્યા જ હશે, એ કાંઈ દુર્લભ નથી. એ તો વિષ્ટાના ખાતલ ભૂંડીયાને પણ મળે છે. માટે ભગવાનના સુખનો મહિમા સમજીને આ માયિક પંચવિષયના સુખના રાગો ટાળી નાંખવા. એ રાગો ટાળવાને માટે ભગવાને આપણને કેવો આ અલૌકિક સત્સંગનો યોગ આપ્યો છે, તો આવા યોગને પામીને ભગવાન ભજી લેવા. વળી આપણે બબ્બે ઘડી પાછી વૃત્તિ વાળીને વિચાર કરવો કે હું અહીં શું કરવા આવ્યો છું ને શું થાય છે. ભગવાને પોતાના લાડકવાયા પ્રેમી ભક્તોને કેવા ચોખ્ખા કરીને પોતાની માણીગર મૂર્તિનું સુખ આપવું છે તો આપણે એ સુખ લેવાનો આગ્રહ રાખવો. ઓ... હો...હો...! એ પ્રકાશમાન મૂર્તિને વિષે તો કાંઈ અલૌકીક દિવ્ય સુખ રહેલું છે તેનું તો શું વર્ણન થઈ શકે ? એ સુખ આપણે એક ક્ષણ માત્ર ભોગવ્યું હોય, તો એમ થાય કે મેં એ સુખ લાખો વર્ષો સુધી ભોગવ્યું. તો આવો ભગવાનનો મહિમા સમજાઈ જાય તો આપણે એ સુખ એક મિનિટ માત્ર પણ ભૂલીએ નહીં. તો આપણે ભજન કરવામાં બહુ જ કાળજી રાખવી.

પત્ર નંબર : ૧૪

આજે શ્રીજી મહારાજે આપણા ઉપર કેટલી બધી દયા કરીને અપાર, અપાર ને અપાર જે અક્ષરધામમાં દિવ્ય પ્રકાશમાન અલૌકિક સુખ રહેલું છે, તે સુખ પોતાના લાડકવાયા પ્રેમી ભક્તોને આપવાને માટે દયા કરીને અહીં પધાર્યા ને આપણાને પોતાના કરી પોતાને શરણે લીધા. તે આપણા તો કેટલા મોટા અહોભાગ્ય કહેવાય કે આવા દયાળુ સ્વામિનારાયણ ભગવાને પોતાને શરણે લીધા અને આવા અક્ષરધામરૂપ દિવ્ય મંદિરોમાં પોતાની માણિગર મૂર્તિને પધરાવીને પોતાના સ્વરૂપની ઓળખાણ કરાવી ને બન્ને દેશની ગાદીઓ સ્થાપી, આચાર્યોની સ્થાપના કરી, તેમની ઓળખાણ કરાવી તથા સ્ત્રી, ધનના સાચા ત્યાગી સત્પુરૂષોનો યોગ આપ્યો તથા આવો દિવ્ય સત્સંગનો આપણાને અલૌકિક યોગ આપ્યો. તે આપણા તો બહુ જ મોટા ભાગ્ય કહેવાય. તો આવા યોગને પામીને આપણી અનેક જન્મની કસરો માત્ર ટાળી નાખીને આ છેલ્લો જન્મ થઈ જાય એ જ આપણે સાચે ભાવે સત્સંગ કરવાનું, તથા આ મનુષ્ય જન્મનું સાચું ફળ છે. તો આપણે ભગવાન ભજવામાં બહુ જ કાળજી રાખવી.

બાકી તો તમો ગૃહસ્થાશ્રમમાં રહ્યા, તે ઉપર થકી વ્યાવહારિક કાર્યો જેમ ગોરધનભાઈ તથા દાદાખાચર તથા મયારામભટ્ટ આદિ સત્સંગીઓ તથા પરોક્ષના ભક્ત જનકરાજા, નરસિંહ મહેતા, ઉદ્ધવજી, અક્રુર તથા વિભિષણ આદિ કરતા હતા તેવી રીતે ઉપર થકી વ્યાવહારિક કાર્યો કરવા, પણ અંતરમાં જગત ભરવું નહીં. અંતરમાં તો માણિગર, પ્રકાશમાન, માધુરી દિવ્ય મૂર્તિ જ રાખવી. ઓ..હો..હો...! એ દિવ્ય મૂર્તિને વિષે તો કાંઈ અલૌકિક દિવ્ય સુખ રહેલું છે, તે સુખ જો આપણે એક ક્ષણ માત્ર ભોગવ્યું હોય, તો આપણા અંતરમાં ભગવાનની દિવ્ય મૂર્તિના સુખ વડે ઠંડા ઠંડા શેરડા પડે ને આનંદ, આનંદ અને આનંદના સાગરમાં નાહ્યા કરાય. તો આપણે પણ એ સુખનો લોભ રાખીને જેટલું બને તેટલું કાળજી રાખી ભજન વિશેષ કરવું, કેમ કે કરોડો જન્મે જે મોક્ષ સંબંધી કામ થયું નથી, એ કામ આજે ભગવાનની દયાથી થોડા સમયમાં થઈ જાય એમ છે. કેમ કે આ કળિયુગમાં માણસનું આયુષ્ય ઘણાંમાં ઘણું સો વર્ષનું કહેવાય, પણ એ સો વર્ષ તો કોઈ ભાગ્યે જ જીવે. તો એટલા આયુષ્યમાં જો આપણે કાળજી રાખી ભજન કરીશું ને શ્રીજી મહારાજની આજ્ઞાનું બરાબર પાલન કરીશું, તો કરોડો જન્મે જે મોક્ષ સંબંધી

કામ થયું નથી, તે મોક્ષ સંબંધી કામ આજ થોડા સમયમાં થઈ જાય તેમ છે. માટે આપણે મોક્ષ સંબંધી કાર્ય કરવામાં બહુ જ કાળજી રાખવી ને વીજળીના ઝબકારામાં મોતી પરોવી લેવાય તેવી કાળજી ભગવાન ભજવામાં રાખવી. દીવાદાંડી રૂપ શિક્ષાપત્રી આપણા બધાના હાથમાં આપી છે ને જેમ દીવાદાંડી સમુદ્ર કિનારે હોય ને તે દીવાદાંડીના આધારે હજારો સ્ટીમરો કે ઘણા વહાણો સમુદ્રકિનારે પહોંચી આવે છે, તેમ આપણે પણ દીવાદાંડી રૂપ શિક્ષાપત્રીને આધારે ચાલીશું, તો જરૂર આ સંસાર-સાગર રૂપી સમુદ્ર તરીને દેહને અંતે સામે કિનારે જે ભગવાનનું અક્ષરધામ તેને જરૂર પામીશું. માટે આપણે જેટલું બને તેટલું ભજન વિશેષ કરવું.

બીજું, રાત્રે સૂતી વખતે તથા સવારે ઉઠતી વખતે કે મળતે અવકાશે શ્રી ઘનશ્યામ મહારાજની માણીગર, પ્રકાશમાન મૂર્તિનું ધ્યાન કરવામાં પણ કાળજી રાખવી. કેમ કે ધ્યાને કરીને કારણ શરીરની વાસના ટળે છે. દિવસના વ્યાવહારિક કાર્ય કરતા કરતા પણ સ્વામિનારાયણ...સ્વામિનારાયણ નામ લેવાનો અભ્યાસ કરવો. તો આપણે એવી રીતે કાળજી રાખી અભ્યાસ કરીશું, તો જરૂર તે કાર્ય શ્રીહરિની દયાથી થઈ જશે. શ્રીજી મહારાજે વચનામૃતમાં લખ્યું કે "તમે કયે દહાડે કરવા મંડ્યાને ન થયું" આપણે આગ્રહ રાખીને ભજન કરીશું તો જરૂર દયાળુ શ્રીજીમહારાજ આપણા ભેળા ભળીને પોતાની દિવ્ય મૂર્તિનું સુખ આપશે. માટે આપણે આળસ, પ્રમાદ, મોહનો ત્યાગ કરી ભગવાન ભજવામાં ઘણી જ કાળજી રાખવી.

પત્ર નંબર : ૧૫

શ્રીજીમહારાજને અંતર્યામી જાણી તેમના નાના મોટા વચનો ઉપર સૂરત રાખવી ને પોતાના બ્રહ્મચર્યવ્રતમાં તો ઘણી જ કાળજી રાખવી. ક્યારેય પણ એકાંતમાં એકલી પરસ્ત્રીનો સંગ ન થાય એ તો ખાસ કાળજી રાખવી. કેમ કે આજે જગતમાં હળાહળ ઘોર કળિયુગ વ્યાપી ગયો છે ને જગતના જીવો બિચારાને આવો યોગ નથી મળ્યો, તેથી માયામાં જ ગોથા ખાધા કરે છે ને ત્રિવિધ તાપમાં બળ્યા જ કરે છે, પણ આપણા તો કેટલા બધા મોટા ભાગ્ય કહેવાય કે, શ્રીજીમહારાજે દયા કરીને આવો દિવ્ય સત્સંગનો યોગ ન આપ્યો હોત, તો આપણી પણ એ જ હાલત હોત. માટે હે ભાઈઓ, આપ બધા પૂર્વેના યોગભ્રષ્ટ જીવો છો, તેથી દયાળુ શ્રીજીમહારાજે આપણને આવો અલૌકિક યોગ આપ્યો

છે, માટે આવા યોગને પામીને આપણી અનેક જન્મોની કસરો માત્ર ટાળી નાખવી.

તે દયાળુ ઘનશ્યામ મહારાજ પોતાના પ્રેમી ભક્તોને સર્વે પ્રકારે ખૂબ જ સુખિયા કરે છે ને સદાય સુખિયા કરશે જ. તો આપણે પણ તેમની માધુરી, પ્રકાશમાન, માણીગર મૂર્તિને વિષે અતિશય હેત કરવામાં તથા તેમની આજ્ઞા બરાબર પાલન કરવામાં તથા શ્રદ્ધા વૃદ્ધિ પમાડવામાં કાળજી રાખવી. કેવી રીતે? તો જેમ મદારી વાંદરા આદિની નવીન નવીન રમતો શેઠો તથા સાહેબો આદિને બતાવે છે, તથા તે શેઠો તથા સાહેબો આદિ પાસેથી તે મદારી ઘણાંક રૂપિયા કમાય છે, તેથી તે મદારી ખૂબ જ સુખી થાય છે ને ખૂબ જ મોજ મજા કરે છે. તો આપણે પણ આપણા પ્રિય જે "ઘનશ્યામ મહારાજ" ની માધુરી, માણીગર, પ્રકાશમાન મૂર્તિને વિષે અતિશય હેત કરવું ! ઓ...હો...હો...! એ માધુરી મૂર્તિ વિષે તો એવું અલૌકિક દિવ્ય સુખ રહેલું છે તેનું તો શું વર્ણન થઈ શકે ! એ માધુરી મૂર્તિનું સુખ આપણે એક નિમીષ માત્ર ભોગવ્યું હોય, તો અંતરમાં ભગવાનની માધુરી દિવ્ય મૂર્તિના સુખ વડે, ઠંડા ઠંડા શેરડા પડે ને આપણે અંતરમાં આનંદ આનંદ ને આનંદના સાગરમાં નાહ્યા જ કરીએ. તો આપણે એ માધુરી મૂર્તિના સુખમાં દૃષ્ટિ પહોંચાડીને આ સંસારના ક્ષણિક ને નાશવંત ને અંતે અપાર કલેશના આપનારા પંચવિષયના સુખ, તેમાંથી રાગ માત્ર નિર્મૂળ કરીને આ સંસારમાં જળકમળવત્ રહેવું ને એમ જાણવું કે, આ સંસારના સુખો તો આ સૃષ્ટિનું મંડાણ થયું ત્યારથી કરીને આજ દિન સુધી આ જીવ ભોગવતો જ આવ્યો છે. તે સંસારના સુખ ભોગવીને કોઈ તૃપ્ત થયો નથી. તે કીર્તનમાં મોટા સંતોએ લખ્યું છે કે "ભોગ સંસારી ભોગવી, કોઈ તૃપ્ત ન થાયજી, ઈન્દ્રિયો ઊંડી અપાર છે, વિષય નીરે ન ભરાયજી" તો આપણે આ જગતના નાશવંત પંચવિષયના સુખના રાગો નિર્મૂળ કરીને આપણા પવિત્ર અંતરમાં આપણા વહાલા, આપણા લાડકવાયા ઘનશ્યામ મહારાજની મૂર્તિને પધરાવીએ એ જ આપણે મનુષ્ય જન્મ પામીને તથા સાચે શુદ્ધ ભાવે સત્સંગ કરીને ખરૂં તે જ કરવાનું છે. એ કાર્ય કરવાને માટે દયાળુ ભગવાને આપણને જેવો જોઈએ તેવો આ અલૌકિક દિવ્ય સત્સંગનો યોગ આપ્યો છે, તો આવા યોગને પામીને આપણી કસર માત્ર ટાળી નાંખવી ને આવા યોગને પામીને જો આપણી કસરો નહી ટાળીએ, તો પછી આવો યોગ ફરી ક્યાં મળશે ? આજ તો મોટા સંતોએ લખ્યું છે કે, બગાસું ખાતા સાકર આપણા મોઢામાં

આવી ગઈ છે. માટે આપણે આળસ, પ્રમાદ, મોહને ટાળીને જેમ બને તેમ કાળજી રાખી ભજન કરવું.

બીજું, આથી અગાઉ આપણે અસંખ્યાત્ અવતારો ધરી આવ્યા છીએ, પણ આપણાને આવા દયાળુ ભગવાન મળ્યા નહીં હોય ને મળ્યા હશે તો આપણે કાળજી રાખી ભજન નહીં કર્યું હોય, તેથી આપણે પુનરપિ જનનં, પુનરપિ મરણમ્ એમ આપણે જન્મમરણના ફેરા ભોગવ્યા જ કરીએ છીએ, પણ હવે આપણે જન્મમરણના ફેરા ભોગવવા ન પડે એવી કાળજી રાખી ભજન કરવું.

પત્ર નંબર : ૧૬

આ જન્મે આપણે જ્ઞાણપણારૂપ ધામને દરવાજે અખંડ ઊભા રહીને આપણા પવિત્ર હૃદયમાં ભગવાનની માધુરી, મરમાળી, પ્રકાશમાન મૂર્તિ વિના બીજું જગત ન પેસી જાય એ ખાસ કાળજી રાખવી ને આપણે કાળજી રાખી ભજન કરશું તો આપણા ઉપર દયાળુ ઘનશ્યામ મહારાજ જરૂર દયા કરશે. તે લખ્યું છે કે "દઢતા જોઈને મદદ કરે મોરારી" આપણી ભાવના સાચી હશે, તો ભગવાનની મરમાળી, માધુરી, પ્રકાશમાન મૂર્તિને વિષે દિન દિન પ્રત્યે હેતની વૃદ્ધિ જરૂર થશે. જેમ ચમકપાણમાં લોઢું ખેંચાઈ જાય છે, તેમ આપણી વૃત્તિ માધુરી, મરમાળી, પ્રકાશમાન શ્રીહરિની મૂર્તિને વિષે ખેંચાઈ જાય ને તે મૂર્તિને વિષે જ તલ્લિન બની જવાય ને મરમાળી મૂર્તિના સુખમાં ગરકાવ થઈ જવાય, એ જ આપણે કરી કરીને ખરૂં કરવાનું છે.

બીજું, આજ તો આપણાને જે અલૌકિક લાભ મળ્યો છે, તે કોટિ કલ્પે અબજો રૂપિયા ખર્ચતા પણ આ મરમાળી મૂર્તિ નથી મળતી, તે મૂર્તિ આપણાને સહેજે સહેજે મળી છે. ઓહોહો...! આ મરમાળી માધુરી મૂર્તિમાં તો અલૌકિક દિવ્ય સુખ રહેલું છે, તેનું તો શું વર્ણન થઈ શકે ! તો આપણે એ મરમાળી માધુરી મૂર્તિના સુખનો લોભ રાખીને આ સંસારના ક્ષણિક સુખનો ત્યાગ કરવો. એટલે શું સાધુ બની જવું ? ના, સાધુ ન બનવું. સાધુ થવાની કાંઈ જરૂર નથી, પણ આપણા વડીલો જે ગારધનભાઈ તથા પર્વતભાઈ તથા દાદાખાચર તથા મયારામભટ્ટ તથા શિવલાલભાઈ આદિ ઘણાંક ગૃહસ્થ ભક્તો હતા તથા પરોક્ષના ભક્તો જનકરાજા તથા પ્રિયવતરાજા તથા ઉદ્ધવ, અક્રુર, વિદુર, સુદામા, નરસિંહ મહેતા તથા મીરાબાઈ આદિ ઘણાંક ભક્તો ક્યાં ત્યાગી થયા હતા ? નહોતા થયા, ગૃહસ્થાશ્રમમાં જ હતા ને સર્વ વ્યવહારના કાર્યો કરતા જ હતા,

પણ ઉપર થકી વ્યાવહારિક કાર્યો કરતા. તે આપણે મોટા સંતો થકી એ બધાની વાતો સાંભળીએ છીએ, તે બધા ઉપર થકી વ્યાવહારિક કાર્યો કરતા હતા, પણ અંતરમાં તો આપણા પ્યારા ઘનશ્યામ મહારાજની મરમાળી, માધુરી, પ્રકાશમાન મૂર્તિ જ રાખતા હતા. તેવી રીતે આપણે જ્ઞાને કરીને સ્થિતિ કરવી ને વ્યવહારમાં તો મહેતાજી તથા કારભારીની પેઠે ઉપરથી વ્યવહાર કરવો. તેમાં કેટલાક શંકા કરે કે, આવું તો આ કળિયુગમાં થતું હશે ? તે જો ન થતું હોય, તો ગ.પ્ર.પ્ર.નું ૨૦ મું વચનામૃત ખોટું કહેવાય. તેમાં લખ્યું છે કે "તમે કયે દહાડે કરવા મંડ્યા ને ન થયું...?" અભ્યાસ કરે તો જરૂર થાય.

બીજું, આજ તો આપણને કાંઈ અલૌકિક દિવ્ય સત્સંગનો યોગ મળેલ છે, તે કોટિ કલ્પે જે કામ મોક્ષ સંબંધી નથી થયું, તે મોક્ષ સંબંધી કામ આજે દયાળુ શ્રીહરિની દયાથી થોડા સમયમાં થઈ જાય એમ છે. માટે આપણે આળસ પ્રમાદનો ત્યાગ કરી એ મરમાળી, માધુરી મૂર્તિને વિષે જ અતિશય પ્રેમ કરવો. તે લખ્યું છે કે 'આપણાને જે મળી છે મૂર્તિ તેને નિગમ કહે નેતિ નેતિ'... તે નિગમ એટલે વેદ તે પણ આ માધુરી, મરમાળી મૂર્તિનો અપાર અપાર મહિમા કહે છે. ઓહોહો...! આવો આ મૂર્તિનો મહિમા છે,એ મૂર્તિ આપણાને સહેજે સહેજે મળી ગઈ છે. એ મહામૂલી મૂર્તિને આપણા પવિત્ર હૃદયમાં સાચવી રાખવી.

બીજું, મોટા સંતો કહેતા કે, આ સત્સંગમાં ત્યાગી, ગૃહસ્થો લાખો છે, તો તે બધાની એક પ્રકારની સ્થિતિ ન હોય, એક પ્રકારની સરખી સમજણ પણ ન હોય, તો આપણે સંતો હરિભક્તોનો અવગુણ અભાવ ન લેવો ને સંગની શુદ્ધિ ને નિર્દોષ બુદ્ધિ રાખવી, કહેતા સંગની શુદ્ધિ એટલે મોટા મોટા સારા સત્પુરૂષો હોય, સારા ભગવદ્ ભક્તો હોય, તેનો સમાગમ રાખવો ને નિર્દોષ બુદ્ધિ એટલે કોઈ ઓછા વધુ નિયમો પાળતા હોય, તેનો અવગુણ અભાવ ન લેવો. બીજાના દોષ આપણને ક્યાં આડા આવે છે ? બીજું, આપણે આપણા ઈષ્ટદેવ જે શ્રી સ્વામિનારાયણ તેમને વિષે જ અતિશય પ્રેમ કરવો. બીજું, સત્શાસ્ત્રમાં અનેક પ્રકારના શબ્દો આવે, હરિભક્તોની પણ એક પ્રકારની સ્થિતિ ન હોય, એક પ્રકારની સમજણ પણ ન હોય. તો પણ સ્વામિનારાયણ ભગવાન જ સર્વોપરી છે ને એ જ મારા ઈષ્ટદેવ છે એમ જાણી, તે વિના બીજે ક્યાંય પ્રીતિ કરવી નહી. બીજા અવતારો આદિને માનવા, પૂજવા, કોઈની નિંદા ન કરવી, પણ આપણે તો આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનને વિષે જ પતિવ્રતાની ટેક રાખવી.

પત્ર નંબર : ૧૭

આપણે ક્યાંક નોકરી કરતા હોઈએ, તો તે શેઠને કે સાહેબને રાજી કરવા માટે, તે શેઠની કે સાહેબની આજ્ઞા બરાબર પાલન કરીએ છીએ ને ઓફિસ કે દુકાનમાં ટાઈમસર પહોંચી જઈએ છીએ, શા માટે ? તો તે શેઠ રાજી થાશે તો સારો પગાર આપશે ને નવા વર્ષનું સારૂં બોનસ આપશે ને સારા રૂપિયા મળશે ને મોટા સાહેબ રાજી થાય, તો તેનો સી.આર. સારો લખે તેથી તેને જલ્દી પ્રમોશન મળી જાય ને આગળ વધી જાય ને પગાર પણ વધે, તેથી તે ખૂબ જ સુખી થાય. શેઠ તથા સાહેબો આ લોકનું સુખ આપે, પણ આપણા શેઠના શેઠ અને સાહેબના સાહેબ શ્રી સ્વામિનારાયણ ભગવાન છે તે જેમ શેઠની દુકાન હોય, સાહેબની ઓફિસ હોય, તેમ ભગવાનની આ સત્સંગરૂપી ઓફિસ છે. જો સત્સંગના નિયમો આપણે બરોબર પાલન કરીશું તો સ્વામિનારાયણ ભગવાન શેઠ તથા સાહેબ છે, તે આપણાને બોનસ તથા પ્રમોશનરૂપી પોતાની માણીગર, માધુરી, પ્રકાશમાન મૂર્તિનું સુખ વિશેષ આપશે. ઓહોહો...! આવા દયાળુ આપણાને પોતાની માધૂરી મૂર્તિનું સુખ આપશે એ તો મહા અલૌકિક સુખ કહેવાય..!! કરોડો જન્મો તપ કરી દેહને રાફડારૂપ કરી નાખે તો પણ આ ભગવાનની માધુરી મૂર્તિનું મહામોલું સુખ ન મળે. આ તો આપણાને આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની દયાથી જ આ સુખ મળેલ છે. તો આપણા ઉપર ભગવાનનો કેટલો ઉપકાર છે ? તો એ ઉપકારના બદલામાં આપણાથી ભગવાનની જરા પણ આજ્ઞા લોપાય નહી, તે આગળ લખ્યા પ્રમાણે ભગવાનની મૂર્તિ જરા પણ ભૂલાય નહી, એ જ આપણે કાળજી રાખી કરવાનું છે.

જેને આવા સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન મળ્યા નથી, તે જગતના જ સુખમાં મસ્ત રહે છે, તે ભલે મસ્ત રહે. પણ અંતે તે અપાર દુઃખ તથા કલેશને પામે છે. તો આપણે દુઃખ તથા કલેશને પામવું ન પડે, માટે આપણે સાવધાની રાખી ભગવાનના નિયમોમાં કાળજી રાખી વર્તવું.

તે દયાળુ ઘનશ્યામ મહારાજ જરૂર પોતાના પ્રેમી ભક્તોને સુખિયા કરે જ છે ને સદાય સુખિયા કરશે જ. તો આપણે પણ તે દયાળુ શ્રી હરિને વિષે વહાલ રાખવામાં નવીન નવીન શ્રદ્ધા વૃદ્ધિ પમાડવી, કેવી રીતે તો જેમ સાચા સત્પુરૂષ હોય તેમને વિષે જે સાચા જીજ્ઞાસુ શિષ્ય હોય, તે અતિશય નિષ્કામભાવે પ્રેમ કરે ને તેમની બરાબર અનુવૃત્તિ પ્રમાણે વર્તે તો તે સાચા

ગુરૂ, એવા સાચા જીજ્ઞાસુ શિષ્ય ઉપર એટલી બધી દયા કરે ને તે શિષ્યના કરોડો જન્મોના પાપ બાળી નાખે. આથી તે શિષ્ય ભગવાનની માધુરી, પ્રકાશમાન મૂર્તિનું સુખ પામે ને તે માધુરી, મરમાળી મૂર્તિના સુખમાં ગરકાવ અને તન્મય થઈ એટલો બધો સુખી તથા આનંદિત થઈ જાય કે કરોડો જન્મે જે તપ કરે તો પણ તે ભગવાનની માધુરી મૂર્તિના સુખને નથી પામતો તે સુખને તે જીજ્ઞાસુ શિષ્ય પામે છે. તેથી તે શિષ્ય એકદમ સુખી થઈ જાય છે ને મહા મોટા આનંદને પામી જાય છે તથા આ લોકમાં પણ સાચા સત્પુરૂષના આશીર્વાદથી સુખી થાય છે ને તેનો સંસાર પણ સુખમય ચાલે છે. તેમના બાળકો પણ સારા સંસ્કારી થાય છે ને તે આ લોકમાં રહે ત્યાં સુધી ખૂબ જ શાંતિથી ભગવાનનું ભજન કરે છે ને દેહને અંતે અપાર, અપાર ને અપાર જે ભગવાનના અક્ષરધામમાં સુખ છે, તે સુખને પામે છે.

જુવો, સાચા સત્પુરૂષોના આશીર્વાદથી કોટિ કલ્પે જે મોક્ષ સંબંધી કામ થયું ન હતું, તે કામ સાચા સત્પુરૂષના આશીર્વાદથી થઈ ગયું. જેમ તેમણે ભગવાનની મૂર્તિનું સુખ લીધું તેમ આપણે પણ જો ભગવાનનું ભજન કરવામાં કાળજી રાખીશું તો આપણાને પણ ભગવાન જરૂર પોતાની મૂર્તિનું સુખ આપશે. માટે જેમ બને તેમ ભગવાનનું ભજન કરવામાં બહુ જ કાળજી રાખવી. તો આપણે કાળજી રાખી ભજન કરીશું તો દયાળુ શ્રી હરિ જરૂર પોતાના લાડકવાયા પ્રેમી ભક્તોની સહાયતા કરે છે ને સદાય કરશે. તો આપણે તેનો કેફ રાખી આનંદમાં રહી ભજન કરવું.

પત્ર નંબર : ૧૮

હું આ સત્સંગમાં શા માટે આવ્યો છું ને શું થાય છે ને ભગવાનને કેવા ચોખ્ખા કરીને પોતાની હજૂર સેવામાં રાખવા છે, એ વિચાર કરીને આ લોક ભોગમાંથી પાછી વૃત્તિવાળીને, દિન દિન પ્રત્યે ભગવાનની માધુરી, મરમાળી, પ્રકાશમાન મૂર્તિને વિષે જ અતિશય હેત કરવું. એ માધુરી, મરમાળી, દિવ્ય પ્રકાશમાન મૂર્તિને વિષે તો કાંઈ અલૌકિક દિવ્ય સુખ રહેલું છે, તેનું તો શું વર્ણન થઈ શકે ! તો આપણે એ માધુરી મરમાળી મૂર્તિના સુખમાં દૃષ્ટિ પહોંચાડીને આ સંસારના ક્ષણિક ને નાશવંત જે પંચ વિષયના સુખમાંથી રાગ માત્ર ટાળી નાખવા, કેમ કે આ પંચ વિષયના સુખ તો આ સૃષ્ટિનું મંડાણ થયું ત્યારથી કરીને આજ દિન સુધી આપણે તો ભોગવતા જ આવ્યા છીએ. તેમાંથી પાછી વૃત્તિ વાળી રાગ માત્ર નિર્મૂળ કરી નાખવા ને સર્વ સુખના નિધિ એવા

ભગવાનની માધુરી મરમાળી મૂર્તિને વિષે જ અતિશય હેત કરવું. તે મૂર્તિનું સુખ આપણે એક ક્ષણ માત્ર ભોગવ્યું હોય, તો આપણા અંતરમાં ઠંડા ઠંડા શેરડા પડવા માંડે ને આનંદ આનંદ ને આનંદના સાગરમાં નાહ્યા કરીએ. ઓહોહો...! એ માધુરી મૂર્તિમાં તો કાંઈ અલૌકિક દિવ્ય સુખ રહેલું છે. તે સુખનું તો વર્ણન શું થઈ શકે ! તો આપણે માધુરી, મરમાળી મૂર્તિના સુખનો લોભ રાખીને ભગવાનનું ભજન કરવામાં તો બહુજ કાળજી રાખવી. શાસ્ત્રમાં લખ્યું છે કે," અથ સાધયામિ વા દેહં પાતયામિ." તે મોક્ષ સંબંધી કાર્ય કરવામાં તો એવી કાળજી રાખવી, કે ભલે આ દેહ પડી જાય, પણ મોક્ષ સંબંધી કાર્ય તો કરી લેવું. કેમ કે આ દુનિયાના કાર્યો તો આપણે અસંખ્યાત્ જન્મોથી કરતા આવ્યા છીએ પણ આપણા આત્માના મોક્ષ માટે આપણે બરાબર કાળજી રાખી ભગવાનનું ભજન બરાબર નહીં કર્યું હોય, તેથી આપણે આ ભવાટવીમાં ભટક્યા જ કરીએ છીયે. ભવાટવીમાં ભટકવાથી આપણે કૂતરા, ગધેડાં, સિંહ, સર્પ આદિ અનેક અવતારો ધર્યા હશે ને તેમાં અપાર દુઃખ તથા કલેશ ભોગવ્યા હશે, પણ હવે એ સર્વે દુઃખો ભોગવવા ન પડે ને ખૂબ જ શાંતિ થાય ને આ ને આ જન્મે આપણો મોક્ષ થઈ જાય એવો સારો યોગ દયાળુ શ્રીજી મહારાજે આપણાને આ સત્સંગમાં આપ્યો છે. તો સાચે ભાવે સત્સંગ કરીને ભગવાનની દિવ્ય, પ્રકાશમાન મૂર્તિને વિષે પ્રેમ કરીશું તો તે સર્વે દુઃખો ટળી જાશે ને મહા સુખને પામીશું. તો તમો ભગવાન ભજવામાં ખૂબ જ કાળજી રાખશો ને ભગવાનની આજ્ઞા પણ શિર સાટે પાળશો, તો દયાળુ શ્રી હરિ પોતાના ભક્તોને જરૂર સુખિયા કરે છે ને કરશ જ.

માટે આપણે જેમ બને તેમ ભગવાનનું ભજન તીવ્ર શ્રદ્ધા રાખીને કરીશું તો જલ્દી કામ થઈ જશે. શ્રીજી મહારાજે વચનામૃતમાં કહેલ છે કે, કાશીએ જવું હોય તો વીશ વીશ ગાઉ ચાલે, તો જલ્દી પહોંચી જાય ને બે-બે ગાઉ ચાલે, તો પહોંચતા ઘણીવાર લાગે. તેમ અગાઉ આપણે મોક્ષ સંબંધી કામ કરવામાં તીવ્ર શ્રદ્ધા રાખીને ભગવાનનું ભજન નહીં કર્યું હોય, તેથી આપણે જન્મમરણના ફેરા ભોગવ્યા જ કરીએ છીએ, પણ હવે આપણે આ જન્મે તીવ્ર શ્રદ્ધા રાખીને ભજન કરીશું તો આપણો આ જન્મે જ મોક્ષ થઈ જશે.

પત્ર નંબર : ૧૯

શ્રીજી મહારાજે આપણા ઉપર અપાર દયા કરીને દીવાદાંડી રૂપ શિક્ષાપત્રી

આપણા બધાના હાથમાં આપી છે. ઓહોહો...! એ શિક્ષાપત્રીમાં તો કાંઈ અમૂલી વાતો લખી છે, તેનું તો શું વર્ણન થઈ શકે ! ઓહોહો...! પોતાના લાડકવાયા પ્રેમીભક્તો માટે સર્વ અવતારી આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને આપણા પર કેટલી દયા કરીને પોતે સ્વહસ્તે શિક્ષાપત્રી લખીને આપણા બધાના હાથમાં આપી. તો જેમ દીવાદાંડીને આધારે હજારો સ્ટીમ્બરો તથા વહાણો સામે કિનારે પહોંચી જાય છે. તેમ મોટા સંતો એ લખ્યું છે કે, " મારે જાવું સામે તીર, સંતો મારે જાવું સામે તીર." એટલે આપણે બધાએ સાચે શુદ્ધ ભાવે સત્સંગ કરીને ભગવાનનું ખૂબ જ ભજન કરીને દેહ ને અંતે સામે તીર જે અક્ષરધામ તેને આપણે પામવું છે ને તે દેહને અંતે તે અક્ષરધામને પામીયે એ જ સાચે શુદ્ધ ભાવે સત્સંગ કરવાનું સાચું ફળ છે. મનુષ્ય જન્મ પામીને પણ કરી કરીને ખરૂં તે જ કરવાનું છે. તો કોટિ કલ્પે જે કામ મોક્ષ સંબંધી થયું નથી, તે કામ દયાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી થઈ જશે. જો આપણે કાળજી રાખી ભગવાનનું ભજન કરીશું તથા ભગવાનના નિયમોનું બરાબર પાલન કરીશું, તો જરૂર આ જ જન્મે આપણો મોક્ષ થઈ જશે. જુવો તો ખરા, કે કોટિ કલ્પે જે કામ મોક્ષ સંબંધી થયું નથી, તે કામ ભગવાન પોતાના લાડકવાયા ભક્તનું આ કળિયુગમાં સાવ સહેલું કરી આપે છે. તો આપણે જેમ બને તેમ આળસ, પ્રમાદ, મોહને ટાળીને દિન દિન પ્રત્યે માધુરી, મરમાળી, પ્રકાશમાન ભગવાનની મૂર્તિને વિષે જ અતિશય હેત કરવું ને ભગવાનને વિષે હેત થઈ જાય, તો માયાના વિકારો જે કામ, ક્રોધ, લોભ આદિ પ્રયાસ વિના ટળી જાય છે. તો આપણે વિચાર કરીએ કે, ભગવાનને વિષે કેટલું હેત થયું છે ને માયાના વિકારો કેટલા ટળ્યા છે, એમ આપણું અંતર ઘડીએ ઘડીએ જોયા કરવું. આવી રીતે કાળજી રાખી પોતાના હૃદયની તપાસ કરીશું, તો જરૂર એ માયાના વિકારો ટળી જશે. માટે આપણે જેમ બને તેમ માયાના વિકારો ટાળવામાં કાળજી રાખીશું તો જરૂર ટળી જશે.

બીજું, ચકોર પક્ષીને ચંદ્રમા જ વિષય છે. તે ચંદ્રમા ઉદય પામે ત્યારે તે ચકોર પક્ષી બેઠું થાય ને ચંદ્રમા સામું જ જોઈ રહે ને ચંદ્રમા આથમી જાય ત્યારે તે ચકોર પક્ષી પણ પડી જાય. તેથી તે ચકોર પક્ષીમાં એટલી બધી શીતળતા આવે છે કે, ધગધગતા ઉના કોલસામાં પણ બળતું નથી. તો જુવો, ચંદ્રમા કાંઈ ભગવાન નથી પણ તે ચંદ્રમાની શીતળતાને કારણે તે ચકોર પક્ષી શીતળ થઈ ગયું. કેમ કે, તેને ચંદ્રમામાં જ પ્રીતિ હતી. તેવી રીતે આપણે સર્વાવતારી આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનને વિષે જ અતિશય હેત કરીશું,

તો આપણે પણ માયારૂપી અગ્નિથી જરાપણ બળીશું નહીં. જુવો, આ માયા રૂપી અગ્નિથી આખી દુનિયા બળે છે, પણ આપણે ભગવાનના આશ્રિત છીએ, તો આપણી ભગવાન રક્ષા કરે છે ને માયારૂપી અગ્નિમાં બળવા નહીં દે. તો શું બધાને સાધુ થઈ જવાનું? ના, સાધુ થવાની કાંઈ જરૂર નથી. ભલે ગૃહસ્થાશ્રમમાં રહો, પણ ગૃહસ્થના જે નિયમો હોય, તે કાળજી રાખીને પાલન કરો તો તેને ભગવાન બુદ્ધિયોગ આપે છે. ઓહોહો...! આવડા મોટા ને અપાર દયાળુ ભગવાન આપણાને મળી ગયા છે, તો તે ભગવાન મળ્યા છે તેનો કેફ રાખી આનંદમાં રહી ભજન કરવું. જરાપણ ચિંતા કરવી નહીં.

પત્ર નંબર : ૨૦

સ્વામિનારાયણ ભગવાને વચનામૃતમાં લખ્યું છે કે, માછલાં ને જળ એ જ જીવન છે. તે જળ વિના જરાવાર પણ રહી ન શકે, તેમ આપણે ભગવાનના ભક્ત છીએ, તો આપણાને ભગવાન જ જીવન થાય. તે ભગવાનની મૂર્તિને સંભાર્યા વિના જરાવાર પણ રહી ન શકાય. તો જુવો, આ સ્વામિનારાયણ ભગવાને વચનામૃતમાં લખ્યું છે કે, જે ભક્ત હોય તેને ભગવાન જ જીવન થાય. તો આપણે આવી રીતે કામકાજ કરતા ભગવાનની મૂર્તિ સંભારવામાં કાળજી રાખવી. તે આપણે કાળજી રાખીશું તો જરૂર દયાળુ શ્રીહરિ આપણા ભેળા ભળી, પોતાની માધુરી મૂર્તિનું સુખ આપશે. તો આપણે ભગવાન ભજવામાં અંતિશય કાળજી રાખવી.

બીજું, સવારે ઉઠીએ ત્યારે તથા રાત્રે સૂઈએ ત્યારે આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની જે આપણાને પ્રિય લાગે તે મૂર્તિનું ધ્યાન કરવું કેમ કે, ધ્યાને કરીને કારણ શરીરની વાસના બળે છે, એમ કારીયાણીના ૧૨ માં વચનામૃતમાં કહેલ છે. બીજું, શ્રીજી મહારાજને અંતર્યામી જાણી, તેમના નાના મોટાં વચનો ઉપર સૂરત રાખવી. ગૃહસ્થને શાસ્ત્ર અનુસાર યોગ્ય રીતે બ્રહ્મચર્યનું પાલન કરવાનું ગ.પ્ર.પ્ર.ના ૩૪ માં વચનામૃતમાં કહેલ છે. તે પ્રમાણે બ્રહ્મચર્ય વ્રત પાલન કરવામાં પણ કાળજી રાખવી, કેમ કે શાસ્ત્રમાં અનેક પ્રકારના વ્રત કહ્યા છે, પણ બ્રહ્મચર્ય વ્રત સમાન કોઈ વ્રત કહ્યું નથી. તો તેમાં કાળજી રાખી વર્તવું. ક્યારેય પણ એકાંતમાં એકલી પરસ્ત્રીનો સહવાસ થવા ન દેવો, એ તો બહુ જ કાળજી રાખવી કેમ કે, આજે જગતમાં માયાને કળિયુગનું જોર બહુ છે. તો આપણાને તે માયા ને કળિયુગનું જોર ન લાગે ને એ માયા ને કળિયુગ આપણી પાસે ન આવે એ ખાસ કાળજી રાખવી.

બીજું, દયાળુ ઘનશ્યામ મહારાજ જરૂર પોતાના લાડકવાયા પ્રેમી ભક્તોને પોતાની દિવ્ય, પ્રકાશમાન, માધુરી, મરમાળી મૂર્તિનું સુખ આપે છે ને આપશે. તો આપણે પણ તે માધુરી, મરમાળી, પ્રકાશમાન મૂર્તિને વિષે અતિશય હેત કરવામાં કાળજી રાખવી. કેવી રીતે? તો જેમ વેપારી ઘણાંક રૂપિયા કમાવવા માટે કેટલી બધી મહેનત કરે છે. તે ટાઢ, તડકો, ભૂખ, તરસ સહન કરે છે. શા માટે ? તો તે વેપારી મનમાં એમ જાણે છે કે, હું મહેનત કરીશ તો અબજો રૂપિયા કમાઈશ તો ખૂબ જ સુખી થાઈશ. તો જુઓ પ્રેમી ભક્તો, એ વેપારી લોકમાં સુખી થવાને માટે કેટલી બધી મહેનત કરે છે ને તે આ લોકમાં ખૂબ જ સુખી થાયે છે. તે આપણે જોઈએ છીએ કે આ લોકના સુખ તો તુચ્છ ને નાશવંત છે ને અપાર કલેશના આપનારા છે, તો પણ આ જગતના જીવો કેટલા બધા આ લોકના સુખમાં રચ્યા પચ્યા રહે છે ને કેટલી બધી મહેનત કરે છે. તો આપણે વિચાર કરીએ કે, આ તુચ્છ સુખને માટે જગતના માણસો કેટલી બધી મહેનત કરે છે. તો આપણે આપણા પ્રિય ઘનશ્યામ મહારાજને વિષે પ્રીતિ કરવામાં દિન દિન પ્રત્યે નવીન નવીન શ્રદ્ધા વૃદ્ધિ પમાડવામાં કાળજી રાખવી. જુઓ, એ વેપારીઓ આ લોકના તુચ્છ સુખ માટે કેટલો બધો દાખડો કરે છે. તો આપણે આપણા ઈષ્ટદેવ પ્રત્યે પ્રેમ કરવામાં અતિશય કાળજી રાખવી. આપણે જો ભગવાન પ્રત્યે સાચો પ્રેમ કરીશું, તો કોટી કલ્પે જે મોક્ષ સંબંધી કામ થયું નથી, એ મોક્ષ સંબંધી કામ આજે સહેજે સહેજે થઈ જશે. તો આપણે તે માધુરી, મરમાળી, પ્રકાશમાન મૂર્તિને વિશે અતિશય પ્રેમ કરવો. તે માધુરી, મરમાળી મૂર્તિને વિષે સાચો પ્રેમ જો આપણે કરીશું, તો આપણા અંતરમાં આનંદ આનંદ ને આનંદનો સાગર વહેવા લાગશે ને આપણા અંતરમાં ભગવાનની માધુરી, મરમાળી, પ્રકાશમાન મૂર્તિના સુખ વડે અંતરમાં ઠંડા ઠંડા શેરડા પડવા લાગશે ને અહો અહોપણું લાગશે. ઓહોહો...! એ માધુરી, મરમાળી મૂર્તિમાં તો કાંઈ અલૌકિક દિવ્ય સુખ રહેલું છે, તેનું તો શું વર્ણન થઈ શકે ? તો એ માધુરી, મરમાળી મૂર્તિના સુખમાં જો આપણી દૃષ્ટિ પહોંચી જાય, તો આપણાને આ લોકમાં જરા પણ પ્રેમ ન રહે. તે પ્રેમ ન રહે એટલે સંસાર છોડી દેવો ? ના, તેમ કરવાની કાંઈ જરૂર નથી, પણ અંતરમાંથી આ લોકના રાગો ટળી જાય ને ઉપરથી આ લોકની પ્રવૃત્તિ કરે. જેમ ગોરધનભાઈ, પર્વતભાઈ, મયારામભાઈ ભટ્ટ તથા દાદા ખાચર આદિ તથા પરોક્ષ ભક્તો જનકરાજા, પ્રિયવતરાજા, ઉદ્ધવ, અક્રુર આદિ ભક્તો ઉપરથી વ્યાવહારિક પ્રવૃત્તિ કરતા હતા, પણ અંતરમાં ભગવાનની માધુરી,

મરમાળી મૂર્તિ જ રાખતા હતા. મહારાજે વચનામૃતમાં કહેલ છે કે, ઉપર થકી ગમે તેટલી વ્યાવહારિક પ્રવૃત્તિ કરતા હોઈયે તેનો ખરખરો નહીં, પણ અંતરમાં જગતનો સંચ જેટલો ઘાટ થવા દેવો નહીં.

પત્ર નંબર : ૨૧

જુવો, ભગવાનને આપણને એવા એકદમ ચોખ્ખા કરવા છે. હા, તે વાત પણ સાચી છે. કેમ કે જ્યાં સુધી આપણી અંતરની વાસના નહીં ટાળીએ, ત્યાં સુધી ભગવાન પોતાની હજૂર સેવામાં રાખશે નહીં. તો આપણે અંતરની વાસના ટાળવામાં બહુ જ કાળજી રાખવી. સદ્‌ગુરૂ ગુણાતીતાનંદ સ્વામીએ લખ્યું છે કે "એક શિર કે વાસ્તે ક્યું ડરતા હૈ ગમાર." વળી સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે કે, "અનેક જન્મો ખોયા અણ અર્થે તેનું આવ્યું નહીં કઈ કામ, એક જન્મ હરિ અર્થે કરે તો સરી જાય સર્વે કામ." જુઓ, આપણે આથી અગાઉ અનેક અવતારો ધરી આવ્યાં છીએ અને અબજો કલ્પોથી ભટકતા જ આવ્યા છીએ ને આ લોકના તુચ્છ સુખના રાગો ટાળ્યા નથી, તેથી પુનરપિ જનનં પુનરપિ મરણમ્ ભોગવતા જ આવ્યા છીએ ને કાંઈ સાચું સુખ મળ્યું નથી. તો નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે, " એક જન્મ હરિ અર્થે કરે તો સરી જાયે સર્વ કામ." તો હરિ અર્થે કરીએ એટલે સાધુ થવાનું ? ના, બધાને સાધુ થવાની કાંઈ જરૂર નથી. ભગવાને જેને જ્યાં રાખવા ઘટે ત્યાં રાખ્યા છે. તો ભગવાન જ્યાં રાખે ત્યાં રહેવું. ગૃહસ્થોને ગઢડાનાં પ્ર. પ્ર.ના ૩૪માં વચનામૃતમાં કહેલ છે, તેવી રીતે ગૃહસ્થના વ્યાવહારિક કાર્યો કરવા ને જેટલું બને તેટલું કાળજી રાખીને ભજન કરવું. મુકામ મૂકવું નહીં ને નિશાન ચૂકવું નહીં. એનો અર્થ કે મુકામ જે ભગવાનનું ધામ ને નિશાન જે દેહને અંતે ભગવાનના અક્ષરધામમાં ભગવાનની હજૂર સેવામાં રહેવું. તે અનુસંધાન નિરંતર રાખીને જેટલું બને તેટલું વધારે ભગવાનનું ભજન કરવું.

વળી મોટા સંતોએ લખ્યું છે કે, "કર નર વિચાર કોન હૈ તું, કહાં સે આયા ? અબ જાના કહાં, યહાં કોઈ સ્થિર ન રહાવે." તેમાં લખ્યું કે હે ભાઈ, તું વિચાર કર કે તું ક્યાંથી આવ્યો ને ક્યાં જવાનો છે ? તો આપણે આથી પહેલા અસંખ્યાત્ અવતારો ધરી આવ્યા છીએ ને અબ જાયેગા કહાં ? જો આપણે ભગવાનની બરાબર ભક્તિ કરીશું ને ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરીશું, તો ભગવાન પોતાના અક્ષરધામમાં દેહને અંતે જરૂર લઈ જશે. જો

ભગવાનની આજ્ઞા બરાબર પાલન નહીં કરીએ, તો પાછા જન્મ મરણના ફેરામાં ભટકવું પડશે. તે મોટા સંતોએ લખ્યું છે કે, ભૂતકાળ તથા ભવિષ્યકાળનો વિચાર ન કરતા વર્તમાનકાળ સુધારી લેવો. જુઓ હે ઘનશ્યામ પ્યારા હે લાડકવાયા ભાઈઓ, આપણે આથી અગાઉ અનેક જન્મો ધરી આવ્યા છીએ, પણ સાચે શુદ્ધ ભાવે ભગવાનની ભક્તિ બરાબર નહીં કરી હોય, તેથી આપણો મોક્ષ થયો નથી. તો તેનો વિચાર ન કરવો. વળી ભવિષ્યમાં કેવો યોગ મળે તેનો વિચાર ન કરવો. આજે ભગવાનની અપાર કૃપાથી આપણાને આવો દિવ્ય અલૌકિક સત્સંગનો યોગ મળ્યો છે, આવા દયાળુ ભગવાન મળ્યા, આવા આચાર્યો મળ્યા, આવા સ્ત્રી ધનના સાચા ત્યાગી સંતો મળ્યા, આવો દિવ્ય સત્સંગનો યોગ મળ્યો, તો આવા યોગને પામીને આપણે તીવ્ર શ્રદ્ધા રાખીને ભગવાનની ભક્તિ બરાબર કરીશું, તો જરૂર આપણો મોક્ષ થઈ જશે.

આપણે જાણપણા રૂપ ધામને દરવાજે ઊભા રહેવું એમ ગઢડા છેલ્લા પ્ર. ના ૯ માં વચનામૃતમા લખેલ છે. જાણપણા રૂપ ધામને દરવાજે ઊભીયે ને અંતરમાં જગતને પેસવા ન દઈએ, તો ભગવાન જરૂર આપણો મોક્ષ કરશે જ.

પત્ર નંબર : ૨૨

આપણે આથી અગાઉ અસંખ્યાત્ જન્મો ધરી આવ્યા છીએ, પણ આપણે તીવ્ર શ્રદ્ધા રાખી બરાબર ભજન નહીં કર્યું હોય, ભગવાનની આજ્ઞા બરાબર પાલન કરી નહીં હોય, એટલે આપણો મોક્ષ થયો નથી. પણ જુવો, એ વખત જે ગયો તેને ભૂલીને હવે આપણું બાકીનું જે આયુષ્ય છે, તેમાં આપણે કાળજી રાખી ભગવાનનું ભજન બરાબર કરી લેવું તથા ભગવાનની નાની મોટી આજ્ઞા બરાબર પાલન કરવી, તો ભગવાન આપણી સર્વે કસરો ટળાવીને જરૂર આપણો મોક્ષ કરશે.

શાસ્ત્રોમાં લખેલ છે કે કરોડો કામ કર્યા, કરોડો રૂપિયા કમાણા, ભાઈભાઈ કહેવાયા, સાહેબ-સાહેબ કહેવાયા, પણ મોક્ષ સંબંધી અર્થ જો આપણે સિદ્ધ ન કર્યો, તો બીજું બધું નકામું કહેવાય. માટે આપણે મોક્ષ સંબંધી કામ કરવામાં કાળજી રાખવી.

બીજું, એક મોટા સંતે લખ્યું છે કે, તમે ભાવે ભજીલો ભગંવાન જીવન થોડું રહ્યું. કાંઈક આત્માનું કરજો કલ્યાણ જીવન થોડું રહ્યું. ક્ષણ ક્ષણ એળે જીવન જાય, પાછળથી પસ્તાવે શું થાય ? ઉંમર બધી વહી જાય, પાણી પેલા

પાળ કરી લ્યો. જુવો, આ મોટા સંતોએ લખ્યું કે, તમે ભાવે એટલે પ્રેમથી ભગવાનનું ભજન કરી લ્યો ને એક ક્ષણ માત્ર પણ ભગવાનનું ભજન કર્યા વિના જવા ન દો. આ બધી જો આપણે ટેવ પાડીએ તો જરૂર થઈ જાય. જેમ આ દુનિયાના માણસો રૂપિયા કમાવવામાં કેવા તત્પર થઈ જાય છે ને રાત દિવસ કેટલી બધી મહેનત કરે છે, તેથી તે ઘણાંક રૂપિયા કમાય છે. તેવી રીતે આપણે ભગવાન ભજવામાં કાળજી રાખવી. ઓહોહો...! કોટિ કલ્પે જે ભગવાન મળ્યા ન હતા, એ દયાળુ ભગવાન આપણાને આજે સહેજે સહેજે મળી ગયા છે.તો તેનો આપણે કેફ રાખવો કે, આપણા મોટા ભાગ્ય છે કે, આપણાને આવા દયાળુ ભગવાન મળ્યા છે.

બીજું, જે અષ્ટઆવરણ થકી પર એવું જે ભગવાનનું અક્ષરધામ તેમાં અપાર અપારને અપાર દિવ્ય સુખ રહેલું છે. તે સુખ કોટિ કલ્પે જે તપ કરે તેને પણ એ અક્ષરધામનું દિવ્ય સુખ મળતું નથી. ઓહોહો...! એ અષ્ટઆવરણ થકી પર ને અપાર અપાર જેમાં અલૌકિક દિવ્ય સુખ રહેલું છે, એ અક્ષરધામને આપણે માયા માથે પગ દઈને દેહને અંતે પામવું છે. ઓહોહો...! એ અક્ષરધામને વિશે તો કાંઈ ભગવાનની મૂર્તિનું અલૌકિક દિવ્ય સુખ રહેલું છે ! તેનું તો શું વર્ણન થઈ શકે ? ઓહોહો...! તેમાં તો સુખ સુખ ને સુખ રહેલું છે. તો આપણે એ માધુરી, મરમાળી, પ્રકાશમાન મૂર્તિના સુખમાં જો દૃષ્ટિ પહોંચી જાય, તો આપણાને આ લોકના જે માયિક પંચ વિષયના સુખમાં જરા પણ પ્રીતિ ન રહે ને એ માયિક પંચ વિષયના સુખ તો વિષ્ટાના ખાતલ કીડાને પણ મળે છે. એ કાંઈ દુર્લભ નથી. એ તો આ સૃષ્ટિનું મંડાણ થયું ત્યારથી કરીને આજ દિન સુધી આ જીવ એ પંચ વિષયના સુખો ભોગવતો જ આવ્યો છે. તો એ માયિક સુખમાંથી પાછી વૃત્તિ વાળીને ભગવાનની માધુરી, મરમાળી, પ્રકાશમાન મૂર્તિને વિષે અપાર પ્રીતિ કરીને પંચ વિષયના સુખોના રાગો ટાળવા એ જ સાચે શુદ્ધ ભાવે સત્સંગ કરવાનું તથા આ મનુષ્ય જન્મ પામ્યાનું સાચું ફળ છે. એ કાર્ય કરવાને માટે આપણા દયાળુ ઘનશ્યામ મહારાજે આજે કેવો અલૌકિક દિવ્ય સત્સંગનો યોગ આપ્યો છે. તો આ સત્સંગનો યોગ કોટિ કલ્પે મળ્યો નથી, એ યોગ આજે દયાળુ ઘનશ્યામ મહારાજે આપણા ઉપર અપાર દયા કરીને આપ્યો છે. તો આપણે સાચે શુદ્ધ ભાવે સત્સંગ કરીને આપણી કસર માત્ર ટાળી નાખવી ને સવારે ઉઠીએ ત્યારે તથા રાત્રે સૂતી વખતે તથા દિવસમાં મળતે અવકાશે ભગવાનની માધુરી મૂર્તિનું પ્રતિલોમ

વૃત્તિ વડે ધ્યાન કરવું, કેમ કે ધ્યાન કર્યા વિના કારણ શરીરની વાસના ટળતી નથી ને તે વાસના ટાળ્યા વિના અક્ષરધામમાં ભગવાનની સેવામાં રહેવાતું નથી. માટે એ ધ્યાન પણ મળતે અવકાશે કાળજી રાખીને કરવું તથા દરેક કામકાજ કરતા મનમાં ભગવાનની મૂર્તિની સ્મૃતિ રાખવી ને મનમાં સ્વામિનારાયણ ભગવાનનું નામ લેવું. તે નિષ્કુળાનંદ સ્વામીએ લખેલું છે કે, '' હવે મારા વ્હાલાને નહીં રે વિસારૂં, શ્વાસોચ્છ્વાસે તે નિત્ય સંભારૂં.'' તો આપણે પણ આવી ભજન કરવાની ટેવ પાડવી.

પત્ર નંબર : ૨૩

મોટા સંતોએ લખ્યું કે, નામીએ સહિત નામ લેવું. તે નામીએ સહિત નામ લેવું એટલે આપણે ઘનશ્યામ મહારાજને યાદ કરીએ એટલે ઘનશ્યામ મહારાજ સામે ચાલી આવે ને તે મૂર્તિના દર્શન થાય. તે આવી આપણે લટક પાડીએ તો પડે. તે ગઢડા પ્ર.પ્ર. ના ૨૦ માં વચનામૃતમાં લખેલ છે કે, કયે દહાડે કરવા મંડ્યા ને ન થયું. અભ્યાસ કરે તો આત્મા દેખાય ને આત્માને વિષે માધુરી, મરમાળી, પ્રકાશમાન મૂર્તિ દેખાય ને જો ન દેખાતું હોય, ને ન થાતું હોય, તો વચનામૃત ખોટું કહેવાય. તે વચનામૃત તો ભગવાને લખ્યા છે, તે ખોટા ન કહેવાય. પણ આપણે અભ્યાસ કરવામાં કાચ્યપ કહેવાય. કાચ્યપ ન ટળવાને કારણે કોટિ કલ્પ થયા આપણે માયામાં જ ગોથાં ખાધા કરીએ છીએ ને હજુ જો કાળજી રાખી ભજન નહીં કરીએ તો વળી પાછા જન્મ મરણના ફેરા ભોગવવા જ પડશે. તો હવે આપણે સાચે શુદ્ધ ભાવે સત્સંગ કરી, આપણી કસર માત્ર ટાળી નાખીશું, તો થોડા સમયમાં આપણું મોક્ષ સંબંધી કાર્ય જરૂર થઈ જશે. જો કાળજી રાખી ભજન નહીં કરીએ અને ભગવાનના નિયમોનું બરાબર પાલન નહીં કરીએ, તો વળી પાછા જન્મ મરણના ફેરા ભોગવવા જ પડશે. તો એ ફેરા ભોગવવા ન પડે તેવી આપણે કાળજી રાખવી.

બીજું, જમતા જમતા વાતો કરવી નહીં, કોળિએ કોળિએ સ્વામિનારાયણ ભગવાનનું નામ લેવું. રાત્રે સૂતી વખતે ભગવાનની મૂર્તિનું પ્રતિલોમ પણે ધ્યાન કરવું ને સૂતા સૂતા ઊંઘ ન આવે ત્યાં સુધી ભગવાનનું નામ લેવું. સૂઈએ ત્યારે એમ વિચાર કરવો કે, મારા પાસે મારા ભગવાન સૂતા છે, મારા ગુરૂ સૂતા છે, મારા વડીલ સૂતા છે. એવી ભાવના રાખીએ તો બીજા વિચાર ન આવે ને બીજા ખરાબ સ્વપ્ના પણ ન આવે. ઓહોહો...! આપણે કોટિ કલ્પો

થયા આળસ, પ્રમાદ, મોહને ટાળ્યા નથી ને આ લોકના વ્યાવહારિક કાર્યોમાં જ લુબ્ધ થઈ ગયા છીએ. આ લોકના માયિક પંચ વિષયના સુખો ભોગવવામાં જ રચ્યા પચ્યા રહ્યા હશું, તેથી આપણે ભગવાનના ધામમાં પહોંચ્યા નથી, પણ હવે આપણે કાળજી રાખી ભજન કરીશું, તો દયાળુ ભગવાન આપણો મોક્ષ જરૂર કરી આપશે. તો એવા દયાળુ ભગવાન આપણને મળ્યા છે, તેનો કેફ રાખી, આનંદમાં રહી ભજન કરવું.

બીજું, શ્રીજી મહારાજને અંતર્યામી જાણી તેમના નાના મોટા વચનો ઉપર સૂરત રાખવી. ગૃહસ્થોને યોગ્ય રીતે બ્રહ્મચર્યવ્રત પાલન કરવાનું કહેલ છે તો તે ઉપર પણ ઘણી સૂરત રાખવી. કેમ કે શાસ્ત્રોમાં અનેક પ્રકારના વ્રતો કહ્યા છે, પણ બ્રહ્મચર્યવ્રત તુલ્ય કોઈ ઉત્તમ વ્રત કહેલ નથી. તો તે પણ ખ્યાલ રાખવો. ક્યારેય પણ એકલી પરસ્ત્રી સાથે એકાંતમાં સહવાસ રાખવો નહીં, કેમ કે આજે જગતમાં હળાહળ કળિયુગ વ્યાપી ગયો છે. તો આપણે તેમાં ન લોપાતા કાળજી રાખવી. હું પણ અહીં આપણા પ્યારા ઘનશ્યામ મહારાજ આગળ બહુ જ પ્રાર્થના કરૂં છું કે હે પ્રભુ, આ તમારા પ્રેમી ભક્તોની સર્વ કસરો ટળાવી, તમારી માધુરી મૂર્તિનું સુખ વિશેષ આપશો. તે દયાળુ ભગવાન પોતાના ભક્તોને સુખિયા કરે છે ને સદાય કરશે જ. તેનો કેફ રાખી આનંદમાં ભગવાનનું ભજન વિશેષ કરવું.

પત્ર નંબર : ૨૪

આપણે દયાળુ ઘનશ્યામ મહારાજની માધુરી, મરમાળી, પ્રકાશમાન મૂર્તિને વિષે અતિશય પ્રેમ કરવામાં નવીન નવીન શ્રદ્ધા વૃદ્ધિ પમાડવી. કેવી રીતે ? તો જે મોટા વેપારીઓ હોય, તે પોતાના લાડકવાયા ઘરાકોને સારી સારી વાતો કરીને તેમને ખૂબ જ પ્રેમ આપે છે, તેથી તે ઘરાકો તે વેપારીઓ પાસેથી લાખો રૂપિયાનો માલ લઈ જાય છે. તેથી તે ઘરાકોમાંથી તે મોટા મોટા શેઠો ખૂબ જ રૂપિયા કમાય છે ને તે વેપારીઓ ખૂબ સુખિયા થાય છે. તે રૂપિયા તો નાશવંત છે, પણ એ રૂપિયા કમાવવાને માટે કેટલો બધો દાખડો કરે છે. તો આપણે આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની માધુરી, મરમાળી, દિવ્ય, પ્રકાશમાન મૂર્તિને વિષે સાચો પ્રેમ કરીશું, તો તે દયાળુ ઘનશ્યામ મહારાજ આપણાને પોતાની માધુરી, મરમાળી, પ્રકાશમાન મૂર્તિનું ખૂબ જ સુખ જરૂર આપશે ને આપણાને આ લોકમાં સુખિયા કરશે ને દેહને અંતે તે

માધુરી, પ્રકાશમાન, મૂર્તિનું સુખ જરૂર પોતાના પ્રેમી ભક્તોને આપશે. ઓહોહો...! એ માધુરી, પ્રકાશમાન મૂર્તિને વિષે તો કાંઈ અલૌકિક દિવ્ય સુખ રહેલું છે! તે સુખનું તો શું વર્ણન થઈ શકે ! તે સુખ તો અપાર અપાર ને અપાર છે. તે સુખ દયાળુ ભગવાન પોતાના લાડકવાયા પ્રેમી ભક્તોને આપે જ છે ને આપશે જ. તે ભગવાનની દિવ્ય મૂર્તિનું સુખ લેવાને માટે આપણું અંતર ચોખ્ખું રાખવું. આપણું અંતર ચોખ્ખું હશે તો જ દયાળુ ભગવાન જરૂર પોતાના પ્રેમી ભક્તોને પોતાની પ્રકાશમાન, માધુરી, મૂર્તિનું સુખ જરૂર આપે છે ને આપશે જ. તો આપણે પણ તે સુખ લેવામાં અતિશય કાળજી રાખવી. તે સુખ તો લાખો, કરોડો વર્ષો તપ કરીને થાકી જાય, તેને પણ મળતું નથી. પણ આપણા ઉપર તો ઘનશ્યામ મહારાજે ઘણી જ દયા કરીને પોતાની માધુરી, મરમાળી, પ્રકાશમાન મૂર્તિનું સુખ આપ્યું ને પોતાના સ્વરૂપની ઓળખાણ કરાવી ને આપણાને સુખિયા કરી દીધા છે, તે આપણા મોટા ભાગ્ય છે.

બીજું, આજે જગતમાં ઘોર કળિકાળ વ્યાપી ગયો છે ને જંગતના જીવો બિચારા ત્રિવિધ તાપમાં બળ્યા જ કરે છે. પણ આપણા તો કેટલા મોટા ભાગ્ય કહેવાય કે, આવા હળાહળ ઘોર કળિયુગમાં આપણાને ભગવાને પોતાના શરણે લીધા અને આપણાને આવા સર્વ સુખના નિધિ, સર્વ અવતારના અવતારી, દયાળુ ઘનશ્યામ મહારાજે આપણાને પોતાના કરી રાખ્યા છે.

બીજું, વચનામૃતમાં મહારાજે કહ્યું છે કે, હે સંતો, હે બ્રહ્મચારીઓ, હે પાર્ષદો, હે આચાર્યો, હે હરિભક્તો, તમો બધા મારા છો. તો તમારા અંતરમાં જરા પણ માયાનો લોચો રહેવા દેવો નથી. માટે તમો પણ સુધા સાવધાન રહેજો ને જો જરા પણ ગાફલાઈ રાખશો, તો અંતરમાં માયા પેસી જશે તો પછી આવો યોગ મળવો એ તો ઘણું જ કઠણ છે. સત્શાસ્ત્રમાં લખ્યું છે કે, અબજો વર્ષો જાય પછી જ એકવાર મનુષ્યનો જન્મ મળે છે. આપણે આથી અગાઉ અબજો જન્મ ધરીને આવ્યા છીએ ને તે જન્મો ધરતા ધરતા આ એક જ વાર આપણાને દેવોને પણ દુર્લભ એવો મનુષ્ય જન્મ મળ્યો છે. આવા સર્વ સુખના નિધિ દયાળુ સ્વામિનારાયણ ભગવાન મળ્યા, આવા આચાર્યો મંળ્યા, આવાં સ્ત્રી ધનના સાચા ત્યાગી સંતો મળ્યા, આવો દિવ્ય સત્સંગનો યોગ મળ્યો, આવા હરિભક્તોનો યોગ મળ્યો, તો આવા યોગને પામીને આપણી કસરમાત્ર ટાળી નાખીને દિન દિન પ્રત્યે માધુરી, પ્રકાશમાન, ઘનશ્યામ મહારાજની મરમાળી મૂર્તિને વિષે જ હેત કરવું એ જ આ મનુષ્ય જન્મ પામીને સાચે શુદ્ધ ભાવે સત્સંગ કરવાનું સાચું ફળ છે. માટે આપણે બધાએ આળસ, પ્રમાદ,

મોહ ટાળીને ભગવાનનું ભજન કરી લેવું તથા જાણપણા રૂપ ધામને દરવાજે અખંડ ઊભા રહીને આપણા પવિત્ર હૃદયને વિષે જરા પણ માયા પેસવા દેવી નહીં. જો તે આપણે જરા પણ ગાફલાઈ રાખીશું, તો આપણાં અંતરમાં માયા પેસી જશે..જો આપણા અંતરમાં માયા પેસી જાય, તો ભગવાનં ભજવામાં વિક્ષેપ થાયં. માટે આપણે જેમ બને તેમ વિશેષ ભજન કરવું, જેથી માયા અંતરમાં પેસી જાય નહીં. તેથી આપણે કાળજી રાખવી.

પત્ર નંબર : ૨૫

આપણે આથી અગાઉ અસંખ્યાત્ અવતારો ધરી આવ્યા છીએ, મણ સાચે શુદ્ધ ભાવે કાળજી રાખી સત્સંગ નહીં કર્યો હોય, ભગવાનમાં બરાબર પ્રેમ નહીં કર્યો હોય, તેથી આપણે હજું પુનઃરપિ જનનં અને પુનઃરપિ મરણમ્ એમ આપણે જન્મ મરણના ફેરા અબજો કલ્પો થયા ભોગવતા જ આવ્યા છીએ ને વારંવાર આ ભવાટવિમાં ભટક્યા જ કરીએ છીએ. ભૂતકાળને ભૂલી જવું અને ભવિષ્યકાળ કેવો આવે એ કાંઈ આપણા હાથમાં નથી. તેથી વર્તમાનકાળ સુધારી લેશું ના, તો...તો હે ઘનશ્યામપ્યારા લાડકવાયા વહાલા ભાઈઓ, કોટિ કલ્પે જે મોક્ષ સંબંધી કામ થયું નથી તે મોક્ષ સંબંધી કામ આજે થોડા સમયમાં થઈ જશે. માટે આપણે ભગવાન ભજવામાં બહુ જ કાળજી રાખવી. આપણે કાળજી રાખી ભજન કરીશું ના, તો... તો દયાળુ ઘનશ્યામ મહારાજ આપણી સર્વે કસરો ટળાવીને પોતાની માધુરી, મરમાળી, મૂર્તિનું સુખ આપણાને અહીં પણ આપશે ને દેહને અંતે જેમાં અપાર અપારને અપાર દિવ્ય સુખ રહેલું છે,એવું અક્ષરધામ તેમાં આપણાને પોતાની હજૂર સેવામાં જરૂર રાખશે. ઓહોહો...! હે મારા વ્હાલા ભાઈઓ, એ અક્ષરધામનું સુખ તો કોટિ કલ્પે તપ કરીને થાકી જાય, વનમાં જાય, ટાઢ તડકો, ભૂખ તરસ સહન કરે, તેને સ્વપ્નમાં પણ તે અક્ષરધામમાં ભગવાનની માધુરી, મરમાળી, મૂર્તિના દર્શન થતા નથી. ત્યારે આજ તો દયાળુ ઘનશ્યામ મહારાજ પોતાના લાડકવાયા પ્રેમી ભક્તો ઉપર એવા તો અઢળક ઢળ્યાં છે, તે સતયુગમાં પણ આવા અઢળક ઢળ્યા ન હતા, એવા અઢળક ઢળ્યા છે. તો તેનો કેફ રાખી આપણે આઠે પહોર આનંદના સમુદ્રમાં ઝૂલતા રહેવું.

બીજું, મોટા સંતોએ લખેલ છે કે, મુકામ મુકવું નહીં અને નિશાન ચુકવું નહીં. તે મુકામને ઠેકાણે ભગવાનનું અક્ષરધામ છે ને નિશાનને ઠેકાણે દેહને

અંતે આપણે અક્ષરધામમાં ભગવાનની હજૂર સેવામાં રહેવું. બીજું, મોટા સંતોએ લખ્યું છે કે, '' કોટિ કલ્પે હરિ ન મળે, તે તો મને મળ્યા સાક્ષાત્.'' જુઓ તો ખરા, હે મારા વહાલા ભાઈઓ, કોટિ કલ્પે જે ભગવાન મળતા ન હતા તે દયાળુ ભગવાન આપણા ઉપર અપારે દયા કરીને મળ્યા છે. તો તેનો કેફ રાખી આનંદમાં ભગવાનનું ભજન કરવું. વળી સત્શાસ્ત્રમાં લખેલ છે કે '' કોટિ જન્મ કા પુણ્ય જબ ઉદય હોત એક સંગ, તબ મેટત મનકી મલિનતા અરૂ ભાવત સત્સંગ.'' તેનો અર્થ જે કરોડો જન્મના પુણ્યનો એક હારે ઉદય થાય ત્યારે જ મનની મલિનતા મટે છે. જયારે મનની મલિનતા મટે ત્યારે જ સંત્સંગ કરવો ગમે છે. જુઓ તો ખરા, કેટલા જપ કરે, કેટલા તપ કરે તેની પણ મનની મલિનતા મટતી નથી. તે સત્શાસ્ત્રમાં લખેલ છે કે, એકલશૃંગી મહાન તપસ્વી હતા. તેમને સ્ત્રી કેવી છે કે પુરૂષ કેવા છે તેની પણ ખબર ન હતી, એવા મહાન તપસ્વી હતા: તેમની પણ મનની મલિનતા મટી નહીં. તેમને વનમાં સ્ત્રી મળી ગઈ, તો તેમાં લોભાઈ ગયા ને તેમના તપમાં ભંગ પડ્યો. ઓહોહો...! હે મારા લાડકવાયા ભાઈઓ, આપણે વિચાર કરીએ કે એવા મહાન યોગી હતા તો પણ તેમની મનની મલિનતા મટી નહીં. પણ દયાળુ ઘનશ્યામ મહારાજની દયાથી આપણી મનની મલિનતા મટી ગઈ છે, તેથી આપણાને સત્સંગ કરવો ગમે છે. સત્સંગ કરવાથી આપણાને આવા સર્વ અવતારના અવતારી, સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન મળ્યા છે, તે આપણા તો કેવા મોટા ભાગ્ય કહેવાય, કે કેટલા તપ કરીને થાકી ગયા તેને પણ ભગવાન મળ્યા નહીં, તે ભગવાન આપણને મળ્યા છે, તો તે ભગવાનને પકડી રાખવા. તે ભગવાન એમ જ પકડાતા નથી, પણ તે ભગવાન આપણાને મળ્યા છે; તો તેને પ્રેમ આપવો. પ્રેમ રૂપી દોરીએથી જ તે પકડાય છે. તો આપણે વહાલા દયાળુ શ્રી ઘનશ્યામ મહારાજને સાચો પ્રેમ આપીશું ના, તો... તો હે ભાઈઓ, એ ભગવાન પોતાના પ્રેમીભક્તોથી એક ક્ષણ માત્ર પણ દૂર જતા નથી. ભગવાને વચનામૃતમાં કહેલ છે કે,જેવા મારા લાડકવાયા પ્રેમી ભક્તો મને વહાલા છે, તેવો તો મારો આ દેહ પણ મને વહાલો નથી. મેં મારા પ્રેમીભક્તોને અર્થે આ મારો દેહ પણ કૃષ્ણાર્પણ કર્યો છે. ઓહોહો...! જુઓ તો ખરા, અનંતકોટિ બ્રહ્માંડના નિયંતા એવા ભગવાન તે પોતાના પ્રેમી ભક્તોને માટે શું નથી કરતા ? તે માધુરી મૂર્તિ પણ ભક્તાધિન થઈ જાય છે. તે એવડા મોટા દયાળુ ભગવાન આપણાને મળી ગયા છે, તેનો કેફ રાખી, આનંદમાં તે ભગવાનની માધુરી, મરમાળી, પ્રકાશમાન મૂર્તિને વિષે

જ અતિશય હેત કરવું. તે મરમાળી મૂર્તિમાં જો બરાબર હેત કરીશું ના તો... તો હે ભાઈઓ, અનાદિકાળના માયાના જે કાંટા લાગ્યા છે, તે માયાના કાંટા પ્રયાસ વિના નીકળી જશે એમ મહારાજે વચનામૃતમાં લખ્યું છે. આપણે વિચાર કરીએ કે, એ માયાના કાંટા બરાબર નીકળી ગયા છે કે, હજું થોડા થોડા નીકળવાના બાકી છે? જો બાકી હોય, તો આપણે ભગવાનની મૂર્તિનું ધ્યાન ભજન બરાબર કાળજી રાખી કરીશું ના તો તે માયાના કાંટા દયાળુ ભગવાન જરૂર કાઢી નાખશે. માટે આપણે જેટલું બને તેટલું ભજન વિશેષ કરવું.

પત્ર નંબર : ૨૬

શ્રીજી મહારાજને અંતર્યામી જાણી, તેમના નાના મોટા વચનો ઉપર સૂરત રાખવી તથા ગ.પ્ર.પ્ર.ના ૩૪ માં વચનામૃતમાં ગૃહસ્થને યોગ્ય રીતે બ્રહ્મચર્ય કહેલ છે, તે પ્રમાણે વર્તવામાં કાળજી રાખવી ને ક્યારેય પણ એકાંતમાં પરસ્ત્રીનો સહવાસ ન થાય તે ખાસ કાળજી રાખવી. કેમ કે આજે જગતમાં માયા અને કળિયુગનું જોર બહુ જ છે ને જગતના જીવો આ દુનિયાનાં સુખમાં રચ્યા પચ્યા રહે છે ને ત્રિવિધ તાપમાં બિચારા બળ્યા જ કરે છે. તો આપણાને એ જગતના જીવોનો જરા પણ પાશ ન લાગે તે ખાસ કાળજી રાખવી. ઓહોહો...! હે મારા વ્હાલા ભાઈઓ, જુઓ તો ખરા કે જેને આવા સર્વોપરી દયાળુ સ્વામિનારાયણ ભગવાન મળ્યા નથી તે બિચારા કેટલા બધાં જગતના દુઃખો ભોગવે છે. પણ આપણા તો કેવા અહોભાગ્ય છે, તે સર્વ જગતના દુઃખોથી મુક્ત કરીને આપણાને કેટલા બધા સુખિયા કરી દીધા. તો આપણે તે ભગવાનનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે.

બીજું, રાતે સૂતી વખતે તથા સવારે ઉઠતી વખતે, તથા મળતે અવકાશે આપણા પ્રિય જે ઘનશ્યામમહારાજની માધુરી, મરમાળી, પ્રકાશમાન મૂર્તિનું ધ્યાન કરવું. કેમ કે ધ્યાને કરીને કારણ શરીરની વાસના ટળે છે. આવી રીતે માંધુરી મૂર્તિનું ધ્યાન કરીએ તો આપણા અંતરમાં ઠંડા ઠંડા શેરડા પડે ને આનંદ થઈ જાય. હાલતા ચાલતા, કામકાજ કરતા પણ ભગવાનની મૂર્તિની સ્મૃતિ રાખવી. આવી રીતે ભગવાનની મૂર્તિની સ્મૃતિ રાખીએ, તો જેમ ચમકપણાને દેખીને લોઢું ખેંચાઈ જાય, તેમ વૃત્તિ ખેંચાઈ જાય ને મનમાં મનમાં સ્વામિનારાયણ ભગવાનનું નામ લેવું. બીજું, જમતા જમતા બીજી

વાતો ન કરવી ને કોળિયે કોળિયે સ્વામિનારાયણ ભગવાનનું નામ લેવું તથા સૂતા સૂતા ઊંઘ ન આવે ત્યાં સુધી મનમાં મનમાં સ્વામિનારાયણ ભગવાનનું નામ લેવું. જયારે સૂઈએ ત્યારે મનમાં એમ વિચાર કરવો કે, મારા પાસે મારા લાડકવાયા ભગવાન સૂતા છે, મારા ગુરૂ સૂતા છે, મારા વડીલ સૂતા છે, એવી ભાવના કરીને સૂઈએ, તો બીજા સ્વપ્ના પણ ન આવે.

બીજું, આપણાને આવા સર્વ સુખના નિધિ દયાળુ ભગવાન મળ્યા છે, તેનો કેફ રાખી આનંદમાં રહી ભજન કરવું. હું પણ તમારા જેવા પ્રેમી ભક્તોની વતી દયાળુ ઘનશ્યામ મહારાજ આગળ બહુ જ પ્રાર્થના કરૂં છું કે, હે દયાળુ ! આ તમારા લાડકવાયા પ્રેમી ભક્તોની સર્વ કસરો ટળાવી, તમારી માધુરી મૂર્તિનું સુખ વિશેષ આપશો. તે દયાળુ ઘનશ્યામ મહારાજ પોતાના પ્રેમી ભક્તોને સુખિયા કરે છે ને સદાય સુખિયા કરશે. તો તેનો કેફ રાખી આઠે પહોર આનંદમાં રહી ભજન કરવું.

બીજું, હે ભાઈઓ, કોટિ કલ્પે જે ભગવાન મળ્યા નથી તથા કેટલા તપ કરીને થાકી જાય તેને પણ આવા દયાળુ ભગવાન મળ્યા નથી. ઓહોહો...! હે ઘનશ્યામ પ્યારા મારા વહાલા ભાઈઓ, તે દયાળુ ભગવાન આપણાને સહેજે સહેજે મળી ગયા છે, એવી ભાવના કરી, ઉપરથી આ વ્યાવહારિક કાર્ય કરવું પણ અંતરમાં જગત ન ભરવું. અંતરમાં તો ભગવાનની માધુરી, મરમાળી, પ્રકાશમાન મૂર્તિ જ રાખવી.

બીજું, હે વ્હાલા ભાઈઓ, આપણે આથી અગાઉ કરોડો તથા અબજો કલ્પ થયા, માયામાં રખડયા હશું. ક્યાંય આવા દયાળુ ભગવાન, ક્યાંય આવા આચાર્યો, ક્યાંય આવા સ્ત્રી - ધનના ત્યાગી સંતો મળ્યા નહીં હોય ને જો મળ્યા હશે, તો આપણે સાચે ભાવે સત્સંગ નહી કર્યો હોય, તેથી રખડ્યા જ કરીએ છીએ. પણ હવે આપણે રખડવું ન પડે ને આ ને આ જન્મે ભગવાનનું ભજન કરી અષ્ટ આવરણ થકી પર એવું જે અક્ષરધામ, તેને વિશે ભગવાનની માધુરી, મરમાળી, મૂર્તિની હજૂર સેવામાં રહી જવાંય, એ જ મોટો લાભ છે. બીજું, હે મારા વ્હાલા ભાઈઓ, આથી આગળ આપણે બધા સાથે મળી જપ, તપ આદિ શુભ કાર્યો કર્યા હશે ને તે કરતા કરતા કાંઈ અધુરૂં રહી ગયું હશે, તેથી આપણાને આ દિવ્ય સત્સંગમાં જન્મ મળ્યો છે. હાલમાં આપણે એકબીજામાં અંતરનો પ્રેમ છે, તો સાથે જ છીએ ને દેહને અંતે પણ આપણે બધાએ ભગવાનની સેવામાં સાથે રહેવું છે. તો તેનો કેફ રાખી આઠેય પહોર આનંદમાં રહી ભજન કરવું.

પત્ર નંબર : ૨૭

મોટા સંતોએ લખ્યું કે, મોટા મોટા સંતોના તથા મોટા મોટા સદ્‌ગૃહસ્થોના શબ્દોની હારો કરવી, કે આપણા વડીલો કેવી રીતે વર્તી ગયા છે ? આપણાને કેવી રીતે વર્તવાનું કહી ગયા છે ? તે ઉપર સૂરત રાખવી. સદ્‌ગુરૂ ગોપાળાનંદ સ્વામી તથા સદ્‌ગુરૂ બ્રહ્માનંદ સ્વામી આદિના આ સર્વ સંતો તેમના ગુરૂ પરંપરાના શિષ્યો કહેવાય તથા ગોરધનભાઈ, પર્વતભાઈ, દાદાખાચર, મયારામ ભટ્ટના તમો ગૃહસ્થો તેમના વંશના કહેવાઓ. તો આપણે આપણા ઈષ્ટદેવની લાજ રાખવી કે મારા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન છે. તેમનો શું સિદ્ધાંત છે ? તે પ્રમાણે આપણે વર્તવું તથા આપણા ગુરૂ અને મોટા મોટા સંતો કેવા હતા, તો તેની પણ લાજ રાખવી તથા આપણા વડીલો કેવા હતા, તેની પણ લાજ રાખવી ને મોટા મોટા સંતોના શબ્દોની હારો કરવી કે એ કેવી રીતે વર્તી ગયા ને આપણાને કેવી રીતે વર્તવાનું કહી ગયા. તો આપણે એ પ્રમાણે વર્તવામાં કાળજી રાખવી. ભગવાનને અંતર્યામી જાણી તેમની આજ્ઞા પ્રમાણે વર્તવામાં કાળજી રાખવી. ગૃહસ્થને યોગ્ય રીતે બ્રહ્મચર્ય ગ.પ્ર.પ્ર.ના ૩૪ માં વચનામૃતમાં કહેલ છે એ પ્રમાણે વર્તવામાં કાળજી રાખવી. ક્યારેય પણ એકાંતમાં એકલી પરસ્ત્રીનો સહવાસ ન થાય તે ખાસ કાળજી રાખવી. કેમ કે આજે જગતમાં હળાહળ ઘોર કળિયુગ વ્યાપી ગયો છે, તો જરાપણ ગાફલાઈ રાખીએ તો માયા લૂંટી લે ને મોક્ષ માર્ગ થકી પાડી નાખે. માટે આપણે કાળજી રાખી વર્તવુ.

દયાળુ શ્રીજી મહારાજ જરૂર પોતાના પ્રેમી ભક્તોને સર્વે પ્રકારે ખૂબ જ સુખિયા કરે છે ને સદાય કરશે જ. તો આપણે પણ તે દિવ્ય મૂર્તિને વિષે અતિશય પ્રેમ કરવામાં તથા તેમની આજ્ઞા બરાબર પાલન કરવામાં અતિશય કાળજી રાખવી, કેવી રીતે, તો જેમ ખેડૂતો સારો વરસાદ વરસે ત્યારે અતિશય શ્રદ્ધા તથા કાળજી રાખીને ખેતરોમાં મોલ વાવે છે ને તેની અતિશય કાળજી રાખી સારસંભાળ રાખે છે, તેથી તેમાં ઘણું અનાજ પાકે છે ને તે અનાજ વેચીને તે ખેડૂતોને ઘણાં રૂપિયા મળે છે ને તેથી તે ખૂબ જ સુખિયા થાય છે ને આગળ વધે છે. તેવી જ રીતે આપણે પણ ભગવાનનું ધ્યાન, ભજન, કથા-વાર્તા, આદિ કરવામાં તથા ભગવાનની આજ્ઞા પાલન કરવામાં ખૂબ જ કાળજી રાખીશું, તો દયાળુ શ્રીહરિ જરૂર પોતાના પ્રેમી ભક્તોને ખૂબ જ સુખિયા કરે છે ને સદાય કરશે. તો આપણે તેનો કેફ રાખી આઠે પહોર

મળ્યા છે તેથી આપણે આનંદમાં ભગવાનનું ભજન કરીએ છીએ માટે આપણે જેમ બને તેમ ભગવાનનું ભજન વિશેષ ને વિશેષ કરવું. આ સંસારના ક્ષણભંગુર ને નાશવંત ને અપાર કલેશમય પંચવિષયના સુખમાંથી પ્રીતિ તોડીને ભગવાનની મૂર્તિમાં જ પ્રીતિ કરવી. આ સંસારના સુખો તો આપણે જ્યારથી આ સૃષ્ટિનું મંડાણ થયું ત્યારથી જ ભોગવતા આવ્યા છીએ. એ સુખ ભોગવીને કોઈ તૃપ્ત થયા નથી અને થાશે પણ નહીં. માટે આપણે એ અસાર સંસારના સુખમાંથી પ્રીતિનો ત્યાગ કરીને ભગવાન ભજી લેવા ને સાંજે સવારે શ્રીજી મહારાજની મૂર્તિનું ધ્યાન કરવું તથા માળા, માનસી પૂજા, સત્શાસ્ત્રનું વાંચન આદિ કરવામાં કાળજી રાખવી તથા દિવસના દરેક કાર્યમાં ભગવાનના નામનો જપ તથા મૂર્તિની સ્મૃતિ રાખવી તથા આહાર વિહારની શુદ્ધતા રાખવી. બજારની મીઠાઈ આદિ ક્યારેય ન ખાવી, કેમ કે તેમાં ગાળ્યા વિનાનું પાણી હોય, જોયા વિનાનો લોટ હોય તથા કોણે બનાવ્યું હોય આદિની શુદ્ધતા ન હોય, માટે ક્યારેય પણ ન ખાવું. ઘેર પવિત્રતાથી રસોઈ બનાવી ભગવાનને ધરાવીને જમવું. જમતા જમતા વાતો ન કરવી. કોળિએ કોળિએ ભગવાન સ્વામિનારાયણનું નામ લેતા જમવું. સિગારેટ, બીડી ન પીવી તથા પાનપરાગ, ગુટકા આદિ ન ખાવા. ફિલ્મ ક્યારેય ન જોવી. ટી.વી.માં પણ જે ખરાબ ચિત્રો આવતા હોય તે ન જોવા કેમ કે તે જોવાથી આપણા અંતરમાં ખોટા વિચારો થાય ને ભગવાનનું ભજન કરવામાં સુખ ન આવે માટે કાળજી રાખવી. આપણે ઘેર સત્શાસ્ત્રો વાંચવા ને માળા ફેરવવી ને ધ્યાન કરીને ભગવાનને સંભારીને સૂવું. સૂતા સૂતા ઊંઘ ન આવે ત્યાં સુધી સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરવું ને ગૃહસ્થોને દેહે કરીને વ્યવહાર કરવો પણ અંતરમાં નિર્વાસનિક રહેવું.

દયાળુ શ્રી હરિ આપના જેવા પ્રેમી ભક્તોના દરેક મનોરથ પૂર્ણ કરે છે ને વિશેષ કરશે. તો આપણે પણ તે માધુરી, મરમાળી, પ્રકાશમાન મૂર્તિને વિષે નવીન નવીન પ્રેમ કરવામાં કાળજી રાખવી કેવી રીતે તો જેમ આ લોકના માણસો આ લોકના સુખ લેવા માટે કેટલો બધો દાખડો કરે છે, તેથી તેમને આ લોકના સુખ ખૂબ જ મળે છે, તેથી તે ખૂબ જ સુખિયા થાય છે. તેવી રીતે આપણે પણ તે માધુરી, મરમાળી, પ્રકાશમાન મૂર્તિને વિષે પ્રેમ કરવામાં ખૂબ જ કાળજી રાખવી. તે આપણે કાળજી રાખી ભજન કરીશું તો દયાળુ પોતાના પ્રેમી ભક્તો ઉપર એવા તો અઢળક ઢળી જાય છે કે સતયુગમાં પણ પોતાના ભક્તો ઉપર અઢળક ઢળ્યા નહોતા, એથી વધારે પોતાના લાડકવાયા ભક્ત ઉપર ખૂબ જ ઢળી જાય છે.

આનંદમાં રહી ભજન કરવું કેમ કે આવો અવસર તો આંપણા કોટી જન્મના પુણ્યના પ્રતાપે મળ્યો છે, તો આપણે આળસ, પ્રમાદ, મોહનો ત્યાગ કરી દિન દિન પ્રત્યે ભગવાનની માધુરી, મરમાળી, પ્રકાશમાન મૂર્તિમાં હેતની વૃદ્ધિ પમાડવી. તે દિવ્ય મૂર્તિમાં તો એવું અલૌકિક દિવ્ય સુખ રહ્યું છે તેનું તો હે ભાઈઓ, શું વર્ણન થઈ શકે. ઓહોહો...! એ દિવ્ય મૂર્તિનું સુખ એક ક્ષણ માત્ર ભોગવ્યું હોય તો એમ થાય, કે મેં એ સુખ લાખો વર્ષો સુધી ભોગવ્યું. તો આપણે પણ એ માણીગર પ્રકાશમાન મૂર્તિના જ સુખમાં ગુલતાન બની જવું. જેમ ચમકપાણમાં લોહું ખેંચાઈ જાય છે, તેમ આપણા ચિત્તની વૃત્તિ ભગવાનની મૂર્તિમાં ખેંચાઈ જાય ને આઠે પ્રહોર અહો અહોપણું વર્તે ને તે મૂર્તિના જ સુખમાં તલ્લીન બની જવાય ને તે મૂર્તિના સુખ વડે આપણા અંતરમાં ઠંડા ઠંડા શેરડા પડે ને આનંદ ને આનંદના સાગરમાં ન્હાયા કરીએ એ આ માનવ જન્મનું સાચું ફળ છે. માટે આપણે બહુ કાળજી રાખી ભગવાનનું ભજન કરવું.

પત્ર નંબર : ૨૮

આથી અગાઉ આપણે અસંખ્યાત્ અવતારો ધરી આવ્યા છીએ પણ ક્યાંય આવા દયાળુ ભગવાન નહીં મળ્યા હોય ને મળ્યા હશે તો બરાબર ઓળખ્યા નહીં હોય, તેથી આપણે અનાદિકાળથી જન્મ-મરણના ફેરા ભોગવ્યા જ કરીએ છીએ પણ આજે આપણા ઉપર ભગવાનની અસીમ કૃપા થઈ છે ને આ જેવો જોઈએ તેવો અલૌકિક દિવ્ય સત્સંગનો યોગ મળ્યો છે, તો આપણે ભગવાનનું ભજન કરી, ભગવાનની આજ્ઞાનું બરાબર પાલન કરી, આ છેલ્લો જન્મ કરી ને દેહને અંતે જેમાં અપાર...અપાર... ને અપાર દિવ્ય સુખ રહેલું છે તેવું ભગવાનનું અક્ષરધામ તેમાં ભગવાનની હજૂર સેવામાં રહી જવાય તો જાણે આપણો ફેરો સુફળ થયો કહેવાય. માટે આપણે વિશેષ કાળજી રાખી ભજન કરવું ને શ્રીજી મહારાજને અંતર્યામી જાણી તેમના નાના મોટા વચનો ઉપર સૂરત રાખવી તથા પોતાના બ્રહ્મચર્ય વર્તમાનમાં તો ઘણી જ કાળજી રાખવી. ક્યારેય પણ એકાંતમાં પરસ્ત્રીનો સંગ ન થાય એ તો ખાસ કાળજી રાખવી, કેમ કે ભાઈઓ, આજે જગતમાં હળાહળ કળિયુગ વ્યાપી ગયો છે ને જગતના જીવો બિચારા અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવ એ ત્રિવિધ તાપમાં બળ્યા જ કરે છે ત્યારે આપણાને આવા દયાળુ શ્રીજી મહારાજ

પત્ર નંબર : ૨૯

મોટા સંતોએ લખ્યું છે કે ''કોટિ કલ્પે હરિ ન મળે, તે તો મને મળ્યા આજ સાક્ષાત્ .'' ઓહોહો...! હે ઘનશ્યામ પ્યારા લાડકવાયા વ્હાલા ભક્તો, કોટિ કલ્પ તપ કરીને થાકી જતાં, દેહને રાફડારૂપ કરી નાંખતા, તેને પણ આવા સર્વ સુખના નિધિ દયાળુ ભગવાન મળ્યા ન હતા, પણ આજ તો પોતાના પ્રેમી ભક્તો ઉપર એવા અઢળક ઢળી ગયા છે, કે જાણે મારા સાચા ભક્તને શું એ આપી દઉં ! તે ભગવાન શું આપે ? પોતાની માધુરી મૂર્તિનું સુખ આપે. તે પોતાના લાડકવાયા ભક્તને પોતાની માધુરી, મરમાળી, પ્રકાશમાન મૂર્તિનું સુખ આપવાને માટે અક્ષરધામથી અહીં પધારી પોતાના ભક્તને પોતાની માધુરી મૂર્તિના દર્શન આપે છે. મોટા સંતોએ લખેલ છે કે ''આજ આનંદ વધામણા મારે હૈડે રે, મારે હૈડે રે અતિ હરખ ન માય, આજ આનંદ વધામણાં.'' તે જુઓ, આ લોકમાં કોઈ મોટો કરોડપતિ માણસ હોય ને તેને ત્યાં પુત્રની પ્રાપ્તિ થાય, તો તે મોટા શેઠને કેટલો બધો આનંદ થાય ! તો ભગવાન પ્રેમીભકતોને પોતાની માધુરી મૂર્તિનું સુખ આપવાને માટે અક્ષરધામથી અહીં પધારી પોતાના લાડકવાયા પ્રેમી ભક્તોને પોતાના અલૌકિક દર્શન આપે છે. ઓહોહો...! હે ઘનશ્યામ પ્યારા મારા વ્હાલા ભક્તો, ભગવાન પોતાના લાડકવાયા ભકતો ઉપર એવા તો અઢળક ઢળ્યા છે તે અક્ષરધામથી અહીં પધારી પોતાના પ્રેમી ભક્તોને દર્શન આપે છે, તો આનાથી કયા મોટા આનંદના વધામણાં કહેવાય ?

ઓહોહો...! હે ઘનશ્યામપ્યારા મારા વ્હાલાં ભક્તો, પોતાના સાચા ભક્તો માટે ભગવાન શું નથી કરતા ? પોતાની માધુરી મૂર્તિનું સુખ આપે છે. મોટાસંતોએ લખ્યું છે કે ''સો કરોડ દિવાળી ને દશેરા કરોડ હજાર, તે થકી મમ અંતરે, આનંદ અપરંપાર.'' ઓહોહો...! હે મારા વ્હાલા ભક્તો, દિવાળીનો કેટલો બધો આનંદ માણસોને હોય ? દશેરાનો કેટલો બધો આનંદ હોય ? એના કરતા પણ આજ મારા અંતરમાં આનંદ અપરંપાર. વાત પણ સાચી કે, આવા અનંતકોટિ બ્રહ્માંડના નિયંતા ભગવાન મને મળ્યા તે આનંદની તો શું વાત કહેવાય? હે ઘનશ્યામપ્યારા મારા વ્હાલા ભક્તો, આજ આપણા તો કેટલા બધા મોટા ભાગ્ય કહેવાય, કે આવા દયાળુ ભગવાન આપણને મળી ગયા. કરોડો વર્ષો જેણે તપ કર્યા હતા તેને પણ આવા દયાળુ સ્વામિનારાયણ ભગવાન મળ્યા ન હતા, પણ આપણા ઉપર અપાર અપાર ને અપાર દયા કરીને પોતાને

શરણે લીધા, તે આપણા તો બહુજ મોટા ભાગ્ય કહેવાય.

મોટા સંતોએ લખ્યું છે કે, ''કૃપાનાથ મોકે કૃપા કોટિ કીની, દયાળુ પ્રભુ આપકી ભક્તિ દીની, કયા મૃત્યુલોકે અમે અલ્પ પ્રાની, કયા નેતિ નેતિ કહે બેદબાની'' તપસ્વીબળે જાઈ સ્વપ્ને ન પામે તે વહાલો આજે મને મળ્યા. હે ઘનશ્યામપ્યારા મારા વ્હાલા ભકતો, કયાં આપણે મૃત્યુલોકના પામર માણસો ને કયાં અનંત કોટિ બ્રહ્માંડના નિયંતા અક્ષરધામના અધિપતિ ભગવાન, તે પોતાના લાડકવાયા પ્રેમી ભક્તો ઉપર આજે એવા તો અઢળક ઢળ્યા છે કે, તેની તો હે મારા વહાલા ભક્તો, શું વાત કહેવાય ? તે સગરામ વાઘરી બોલ્યા કે, મારા કૂબામાં હાથી પેસી ગયો છે. તેના ઉપર મોટા સંતો વાત કરતા કે, સગરામ વાઘરીને ઠેકાણે આ જીવ અને કૂબામાં હાથી પેસી ગયો તે કૂબારૂપી આપણું હૃદય ને હાથીરૂપી ભગવાન, તે ભક્તના હૃદયમાં ભગવાન રહેલા છે. ઓહોહો...! જુઓ તો ખરા કે આવા દયાળુ પોતાના પ્રેમી ભક્તોના હૃદયમાં નિવાસ કરે છે.

મોટા સંતોએ લખેલ છે કે, ''મોટા ઋષિના ધ્યાનમાં નાવે, તે વહાલો અણ તેડે આંગણે આવે'' તેનો અર્થ કે મોટા મોટા ઋષિઓ ધ્યાન કરીને થાકી જતા, તેને ભગવાન દર્શન આપતા નહીં, પણ પોતાના લાડકવાયા પ્રેમી ભક્તોને ઘેર બોલાવ્યા વિના જતા, કહેતા એવા પ્રેમી ભક્તોના ઘરરૂપી હૃદયમાં દયા કરીને દર્શન આપતા. હે ઘનશ્યામપ્યારા વ્હાલા ભક્તો, સત્શાસ્ત્રમાં ભક્તનો બહુ જ મહિમા કહ્યો છે. તે કારીયાણીના ૧૧માં વચનામૃતમાં લખેલ છે કે, ભક્ત ભગવાનની મૂર્તિ વિના એક ક્ષણ માત્ર રહી ન શકતો હોય, તેને ભગવાન આજ્ઞા કરે કે, તમો મારા થકી દૂર જાઓ. તો જો દૂર જાય, તો ભગવાનના દર્શન ન થાય અને ન જાય, તો ભગવાનની આજ્ઞા પાલન કરી ન કહેવાય. તો તેણે શું કરવું ? તેના ઉત્તરમાં કહ્યું કે, જે ભગવાનનો સાચો ભક્ત હોય, તે ભગવાનની આજ્ઞાએ કરીને દૂર જાય, તો ભગવાન કહે હું પણ એ ભક્ત ભેળોને ભેળો જ જાઉં. એવા લાડકવાયા ભક્ત વિના ભગવાન કહે હું એક ક્ષણ માત્ર પણ રહી શકતો નથી. ઓહોહો...! ભક્તનો કેટલો બધો મહિમા કહ્યો છે.

પત્ર નંબર : ૩૦

હે ઘનશ્યામ પ્યારા મારા વ્હાલા ભક્તો, તમે બધા ભગવાનના ભક્તો

છો, તો તમારા મોટા ભાગ્ય છે, કે આવા દયાળુ ભગવાન આપણને મળી ગયા. તો તેનો દૃઢ આશરો રાખીને જેટલું બની શકે તેટલું ભજન વિશેષ કરવું ને થોડી ઘણી જે કાંઈ કસર હોય, તો સાચે ભાવે સત્સંગ કરીને ટાળી નાંખવી ને દિન દિન પ્રત્યે ભગવાનની માધુરી, પ્રકાશમાન મૂર્તિનેં વિષે અતિશય હેત કરવું. ભગવાનને વિષે હેત કરવાને માટે દયાળુ ભગવાને પોતાના ભક્તોને જોઈએ તેવો યોગ આપ્યો છે, પોતાના શરણે લીધા, પોતાની માધુરી, પ્રકાશમાન મૂર્તિની ઓળખાણ કરાવી, આવો દિવ્ય સત્સંગનો યોગ આપ્યો, આવા સ્ત્રી ધનના ત્યાગી સંતોની ઓળખાણ કરાવી, ભગવાનના સારા સારા ભક્તોનો યોગ આપ્યો અને ભગવાને બધી વાતે પોતાના ભક્તને સુખિયા કર્યા છે. તો આપણી જે કાંઈ ખામી હોય, તે દૂર કરીને આ ને આ જન્મે આપણી દરેક કસર ટાળી નાખવી.

બીજું, રાત્રે સૂતી વખતે તથા સવારે ઉઠતી વખતે તથા મળતે અવકાશે ભગવાનની માધુરી, પ્રકાશમાન મૂર્તિનું ધ્યાન કરવું, કેમ કે ધ્યાને કરીને કારણ શરીરની વાસના ટળે છે. શ્રી હરિને અંતર્યામી જાણી તેમના નાના મોટા વચનો ઉપર સૂરત રાખવી તથા ગૃહસ્થને યોગ્ય રીતે બ્રહ્મચર્ય કહેલ છે તેમાં પણ સૂરત રાખવી. ક્યારેય પણ એકાંતમાં એકલી પરસ્ત્રીનો સહવાસ ન થાય એ ખાસ કાળજી રાખવી.

આપણે ભગવાનની મરમાળી, માધુરી મૂર્તિનું સુખ લેવામાં કાળજી રાખવી. જેમ આ લોકના માણસો હોય, તે આ લોકના માયિક સુખ લેવામાં એવા તો તલ્લીન થઈ જાય છે કે, તે રાત્રી દિવસ જોયા વિના આ લોકના સુખ કેમ જલ્દી મળે, એને માટે ખૂબ જ પ્રયાસ કરે છે. જેમ કે કોઈ સારો વિદ્યાર્થી હોય તેને મનમાં એમ થાય કે મારે મોટો ડૉક્ટર બનવું છે, તો એ ડૉક્ટર બનવાને માટે સારે ઠેકાણે એડમિશન મેળવવાને માટે કેટલો બધો દાખડો કરે છે? તો ભગવાનની દયાથી એને ડૉક્ટરનું એડમિશન મળી જાય છે, પણ તે ડૉક્ટર બનવાને માટે કેટલો બધો દાખડો તથા કેટલી બધી મહેનત કરે છે. તેના અંતરમાં શું ઈચ્છા કે હું સારો ડૉક્ટર બની જાઉં, તો હું લાખો તથા કરોડો રૂપિયા કમાઈ જાઉં, તો ખૂબ જ સુખિયો થાઉં. તેવી જ રીતે આપણે પણ ભગવાનની માધુરી, મરમાળી મૂર્તિનું સુખ લેવા માટે નવીન નવીન પ્રેમ કરવો. જેમ તે ડૉક્ટર બને છે, તો કરોડો રૂપિયા કમાય છે ને ખૂબ જ સુખિયો થાય છે. તેવી જ રીતે આપણે પણ ભગવાનની માધુરી, મરમાળી મૂર્તિનું સુખ

લેવા માટે નવીન નવીન શ્રદ્ધા વૃદ્ધિ પમાડીએ તો જરૂર દયાળુ પોતાના પ્રેમી ભક્તોને પોતાની નવીન નવીન માધુરી મૂર્તિનું સુખ આપશે જ. તો આ માધુરી, મરમાળી મૂર્તિનું સુખ લેવામાં કાળજી રાખવી. એ માધુરી, મરમાળી મૂર્તિમાં તો કાંઈ અલૌકિક દિવ્ય સુખ રહેલું છે ! એ સુખની શું વાત કહેવાયે. એ સુખ આપણે એક નિમિષ માત્ર ઈન્દ્રિયો, અંતઃકરણને એકાગ્ર કરીને લીધું હોય, તો એમ થાય કે આહાહા...! એ સુખ મેં લાખો કરોડો વર્ષ સુધી લીધું.

બીજું, મારા ધ્યાન ગુરૂ મને ઘણી વખત વાત કહેતા કે હે સાધુરામ, એ માધુરી, પ્રકાશમાન મૂર્તિમાં તે કાંઈ અલૌકિક દિવ્ય સુખ રહેલું છે તેની તો શું વાત કહેવાય ? આવી રીતે જો ભગવાનની મૂર્તિનું સુખ ક્ષણ માત્ર લીધું હોય, તો તે અંતરમાં ભગવાનની મૂર્તિના સુખ વડે આનંદ આનંદ ને આનંદના સાગરમાં નાહ્યા કરે ને તેના અંતરમાં ભગવાનની માધુરી, પ્રકાશમાન મૂર્તિના સુખ વડે ઠંડા ઠંડા શેરડા પડવા લાગે ને એમ થાય કે ઓહોહો...! આવું ભગવાનનું સુખ! ઓહોહો...! આવો આનંદ ! એ માધુરી મૂર્તિના સુખમાં ગરકાવ થઈ જાય ને જેમ ચમકપાણમાં લોઢું ખેંચાઈ જાય છે તેવી રીતે તે ભગવાનની પ્રકાશમાન, માધુરી, મરમાળી મૂર્તિના સુખમાં તલ્લીન થઈ જાય ને પોતાના દેહનું પણ ભાન રહે નહીં.

પત્ર નંબર : ૩૧

સારંગપુરના ૧૧ માં વચનામૃતમાં લખેલ છે કે, લક્ષ્મીજી ક્યારેક નોખા રહ્યા થકા ભગવાનની સેવામાં રહે છે ને ક્યારેક તો ભગવાનની મૂર્તિમાં લીન થઈ જાય છે. તે લીન થઈ જાય એટલે ભગવાનની માધુરી મૂર્તિના સુખમાં તલ્લીન બની જાય છે. આ બધી વાતો સાંભળીને હું તો બહુ જ આનંદમાં આવી ગયો ને મારા ધ્યાન ગુરૂને પણ મેં પૂછ્યું કે હે સ્વામી, આવો આનંદ આ પંચભૂતના દેહવાળા ભક્તને મળે ખરો ? કેમ કે ભગવાન તો અનંત કોટિ બ્રહ્માંડના નિયંતા ને અક્ષરધામના અધિપતિ છે, તો આ મૃત્યુ લોકનો ભક્ત આવી રીતે મરમાળી પ્રકાશમાન મૂર્તિનું સુખ કેવી રીતે લઈ શકે ? તે વાત સાંભળી સ્વામી બોલ્યા કે હે સાધુરામ, તે ભક્ત ભલે આ લોકનો હોય પણ આવી રીતે માધુરી, મરમાળી, પ્રકાશમાન મૂર્તિનું ધ્યાન જેમ શિક્ષાપત્રીના ૧૧૬ શ્લોકમાં કહ્યું કે, પોતાના આત્માને બ્રહ્મરૂપની ભાવના કરીને આવું ધ્યાન કરે, તો તે ભક્ત ભલે આ લોકમાં હોય કે ભલે આ દેહમાં હોય તો પણ

તેને માયાનું આવરણ ટળી જાય છે ને તેનો દેહ પણ ભગવાનને આકારે થઈ જાય છે. તેના ઈન્દ્રિયો અંતઃકરણના માયિક ભાવ ટળી જાય છે.

કારીયાણીના પહેલા વચનામૃતમાં પણ લખ્યું છે કે, ભમરી હોય તે ઈયળને લાવીને માટીનું ઘર કરે ને તેને ચટકા ભરે છે, તો તે ઈયળ માટીને ભમરી જેવી ભમરી થઈ જાય છે. કોઈ અંગ ઈયળનું રહેતું નથી. તેવી જ રીતે હે ઘનશ્યામ પ્યારા વ્હાલા ભક્તો, જુઓ આ ભક્ત આ લોકનો પંચભૂતવાળો માયિક દેહવાળો હોય, પણ જો આવી રીતે સત્શાસ્ત્ર વાંચીને તથા સારા સત્પુરૂષોનો સમાગમ કરીને ભગવાનનો મહિમા સમજીને આવી રીતે ધ્યાન ભજન કરે તો ભક્ત ભલે પંચભૂતના દેહવાળો જ હોય, પણ આવી રીતે ભજન કરે; તો તેને માયાના વિકારો ટળી જાય છે ને ભગવાનની મૂર્તિને સુખે સુખિયો થઈ જાય છે. તે સાંભળી વળી મેં સ્વામીને પૂછ્યું કે ઓહોહો...! હે સ્વામી ! આવું તે કેવી રીતે થાય ? સ્વામી બોલ્યા કે, હે સાધુરામ, જો આવું ન થાતું હોય, તો શ્રીજી મહારાજે ગઢડા પ્રથમ પ્રકરણના ૨૦માં વચનામૃતમાં લખ્યું છે કે, અજ્ઞાનીમાં અજ્ઞાની કોણ ? ઘેલામાં ઘેલો કોણ ? તેના ઉત્તરમાં લખ્યું જે પોતાના આત્માને જોતો નથી તે જ અજ્ઞાનીમાં અજ્ઞાની, તે જ ઘેલામાં ઘેલો, તે જ મૂરખમાં મૂરખ છે. તેમાં વળી શુકમુનીએ દલીલ કરી, હે મહારાજ ! પોતાનો આત્મા જોવો તે શું પોતાના હાથમાં છે ? તે સાંભળી શ્રીજી મહારાજ બોલ્યા કે, ક્યારે દાખડો કર્યો ને ન દેખ્યો ? જો જોવાનો અભ્યાસ કરે તો આત્મા દેખાય ને આત્માને વિષે રહેલા પરમાત્મા પણ દેખાય.

જેમ આ લોકનો વિદ્યાર્થી હોય, તે જો કાળજી રાખી અભ્યાસ કરે તો એલ.એલ.બી. થાય તથા સી.એ. પણ થાય ને જો અભ્યાસ ન કરે તો કાંઈ ન આવડે. તેમ જો ભજન કરવાનો આગ્રહ રાખે તો જરૂર સાચો ભક્ત બને.

આવી બધી ભગવાનની વાતો મારા ધ્યાન ગુરૂના મુખથી સાંભળી બહુ જ આનંદ થયો, કે આ પંચભૂતના દેહવાળો માણસ તે આવી રીતે ભજન કરે છે ને આજ દેહમાં ભલે હોય, પણ જો ભગવાનનો મહિમા સમજી ભજન કરે છે, તો તે બ્રહ્મરૂપ થઈ જાય છે ને ભગવાનને સુખે સુખિયો થઈ જાય છે. ઓહોહો...હે ઘનશ્યામ પ્યારા વ્હાલા ભક્તો, સાવ નાનકડો માણસ હોય, આ દેહમાં હોય, આ લોકમાં હોય, પંચભૂતના શરીરવાળો હોય પણ જો તે ભગવાનનો આવો મહિમા સમજીને ભગવાનનું ધ્યાન ભજન કરે છે, તો તે કેટલો બધો આગળ વધી જાય છે, તે બ્રહ્મરૂપ થઈ જાય છે. તો આપણે પણ આવો ભગવાનનો

મહિમા સમજી ભગવાનનું ધ્યાન ભજન બરાબર કાળજી રાખીને કરીશું ના તો તો જરૂર આપણે પણ આવા ભક્ત બની શકીએ.

શાસ્ત્રમાં લખ્યું છે કે નારદજી દાસી પુત્ર હતા પણ તેમણે કાળજી રાખી બરાબર ભગવાનના નિયમોનું પાલન કર્યું તથા ભગવાનનું ધ્યાન ભજન બરાબર કર્યું તો દાસી પુત્ર હતા પણ ભગવાનનું મન કહેવાયા. કહેતા ભગવાનના એકાંતિક ભક્ત કહેવાણા. જો એમની સાચી ભાવના હતી ને ખૂબ જ કાળજી રાખી ભજન કર્યું તો એકાંતિક ભક્ત બની ગયા.

હું મારી વાત કરૂં તો હું નાનપણથી જ બની શકે તે ભજન કરતો ને ભગવાનને પ્રાર્થના કરતો કે હે દયાળુ ભગવાન, મને સારા સારા સંતોનો તથા સારા સારા હરિભક્તોનો સમાગમ આપજો. તે ભગવાનની દયાથી મને પાંચ-સાત સારા હરિભક્તોનો સમાગમ મળ્યો હતો. તેથી મને આવડે તેવું ભજન કરૂં છું. તે આપણી સાચી ભાવના હોય તો જરૂર સારો યોગ ભગવાન આપે જ છે.

પત્ર નંબર : ૩૨

હે ઘનશ્યામ પ્યારા વ્હાલા પ્રેમી ભક્તો, આપણને પણ આજે દયાળુ ઘનશ્યામ મહારાજે કેવો આ અલૌકિક દિવ્ય સત્સંગનો યોગ આપ્યો તથા દયાળુ ઘનશ્યામ મહારાજે પોતાના શરણે લીધા તથા આવા સ્ત્રી ધનના ત્યાગી સંતોનો યોગ આપ્યો તથા પોતાના પ્રેમી ભક્તોને બંગલા, ગાડી આદિ બધી વાતે સાનુકૂળ યોગ આપ્યો છે, તો આવા યોગને પામીને આપણી થોડી ઘણી કાંઈ કસર રહી ગઈ હોય, તો સાચે ભાવે સત્સંગ કરીને ટાળી નાંખવી ને દિન દિન પ્રત્યે ભગવાનની માધુરી મૂર્તિના સુખમાં તલ્લીન બની જવું એ જ આ મનુષ્ય જન્મ પામીને તથા સાચે શુદ્ધ ભાવે સત્સંગ કરવાનું સાચું ફળ છે. માટે આપણે જેટલું બને તેટલું ભજન વિશેષ કરવું ને સાચા ભક્ત બનવું ને તે ભક્ત જેવી બીજી કોઈ મોટી પદવી નથી. તો હે ઘનશ્યામપ્યારા વ્હાલા ભક્તો, તમો બધા પૂર્વના યોગભ્રષ્ટ આત્મા છો, તેથી જ આપણને સત્સંગ કરવો ગમે છે. તે મોટા સંતોએ લખ્યું છે કે, "કોટિ જન્મકા પુણ્ય જબ ઉદય હોત એક સંગ, તબ મેટત મનકી મલીનતા અરૂ ભાવત્ સત્સંગ" જુવો, કરોડો જન્મના પુણ્ય એક હારે આપણા ઉદય થયા છે, તેથી આપણને સત્સંગ કરવો ગમે છે ને મનની મલિનતા ભગવાને મટાડી દીધી છે. ભગવાને આપણને આવો દિવ્ય

સત્સંગનો યોગ આપ્યો છે, તો આવા યોગને પામીને સાચે શુદ્ધ ભાવે સત્સંગ કરીને આપણી જે કાંઈ કસર હોય તે ટાળી નાખવી ને દેહને અંતે ભગવાનના અક્ષરધામમાં ભગવાનની માધુરી, મરમાળી, પ્રકાશમાન મૂર્તિની સેવામાં રહી જવાય, એ જ સાચે શુદ્ધ ભાવે સત્સંગ કરવાનું સાચું ફળ છે ને આ મનુષ્ય જન્મને પામીને ખરૂં કરવાનું એ જ છે. માટે આપણી જે કાંઈ કસર હોય તે જલ્દી ટાળી નાંખવી.

ગઢડા પ્રથમ પ્રકરણના ૨૧ માં વચનામૃતમાં લખેલ છે કે, જો સાચે ભાવે ભગવાનનું બરાબર ભજન કરે ને શિક્ષાપત્રીમાં લખેલા જે નિયમોનું બરાબર પાલન કરે તો એકાંતિક ભક્ત બને છે. તો એકાંતિક ભક્ત ગૃહસ્થ હોય કે ત્યાગી હોય તેવા એકાંતિક ભક્ત ઉપર ભગવાન બહુ જ રાજી થાય છે ને ભગવાનને એમ થાય કે આવા મારા પ્રેમી ભક્તને જાણે શું યે આપી દઉં. તે આવા એકાંતિક ભક્ત ભલે આ લોકમાં હોય તેને પણ ભગવાન પોતાની માધુરી મૂર્તિનું સુખ આપે છે. તે ભગવાને વચનામૃતના કારિયાણી દમાં લખ્યું છે કે, "મારો સાચો ભક્ત હોય તેને અર્થે મારો આ દેહ પણ કૃષ્ણાર્પણ કરી રાખ્યો છે." ને વળી કારિયાણીના ૧૧માં વચનામૃતમાં લખેલ છે કે, જેવો મારો ભક્ત મને વ્હાલો છે, તે મારા વિના એક ક્ષણ માત્ર રહી શકતો નથી તો એવા પ્રેમી ભક્ત ભેળો ને ભેળો હું જાઉં છું. એ ભક્ત જ્યાં જ્યાં જાય, ત્યાં હું એ ભક્ત ભેળો જ જાઉં છું. એવા પ્રેમી ભક્ત વિના હું એક ક્ષણ માત્ર રહી શકતો નથી. ઓહોહો...હે ઘનશ્યામ પ્યારા વ્હાલા ભક્તો, સાચા ભક્તનો કેટલો મહિમા ! તે ભગવાન કોઈને આધિન થતા નથી, પણ આવા સાચા ભક્તને આધિન થઈ જાય છે. તે સત્શાસ્ત્રમાં લખેલ છે કે ભક્તાધિન ભગવાન છે.

વળી મોટા સંતોએ લખ્યું છે કે, "સાચાને સોંઘા ઘણા નથી મોંઘા થયા મહારાજ, ખોટાને ન મળે ખોળતા તે સમય કે વળી આજ" તે આગળ લખ્યા મુજબ પ્રથમ પ્રકરણના ૨૧ માં વચનામૃતમાં લખેલ છે. સાચો એકાંતિક ભક્ત સાચે ભાવે ભજન કરે છે તથા શિક્ષાપત્રીના નિયમો બરાબર પાલન કરે છે, તે એકાંતિક ભક્ત બન્યો કહેવાય. તેને દેહને અંતે ભગવાન પ્રકાશમાન, દિવ્ય વિમાન લાવી પ્રકાશમાન, માધુરી મૂર્તિના દર્શન આપીને તેને અર્ચિ માર્ગે પોતાના અક્ષરધામમાં તેડી જાય છે, તે વચનામૃતમાં લખેલ છે ને મોટા સંતોએ પણ લખેલ છે, કે ભક્તને ભગવાન દેહને અંતે પોતાના અક્ષરધામમાં

તેડી જાય છે. તે સામાન્ય ભક્ત હોય તેને ધૂમ્ર માર્ગેથી અક્ષરધામમાં લઈ જાય છે ને એકાંતિક ભક્તે ખૂબ જ નિષ્કામ ભાવે ભજન કર્યું હોય, તેને અર્ચિ માર્ગે અક્ષરધામમાં જરૂર તેડી જાય છે. તે અર્ચિ માર્ગ એટલે વચમાં કાંઈ આવરણ આવે નહીં. અહીંથી ચાલે તે સીધા અક્ષરધામમાં લઈ જાય, એ અર્ચિ માર્ગ કહેવાય. અને ધૂમ્ર માર્ગ એટલે સ્વર્ગલોક, બ્રહ્મલોક, વૈકુંઠધામ, ગોલોકધામ આદિ ફરતાં ફરતાં જાય તે ધૂમ્ર માર્ગ કહેવાય. તો હે ઘનશ્યામપ્યારા વ્હાલા ભક્તો, આપણે સાચે ભાવે સત્સંગ કરી એકાંતિક ભક્ત બનવું . તે એકાંતિક ભક્ત બન્યા કેને કહેવાય ? તે આગળ બધી વાત લખી છે. તો આપણે એકાંતિક ભક્ત બનીશું તો આપણને ભગવાન અર્ચિ માર્ગે અક્ષરધામમાં જરૂર તેડી જાશે. ઓહોહો...હે ઘનશ્યામ પ્યારા વ્હાલા ભક્તો, આ મનુષ્ય જન્મને પામીને આપણે શું નથી કરી શકતા ? આપણે કાળજી રાખી ભગવાનનું ધ્યાન ભજન કરીએ તો જરૂર એકાંતિક ભક્ત બની શકાય છે ને દેહને અંતે કાળ માંયા માથે પગ દઈને અક્ષરધામમાં જરૂર જવાય છે. માટે આપણે કાળજી રાખી ભગવાનના એકાંતિક ભક્ત બનવું.

સવારે ઉઠીએ ત્યારે તથા રાત્રે સૂતી વખતે કે આપણને જ્યારે જ્યારે સાનુકૂળતા હોય ત્યારે ભગવાનની માધુરી, મરમાળી, પ્રકાશમાન મૂર્તિનું ધ્યાન કરવું . તે ધ્યાને કરીને કારણ શરીરની વાસના ટળી જાય છે એમ કારિયાણીના ૧૨ માં વચનામૃતમાં લખેલ છે. માટે જરૂર ધ્યાન કરવું. જો આવી લટક પાડીએ તો જરૂર ધ્યાન થઈ શકે છે.

પત્ર નંબર : ૩૩

માનસીપૂજા પણ કરવાની ટેવ પાડીએ તો તે પણ થઈ શકે. તે માનસીપૂજા ક્યારે કરવી ? તો સવારે પૂજા કરીએ ત્યારે, બપોરે જમીએ ત્યારે તથા રાત્રે જમીએ ત્યારે તથા રાત્રે સૂતી વખતે તથા બપોરે ૪ વાગે અનુકૂળ હોય તો કરવી ને જો ૪ વાગે અનુકૂળ ન હોય તો રાત્રે જમીએ ત્યારે ભેળી કરવી. તે જેમ આપણને અનુકૂળ હોય તેવી રીતે આગળ પાછળ કરવી. તે પણ અભ્યાસ કરીએ તો જરૂર થાય. માનસીપૂજા કરવાથી મનની વૃત્તિ સ્થિર થાય છે. તો તે પણ લટક પાડીએ તો થઈ શકે છે.

બીજું , રાત્રે ચેષ્ટાના પદ બોલીએ છીએ તેમાં લખ્યું છે કે, "હવે મારા વ્હાલાને નહીં રે વિસારૂં રે, શ્વાસોચ્છ્વાસે તે નિત્ય સંભારૂં રે" તે જુઓ આવી પણ જો ટેવ પાડીએ તો તે પણ થઈ શકે. તો જેટલું બને તેવી રીતે ભજનની ટેવ

પાડીએ તો જરૂર થઈ જશે. બીજું , બ્રહ્માનંદ સ્વામીએ લખ્યું કે, "મારા હૈડામાં નાથ હંમેશ રે,.દર્શન દેજો રે, બ્રહ્મમુની કહે નટવર વેશ રે, આખલડીમાં રહેજો રે" તેમાં લખ્યું કે હું ધ્યાન કરૂં ત્યારે હૃદયમાં તમારી માધુરી, પ્રકાશમાન મૂર્તિના દર્શન આપશો ને જયારે બહાર સેવા કરૂં ત્યારે બહાર દર્શન દેજો.

વળી બ્રહ્માનંદ સ્વામીએ લખ્યું કે, "હૈડામાં મને વ્હાલા લાગો છો વનમાળી, વ્હાલા લાગો છો લટકાળા રે લાલા, મારા નેણાં ઠરે છે ભાળી ભાળી" વળી સ્વામીએ લખ્યું કે "આવા ને આવા રે આવા ને આવા રે, રહેજો મારી આંખલડીમાં પ્રભુ આવા ને આવા" વળી મોટા સંતોએ લખ્યું કે, મોરલી વાગે ને સર્પ દરમાંથી આવીને ડોલવા માંડે. મેં પણ આવા પાંચ-સાત સંતોના તથા પાંચ-સાત હરિભક્તોના દર્શન કર્યા હતા ને મારા ધ્યાનગુરૂ પોતે આવી રીતે મહારાજની મૂર્તિના ધ્યાનમાં તલ્લીન થઈ જતા ને ગોરધનભાઈ, પર્વતભાઈ, મયારામ ભટ્ટ, દાદા ખાચર આદિ ગૃહસ્થ ભક્તો હતા પણ મહારાજની મૂર્તિ અખંડ સંભારતા. જુઓ, એ હરિભક્તો કાંઈ ત્યાગી થયા ન હતા. ભગવાનની મૂર્તિની અખંડ સ્મૃતિ રહે તે માટે આપણે પણ આવી ભજનની ટેવ પાડીએ તો જરૂર ભજન થાય.

બીજું , મોટા મોટા સંતોના શબ્દોની હારો કરવી. મોટા સંતો શું લખી ગયા ? સારા સદ્‌ગૃહસ્થોએ કેવી રીતે વર્તવું ? તો તે ભલે ઉપરથી વ્યવહાર કરતા પણ અંતરમાં ભગવાનની માધુરી મૂર્તિ રાખતા ને વ્યવહાર કાર્ય તો મહેતાજીની જેમ કરતા. ધરમપુરમાં કુશળકુંવરબાઈ પ્રેમી ભક્ત થઈ ગયા. તેને મહારાજ કહેતા કે રાજય તો ઉપરથી કરવું, પણ અંતરમાં મારી મૂર્તિ રાખજો. તો ગૃહસ્થ ભક્તોએ ઉપર થકી વ્યાવહારિક કાર્ય કરવું પણ અંતરમાં જંગત ભરવું નહીં. અંતરમાં તો ભગવાનની પ્રકાશમાન, માધુરી મૂર્તિ રાખવી. તો આવી જો ભજન કરવાની ટેવ પાડીએ, તો જરૂર ભજન થાય.

પત્ર નંબર : ૩૪

શ્રી હરિને અંતર્યામી જાણી તેમના નાના મોટા વચન પાલન કરવામાં કાળજી રાખવી. મોટા સંતોએ લખ્યું કે, આપણા બંને ખભા ઉપર ચિત્ર તથા ગુપ્તને મહેતાજી તરીકે ભગવાને ૨૪ કલાક રાખ્યા છે. તે આપણે સારૂં તથા ખરાબ કર્મ જે કરીએ તે લખે છે. વળી મોટા સંતોએ લખેલ છે કે, "ભોમાં પેસી ભોંયરે, કરીએ સાચો ખોટો ઘાટ, ભગવાનથી નથી અજાણ્યું કાંઈ"

આવી રીતે આપણે જાણી ભગવાનના નાના મોટા વચન પાલન કરવામાં કાળજી રાખવી. બીજું, ગ.પ્ર.પ્ર. ૩૪ માં વચનામૃતમાં લખ્યું છે કે, ગૃહસ્થોએ યોગ્ય રીતે બ્રહ્મચર્યવ્રત પાલન કરવામાં કાળજી રાખવી.

પૂર્વેના પુણ્યોના પ્રતાપથી અને શ્રીજી મહારાજની અપાર દયાથી આપણાને આ સત્સંગનો યોગ પ્રાપ્ત થયો છે. સત્સંગનો યોગ ઉપરાંત સત્શાસ્ત્રો તથા સત્પુરૂષોનો પણ યોગ પ્રાપ્ત થયો છે. તો આવા શુભ અવસરને ઓળખીને પોતાના આત્માના મોક્ષ સંબંધી કામ કરી લેવું એ જ આ મનુષ્ય જન્મનો મોટામાં મોટો લાભ છે, બાકી તો સર્વે ખોટું છે. વળી આ લોકના નાશવંત ને માયિક સુખોમાંથી પાછી વૃત્તિ વાળી શ્રીહરિની દિવ્ય, માધુરી ને અલૌકિક મૂર્તિમાં જોડવી. કેમ કે શ્રીહરિની મૂર્તિનું એક નિમિષ માત્રનું સુખ તે ઉપર અનંત કોટિ બ્રહ્માંડના જે વિષય સુખ છે, તે સર્વને વારી ફેરીને નાખી દઈએ અને ભગવાનના એક રોમમાં જેટલું સુખ રહ્યું છે, તેટલું સુખ અનંત કોટિ બ્રહ્માંડના સુખ ભેગા કરીએ, તો પણ તેના કોટિમાં ભાગની બરાબર પણ થાય નહીં. આ લોકના પંચવિષયના સુખ તો નરકના કુંડ જેવા છે અને કેવળ દુઃખ રૂપ જ છે. તેથી આ લોકના રાગ ટાળી, આપણી કસર માત્ર ટાળી ને શ્રી હરિની દિવ્ય મૂર્તિમાં દૃષ્ટિ જોડવી અને એમ કરતા કરતા જો શ્રી હરિની અખંડ સેવામાં રહી જવાશે, તો આપણું કામ થઈ જશે. માટે આપણે વિશેષ ખટકો રાખી શ્રી હરિનું જેમ બને તેમ વધુ ભજન કરવું ને જેના સંગથી અને જે શાસ્ત્ર સાંભળવાથી ભગવાનની ઉપાસનાનું ખંડન થતું હોય, તો તે સંગનો તથા તે શાસ્ત્રનો ત્યાગ કરવો ને શ્રી હરિને સર્વ કર્તા હર્તા, અંતર્યામી જાણી ને તેમની નાની મોટી આજ્ઞામાં સૂરત રાખવી ને ગૃહસ્થને યોગ્ય રીતે બ્રહ્મચર્ય વર્તમાન કહેલું છે, તેમાં ખાસ કાળજી રાખવી ને એકાંતમાં એકલી પરસ્ત્રીનો સહવાસ તો ક્યારેય પણ ન જ થવા દેવો. એ તો ખાસ કાળજી રાખવી.

આપ શ્રી હરિને રાજી કરવાને માટે કથા, વાર્તા, ધ્યાન, ભજન આદિ વિશેષ કાળજી રાખીને કરશો. કેમ કે આવો કલ્પવૃક્ષ સમાન દિવ્ય, અલૌકિક સત્સંગનો યોગ મળવો અતિ દુર્લભ છે. આવો યોગ વારંવાર મળતો નથી. આવો યોગ તો આજે આપણાને શ્રીહરિની અપાર દયાથી તથા આપણે આગળ કાંઈ સુકૃત કર્યા હશે તેથી જ મળ્યો છે. તો આવા યોગને પામીને આપણે આળસ, પ્રમાદ, મોહનો ત્યાગ કરી, ભગવાન ભજી લેવા. કેમ કે ભગવાનનું ભજન કર્યા વિના આ જીવને ક્યાંય સુખ કે શાંતિ થતા નથી. માટે જ સત્શાસ્ત્રોમાં

લખ્યું છે કે, "કાં સુખ હરિ કે ચરણમે, કાં સંતન કે માંહી" માટે સાચું સુખ ભગવાનને વિષે તથા તેના સાચા સત્પુરૂષને વિષે જ રહેલું છે. માટે તેનું મન, કર્મ, વચને સેવન કરવું એ જ આ સાચે શુદ્ધ ભાવે સત્સંગનું સાચું ફળ છે. બાકી તો આ લોક વિઘ્નકારી છે. તે જુઓને કોઈ સત્શાસ્ત્રમાં એવું લખ્યું નથી કે આ લોકમાં સુખ છે. માટે આ લોક ભોગમાંથી પાછી વૃત્તિવાળી ભગવાનને વિષે હેત કરવું અને શ્રી હરિને અંતર્યામી જાણી તેમની નાની મોટી આજ્ઞામાં વર્તવાનો ખટકો રાખવો તથા સવાર, સાંજ કથા, વાર્તા, ધ્યાન, ભજનનો ખટકો રાખવો.

પત્ર નંબર : ૩૫

પૂર્વના સંચિત પુણ્યોના પ્રતાપથી આવા દિવ્ય સત્સંગનું સાનિધ્ય સાંપડે છે. આવા શ્રેષ્ઠ સત્સંગમાં શુભ મનુષ્ય જન્મ પામીને આપણને સર્વેને અવશ્ય એ જ કરવાનું છે અને અંતે સાથે પણ એ જ આવશે. જ્યારે આ જીવ ઉપર મોટા પુરૂષો અને શ્રીજી મહારાજની કૃપા થાય છે, ત્યારે આવા અમૂલ્ય સત્સંગનું મહાત્મ્ય સમજાય છે અને સત્સંગની સેવા કરવામાં પણ પૂર્ણ શ્રદ્ધા જાગે છે.

એકાદ ક્ષણ પણ ખરેખરો સત્સંગ પ્રાપ્ત થઈ જાય તો એ સત્સંગ આ ભવસાગરમાં ડૂબતા પ્રાણીઓને તરવાની નૌકા બની જાય છે અને ત્રિવિધ તાપોથી મુક્તિ અપાવે છે. અનેક જન્મોના સુકૃત્યોથી સત્પુરૂષોનો સમાગમ પ્રાપ્ત થાય છે. જેથી સત્વ ગુણ વૃદ્ધિ પામે છે અને ખરૂં જ્ઞાન પ્રાપ્ત થાય છે.

જગતના પંચ વિષયોમાંથી મન નહી હટાવો ત્યાં સુધી ભક્તિ, સેવામાં આનંદ નહીં આવે. સેવા ક્રિયામાં નહીં, ભાવનામાં છે. ભગવાન શ્રી સ્વામિનારાયણની સેવા તો જ થશે જ્યારે પંચવિષયો સાથે પ્રેમ ઓછો થશે. શ્રીજી મહારાજ અને સંતો સાથે પ્રેમ કેળવવો હશે તો પંચવર્તમાન પાળવામાં સજાગ રહેવું પડશે અને આ વાસનારૂપી દોરીથી વિષયોમાં બંધાએલી ઈન્દ્રિયોને છોડાવવી પડશે. હૃદયમાં કોઈ વાસના નહી રહે તો ભક્તિમાં પરમાનંદ પ્રાપ્ત થશે.

નરનારાયણદેવ ભરતખંડની પ્રજાનું કલ્યાણ કરવા આજે પણ તપશ્ચર્યા કરે છે. આપણે પણ એ નરનારાયણદેવની પંક્તિમાં ભળવું છે ને અક્ષરધામમાં જઈને ભગવાનની અખંડ સેવામાં રહેવું છે, પણ નાશવંત અને તુચ્છ એવા જે માયિક સુખ તેને નથી ઈચ્છવું ને તેમાં કોઈ ઠેકાણે લોભાવું પણ નથી, એવો દૃઢ નિશ્ચય રાખીને નિરંતર ભગવાનની એકાંતિક ભક્તિ કરવી અને સત્સંગના જે જે નિયમો છે તેનું ચુસ્ત પણે પાલન કરવું.

શ્રી હરિને રાજી કરવાને માટે કથા, વાર્તા, ધ્યાન, ભજન આદિ નિયમો વિશેષ કાળજી રાખીને કરશો, કેમ કે આવા ચિંતામણી તુલ્ય માનવ દેહને પામીને આપણા આત્માનું શ્રેય કરી લેવું એ જ મોટો લાભ છે, બાકી તો બધું સ્વપ્ન સમાન છે. આ લોકમાંથી અચાનક જવાનું થાશે ને દેહને અંતે આ લોકના માયિક પદાર્થ કાંઈપણ કામ નહીં આવે. માટે જ્યાં સુધી આપણું શરીર સ્વસ્થ છે અને સારો યોગ છે, ત્યાં સુધીમાં આપણી કસર માત્ર ટાળી નાખવી. જુવો ભાઈઓ, આપણે આથી પહેલા અસંખ્યાત્ અવતારો ધરી આવ્યા છીએ ને અનેક પંચવિષયના સુખો ભોગવી આવ્યા હશું તો પણ હજુ લગી તે પંચવિષયના સુખની તૃપ્તિ થઈ નથી ને થાશે પણ નહીં. એ તો શ્રીજી મહારાજે વચનામૃતમાં કહેલ છે કે, પાતાળ સુધી પૃથ્વી ફાટે ને તેમાં ગમે તેટલું પાણી ભરીએ તો પણ ભરાય નહીં. વળી મોટા સંતોએ કીર્તનમાં કહેલ છે કે "ભોગ સંસારી ભોગવી કોઈ તૃપ્ત ન થાયેજી, ઈન્દ્રિયો ઊંડી અપાર છે વિષય નિરે ન ભરાયેજી." એ તો જ્ઞાને કરીને આ લોકમાંથી પાછી વૃત્તિ વાળીએ તો જ આ જીવાત્માને સુખ થાયે તો આપણે શ્રીજી મહારાજનો અપાર મહિમા સમજવો કે આ સ્વામિનારાયણ ભગવાન છે તે સર્વ અવતારના અવતારી છે, સર્વ સુખના નિધિ છે, સર્વના નિયંતા છે ને સર્વેને સુખના આપનારા છે. તો તેવા ભગવાનને જાણીને આ લોકના તુચ્છ પંચવિષયના સુખોના રાગો ટાળવા ને સર્વ સુખના નિધિ એવા સ્વામિનારાયણ ભગવાનને જાણી દિન દિન પ્રત્યે તેમની માધુરી, પ્રકાશમાન, દિવ્ય મૂર્તિને વિષે અતિશય હેતની વૃદ્ધિ કરવી ને રજતમના વેગો આવવા ન દેવા, સદાય સત્વગુણમાં રહેવું ને જનના મનના અંતરાયોથી રહિત થાવું ને જ્ઞાને કરીને સુખી રહેવું ને આપણા અંતરમાં એક ભગવાનની દિવ્ય મૂર્તિ વિના બીજું જગત પેસી ન જાય તે ખાસ કાળજી રાખવી.

પત્ર નંબર : ૩૬

શ્રીજી મહારાજે ગઢડા મધ્યના ૪૫ માં વચનામૃતમાં કહેલ છે કે, સાધુ, બ્રહ્મચારી, પાળા, ગૃહસ્થ, સર્વે સત્સંગી સદાય સાવધાન રહેજો . તમારા હૃદયમાં પંચભૂત, પંચવિષય, ચૌદ ઈન્દ્રિયોના દેવતા આદિ કોઈનો સંગ રહેવા દેવો નથી. તો શ્રીજી મહારાજનો આપણા સર્વે ઉપર આવો આગ્રહ છે. તો આપણે પણ કાળજી રાખી ભગવાનની મૂર્તિ સંભાળીશું અને આ લોકના રાગો ટાળવા ખટકો રાખશું તો થોડા સમયમાં બહુ ભારે મોટું કામ થઈ જાય તેમ છે. માટે આપણે બધાએ આ લોકમાંથી પાછી વૃત્તિ વાળીને ભગવાનની મૂર્તિમાં હેતની

વૃદ્ધિ કરવામાં ખટકો રાખવો ને શ્રીહરિને અંતર્યામી જાણી તેમના નાના મોટા વચન ઉપર સૂરત રાખવી ને ગૃહસ્થને યોગ્ય રીતે, બ્રહ્મચર્ય કહેલ છે તેમાં તો ખાસ કાળજી રાખવી ને ક્યારેય પણ એકાંતમાં એકલી પરસ્ત્રીનો સહવાસ તો ન જ થવા દેવો. એ તો બહુ જ કાળજી રાખવી.

શ્રી હરિને રાજી કરવાને માટે કથા, વાર્તા, ધ્યાન, ભજન આદિ નિયમો વિશેષ કાળજી રાખીને કરશો. કેમ કે, મરી તો સર્વને જવાનું છે, પણ આવી રીતે ભગવાનનું ભજન કરતા જે વખત જાય, એ જ જીવ્યાનો મોટો લાભ છે. બાકી આ તો બધું સ્વપ્ન સમાન છે. આ લોકમાંથી અચાનક આપણે જવાનું થાશે ને દેહને અંતે આ લોકના કોઈપણ પદાર્થ કામ નહીં આવે. માટે આપણું શરીર સારૂં હોય, ત્યાં સુધીમાં આપણી બધી કસર ટાળી નાખવી ને દિન દિન પ્રત્યે શ્રીહરિની માધુરી મૂર્તિને વિષે જ અતિશય હેતની વૃદ્ધિ કરવી.

વળી આપણે બબ્બે ઘડી પાછી વૃત્તિ વાળીને વિચાર કરવો કે, હું અહીં શું કરવા આવ્યો છું ? ને શું થાય છે ? શ્રીહરિને કેવા કરીને પોતાની હજૂર સેવામાં રાખવા છે? તો તે ઉપર વિચાર કરીને જાણપણારૂપ જે ધામને દરવાજે અખંડ ઊભા રહીને આપણા અંતરમાં એક ભગવાનની મૂર્તિ જ અખંડ રહે ને તે વિના આ જંગત અંતરમાં ન ભરાય, એ આપણે બધાએ ખાસ કાળજી રાખવી. તે જો આપણે કાળજી રાખીને વર્તશું, તો દયાળુ શ્રીહરિ આપણા ભેળા ભળીને બધી કસર ટળાવી દેશે. તો આપણે બહુ જ સાવધાની રાખવી.

આપણા ઉપર દયાળુ શ્રીહરિએ અપાર દયા કરીને કેવો આ અમૂલ દિવ્ય સત્સંગનો યોગ આપ્યો છે. તે આપણે કાળજી રાખી ભજન કરશું , તો થોડાં સમયમાં બહુ જ ભારે કામ થઈ જશે ને જ્યાં અપાર, અપાર ને અપાર અવિનાશી દિવ્ય સુખ રહેલું છે, એવું જે શ્રીહરિનું અક્ષરધામ તેમાં શ્રીહરિ દયા કરીને પોતાની હજૂર સેવામાં રાખી દેશે. ઓહોહો...! તે અક્ષરધામમાં તો શ્રીહરિની માધુરી મૂર્તિનું કાંઈ અલૌકિક, દિવ્ય સુખ રહેલું છે તેનું તો શું વર્ણન થઈ શકે ! તો એ સુખનો લોભ રાખીને આ લોકના સુખનો ત્યાગ કરવો અને દેહને અંતે શ્રીહરિની હજૂર સેવામાં રહી જવાય એ જ આપણે બધાએ આ સાચે શુદ્ધ ભાવે સત્સંગ કરવાનું સાચું ફળ છે. તો આપણે બહુ જ કાળજી રાખવી.

પત્ર નંબર : ૩૭

શ્રીહરિને અંતર્યામી જાણી, તેમના નાના મોટા વચનો ઉપર સૂરત રાખવી ને પોતાના બ્રહ્મચર્ય વર્તમાનમાં તો બહુ જ કાળજી રાખવી. ક્યારેય પણ

એકાંતમાં એકલી પરસ્ત્રીનો સહવાસ તો ન જ થવા દેવો. કેમ કે, આજે જગતમાં હળાહળ કળિયુગ વ્યાપી ગયો છે તે જો જરાક ગાફલાઈ રાખશું, તો માયા તે જ વખતે પરાભવ કરીને મોક્ષના માર્ગમાંથી પાડી નાખશે. તો આપણે બહુ જ ચેતીને ચાલવું.

આજે જગતમાં હળાહળ કળિકાળ વ્યાપી ગયો છે ને ત્રિવિધ તાપમાં જગતના જીવો બિચારા રાત્રિ-દિવસ બળ્યા જ કરે છે, પણ આપણા તો બહુ જ મોટા ભાગ્ય છે કે, આપણાને આવા સર્વ સુખના નિધિ, સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની ઓળખાણ થઈ છે તથા આવો દિવ્ય અલૌકિક સત્સંગનો અમૂલો યોગ મળ્યો છે. તેથી કેવા શાંતિથી ભંજન કરીએ છીએ. જો આપણાને આવો યોગ મળ્યો ન હોત, તો આપણા પણ એ જ હાલ હોત. તો આવા યોગને પામીને બધાએ સાચે શુદ્ધ ભાવે સત્સંગ કરીને આપણી બધી કસર ટાળી નાખવી ને આપણા અંતરમાં એક શ્રીહરિની માધુરી, દિવ્ય, પ્રકાશમાન મૂર્તિ જ રહે ને તે વિના બીજા જગતના માયિક પંચવિષયના સુખ સર્વે ઝેર જેવા થઈ જાય ને આઠે પહોર શ્રીહરિની મૂર્તિના જ સુખમાં ગુલતાન બની જવાય ને દેહને અંતે શ્રીહરિની હજૂર સેવામાં રહી જવાય એ જ આપણે બધાએ સાચે શુદ્ધ ભાવે સત્સંગ કરવાનું સાચું ફળ છે.

બાકી, આ તો બધું ખોટું છે. અચાનક આ લોકમાંથી આપણે બધાને જવાનું થાશે ને દેહને અંતે આલોકના સુખ કાંઈ પણ કામ નહીં આવે. માટે આપણે કાળજી રાખી ભજન કરશું, તો થોડા સમયમાં બહુ જ ભારે કામ થઈ જશે ને જો આપણે આળસ, પ્રમાદ, મોહમાં લપેટાઈ જશું, તો પછી બહુ પસ્તાવો કરવો પડશે. તો આપણે પછી પસ્તાવો ન કરવો પડે એવું કામ કરી લેવું ને તેવું કામ કરવાને માટે દયાળુ શ્રીહરિએ આપણાને જેવો જોઈએ તેવો યોગ આપ્યો છે. વળી, અન્ન વસ્ત્ર સુખેથી મળે છે. બધી વાતનું સાનુકૂળ છે. આપણાને શ્રીહરિ પૂછશે તો આપણે કોઈપણ બહાનું આપી શકીએ તેમ નથી. તો આપણે હવે એવું મંડવું કે, "અથ સાધયામિ વા દેહં પાતયામિ." તે જો આપણે એવી કાળજી રાખીને મંડશું, તો દયાળુ શ્રીહરિ જરૂર આપણી બધી કસર ટળાવી દેશે. તો આપણે બહુ જ કાળજી રાખવી. રજ તમના વેગો આવવા ન દેવા. સદાય સત્વગુણમાં રહેવું ને ઉત્થાન ઓળખીને જ દરેક કાર્ય કરવું ને જાણપણારૂપ ધામને દરવાજે રહી આપણા અંતરમાં શ્રીહરિની મૂર્તિ વિના બીજું કાંઈ પેસી ન જાય એ ખાસ કાળજી રાખવી. શ્રીહરિને અંતર્યામી જાણી, તેમના વચનો પર સૂરત રાખવી.

આવો અમૂલો ભગવાન ભજવાનો વખત પાછો કોટિ કલ્પે નહીં મળે. તો આવા યોગને પામીને આ લોકભોગમાંથી રાગો ટાળીને દિન દિન પ્રત્યે શ્રીહરિની માધુરી, દિવ્ય, પ્રકાશમાન મૂર્તિને વિષે જ અતિશય હેતની વૃદ્ધિ કરવી. જેમ વજ્રની પૃથ્વી હોય ને તેમાં વજ્રની ખીલી ચોડી હોય, ને તેમાં જેમ ચોંટી જાય છે, તેમ આપણા મનની વૃત્તિ પણ શ્રીજીમહારાજની દિવ્ય મૂર્તિને વિશે જ જોડી દેવી ને જેમ ચમકપાણમાં લોહું ખેંચાઈ જાય છે તેમ આપણી વૃત્તિ ભગવાનની માધુરી, દિવ્ય, પ્રકાશમાન મૂર્તિને વિષે જ સ્થિર કરવી.

ઓહોહો...! તે માધુરી મૂર્તિને વિષે તો કાંઈ અલૌકિક, દિવ્ય સુખ રહેલું છે તેનું તો શું વર્ણન થઈ શકે ! એ સુખ જો આપણે એક નિમિષમાત્ર પણ લીધું હોય, તો એમ થાય કે મેં તે સુખ લાખો વર્ષો સુધી લીધું. તો આપણે પણ તે જ સુખમાં દૃષ્ટિ પહોંચાડી ને આ સંસારના માયિક સુખમાંથી વૃત્તિ પાછી વાળવી. કેમ કે, આ સંસારના સુખો તો આપણે જ્યાં જ્યાં જન્મ ધર્યા હશે, ત્યાં ત્યાં અનેક વખત એ સુખો ભોગવ્યા જ હશે, એ કાંઈ દુર્લભ નથી. એ તો વિષ્ટાના ખાતલ કીડાને પણ મળે છે, પણ આવા સર્વ સુખના નિધિ સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન મળવા એ જ દુર્લભ છે. તો આપણે તેનો કેફ રાખવો. રાત્રે સૂતી વખતે અને સવારે ઉઠતી વખતે પોતાના આત્માને વિષે બ્રહ્મરૂપની ભાવના કરીને શ્રીજી મહારાજની મૂર્તિનું ધ્યાન કરવાનો ખટકો રાખવો. તે શ્રીજી મહારાજે કારીયાણીના ૧૨ માં વચનામૃતમાં કહેલ છે કે, ધ્યાન કર્યા વિના કારણ શરીરની વાસના ટળતી નથી. તે વાસના ટળ્યા વિના શ્રીહરિની હજૂર સેવામાં રહેવાતું નથી. માટે આપણે બહુ જ કાળજી રાખવી ને દરેક વ્યાવહારિક કાર્યો કરતા કરતા શ્રીજી મહારાજનું નામ સ્મરણ તથા મૂર્તિની સ્મૃતિ રાખવી પણ વ્યવહારના તાને ચડી ન જવું ને જેમ ગોરધનભાઈ, પર્વતભાઈ, દાદાખાચર, મયારામ ભટ્ટ તથા બોટાદના શિવલાલભાઈ આદિ બધા વ્યાવહારિક કાર્યો કરતા જ હતા ને બધા ગૃહસ્થાશ્રમમાં જ હતા, પણ શ્રીજી મહારાજની મૂર્તિ અખંડ તે બધા સંભારતા હતા. જેમ પાણીમાં કમળ રહે છે, પણ તે કમળ પાણીમાં બૂડતું નથી, તેવી જ રીતે આ લોકમાં રહ્યા એટલે વ્યાવહારિક કાર્યો કરવા પડે, પણ અંતરમાં તે વ્યવહાર ન ભરવો. અંતરમાં તો એક શ્રીજી મહારાજની મૂર્તિ જ રાખવી.

આવો અમૂલો ભગવાન ભજવાનો વખત પાછો કોટિ કલ્પે નહીં મળે. તો આવા યોગને પામીને આ લોકભોગમાંથી રાગ ટાળીને દિન દિન પ્રત્યે

શ્રીહરિની માધુરી, દિવ્ય, પ્રકાશમાન મૂર્તિને વિષે જ અતિશય હેતની વૃદ્ધિ કરવી અને આપણા મનની વૃત્તિ પણ શ્રીજીમહારાજની દિવ્ય મૂર્તિને વિષે જ જોડી દેવી. જેમ ચમકપાણ પથરામાં લોહું ખેંચાઈ જાય છે, તેમ આપણી વૃત્તિ ભગવાનની માધુરી, દિવ્ય, પ્રકાશમાન મૂર્તિને વિષે જ સ્થિર કરવી.

લાલાબાબુની વાત

બધું મળવું સુગમ છે પણ ભગવાન મળવા દુર્લભ છે. લાલાબાબુની વાત કરી, તેમને બધું હતું. પૈસા, કીર્તિ હતા. તે વખતે ભગવાન પણ પ્રત્યક્ષ હતા, પણ તેમના ભાગ્યમાં ભગવાનના દર્શનનું સુખ-યોગ નહી હોય, તો તેઓ ન પામી શક્યા. અત્યારે આ સમયે તમોને તેમના કરતા ઓછી સવલત હોવા છતાં, આ ભગવાન, આ ભગવાનની મૂર્તિ, આ ભગવાનના આચાર્ય, આ ભગવાનના સંતો, આ ભગવાનને ઓળખાવનારા શાસ્ત્રો આદિ સમગ્ર સામગ્રી સુલભ છે. સંતોની ફરજ એ છે કે, પોતાની પાસે આવેલ મુમુક્ષુ જીવનું કલ્યાણ કેમ થાય ? અને કેમ કરી તેનામાં ભગવાનની વાત ઉતરે. ભગવાન સ્વતંત્ર છે. તે સંત દ્વારા ઓળખાય છે. લાલાબાબુને સંતોએ ભગવાન ઓળખાવ્યા. લાલાબાબુએ ખૂબ કામ કર્યું પણ દર્શનનું પુણ્ય ન પામ્યા. એના કરતા આપણા પુણ્ય અનેક ઘણાં વધુ છે કારણ કે, આપણને આ દર્શન,સ્પર્શ,સત્સંગનું સુખ સહેજે સહેજે મળે છે.

બીજું, આપણે વિચાર કરવો, મારે આ દેહે કરીને ભગવાનની ભક્તિ કરી, મારા જીવનું કલ્યાણ કરી લેવું. તે ભક્તચિંતામણીમાં કહ્યું છે કે

"કંઈક વાર અમે કહ્યું, તમે સાંભળ્યું સો સો વાર,
કામ પડે તે વાતનો નથી રહેતો નિરધાર."

મહારાજ કહે અમે તમોને ઘણીવાર કહ્યું અને તમે સાંભળ્યું પણ સો સો વાર, પણ જ્યારે કામ પડે ત્યારે તે વાતનો આપણને નિર્ધાર રહેતો નથી. તો આપણે ભગવાનના ભક્ત થયા છીએ તે સાચે ભાવે સત્સંગ કરી, આપણી જે જે કસર હોય તે ટાળી નાખવી.

ત્યાગી, ગૃહસ્થનો મેળ નથી, જેની સમજણ મોટી તે મોટા

બીજું, સાધુને મોક્ષ સંબંધી કામ કરવું છે અને ગૃહસ્થને પણ મોક્ષ સંબંધી કામ કરી ભગવાનના ધામમાં જવું છે. તો મહારાજ કહે ત્યાગી કે ગૃહસ્થનો

કોઈ મેળ નથી, જેની સમજણ મોટી તે મોટા કહેવાય. નાના હોય પણ પૂર્વના યોગભ્રષ્ટ જીવ હોય, તે આખો દિવસ કથા, વાર્તા, ધ્યાન, ભજન કર્યા કરે અને કેટલાક મોટા હોય પણ તે ભજન બરાબર કરતા ન હોય, તો તે કનિષ્ટ કહેવાય. બીજું, પૂર્વના યોગભ્રષ્ટ જીવ હોય અને તે ગૃહસ્થાશ્રમમાં હોય અને તે ભજન બરાબર કરે તો તે વધી જાય. બીજું, મહારાજ કહે નાના મોટાનો કોઈ મેળ નથી. તેમ ત્યાગી, ગૃહસ્થનો પણ કોઈ મેળ નથી. જેની સમજણ મોટી તે મોટા.

આપણે બધા ભેગા થયા છીએ, તે અરસ પરસ એકબીજામાં હેત રાખી અને આપણામાં જે કાંઈ ખામી હોય, તે દૂર કરવી. ગૃહસ્થ હોય તે ૨૪ કલાક તો કોઈ કામ કરતા નથી. જે નોકરી કરતા હોય એ છ કલાક કે આઠ કલાક નોકરી કરતા હશે. ઓફિસમાં ૧૦ કે ૧૨ કલાક ને વેપારી હોય તે ૧૦ કલાક કે ૧૨ કલાક કે પંદર કલાક કામ કરતા હશે. પણ ૨૪ કલાક તો કોઈ પણ કામ કરતા નહી હોય. ભલે ભગવાને જેને જ્યાં રાખ્યા, ત્યાં કામ કરવા પડે અને ગૃહસ્થને વ્યાવહારિક કામ કરવા પડે, પણ આપણા ભક્તો, ગોરધનભાઈ, પર્વતભાઈ, દાદા ખાચર આદિક ઘણાંક ભક્તો ગૃહસ્થાશ્રમી જ હતા અને તેઓ પણ તેમની વ્યાવહારિક પ્રવૃત્તિ કરતા હતા, પણ પોતે વિરક્ત રહેતા અને જ્યારે ટાઈમ થાય ત્યારે માનસી પૂજા, ભજન, માળા આદિ કરતા.

માનસી પૂજા (પર્વતભાઈ)

આપણા પર્વતભાઈની વાત લખી છે કે, તેઓને માનસી પૂજાનો સમય થઈ ગયો હતો, ચોમાસાનો વખત હતો, ખેતરમાં હળ ફરવા ચાલુ હતા, વાવણી ચાલુ હતી. ચાલુ હળે તેઓ માનસી પૂજા કરવા લાગ્યા. ભગવાનને થાળમાં દહી-રોટલો જમાડે. બીજા સાથીદારને થયું કે આ પર્વતભાઈ તો ઊંઘતા ઊંઘતા ચાલે છે, તો તેમણે તેમને જગાડવા, પોતાના પાસેની બળદ હાંકવાની લાકડીથી હલાવ્યા. તે વખતે આ ભક્તરાજ તો ભગવાનને માનસી પૂજામાં દહીંને રોટલો જમાડી રહ્યા હતા, તે દહી અને રોટલો નીચે પડ્યા. તે જગાડનારને થયું કે આ ખોટું થયું ને માફી માગી.

બીજું, માનસી પૂજા કરવી. માનસી પૂજા કરવાથી મનમાં શાંતિ થાય ને અંતરમાં આનંદ થાય. શરૂ શરૂમાં ઓછો સમય થાય પણ પછી જેમ જેમ અભ્યાસ વધે તેમ તેમ વધુને વધુ સમય સુધી ભગવાનનું સુખ વધુ લેવાય. પછી તો મૂર્તિ દેખાવા માંડે એટલે એના અંતરમાં આનંદ થઈ જાય કે,

ઓહોહો...! ભગવાનની મૂર્તિમાં આવું સુખ છે ! સ્વામિનારાયણ ભગવાને સારંગપુરના પહેલા વચનામૃતમાં કહ્યું છે કે, ભગવાનની મૂર્તિનું એક નિમિષ માત્ર સુખ લીધું હોય, તો લાખો વર્ષો સુધી સુખ લીધું એમ આનંદ આનંદ થઈ જાય. આ ભગવાનનું સુખ જ એવું છે. તો આપણે પણ ટાઈમ સર સવારે, બપોરે, ચાર વાગે, સાંજે અને સૂતી વખતે એમ પાંચ વખત માનસી પૂજા કરવી. સ્વામિનારાયણ ભગવાને ગઢપુરના છેલ્લા પ્રકરણના ૨૩ માં વચનામૃતમાં કહ્યું છે કે, ભગવાનના ભક્તે માનસી પૂજા કરવી. ન કરતા હોય તો તેમણે નિયમ રાખીને અવશ્ય માનસી પૂજા કરવી. કદાચ પાંચ વખત ન થાય, તો ચાર વાગ્યાની સાંજે ભેગી કરી લેવી ને રાત્રે એમ ચાર વખત તો કરવી.

આ લોક અને આ દેહની વાસના ટાળવાની રીત

બીજું, રોજ સૂઈએ ત્યારે અને સવારે ઉઠીને તુરત ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું. તે કારિયાણીના ૧૨ માં વચનામૃતમાં કહ્યું કે, કારણ શરીરની વાસના ટાળવી હોય તેણે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું. ત્યારે કેટલાક પૂછે ધ્યાન કેમ કરવું ? ધ્યાન એટલે શું? તો પોતાને ભગવાનની જે મૂર્તિનું સ્વરૂપ પ્રિય હોય, જેવી કે આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનની ફૂલ સૂંઘતી બેઠી મૂર્તિ હોય, સહજાનંદ સ્વામીની ઊભી મૂર્તિ કે હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ, જે પોતાને વધુ સારી લાગતી હોય તે મૂર્તિનું ધ્યાન કરવું. મહારાજે પોતાની હયાતી દરમ્યાન નરનારાયણ દેવ, લક્ષ્મીનારાયણ દેવ, ગોપીનાથજી મહારાજ, રાધાકૃષ્ણ દેવ એમ અનેક દેવોની મૂર્તિઓ પધરાવી છે. આ મૂર્તિઓ અનેક જીવોના કલ્યાણ સારૂં પધરાવી છે. તેને માનવા, દર્શન કરવા ને કોઈ દેવની નિંદા ન કરવી. મહારાજે ના પાડી છે કોઈ દેવની નિંદા ન કરવી, પણ ધ્યાન ભજન તો પોતાના ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનનું જ કરવું, તો જ તેને આનંદ આવે. એટલે મૂર્તિને અંગોઅંગ ચરણથી શિખા સુધી જોતા જઈએ. એક અંગ જોઈએ અને બે વાર ભગવાનનું સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ નામ લેવું ને ચરણથી શિખા સુધીનું ધ્યાન કરતા આશરે ૩૦ કલાકથી પોણો કલાકનો સમય થઈ જાય. આપણને ટાઈમ ક્યાં છે ? આપણે થાકી જઈએ છીએ. મારા ગુરૂ કહેતા કે, "દિવસ જાય ડખામાં, અને રાત જાય વખામાં" એમ દિવસ આખો આમ જાવું, તેમ જાવું, નોકરીમાં જવું, બેન્કમાં જવાનું, પૈસા લેવાના છે, દેવાના છે, એ કરવું પડે. પણ એ કાર્ય કરતા કરતા ભગવાનની

મૂર્તિને સંભારવી. મહારાજ કહે અંતરમાં વ્યવહાર રાખવો નહીં. અંતરમાં તો ભગવાનની મૂર્તિ રાખવી. વચનામૃતમાં વાત આવી કે "ભગવાનના ભક્ત હોય તેની વૃત્તિ ભગવાનની મૂર્તિમાં જ રહે અને જેને ભગવાનની મૂર્તિમાં વૃત્તિ ન રહે, તે ભગવાનનો ભક્ત પણ ન કહેવાય. આમાં કલમ ક્રાપી નાખી. સ્વામિનારાયણ ભગવાન તો દયાળુ છે. તે આપણને બધાને નભાવે છે. આપણે વિચાર કરીએ તો આપણી ઘણી ખામી કહેવાય. પાછું કહ્યું કે, ભગવાનના ભક્ત હોય તેની વૃત્તિ ભગવાનમાં ન રહે, તે ભક્ત બરાબર કહેવાય નહીં. પછી તેમાં દૃષ્ટાંત આપ્યું કે, ભગવાનમાં વૃત્તિ રાખવાનું સાધન શું ? તો બહાર કે અંતરમાં ભગવાનની મૂર્તિ જોવી તે અંતરદૃષ્ટિ કહેવાય ને દૃષ્ટિ પલટાવી તે બહાર જોવી, વળી દૃષ્ટિ પલટાવી મૂર્તિ અંતરમાં જોવી, તે પણ ધ્યાન કહેવાય. મૂર્તિ જોવી તો અંતરમાં જોવી. કેટલાક સામી મૂર્તિનું ધ્યાન કરે. સામી મૂર્તિનું ધ્યાન કરે ત્યાં સુધી આ લોકની કે આ દેહની વાસના ટળતી નથી. આત્મા અને પરમાત્માનું જ્ઞાન દૃઢ કરવા માટે પોતાના આત્માને બ્રહ્મરૂપ માની, પ્રકાશમાન આત્માને પોતાનું સ્વરૂપ માનવું, એ આત્માને અક્ષર બ્રહ્મ સાથે, અક્ષરધામ સાથે એકતા કરી, અક્ષરધામને પોતાનું સ્વરૂપ માની અને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરીએ, તો આપણા અંતરમાં ભગવાનની મૂર્તિનો આનંદ આવે. આપણે બધાએ સાચે ભાવે સત્સંગ તથા સંત સમાગમ કરી અને આ લોકના રાગ ટાળી, દેહને અંતે ભગવાનની સેવામાં રહી જવાય, તો આપણો આ ફેરો સફળ થયો કહેવાય. તે કામ કરવાને માટે આપણે ભેગા થયા છીએ. તો તે માટે કાળજી રાખી ભજન વિશેષ કરવું.

સંત સમાગમ થકી એકાંતિક ભક્ત થવાય છે

સત્સંગિજીવનના બીજા પ્રકરણના ૫૧માં અધ્યાયમાં ભાલચંદ્ર શેઠની વાત છે. ભગવાનના એકાંતિક ભક્ત થઈ ગયા. શરૂઆતમાં તેઓ ભગવાનના એકાંતિક ભક્ત હતા નહીં પણ પછી એમને સંતનો સમાગમ થયો અને ભગવાનની દયા થઈ તો તેઓ એકાંતિક ભક્ત થઈ ગયા. તેઓ ધ્યાન કરવા મંડ્યા તો ધ્યાન કરતા કરતા ભગવાનની મૂર્તિમાં તલ્લીન થઈ ગયા. તેમને આ દેહ, લોક કે બ્રહ્માંડ કાંઈ દેખાય જ નહીં. જ્યાં સુધી આપણે આ દેહમાં હોઈએ, ત્યાં સુધી દેહના ભાવ રહી જતા હોય છે, પણ દેહના ભાવ ભૂલી જઈએ, તો જ આત્મા ને પરમાત્માનું જ્ઞાન દૃઢ થાય છે. તો એમને પણ આ લોક કે આ દેહ કાંઈ દેખવામાં આવતું નહીં. એવી રીતે આપણે પણ ભગવાનના

ભક્ત થયા છીએ, તો આપણે પણ ધીમે ધીમે કથા વાર્તા સાંભળી, સંત સમાગમ કરી ને જે કાંઈ ખામી હોય તે ટાળવી.

સ્વભાવ, પ્રકૃતિ ટાળી એકબીજામાં હેત કરવું

મહારાજે શિક્ષાપત્રીમાં લખ્યું છે કે, આપણે ભગવાનના ભક્તને કોઈ પ્રકારનું વ્યસન ન રાખવું. તે શું વ્યસન રાખવું ? તે ભગવાનની ભક્તિ કરવાનું વ્યસન રાખવું. તે વ્યસન તો રાખવું પડશે ને ? તો આપણે ભગવાનની કથા, વાર્તા, માળા, માનસી પૂજા અને ભજન એ વ્યસન રાખવા. તેણે કરીને ભગવાન આપણા ઉપર રાજી થાય. શિક્ષાપત્રીમાં કહ્યું કે, કોઈ પ્રકારનું વ્યસન ન રાખવું. આ તો સ્વામિનારાયણ ભગવાન અને દરેક શાસ્ત્રમાં વાત કરી છે કે, આપણે સ્વભાવ, પ્રકૃતિ, વાસના ટાળી, ભગવાનની મૂર્તિમાં હેત કરશું, તો "દેહ છતાં દુઃખી નહીં, ને તન છૂટે તેજ અંબાર" દેહ છતાં પણ ભગવાનના ભક્તને કોઈ પણ પ્રકારનું દુઃખ થતું નથી અને દેહને અંતે ભગવાન પોતાના અક્ષરધામમાં તેડી જાય છે. તો એવા દયાળુ ભગવાન આપણને મળ્યા છે. તો આપણે દરેકે કાળજી રાખી વિશેષ ભજન કરવાનું છે.

બીજું, તમે બધા ભગવાનના ભક્તો છો. વળી મોક્ષભાગી-મોક્ષની ઇચ્છાવાળા છો. તો આપણે આપણામાં સત્સંગમાં ન શોભે તેવા સ્વભાવ, પ્રકૃતિ ટાળી એક બીજામાં હેત રાખવું. મહારાજ કહે છે કે, એક બીજામાં હેત હોય તો હેતની વાત કહેવાય અને હેતના કારણે મનાય પણ ખરૂં. જો હેત ન હોય તો કહી ન શકાય ને મનાય પણ નહીં. માટે અરસપરસ હેત હોય તો જ કહી શકાય. આ સંતો આપણા જીવના હેતની વાત કરે છે. તો તેમને પોતાનો કોઈ સ્વાર્થ નથી. આપણા જીવના કલ્યાણ માટે એ વાતો કરે છે અને સ્વામિનારાયણ ભગવાને પણ (સત્સંગિજીવનમાં) કહેલ છે, તો તેમને કોઈ પણ પ્રકારનો સ્વાર્થ હતો નહીં. ભગવાન અક્ષરધામમાંથી આ મનુષ્ય લોકમાં એટલા માટે પધાર્યા હતા કે જે તે પ્રકારે આ જીવને તેમની મૂર્તિનો જોગ થાય, મૂર્તિનું જ્ઞાન થાય, સંતનો સમાગમ થાય તો આ જીવ માયામાંથી મુક્તિને પામે અને દેહને અંતે ભગવાનના ધામને પામે. સ્વામિનારાયણ ભગવાનનો એ સિદ્ધાંત હતો અને આપણા આચાર્ય મહારાજનો અને આપણા મોટા મોટા સંતોનો તથા હરિભક્તોનો એ જ સિદ્ધાંત છે. તો તે પ્રમાણે આપણે બધાએ કાળજી રાખીને ભજન કરવું.

પુનરપિ જનનં પુનરપિ મરણમ્

બીજું, આપણા સૌના મોટા ભાગ્ય છે, તે આપણને સર્વ સુખના નિધિ, સર્વના નિયંતા, આ સ્વામિનારાયણ ભગવાન મળ્યા છે. આ ભગવાન મળવા બહુ દુર્લભ છે. આ તો આપણે પૂર્વ જન્મમાં જપ કર્યા હશે, તપ કર્યા હશે, ધ્યાન કર્યું હશે, દાન પૂણ્ય કર્યું હશે, એવા અનેક દાન-પૂણ્ય કર્યા હશે, તે કરતા કરતા કંઈક આપણું અધુરૂં રહી ગયું હશે, તે પુરૂં કરવા માટે આપણે બધા અહીં આવ્યા છીએ અને આ ભગવાને આપણને આવો જોગ આપ્યો છે નહીતર સતયુગમાં લાખ વર્ષનું આયુષ્ય હતું ને ત્રેતાયુગમાં દસ હજાર વર્ષનું આયુષ્ય હતું ને દ્વાપર યુગમાં એક હજાર વર્ષનું આયુષ્ય હતું, એ દરેક યુગમાં આપણે બધાએ દેહ ધારણ કર્યો હતો, એ ટાણે આપણને કોઈ એવા ભગવાન કે સત્સંગનો જોગ મળ્યો નહીં હોય અને કદાચ મળ્યો હશે, તો આપણે તે જોગનો લાભ લીધો નહીં હોય અને તે કારણથી આ જીવ પુનરપિ જનનં પુનરપિ મરણમ્ ના આંટા ફેરામાં અટવાઈ રહ્યા છીએ. આપણે બધા આ જન્મ મરણના ફેરા ભોગવ્યા જ કરીએ છીએ. આપણે હજુ એવું કાર્ય કરીને ભગવાનના અક્ષરધામને પામ્યા નથી એટલે કે જીવને જન્મ મરણના બંધનથી છોડાવી, ભગવાનના અક્ષરધામને પામ્યા નથી. કેટલાક માણસોની એવી સમજણ હોય કે, આપણે અક્ષરધામમાં જઈને શું કરીશું ? શું ઉતાવળ છે ? ધીમે ધીમે જાશું. વાત પણ સાચી છે. કારણ કે તે ભાઈને ભગવાનનું શું સુખ છે? અક્ષરધામનું સુખ કેવું છે ? એ બધી વાત સમજવામાં-જાણવામાં આવી નથી. એટલે એ ભાઈ બોલે છે. મહારાજ કહે છે કે, અક્ષરધામમાં બહુ અલૌકિક સુખ રહ્યું છે. આંખનું એક મટકું ભરીએ એટલીવાર આપણે ભગવાનની મૂર્તિનું સુખ ભોગવ્યું હોય, તો લાખ વર્ષ સુધી ભોગવ્યું હોય એટલો આનંદ વર્ત્યા કરે. આપણે હમણાં દેહમાં છીએ, આ લોકમાં છીએ અને આપણને એ ભગવાનના દર્શન આદિકનું સુખ સુલભ છે. તો એ ભગવાનના પ્રેમથી દર્શન કરીએ તો આપણને અંતરમાં શાંતિ-શાંતિ થઈ જાય અને અંતરમાંથી ઉદ્‌ગાર નીકળે ઓહોહો ! આવો ભગવાનનો આનંદ છે ! તો આ લોકમાં ભગવાનના પ્રેમથી દર્શન કરવાથી આવો આનંદ થઈ જતો હોય, તો એ ભગવાનના અક્ષરધામમાં ભગવાનની મૂર્તિના દર્શનના સુખની તો શું વાત કરીએ ? ત્યાં તો સુખ સુખ ને સુખનો નહીં પાર. એ ભગવાનના ધામની મૂર્તિનું અલૌકિક સુખ છે, દિવ્ય સુખ છે. એ સુખ ક્યારે

મળે ? તો આવી રીતે બધા ભેગા મળી ભગવાનની કથા, વાર્તા, કીર્તન, ધ્યાન, ભજન કરીએ તો તે સુખની વાત સમજાય.

ભગવાનના ધામમાં સુખ અતિશય છે

વળી ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં કહ્યું છે કે,જેમ કોઈ ભારે શાહુકાર હોય તે રસ્તાને બેય કોરે છાયાને અર્થે ઝાડ રોપાવે તથા પાણીની પરબ બંધાવે છે તથા સદાવ્રત કરે છે તથા ધર્મશાળા કરાવે છે. તે ગરીબને સારૂં કરાવે છે. તેમ બ્રહ્મા, શિવ અને ઇન્દ્રાદિવ દેવ છે તે તો એ ભગવાનના સુખની આગળ જેવા સડતાળાના રાંક (દુષ્કાળના સમયમાં ખાવાના દાણા લેવા માટે ગરીબ માણસો અહીં તહીં પોતાના હાથમાં માટીનું વાસણ લઈને દોડતા હોય છે. તેવા દુષ્કાળમાં ગરીબ માણસ જે પીપળની ટેટી બાફીને ખાતા હોય) હોય તે જેવા ગરીબ છે. તે બ્રહ્માદિક દેવ, મનુષ્યના સુખને અર્થે ઉત્તમ એવા પંચવિષય તે ભગવાને રચ્યા છે અને જેમ શાહુકારે સદાવ્રત ધર્મશાળાદિકમાં જેવા રાંકને અર્થે સુખ રચ્યા છે, તે કરતા તે શાહુકારના ઘરમાં સુખ તે અતિશે ઉત્તમ હશે એમ જણાય છે. તેમ એ ભગવાને બ્રહ્માદિકને અર્થે એવા સુખ રચ્યા છે. તો પોતાના ધામમાં તો એ કરતા અતિ ઉત્તમ સુખ હશે એમ બુદ્ધિવાળો હોય તેને જાણવામાં આવે છે. માટે એ ભગવાનના ધામના સુખનું અતિશયપણું બુદ્ધિવાનને જાણ્યામાં આવે છે. તેણે કરીને સારા વિષય તે ભૂંડા થઈ જાય છે અને સંસારમાં જે પશુ, મનુષ્ય, દેવતા, ભૂત ઇત્યાદિક જ્યાં જ્યાં પંચવિષય સંબંધી સુખ જણાય છે, તે ધર્મે સહિત જે કિંચિત્ ભગવાનનો સંબંધ તેણે કરીને છે, પણ પંડે ભગવાનમાં જેવું સુખ છે તેવું સુખ કોઈને વિષે નથી.

વળી મુમુક્ષુ હોય, તે પોતાના હૃદયમાં એમ વિચારે જે... જેટલું મારે ભગવાનથી છેટું થશે, તેટલું દુઃખ થશે અને મહાદુઃખિયો થઈશ અને થોડાક ભગવાનના સંબંધે કરીને એવું સુખ થાય છે. માટે મારે ભગવાનનો સંબંધ અતિશે રાખવો છે અને હું અતિ સંબંધ રાખીશ તો મારે ઉત્કૃષ્ટ સુખની પ્રાપ્તિ થશે. એમ વિચારીને ભગવાનના સુખનો લોભ રાખીને જેમ ભગવાનનો સંબંધ અતિશય રહે તેમ ઉપાય કરે તેને બુદ્ધિવાન કહીએ.આ વાત પંચાળાના પ્રકરણ પહેલામાં મહારાજે કહી છે.

ભગવાનની મૂર્તિમાં સુખ અધિક છે

ભગવાનની કથા,વાર્તા,કીર્તન,ભજન કે ભગવાનની મૂર્તિનું ધ્યાન એમાંથી અમારે કોઈ કાળે તૃપ્તિ થાતી નથી. ત્યારે ભગવાનને તો કાંઈ કથા, વાર્તા, કીર્તન, ધ્યાન, ભજન કરવાનું ન હતું. પણ ભગવાને આપણે તે કેમ કરવું તે શિખવાડ્યું કે આવી રીતે ભગવાનની કથા, વાર્તા, કીર્તન, ધ્યાન, ભજન કરીએ તો એણે કરીને ભગવાનની મૂર્તિમાં હેત થાય. એટલે એની મેળે આ લોકના રાગ ટળી જાય. સ્વામિનારાયણ ભગવાને પંચાળા પ્રકરણના પહેલા વચનામૃતમાં કહ્યું છે કે, પશુના સુખ કરતા મનુષ્યનું સુખ અધિક છે, તેના કરતાં દેવતાનું સુખ અધિક છે, એના કરતા શ્વેતદ્વીપ, ગોલોકમાં અધિક સુખ છે.. સૌ કરતા ભગવાનના અક્ષરધામમાં સૌથી અધિક સુખ છે. વળી મોટા સંતોએ દૃષ્ટાંત આપતાં કહ્યું કે, કોડી કરતા પૈસામાં વધુ માલ છે, એના કરતા રૂપામહોરમાં... સોના મહોરમાં... ચિંતામણીમાં એમ જેમ જેમ અધિક વસ્તુ મળતી જાય તેમ સારી વસ્તુમાં પ્રેમ થઈ જાય. તેમ મહારાજ કહે એ સૌ કરતા ભગવાનની મૂર્તિમાં અધિક સુખ છે.

શિક્ષાપત્રી પ્રમાણે વર્તશે તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષને પામશે

આપણે બધા કથા, વાર્તા સાંભળીએ છીએ. સંતોનો સમાગમ કરીએ છીએ. તે થોડીવાર આપણે વાત સાંભળીએ, શાસ્ત્ર સાંભળીએ ત્યારે લાગે કે, આ શાસ્ત્રની વાત સાચી છે. આવું કથાવાર્તાનું ભગવાનનું સુખ અલૌકિક છે. વળી પાછું આ લોકની માયાનું આવરણ એવું છે કે, કથામાંથી ઉઠીને દરવાજા બહાર ગયા એટલીવારમાં કથા વાર્તા, ભગવાનના અલૌકિક સુખની વાર્તા ભૂલી જઈએ છીએ. તે કથા સાંભળી શ્રવણ, મનન કર્યું હોય, તો એ વાર્તાનો સાક્ષાત્કાર થાય, તો તે વાત ભૂલાય નહીં. તેમ આપણે પણ આ શુદ્ધ ભાવે સત્સંગ કરીએ અને આ રીતે ભગવાનની મૂર્તિમાં હેત થાય, તો એની મેળે આ લોકના રાગ માત્ર ટળી જાય. આ રાગ ટાળવા માટે સ્વામિનારાયણ ભગવાને આપણા ઉપર કેવી દયા કરી છે તે જુઓને. ઠેર ઠેર મંદિરો કરાવી તેમાં ભગવાનના સ્વરૂપો પધરાવી આપ્યા છે. પોતાના પવિત્ર કુળમાંથી દત્તક પુત્ર લઈને આચાર્ય સ્થાપી આપ્યા છે અને મંદિરોમાં ઠેર ઠેર સત્સંગ સભા થતી હોય, સંતો નિત્ય કથા વાર્તા કરતા હોય. ભગવાને પોતે કહેલી

વાતોનું વચનામૃત આદિ શાસ્ત્રો આપણને આપ્યા છે, તો હવે તો સ્હેજે સ્હેજે આનંદ થાય છે. વળી ભગવાને પોતાના ભક્તોએ, આચાર્યે, ગૃહસ્થ, ત્યાગી, સાંખ્યયોગી બાઈ, વિધવાબાઈ આદિએ પોતાના દેશકાળ દરમ્યાન કેમ વર્તવું તે સારૂં સ્વહસ્તે શિક્ષાપત્રી લખીને આપી છે અને કહ્યું છે કે, આ શિક્ષાપત્રી તે મારૂં સ્વરૂપ છે અને તે પ્રમાણે વર્તશે તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષને પામશે. આમ બધી વાતે મહારાજે આપણને સાનુકૂળતા કરી આપી છે.

દયાળુ ભગવાન સ્વામિનારાયણ આપણને મળી ગયા છે

સ્વામિનારાયણ ભગવાને પોતાના ભક્તજનોના સુખને વાસ્તે પોતાના ગુરૂ રામાનંદ સ્વામી પાસે ધર્મધુરાની ગાદી સ્વીકારતા પહેલા, વચનથી આ આશીર્વાદ સાથે માગી લીધું છે કે, "તમારા ભક્તને પ્રારબ્ધમાં રામપાત્ર (માટીનું પાત્ર, ફૂટેલી માટલીનો તળિયાનો ભાગ કે જેમાં વસ્તુ રહે) લખ્યું હોય, તે રામપાત્ર એટલે શું તો આગળના જમાનામાં બાવાઓ, ભિખારીઓ માટીનું વાસણ લઈને ઘેર ઘેર માંગી ખાતા એને રામપાત્ર કહેતા. તો મહારાજના આવા ભક્તના પ્રારબ્ધમાં રામપાત્ર લખ્યું હોય, તો એ રામપાત્ર મને (સહજાનંદ સ્વામીને) આવે, પણ તમારા ભક્ત સત્સંગીને અન્ન વસ્ત્રે કરીને દુઃખ ન થાઓ અને સત્સંગીને એક વીંછીનું દુઃખ થાવાનું લખ્યું હોય, તો સ્વામિનારાયણ ભગવાને કહ્યું કે મને (સહજાનંદ સ્વામીને) રૂંવાડે રૂંવાડે કરોડ વીંછીની વેદના થાઓ પણ ભગવાનના ભક્તને એ દુઃખ ન થાય." આપણે બધા ગીતા, ભાગવત, રામાયણ, દરેક પ્રકારના શાસ્ત્રો વાંચીએ છીએ. બધામાં ભગવાનના મહિમાની, ધ્યાનની, જ્ઞાનની વાતો આવે છે, પણ આ સ્વામિનારાયણ ભગવાને જેવી આ સત્સંગમાં અલૌકિક રીત પ્રવર્તાવી છે એવી તો કોઈ ઠેકાણે જોવામાં આવતી નથી. તે તેમણે તો સત્સંગમાં આવી રીતિ પ્રવર્તાવી છે કે એ ગૃહસ્થ હોય તે દૂધ ચોખાને સાકર જમો, હિંડોળા ખાટમાં ઝૂલો, પણ સ્વામિનારાયણ ભગવાનનો આશરો રાખો. આપણાથી બને તેટલું સાંજે, સવારે માળા, કથા વાર્તા, પૂજા, ધ્યાન, ભજન, કાળજી રાખીને કરીએ, તો થોડા સમયમાં એ કામ થઈ જાશે ને થઈ જાય એવું છે. તો એવા દયાળુ ભગવાન આપણને મળી ગયા છે. તે વાત સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ, પુરૂષોત્તમપ્રકાશ નામના ગ્રંથમાં લખી છે.

નહોતી દીઠી, નહોતી સાંભળી રે,
એવી પ્રગટાવી પુનિત,પુરૂષોત્તમ પ્રગટી રે...

વળી સ્વામિનારાયણ ભગવાને પણ વચનામૃતમાં કહ્યું કે, આ વાત "ન ભૂતો ન ભવિષ્યતિ" આ વાત આથી પહેલાં ક્યારેય થઈ ન હતી ને થાશે પણ નહીં. તો આપણને આ તો શેરડીનો વચલો ભાગ મળી ગયો છે (વચલો ભાગ કેમ કહ્યો કે શેરડીના વચલા ભાગમાં વધુમાં વધુ અને મીઠામાં મીઠો રસ હોય છે.) તે પહેલાં મૂળીયા પાસેનો ભાગ કઠોર હોય અને માથેના ભાગે રસ મોળો લાગે. આપણને શેરડીનો વચલો મીઠો રસથી ભરપૂર ભાગ મળી ગયો છે.અમારા વડીલ સંતો કેટલી ભૂખ, તરસ, તાપ વેઠતા અને તેવું તો અત્યારે કોઈ કરતા નથી. આપણે બધા એ વડીલોનું કમાએલું પુણ્ય ખાઈએ ને ભોગવીએ છીએ. સંતોએ કેટ કેટલા દાખડા કરીને દેશોદેશ, ગામોગામ ફરીને નવિનપણાની વાત કરી સત્સંગ કરાવતા હશે. તે કોઈ ઠેકાણે જમવા મળે ને કોઈ ઠેકાણે ન પણ મળે. અરે, ખટરસના વર્તમાન હતા, ત્યારે ભિખ માંગીને લાવેલ લોટના લીંબુ જેવડા ગોળા વાળીને જમતા. સંતોને તો અનેક તકલીફ રહેતી, તેવી જ રીતે જે ગૃહસ્થો સ્વામિનારાયણની કંઠી બાંધી સત્સંગી થયા તેમને પણ ગામધણી, નાતજાતના માણસો તરફથી પણ તકલીફ પડતી. એટલે અગાઉ ધર્મ પાળવામાં આટલી તકલીફ પડતી. પણ આજે તો ભગવાને દયા કરી, કેવું અલૌકિક સુખમય વાતાવરણ કર્યું છે, તે અમે સાધુ થયા છીએ, અમને પણ દેશકાળ વધુ સારા કરી દીધા છે. કોઈ વાતનો સંકલ્પ કે ચિંતા કરવી પડતી નથી,કે આ લૂગડાં ક્યાંથી લાવીશું, કે આ માંદા પડીશું તો ચાકરી કોણ કરશે ? તેવી કોઈ ચિંતા સંતોને આ સમયે રાખવી પડતી નથી. તેવી જ રીતે હરિભક્તોને પણ આજે અન્ન વસ્ત્ર સારી રીતે મળતા થયા છે માટે સ્હેજે સ્હેજે ધર્મપાળવામાં, ગૃહસ્થના ધર્મ પાળવામાં, ભજન ભક્તિ આદિ કરવામાં તેમને સારા વાના વર્તે છે. તેઓ પણ દુઃખી નથી અને આવી સાનુકૂળતા હોવા છતાં આપણે ભગવાનને સંભારીએ નહી, ભગવાનની ભક્તિ, ભજન, માળા, કીર્તન, ધ્યાન આદિ ન કરીએ, તો તે અંગે જે કાંઈ ખામી રહે છે, તે આપણી આળસ અને પ્રમાદે કરીને રહે છે.

એક જન્મ હરિ અર્થે કરે તો સરી જાય સર્વે કામ

સદ્‌ગુરૂ દેવાનંદ સ્વામીએ તેમના કીર્તનમાં લખ્યું "હૈયાના ફૂટ્યા હરિ સંગે હેત ન કીધું" વળી કહ્યું કે,

"આળસ ને અજ્ઞાન અતિશે કામ બગાડ્યું તારૂ,
દેવાનંદ કહે દેખ વિચારી, માન કહ્યું તું મારૂ રે
હૈયાના ફૂટ્યા..."

આપણે આળસ અને અજ્ઞાનમાં અનેક જન્મો ખોઈ આવ્યા છીએ. અનેક જન્મ ખોયા અને અંતે કાંઈ કામ ન આવ્યું. તેથી સંતો કહે છે કે હે જીવ, તેં અનેક જન્મો ખોયા, તો હવે એક જન્મ હરિ અર્થે કર, તો તારા જીવનું કામ સરી જાય. આજ અવસર અમૂલ્ય આવ્યો છે. સત્સંગમાં મનુષ્ય દેહ મળ્યો છે. સાચા સંત, સાચા આચાર્ય, સાચા મંદિર, સાચી મૂર્તિ, સાચા ભગવાન મળ્યા છે. તેથી બીજો કયો સારો અવસર ગણાય? તેથી સંત આ જીવને અમૂલ્ય અવસર કહી સમજાવે છે કે, આ ટાણે આ જન્મ હરિ અર્થે ભગવાન ભજી લેવાના કામમાં લઈ લે, તો તારા જીવનું કામ સરી જાય. અહીં સરી જાય, એનો અર્થ એવો કર્યો છે કે, આ જીવને માયાના પદાર્થમાં જોડેલો રાખવાથી તેને અનેક જન્મ લેવાના થાય છે. તે જન્મ મરણના તથા ગર્ભવાસના આધિ, વ્યાધિ, ઉપાધિના દુઃખ કાયમ માટે ટળી જાય અને જીવ સદાયને માટે અક્ષરરૂપ બની, દિવ્યભાવને પામી, ભગવાનના ધામને પામે, તો તે જીવના માથેથી કાયમ માટે જન્મ મરણનું સંકટ ટળી જાય અને સદાય અખંડ દિવ્ય ભગવાનનું સુખ માણ્યા કરે. તે જીવનું કામ સરી જાય એમ સમજવાનું સંતો કહે છે.

આપણે અનેક જન્મ ખોઈ નાંખ્યા છે, તો તેનો કોઈ અર્થ સિદ્ધ થયો નથી. તો એક જન્મ હરિ અર્થે કરે એટલે આ બધા સાધુ થઈ જાય ? સાધુ થઈ જાય તો બરોબર કહેવાય ને ? પણ એમ નહીં, જો બધા સાધુ થઈ જાય તો જગત ચાલે નહીં. તો એમ બધાને સાધુ થવાની જરૂર નથી. તો જ્ઞાને કરીને સાધુ થાવું. એક મોટા સંત કહેતા કે, સાધુ થયા વિના મોક્ષ નહીં થાય. ભગવા લૂગડાં પહેર્યા એટલે સાધુ થયા તે બરાબર કહેવાય પણ જ્ઞાને કરીને સાધુ થાવું. તે ગૃહસ્થમાં રહી સાધુની માફક ભગવાનની ભક્તિ આદિક કરવું, તે સાધુ કહેવાય.

જનક રાજા

જનક રાજા રાજ્ય કરતા હતા અને સ્ત્રી, માલ-મિલકત, રાજ્ય બધું હતું, પણ તે બધાથી વિરક્ત રહેતા હતા. એક વખતે તેઓ અન્ય સંતોની

સાથે કથામાં બેઠા હતા, તે વખતે મિથિલાપુરી સળગવા માંડી અને લોકો બૂમો પાડી કહેવા લાગ્યા કે મિથિલાપુરી બળી રહી છે. તેમાં સંતો જે હતા તે પ્રથમ ઊભા થયા અને મારી તુંબડી બહાર પડી છે, મારી લંગોટી સૂકવી છે, તે બળી જશે. સાધુ પાસે તો બીજું કાંઈ હોય નહીં, તો પણ એ સાધુઓ પોતાની તુંબડી, લંગોટી બચાવવા સારૂં ધીમે ધીમે ઊઠવા માંડ્યા. આમ કરતા કરતા બધા સંતો ઉઠીને પોતાનું જે કાંઈ હતું તે બચાવી લેવા સારૂં ઉઠીને દોડ્યા, ત્યારે સભામાં એક જનક રાજા બેઠા રહ્યા. ત્યારે કથા કરતા સંત કે જેઓ પોતાના આસને જ બેઠા હતા તેમણે રાજા જનકને કહ્યું કે 'હે રાજા, મિથિલાનગરી બળી રહી છે, તે તમે કેમ બેઠા રહ્યા છો....?

આ આપણે બધા અહીં બેઠા છીએ. આ રીતે વાત ચાલે છે. બધાનું ધ્યાન વાતમાં છે અને તે સમયે કોઈ આવી બૂમ પાડી કહે કે ભાઈઓ, નીચે આગ લાગી છે. અરે, નજીકમાં કોઈનું ઘર બળવા માંડ્યું છે. એમ કોઈ બૂમ પાડે તો આપણે કેમ કરીએ ? અરે, કોઈનો ફોન આવે, અમદાવાદથી કોઈનો ફોન આવે કે આ ફલાણાભાઈ તમારા સગા માંદા પડી ગયા છે. તો આપણે એમ જવાબ ન કરીએ કે એ ભાઈ ભલે માંદા પડ્યા, દવા કરજો, પણ આપણે તો આ લાખ લાખ કરોડ કરોડ રૂપિયા ખર્ચતા ન મળે એવી વાત મૂકીને તુરત જ જાવા માંડીએ, તો જાવા માંડીશું કે બેઠા રહીશું ? પણ હજી આપણી સમજણ કાચી છે, હજી આપણને દેહના ભાવ ટળ્યા નથી. જ્યાં સુધી દેહના ભાવ છે તે ન ટળે ત્યાં સુધી હું અને મારૂ એ બધું રહેવાનું.

દેહના સંબંધીઓને જ્ઞાને કરીને વિસારી દેવા

આપણે કેટ કેટલા દેહ ધરીને આવ્યા છીએ એનો ખ્યાલ નથી. મહારાજ કહે આ જીવ અત્યાર સુધી જે જે દેહ ધરીને આવ્યો છે, તે તે દેહમાં જે જે મારૂં, તારૂં, પોતાનું, સ્ત્રી-પુત્ર, પરિવાર હતા તે કોઈ રહ્યા નથી. વળી આ દેહ છૂટી જતા તેમાનું કંઈ રહેશે નહીં. તે ભગવાને અજ્ઞાને કરીને ટાળી નાંખ્યું છે. તેમ તે દેહનો સંબંધ રહ્યો નથી અને અજ્ઞાને કરીને વિસરાઈ ગયું છે. તેમ આ દેહના સંબંધોને જ્ઞાને કરીને વિસારી દેવા. તે કેમ સમજવું જે હું આત્મા છું, ભગવાનનો ભક્ત છું, મારા આત્માને વિષે પરમાત્મા રહ્યા છે અને હું (જીવ) અહીં શું કરવા આવ્યો છું ? આ જીવ જ્યારે માતાના ગર્ભવાસમાં હતો, ત્યારે ભગવાનને પ્રાર્થના કરી અને ભગવાનને તે વખતે વચન આપીને આવ્યા છીએ કે હે

ભગવાન, તમે મને આ ગર્ભવાસના દુઃખમાંથી છોડાવો, તો મનુષ્ય દેહે કરીને હું તમારી ભક્તિ જ કરીશ. તે ગર્ભવાસમાં માથું નીચે હોય, પગ ઊંચે હોય, માતા ખારૂં-ખાટું ખાય તેની પીડા કુમળા દેહધારી જીવને થાય. કરમિયા કરડે એવું ગર્ભવાસમાં દુઃખ લખ્યું છે. છ લાખ ને ચોર્યાસી હજાર નરકના કુંડમાં જેટલું દુઃખ છે, તેના કરતા માતાના ગર્ભવાસમાં જીવને અધિક દુઃખ લખ્યું છે. આપણને એ દુઃખ યાદ આવે તો એક મિનિટ પણ ભગવાનને ભૂલી જઈએ નહીં અને ભગવાનની જરા પણ આજ્ઞા લોપીએ નહીં, પણ આ માયાનો પડદો છે, તેથી કરીને આપણે તે બધું ભૂલી જઈએ છીએ.

જ્ઞાને કરીને મરવાની બીક ટાળવી

વાત તો સાચી છે કેમ કે, આ દુનિયામાં આવ્યા ત્યાંથી કોઈ એક દિવસે તો જાવું પડશે. ૨૦ વર્ષ, ૫૦ વર્ષ કે ૮૦ વર્ષ કે ૧૦૦ વર્ષે પણ જાવું પડશે. જે કોઈ જનમ્યો છે તેનું મરણ તો અવશ્ય છે છે ને છે. તેમાં તો કોઈને અમરપટ્ટો નથી. મહારાજ કહે છે કે "મરના મરના સબ કહે, મરી ન જાને કોઈ, એક દિન ઐસા મરના, કિ ફિર જન્મ ન હોઈ." આપણે બધા જાણીએ છીએ કે, બધાએ આ દુનિયામાંથી જાવાનું તો છે જ, પણ એક મહાત્માએ લખ્યું છે કે, કોઈ મરી જાણતું નથી. મરી જાવાનું એટલે સૂઈ જવું. એ તો આપણે નહી સૂઈએ અને તે આવવાનું હશે તો એની મેળે આવશે. મરણ આવે તેની ખબર નથી પડવાની. આ દાંત બંધ થઈ જાય, ફિટ આવી જાય એટલે થોડીવારમાં મરી જાય.આ અંતકાળનો સમય થાતો હોય તો શ્વાસોચ્છ્વાસ ધીમા ચાલે. ત્યારે ભોંયતળિયે, જમીન ઉપર ગાયના છાણથી ગારે લીપી ચોક બનાવે. ભગવાનનું પ્રસાદીનું પાણી છાંટી નીચે સૂવાડતા. કહેવાનું શું કે એમ નીચે સૂવાથી કાંઈ મરી જવાતું નથી. મરીને જાણી શકતા નથી. એ તો આપણે નહી સૂવું હોય તો પણ ટાઈમ થાશે તો સૂવાડી દેશે. પણ મરી ગયા ક્યારે કહેવાઈએ? કે એકવાર મર્યા પછી જન્મ લેવાનો નથી. તો આપણ_ફરી જન્મ ક્યારેય ન હોય, પછી જન્મ લેવાનો નથી. તો આપણો ફરી જન્મ ક્યારે ન હોય ? જ્યારે આત્મા-પરમાત્માનું જ્ઞાન દૃઢ થઈ જાય કે આ દેહ ખોટો છે, હું આત્મા છું, મારા આત્માને વિશે પરમાત્મા રહેલા છે, તેવી એને ભાવના થઈ જાય અને જ્ઞાને કરીને એવી સ્થિતિને પામ્યો હોય, તો એને મરવાની બીક લાગ નહી. આપણને હજી મરવાની બીક લાગે છે, ખરૂં ને ?

અરે અહીં આટલામાં કોઈ સર્પ નીકળે તો કેટલા જણ બેસી રહે ? તો એવી સ્થિતિને પામવું કે કોઈ બીક ન રહે. આપણને તો બીક લાગે છે.

આ શરીરનો ક્ષણ માત્ર નિર્ધાર નથી

મહારાજે વચનામૃતમાં કહ્યું છે કે, ગામના ઝાંપે આવીને વાઘ હુંકારો મારતો હોય, તો સૌ માણસોને બીક લાગે. તેમ આપણને હજુ કાળની બીક લાગે છે. શું કામ ? કે આપણે હજુ મરવાની કોઈ તૈયારી કરી નથી. સ્વામિનારાયણ ભગવાને મધ્ય પ્રકરણના પચાસમાં વચનામૃતમાં લખ્યું છે કે, અમારે સદા અંત અવસ્થા રહે છે. વળી છેલ્લા પ્રકરણના ત્રીસમાં વચનામૃતમાં લખ્યું છે કે, અમને પાંચ વાર્તાનું નિરંતર અનુસંધાન રહે છે. આ ઘડી, આ ક્ષણમાં દેહ પડી જાશે. પડી તો જાશે, પણ આ જીવના કલ્યાણ સારૂં કેટલું કામ કર્યું છે તે વિસરાતું નથી. આપણને તો આ માયાનું આવરણ છે, તેથી આ ભૂલી જઈએ છીએ, પણ મરણનો ટાઈમ થાશે, ત્યારે તેનો તો ટાઈમ એ ટાઈમ કોઈ મીન મેખ જ નહીં. માટે આપણા મોટા સંતો કહેતા કે, જ્યાં સુધી આપણું શરીર સારૂં હોય ને સત્સંગ તથા સંતનો સારો જોગ હોય. સંતનો સારો જોગ કોને કહેવાય? કે જ્યાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય,ભક્તિની વાર્તા થતી હોય, તેવા સંતો હોય ત્યાં નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું. તેથી મહારાજ કહે છે કે, ભગવાનના સારા સંતનો જોગ હોય તો એ સારૂં કહેવાય. તો એવા સંતના જોગમાં રહીને શરીર સારૂં હોય ત્યાં સુધીમાં આપણામાં જે કોઈ ખામી હોય તે કાઢી નાંખવી. હજુ આપણને એમ થાય છે કે આપણે નાના છીએ. હજુ ઉંમર થઈ નથી. કાલે ઉંમર થશે. ઘરડાં થઈશું ત્યારે કરીશું. પણ મોટા સંતો કહી ગયા છે કે, હે ભાઈ, કાલ કરે તે આજ કર ને આજ કર તે અબ, મૂળ વિનાનું ધોકળું ઢળી પડશે ઢબ. હે ભાઈ, તું કાલ કરવું હોય તે આજ કર (ભગવાન સંબંધી જે જે કાર્ય આવતી કાલે કરવાનું હોય તે આજે કરી લે) અને આજ પછી કરવાનું હોય તે અબ હમણાં જ કરી લે. પણ આપણા દેહના મૂળીયા છે નહીં. આ દેહ હાલતા-ચાલતા પડી જાય, એટેક આવી જાય, તો કરવાના કામ રહી જાશે.મહારાજ કહે છે કે આ શરીરનો ક્ષણ માત્રનો નિર્ધાર છે નહીં. ત્યારે તમારે બધાએ કંઈ સંસાર મૂકીને સાધુ થઈ જવું ? માળા ફેરવવી ? આખો દિવસ વેપારીએ વેપાર કરવાનો નહીં ? ખેડૂતોએ ખેતી કરવી નહીં ? શું આખો દિવસ મંદિરમાં બેસી ભગવાનના નામની માળા જ

ફેરવ્યા કરવી ? બરોબર કહેવાય ને ? પણ એમ કરવાની જરૂર નથી. વેપારી હોય તે ભલે વેપાર કરે. આપણા સંપ્રદાયમાં ગોરધનભાઈ હતા. તે વેપારી હતા અને વેપાર કરતા હતા. તેમની દુકાનેથી કોઈ ખાંડ લઈ જાય, ગોળ લઈ જાય, તે પૈસા આપીને રોકડેથી લઈ જાય, તેનું નામું નહીં, પણ કોઈ માલ લઈ જાય અને પૈસા બાકી રાખવા જણાવે તો તેમના ચોપડે "હસ્તે સ્વામિનારાયણ" લખે. તે કાંઈ સ્વામિ-નારાયણ તેમની દુકાને ગોળ-ખાંડ લેવા આવતા ન હતા, પણ એ ભક્ત અખંડ સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ દેખતા હતા. સંતોએ ગાયું છે કે, "જ્યાં જુએ ત્યાં રામજી, બીજું કાંઈ નવ ભાસે રે, અનુભવીને અંતરે રહે રામ વાસે રે..." એ ભક્તને ભગવાનની મૂર્તિનો અખંડ આનંદ રહે.

સત્સંગિજીવનના બીજા પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે ભગવાનના આવા એકાંતિક ભક્તો હોય, તો તે આ લોક, આ દેહ, એવું કાંઈ દેખે નહી. એની દૃષ્ટિમાં ચારે કોરે ભગવાનની મૂર્તિ જ દેખાય. જેમ આ લોકમાં કોઈને કમળો(પીળીયો રોગ) થયો હોય, તેને બધું પીળું પીળું જ દેખાય એમ કહે છે. એમ કાંઈ બધી વસ્તુ પીળી હોતી નથી, પણ જોનારને કમળો થયો તેથી તેની દૃષ્ટિમાં બધું પીળું પીળું દેખાય છે. તેમ મહારાજ કહે છે કે, આ રીતે ભગવાનનો ભક્ત હોય તેને સદાયને માટે ભગવાનની મૂર્તિ જ દેખાય. ગોરધનભાઈની વાત હતી કે, તેઓ હસ્તે સ્વામિનારાયણ લખતા. કેમ કે એમને એ માલ લઈ જનારમાં ભગવાન સ્વામિનારાયણ જ દેખાતા. એમને ભગવાનને આકારે વૃત્તિ થઈ ગઈ હતી.

બોટાદના શિવલાલભાઈ

આપણા સત્સંગમાં આવા ઘણા ભક્ત થઈ ગયા છે. ગઢડાના દાદા ખાચર, બોટાદના શિવલાલભાઈ એ આદિ ઘણા ભક્તો થઈ ગયા છે. તે શિવલાલભાઈ ભગવાનની પૂજા કરવા બેસે ત્યારે પોતાના દેહનું, આજુબાજુનું ભાન ન રહે. તે એક સમે તેઓ પૂજા કરવા બેઠેલા અને તેઓ વેપારી ખરાને તે તેમના ઘેર બધી જાતનો વેપાર ચાલે. તે ઘીનો પણ વેપાર કરતા હતા. આગળના જમાનામાં ઘીના ડબ્બા ન હતા. ચામડાના કુડલા હોય તેમાં ઘી ભરવામાં આવતું અને તે સરળતાથી હેરફેર થઈ શકતું. તેઓ પૂજા કરવા બેઠેલા તે ઓરડામાં, રૂમમાં ઘીના ભરેલા કુડલા મુકેલા હતા. તે ગરમીની

સીઝનમાં ગરમ વાતાવરણને કારણે કુડલાનું ઘી ગરમ થતા એક કુડલું ઢળી પડ્યું અને તેમાંનું ઘી સઘળું ઢોળાઈને બીજા ઓરડા સુધી પહોંચ્યું. શિવલાલભાઈ તો પૂજામાં બેઠેલા તે તેમને તો આ વાતની જાણ ન રહી, પણ તેમના પિતા કંઈ કામે તે રૂમમાં આવ્યા, તે જોયું તો ઘીનું ભરેલું આખું કુડલું ઢોળાઈ પડેલું અને તેમાંથી ઘી વહી રહ્યું હતું. તેમણે તે તાત્કાલિક સરખું કર્યું. હવે શિવલાલભાઈ પૂજા કરી રહ્યા ત્યારે તેમના પિતા ભગાભાઈ દોશીએ શિવલાલને કહ્યું કે શિવલાલ તું આ રૂમમાં પૂજા કરે છે, તે આ કુડલું ઢળી પડ્યું અને તેમાંનું સઘળું ઘી ઢોળાઈ ગયું તે જોતો નથી, ખ્યાલ રાખતો નથી. ત્યારે શિવલાલભાઈએ કહ્યું કે પિતાજી, હું પૂજા કરવા બેસું છું ત્યારે આ લોક, આ દેહના ભાવ ટાળીને આત્મારૂપે થઈ ભગવાનની મૂર્તિમાં તન્મય થઈ જાઉં છું, તેથી મને આ જગામાં શું થાય છે તેનું મને - ઘી ઢોળાઈ ગયું તેની ખબર ન પડી. શિવલાલભાઈ ભગવાનની મૂર્તિમાં એકદમ તન્મય બની ગયેલા એટલે તેમને આ દેહમાં, આ જગતમાં શું થાય છે તેની કાંઈ ખબર ન રહી. શિવલાલભાઈ તો આ બોટાદ ગામ, આ ઘર, આ દેહ, બ્રહ્માંડનો નાશ કરીને ભગવાનનું ધ્યાન કરતા હતા. તેમને આ દેહની કે ઘીની કે કશાની ખબર રહેતી નહી. તો આટલામાંથી આવું ધ્યાન તમો કેટલા જણા કરો છો ? ન કરતા હો તો આપણે કરવું.

બગાસું ખાતા મોઢામાં સાકરનો ગાંગડો આવ્યો છે

આ ભણતા છોકરાઓ હોય છે ને તે ભણવાનું શીખવા માટે હાઈસ્કૂલમાં જાય, કોલેજમાં જાય તે શા માટે ? ભણતરનું જ્ઞાન મેળવવા માટે જાય છે. તે આપણે પણ આ ભણતર, ભગવાનની મૂર્તિનું ધ્યાનરૂપ ભણતર મેળવવા સારો અભ્યાસ કરશું. જેમ જીવનમાં સારૂં ભણતર ભણે અને સારા ગુણ મેળવે તો સારી નોકરી મળે. હોદ્દો પણ મોટો મળે અને સુખી થાય છે. તેમ આપણે પણ આ સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવાનો અભ્યાસ ભણાવતી હાઈસ્કૂલ કોલેજ બનાવી છે અને તેમાં આપણે બધા વિદ્યાર્થી થઈને શિખવા જઈએ છીએ. તો એ ભણતરમાં આપણી ખામી, ખોટ, અધૂરાશ, અભ્યાસમાં કચાશ હશે તે ટાળવી પડશે. કેમ કે આપણે આ ખામી ટાળી નથી એથી જન્મ મરણના ફેરા ભોગવીએ છીએ. તો એ ખામીઓ ટાળવાને માટે આજે આપણને આવો સત્સંગનો યોગ મળ્યો છે. તે બગાસું ખાતા મોંમા સાકરનો ગાંગડો

આવ્યો એવી વાત બની છે. આમ બધી વાતે આપણને અનુકૂળ કરી આપ્યું છે. કોઈ વાતની મહારાજે અધૂરાશ રાખી નથી. આપણે હવે કાંઈ કહેવાનું કે ફરિયાદ કરવાનું છે નહીં કે મને રોટલા મળતા નથી કે લૂગડાં મળતા નથી. અરે, તમે જોયું નહી હોય મુંબઈમાં ઝૂંપડપટ્ટી છે, તે ઝૂંપડપટ્ટીમાં જે ગરીબ લોકો રહે છે તેમને ખાવાની, પીવાની, વસ્ત્રોની ન કહેવાય તેવી તકલીફો છે, એવું તો આપણને નથી. સ્વામિનારાયણ ભગવાને આપણને અન્ન વસ્ત્ર સહેજે જોઈએ તેવા આપ્યા છે. ભગવાને આપણા માટે અધૂરાશ રાખી નથી. આ બધું હોવા છતાં આપણે ભગવાન ભજવામાં આળસ થઈ ગઈ. આળસમાં તો આપણે બધું ખોઈ નાખ્યું છે, તો હવે સાવધાન થઈ આળસ, પ્રમાદ, મોહ આદિને ટાળીને આ દેહે કરીને આપણી જે કાંઈ કસર ભગવાનના ભજન કરવામાં રહેતી હોય, તે ટાળી નાંખીશું તો થોડા સમયમાં કામ થઈ જશ.

જ્ઞાને કરીને સાધુ બન્યા વગર ધામમાં જવાય તેમ નથી

ગોરધનભાઈ, શિવલાલભાઈ, મયારામ ભટ્ટ, જનકરાજા એ બધાય ગૃહસ્થાશ્રમમાં હતા, છતાં પણ પોતે જગતથી, પંચવિષયથી નિર્લેપ રહેતા હતા. તે તમે બધાય ગૃહસ્થાશ્રમમાં રહો છો. તે હું એમ નથી કહેતો કે, તમે બધા સંસાર છોડી સાધુ થઈ જાવ. પણ જ્ઞાને કરીને તો સાધુ થાઓ. પરમાત્માના અક્ષરધામને પામવું હશે, તો જરૂર સાધુ તો થાવું જ પડશે. એકવાર સાધુ બન્યા વગર ધામમાં જવાય તેમ નથી. આ જગતનું બધું મૂકીને જાઈએ છીએ કે ભેળુ લઈને જઈએ છીએ ? બંગલા બનાવ્યા હોય, કે કાંઈ સારી વસ્તુ બનાવી હોય. કરોડ રૂપિયા બેન્કમાં રાખ્યા હોય. તે બધું કાંઈ મરણ સાથે ભેળા લઈ જઈએ છીએ ? બેન્કની ચેક બુક ભેળી લઈ જઈએ, તો પૈસા મંગાવ્યા કરવાના હોય અને તે બની શકતું હોય તો લઈ જાઓ છો ? અરે ભાઈ ! એ કાંઈ સાથે આવતું નથી. આ જગતમાં કેટલા માણસોને મરી જતા જોયા હશે, સાંભળ્યા હશે, તેમાંથી કોઈ પોતાનો બંગલા કે બેન્કની સિલક, બેન્કની ચેક બુક પોતાની સાથે લઈ ગયા સાંભળ્યા છે ? ના, એ તો બધા આ જગતના પદાર્થો છે, તે જગતમાં જ રહેવાના છે. અરે, આપણે આ દેહ કે જેને હું મારો કહીએ છીએ, તે પણ અહીં પડી રહેશે, તો તેથી બીજું તો કયું આપણી સાથે આવી શકે ? આપણી સાથે તો આ દેહે કરીને ભગવાનનું ભજન કરીએ છીએ, ભક્તિ કરીએ છીએ તે સાથે આવશે. તો ઘડી ઘડીએ

આપણે પોતાના હૃદય સામું જોયા કરવું કે મારામાં શું ખામી છે. જો ખામી હોય તો કાળજી રાખીને ટાળી નાખવી.

જ્યાં સુધી શરીર સારૂં હોય, ત્યાં સુધી ભજન બરાબર કરવું

મોટા મોટા સંતોએ દૃષ્ટાંત આપ્યા છે કે, સુથાર હોય કે લુહાર હોય, તે તેના વેરવાના લાકડા કે ઘડવાના લોખંડ ઉપર ઘા મારીને જોયા કરે. પણ જો એકલા ઘા માર્યા કરે અને જોયા કરે નહીં તો લાકડું, લોખંડ કામમાં ન આવે. લુહારને લોખંડનું કામ કરવાનું હોય છે. તે લોખંડના ટુકડાને ગરમ તપાવીને લાલચોળ કરીને બે ચાર હથોડા મારી ફરી જુએ કે, એને જે ઘા કરવાનો છે તે પ્રમાણે ઘડાઈ રહ્યું છે ? તેવી જ રીતે સોની હોય તે દાગીના બનાવતો હોય, તે પણ વારેવારે જોયા કરે. મને ખબર નથી કે એ બધા કેમ કરે છે. પણ એ લોકો પોતાનું કામ કરે તો વારેવારે જોયા કરે, તપાસતા રહે છે. એ કારીગરો પૈસા કમાવા માટે કેટલી બધી મહેનત કરે છે. થોડીવાર થાય છે ને વળી પાછું જુએ છે. મોટા સંતો તેથી જ આપણને કહે છે કે, મોક્ષભાગી ભક્તોએ ઘડીએ ઘડીએ પોતાના હૃદય સામું જોયા કરવું કે આ કાર્યમાં હજુ મારામાં શું ખામી છે? ભગવાનની મૂર્તિમાં કેટલું હેત થયું છે? આ લોકના જગતના કેટલા રાગ ટળ્યા છે? ભગવાન આપણને તેડવા આવશે તે ઘડીએ આપણી કેટલી, કેવી તૈયારી છે? આ બધા તમે બેઠા છો એમાંથી ભગવાનના ધામમાં જવા કેટલા તૈયાર થયા છે? ભગવાન તેડવા આવે તો કેટલા જણ તૈયાર થાય છે? હું એમ નથી કહેતો કે અબઘડી મરી જવું. ભગવાન આપણને સો વરસના રાખે, પણ આપણે મોક્ષભાગી થવું હોય, તો એક ટેક તો રાખવી પડશે. આ ઘડી અને આ ક્ષણે આપણને ભગવાન તેડવા આવે તેવી તો તૈયારી હોવી જ જોઈશે જ. મૃત્યુ સમય આવે ત્યારે આપણે અમુક કાર્ય પુરૂં કર્યું કે અમુક બાકી પુરૂં કરીએ તેવી કોઈ રાહ જોવાનું નથી. વળી કહ્યું છે કે, મૃત્યુની ઘડી ક્યારે, ક્યાં અને કેવી રીતે આવે તેની કોઈ ખબર નથી. તો આપણે બધા ભગવાનની ભક્તિ શા માટે કરીએ છીએ, તો જે તે પ્રકારે કરીને આ લોકના રાગ ટાળી, દેહને અંતે ભગવાનના ધામને પામીએ, એટલા માટે ભક્તિ કરીએ છીએ. ભગવાનના ધામનું જેટલું સુખ છે તેવું જણાઈ જાય. પછી મરવાની શા માટે બીક રાખવી જોઈએ ? ભલે ભગવાન આપણને સો વર્ષના કરે, પણ જ્યારે ને ત્યારે ભગવાન તેડી જાય તેવી તૈયારી રાખવી. વળી જ્યાં સુધી આપણું આ

શરીર સારૂં હોય ત્યાં સુધી ભજન બરાબર કરવું. અરે પેટ દુઃખે તો ભગવાનનું એકચિત્તે કરીને ધ્યાન કેમ થાય ? ન જ થાય. તો શરીર સારૂં હોય, ભગવાન ભજવાનો જોગ સારો હોય, સત્સંગનો સારો જોગ હોય, તે સમયે અવશ્યપણે ભગવાનની મૂર્તિનું ધ્યાન આદિ કરવું.

ભૂતકાળ ને ભવિષ્યકાળનો વિચાર ન કરતા વર્તમાનકાળ સુધારવો

આપણા કેટલાક સત્સંગી ભાઈઓ નોકરી કરતા હોય છે, તે કોઈ અમદાવાદમાં કે ભુજમાં કે વડતાલમાં હોય, તેમને તો જે તે સ્થાને મંદિર, આચાર્ય, સંત, કથા, વાર્તા, ભજન, દર્શન આદિકનો જોગ સારો હોય તો સારૂં. પણ દેશકાળ એક સરખા રહેતા નથી. દેશકાળે કરીને બદલી થઈ જાય, તો જે પ્રથમ જોગ હતો તે રહે કે ન રહે. માટે જ્યાં સુધી સારો જોગ હોય, ત્યાં સુધી આપણે આપણું મોક્ષ સંબંધી કામ કરી લેવું.

આ રીતે ભગવાનની ભક્તિ સત્સંગ કરીશું, તો થોડા સમયમાં કામ થઈ જાશે. ભક્તિ - ભજન કરી જીવને જન્મમરણના બંધન થકી નહીં મૂકાવીએ, તો જન્મ મરણના ફેરા ફરવા પડશે. આપણે માતાના ગર્ભમાં હતા, ત્યારે તે દુઃખથી છૂટવા સારૂં ભગવાનને પ્રાર્થના કરી હતી કે હે ભગવાન, તમે મને આ ગર્ભવાસના દુઃખથી મૂકાવો, તો હું તમારી ભક્તિ કરીશ, તમારી કથા સાંભળીશ, તમારૂં ધ્યાન કરીશ, પણ જીવ જ્યારે ગર્ભવાસમાંથી બહાર આવ્યો અને એને માયાનું આવરણ અડ્યું અને આપણે જે કોલ, વચન આપ્યા હતા તે ભૂલી જઈએ છીએ. મોટા સંતો આવું દૃષ્ટાંત આપતા. ગર્ભવાસમાંથી બાળકનો જન્મ થઈને બહાર આવે છે, ત્યારે બાળક હુ અહીંયા, તું ત્યાં, મારે અને તારે કોઈ લેવા દેવા નહીં. એ બધા દૃષ્ટાંત આપતા.

એવું ગર્ભવાસમાં દુઃખ હોય છે અને વૃદ્ધાવસ્થામાં તથા અંતકાળ અવસ્થામાં જીવને બહુ જ દુઃખ પડે છે. તે વખતે દરેક પ્રકારની આધિ, વ્યાધિ અને ઉપાધિ થાય. તેમાં ભગવાનની ભક્તિ ન કરી હોય તેને દુઃખ થાય. વળી મહારાજ કહે કે, ભૂતકાળનો વિચાર ન કરતા વર્તમાનકાળ સુધારવો. ભૂતકાળમાં તો જે કાંઈ થઈ ગયું એ થઈ ગયું, તેમાં કાંઈ સુધારો કરવો કે તે સમય પાછો મેળવવો, તે તો કોઈ કાળે બનવાનું નથી. તે વખત વહી ગયો. તેને યાદ કરીશું તો પણ કંઈ મળવાનું નથી. એ જે કાંઈ થઈ ગયું તે વિષે કંઈ જાણતા

નથી તેમ સમજીને ભૂલી જવું અને હવે ભવિષ્યકાળનો પણ વિચાર ન કરતા આ વર્તમાનકાળ સુધારી લેવો.

સંસારમાં સરસો રહે ને મન મારે પાસ, સંસાર જેને લોપે નહીં, તેને જાણું મારો દાસ

આપણી ઉપર ભગવાને કેવી દયા કરી છે કે, પોતે જાતે અક્ષરધામથી જાન લઈને પોતાના ધામના મુક્તોને લઈને જાનૈયા તરીકે સાથે આવ્યા છે અને એ ભગવાન અને એમના મુક્તોના જોગમાં આપણે આવ્યા છીએ. તે આળસ અને પ્રમાદનો ત્યાગ કરી ભગવાનની ભક્તિ અને ધ્યાન કરીશું, તો થોડા સમયમાં આ જીવને જન્મ-મરણના બંધનમાંથી મુકાવા રૂપ કામ થઈ જશે. જો તે કામ નહીં કરીએ, તો આ ચોર્યાસીના ફેરામાં ફરવું પડશે અને કેટલાક હરિભક્તો કહે કે, અમારે વ્યાવહારિક કામ કરવું પડે. તે કામમાં પરોવાયેલા રહેતા હોવાથી ભગવાનમાં વૃત્તિ રહેતી નથી. ત્યારે મોટા સંતો લખી ગયા કે, ભલે તમે વ્યાવહારિક કામ કરો. "સંસારમાં સરસો રહે ને મન મારે પાસ, સંસાર જેને લોપે નહીં, તેને જાણું મારો દાસ." સંસારમાં રહેલા હો અને વ્યાવહારિક કામ ભલે કરો. પણ પાણીમાં જેમ કમળ હોય તેમ રહેવું, તે મોટા સંતોએ લખ્યું છે કે, વરસાદ વરસે તો તળાવનું પાણી ફૂટ બે ફૂટ ચડે, તો કમળ હોય તો તે પણ બે ફૂટ ઉપર જતું રહે. પણ પાણીને અડવા દે નહીં, પાણીથી અદ્ધર ને અદ્ધર રહે. તેમ કમળ સમાન આપણે વ્યવહારમાં રહેવું. વ્યવહારમાં ઓતપ્રોત ન થવું. આ બધું ખોટું છે.

એક મોટા સંત દૃષ્ટાંત આપે છે કે, આપણે મહેતાજી તરીકે કામ કરવું. તમારા મહેતાજી દુકાનમાં હોય તે આખો દિવસ પૈસાની લેવડ દેવડ કરતા હોય છે. તેમ બેન્કમાં મેનેજર કે સાહેબ કેમ આખો દિવસ લાખો રૂપિયાની લેવડદેવડ કરે છે. પણ એ એમ સમજે છે કે, આ પૈસા તો બેન્કના છે. મને તો મારો એક માસનો જે પગાર નક્કી કરેલ હોય તે મહિનાની આખરે મળે તે મારૂં. જ્યારે આ બધી રકમ તો બેન્કની છે. તેમ મહેતાજી તે પણ એમ સમજે જે આ પૈસા તો શેઠના છે. મને તો મારા મહેનતાણાના પૈસા મળે તે મારા, બાકી બધું શેઠનું. એમ બધા સંતોએ લખ્યું છે. તેમ આપણે પણ વ્યવહારમાં મહેતાજી તરીકે કામ કરવું અને એમ જાણવું કે આ બધું ભગવાનનું છે. હું તો ભગવાનની આજ્ઞાથી આ વ્યાવહારિક કાર્ય કરૂં છું. આ સ્ત્રી, પુત્ર, સગા, સંબંધી આપ્યા છે, તે મને

સેવા કરવા માટે ભગવાને આપ્યા છે, તે મારી ફરજ છે, તે હું બજાવું છું. એમ બધા કરો છો ને ? ફરજ બજાવો છો કે એકદમ ઓતપ્રોત થઈ જાવ છો ? એમ ફરજ બજાવીએ તો અંતરમાં વિક્ષેપ થાય નહીં. કેમ કે આ સંસારમાં સુખદુઃખ આવે, પણ આવી સમજણ હોય તો ભગવાન ભૂલાય નહીં. માટે આપણે કાળજી રાખી ભજન વિશેષ કરવું.

આ અક્ષરધામની સભા છે

મોટા સંતોએ આપેલ એક દૃષ્ટાંતની વાત છે. અમદાવાદ મુકામે જ્યાં અત્યારે હાલ મંદિર છે ત્યાં દરવાજા પાસે એક છત્રી છે, તે વખતે ત્યાં મંદિર ન હતું, પણ જગા ખુલ્લી હતી અને નવાવાસ તરીકે ઓળખાતું. ત્યાં સ્વામિનારાયણ ભગવાન પધારેલા અને બધાં સંતો, હરિભક્તોની મોટી સભા ભરેલી અને ભગવાન પોતે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની વાતો કરી બધા ભક્તોને આનંદ પમાડતા હતા. એ સભા જોઈને શત્રુઓ હારી ગયા. કામ, ક્રોધ, મોહ માર્યા ગયા. આ ભગવાનની સભા તે અક્ષરધામ તુલ્ય છે. મહારાજે છેલ્લા પ્રકરણના બીજા વચનામૃતમાં કહ્યું કે, આ સભા "જેવી શ્વેતદ્વીપમાં સભા છે ને જેવી ગોલોક વૈકુંઠ લોકને વિષે સભા છે ને જેવી બદરીકાશ્રમને વિષે સભા છે, તેથી પણ હું આ સત્સંગીની સભાને અધિક જાણું છું અને આ સભા અક્ષરધામની સભા છે." મહારાજે પણ કહ્યું અને આપણને મોટા સંતો પણ કહી ગયા છે કે "જ્યાં સંતો હરિભક્તોની સભા ભરાયેલી હોય અને તેમાં ભગવાન બિરાજમાન હોય એમ આ સભા છે. તે સભામાં હું બેઠો છું. આ સભા તેથી અક્ષરધામની જ સભા છે." પણ હું આ ગામમાં કે શહેરમાં બેઠો છું, એમ ન જાણવું. આ પણ મહારાજ સભામાં વાતું કહે છે અને આ અક્ષરધામની સભા છે એમ જાણવું. મહારાજ કહે "જ્યાં મહારાજની મૂર્તિ હોય ત્યાં અક્ષરધામનું મધ્ય કહેવાય." અહીં આ મહારાજની મૂર્તિ છે તે મહારાજ બિરાજમાન છે. એથી આ સભા પણ અક્ષરધામની સભા કહેવાય. કોઈ એમ જાણે કે હું અક્ષરધામની સભામાં બેઠો છું ને મહારાજ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિની વાતો સંભળાવે છે. એમ ભાવનાથી આપણે આ કથા સાંભળીએ તો આપણે માટે અક્ષરધામ અહીં જ છે. પણ આપણે એમ થાતું નથી. અહીં બેઠા છીએ અને સ્વામી વાતો સંભળાવે છે તે સારૂં છે... સાંભળીએ છીએ. આપણે જેવી ભાવના રાખીએ તેવો આનંદ મસ્તી આવે.

ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવા નટની જેમ વૃત્તિ કેળવવી

અમદાવાદ સ્વામિનારાયણ મંદિરના ચોકમાં મહારાજ સભા ભરીને બિરાજમાન હતા અને સામે સંતો હરિભક્તો ભગવાનની વાત સાંભળે. તે વખતે ત્યાં નટ આવ્યા. તે ભગવાનને પગે લાગ્યા, સંતો તથા સભાને પગે લાગીને વચમાં બેઠા. ત્યારે મહારાજે તેમને પૂછ્યું કે તમે કેમ આવ્યા છો? ત્યારે નટે કહ્યું કે આપ ભગવાન છો, તે અમારે તમોને અમારી રમત દેખાડવી છે. અગાઉ બજાણિયા આવી રમત રમતા. હવે તો તે બંધ થયું છે, તે નીકળી ગયું છે. ત્યારે મહારાજે કહ્યું જે, અમારી પાસે પૈસા જેવું કંઈ છે નહીં કે અમે તમને મોજ આપી શકીએ. ગામમાં જાઓ અને કોઈ શેઠ હોય તેની પાસે જઈ રમત બતાવો તો તે શેઠ તમોને પૈસા આપશે અને રાજી કરશે. અમે તો સાધુ લોકો તે શું આપી શકીએ? ત્યારે તે નટે કહ્યું કે હે મહારાજ, તમે તો સાક્ષાત્ પરમાત્મા છો, અમારે તમારી પાસેથી કાંઈ પૈસાની મોજ જોઈતી નથી. અમારે તો તમને રાજી કરવા છે. માટે અમોને રમત બતાવવાની રજા આપવાની દયા કરો. તમે તથા આ બધા અમારી રમત જૂઓ, તો અમારૂં કાંઈક સારૂં થાય. સ્વામિનારાયણ ભગવાન પોતાના સંતોને આવી ભાંડ-ભવાઈ બતાવતા નહીં ને આપણા શાસ્ત્રોમાં સંતોના ધર્મો લખ્યા છે કે, આવું કાંઈ જોવું નહીં અને આવું જુએ તો તેમાં ખામી કહેવાય. તે વખતે મહારાજને, સંતોને, હરિભક્તોને કાંઈ ઉપદેશ આપવો હશે તે સૌને આ રમત જોવા બેસાડ્યા અને હરિભક્તો પણ બેઠા. મહારાજે નટોને રમત રમવાની અનુમતિ આપી. નટોએ પણ પોતાની રમત ચાલુ કરી, બે બાજુ બે વાંસ રોપ્યા અને તેના બંને છેડા દોરડાંથી બાંધ્યા અને બંને બાજુએથી બે નટ ઉપર ચડ્યા. તે બંને નટોના પગમાં થાળી, હાથમાં લાંબો વાંસ અને માથે સાત બેડાની હેલ, તે બંને એકબીજાની સામ સામે આવે. તે નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું કે, "નટ ચડે વળી વાંસડે, તેને જુએ સઘળું ગામ, પણ નટ ન જુએ કોઈને, જો જુએ તો બગડે કામ." બંને નટો રમત રમતા જાય. તેને માણસો બધા જુએ. જો નટ પબ્લિકને જોવા જાય, તો તેમની નજર ચૂક થાય અને તેમનું કામ બગડે તેથી તે પબ્લિકને ન જુએ. તે તો પોતાની વૃત્તિ દોરડાં સાથે રાખી સામસામાં ખસી રહ્યા હતા.

અહીં કહ્યું કે, જેમ નટ આજુબાજુ જોતા ન હતા, તેમ મુમુક્ષુએ ભગવાનની ભક્તિ કરતા બીજાઓ શું કહે છે તે ન જોવું. સુખ-દુઃખ ભગવાનના ભક્તને પણ હોય. આપણી દૃષ્ટિ ભગવાનને રાજી કરવા પર હોય. તો ભગવાનના

ભક્તે માન-અપમાનમાં મોહ ન પામવું. એટલે આ નટ તો બે બાજુએથી ચઢ્યા. પગના ઠમકા લેતા જાયને હલાવતા હલાવતા ચાલ્યા જાય. તે બે પાસે પાસે આવ્યા ત્યારે એક કહે, હું તો બ્રાહ્મણ છું ત્યારે બીજો કહે, હું તો હરિજન છું. મને સામે બાજુએ જવાની જગા આપો. આમ બંને એકબીજાને અડ્યા વગર એકબીજાને ટપીને એક એક બાજુએ ગયા. બીજો સામેની બાજુ ગયો. પગમાં થાળી - હાથમાં વાંસ અને માથે વાસણની હેલ સાથે બંને એકબીજાની સામ સામેની બાજુએ અડક્યા વિના ટપી ગયા. કોઈ પણ વસ્તુને પડવા દીધી નહીં. ઠમકા પણ વગાડતા ગયા અને બંને બાજુના છેડે બે જણ ઊતરી ગયા.

મહારાજ નટની આ રમત (વિદ્યા) જોઈને બહુ રાજી થયા. આ નટ કાંઈ બહુ ભણેલા ન હતા. પણ આ રમતનો અભ્યાસ કર્યો તો અભ્યાસથી વૃત્તિ કેળવાઈ. મહારાજે ઉપદેશ આપ્યો કે, હે સંતો, આ નટોએ પેટને માટે કેટલી બધી વૃત્તિ કેળવી છે, તેમ તમે બધા પણ અગાઉ કેટલી ભક્તિ કરી હશે કે આ જન્મે મોક્ષભાગી જીવાત્મા થયા છો. તો હવે ભગવાનને રાજી કરવા માટે આ રીતે અભ્યાસ કરી વૃત્તિ કેળવજો. તેથી તો ભગવાને ગઢડા પ્રથમ પ્રકરણના ૪૯માં વચનામૃતમાં ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાની વાત કરી છે. તે પ્રમાણે અભ્યાસથી વૃત્તિ રાખવી. તે જેની વૃત્તિ ભગવાનમાં અખંડ રહે તે ભક્ત અને જેની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં ન રહે તે ભક્ત ન કહેવાય. તો આપણે પણ ધીમે ધીમે સત્સંગ કરી અને આપણી જે કાંઈ ભગવાનના ભજનમાં ક્ષતિ હોય, ખામી હોય તો સાચે ભાવે ટાળવી. રોજ સાંજે સવારે ભગવાનના મંદિરે દર્શન કરવા જવું અને જ્યાં સંતો રહેતા હોય, ત્યાં તેમની કથા વાર્તા સાંભળવી અને સંત સમાગમ કરવો. એવી રીતે ભગવાનની ભક્તિ કરવી, તો થોડા સમયમાં કામ થઈ જશે. આપણને આવો સત્સંગનો જોગ મળ્યો છે, નહીં કરીએ તો આવો જોગ પછી ક્યાં મળશે? " પછે નહીં મળે, પછે નહીં મળે, કાંઈક લેને લાવ, પછે નહીં મળે. મોતી સરીખો કણ લઈ મૂરખ ઘંટીમાં કાં દળે." હે ભાઈ! તમને આવો જોગ નહીં મળે. આપણા ઉપર ભગવાને ખૂબ દયા કરી, આવો અમૂલ્ય સંત-સમાગમ, કથા વાર્તાનો જોગ આપ્યો છે. તો આળસનો ત્યાગ કરી સાંજે સવારે માળા કરવી, ધ્યાન કરવું, કથા-વાર્તા કરવી. દિવસના પણ વ્યાવહારિક કામ કરતા મનમાં સ્વામિનારાયણનું નામ જપતા રહેવું. જો આમ ભગવાનને સંભારશું, તો અંતરમાં શાંતિ રહેશે અને આ જીવનું એ જ સાચું સુખ છે.

ધ્યાન કર્યા વિના કારણ શરીરની વાસનાનો નાશ થતો નથી

કારિયાણીના ૧૨માં વચનામૃતમાં કહયા પ્રમાણે વાસના વજ્રલેપ સમાન છે. તે વાસના નિર્મૂળ કરવી અઘરી છે. પણ જો જીવ ભગવાનની મૂર્તિનું ધ્યાન કરે, તો વાસના નિર્મૂળ થઈ જાય છે.

તે જીવની કારણ શરીરરૂપ જે માયા તે વજ્રસાર જેવી છે, તે કોઈ રીતે જીવથી જુદી પડતી નથી. માટે જ્યારે એ જીવને સંતનો સમાગમ મળે ને તે સંતને વચને કરીને પરમેશ્વરનું સ્વરૂપ ઓળખ્યામાં આવે અને તે પરમેશ્વરના સ્વરૂપનું ધ્યાન કરે ને તે પરમેશ્વરના વચનને હૃદયમાં ધારે, તેણે કરીને એ કારણ શરીર છે તે બળીને ખોખાં જેવું થઈ જાય છે. આ રીતે ભગવાનનું ધ્યાન ને ભગવાનનું વચન, તેણે કરીને કારણ શરીર શેકાઈને આંબલીના કચિકાના ફોતરાંની પેઠે જુદું થઈ જાય છે. તે વિના બીજા કોટિ ઉપાય કરે, તો પણ કારણ શરીરરૂપ જે વાસના તેનો નાશ થતો નથી.

કારીયાણીના ૧૨માં વચનામૃતમાં લખ્યું છે કે, ભગવાનનું ધ્યાન કેમ કરવું ? તો એ ભગવાનના સ્વરૂપમાં રહેલાં એક એક ચિહ્નનું સ્મરણ સાથે લાંબા શ્વાસે સ્વામિનારાયણ... સ્વામિનારાયણ એમ સ્મરણ કરવું. તે ગઢડા પ્રથમ પ્રકરણના ૫ અને ૧૫માં વચનામૃતમાં કહ્યું કે, ધ્યાન કરવું અને તે ધ્યાન કરતાં મૂર્તિ હૃદયને વિષે ન દેખાય તો પણ ધ્યાન કરવું, પણ કાયર થઈને ધ્યાન મૂકી દેવું નહીં. એવી રીતના જે આગ્રહવાળા છે, તેના ઉપર ભગવાનની મોટી કૃપા થાય છે અને એની ભક્તિએ કરીને ભગવાન એને વશ થઈ જાય છે.

સર્વે ક્રિયાને વિષે ભગવાનની મૂર્તિનું ચિંતવન કરવું

તમે બધા જાણો છો કે, લાડુ બનાવવા હોય તો ઘી જોઈએ. દૂધમાંથી ઘી બને છે પણ દૂધના લાડુ ન બને. તે દૂધને જમાવવા માટે છાશ નાખીને તેમાંથી દહીં, માખણ બને ને તેમાંથી ઘી બનાવીએ, તો તેથી લાડુ બનાવવાના ઉપયોગમાં આવે. દૂધમાં ઘી રહ્યું છે પણ તેને મેળવવા પ્રયત્ન કરવો પડે. તે માટે ધીમે ધીમે કરીએ તો દૂધમાંથી ઘી મળે અને ઘીના લાડુ બનાવાય. તેમ ભગવાનના સ્વરૂપને ધારવા માટે ઘણી બધી પ્રક્રિયાઓ કરવી પડે છે. તે કામ કોઈ જમવાની તૈયાર થાળી ઉપર બેસીએ અને જમી લેવાય તેમ નથી. પણ તે પ્રક્રિયા બીજો કોઈ અજમાવે અને આપણે તેનું ફળ પામીએ તેવું પણ નથી. તે

તો જે તે સાધકે જાતે અભ્યાસ કરીને અજમાવવાની વાત છે. નહીંતર દૂધ જામે જ નહીં, તો તેનું દહીં થાય નહીં અને દહીં ન થાય, માખણ ન થાય તો ઘી પણ ન બને. માટે આ પ્રક્રિયા ગમે તેમ કરીને બેસી જવું એવું નથી. તે માટે નિયમિત અભ્યાસ, સંત સમાગમ, શાસ્ત્ર પઠન અને આચરણ આ બધું સાથે સાથે કરવાનું છે. વળી તેમ કરવામાં વિઘ્નો પણ ઘણાં આવે, તો જો એ વખતે શ્રદ્ધા ન હોય તો કાર્ય અધુરૂં મૂકી દેનારા પણ ઘણા છે. માટે તેમાં શ્રદ્ધા સહિત નિયમિત આદરપૂર્વક અભ્યાસ કરવાનો છે.

ભગવાન સ્વામિનારાયણે જીવને બ્રહ્મની સ્થિતિ પ્રાપ્ત થાય તે માટે સાદો સરળ અને સહેલો ઉપાય બતાવ્યો છે. ભગવાનનો ભક્ત હોય તેને ખાતા,પીતા,નાતા,ધોતા,ચાલતા,બેઠતા એ સર્વે ક્રિયાને વિષે ભગવાનની મૂર્તિનું ચિંતવન કરવું, તે ગ.પ્ર.પ્ર. ના ૨૨માં વચનામૃતમાં કહેલ છે.જો આંગળી જેવી નાની જ પાણીની સેર અખંડ વેતી હોય, તો મોટો પાણીનો ધરો ભરાઈ જાય. તેમ ખાતા, પીતા, હાલતા, ચાલતા તથા શુભ ક્રિયાને વિષે તથા અશુભ ક્રિયાને વિષે, સર્વકાળે ભગવાનમાં અખંડ વૃત્તિ રાખવી. એવી રીતે ભગવાનમાં અખંડ વૃત્તિ રાખતા રાખતા એવી દઢ સ્થિતિ થાય છે.

દરેક ભક્તે પોતાના દૈનિક, વ્યાવહારિક, નોકરીમાં, વેપારમાં, ઘરકામમાં એમ સર્વ કામમાં, સર્વકાળે, સ્વામિનારાયણ.. સ્વામિનારાયણ રટણ કયા કરવું. તેથી તો સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ ગાયું છે, તે આપણે રોજ ચેષ્ટાના પદોમાં બોલીએ છીએ જે -

"હવે મારા વ્હાલાને નહિ રે વિસારૂં રે,
શ્વાસોચ્છ્વાસે તે નિત્ય સંભારૂં રે"

સદ્‌ગુરૂ નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે કે, મારા ઈષ્ટદેવનું હું શ્વાસોચ્છ્વાસે એટલે શ્વાસ લેવાય તે સાથે સ્વામિનારાયણ અને એ જ શ્વાસ પાછો મૂકાય, ત્યારે પણ સ્વામિનારાયણ એમ શ્વાસોચ્છ્વાસે ભગવાનનું નામ લેવાય તે ખરૂં કરવાનું છે. એમ થઈ જાય, એની રટણની લટક પડી જાય, એ જ કરવાનું છે. રામ ભગવાનના ભક્ત જે હનુમાનજી શ્વાસોચ્છ્વાસે રામ રામ કરે છે. કૃષ્ણ ભગવાનના ભક્ત ગોપીઓ પણ શ્વાસોચ્છ્વાસે કૃષ્ણ કૃષ્ણ કરે છે. તેઓ દૂધ, દહી વેચવા જાય, ત્યારે ઉપશમ અવસ્થામાં બોલે કે "દૂધ લો... દહી લો

એના બદલે કાન લો...કાન લો.'' એવી સ્થિતિ થાય તો ભગવાનના એકાંતિક ભક્ત થવાય. એમ આપણે પણ આપણા સઘળા કામો કરતા કરતા ભગવાનના નામનું રટણ ચાલું જ રાખવું.

આપણને ભગવાનનું ધ્યાન કરતા સંકલ્પ વિકલ્પ નડ્યા કરે છે, કારણ કે આ જીવે આ અગાઉ અનંત દેહ ધર્યા છે અને તે દેહે કરીને કરેલા કર્મો, ભોગવેલા વિષયો આપણા જીવ સાથે સજ્જડપણે જડાઈ ગયા છે. એટલે આ જીવે અંતરમાં સઘળું જગત ભર્યું છે, તે જગતને અંતઃકરણમાંથી દૂર કરવું પડશે. એ કાર્ય અન્ય કોઈ દેહે કરીને થાય તેમ નથી. આ મનુષ્ય.દેહ જ એક એવો દેહ છે કે તે દ્વારા ભગવાનની ભક્તિ કરી ભગવાનના ધામમાં જઈ શકાય અને જન્મ મરણના બંધનમાંથી છૂટી શકાય તેમ છે. માટે આપણે સર્વકાળે ભગવાનના દર્શન,ભજન,કીર્તન, માળા,ધ્યાન કર્યા જ કરવું. તેમાંથી અટકવું જ નહી. માટે તમે બધા આ કાળજી રાખી કરશો.

દિવસ જાય ડખામાં, રાત જાય વખામાં

બીજું, મોટા સંતોએ લખ્યું, ''દિવસ જાય ડખામાં અને રાત જાય વખામાં'' આ જગતમાં જે જે જીવ સત્સંગમાં જોડાયા નથી, ભગવાનને ઓળખી ભગવાનની ભક્તિ કરવામાં જોડાયા નથી, તેમનો સામાન્યપણે દિવસ ગુજારો કેમ થાય છે, તે વાત આ એક વાક્યમાં કહી છે કે ''દિવસ જાય ડખામાં અને રાત જાય વખામાં'' એવા માણસોનો દિવસ પંચાતમાં, આમ જવું-તેમ જવું, અર્થ વગરની દોડમદોડમાં અને રાત પડે ત્યારે સૂઈ જવામાં જાય છે. આમ એવા જગતના માણસોનું જીવન દુનિયાદારીમાં, પંચાતમાં, કોઈનું બગાડવામાં, જુદા જુદા ઘાટો ઘડવામાં, બિનજરૂરી કાર્યમાં વ્યતીત થઈ જાય છે અને રાત ખાધું, પીધું અને સૂઈ રહેવામાં જાય છે. માટે આપણે તો ભગવાનના ભક્ત થયા છીએ અને આ દેહે કરી ભગવાનને ભજીને, જીવને જન્મ મરણના ચક્કરમાંથી મૂકાવવો છે. તો આપણે જો આ રીતે કરતા હોઈએ તો એ બંધ કરી, આપણી દરેકે દરેક ક્ષણ ભગવાનના નામ રટણ, માળા, ભક્તિમાં, ધ્યાનમાં, કથામાં જાય, એવો ઉપાય કરવો જેથી આપણને ભગવાનની મૂર્તિમાં હેત થાય અને આવી કોઈ ભગવાનના જ્ઞાનની, ભક્તિ, ભજનની વાતો સાંભળવાથી ભગવાનમાં પ્રેમ થાય. આ ભગવાનમાં પ્રેમ થાય તો એની મેળે જગતની વાસના બળી જાય. દેહ છતાં જીવની વાસના બળી જાય, પછી એને

દેહ છતાં આ જન્મે ભગવાનની મૂર્તિના દર્શન થાય. આનંદ આવે. ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં કહ્યું છે કે, દેહ મૂકીને જે સુખને પામવું છે, તે સુખ તો આપણને ભગવાને દેહ છતાં જ આપ્યું છે. આવી રીતે ભગવાનના ધ્યાનની, જ્ઞાનની, ભજનની વાતો સાંભળીને એને જીવમાં ઉતારીને, એ પ્રમાણે અભ્યાસ કરીએ, તો ત્યાગી હોય કે ગૃહસ્થ હોય એ રીતે ભગવાન ભજવાનો ખટકો રાખીયે, તો જરૂર ભગવાનમાં પ્રેમ થાયે.

પ્રશ્નોત્તરીના જવાબો

... ભગવાનને પ્રાપ્ત કરવા માટે ભગવાનનું ચિંતવન કરવું. વળી જગતના પદાર્થમાંથી પાછી વૃત્તિ વાળવી. આપણને કાંઈ ગૂંચવણ, ગુસ્સો આવે તો એમાં પાછી વૃત્તિ વાળવી. તો એ પ્રમાણે ભગવાનની મૂર્તિનું ચિંતવન કરીએ તો એવા ગુસ્સા ઉપર કાબુ આવી જાય છે.

... જે કોઈ ભગવાનની ભક્તિ ભજન કરે, તો એને ભગવાન પ્રાપ્ત થાય છે અને જે ભક્ત ભગવાનનું નિયમિત ધ્યાન, ભજન, કીર્તન, નિયમોનું પાલન કરે, તો તે ભક્ત ભગવાનના અક્ષરધામને જરૂર પામે છે. આવું ભગવાને વચનામૃત, શિક્ષાપત્રી, સત્સંગિજીવન આદિ શાસ્ત્રોમાં સ્પષ્ટપણે કહી દીધું જ છે.

....ભગવાનના સ્વરૂપમાં પોતાના મનને સ્થિર કરવા સારૂં અભ્યાસ કરવો. ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં કહ્યું તથા શ્રીકૃષ્ણ પરમાત્માએ ગીતાજીમાં કહ્યું કે, યોગ અભ્યાસ કરે. આ બાળકો નિશાળે ભણવા જાય છે, ત્યારે શરૂઆતમાં એકડો કરવો અઘરો પડે છે. તે એકડો ઘૂંટાવીએ છીએ. એમ વારંવાર ઘૂંટવાથી તેને એકડો અને તેમ કરતા કરતા તે લખતા, વાંચતા પણ શીખે છે અને જેમ જેમ વધુ અભ્યાસ રાખે છે, તેમ તેમ એ આગળ ઉપર એલ.એલ.બી. જેવી યુનિવર્સિટીની ડિગ્રી પણ મેળવે છે. આ બધું તે અભ્યાસ કરવાથી પામે છે. એમ આપણે પણ એવો અભ્યાસ કરીએ, તો જરૂર ભગવાનના સ્વરૂપના દર્શન કરી શકીશું.

.... ધ્યાનના આગ્રહી એવા ભક્તે ભગવાનના અનેક સ્વરૂપોની, અનેક મૂર્તિઓને ચિંતવનમાં ન લેવી જોઈએ. મોટા સંતોએ કહ્યું છે કે, ધ્યાન સારૂ એક જ મૂર્તિ પસંદ કરવી અને તે મૂર્તિને ધ્યાનમાં, માનસી પૂજામાં પણ યાદ કરી, પતિવ્રતાની ટેક રાખી, ભજન સ્મરણ કરવું. બીજા સ્વરૂપોને યાદ કરવા એમાં કાંઈ ના નથી, પણ ભગવાનની એક મૂર્તિ નક્કી કરી હોય, તેને જ યાદ રાખીએ તો પતિવ્રતાની ટેક જળવાઈ રહે. જેમ પતિવ્રતા સ્ત્રી પોતાના પતિ

કરતા અન્ય પુરૂષ સારો હોય, પણ તેના પતિ વિના બીજે સુખ થાતું નથી, તેમ આપણે ભગવાનના ભક્તે આપણા પસંદ કરેલ ભગવાનના સ્વરૂપમાં જ જોડાવું અને એ ભગવાનના સ્વરૂપનું ચિંતવન કરીએ તો એમાં આપણા મનની વૃત્તિ સ્થિર થાય છે.

....ગૃહસ્થ સિદ્ધ દશા પામી શકે ? સિદ્ધ દશા અને મુક્ત દશામાં શું ફેર ? આપણે આ બાબતે ઘણી વાતો કરી છે. આપણા સંપ્રદાયના ગોરધનભાઈ, પર્વતભાઈ, દાદાખાચર એ બધાય ગૃહસ્થ હતા. પણ પોતે સિદ્ધ દશાને પામેલા હતા. સિદ્ધ દશા અને મુક્ત દશામાં શું ફેર ? તો સિદ્ધદશાને મુક્તદશા એક જ સ્થિતિ છે. આ લોકમાંથી જે મુક્ત થાય છે તેને સિદ્ધદશા પ્રાપ્ત થાય છે. તો આપણે તેવો અભ્યાસ કરી ભગવાનનું ધ્યાન-ભજન કરીશું અને વિશેષ તો ભગવાનના નિયમોનું પાલન કરીશું તો એવી દશાને પામી શકીશું.

બીજું, અક્ષરધામને વિષે ભગવાનની મૂર્તિ કેવી છે ? અહીં તો સ્વામિનારાયણ ભગવાને વચનામૃતમાં લખ્યું છે કે, અક્ષરધામની મૂર્તિ અને આ લોકની મૂર્તિ કે જે ધાતુની મૂર્તિ હોય, ચિત્રની પ્રતિમા હોય તે મહારાજે સ્વહસ્તે મંદિર કરી તેમાં મૂર્તિઓ પધરાવી અને ત્યાર પછી પોતાના દત્તપુત્રો કે જેમને આપણે આચાર્યો કહીએ છીએ, તેમને આજ્ઞા કરી કે તમે ભગવાનની મૂર્તિની પ્રતિષ્ઠા કરજો. સ્વામિનારાયણ ભગવાન કે જે આપણા ભગવાન છે. તેમની આજ્ઞાથી આચાર્ય મહારાજ જે મૂર્તિની પ્રતિષ્ઠા કરે તે મૂર્તિ અને અક્ષરધામની મૂર્તિ, મહારાજ કહે એ બે મૂર્તિમાં એક રોમ માત્રનો તફાવત નથી. એમાં પ્રતિમાભાવ-ધાતુભાવ રહેતો હોય તો તે આપણે જ્ઞાને કરીને ટાળી નાખવો. તો એ મૂર્તિમાં અક્ષરધામની મૂર્તિનો જ આનંદ આવે છે.

ધ્યાન કેમ કરવું ? ધ્યાન તો આપણે વાત કરી કે ધ્યાન તો શિક્ષાપત્રીના ૧૧૬માં શ્લોક.

निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम्
विभाव्य तेन कर्तव्या, भक्तिः कृष्णस्य सर्वदा ॥११६

(અર્થાત્ : અને સ્થૂળ-સૂક્ષ્મ અને કારણ એ જે ત્રણ દેહ તે થકી વિલક્ષણ એવો જે પોતાનો જીવાત્મા તેને બ્રહ્મરૂપની ભાવના કરીને શ્રી કૃષ્ણભગવાનની ભક્તિ જે તે સર્વ કાળને વિષે કરવી.)

વધુમાં લખ્યું છે કે, પોતાના ત્રણ દેહથી વિલક્ષણ જુદો પોતાને આત્મસ્વરૂપ

માનીને ભગવાનનું ધ્યાન-ભક્તિ કરવી અને આપણે પણ એ રીતે અભ્યાસ કરતા કરતા આત્મરૂપ થવાય, તો એમાં ભગવાનની ભક્તિનો ઓર આનંદ આવે અને એ ભગવાનની મૂર્તિમાં વૃત્તિ સ્થિર કરવા સારૂં.મહારાજે ગ.મ.પ્ર.ના ૧૦માં વચનામૃતમાં કહ્યું છે, જેને ભગવાનનું ધ્યાન કરવું હોય, તેને પ્રથમ દષ્ટિ સ્થિર કરવી. તે દષ્ટિ સ્થિર કરવા સારૂં ભગવાનની પ્રતિમા અથવા બીજું કાંઈ પદાર્થ હોય, તેમાં પ્રથમ દષ્ટિ ઠરાવવી (એકી નજરે મટકાં રહીત લાંબો સમય સુધી જોઈ રહેવું, જેને આપણે ત્રાટક કરવું કહીએ છીએ.) પછી એક ને એક આકાર જોતા થકાં દષ્ટિ સ્થિર થઈ જાય, ત્યારે તે ભેળું અંતઃકરણ પણ સ્થિર થાય છે. જ્યારે અંતઃકરણ સ્થિર થાય, ત્યારે ભગવાનની મૂર્તિ હૃદયમાં ધારવી... પ્રથમ અભ્યાસ કરીને વૃત્તિ સ્થિર કરવી ને પછી ભગવાન સંગાથે જોડવી.

આમ એકને એક પદાર્થ સામે દષ્ટિ-વૃત્તિ સ્થિર કરતા તેના સંકલ્પ માત્ર ટળી જાય છે અને મૂર્તિમાં ચિત્ત ચોંટી જાય છે અને ત્યારે તેને ભગવાનની મૂર્તિનો આનંદ આવે છે.

શિક્ષાપત્રીમાં લખ્યું છે કે, જે સત્ય વચન બોલવે કરીને પોતાનો દ્રોહ થાય તથા પારકો દ્રોહ થાય એવું સત્ય વચન ક્યારેય ન બોલવું.

એ વાત સાચી છે. કેમ કે એક મોટા સંતે દષ્ટાંત આપ્યું કે, એક ગાય દોડી જતી હતી અને એની પાછળ એક ઘાતકી (કસાઈ) આવ્યો. ગાય દોડતી દોડતી ચાલી જતી હતી અને એ તેને દેખી શક્યો નહીં. ત્યારે તેણે તે રસ્તે બીજા ચાર માણસો બેઠા હતા તેમને પૂછ્યું કે, આ રસ્તે થઈને કોઈ ગાય ગઈ છે ? ત્યારે ઓલા માણસે વિચાર્યું કે આ ઘાતકી, કસાઈ, પાપી છે, જો હું તેને સાચું કહીશ કે ગાય આ રસ્તે ગઈ છે, તો તેને પકડીને મારી નાંખશે તો તે ગાય મારે તેનું પાપ મને પણ લાગશે. તેથી તે સત્ય વચન ન બોલ્યો અને કહ્યું ના ભાઈ, મેં ગાય જોઈ નથી. એવી રીતે કોઈ પ્રસંગે આપણે ભગવાનના ભક્તને અસત્ય વચન બોલવું પડે, તેણે કરીને ભગવાન કુરાજી થતા નથી.

પવિત્ર માતા-પિતા અને ગુરૂ હોય, તો જીવનો મોક્ષ થઈ જાય

ભક્તિ કરતા કરતા કંઈ બાકી રહી જાય તો શું ? આ જીવ ચોર્યાસી લાખ જન્મના ફેરા ફરીને આવ્યો છે, પણ એમાં ભગવાનનું ભજન, ભક્તિ ન

કરતા હોય, એમને તો કૂતરા-ગધેડાં આદિની ૮૪ લાખ યોનિમાં ફરવાનો વારો આવે છે, પણ જેણે મનુષ્ય જન્મમાં ભગવાનની ભક્તિ-ભજન કર્યું હોય, તો તેને માથે ચોર્યાસી લાખ જન્મના ફેરા થતા નથી. તેમ છતાં જે કાંઈ થોડી ઘણી વાસના રહી ગઈ હોય, તો સારા એવા ભગવાનના ભક્તના ઘરમાં જન્મ થાય. તે ગીતાજીમાં લખ્યું છે કે, ભક્તિ કરતા કરતા કંઈ વાસના રહી ગઈ હોય, ખોટ રહી ગઈ હોય, તો તેની વાસના ટળી જાય, એવો યોગ હું કરી આપું છું કે જેથી તે ભક્તિમાં આગળ વધી શકે. ભક્તને પહેલેથી ભક્તિનું બી તો હોય જ અને વળી ભક્તિનો જોગ થઈ જાય, અને પવિત્ર માતા-પિતા હોય, પવિત્ર ગુરૂ હોય તો એ જીવનો મોક્ષ થઈ જાય.

બ્રહ્મચર્ય વ્રતની વાત

બ્રહ્મચર્યનો અર્થ- સારંગપુરના ૧૧ માં વચનામૃતમાં પુરૂષ પ્રયત્નના અષ્ટ પ્રકારના બ્રહ્મચર્યની વાત કરી છે. તે સંતો માટેના અષ્ટ પ્રકારના બ્રહ્મચર્ય વ્રતની છે, પણ ગૃહસ્થ માટે અષ્ટ પ્રકારના બ્રહ્મચર્યની વાત કરી નથી. ગૃહસ્થ માટે અને ત્યાગી માટે ગ.પ્ર.પ્ર. ના ૩૪ માં વચનામૃતમાં બ્રહ્મચર્ય પાળવાની વિકિત આ પ્રમાણે કહી છે... ત્યાગી હોય તેને અષ્ટ પ્રકારે સ્ત્રીનો ત્યાગ રાખવો ત્યારે તેનું બ્રહ્મચર્ય વ્રત પુરૂં થયું કહેવાય ને તેમાંથી જેને જેટલો ફેર પડે તેને તેટલો કલેશ થાય છે અને ગૃહસ્થને પણ બ્રહ્મચર્ય કહ્યું છે, જે પરસ્ત્રીનો ત્યાગ રાખવો તથા પોતાની સ્ત્રીનો પણ વ્રતને દિવસે ત્યાગ રાખવો ને ઋતુ સમે સ્ત્રીનો સંગ કરવો. એ આદિક ત્યાગીને અને ગૃહસ્થને (બ્રહ્મચર્ય સંબંધી) નિયમ કહ્યા છે.

ગૃહસ્થ પણ આ ઉપર કહ્યું તે પ્રમાણે બ્રહ્મચર્ય નિયમોનું પાલન કરે, તો જે સંતો અષ્ટ પ્રકારે બ્રહ્મચર્યનું પાલન કરી ભગવાનનો રાજીપો પામે છે, તેટલો જ રાજીપો ગૃહસ્થ પોતાના નિયમોમાં રહીને ભગવાનનું ભજન-ભક્તિ ધ્યાન કરે તો તે પામે છે. આમ ગૃહસ્થ એક પત્નીવ્રત રાખીને નિયમમાં વર્તે તો તેને પણ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, શ્રદ્ધા સહેજે સહેજે પ્રાપ્ત થાય છે.

ધ્યાન-ભજનની ક્રિયા એક ચિત્તે થતી નથી. તો તે બાબતે આપણે અભ્યાસ કરીએ તો અભ્યાસે કરીને સ્થિરતા પમાય છે. મોટા સંતો લખી ગયા છે "હવે મારા વ્હાલાને નહીં રે વિસારૂં રે, શ્વાસોચ્છ્વાસે તે નિત્યે સંભારૂં." તો આપણે દરરોજ ધ્યાન કરવાનો, ત્રાટક કરવાનો ભજન કરવાનો અભ્યાસ

રાખ્યો હોય, તો આપણે આપણા અન્ય કામો, વાતચીત, કામકાજ કરતા હોઈએ, તો પણ આપણા શ્વાસોચ્છ્વાસે ભગવાનના નામનું રટણ ચાલ્યા જ કરે. જેમ શ્વાસોચ્છ્વાસ લેવા માટે આપણે કોઈ પ્રયત્ન કરવો પડતો નથી, એની મેળે સરળતાથી થયા જ કરે છે, તેમ ભગવદ્ નામ પણ શ્વાસોચ્છ્વાસની સાથે જ વિના પ્રયત્ને ચાલે એ ખરૂં કરવાનું છે. શ્વાસની સાથે સાથે સ્વામિનારાયણ-સ્વામિનારાયણ ભજન થયા જ કરતું હોય. તે મોટા સંતોએ એવું દૃષ્ટાંત આપ્યું કે, જમતી વખતે કોળિયે-કોળિયે સ્વામિનારાયણ નામ લેવું અને એમ અભ્યાસ કર્યો હોય તો એક કોળિયો મોઢામાં નાંખીને ચાવણું કરીને પેટમાં ઉતારે તે સમય દરમિયાન પાંચ-સાત વાર સ્વામિનારાયણ નામ લેવાય. એ મોટા સંતનો અભિપ્રાય છે. તો આપણે તેમ કરશું તો વાસના નિર્મૂળ થઈ જશે.

મનન દ્વારા બ્રહ્મનો સંગ કરે તો એમાં બ્રહ્મના ગુણ આવે છે

મહારાજે વચનામૃતમાં લખ્યું કે મનન દ્વારા બ્રહ્મનો સંગ કરે તો એમાં બ્રહ્મના ગુણ આવે છે.

ગઢડા મ.પ્ર.ના ૧૩ માં વચનામૃતમાં લખ્યું છે કે, મારા આત્માને વિષે તેજ દેખાય છે અને તે તેજને વિષે ભગવાનની મૂર્તિ દેખાય છે. તે મૂર્તિ ક્યારેક બેઠી દેખાય છે, ક્યારેક હરતી ફરતી દેખાય છે, ક્યારેક ઊભી દેખાય છે, પણ આ ગઢડું શહેર કે દરબાર કાંઈ દેખાતું નથી. શું એ વખતે ગઢડું ન હતું ? ઓશરી દરબાર ન હતા ? તો તે વખતે તે સર્વે હતું જ. પણ આવી રીતે અભ્યાસ કરી, દેહભાવ ટાળી, ભગવાનની મૂર્તિમાં હેત થાય તો આ જગતના પદાર્થ માત્ર દેખાય નહીં અને આપણે પણ આ રીતે અભ્યાસ કરીએ તો આપણને પણ થાય.

ભગવાન સ્વામિનારાયણે શિક્ષાપત્રી, વચનામૃત, સત્સંગિજીવન જે સંપ્રદાયના મુખ્ય ગ્રંથો છે તેમાં લખ્યું છે કે, જે ભગવાનના ભક્તો હોય, એમણે વહેલી સવારે બ્રાહ્મમુહૂર્તમાં જાગી જવું. બ્રાહ્મમુહૂર્ત એટલે સવારના ૮-૦૦ થી ૧૦-૦૦નો સમય ના કહેવાય. કેટલાક હરિભક્ત એવો સમય કહે છે. વાત પણ સાચી એ ભાઈ આખી રાત જાગતા હોય અથવા તે મોડી રાત્રે સૂવે એટલે સવારના ૮-૦૦ થી ૧૦-૦૦ વાગે ઉઠાય તેથી તેને તે સમય બ્રાહ્મમુહૂર્ત કહેવાય. તે બરાબર નથી. પણ સ્વામિનારાયણ ભગવાને

બ્રાહ્મમુહૂર્તનો સમય વહેલી સવારના ૪-૦૦ થી ૫-૦૦ની આજુબાજુ જાગી જવું, તે બ્રાહ્મમુહૂર્ત કહેવાય. મોટા સંતો કહેતા કે, તે સમયે મોટા સંતો ધ્યાન કરતા હોય તેનો કરંટ લાગે તથા ઘણાંક ઋષિમુનીઓ હોય તે યોગની સાધના કરતા હોય, ભક્તજનો હોય, તેઓ તે સમયમાં ભગવાનના સ્વરૂપનું ધ્યાન કરતા હોય છે અને તેમના ઉપર થઈને પવન વહેતો હોય, તે આપણા ઉપર પડે. ભગવાને કહ્યું કે, સ્વરૂપાનંદ સ્વામીના શરીર ઉપરથી વાયરો ઉડીને જેના ઉપર પડે તેના જીવનો મોક્ષ થઈ જાય છે. તે આવી રીતે વહેલા ઉઠી ધ્યાન ભજન કર્યું હોય, તો આપણને પણ એવા સંતો ઉપર થઈ આવતા પવનનો લાભ મળે. વળી દિવસના સમયમાં પણ આપણા સંપ્રદાયના ગોરધનભાઈ, પર્વતભાઈ આદિ મોટા ભક્તની માફક ગૃહસ્થાશ્રમમાં રહીને ભક્તિ કરે, તો એનો પણ મોક્ષ થઈ જાય છે.

પરસ્ત્રી સાથેના સંબંધો અંગેના પ્રશ્નના જવાબમાં કહ્યું કે, પોતાની સ્ત્રી સિવાય અન્ય સ્ત્રી સાથે માતા-બેન જેવો સંબંધ રાખવો ને વ્યવહાર તે પ્રમાણે રાખવો. પણ જેને વૈરાગ્યની દુર્બળતા હોય તેણે ભગવાનના બાંધેલ નિયમોનું પાલન કરવું. પુરૂષે લક્ષ્મણજીની માફક વર્તવું. વનમાં ભેળા રહ્યા પણ સીતાજીના ચરણ સિવાય બીજું કોઈ અંગ જોયું ન હતું. તો તમે બધા ગૃહસ્થાશ્રમમાં છો, તો અનેક પ્રકારની પ્રવૃત્તિ કરવી પડે પણ આવી રીતે વૃત્તિને કેળવી ભગવાનને સંભારીએ તો તેમાં નિર્વિકાર રહી શકાય.

બીજું, કેટલાક માણસોની એવી માન્યતા હોય છે કે, અમને કોઈ પ્રકારનો રોગ ન આવે એવા નિરોગી બનાવો.

સચ્ચિદાનંદ સ્વામીની વાત

તો એ તો સાચું છે કે નિરોગી હોઈએ તો ભગવાનનું ધ્યાન-ભજન સારી રીતે થઈ શકે, પણ આપણા કર્મ અનુસાર દેહ કાંઈ માંદુ-સાજું તો થાય. મહારાજના સમયની વાત છે. સચ્ચિદાનંદ સ્વામી હતા, તે બહુ સમર્થ હતા. તેમને એક વખત તાવ આવ્યો. આ તાવ કયાં આવ્યો ? મને ધ્યાન,ભજનમાં વિક્ષેપ પાડે છે. તે તાવને પોતાની ઓઢવાની ગોદડીમાં મૂક્યો અને ગોદડી ધ્રૂજવા માંડી. તે સમયે શ્રી સ્વામિનારાયણ ભગવાન પધાર્યા અને જોયું તો ગોદડી ધ્રૂજી રહી હતી. તેમણે પૂછ્યું કે આ શું થયું ? ત્યારે બીજા સંતે કહ્યું કે સચ્ચિદાનંદ સ્વામીએ તાવ ગોદડીમાં મૂક્યો છે. તેથી સચ્ચિદાનંદ સ્વામીને

મહારાજે કહ્યું કે સ્વામી, આ તમે તમારા દેહે ભોગવવાનો તાવ આ ગોદડીમાં મૂક્યો, તે હવે તમારે ત્રણ જન્મ લેવા પડશે. તમારા પ્રારબ્ધનો તાવ તો તમારે ભોગવવો જ પડે, તે બીજાને ભોગવાવો તે બરાબર નહીં. સચ્ચિદાનંદ સ્વામી કહે, ના મહારાજ મને એ ત્રણ જન્મ લેવાનું ના ફાવે અને તાવ પાછો પોતામાં લઈ લીધો અને તાવ સાથે ભગવાનનું ભજન કર્યું. એમ દેહને સાજુ-માંદુ થવા રૂપ પ્રારબ્ધ આવે તે સમયે આપણે ભગવાનનું ભજન કીર્તન કરીએ તો શાંતિ રહે.

અંતરના દોષ કેમ ટળે ? તો મહારાજ કહે, તમે કયે દહાડે દોષ ટાળવાનો આગ્રહ કર્યો અને ન ટળ્યા. એ તો આપણે ખબરદાર થઈને દોષ ટાળવાનો આગ્રહ કરીએ, તો જે જે દોષ હોય તે ટળી જાય. તો આપણે દરેકે કાળજી રાખી, આપણામાં રહેલ દોષને ટાળવા અને આ દેહે ભગવાનનું ખૂબ ખૂબ ભજન કીર્તન કરી લેવું.

ગઢડાના પ્રથમ પ્રકરણના પચાસમાં વચનામૃતમાં ભગવાને બહુ સરસ વાર્તા કરી છે. મોટા સંતો કહેતા કે, આ વચનામૃત વંચાય ત્યારે એવી ભાવના રાખવી કે, આ અક્ષરધામની સભા છે. અહીંયા દિવ્ય સભાને વિશે પૂર્ણ પુરૂષોત્તમ મહારાજ વિરાજમાન થયેલા છે અને ચારે બાજુ અનંત કોટિ મુક્તો જેવા કે શ્રી ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી... આદિ નંદ સંતો તથા હરિભક્તો જેવા કે શ્રી ગોરધનભાઈ, શ્રી પર્વતભાઈ, શ્રી દાદા ખાચર, શ્રી મયારામ ભટ્ટ આદિક બધાય ભક્તજનોની દિવ્ય સભા ભરાઈને બેઠી છે. આ દિવ્ય સભામાં હું પણ બેઠો છું. એમ જાણવું જે આ અક્ષરધામની સભા છે અને હું પણ અક્ષરધામમાં બેઠો છું. એવી અંતઃવૃત્તિ રાખીને ભાવના કરીએ, તો જે અક્ષરધામમાં બધા મુક્તો સભામાં ધામની દિવ્ય મૂર્તિનું સુખ ભોગવી રહ્યા છે, તેવું સુખ આવે.

ભગવાનને વિષે પ્રત્યક્ષ ભાવ રાખવા અંગે

શ્રીજી મહારાજે છેલ્લા પ્રકરણના બીજા વચનામૃતમાં કહ્યું કે, આ સભા છે તે અક્ષરધામની સભા છે. અક્ષરધામની સભા અને આ સભામાં જરા પણ ફેર નથી. આ ભગવાનની દિવ્ય મૂર્તિ તે વખતે ભગવાન મનુષ્ય સ્વરૂપે બિરાજ્યા હતા, ત્યારે મનુષ્યભાવ ટાળવાનો હતો. નહીતર તો આ ઘનશ્યામ મહારાજ તો ધર્મદેવ, ભક્તિ માતાના પુત્ર છે અને રામપ્રતાપભાઈ અને

ઇચ્છારામભાઈના ભાઈ છે. તે આપણા જેવા જ મનુષ્ય છે અને તે વખતે ઘણા લોકોને મનુષ્ય ભાવ રહી જતો. માટે જો આવી રીતે ભગવાનની ભક્તિ,ભજન,સત્સંગ કરીએ, તો આસ્તે આસ્તે મનુષ્યભાવમાંથી ભગવાનની મૂર્તિમાં દિવ્ય ભાવ આવતો જાય. સ્વામિનારાયણ ભગવાને જ્યારે અંતર્ધાન થવાનું નકકી કર્યુ, ત્યારે તેમણ વિચાર કર્યો કે હું તો આ લોકમાંથી ચાલ્યો જઈશ, પણ પાછળ મારા ભક્તો કેમ સુખી થાય ? અને દરેકને મારી મૂર્તિનું સુખ આવે અને દેહને અંતે મારા અક્ષરધામમાં આવે. એવો મહારાજે વિચાર કરી અને અક્ષરધામમાં જવાનો વિચાર કર્યો. તે પહેલાં મહારાજે આચાર્યો કર્યા, સંતો કર્યા તથા સ્વહસ્તે મંદિરો કર્યા અને તેમાં પોતાના અવતારની તથા પોતાનું સ્વરૂપ હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પધરાવી. અમદાવાદ,ભુજ, વડતાલ,ધોલેરા,જૂનાગઢ અને ગઢપુર આદિ સ્થળોએ મંદિરો કરી, તેમાં સ્વહસ્તે મૂર્તિઓ પધરાવી ને તેમાં પોતાનું દિવ્ય સ્વરૂપ પધરાવ્યું. મહારાજે ભક્તજનોને તે વખતે કહયું કે આ મૂર્તિ છે તે મારું સ્વરૂપ છે તેમ માની મારી પૂજા કરજો.

એટલે કહેવાનો હેતુ એ છે કે, સ્વામિનારાયણ ભગવાન મનુષ્ય સ્વરૂપે પૃથ્વી ઉપર વિચરતા હતા, ત્યારે તેમનામાંથી મનુષ્યભાવ ટાળવાનો હતો. આજે તે મનુષ્ય સ્વરૂપે પૃથ્વી ઉપર નથી, પણ તેઓશ્રીએ સ્વહસ્તે તથા પોતાના નીમેલા આચાર્ય થકી વેદોક્ત વિધિથી સ્થાપિત થયેલ મૂર્તિમાંથી-પાષાણની-ધાતુની કે ચિત્રની ભગવાનની મૂર્તિઓમાંથી મૂર્તિભાવ-પાષાણ-ધાતુ કે કાગળ ભાવ ટાળીને પ્રત્યક્ષ ભાવ લાવવાનો છે. અક્ષરધામની દિવ્ય મૂર્તિમાં અને આ સામે પધરાવેલ ચિત્ર પ્રતિમાની મૂર્તિમાં એક રોમ માત્રનો ફેર નથી. ત્યારે અક્ષરધામમાં ભગવાનની મૂર્તિ સન્મુખ સભામાં બેઠેલા કેટલાક ભક્તો પ્રશ્ન પૂછે - અક્ષરધામમાં ભગવાનની મૂર્તિમાં કેવું સુખ હશે ? પ્રશ્ન પૂછે અને વાત પણ સાચી. અક્ષરધામમાં ભગવાનનું સુખ જોયું નથી. આપણને ખબર પણ ન પડે, એ વાત પણ સાચી છે. પૂછે છે તે બરોબર પૂછે છે, પણ આપણા સંપ્રદાયના ધાર્મિક પુસ્તકો વચનામૃત,સત્સંગિજીવન, શિક્ષાપત્રી આદિક શાસ્ત્રો જોતા અને પરંપરાગત નંદ સંતો જેવા કે ગોપાળાનંદ સ્વામી. બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી આદિ અને તેમના પરંપરાગત શિષ્યો પાસેથી જાણીએ તો ખબર પડે કે અક્ષરધામમાં આવું સુખ હશે. આપણે આપણી કલ્પના કરીએ. ત્યાં જાશું ત્યારે જોશું. પણ હમણાં તો આપણે એવી કલ્પના કરીએ કે અક્ષરધામમાં કેવું સુખ હશે ? તો મહારાજે લખ્યું કે તેજ તેજના અંબારથી છલકતી મનુષ્યના જેવા સ્વરૂપની દિવ્ય, સોળ વર્ષની કિશોર

મૂર્તિ, દિવ્ય રત્નજડિત સિંહાસનમાં બિરાજમાન છે અને ચારે બાજુ મુક્તોની સભા ભરાઈને બેઠી છે. એમ આપણા શાસ્ત્રો અને પરંપરાગત સંતો કહે છે. તો આપણે એવી કલ્પના કરવી. મૂર્તિ ભલે પાષાણની હોય કે ધાતુની કે ચિત્ર પ્રતિમાની ઘનશ્યામ મહારાજની હોય, હરિકૃષ્ણ મહારાજની હોય, સહજાનંદ સ્વામીની ઊભી મૂર્તિ હોય, જે મૂર્તિ આપણને પ્રિય લાગે, તે મૂર્તિનું સ્મરણ કરીએ-અંતરમાં સંભારીએ તો મહારાજ કહે એવા પ્રેમી ભાવવાળા-શ્રદ્ધાવાળા ભક્ત હોય તો એવા ભક્તને ભગવાન દર્શન આપ છે.

અંતરમાં એક ભગવાન રાખવા

મહારાજે મધ્ય પ્રકરણના ૧૩ માં વચનામૃતમાં કહ્યું કે મારી ઇન્દ્રિયોની વૃત્તિ છે, તે પાછી વળીને સદા હૃદયને વિષે જે હૃદયાકાશ છે તેને વિષે વર્તે છે. તે હૃદયાકાશને વિષે અતિશય તેજ દેખાય છે અને મારા હૃદયને વિષે એકલું તેજ-તેજ વ્યાપી રહ્યું છે અને તે તેજને વિષે એક ભગવાનની મૂર્તિ દેખાય છે અને તે મૂર્તિ અતિ પ્રકાશમય છે. અહીં પાછી વૃત્તિ કહી એટલે બહાર નહીં, પણ અંતરમાં-હૃદયમાં. જેમ કાચબો હોય, આપણે જોયું નથી પણ વચનામૃતમાં કહ્યું છે કે, તે વિકાસને પામે ત્યારે તેના હાથ, પગ, મોઢું બહાર કાઢેલ હોય તે દેખાય એમ કહે છે. જેણે કાચબો જોયો હોય તેને ખબર હોય અને જ્યારે સંકોચને પામી જાય ત્યારે એના હાથ-પગ-મોઢું આદિ દેખાય નહી પણ તેની એકલી પીઠનો ભાગ દેખાય. તે ઉપર ગમે તેટલો પ્રહાર કરો તો પણ તેના ઉપર કોઈ જાતની અસર થાય નહી, એવી એની કઠણ પીઠ હોય છે. એટલે મહારાજ કહે આ આપણી જીવાત્માની અનંત કાળથી વૃત્તિ બહાર ફેલાઈ ગઈ છે અને જેટલા જેટલા આ બ્રહ્માંડમાં કારખાના છે, જેટલી જેટલી વસ્તુઓ છે, એ બધી વસ્તુઓ આપણે અનેક જન્મોમાં ભોગવી આવ્યા છીએ, તે વસ્તુઓ આપણા અંતરમાં ભરી-ભરીને રાખી છે. આ જે કહ્યું કે, આપણે આ અગાઉ અનેક જન્મો જેવા કે કૂતરાં-ગધેડાના દેહ લીધા છે અને ત્યાં અનેક વસ્તુઓ જોઈ હશે, ખાધી હશે, બધું કર્યું હશે.

ત્રીસ લક્ષણે યુક્ત સંતના સમાગમથી જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે

સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ "હૃદયપ્રકાશ" નામનો ગ્રંથ લખ્યો છે,

તેમાં હૃદયમાં પ્રકાશ કેમ થાય ? તે સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ પોતાના અનુભવની વાતો લખી છે કે, આ જીવાત્માએ દુનિયાની બધી વસ્તુઓને અંતરમાં ભરી છે. એક સળી પેસે તેટલી ખાલી મોકળાશ-જગ્યા અંતરમાં છે નહીં. આ આખી દુનિયા અંતરમાં ભરી છે. એ બાબતે તેમાં ગુરૂ અને શિષ્યનો સંવાદ છે. ત્યારે શિષ્ય ગુરૂ મહારાજને પ્રશ્ન પૂછે છે કે "ગુરૂ મહારાજ, મહારાજની મૂર્તિ સારૂં હું આટલો દાખડો કરૂં છું, પણ મારા હૃદયમાં ભગવાન દેખાતા નથી. તો તે ભગવાન મને કેમ દેખાય ?" ત્યારે ગુરૂએ તેનો ઉત્તર કર્યો. ગુરૂ કોને કહેવાય ? ગુ-અંધકાર અને રૂ-નાશ કરવું, તે અંધકારે રૂપી અજ્ઞાનનો નાશ કરે તે સાચા ગુરૂ કહેવાય. કેટલાક એવા ગુરૂ હોય છે, તે શિષ્યની પાસે, પૈસા લાવો-કપડાં લાવો એમ વસ્તુઓ માગ્યા કરે છે. આમ ગુરૂ શિષ્ય પાસે માંગ-માંગ કરે એટલે કેટલાકની તેમની પાસે જવાની મરજી પણ થતી નથી. મહારાજ કહે એવા ગુરૂ થકી મોક્ષ થતો નથી, પણ આવા ત્રીસ લક્ષણે યુક્ત સંત હોય, તો એના સમાગમ થકી ભાગવત ધર્મનું પોષણ થાય અને આ જીવને મોક્ષનું દ્વાર પણ ઉઘાડું થાય છે.

આ ગ્રંથમાં શિષ્યે ગુરૂ મહારાજને પ્રશ્ન કર્યો છે કે મેં મારા અંતરને-હૃદયને વિષે ભગવાનને જોવાનો ઘણો દાખડો કર્યો. પણ મારા અંતરમાં ભગવાનના દર્શન થતા નથી, તો તમે મને દયા કરીને એવો ઉપાય બતાવો કે જેણે કરીને મારા અંતરમાં હૃદયમાં ભગવાનના દર્શન થાય. આપણી બધાની ઈચ્છા પણ એવી છે ને ? આપણા હૃદયમાં ભગવાન રાખવાની ઈચ્છા બધાની છે ને ? અને સુખી થાવું છે. સત્તા ઉપર, નોકરી ઉપર હોય તે ક્લાર્ક હોય, તેને એમ થાય કે મારે તો ઓફિસર થાવું છે, હવે મારે મેનેજર થવું છે. તેમ જે વેપારી હોય તે શરૂઆતમાં તો ગોળ-ધાણા આદિ કરિયાણું, પરચૂરણ વસ્તુઓ વેચતા હોય, પછી વિચારે જે સોના ચાંદી વેચું તો ઘણા પૈસા થઈ જાય, વળી પછી વિચારે જે હીરા ઝવેરાત વેચું તો તેથી પણ વધુ પૈસા મળી જાય. એટલે બધાને પૈસાદાર, ધનવાન,હોદ્દેદાર થવાની ઈચ્છા છે. કોઈને દુઃખી, નીચે હોદ્દે રહેવાની ઈચ્છા નથી. દરેકને એમ છે કે હું સુખી થાઉં. આ દાક્તર લોકોને એમ કે મારે ઘણા પૈસા કમાવા. બહુ દર્દીઓની દવા કરૂં અને મને ઘણા પૈસા મળી જાય. ગૃહસ્થને પૈસા તો જોઈએ. ન કમાવ, એમ કહેવું નથી. ગૃહસ્થ હોય તેને પોતાના સ્ત્રી-પુત્ર-આદિકનું ભરણ પોષણ કરવું અને ભગવાને પૈસા આપ્યા હોય ત્યારે આવા મંદિરો થતા હોય કે સારા ધાર્મિક કાર્યો થતા હોય, તો તેમાં પૈસા આપવા. તે પૈસા પાસે હોય તો જ અપાયને? પણ પૈસા પાસે ન હોય તો ક્યાંથી અપાય

? અમે કહીએ કે ભાઈ ! અહીં આ મંદિર કરવું છે તો પૈસા આપો. આપણી પાસે પૈસા ન હોય તો ક્યાંથી લાવીએ? તે આપણે પૈસા તો જોઈએ. તે મહારાજે કહ્યું કે પોતે પોતાની શક્તિ પ્રમાણે ઉદ્યમ કરવો. તો કેવી રીતે કરવો ? ઉદ્યમ કેમ કરવો ? શું કરવો ? નીતિથી ઉદ્યમ કરવો, અનીતિથી ઉદ્યમ કરવો નહીં.

એકાંતિક ભક્ત થવાની રીત

ગુરૂને શિષ્ય પૂછે છે કે, મારા હૃદયમાં ભગવાન દેખાતા નથી તો શું કરૂં ? ત્યારે ગુરૂ કહે તારા અંતરમાં, હૃદયમાં દુનિયા આખી ભરીને મૂકી છે. એક સળી પેસે એટલી પણ જગ્યા રાખી નથી, તો ભગવાન રહે ક્યાં ? ત્યારે શિષ્ય કહે હે ગુરૂ મહારાજ, એ વાત તો સાચી પણ હવે મારા ઉપર દયા કરો કે જેથી મારા અંતરમાં રહેલ જગતની વાસના નિર્મૂળ થઈ જાય અને મારા હૃદયમાં, અંતરમાં ભગવાન દેખાય. ત્યારે સાધુનો ધર્મ તો સર્વ જીવનું હિત કરવું એ જ છે. દરેક જીવનું હિત કરવું એ ધર્મ છે. એટલે ગુરૂ મહારાજ દૈવી-મુમુક્ષુ શિષ્યની પ્રાર્થના-અરજી સાંભળી, તેનો ઉત્તર આપે છે કે ભાઈ, તારી જ્યાં જ્યાં વૃત્તિ જાય, ત્યાં ત્યાં ભગવાનની મૂર્તિને જ જો, અહીં બેઠા છે તેમાં ભગવાન બિરાજમાન છે. આ મુક્ત બેઠેલા છે અને હું પણ તે ભગવાન પાસે બેઠેલો છું. તે વખતે ભલે તમે દુકાનમાં કે ઓફિસમાં કે અન્ય સ્થળે હો, તો પણ તમારે મનમાં એમ જ સમજવું કે, હું સદાય ભગવાનની પાસે જ બેઠેલો છું. ભગવાન બિરાજમાન છે. તેમની ચારે બાજુ મોટા મોટા મુકતો સભામાં બિરાજમાન છે, તે સાથે હું પણ બેઠેલો છું. એવી ભાવના રાખીને કામ કરીએ તો જરૂર ભગવાનની મૂર્તિ દેખાય. તે ગોપાળાનંદ સ્વામી સંતની દીક્ષાને પામ્યા ન હતા, ત્યારે શિક્ષક હતા, એમ આપણા શાસ્ત્રમાં વાત આવે છે. તેઓ શિક્ષક તરીકે છોકરાંઓને ભણાવતા. તે છોકરાંને થોડીવાર ભણાવે પણ બાકીનો મોટો સમય તો આ ભગવાનની મૂર્તિનું ધ્યાન ભજન કરાવતાં. તે છોકરાંને ભણતા ભણતા સમાધિ થઈ જાય. એટલે કહેવાનો હેતુ શું ? તો એ ક્રિયા બધી એવી છે, પણ આ જગતની કોરે ભાસ થતો જાય છે. એમાંથી વૃત્તિ વાળી આ ભગવાનમાં વૃત્તિ જોડીએ, તો એની એ ક્રિયા નિર્ગુણ થઈ જાય, ત્યારે એવી રીતે ગુરૂએ શિષ્યને વાત કરી, ત્યારે શિષ્ય એ રીતે અભ્યાસ કરવા મંડ્યો. આમ અભ્યાસ કરતા કરતા તેને અંતરમાં ભગવાનની મૂર્તિ દેખાવા માંડી, ને દેહનું ભાન ભૂલી ગયો.

આવી રીતે વર્તવા માંડે તો પોતાને પોતાના દેહની પણ ખબર ન પડે. તે

સત્સંગિજીવન ગ્રંથમાં લખ્યું છે કે, એકાંતિક ભક્ત આવી રીતે થાય. એની કેવી અવસ્થા થાય ? તો કહ્યું કે એ ભક્ત તેની ત્રણે અવસ્થા જાગ્રત,સ્વપ્ન અને સુષુપ્તિમાં ભગવાનની મૂર્તિને દેખે અને ઝાડ, પાન, મનુષ્ય પ્રાણી દરેક વસ્તુમાં તેને ભગવાન જ દેખાય. ત્યારે કાંઈ ભગવાન બધાય નથી થાતા, ભગવાન તો એક જ છે. પણ એની વૃત્તિમાં ભગવાનની મૂર્તિ તદાકાર થઈ ગઈ છે, તેથી એ જ્યાં જ્યાં નજર કરે, દેખે, દૃષ્ટિ કરે, ત્યાં તેને એક ભગવાનનું સ્વરૂપ જ દેખાયા કરે. એવી સ્થિતિ પામેલ હોય તેને આ લોક, આ બ્રહ્માંડ કાંઈ પણ દેખવામાં આવે નહીં અને ભગવાનની મૂર્તિ જ દેખાય. ત્યારે આ શિષ્ય ત્યાગી ન હતો, તે ગૃહસ્થાશ્રમી જ હતો. પોતાની વ્યાવહારિક ફરજ બજાવતા, આવી રીતે ભગવાનનું ભજન, ધ્યાન,કીર્તન કરતો, ત્યારે તેને ભગવાનની મૂર્તિને વિષે તદાકારપણું થઈ ગયું. કેટલાક કહે સ્વામી, અમે તો ગૃહસ્થ છીયે તેથી અમારે તો અનેક પ્રકારની આધિ, વ્યાધિ, ઉપાધિ હોય તે ભગવાનનું ભજન, ધ્યાન, કથા, સેવા શી રીતે કરી શકીએ ? તે મહારાજે સત્સંગિજીવન, વચનામૃત, શિક્ષાપત્રી એ દરેક શાસ્ત્રમાં લખ્યું કે ત્યાગી હોય કે ગૃહસ્થ હોય, એ જો કરવા માંગે તો શું ન થાય ?

કરત અભ્યાસ હોત સુજાના

મૂળી પ્રદેશના લખતર રાજ્યના એક દિવાન હતા. તેને એક સંત મળી ગયા અને ઉપદેશ આપ્યો કે, સાહેબ આ ભગવાનનું આવું ધ્યાન કરવું. તે દિવાનને આ ધ્યાનની વાતને કાંઈ લાગે વળગે ? દિવાન તો દર્શન કરવા આવે ત્યારે સંતોને ઊભા ઊભા જય જય કરે. સંતને દયા આવી, મુમુક્ષુ જીવ છે. સંતનો પ્રસંગ બરાબર રાખતા નથી, તો તેને ફરી પાછા ચોર્યાસી લાખ ફેરા ફરવા પડશે. ત્યારે સંતે દિવાનજીને હેતે કરીને બોલાવ્યા પણ દિવાનજી તો કહે સ્વામી, મારે તો ઘણાં કામ કરવાના છે તેથી જાવું છે. પણ સ્વામીએ તો હેત ભાવ કરી પાસે બોલાવ્યા. સ્વામી માળા કાઢી વાત કરવા લાગ્યા.

લખતરના એ દિવાનને માટે સ્વામીને બહુ દયા આવી ગઈ કે આ મુમુક્ષુ જીવ છે અને જો એ ભગવાનનું નામ લે તો સારૂં. તે તેમને બેસવાનું કહ્યું ત્યારે દિવાનજીએ કહ્યું કે અમારે બેસવાની ક્યાં નવરાશ છે. તમો બાવલિયાને નવરાશ હોય એમ કહી પછી જતા રહ્યા. એમ દિવાનજી રોજ મંદિરે દર્શન કરવા આવે. તે કોઈ એક વખત બેસવાનું કહેવાથી દિવાનજી સંત પાસે બેઠા

ત્યારે સ્વામીએ વાત કરી. જો તમે આ સાહેબ થયા છો. તે સાહેબ થાવું કે શેઠ થાવું તેમાં કાંઈ ના નથી. એ તો ભગવાને જે ડિગ્રી (નસીબમાં આપ્યું હોય) આપી હોય, પુણ્ય હોય તે પ્રમાણે શેઠ થાય. સાહેબ થાય, એમાં કાંઈ વાંધો નહીં, પણ ભગવાનનું ભજન કરવું. તે તમો આવું ભજન કરો, માળા કરો, ધ્યાન કરો. આ વાત એમના ગળે ઉતરી નહીં. પછી સ્વામી કહે તમારા બાપ-દાદા કેવા હતા ? તે આવું ભગવાનનું ધ્યાન, ભજન કરતા. તમે સાહેબ થઈને તે કાર્ય મૂકી દીધું. તેમના બાપ-દાદાની વાત આવી, ત્યારે તેમને મનમાં જરાક લાગ્યું અને તેમને તે વાત યાદ આવી કે મારા પિતા મને ભગવાનનું ભજન-ભક્તિ કરવાનું કહેતા. પણ હું તો ભજન-ભક્તિ કરતો નહીં, કેમ કે કુટુંબનો સંબંધ કેવો છે ? તો વડના-થોરના ઝાડ જેવો છે. તેની ડાળી ઉખાડીને રોપીએ તો તે ધરતીમાં પાંગરે અને ઉછરી જાય. ઉખેડી નાંખ્યા હોય તો પણ પાંગરે. એટલે એના બાપદાદાની વાત કરી તેથી તેને પ્રેમ થઈ ગયો. મારા દાદા આવા હતા, મારા પિતા આમ કરતા. સ્વામી કહે, આ તમારા વડીલો આમ ભજન, ભક્તિ કરતા અને તમો તેમાંનું કાંઈ પણ નથી કરતા, તેથી તમારે વળી પાછા બળદના, ઊંટના, ગધેડાંના એવા એવા દેહ ધરવા પડશે ને દુઃખ ભોગવવું પડશે.

એ દિવાનજીને સંતની વાત સાંભળીને સંત પ્રત્યે ગુણ આવ્યો કે, આ સંત તો મારા જીવનું કલ્યાણ કરવાની, મારૂં ભવિષ્ય સુધારવાની, મારા જ હિતની વાત કરે છે. તેથી નમ્ર થયા અને સંતને અતિ નમ્ર ભાવે બે હાથ જોડી પ્રાર્થના કરી પૂછ્યું હે સ્વામી, હું કેમ કરૂં તો એવા અવતાર ન આવે ? ત્યારે સંતે કહ્યું કે, આ ભગવાનની મૂર્તિનું ધ્યાન કરો, ભજન કરો તો તમારે એવા દેહ ધારણ નહીં કરવા પડે. જે દર્શન કરતા ન હોય, તે ભગવાનનું ધ્યાન ક્યાંથી કરી શકે ? પણ પછી તો એને સ્વામીનો ખૂબ ગુણ આવ્યો. મંદિરમાં દર્શન કર્યા પછી સંત પાસે આવે અને પા કલાક, અડધો કલાક બેસે. સંત તેમને ભગવાનના ધ્યાનની, ભજનની વાતો કહે, કહેવડાવે. તે આપણા શાસ્ત્રમાં લખ્યું છે કે "કરત અભ્યાસ હોત સુજાના" તેનો અર્થ : અભ્યાસ કરે તો આવડતું ન હોય, તો પણ તે અભ્યાસના સંબંધે કરીને આવડી જાય છે. સંતના વચનની વાતો સાંભળવાથી સત્સંગી થઈ જવાય.

ભુજમાં અગાઉ સંતો ભણેલા ન હતા. કેટલાક તો સંત બને તે અગાઉ કાંઈ ભણેલા જ ન હોય. તે ભુજમાં સંત બને તેમને મોટા ગુરૂ સંતો ભણાવે. તે ભણતા ભણતા શાસ્ત્રી થઈ જતા. તે કહેવાનું કે અભ્યાસ કરે તો થાય,

અભ્યાસ ન કરે તો ન થવાય. તેમ આ ભગવાનના માર્ગમાં પણ રોજ સતત અભ્યાસ જરૂરી છે.

તે દિવાનજી રોજ મંદિર આવે, એ સંત પાસે બેસે. સંત ભગવાનની મૂર્તિ સંભારીને ભગવાનના ધ્યાનની, ભજનની વાતો સંભળાવે. તે થકી દિવાનજીના અંતરમાં શાંતિ શાંતિ થઈ જાય. સ્વામી કહે ભગવાનના ચરણથી શિખા પર્યંત અંગો અંગનું ધ્યાન કરવું. આવી રીતે ભગવાનની મૂર્તિ સંભારવી. તે એવી રીતે મૂર્તિ સંભારતા સંભારતા દિવાનજીને ભગવાનની મૂર્તિનું ધ્યાન લાગ્યું. એ ધ્યાન કેવું તે અઢાર, અઢાર કલાક લગી સતત ધ્યાનમાં બેસે. તે દશમની રાત્રે બેસે તે અગીયારસનો દિવસ, રાત્રી અને બારસના દિવસે સવારે ધ્યાનમાંથી જાગે. આમ છત્રીસ કલાક સુધી તેમને તેમના દેહનું, ખાવા-પીવાનું કાંઈ ભાન ન રહે. કોઈ જગાડે તો પણ તેમને કંઈ ખબર ન પડે. તે કહેવાનું શું ? દિવાનજી વ્યવહારમાં મોટી પદવી ધરાવતા હતા, છતાં પણ આવી રીતે સંતોનો સમાગમ કરી, ભગવાનનું ધ્યાન ભજન કર્યું, તો તે એકાંતિક ભક્ત થઈ ગયા અને ભગવાનની મૂર્તિને દેખતા થઈ ગયા.

માર ખાઈને નંદ સંતાએ સત્સંગ કરાવ્યો છે

બીજી એક વાત સુરતની છે. તે ખેડૂતો સાંતીડા ચલાવતા હતા. ત્યાં રામદાસભાઈ નામના સંત હતા. સ્વામીને તેમના ઉપર દયા આવી ગઈ. વળી કેટલા જન્મ લેવા પડશે. માટે લે ને તેમને ભગવાનની વાતો કરૂં અને તેમાં તેઓ ઉપદેશ ગ્રહણ કરી, કાંઈ આચરણમાં મૂકશે તો સુખી થશે. ખેડૂતોને પાસે બોલાવ્યા અને કહ્યું 'પટેલ' ભગવાનનું નામ લેજો. તે ખેડૂતો તો ખેતરમાં સાંતીડું ચલાવે તે સ્વામીની વાતને ધ્યાનમાં ન લે. સ્વામી તો એની પાછળ પાછળ, "હે ભાઈ, ભગવાનનું નામ લેજો." એમ કહેતા જાય અને એક કલાક સુધી ફરતા જાય. પટેલને તેના કામમાંથી બીજે વૃત્તિ દોડાવનાર સંત પ્રત્યે ગુસ્સો આવી ગયો. મારો, બાવલીયો આવ્યો છે. તે મારો કેડો મૂકતો નથી અને ભગવાન ભજજો, ભગવાન ભજજો એમ કહ્યાં કરે છે. તે ભગવાન ભજવા રસ્તામાં બેઠાં છીએ ? તમારે બાવાને કાંઈ કામ ન હોય, તે તમારે ભગવાનનું નામ લીધા કરજો. અમે તો નવરા નથી. આમ કરતા ખેડૂતને તો ગુસ્સો આવી ગયો. તે બળદને હાંકવાની લાકડી હોય તે ચાર પાંચ ફટાફટ કરતીકને સંતને લગાવી દીધી. સંતને લોહી નીકળી આવ્યું. પછી સંત તો

પોતાના મુકામે ગયા. ત્યાં એમના ગુરૂ હતા, તે ગુરૂએ આ સંતના બરડે લોહીના ટશિયા ફૂટેલા દીઠાં તે પૂછ્યું કે આ શું થયું ? ત્યારે સંતે કહ્યું કે, એક ભક્તે આ માર્યું છે. પેલા ખેડૂતે સંતને લાકડીઓ મારી તો ખરી, પણ બપોરાં કરવા બેઠો ત્યારે તેને આ વાતનો બહુ જ પસ્તાવો થયો. અરે રે ! આવા મને ભગવાન ભજવાનું કહેતા હતા તેવા સંતને મેં વગર વાંક-ગુન્હે માર્યા ? તે મેં ખોટું કર્યું ! તેને પસ્તાવો થયો, તેમને ગોતીને હું માફી માગું. તે ગોતતા ગોતતા મંદિરમાં આવ્યો. ત્યાં સંતોની પાસે જઈને પગે લાગ્યો અને પોતાની ભૂલ બદલ માફી માગી. "આપને મેં વગર વાંક-ગુન્હે માર્યા. મારી ભૂલ થઈ બાવાજી, મને માફ કરો." ત્યારે સંતે કહ્યું કે " તમે અમને લાકડી મારી તેનું અમને કાંઈ દુઃખ નથી. પણ તમારી લાકડી ભાંગી ગઈ તેનું અમને બહુ દુઃખ થયું છે." ખેડૂત બહુ કરગરી પડ્યો અને પગે પડી માફી માગી અને કહ્યું " મને તમારા ધર્મના વર્તમાન ધરાવો, સત્સંગી બનાવો. હું ભગવાન ભજવા તૈયાર છું. મને સત્સંગી બનાવો." પછી એ ભક્ત આગળ ઉપર મોટા એકાંતિક ભક્ત થઈ ગયા. કહેવાનો હેતુ શું આગળ નંદ પંક્તિના મોટા સંતો જીવને સત્સંગ કરાવવા સારૂં માર પણ ખાતા. અત્યારે તો કોઈ મારતું નથી. કોઈ કંઈ કહેતું નથી, એવું અમારા વડીલો દાખડા કરીને સત્સંગી બનાવતા હતા.

કુશાગ્ર બુદ્ધિ હોય તેને બ્રહ્મની પ્રાપ્તિ થાય છે

ગ.પ્ર.પ્ર. ના ૫૦માં વચનામૃતમાં એ જ વાત આવે છે કે, જેની કુશાગ્ર બુદ્ધિ હોય તેને બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. તે કુશાગ્ર બુદ્ધિ કેની કહેવાય ? કે જે આ લોકનું બહુ જાણતો હોય કે શાસ્ત્ર પુરાણનું બહુ જાણતો હોય કે જેને બહુ પ્રવચન કરતા આવડતું હોય તેને કહેવાય? જેઓ કાંઈ ભજન કરતા ન હોય કે ભગવાનના નિયમોનું પાલન કરતા ન હોય, તો તે બધું નકામું છે. આલોકમાં હોશિયાર-બુદ્ધિમાન કહેવાતા હોય, થોડું જાણતા હોય, પણ ભગવાનનું ભજન-સ્મરણ કરતા ન હોય, તો મહારાજ કહે તે કુશાગ્ર બુદ્ધિવાળા ન કહેવાય.

વડોદરાના નાથ ભક્ત હતા તે સાવ અભણ હતા. તે સો રૂપિયા ગણવા હોય તો વીસ વીસ રૂપિયાની પાંચ ઢગલીઓ કરે અને પછી કહે કે આ સો રૂપિયા થયા, એવા અભણ હતા. પણ મહારાજની મૂર્તિને અખંડ દેખતા હતા. મહારાજ કહે આ નાથ ભક્ત કુશાગ્ર બુદ્ધિવાળા છે. જયારે વડોદરાના દિવાન વડોદરા રાજ્યનો સઘળો કારભાર સંભાળતા હતા, તોય મહારાજ

કહે તે જાડી બુદ્ધિવાળા છે. ત્યારે આવી રીતે આપણે ભગવાનના ભક્ત થવું.

આપણે અહીં બે વાત કરી. ગુરૂ શિષ્યની અને દિવાનજીની. તો એ ગૃહસ્થ જ હતા. મોટા હોદ્દાને પામ્યા હતા, પણ મહારાજની મૂર્તિ સિદ્ધ કરી હતી. આપણે એવો અભ્યાસ કરીએ તો સિદ્ધ થવાય. આપણે એક દિવસ ધ્યાન કરીએ અને વળી પાંચ દિવસ પાછું મૂકી દઈએ તો ન થાય. મહારાજે ગ.પ્ર.પ્ર.ના ૨૨માં વચનામૃતમાં લખ્યું છે, જે ભગવાનના કીર્તન ગાવા તથા નામ રટણ કરવું તથા નારાયણ ધૂન્ય કરવી. ઇત્યાદિક જે જે કરવું તે ભગવાનની મૂર્તિને સંભારીને જ કરવું અને ભજન કરવા બેસે ત્યારે તો ભગવાનને વિષે વૃત્તિ રાખે અને જ્યારે ભજનમાંથી ઉઠીને બીજી ક્રિયાને કરે, ત્યારે જો ભગવાનમાં વૃત્તિ ન રાખે, તો તેની વૃત્તિ ભજનમાં બેસે ત્યારે પણ ભગવાનના સ્વરૂપમાં સ્થિર થાય નહીં. માટે હાલતા,ચાલતા,ખાતા, પીતા સર્વે ક્રિયાને વિષે ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાનો અભ્યાસ કરવો. તો તેને ભજનમાં બેસે ત્યારે ભગવાનમાં વૃત્તિ સ્થિર થાય.

બ્રાહ્મમુહૂર્તમાં જાગી જવું

આપણે હંમેશાં બ્રાહ્મમુહૂર્તમાં ઉઠી જવું. બ્રાહ્મમુહૂર્ત કોને કહેવાય ? તે શતાનંદ મુનિએ સત્સંગિજીવન તથા શિક્ષાપત્રી ભાષ્યમાં કહ્યું કે, બ્રાહ્મમુહૂર્ત એટલે વહેલી સવારના ૪-૦૦ થી ૫-૦૦ વાગે જાગી જઈએ એ બ્રાહ્મમુહૂર્ત કહેવાય. તે વખતે આપણે ભગવાનના સ્વરૂપનું ધ્યાન કરીએ. કથા-વાર્તા આદિક ભગવાન સંબંધી જે કાંઈ ક્રિયા કરીએ, તો એનું ફળ હજારગણું થાય છે એમ લખ્યું છે. આકાશમાં તારા હોય તે સમયે જાગીને ભગવાનનું ભજન સ્મરણ કરે, તેમાં તેને હજારગણું પુણ્ય થાય છે અને થોડાથોડા તારા હોય અને તે વખતે જાગીને ભજન, કીર્તન કર્યા હોય, તો સો ગણું પુણ્ય થાય છે અને તારાઓ અસ્ત પામી ગયા હોય, સૂર્યનારાયણ પૂર્વ દિશામાંથી પ્રકાશ આપતા પ્રગટ થયા હોય, તે વખતે જે કાંઈ ધ્યાન-ભજન કરવામાં આવે તેનું પુણ્ય ખૂબ ઓછું થાય. શતાનંદ સ્વામીએ તો ના જ પાડી છે. એનું પુણ્ય લગીરે પણ ન મળે. એવું કહું તો બધા ભડકી જાઓ. સ્વામી અમે પૂજા કરીએ તેનું પુણ્ય ન થાય ? પણ એમાં ના પાડી. તે દિવસ ઉગ્યા પછી પૂજા કરવામાં આવે, તો પૂજાનું પુણ્ય બરોબર મળતું નથી. તમે બધા બ્રાહ્મમુહૂર્તમાં વહેલા જાગી જતા હશો અને જે કોઇ ન જાગતા હોય તો હવેથી વહેલા જાગી જજો. બીજું કામ

પછી કરવું. તે વહેલા ઉઠી નાહી-ધોઈ, પૂજા પાઠ કરી લીધા હોય, તો આખો દિવસ શાંતિ શાંતિ પ્રવર્તે છે. આ દુનિયામાં રહ્યા છો એટલે દરેકને કામકાજ તો હોય. તે સંત હોય તેને સત્સંગ સંબંધી કામ હોય અને ગૃહસ્થ હોય તેને વ્યવહાર સંબધી કામ હોય. તે ભગવાને આ દુનિયામાં જગતના વ્યવહારમાં રાખ્યા હશે અને જેને જે કામ સોંપ્યા હોય તે કરવાની ના પાડી નથી. પણ સાથે સાથે ભગવાનનું ભજન કરીએ, તો વ્યાવહારિક કામ પણ થાય અને સત્સંગ સંબંધી કામ પણ થાય.

કેટલાએ નિયમ લીધો બ્રાહ્મમુહૂર્તમાં જાગવાનો ? લગભગ બધા જાગતા તો હશો જ. પણ ન જાગતા હોય તો ખ્યાલ રાખજો. અત્યારે આ ટી.વી. વાળાનું બહું થઈ ગયું છે. તે ટી.વી. જોતા જોતા રાત્રે સૂવાનું મોડું થઈ જાય. તે મારી પાસે નાના છોકરાં આવે તેમને પૂછું તે કહે, મોટા તો ન કહે. છોકરાંઆ ! વહેલા કેમ જાગતા નથી? ત્યારે કહે સ્વામી! મેં એક વાગ્યા સુધી ટી.વી. જોયું. તે સવારે ૮-૦૦ વાગ્યે જાગ્યો. તે વાત પણ સાચી કે રાત્રે એક વાગ્યા સુધી ટી.વી. જુએ, તો સવારે વહેલા ઉઠાય નહીં. ઊંઘ પૂરી પણ ન થાય એટલે ઉઠાય જ નહીં. વળી કેટલાક મોટાઓ કહે સ્વામી ! અમારે તો ટી.વી. જોવું ન હતું પણ આ છોકરાંઓ ટી.વી. જોતા હતા તે સાથે અમે પણ બેસી ગયા. ટી.વી. જોવાનું પોતાને હોય અને બહાના છોકરાંના કાઢે. છોકરાં તેમના મા-બાપને, હાલો ટી.વી. જોવા એમ કહેતા તો નથી. છોકરાં એમ કદાચ કહેતા હોય, તો પણ આપણે ન જોવું. તેમને જોવા દેવું. પછી ધીરે ધીરે છોકરાંઓને સમજાવીને ના પાડવી અને સમજાવવા કે ટી.વી.માં ભગવાનની વાતું આવતી નથી. ટી.વી. જોવાથી ખરાબ સ્વપ્ના આવે. જ્યાં ત્યાં મન જતું રહે. તો પછી શા માટે જોવું ? છતાં આ જીવનો એવો સ્વભાવ છે કે તે જોવા પ્રેરાય છે.

આપણામાં જે કાંઈ દોષ, સ્વભાવ, પ્રકૃતિ કે વાસના હોય તે ટાળવા

મહારાજ કહે, શબ્દ, સ્પર્શ,રૂપ,રસ ને ગંધ એ પંચ વિષયને જીવ ભોગવે છે. આ જગત સંબંધી શબ્દ, સ્પર્શ, રૂપ,રસ ને ગંધ એ પંચ વિષય ભોગવવાથી તે જીવની માંહી પેસી જાય છે. પણ ભગવાનના ભક્ત સારૂ ભગવાને શું કહ્યું ? કે ભગવાનના ભક્તને શબ્દ,સ્પર્શ,રૂપ,રસ ને ગંધ એ ભગવાન સંબંધી જોઈએ. આપણે ભગવાનના ભક્ત થયા છીએ, તો આ કથા વાર્તા સાંભળી,સંત

અહીયા તો સ્ત્રીની ગંધ આવતી હશે ? ભગવાન વાસુદેવ સ્વરૂપે ઊભા થયા. જીવને પૂછ્યું કે તું અહીં ક્યાંથી આવ્યો. મને તો અહીં મૂક્યો. કાં તો બદરિકાશ્રમમાં જા, કાં તો વૈકુંઠમાં જા કે ગોલોકમાં જા, એમ કહી એને ગોલોકમાં મૂકી દીધો. એટલે આમાં કહેવાનું એટલું કે, ભગવાન તો પોતાના બિરૂદ પ્રમાણે તેડવા આવશે અને તેડી પણ જશે, પણ એ વાસનામય જીવથી, જ્યાં સુધી પંચવિષયના રાગ ટાળ્યા નહીં હોય, ત્યાં સુધી ભગવાનના ધામમાં રહી શકાશે નહીં. વળી ભગવાનની સેવામાં રહેવા માટે લાયક બનીએ તે સારૂં તૈયાર થવા ભેગા થયા છીએ.

સત્સંગ કયારે કર્યો કહેવાય?

સત્સંગ કયારે કર્યો કહેવાય? આત્મા અને પરમાત્માનું જ્ઞાન થાય, તેને સત્સંગ કર્યો કહેવાય. જે તે પ્રકારે કરીને આ લોક, આ દેહ, આ વાસના કે કાંઈ વ્યસન હોય, તે દરેકને ટાળી અને આત્મસત્તારૂપે થઈ પરમાત્માના સ્વરૂપનું ધ્યાન ભજન કરશું, તો આપણો આ છેલ્લો જન્મ થઈ જશે. આ જીવને છેલ્લો જન્મ થઈ જાય, તો આ મનુષ્ય દેહ મળ્યાનું સાર્થક ગણાય. નહીતર આપણે અનેક જન્મો ધર્યા, અનેક કામો કર્યા, તે સાહેબ કહેવાયા, શેઠ કહેવાયા કે સ્વામી કહેવાયા, પણ જ્યાં સુધી જીવના મોક્ષ સંબધી કામ નથી કર્યું, ત્યાં સુધી દરેક કામ અધુરૂં છે. મોક્ષ સંબંધી કામ કરવાને માટે આપણે બધા અહીં ભેગા થયા છીએ. તો તમે બધા કાળજી તો રાખો છો, છતાં કોઈ થોડી ઘણી કસરો જેવી કે બ્રાહ્મમુહૂર્તમાં જાગવું કે ટી.વી. ન જોવા, સ્વભાવ, પ્રકૃતિ, વાસના, વ્યસન હોય તો તે ધીમે ધીમે ટાળવા. આ કસરોથી આપણા અંતરમાં ભગવાનની મૂર્તિનો વાસ થાય નહીં અને આપણા અંતરમાં એવો આનંદ પણ ન આવે. તે ગ.પ્ર.પ્ર.ના ૭૮ માં વચનામૃતમાં લક્ષ્મણાનંદ સ્વામીના પ્રશ્નના ઉત્તરમાં કહ્યું છે કે.... " ભક્ત એમ સમજે જે આ ભગવાન ને આ સંત તે સર્વે વૈકુંઠ, ગોલોક અને બ્રહ્મપુર તેના નિવાસી છે. તે સંત ને પરમેશ્વર જ્યાં બિરાજમાન છે, ત્યાં જ એ સર્વે ધામ છે અને એ સંત ભેળો મારો નિવાસ થયો છે. તે માટૂં અતિ મોટું ભાગ્ય છે. એવી રીતે સમજે, તો તેને આઠે પહોર આશ્ચર્ય સરખું રહે અને આઠે પહોર આનંદના સમુદ્રમાં ઝીલતા રહે."

ભગવાનના વખતના સંતો બધા મુક્તો હતા અને આઠે પહોર ભગવાનની મૂર્તિને અખંડ દેખતા હતા અને એ મૂર્તિને સુખે સુખી હતા. પણ આપણને તે

સમાગમ કરી, આપણામાં જે કાંઈ દોષ હોય,સ્વભાવ હોય, પ્રકૃતિ હોય, વાસના હોય તે ટાળવા. હજુ સુધી આપણે તે પંચ વિષયના રાગ, સ્વભાવ છોડ્યા નથી, તેથી જન્મ-મરણના ફેરા ભોગવવા પડે છે. હજુ તેનો થાક લાગ્યો નથી કે, આ જન્મ ધરી ધરીને થાકી ગયા એમ થાતું નથી. હવે આપણે આ છેલ્લો જન્મ કરી લઈએ એવું ન થાય? ભગવાનનો ભક્ત હોય તેને થાય તો ખરૂં, પણ કેટલાકને તો એમ થાય કે સ્વામી તો કહ્યા કરે અને આપણે તો જે કરતા હોઈએ તે કરવું. પણ એમ કસર ન ટળે. વળી ભગવાનની ભક્તિ, ભજન કોઈ એવો જોગ આવશે ત્યારે કરીશું, કેટલાક એવી પણ વાતું કરતાં હોય. પણ મોટા સંતો કહેતા કે છ લાખને ચોર્યાસી હજાર નરકના કુંડ છે, તેના કરતા માતાના ગર્ભમાં ઘણું દુઃખ છે. ત્યારે આપણે ભગવાનના ભક્ત થયા છીએ તે ચોર્યાસી કે જમપુરીમાં તો જાવું ન પડે. પણ ખામી રહી જાય તો શું થાય ? શું થાય ? અક્ષરધામમાં તેડી જાય ? ભગવાન તેડી ન જાય. ભગવાન તો દયાળુ છે. તમે કહો છો ને કે દયા કરજો. દયા કરજો એમ કહો છો ને ? ભગવાન તો કદાચ તેડી પણ જાય, પણ ખામીના કારણે ત્યાં રહેવાય નહીં. લોકમાં કહેવત છે કે "વાંદરું વૈકુંઠમાં રહી શકે નહીં." દૃષ્ટાંત દે તે મને ખબર નથી. સાચું ખોટું તે ભગવાન જાણે. તેમાં આપણા ભેળા સ્વભાવ હોય અને જ્યાં સુધી આ જગત સંબંધી વાસના હોય, તો ભગવાન તેડી તો જાય, પણ અક્ષરધામમાં એવા પંચ વિષયો વગર જીવથી રહેવાય નહીં.

એક ભક્ત હતા. તેમને અંતકાળે ભગવાન તેડવા પધાર્યા અને તેડી ગયા. પણ તેને થોડીક વાસના રહેલી, કસર રહી ગઈ હતી. તે શ્વેતદ્વીપમાં લઈ ગયા. પણ શ્વેતદ્વીપમાં મુક્તો કહે આમાં સ્ત્રીની વાસનારૂપી ગંધ આવે છે. અરે ભલા માણસ સ્ત્રીની ગંધ હોય ? બદરિકાશ્રમ, શ્વેતદ્વીપ, અક્ષરધામ એ ત્રણ ધામમાં સ્ત્રીની ભાવના નથી. બીજે ઠેકાણે જેવા કે વૈકુંઠ, ગોલોક એમાં આ લક્ષ્મીજી આદિક મુક્તો રહેલા છે અને ભગવાનની સેવા કરે છે, પણ અક્ષરધામ, બદરિકાશ્રમ અને શ્વેતદ્વીપ એ ત્રણમાં સ્ત્રીની કોઈ ભાવના નથી અને સ્વામિનારાયણ ભગવાનનો દેહ એ પણ દિવ્ય છે. ત્યાં સ્ત્રી-પુરૂષ એવા દેહની ભાવના નથી. ત્યાં બધાય મુક્તો છે, તેમના દેહ પણ એવા છે કે તેમને સ્ત્રી પુરૂષની કોઈ પણ ભાવના નથી. મહારાજ કહે, આપણે એવા પ્રકારની ભાવના રાખી ભક્તિ કરીશું, તો આપણને ભગવાન આનંદ આપે. શ્વેતદ્વીપના મુક્તો ભગવાનને કહે છે મહારાજ, અહીયા તો સ્ત્રીની ગંધ આવે છે. અરે,

વાત સમજાવવા સારૂં આવા આવા પ્રશ્નો પૂછીને આ શાસ્ત્ર લખાવ્યા છે. તે જો તેઓએ આવું પૂછ્યું ન હોત, અને તે આમ લખાણું ન હોત, તો આપણે શું જાણત ? જાણત જ નહીં. તે પ્રશ્ન પૂછ્યો અને ઉત્તર કર્યો. તે અનુસાર ભગવાનની મૂર્તિ તથા સંતો છે તેમાં દિવ્ય ભાવ રાખવો. આ ભગવાન વૈકુંઠ, ગોલોક, શ્વેતદ્વીપ, બ્રહ્મપુર ધામના ધામી છે અને અક્ષરધામમાં જેવી મૂર્તિ છે, તેવી દિવ્ય મૂર્તિ મને મળી છે. તે હરિભક્તોની સભામાં મને બેસવા મળ્યું, તે પણ મારા મોટા ભાગ્ય છે. આવો ભગવાનનો મહિમા સમજે, તો તેને આઠે પહોર અહો-અહોપણું વર્ત્યા કરે. તે આપણે દરેકે એવી કાળજી રાખવાની છે. ત્યાગી કે ગૃહસ્થ દરેકને એવી ઇચ્છા રાખવી કે મારા ભગવાનને મારે પામવું છે. તે સારૂં આપણે બધા સત્સંગ કરીએ છીએ.

અર્થં સાધયામિ વા દેહં પાતયામિ

આપણે સૌ ભાગ્યવાન છીએ. તે ભાગ્ય વિના ભક્તિ થઈ શકતી નથી. આગલા જન્મમાં આપણે જપ,તપ,વ્રત,દાન,પુણ્ય કંઈક કર્યા હશે. તે કરતા કરતા આપણું કાંઈક અધુરૂં રહી ગયું હશે, તે પુરૂં કરવાને માટે આપણને ભગવાને આ જન્મ આપ્યો છે. અગાઉ આપણે કેટલાય જન્મો ધરીને આવ્યા છીએ, પણ આપણે ભગવાનની જોઈએ તેવી ભક્તિ કરી નહીં હોય, એટલે આપણે હજી આ જન્મ મરણના ફેરા ભોગવ્યા કરીએ છીએ. હવે આપણે એવું કરવું - તે મોટા સંતોએ લખ્યું છે કે, અર્થં સાધયામિ વા દેહં પાતયામિ... તે આપણે અર્થ સિદ્ધ કરી લેવો જોઈએ. મોક્ષ સંબંધી અર્થ (કામ) સિદ્ધ કરી લેવો. અર્થં સાધયામિ વા દેહં પાતયામિ.... તે આ દેહ ભલે પડી જાય. પણ મારે તો આ મોક્ષ સંબંધી અર્થ સિદ્ધ કરી લેવો છે. ભગવાનની ભક્તિ, ભજન, સત્સંગ કરતા કરતા કાંઈક આપણને તકલીફ અડચણ પડે, તો તે સહન કરી મોક્ષ સંબંધી (જીવના આત્યંતિક કલ્યાણ સંબંધી કાર્ય) કામ સિદ્ધ કરી લેવું. ભગવાને આપણને આંહી એટલા માટે મૂક્યા છે, નહીતર આપણે તો પૂર્વના અનંત ચોર્યાસી લાખ જન્મમાં ફરતા આવ્યા છીએ. સ્ત્રી, પુત્ર,મા,બાપ, સગા, સંબંધી જ્યાં જ્યાં આ જીવે દેહ ધારણ કર્યો, ત્યાં ત્યા દરેક ઠેકાણે મળ્યા છે. એ દરેક સાથે વ્યાવહારિક કાર્ય આપણે બધા કરીને આવ્યા છીએ. પણ ક્યાંય આવા ભગવાન, ક્યાંય આવા સંતો, કે આવા સત્સંગનો જોગ મળ્યો નહીં હોય, તેથી હજુ પણ આપણે રખડ્યા કરીએ છીએ. ભગવાનને આપણે ગર્ભવાસમાં એવો કોલ દઈ આવ્યા છીએ કે હે ભગવાન ! હું તમારી ભક્તિ

જ કરીશ, તેથી ભગવાને આપણને આ જગ્યાએ, આ જોગમાં ભક્તિરૂપી કમાણી કરવા માટે જ મૂક્યા છે.

બે ભક્તોની વાત

બે ભક્તોની વાત છે. તેમની વ્યાવહારિક સ્થિતિ સારી ન હતી. અગાઉના જમાનામાં જેની વ્યાવહારિક સ્થિતિ સારી ન હોય, તે કમાવા સારૂં મુંબઈ જતા. હાલો મુંબઈ, મહેનત કરી કમાણી કરવા જઈએ. હાલ તો અમેરિકા, ઇંગ્લેન્ડ, આફ્રિકા કમાણી કરવા જાય છે. પણ અગાઉના જમાનામાં આ ગુજરાત, કચ્છ, કાઠિયાવાડના માણસોની સ્થિતિ નબળી હોય, સ્થાનિકમાં કોઈ ધંધો, મજૂરી મળી શકે તેમ ન હોય, તો કમાણી કરવા મુંબઈ જતા. મુંબઈ જવું છે એમ બોલે. બન્ને ભકતો મુંબઈ ગયા. મુંબઈ અનેક પ્રકારના માણસો રહે છે. તે શહેર એવું છે કે, ત્યાં મહેનત કરનારને મહેનત, મજૂરી કરનારને મજૂરી, વેપાર કરનારને વેપાર પણ મળી જાય છે. કોઈ ભૂખે મરતા નથી. મહેનત કરવી પડે. તે ભક્તો બજારમાં મજૂરી ખોળવા નીકળ્યા. તે રસ્તામાં એક સીંગચણા શેકીને વેચે તેની દુકાન આવી. ત્યાં નોકરી અંગે પૂછ્યું. માણસ જોઈએ છે ? શું પગાર આપશા ? તે રોજ ખાવું-પીવું અને રોકડા રૂપિયા ૧૦ (દશ) આપીશું. તે બંનેમાંથી એક, કે જે વધારે દુઃખી હતો, જેને રોટલા જમવા મળતા નહી. તેથી આ નોકરીમાં જમવાનું અને પગાર બંને મળે છે, એમ જાણી તેણે વિચાર્યું કે, પગારની રકમ બચત કરી ઘેર મોકલી શકાશે. અગાઉના જમાનામાં પૈસો બહુ દુર્લભ હતો. આજે તો તેની કિંમત નથી. તેથી તે માણસ ત્યાં નોકરીમાં રહી ગયો.

બીજો હતો તેણે વિચાર કર્યો કે, આપણે મુંબઈ કમાવા આવ્યા છીએ, તે કોઈ બીજો સારો ધંધો હોય તો જોઈએ, નહીતર પછી આ તો છે જ ને. એટલે તે તો મુંબઈ જોવાનું બહાનું બતાવી આગળ ગયો. તે આગળ ઉપર એક વેપારીની દુકાન આવી. તે દુકાને ગોળ, ખાંડ, ઘી આદિક વેચાણ થતું હતું. ત્યાં પૂછ્યું ભાઈ, મને અહીં નોકરીએ રાખશો? તો વેપારીએ કહ્યું હા, નોકરીમાં આવી જા. તને પગારમાં ખાવું પીવું ને પગારના રોજના ૨૦/- (વીસ) આપીશું. આણે વિચાર કર્યો કે અગાઉ ૧૦ મળે તેમ હતા તેં અહીં વીસ મળે તેમ છે. જોવું તો ખરો. આગળ જઉં, તેમ કરી તે આગળ ચાલ્યો. તે ચાંદી, સોનું, ઝવેરાત વગેરેની દુકાનો આવી. તો ચાંદીની દુકાનને ત્યાં પૂછ્યું તો કહે ખાવું પીવું ને રોજના ૪૦/- (ચાલીસ) રૂપિયા આપીએ. તેણે વિચાર્યું કે

હજી આગળ જાઉં. તેથી આગળ વધ્યો. તો આગળ ચાલતા ચાલતા એક સોનીની દુકાન આવી, તે દાગીના બનાવે અને વેચે. ત્યાં પૂછતા તેણે કહ્યું કે ખાવું પીવું ને ૮૦/- (એંસી) રૂપિયા આપશું. તેણે વિચાર્યું કે હજી આગળ જાઉં. તેથી આગળ ચાલ્યો તો ત્યાં હીરા ઝવેરાતના દાગીનાની દુકાન આવી. ત્યાં નોકરીએ રાખવા બાબત પૂછતા પગાર એક વરસ સુધી કાંઈ ન આપીએ. હીરા પારખવાની પરીક્ષા કરતા આવડવું જોઈએ. હીરા જુદી જુદી કિંમતના હોય, સો રૂપિયાનો હોય, હજારનો હોય અને લાખનો પણ હોય. પણ તેની કિંમત તેની પરખ ઉપર રહેલી છે, તે પરખ કરતા આવડવું જોઈએ. પરખતા ન આવડે તો પેઢીને નુકસાનમાં જવું પડે. એટલે શરૂઆતમાં તમારે હીરાની પરખ કરતા શિખવું પડે.એક વરસ સુધી જાણકારી લેતા શિખવું પડે અને પછી તો તમે કહો તે પ્રમાણે પગાર આપીએ. ભલે. શિખડાવશો તો ખરા ને ? હા, શિખવાડીશું. તમોને ખાવું-પીવું અને અહીં રહેવાની સગવડતા આપીશું. બીજો ભક્ત હીરાના વેપારીની દુકાને નોકરીએ રહી ગયો. અહીં વેપારીની દુકાને પચ્ચીસ રૂપિયાના, સો રૂપિયાના, પાંચસો રૂપિયાના, કંઈક એવા હીરાના વેચાણ લે-વેચ થાય. તે તો હીરાના વેપારીને ખબર પડે. આમ હીરાના વેપારમાં લે-વેચના કામમાં પડ્યો તે બે મહિના, ચાર મહિના થયા, તે હીરાની જાત, કિંમત, ભાવ વગેરેને સારી પેઠે ઓળખતો અને કામ કરતો થયો. થોડા જ કાળમાં આમ હીરાના ધંધામાં હોશિયાર થયેલ જાણી વેપારીને આ માણસ સારો લાગ્યો.

એમ કરતા કરતા એક વરસની અવધિમાં આ ભક્ત તો હીરાના પરખ કરનાર, હોશિયાર ગણાતો થઈ ગયો. લાખ રૂપિયાના હીરાની પરખ કરે અને પાંચ લાખ રૂપિયાના હીરાની પરખ બરાબર કરતો થઈ ગયો. વેપારીને આ માણસ સારો જણાયો. એને મહિનાના રૂા. ૫૦૦૦/- (પાંચ હજાર)ના પગારથી નોકરીમાં રાખ્યો. જોયું, પહેલા ભક્તને મહિને રૂા. ૩૦૦ મળતા હતા અને આ બીજા ભક્તને માસિક રૂપિયા પાંચ હજાર મળતા થઈ ગયા! આ તો આમ બરાબર ધંધો કરતા થયા. પછી બે ત્રણ વરસમાં આ બીજા ભક્તે બે ત્રણ લાખ રૂપિયા ભેગા કરેલા. શેઠની રજા લીધી કે મારે દેશમાં થોડું કામ છે, તો મહિનો દિવસ ફરવા જવું પડશે. તો શેઠે તેમને રજા આપી. તેમને આવવાનું ભાડું પણ પેઢીમાંથી અપાવ્યું અને કહ્યું કે દેશનું કામ પુરું થઈ જાય એટલે તરત પાછા આવી જજો. આ ભક્તે પોતાની બે-ત્રણ લાખ રૂપિયાની કમાણીની રકમ સાથે લીધી. નીકળતી વખતે પોતાની સાથે આવેલ ભાઈબંધ

સાંભરી આવ્યો. મિત્ર હતો તે સુખી છે કે દુઃખી છે ? તે તેની પાસે આવ્યો. તે ભક્ત તો સીંગચણા વેચવાના કામકાજમાં કપડાં કાળા, ધૂમાડો અને ચણા, ધાણી, મમરા વેચવાના કામમાંથી ઉંચો જ ન આવે. તેને જોઈને કહ્યું કે હે ભાઈ, કેમ છો ? ત્યારે આ કમાણીવાળા ભક્તે તો સારા કપડાં પહેરેલા તે ઓળખી ન શક્યો. અરે ભાઈ, મને ન ઓળખ્યો ? આપણે બંને સાથે મુંબઈ કમાણી કરવા આવ્યા હતા ને ? હા, હા તેને યાદ આવ્યું અને પોતાના મિત્રને ઓળખ્યો. તમે તો બહુ મોટા શેઠ થઈ ગયા ? હું તો આ દાળિયા ફોડયા કરૂં છું. ત્યારે પેલાએ કહ્યું કે, હું દેશમાં જાઉં છું, તો તારે આવવું છે ને? ત્યારે પહેલો ભક્ત કહે, હું ત્યાં આવીને કરીશ શું ? મારો પગાર પણ ઓછો છે, તેથી કાંઈ બચત પણ નથી. વળી પહેરવા માટે કોઈ સારા લૂગડાં પણ નથી. આવવા જવાના ખર્ચની રકમ પણ નથી. તેથી તે દેશમાં ગયો નહીં. કમાણી કરેલ ભક્ત પોતે દેશમાં ગયો અને તેને આવી સારી કમાણી કરીને આવેલા જાણી, તેના ઘરના સગાસંબંધી બધા રાજી થઈ ગયા.

દુર્લભો માનુષો દેહ

આ તો એક દૃષ્ટાંત છે. પણ સિદ્ધાંત વાત એ છે કે, ભગવાને આપણને આવો સુંદર મનુષ્ય દેહ આપ્યો છે, દેહરૂપી ધન આપ્યું છે. શાસ્ત્રમાં મનુષ્ય દેહને બહુ કિંમતી કહ્યો છે. "દુર્લભો માનુષો દેહો" મનુષ્યનો દેહ બહુ દુર્લભ છે. ભવ બ્રહ્માદિક દેવો પણ આ મનુષ્ય જન્મને જ માંગે છે. ઈંદ્રાદિક દેવ ભગવાનને પ્રાર્થના કરે છે હે ભગવાન ! અમારૂં કાંઈ પુણ્ય ભોગવતા ભોગવતા બાકી રહ્યું હોય, તો એ પુણ્યે કરીને અમારે બીજો કોઈ હેતુ નથી, પણ અમને મનુષ્યનો જન્મ આપો. મનુષ્યનો જન્મ બહુ કિંમતી લખ્યો છે. પણ સાથે સાથે આપણને વિશેષતા શું છે, કે મનુષ્યના દેહમાં આપણને આવો સત્સંગ મળ્યો. ત્યારે ભાગવતના એકાદશ સ્કંધમાં ભગવાને કહ્યું કે, હું જેવો સત્સંગે કરીને વશ થાઉં છું તેવો કોઈ સાધને કરીને વશ થાતો નથી. ત્યારે મારા ગુરૂ એક વાત કરતા. ગામડાં હોય તેમાં ગાંડા, અણસમજવાળા, ઓછી સમજવાળા માણસો હોય, તે ચોરામાં બધા ટોળે વળીને બેસે. હોકા ગગડાવે, બીડીઓ સળગાવે, ચલમો ચેતાવે અને ટેસથી પીએ અને અલકમલકની વાતોના ગપાટા લગાવે. તે કોઈ ઠેકાણે ભજનમાં જાય, તે થોડીવાર કાંસા-જોડી ખખડાવે, રાગડા તાણીને ભજન અને હેલો ગાય અને વળી પાછા ચ્હા-પાણી, બીડી,

ચલમો પીએ. આમ કલાક, બે કલાક બેસે. તેને કહે " અમે સત્સંગ કર્યો " તે મનમાં એમ જાણે જે અમે સત્સંગ કર્યો. પણ એ બરોબર સત્સંગ કર્યો કહેવાય નહીં. મહારાજ કહે, સત્સંગ કોને કહેવાય ? સત એવો આત્મા, સત એવા પરમાત્મા, સત્પુરુષ અને સત્શાસ્ત્ર એ ચારનો સંગ કરે તેને સત્સંગ કર્યો કહેવાય. એ સત એવો આત્મા, તે આત્મા સત્ય છે, તે અવિનાશી છે. આ દેહ છે તે અસત્ય છે, નાશવંત છે. કેમ કે આ દેહ તો અનેક વખત (જીવે) ધારણ કર્યો છે અને તે ખોઈ નાખ્યો છે. ત્યારે પણ જીવ નાશ પામ્યો નથી, તેથી તે સત છે. સત્ય છે.આ જીવાત્માને વિષે રહેલા પરમાત્મા પણ સત્ય છે.

આત્મા કયારેય પરમાત્મા થઈ શકતો નથી

કેટલાક માણસોની સમજણ ઓછી હોય તે આત્મા સો પરમાત્મા, આત્મા એ જ પરમાત્મા છે, એમ કહે છે. આત્મા પરમાત્મા રૂપ થઈ જાય છે. પણ આ સમજણ બરાબર નથી. આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીના શ્લોક ૧૨૧માં લખ્યું છે કે,

मतं विशिष्टाद्वैतं में, गोलोको धाम चेप्सितम्
तत्र ब्रह्मात्मना कृष्ण सेवा मुक्तिश्च गम्यताम् ॥

અમારે જે મત છે તે વિશિષ્ટાદ્વૈત છે એમ જાણવું અને અમને પ્રિય એવું જે ધામ છે તે ગોલોક છે એમ જાણવું અને તે ધામને વિષે બ્રહ્મરૂપે કરીને જે શ્રીકૃષ્ણ ભગવાનની સેવા કરવી, તે અમે મુક્તિ માની છે, એમ જાણવું.

એટલે આત્મા કોઈ દિવસ પરમાત્મા થતો નથી. આત્માને પરમાત્મા એવા છે કે, આત્મા કોઈ દહાડે પરમાત્મા થઈ શકતો નથી.

ભગવાનનો ભક્ત હોય, તેને આવી રીતે ભગવાનનું ધ્યાન, ભજન, કથા, કીર્તન કરતા કરતા આત્મા અને પરમાત્માનું જ્ઞાન દઢ થઈ જાય છે અને ભગવાનના સાધર્મ્યપણાને પામી જાય છે.

સારંગપુરના ૧૧માં વચનામૃતમાં લક્ષ્મીજીનું દૃષ્ટાંત આપીને કહ્યું કે, ક્યારેક લક્ષ્મીજી નોખા રહ્યા થકા ભગવાનની સેવામાં રહે છે અને ક્યારેક તો ભગવાનને વિષે અતિશે હેતે કરીને મૂર્તિમાં લીન થઈ જાય છે. આ બે શાસ્ત્રો આપણને બરાબર સમજતા ન આવડે, તો આત્મા અને પરમાત્મા એક

જ છે એવું સમજાઈ જાય. લક્ષ્મીજીનું દૃષ્ટાંત આપ્યું કે લક્ષ્મીજી ભગવાનની મૂર્તિમાં લીન થઈ જાય છે. તે ભગવાનની મૂર્તિ પોલી નથી કે તેમાં પેસી જતા નથી, પણ આવી રીતે ભગવાનનું ધ્યાન, ભજન, કથા, કીર્તન કરે, તો એ પોતાના દેહનું ભાન ભૂલી જાય છે. હું કોણ છું ? ફલાણો છું. કયા ગામનો છું એ એને કાંઈ ખબર પડતી નથી. તે ભગવાનની મૂર્તિમાં એકરસ તન્મય થઈ જાય એટલે એની વૃત્તિ ભગવાનના આકારે થઈ જાય અને હીરે કરીને હીરો વીંધાય, તેમ એ ભક્ત ભગવાનને આકારે થઈ જાય છે.

ગઢપુરના પ્રથમ પ્રકરણના ૫૧માં વચનામૃતમાં હીરાનું દૃષ્ટાંત આપ્યું. હીરે કરીને હીરો વિંધાય છે. તેમ ભગવાનનો ભક્ત ભગવાનનું ચિંતવન કરતા કરતા ભગવાનના આકારે થઈ જાય છે, ભગવાનમય બની જાય છે. ભગવાનમય બની જાય છે એટલે ભગવાન થાતો નથી. ભગવાનના સાધર્મ્યપણાને પામી જાય છે. એટલે એને આ લોક કે દેહ-બ્રહ્માંડ કાંઈ દેખાતું નથી.

સ્વામિનારાયણ ભગવાને ગ.મ.પ્ર. ના ૬૭ માં વચનામૃતમાં ઉત્તર આપ્યો કે, ભગવાનનો ભક્ત ભગવાનના જેવું સામર્થ્ય પામે છે, પણ ભગવાન થઈ જતો નથી. તે સ્વામી-સેવકપણાનો ભાવ રહે છે. તે કેટલાકની એવી સમજણ ન હોય તો એમ જાણે જે આપણે બ્રહ્મરૂપ થયા એટલે શું ભગવાન બની ગયા? ભગવાન બનાતું નથી, પણ ભગવાનના દાસ,સેવક,ભક્ત થવાય છે. ભગવાનના ભક્ત થઈ ભગવાનની મૂર્તિમાં એકદમ તન્મય થઈ જવાય.ભગવાનના ભજનથી, જ્ઞાનથી, ધ્યાનથી એના અંતરમાં આનંદના ફુવારા ઉડે. મને આવા ભગવાન મળી ગયા, મને આવા સંતો મળી ગયા, આવા આચાર્ય મળી ગયા, આવો સત્સંગનો જોગ મળી ગયો. એના અંતરમાં આઠે પહોર આનંદ આનંદ થઈ જાય અને અંતરમાં શાંતિ શાંતિ પ્રવર્તે. ટાઢું થઈ જાય. ટાઢુ થઈ જાય એટલે ભગવાનના જ્ઞાનથી, ધ્યાનથી એના અંતરમાં શાંતિ થઈ જાય. બરફ હોય તો એ ઉપરથી શરીરને ટાઢું કરે પણ અંતરમાં ટાઢું (ઠંડક) કરે નહીં. આવી રીતે ભગવાનની મૂર્તિને અંતરમાં સંભારીએ, તો આપણા અંતરમાં એકદમ શાંતિ શાંતિ થઈ જાય અને આઠે પહોર અંતરમાં અહો અહોપણું વર્ત્યા કરે.

આ બે ભક્તોની ઉપર વાત કરી તેમાં જે ભક્ત સીંગચણાવાળાને ત્યાં નોકરીમાં રહ્યો હતો તેણે તો જિંદગી સુધી દાળિયા ફોડયા કર્યા અને બીજો ભકત આગળ વધતો ચાલ્યો તે મોટો શેઠ-પૈસાદાર થઈ ગયો. તેમ આપણને

ભગવાને કમાવા મૂક્યા છે, તો આપણે કમાણી શું કરી ? પૈસા કમાયા ? દાગીના બનાવ્યા ? સારા સારા લૂગડાં ? એ કમાણી કરીને ? એમ કમાણી તો ખરી, ગૃહસ્થો માટે એ પણ કરવું જરૂરી છે. પણ આ સત્સંગ કરતા કરતા સારા સંતનો જોગ કરી, પોતામાં કાંઈ ખોટ હોય તો તે ટાળવી. તે સારૂં જ્ઞાનગોષ્ટિ કરવી. પહેલા મોટા મોટા સંતો ભેગા થાતા, ત્યારે જ્ઞાનગોષ્ટિ કરતા અને જેમ દૂધમાંથી ઘી કાઢતા તેમ દૂધમાંથી ઘી કાઢતા આવડે તો ઘીનો આનંદ આવે. આપણે પણ આવી રીતે ભગવાનની ભક્તિ, ભજન કરીએ અને સારા સંતો, સારા ભક્તો કે આચાર્યોનો જોગ કરી આપણું મોક્ષ સંબંધી કામ કરી લેવું.

અયોધ્યાપ્રસાદજી મહારાજ ઉપશમ સ્થિતિમાં રહેતા

આપણા આચાર્યો હતા તેમાં આદિ આચાર્ય મહારાજશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ હતા, તેમની પણ એવી સ્થિતિ હતી. તે સત્સંગનું બધું કામ કરતા, પણ અખંડ ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતા. તે ધ્યાન કરતા કરતા તેઓ ઉપશમ અવસ્થા પામી જતા. એક વખત આચાર્યજી મહારાજ ગામડે પધરામણીએ પધારેલા અને ત્યાં રસોઈમાં લાડુનો પ્રસાદ તૈયાર કરેલો. તેમાં રાંધનારની સામે દળેલું મીઠું અને દળેલી ખાંડ પડી હતી. તે રસોઈયાની શરતચૂકથી લાડવામાં દળેલી ખાંડના બદલે દળેલું મીઠું નંખાઈ ગયું, તેથી લાડવા ખારા-મીઠાવાળા બન્યા અને તે થાળ ભગવાનને જમાડી આચાર્યજી મહારાજને જમાડવા બેસાડ્યા. આચાર્યજી મહારાજ તો ભગવાનની મૂર્તિને સંભારીને થાળમાં મૂકેલ પ્રસાદીની રસોઈ જમી ગયા. કોળિયે કોળિયે સ્વામિનારાયણ સ્વામિનારાયણ નામ લઈને જમી ગયા. તે લાડવામાં ખાંડને બદલે દળેલું મીઠું ! લાડવા ગળ્યા ને બદલે ખારા હતા તેની ખબર ન પડી. પણ જ્યારે સંતો જમવા બેઠા ત્યારે સંતોને પ્રથમ ગ્રાસે લાડુ મોંમા મુકતાં જ ખારા લાગ્યા. તેમણે રસોઈયાને બોલાવી પૂછ્યું કે હે ભાઈ ! આ લાડવામાં તમોએ શું નાંખ્યું છે ? તેણે કહ્યું મેં ખાંડ નાંખી હતી. પણ આમાં તો એકલું મીઠું જણાય છે. લાડવા ખારા થયા છે. પછી જોયું તો ખાંડ તો પડી રહેલી અને મીઠું વપરાશમાં લેવાઈ ગયું હતું ! કહેવાનું તાત્પર્ય એ કે એ અયોધ્યાપ્રસાદજી આદિઆચાર્ય હતા. સત્સંગની બધી પ્રવૃત્તિ કરતા હતા, પણ આવી ઉપશમ અવસ્થાની સ્થિતિને પામેલા હતા. મહારાજે અમદાવાદના ત્રીજા વચનામૃતમાં લખ્યું કે, ઉપશમનો મહિમા

બહુ મોટો છે. ઉપશમ દશાને જે પામી જાય, તેને આ લોક, બ્રહ્માંડ, કે આ દેહ દેખવામાં આવે નહીં.

નદીઓમાં તો હવે બંધ બંધાઈ ગયા તેથી પાણી ઓછું આવે છે. પણ શાસ્ત્રમાં લખ્યું કે નદી બે કાંઠે વહેતી હોય તેમાં ઝાડ-પાન કે કોઈ વસ્તુ નાંખી હોય તો તણાઈ જાય. એમ આવી રીતે ઉપશમ દશા સ્થિતિ સિદ્ધ થઈ હોય, તો એને ગમે તેવા રસ,રૂપ,ગંધ આદિ વિષયો પ્રાપ્ત થાય, તો પણ તેમાં તે લોભાય નહીં, કેમ કે આ જીવાત્મા છે તેના રાગ (વિષયના રાગ) વડે દુઃખ, જન્મ-મરણના ફેરા ભોગવે છે. પંચ વિષયની વાસનાને કારણે આપણે ચોર્યાસી લાખ જન્મ લીધા છે. તેમાં અધિક અધિક પંચ વિષય ભોગવ્યા છે. મોટા સંતોએ લખ્યું...

"ભોગ સંસારી ભોગવી, કોઈ તૃપ્ત ન થાય જી,
ઈન્દ્રિયો ઊંડી અપાર છે, વિષય નીરે ન ભરાયજી."

તે આ દેહ વિષયના સુખ ભોગવીને કોઈ દિ તૃપ્ત થયો નથી. જેમ અગ્નિ બળતો હોય તેમાં ઘી,જવ,તલ નાંખીએ તો તે અગ્નિ વધુ ને વધુ પ્રજ્વલિત થાય છે, બંધ થતો નથી. તેમ આ અનાદિ કાળનો જીવ વિષય ભોગવતો ભોગવતો આવ્યો છે. આ જગત વિષયના રાગથી ભરેલું છે, અને વળી પાછું જગત વધારે ભરીએ તો વધે. પણ જેમ અગ્નિના ભડકા થતા હોય, તેમાં પાણી નાંખીએ તો તે અગ્નિના ભડકા ઓલવાઈ જાય. તેમ આપણે જ્ઞાન, ધ્યાન, ભજનરૂપી પાણીનો મારો દે દે કરીએ તો એ પંચ વિષયના રાગ ટળી જાય. એ પંચવિષયના રાગ જ્યાં સુધી નહીં ટાળીએ ત્યાં સુધી ભગવાનના અક્ષરધામમાં રહી શકાશે નહીં.

કાં સુખ હરિકે ચરણમેં કાં સંતન કે માંહી

શ્વેતદ્વીપમાં ગયા અને ત્યાં સ્ત્રીનો જરાક સંકલ્પ થયો તો શું થયું ? મુક્તને શ્વેતદ્વીપમાંથી કાઢી મૂક્યા. મુક્તો કહે, મહારાજ અહીં સ્ત્રીની ગંધ આવે છે. જો શ્વેતદ્વીપમાં વાસનાવાળાથી રહી શકાયું નહીં,રાખવામાં આવ્યો નહીં, તો અક્ષરધામમાં ક્યાંથી રહેવાશે ? આપણે બધાને અક્ષરધામમાં રહેવાની ઈચ્છા છે ને ? કે ચોર્યાસીના ફેરા ફરવા છે ? બધા શું કહે છે ? અક્ષરધામમાં

જઈને શું કરવાનું છે ? અહીંયા બેસી મજા, આનંદ કરીશું. તો હે ભાઈ ! આ દુનિયામાં કાંઈ સુખ છે નહી.

"સુરપુર નરપુર નાગપુર, યે તીનોમેં સુખ નાહીં,
કાં સુખ હરિ કે ચરણમેં, કાં સંતન કે માંહી."

સુરપુર-સ્વર્ગલોક-નરપુર રાજાનું સુખ હવે રાજા મટી ગયા. હવે મંત્રી થાય. વડાપ્રધાન થાય. નાગપુર તે પાતાળમાં નાગલોક મણીના પ્રકાશે પ્રકાશમાં રહેલ છે. ત્યાં સૂર્ય-ચંદ્રનો પ્રકાશ છે નહીં પણ આ ત્રણે લોકમાં કોઈ રીતે સુખ નથી. તો સુખ ક્યાં છે ? તે સુખ હરિના ચરણમાં કે સાચા સંતના ભેળા રહેવામાં. સાચા સંતની પાસે સુખ છે. ભગવાનના ચરણમાં સુખ છે. ભગવાનના ચરણનું ધ્યાન કરવામાં આવે તો તેમાં ઘણું જ સુખ મળે છે.

ભગવાનના એક ભક્ત હતા. તે ભગવાનના ચરણનું જ ધ્યાન કર્યા કરે. તે સ.ગુ. ગોપાળાનંદ સ્વામીની વાતુમાં વાત લખી છે કે, કેટલાક ભગવાનના ભક્તો દેહ મૂકીને ભગવાનના અક્ષરધામમાં જાય છે. ત્યાં તે કેવા સુખને પામે છે ? તેના ઉત્તરમાં કહ્યું કે, એ ભક્ત ભગવાનના ધામમાં જઈને ભગવાનના ચરણ સામું જૂવે છે અને તેને તેમાં એવું તો સુખ આવે છે કે, તેનાથી તેને કાંઈ તૃપ્તિ થતી નથી. તે ચરણને જોવા થકી કેટલો વખત જાય, તેની ખબર ન રહે અને એવો તો તલ્લીન થાય કે બીજા અંગને જોવાનો વારો આવે નહી.

દંઢાવ્ય દેશમાં પ્રેમબાઈ કરીને એક સત્સંગી હરિભક્ત બાઈ હતા. તે દેશ આપણે અહીંથી નજીકમાં છે. તે બાઈમાં નામ એવા ગુણ હતા. ભગવાનને વિષે પ્રેમી હતા. રોજ વહેલા ઉઠી ભગવાનની મૂર્તિનું ધ્યાન કરે, પૂજા કરે અને રોજ પ્રાર્થના કરે, હે મહારાજ! તમે મને ધ્યાનમાં મૂર્તિનું દર્શન આપો છો તેથી સંતોષ તો છે, પણ મને દયા કરીને પ્રત્યક્ષ દર્શન આપો તો વધારે આનંદ થાય. તે વખતે ભગવાન આ પૃથ્વી ઉપર મનુષ્યાકારે વિચરતા હતા. ત્યારે આ બાઈ રોજ સંકલ્પ કરે, ભગવાન તો અંતર્યામી છે. બધું જાણે છે. " તનકી જાને, મનકી જાને, જાને ચિત્તકી ચોરી" શરીરનું જાણે, મનનું જાણે, અંતઃકરણમાં જે જે સંકલ્પ થાય, તે સર્વે આપણા અંતર્યામી ભગવાન જાણે છે. પહેલાના ભણતરમાં હતું કે કોઈ દેખતું નથી ને ? ભગવાન તો દેખે છે ને ? પહેલા ભણતા હતા ત્યારે કવિતા હતી.

"ભોંયમાં પેસી ભોંય રે, કરીએ છાની વાત...
તે જાણે જગતનો તાત."

ગમે તે છૂપા સ્થળમાં ગુપ્તમાં ગુપ્ત રહીને વાત કરીએ તે વાત પણ ભગવાન જાણે છે. પહેલા કવિતા હતી.

"અહીં નાથ ઊભા, અમો હાથ જોડી,
કરો રંક સામે કૃપા, દૃષ્ટિ થોડી આપો."

આવી કવિતા આ પહેલા આવતી. હવે તો અમને કાંઈ ખબર નથી પણ આવી કવિતાઓ પહેલા હતી. આ બાઈને ભગવાન પ્રત્યે અઢળક પ્રેમ. તે રોજ પ્રાર્થના કરે. હે મહારાજ ! હે દયાળુ! મને તમે દયા કરી દર્શન દેવા જરૂર પધારો. ભગવાન ભક્તનો ભાવ જોઈ પોતાના ભક્તને સુખિયા કરે છે.

મહારાજે વચનામૃતમાં કહ્યું.... મારા ભક્ત જેવા મને વ્હાલા છે તેવું કોઈ મને વ્હાલું નથી. મારા ભક્તના અર્થે મારો દેહ કૃષ્ણાર્પણ કર્યો છે.કૃષ્ણાર્પણ એટલે શું ? સમર્પણ છે. આપણે કોઈ વસ્તુ હોય અને તે ભગવાનને સમર્પિત, અર્પણ કરીએ. પછી તે વસ્તુ આપણી ન કહેવાય. ગાય હોય, કાંઈ દાગીના હોય કે પૈસા હોય, તે ભગવાન અર્થે સમર્પિત કર્યા હોય, પછી તે આપણું ન કહેવાય. તે આપણે લેવા જઈશું ? ગાય આપી પછી દૂધ દોહવા જઈશું ? ગાય તો મારી હતી એમ ના કહીએ. કારણ કે ભગવાનને સમર્પિત, કૃષ્ણાર્પણ કરી એટલે પછી તે ઉપરનો આપણો કોઈ હક્ક, દાવો, હિસ્સો રહેતો નથી. દૂધ દોવા જઈએ તો કેમ થાય ?... સ્વામિનારાયણ ભગવાને કહ્યું, મને મારા ભક્ત જેવા વ્હાલા છે તેવું કાંઈ પણ વ્હાલું નથી. મારા ભક્તને અર્થે મારો આ દેહ સમર્પણ કરૂં છું.

એક મહાત્માએ એક કીર્તનમાં લખ્યું છે કે, "લક્ષ્મીજી મારા અર્ધાંગના, પણ મારા ભક્તની દાસીજી." લક્ષ્મીજી છે તે ભગવાનના અર્ધાંગના, તે જેમ પુરૂષને પોતાની સ્ત્રી હોય તેને અર્ધાંગના કહે છે, તેમ લક્ષ્મીજી ભગવાનના અર્ધાંગીની છે, પણ મારા ભક્તની દાસી છે. વળી એક ઠેકાણે કહ્યું કે, "મારા બાંધ્યા વૈષ્ણવ છોડે, પણ વૈષ્ણવ બાંધ્યા મેં ન છૂટે." મેં કોઈ જીવને બાંધ્યો હોય, તો મારા ભક્ત તેને છોડી દઈ શકે છે, પણ એ ભક્તે જે જીવને બાંધ્યો

હોય, તેમને હું ન છોડી શકું. તો આપણે બધા આ ભગવાનના ભક્ત થયા છીએ ને ? એટલે આપણા ઉપર ભગવાન પ્રસન્ન છે.

ભક્તની ડિગ્રી મળવી બહુ કઠણ છે

એટલે હવે આપણે કાંઇ કરવાની જરૂર છે નહીં, નથી ને ? આપણને ભગવાન વશ થઈ ગયા છે, જે આપણે માટે ભગવાને પોતાનો દેહ કૃષ્ણાર્પણ કરી નાખ્યો છે. તે આપણે કાંઈ કરવાની જરૂર છે નહીં,. બરોબર ? મને તો એ બરોબર લાગે છે. એટલે ભગવાન પોતાના એવા પ્રેમી ભક્ત માટે તો કૃષ્ણાર્પણ છે જ, પણ એવા ભક્ત થઈએ તો જ. ભગવાન જો આપણા ગુન્હા સામું જોતા હોય, તો આપણા સામું જોવાની મરજી ન થાય. સંત પણ કોઈના ગુન્હા સામું જુએ તો તેના સામું જોવાનું મન ન થાય, મરજી ન થાય. એક કીર્તન છે."મેં તો છિન છિનમેં તેરા ગુન્હેગાર" તે હે ભગવાન ! ક્ષણે ક્ષણે તમારો ગુન્હેગાર છું. આપણે આ દેહે ક્ષણ ક્ષણ પ્રત્યે ભગવાનના કેટલાય અપરાધ કરતા હશું અને જો તે ગુન્હા સામું ભગવાન જૂએ કે સંતે જૂએ તો આપણા સામું ભગવાનને કે સંતને જોવાની મરજી ન થાય. ભગવાન દયાળુ છે, મોટા સંતો દયાળુ છે, તે આવા પ્રેમી ભક્ત હોય તેમને અર્થે ભગવાન કહે, મારો દેહ કૃષ્ણાર્પણ કરેલ છે. જેવા મારા ભક્ત મને વ્હાલા છે તેવું કોઈ પણ વ્હાલું નથી. ભગવાનને એ ભક્ત વ્હાલા છે. ભગવાનને વ્હાલા કરવાના છે. ન થયા હોય તો હવે કરવાના છે. આપણે અહીં ભેગા શા માટે થયા છીએ? છોકરાંઓ હાઈસ્કૂલમાં, કોલેજમાં ભણવા જાય છે, તે શા સારૂં જાય છે ? જ્ઞાન શિખવા માટે જાય છે. બી.કોમ., એલ.એલ.બી. થાવા જાય છે. મારે ડૉક્ટર, વકીલ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ થાવું છે, તે સારૂં ભણવા જાય છે. શું કામ ? મારે આવું સારૂં જ્ઞાન થાય તો સારો પગાર, કમાણી થાય. તેમ ભગવાનની ભક્તિ, ભજન, સત્સંગ કરીને આપણામાં જે કાંઈ ખામી હોય, પ્રકૃતિ હોય કે વાસના હોય તે ટાળવી. સ્વામિનારાયણ ભગવાને પ્રથમ પ્રકરણના ૧૪ માં વચનામૃતમાં લખ્યું "સૌ કરતા ભગવાનના ભક્ત થાવું તે ઘણું કઠણ છે."

સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ ભક્ત થવાનું કઠણ લખ્યું છે, પણ આપણને તો આ સહેલું છે. તે પાંચ રૂપિયામાં ભક્ત થઈ જવાય. તેમાંથી કંઠી,તિલક,ચાંદલો, સારૂં કંકુ લાવી દઈએ તે ભક્ત થઈ ગયા, કેમ ખરૂં ને ?

ભલે એમ થઈ જવાય પણ આપણે આપણા હૃદયમાં વિચાર કરવો કે, મારા હૃદયમાં,વર્તનમાં શું ખામી છે ? હું કેટલા પ્રમાણમાં, વર્તનમાં, નિશ્ચયમાં ભગવાનનો ભક્ત થયો ? એ પ્રમાણે મહારાજે ભક્તના લક્ષણ લખ્યા. તે પ્રમાણે થયું? તેથી મહારાજે લખ્યુંકે, "સૌ કરતા ભગવાનના ભક્ત થાવું કઠણ છે, દુર્લભ છે." તેના કરતા આ લોકના દાકતર થાવું, વકીલ થાવું તે સહેલું છે, પણ ભક્તની ડિગ્રી મળવી બહુ કઠણ છે.

અંબરીષ રાજાની વાત લખી છે. અંબરીષ રાજા બહુ સારા એકાંતિક ભક્ત હતા. સ્વામિનારાયણ ભગવાને તે રાજાને શિક્ષાપત્રીમાં આત્મનિવેદી અને ઉત્તમ નિર્ગુણ ભક્ત કહ્યા છે." અને જે અમારા સત્સંગીમાં અંબરીષ રાજાની પેઠે આત્મનિવેદી એવા ઉત્તમ ભક્ત હોય, તેમણે પણ પ્રથમ કહ્યું તેવી રીતે અનુક્રમે કરીને માનસી પૂજા પર્યંત સર્વે ક્રિયા કરવી." શિક્ષાપત્રી શ્લોક ૫૫.

સંતના સમાગમથી આત્મા-પરમાત્માનું જ્ઞાન દૃઢ થાય છે

બાળક હોય તે પપ્પાને ઓળખે નહીં, કેમ કે તેની માતા પાસે જ રહે અને તે માતા તે બાળકને નવરાવે, ધોવરાવે, પયપાન કરાવે, એટલે તે માતા સિવાય બીજા કોઈને બે ત્રણ વરસનો થાય ત્યાં સુધી ઓળખે નહીં. પપ્પાને ઓળખે નહીં. પહેલા "માતા" કહેતા, હવે "મમ્મી" કહે છે. રાશી એક જ છે. માતા બાળકને તેના પપ્પાને ઓળખાવે. આ તારા પપ્પા છે, બાપા છે. તેમ મહારાજ કહે, સાચા સંતો હોય તે શું કહે ? આ ભગવાન છે તે સત્ય છે. આ ભગવાનમાં પ્રેમ કરો. પોતામાં જોડે તે સાચા સંતો કહેવાય નહીં, પણ ભગવાનમાં જોડે તે જ સાચા સંતો કહેવાય. જેમ પતિવ્રતા સ્ત્રી હોય, તેને પોતાના પતિને વિષે જ પ્રેમ હોય, તેમ પોતાના બાળકોને પણ પોતાના પિતા પ્રત્યે પ્રેમ કરાવે. આ તારા પપ્પા, બાપા છે. એમ આ સંતોનો સમાગમ કરવાથી આત્મા અને પરમાત્માનું જ્ઞાન થાય. સંતોને કોણ ઓળખાવે ? આ ભગવા લૂગડાં પહેર્યા, તે સંતો થઈ ગયા? એવા સંતો મળી ગયા. બે રૂપિયામાં સંત બની જવાય. બે રૂપિયામાં ગેરૂ લાવી લૂગડાં રંગીને પહેરવાથી સંત બની જવાય. અમારે તો પાંચ રૂપિયા પણ ન ખપે. સંતો તો બે રૂપિયામાં થઈ જવાય. ગેરૂ મળે, લાલ માટી, માટીના વાસણો લાલ માટીથી રંગે તે માટી, તે બે રૂપિયામાં મળી જાય. સો ગ્રામ જોઈએ. બે રૂપિયાની માટીથી રંગેલા કપડાં પહેરનાર સંતથી કાંઈ વળતું નથી. સત્સંગિજીવન, શિક્ષાપત્રી ભાષ્ય, વચનામૃત આદિ ગ્રંથોમાં

સંતોના લક્ષણો લખ્યા છે. ગીતામાં, રામાયણમાં, ભાગવતમાં દરેકમાં સંતોના લક્ષણો લખ્યા છે. ત્રીસ લક્ષણે યુક્ત હોય, સત્ય, દયા આદિક ત્રીસ લક્ષણે યુક્ત હોય, એને સંત કહેવાય. તો એવા સંતનો સમાગમ કરવાથી આત્મા અને પરમાત્માનું જ્ઞાન દૃઢ થાય છે. તો આપણે વાત કરી જે મનુષ્ય જન્મ મળવો દુર્લભ છે. તો આપણા ઉપર ભગવાને દયા કરીને મનુષ્ય જન્મ આપ્યો અને આવો દિવ્ય સત્સંગ આપ્યો. સ્વામિનારાયણ ભગવાને આપણા ઉપર કેટલી દયા કરી અને અહીં અમદાવાદ શહેરમાં મંદિર કરી નરનારાયણ દેવ પધરાવ્યા. એમ વડતાલ, ભુજ, ધોલેરા, જૂનાગઢ અને ગઢડા ગામોમાં પણ મંદિરો કરી તેમાં દેવ પધરાવ્યા. તો એ મંદિરમાં આપણે નક્કી ભગવાનનું ભજન સત્સંગ કરશું. તો થોડા સમયમાં કામ થઈ જશે. તે આવો જોગ ક્યાં મળશે ?

આવા ભગવાન અને આવો સત્સંગનો જોગ મળવો બહુ દુર્લભ છે

ભગવાન મળવા, આવો સત્સંગનો જોગ મળવો બહુ દુર્લભ છે. સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું કે "પછે નહીં મળે, પછે નહીં મળે, કાંઈ લેને લાવ, પછે નહીં મળે. મોતી સરીખો કણ લઈ, મૂરખ ઘંટીમાં કાં દળે." લાખ રૂપિયાનું મોતી હોય એને ઘંટીમાં દળી નાંખે તો તેના લાખ રૂપિયા ન આવે. તેમ આપણા ઉપર ભગવાને દયા કરી આ ઉત્તમ કુળમાં, સત્સંગના મધ્યમાં જન્મ આપ્યો છે, જોગ આપ્યો છે, તો આપણે આળસ, પ્રમાદ, મોહનો ત્યાગ કરીને ભગવાનની ભક્તિ,ભજન,સત્સંગ કરી લઈશું, તો થોડાક સમયમાં કામ થઈ જશે.

કળિયુગમાં માણસને સો વર્ષનું આયુષ્ય લખ્યું છે, પણ કોઈ સો વર્ષ પૂરા જીવતો નથી. પચાસ, સાઈઠ, એંસી સુધી જીવે. ભલે સો વર્ષ જીવે. તો એટલા કાળમાં આપણે જીવનમાં ભગવાનની ભક્તિ, ભજન કરી લઈશું, તો થોડા સમયમાં કામ થઈ જશે.

બીજું આંબા શેઠે ભગવાનનું નામ "ન્યાલકરણ" પાડ્યું. મહારાજ કહે આ નામ ક્યાંથી લઈ આવ્યા. હરિકૃષ્ણ, કૃષ્ણ, ઘનશ્યામ એ નામ તો છે, પણ "ન્યાલકરણ" નામ તો કાંઈ છે નહીં. તે ક્યાંથી ગોતી લાવ્યા ? ત્યારે આંબા ભક્તે કહ્યું, "હે મહારાજ! તમે મને ન્યાલ કર્યો, તેથી મેં આપનું નામ "ન્યાલકરણ" પાડ્યું. તે ભગવાને આંબા ભક્તને ન્યાલ કરી દીધા છે, પણ

આપણને ન્યાલ કર્યા નથી ? આંબા ભક્તને ભગવાને ન્યાલ કર્યા, તેમ આપણને પણ ભગવાને ન્યાલ કર્યા છે.

બીજું, આજે જગતમાં હળાહળ ઘોર કળિકાળ વ્યાપી ગયો છે, પણ આ ભગવાને તો "ઘોર કળિયુગમાં સતયુગ સ્થાપ્યો, અનાદિ મોક્ષની રીત, પ્રેમાનંદ કહે નહીં માને તો પછી થાશે ફજેત."

બીજું, અધ્યાત્મ,અધિભૂત,અધિદેવ એ ત્રણ પ્રકારના તાપમાં જગતના જીવો બળ્યા કરે છે. આપણને આવા ભગવાન મળ્યા ન હોત કે આવો સત્સંગ મળ્યો ન હોત કે આવા સંતો મળ્યા ન હોત, તો આપણી પણ એ જ હાલત હોત. આપણે તો અત્યારે આવા ભગવાનના,સંતોના અને આચાર્યના દર્શન કરીએ છીએ, તો આપણને શાંતિ શાંતિ થઈ જાય છે. તે આ ભગવાને ઘોર કળિકાળમાં સતયુગ પ્રવર્તાવ્યો છે. એવા જોગમાં આપણો જન્મ આવ્યો, તે આપણા મોટા ભાગ્ય છે. માટે આપણે કાળજી રાખી ભજન વિશેષ કરવું.

પ્રેમબાઈ

બીજું, પ્રેમબાઈ ભગવાનના ભક્ત હતા. તે રોજ પ્રાર્થના કરે કે "હે મહારાજ! મારા ઉપર દયા કરી મારા ઘેર પધારો." એ અંતરમાં ભગવાનને દેખતા હતા અને ભગવાનની મૂર્તિ ને સુખે સુખી હતા ને ગૃહસ્થાશ્રમમાં હતા. તેમના ઘેર તેમના પિતા પણ હતા અને પુત્રો પણ હતા, પણ એને ભગવાન વિષે એવો પ્રેમ હતો. તે ભગવાન તેમની અંતરની પ્રાર્થના સાંભળીને એક વખત એને ઘેર પધાર્યા. મહારાજે એ બાઈને એવું જ્ઞાન આપી દીધું કે, મહારાજની મૂર્તિના જેવા દર્શન થયા કે એની વૃત્તિ ખેંચાઈ ગઈ. ભગવાનની મૂર્તિમાં તલ્લીન થઈ ગયા. જેમ ચમકપાણને દેખીને લોઢું ખેંચાઈ જાય અને ચોંટી જાય, એ તો બધાએ જોયું હશે ? તેમ આ પ્રેમબાઈના મનની વૃત્તિ સ્થિર થઈ ગઈ અને તેને અક્ષરધામમાં દિવ્ય સભાને વિષે મહારાજે દિવ્યદર્શન આપ્યા અને તેને કહ્યું "તું રોજ, મને કહેતી હતી, હે મહારાજ ! મારે ઘરે આવજો... મારે ઘેર આવજો. એટલે હું આજે આવ્યો છું. તું તો સામુંય જોતી નથી." તેની વૃત્તિ સ્થિર થઈ ગયેલી તેથી તે બોલી શકતી નહતી, પણ મહારાજે તેને થોડી શક્તિ આપી. ચપટી વગાડી, ધ્યાનમાંથી જાગી તે જેવી મૂર્તિના બહાર દર્શન કર્યા તેવા તેને અંતરમાં અક્ષરધામની મૂર્તિના દર્શન થયા. તે ભગવાનની મૂર્તિ આગળ પ્રેમથી પ્રાર્થના કરવા લાગી. "હે મહારાજ!

તમે મારા ઉપર દયા કરી મારે ઘેર પધાર્યા. બહુ સારૂં કર્યું. મારે ઘેર રહો." મહારાજને પ્રેમથી જમાડ્યા, સંતોને જમાડ્યા. મારે ઘેર અઠવાડિયું રોકાવ. ત્યારે મહારાજે કહ્યું "તારો પ્રેમ હતો તેથી અમે આવ્યા, તારા ભાવથી ભરેલા ભોજનો જમ્યા. અમારે અત્યારે રોકાવાય એટલો ટાઈમ (સમય) છે નહીં." આમ કહેવાનો હેતુ એટલો હતો કે બાઈ પોતે ગૃહસ્થાશ્રમી હતા, પતિ હતા, બાળકો હતા પણ ભગવાનને વિષે આવો અઢળક પ્રેમ હતો. તો આપણે પણ સાચા ભાવે સત્સંગ કરવો. જે તે પ્રકારે વિકારો ટાળી દેહને અંતે ભગવાનની સેવામાં રહી જવાય તે તો બરાબર છે, પણ આપણે તો આ દેહ છતાં ભગવાનનું સુખ ભોગવવું છે.

અમારા દાખડા સામું જો જો

મહારાજે કહ્યું છે કે "મારા જનને અંતકાળે જરૂર મારે આવવું, બિરુદ મારૂં એ ન બદલે તે સર્વે જનને જણાવવું." ભક્ત ચિંતામણીમાં ભગવાને વચન આપ્યું છે ને? અને દાદાખાચરે વચન માંગી લીધું છે કે "તમારા ભક્તના અંતઃકાળે દર્શન દઈને તેડી જવા." અને ગઢડા પ્રથમ પ્રકરણના પહેલા વચનામૃતમાં પણ લખ્યું છે કે, ધર્મકુળનો આશ્રિત એવો જે ભગવાનનો ભક્ત છે, તે ભગવાનની ઈચ્છાએ કરીને બ્રહ્મમય દેહને પામે છે અને જ્યારે દેહને મૂકીને ભગવાનના ધામ પ્રત્યે જાય છે, ત્યારે કોઈક તો ગરુડ ઉપર બેસીને જાય છે અને કોઈક તો રથ ઉપર બેસીને જાય છે અને કોઈક તો વિમાન ઉપર બેસીને જાય છે. એવી રીતે ભગવાનના ભક્ત ભગવાનના ધામમાં જાય છે. તેને યોગ સમાધિવાળા છે, તે પ્રત્યક્ષ દેખે છે.

તમે બધા ભગવાન ભજો છો. તો પણ હજુ વધુ ભજન-કીર્તન કરજો અને આપણામાં જે કાંઈ ખામી જણાતી હોય, તે ટાળીને ભગવાનના જ્ઞાનની, ધર્મની, વૈરાગ્યની, ભક્તિની વાતો જીવનમાં ઉતારજો.

આજે સ્વામિનારાયણ ભગવાને આપણા ઉપર ઘણી દયા કરી છે. આજે છેક અપાર, અતિ છેટું એવું અક્ષરધામ ત્યાંથી અહીં પધાર્યા છે. અક્ષરધામમાં તો ઘણું દિવ્ય સુખ રહેલું છે. "સુખ, સુખ, સુખનો નહીં પાર." તો ભગવાનના અક્ષરધામમાં દિવ્ય સુખ રહેલું છે. ત્યારે એ સુખમાંથી ભગવાન અહીંયા શા માટે પધાર્યા? તો સ્વામિનારાયણ ભગવાને એવો વિચાર કર્યો કે, મારે અક્ષરધામમાંથી આ પૃથ્વી પર જઈને અનેક જીવોનું કલ્યાણ કરવું છે, તો ભગવાન તેવો સંકલ્પ ધારી ને અક્ષરધામમાંથી અહીં પધાર્યા છે. સ્વામિનારાયણ

ભગવાને એક ઠેકાણે લખ્યું -

અમે જોને આવીયા તમ કારણે તન ધરી
મન વાણી પહોંચે નહીં નિગમ કહે નેતિ કરી
માટે અમારા દાખડા સામું જો જો સૌ મળી
અન્ય વાસના સૌ વળી રાખજોમાં કોઈ વળી

મહારાજ કહે અમે એટલે દૂરથી અહીં પધાર્યા શા માટે? તો તમારા જીવના કલ્યાણ માટે. તો સૌ હવે અમારા દાખડા સામું જોજો. દાખડા સામું શું જોવું? કે ભગવાનનો કેમ રાજીપો થાય? ભગવાન આપણા પર કેમ રાજી થાય એ જ. ભગવાનના દાખડા સામું જોયાનું આપણું ધ્યેય છે.

તો મહારાજ કહે, હવે તમે બધા મારા ભક્ત થયા છો, તો વાસના રાખજો મા.એ વાસના વડે જ આ જીવ માયામાં બંધાયેલો છે. એ વાસના વડે જ આપણે જન્મમરણના ફેરા ભોગવ્યા કરીએ છીએ. પુનરપિ જનનં, પુનરપિ મરણમ્. કોઈએ એમ કહ્યું કે, આપણે ચોર્યાસી લાખ જાતના જન્મો ધારણ કરી આવ્યા છીએ, પણ ક્યાંય આવા ભગવાન, ક્યાંય આવા સંતો કે ક્યાંય આવા હરિભક્તો કે આવો સત્સંગનો યોગ કે આવા આચાર્ય મહારાજ મળ્યા નહીં હોય અને કદાચ મળ્યા હશે, તો આપણે જેવો જોઈએ એવો સમાગમ બરોબર નહીં કર્યો હોય. ભગવાનની ભક્તિ, ભજન, સત્સંગ બરાબર નહીં કર્યા હોય. તો આપણે બધા હજી આ લોકમાં ગોથાં ખાધા જ કરીએ છીએ. પુનરપિ જનનં ને પુનરપિ મરણમ્.

પણ હવે આપણને જન્મ-મરણના ફેરા ભોગવવા ન પડે અને આ દેહે કરીને જ આ લોકના રાગ માત્ર નિર્મૂળ કરવા છે અને નિર્મૂળ કરીને દેહને અંતે ભગવાનની સેવામાં રહીં જવાય, તો જ આપણો આ મનુષ્ય જન્મનો ફેરો સફળ થયો કહેવાય.

સ્વામિનારાયણ ભગવાન જેવો દયાળુ અવતાર થયો નથી અને થશે પણ નહીં

મોટા સંતો લખી ગયા કે, ગૃહસ્થ લોકો કરોડો રૂપિયા કમાણા. સાહેબ થયા, શેઠ થયા, પણ મોક્ષ સંબંધી કામ જો નથી કર્યું તો એટલું અધુરૂં કહેવાય.

ત્યારે મોક્ષ સંબંધી કામ કરવાને માટે જ આપણે બધા અહીં ભેળા થયા છીએ અને સ્વામિનારાયણ ભગવાને આપણા ઉપર કેટલી બધી દયા કરી છે ? આવા મંદિરોની સ્થાપના કરી, આચાર્યોની સ્થાપના કરી, આવા સંતોની સ્થાપના કરી. કોઈ વાતની સ્વામિનારાયણ ભગવાને અધૂરાશ રાખી નથી. આપણને કોઈ પૂછશે કે, ભગવાન ભજવામાં તમને શું ખામી હતી ? ત્યારે આ જગતના જીવ તો એમ કહેશે જે રોટલા ખાવા મળતા નહીં, કપડાં પહેરવા મળતા નહીં. આ મુંબઈમાં ઘણી જગ્યાએ ઝૂપડપટ્ટી છે ત્યાં રોટલા ખાવા મળે નહીં, કપડાં પહેરવા મળે નહીં, પણ આપણા ઉપર તો ભગવાને કેવી મોટી દયા કરી છે ? અને આપણા બધાના સુખને માટે પોતાના ગુરૂ રામાનંદ સ્વામી પાસે માગી લીધું કે " તમારા સત્સંગી હોય, તેના પ્રારબ્ધમાં રામપાત્ર લખ્યું હોય, તે રામપાત્ર મને આવો." રામપાત્ર એટલે શું? આ જે બાવાઓ હતા ને તે કુંભારને ત્યાંથી નાનકડી માટીની માટલી તોડી નાખીને તેનો નીચલો ભાગ લઈ આવે તેને રામપાત્ર કહેવાય. તે રામપાત્ર લઈને ઘરોઘર માંગે. આહલેક ભાઈ, આહલેક ભાઈ, એમ કર્યા કરે. આખો દિવસ જાય ત્યારે અડધો કિલો કે કિલો લોટ માંડ મળે. તો મહારાજ કહે " એના પ્રારબ્ધમાં આવું હોય, તો એ દુઃખ મને આવે,પણ ભગવાનના ભક્તને એ દુઃખ ન આવે અને સત્સંગીના પ્રારબ્ધમાં એક વીંછીનું દુઃખ થવાનું લખ્યું હોય,તો અમને રૂંવાડે રૂંવાડે કરોડો વીંછીની વેદના થાય, પણ સત્સંગીને એ દુઃખ ન થાય."

આથી પહેલા ભગવાનના અનેક અવતારો થઈ ગયા છે અને ગીતાજીના વાક્ય પ્રમાણે ભગવાનના અનેક અવતારો થાશે, પણ સ્વામિનારાયણ ભગવાન જેવો દયાળુ અવતાર તો કોઈ થયો નથી અને થાશે પણ નહીં. એટલા માટે સ્વામિનારાયણ ભગવાને વચનામૃતમાં લખ્યું કે "ન ભૂતો ન ભવિષ્યતિ." આથી અગાઉ આવી વાત ક્યાંય થઈ નથી ને થાશે પણ નહીં. નિષ્કુળાનંદ સ્વામીએ પણ લખ્યું "નહોતી દીઠી, નહોતી સાંભળી, એવી પ્રગટાવી પુનિત રીત, પુરૂષોત્તમ પ્રગટી રે" કે આવી વાત તો મેં ક્યાંય દીઠી નહોતી ને સાંભળીયે નહોતી એવી પ્રગટાવી પુનિત રીત પુરૂષોત્તમ પ્રગટીને. ને વાતેય સાચી કે આગળ ઋષિમુનિઓ ધ્યાન ધરીને થાકી ગયા હતા. આસન સાધી રે, ધ્યાન ધરીને ધારે, જેની ચેષ્ટા રે.....

કાળ અને માયા થકી મૂકાવે તેને મારૂં માથું આપી દઉં

ચ્યવન ઋષિએ ૯૬ હજાર વર્ષની તપશ્ચર્યા કરી, તો પણ તેને ભગવાન

મળ્યા નહીં. ગૃહસ્થો સ્વામિનારાયણ ભગવાનના જે પાંચ નિયમોનું પાલન કરે અને ભગવાનની ભક્તિ કરે, તો એને કોઈ પ્રકારે અન્ન, વસ્ત્ર ને આબરૂએ કરીને વાંધો આવતો નથી. એટલા માટે મહારાજે કહ્યું કે, તમે બધા દૂધ, ચોખાને સાકર જમો, હિંડોળા ખાટમાં ભલે ઝૂલો, પણ ભગવાનનો દઢ આશરો રાખી અને ભગવાનને યાદ કરીએ તો "મારા જનને અંતકાળે જરૂર મારે આવવું, બિરૂદ મારૂં ન બદલે, એ સર્વે જનને જણાવવું." મારા જે ભક્તો હોય એને અંતકાળે જરૂર મારે તેડવા આવવું. તે આપણા શાસ્ત્રમાં લખાયું છે કે, મહારાજ અંતકાળે જરૂર તેડવા આવે જ છે અને રથ, વેલ, વિમાન લઈને પોતાના ભક્તને અક્ષરધામમાં તેડી જાય છે. તો આપણે દરેકે શું કરવાનું ? કે વનમાં જઈએ કે ટાઢ, તડકો, ભૂખ, તરસ વેઠીએ એવું બધું કાંઈ કરવાની જરૂર નથી.

બીજું, એક ભક્ત કહે મને કાળ માયા થકી મૂકાવે એને મારૂં મસ્તક આપી દઉં. તો કાળ અને માયા થકી કોણ મૂકાવે ? કાં ભગવાન મૂકાવે અને કાં ભગવાનના સાચા સંતો. એ બે સિવાય કોઈ કાળને માયા થકી મૂકાવનાર શાસ્ત્રમાં લખ્યું નથી. બીજું, સ્વામિનારાયણ ભગવાને તો કોઈ વાતે ખામી રાખી નથી. આ પુરૂષોત્તમ નારાયણ, દયાળુ આપણને મળ્યા. આવા ગામ વચ્ચે ભગવાનના મંદિરો કર્યા, આવા આચાર્ય મહારાજ કર્યા, આવા સંતો કર્યા તે આપણા સૌના મોટાં ભાગ્ય છે. હવે આપણે દરેકે શું કરવાનું ? તો મંદિરમાં જઈને સવારે-સાંજે કથા વાર્તા થાતી હોય, તો એ લાભ લેવો અને સવારે-સાંજે ઉઠતી વખતે તથા દિવસના હાલતા,ચાલતા ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું. પ્રથમ પ્રકરણના બાવીસમાં વચનામૃતમાં પણ સ્વામિનારાયણ ભગવાને એવી વાત કરી કે, ભગવાનના ભક્ત હોય તેણે વાજિંત્ર વગાડી, ભગવાનના કીર્તન ગાવા. તે આ કીર્તન ગાતા ગાતા ભગવાનની જો સ્મૃતિ ન રહે, તો એ ગાયું તે ન ગાયા જેવું છે. ભગવાનની મૂર્તિના કીર્તન ગાતા ગાતા પણ ભગવાનની મૂર્તિની સ્મૃતિ રહેવી જોઈએ. એટલે ભગવાનના દર્શન થવા જોઈએ.

મુકતાનંદ સ્વામીની વાત

આપણા સંત મુકતાનંદ સ્વામી હતા. એક સમયે સ્વામિનારાયણ ભગવાન ગઢપુરમાં બિરાજમાન થયેલા. ચારેય બાજુ સંતો, હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી અને આ મુકતાનંદ સ્વામી પણ મહારાજની સભામાં બિરાજમાન

થયેલા. ત્યારે મુકતાનંદ સ્વામીએ ભગવાનની મૂર્તિ જોતા જોતા એક કીર્તન કર્યું. તે કીર્તન ગાતા જાય ને હાથમાં કિરતાર વગાડતા જાય.

ભગવાનની મૂર્તિની સામે જોતા જાય ને જમીન ઉપર ગુલાલ પાથરેલો. તે ગુલાલ ઉપર હાથીનું ચિત્ર બનાવ્યું. તેના ઉપર અંબાડી, તેના ઉપર ભગવાનની મૂર્તિ બિરાજમાન કરાવી. બીજા ભક્તો કહે કે આ મુકતાનંદ કીર્તન ગાય છે, પણ નીચે જોયું તો કહે આ કેમ થયું ? ત્યારે મુકતાનંદ સ્વામીએ આવી રીતે ભગવાનની મૂર્તિનું ચિત્ર કરી આપ્યું. ત્યારે આપણે પણ સ્વામિનારાયણ - સ્વામિનારાયણ ભગવાનનું નામ લઈએ ત્યારે એ મૂર્તિના દર્શન થાય. મોટા સંતો કહેતા કે ભગવાનનું નામ લઈ સ્વામિનારાયણ, સ્વામિનારાયણ, ઘનશ્યામ મહારાજ એવું નામ લઈએ તો ભગવાનની મૂર્તિ દેખાય. સ્વામિનારાયણ એમ ભગવાનનું નામ લઈએ એટલે ભગવાનનું રૂપ ખડું થઈ જાય. સ્વામિનારાયણ નામ લઈએ એટલે ભગવાનની મૂર્તિ આપણને અંતરમાં દેખાય કે ઘનશ્યામ મહારાજનું નામ લઈએ, તો ઘનશ્યામ મહારાજની મૂર્તિના આપણને દર્શન થાય. એટલા માટે બ્રહ્માનંદ સ્વામીએ કીર્તનમાં લખ્યું કે "મારા હૈડામાં નાથ હંમેશ રે દર્શન દેજો રે, બ્રહ્મમુનિ કહે નટવર વેશ રે, આંખલડીમાં રહેજો રે." એટલે આપણે પણ એવો અભ્યાસ કરીએ તો મહારાજે પ્રથમ પ્રકરણના વીસમાં વચનામૃતમાં કહ્યું છે કે, અજ્ઞાનીમાં અજ્ઞાની, ઘેલામાં ઘેલો, મૂર્ખમાં મૂર્ખ, નીચમાં નીચ કોણ છે ? ત્યારે ભગવાને કહ્યું કે પોતાના સ્વરૂપને જે જોતો નથી, એ અજ્ઞાનીમાં અજ્ઞાની, ઘેલામાં ઘેલો, મૂર્ખમાં મૂર્ખ અને નીચમાં નીચ છે.

ત્યારે એક સંતે પૂછયું કે, પોતાનું સ્વરૂપ જોવું તે શું પોતાના હાથમાં છે? ત્યારે એના ઉત્તરમાં મહારાજે કહ્યું કે, જેને સત્સંગ થયો છે તેને તો પોતાના હાથમાં જ છે. તમે અભ્યાસ કરશો તો આત્મા પણ દેખાશે ને આત્માની અંદર રહેલા પરમાત્મા પણ દેખાશે, એમ સ્વામિનારાયણ ભગવાને ઉત્તર કર્યો. તો આપણે બધાય ભગવાનના ભક્ત થયા છીએ અને બધાને એમ છે કે મારે ભગવાનની ભક્તિ કરી અને આ ને આ જન્મે આત્મા પરમાત્માનું જ્ઞાન દૃઢ કરીને, દેહને અંતે ભગવાનની સેવામાં રહેવું છે. આપણે દરેકને એવી ઈચ્છા છે કે આપણે ભગવાનનું ધ્યાન, ભજન, કથા, વાર્તા ખટકો રાખીને કરશું. તો આપણી જે કાંઈ ખામી હશે તે ભગવાન જરૂર ટળાવી દેશે.

મોટા સંતો કહેતા કે, મોટા,મોટા સંતોના શબ્દોની હાર્યું કરવી. હાર્યું કરવી એટલે કે આ મોટા સંતો સદ્‌ગુરૂ ગોપાળાનંદ સ્વામી, સદ્‌ગુરૂ બ્રહ્માનંદ

સ્વામી વિગેરે જેવી રીતે વર્તી ગયા તથા આ ગોરધનભાઈ, પરવતભાઈ, દાદા ખાચર એ બધાય ભગવાનના એકાંતિક ભક્તો થઈ ગયા, એ કઈ રીતે વર્તી ગયા? તે નિષ્કુળાનંદ સ્વામીએ કહયું : કે જે મોટા સંતો કે ભગવાનના હરિભક્તો વર્તી ગયા છે, એ પ્રમાણે આપણે ચાલ્યા જશું તો ભગવાનની સેવામાં રહી જવાશે અને ભગવાનને સુખે સુખિયા થઈ જવાશે. તો આપણને ભગવાન જરૂર સુખ આપશે. તો આપણે દરેકે કાળજી રાખી ભજન કરવું.

સંત સમાગમ કરીને મનને મારવું

બીજું, ભગવાનની મૂર્તિમાં વૃત્તિ રાખ્યા વગર જે ગાય છે તે તો ન ગાયા જેવું જ છે.

"હવે મારા વહાલાને નહીં રે વિસારૂં રે,
શ્વાસોચ્છ્વાસે તે નિત્ય સંભારૂં."

એ શું કહેવાય ? શ્વાસોચ્છ્વાસે નિત્ય સંભારૂં. શ્વાસોચ્છ્વાસે એટલે કે આ શ્વાસ લઈએ ત્યારે ને આ શ્વાસ જાય ત્યારે સ્વામિનારાયણ,સ્વામિનારાયણ અખંડ થયા જ કરે.

તેવું જ આપણે પણ કરી શકીયે. આપણે સિદ્ધાનંદ સ્વામીની વાત કરીએ કે નિયમની એકાદશી આવી ત્યારે બધા નિયમ લે. કોઈ માળાના, કોઈ વાંચન કરવાના. મહારાજ કહે કે અમારી મૂર્તિમાં ચોવીસ કલાક વૃત્તિ રાખવી એ દરેક રીતે કઠણ છે. સિધ્ધાનંદ સ્વામી કહે મારે એવો નિયમ લેવો છે. તો સ્વામીએ એવો નિયમ રાખ્યો. તો ચોવીસ કલાક સુધી એવી રીતે ભગવાનની મૂર્તિની સ્મૃતિ રાખી.

ત્યારે આપણે બધાએ એવો અભ્યાસ કરવાનો ખટકો રાખવો. તો મહારાજ આપણા પર જરૂર દયા કરશે અને જરૂર આપણને પોતાની દિવ્ય મૂર્તિનું સુખ આપશે. કેટલાક વળી એમ કહે કે, એ તો સાધુ હોય એ નિયમ લઈ શકે, તે વાતેય સાચી. સાધુને કાંઈ કામ હોય નહીં, પણ સાધુને ભગવાનનું કામ કરવું પડે ને ગૃહસ્થ હોય તેણે વ્યાવહારિક કામ કરવું પડે, પણ દરેકને અક્ષરધામમાં જવું છે ને ? માટે વ્યાવહારિક કામો કરતા કરતા ભગવાનનું ભજન કરવું ને સંતોને મંદિરનું કામ કરતા કરતા ભગવાનનું ભજન કરવું. આવી રીતે ભગવાનની સ્મૃતિ રાખીએ તો આપણા ઉપર ભગવાન જરૂર દયા કરશે. તો આપણે દરેકે કાળજી રાખીને ભગવાનનું ભજન કરવું.

બીજું, આપણા મોટા ભાગ્ય છે કે, આપણને આવો રૂડો સત્સંગનો યોગ મળ્યો છે. આ જગતના જીવો ત્રિવિધ તાપમાં બળ્યા કરે છે અને આ સંસારરૂપી દરિયામાં ડૂબ્યા જ કરે છે પણ સ્વામિનારાયણ ભગવાને તો આપણા ઉપર દયા કરી છે અને આ સત્સંગરૂપી નાવમાં બેસાડી દીધા. આગળ સમુદ્ર તરવા માણસો સ્ટીમરમાં બેસીને જાતા. ત્યારે વહાણ કે સ્ટીમર હોય પણ એને ચલાવનારો નાવિક ન હોય, તો સ્ટીમર કે વહાણ ચાલે નહીં,પણ આપણને સત્સંગરૂપી નાવ મળી ગઈ છે, તો તમે એ નાવમાં બેસી જાશો તો ભવપાર. ભવ એટલે આ સંસાર. આ સંસારમાં પુનરપિ જનનં પુનરપિ મરણમ્. આ પહેલાય આપણે સંસારના ચોર્યાશી લાખ જન્મ ધરી આવ્યા છીએ.

આપણે સત્સંગની નાવમાં બેસી ગયા છીએ. તો ભગવાન આપણો બેડો સામે કિનારે એટલે અક્ષરધામમાં પહોંચાડી દેશે. એક મહાત્માએ લખ્યું "મારે જાવું સામે તીર, સંતો મારે જાવું સામે તીર." જો નાવમાં બેસીએ તો સામે કિનારે જે મોટું શહેર હોય ત્યાં જવાય. તેમ આપણે પણ આ સત્સંગરૂપી નાવમાં બેઠા છીએ, તો સામે કિનારે એટલે ભગવાનના અક્ષરધામમાં આપણે સૌને દેહને અંતે જવાનું છે. એ કરવાને માટે જ આપણે બધા ભેળા થયા છીએ. પણ નાવમાં બેઠા હોઈએ તો મોજાં તો આવે ખરા, કંઈક પ્રકારના. "સંસાર છે સુખ-દુઃખનો દરિયો, તેને તરી શકે કોઈક જ તરીયો, સંત સમાગમ કરીને મનને મારવું."

જ્યારે સુખ આવે ત્યારે માણસ રાજી થઈ જાય. મને આ ઘણાં પૈસા ભગવાને આપ્યા, આ પુત્ર આપ્યો, બંગલા આપ્યા, ટી.વી., ધન બધું આપ્યું. માણસ રાજી થઈ જાય. પણ ક્યાં સુધી એ સુખ છે, જ્યાં સુધી આપણે આ દેહમાં છીએ ત્યાં સુધી. પણ દેહ મૂકીને આ દુનિયામાંથી જાવાનું થાશે. ત્યારે એ બંગલા, ટી.વી. કે પુત્ર કાંઈપણ કામ આવશે નહીં. એ સુખ મળ્યે છકી ન જવું, ને દુઃખમાં હિંમત ન હારવી. સુખ આવે તો એમાં છકી ન જાવું. ભગવાને મને આ સુખ આપ્યું તો મારે સારા કામ કરવા. ક્યારેક દુઃખનાયે મોજાં આવે. દુઃખના મોજામાં શું હોય ? ક્યારેક આ શરીરમાં દુઃખ આવે, વ્યવહારમાં દુઃખ આવે. દુઃખ આવે તો આપણે મુંઝાઈ જઈએ.

તો મહારાજ કહે આ સંસારમાં સુખ ને દુઃખ આવ્યા જ કરે. પણ તેમાં આપણે જ્ઞાને કરીને આ વાત જાણીએ, તો દેહને અંતે મહારાજની સેવામાં જરૂર રહી જાશું. સત્સંગ કરવા માટે જ સ્વામિનારાયણ ભગવાને આપણા ઉપર ઘણી દયા કરી છે. અક્ષરધામમાંથી આંહી પધાર્યા. આપણા શાસ્ત્રમાં

લખ્યું કે, અક્ષરધામ કેટલું છેટું છે ? તો ત્યાંથી લાખ મણ લોઢાનો ગોળો પડતો મૂકે, તો અહીં આવતા આવતા રાઈ જેટલો રહે કે ન રહે. એટલું બધું ભગવાનનું અક્ષરધામ દૂર છે. એટલે દૂરથી ભગવાન અહીં પધાર્યા છે. શા માટે ? કે આપણા જીવના કલ્યાણને માટે. તો આપણે દરેકે શું કરવાનું કે આ ભગવાનનો દઢ આશરો રાખવો. આ સ્વામિનારાયણ ભગવાન છે. સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ, સર્વના નિયંતા, એ સ્વામિનારાયણ ભગવાન આપણા ઈષ્ટદેવ છે. તેને વિષે જ પતિવ્રતાની ટેક રાખીને ભજન કરવું. સાંજે-સવારે અવારનવાર મંદિર હોય ત્યાં કથા-વાર્તા સાંભળવી. કદાચ મંદિરે કથા-વાર્તાનો અવકાશ ન મળે, તો ઘેર સાથે મળી ભગવાનની કથા, કીર્તન, ધ્યાન, ભજન કરીએ તો આપણા ઉપર ભગવાન જરૂર રાજી થાય.

આપણે ગર્ભવાસમાં ભગવાનને એ જ કોલ આપી આવ્યા છીએ. ગર્ભવાસમાં નીચું માથું, ઊંચા પગ, ખારૂં ખાટું માતા ખાય એ પીડા થાય. કેટલું બધું દુઃખ થાય? ભગવાનની પ્રાર્થના કરીએ કે હે મહારાજ ! મને આ દુઃખમાંથી મુક્ત કરાવો. ભગવાન કહે તને ઘણી વખત છોડ્યો છે, પણ તું ત્યાં જઈને ભૂલી જાય છે. બાળકનો જન્મ થાય ત્યારે બહુ દુઃખ થાય, એ દુઃખમાંથી છૂટે એટલે ઊંવા-ઊંવા કરે. હું અહીંયા ને તું ત્યાં. હવે તારે ને મારે લેવા દેવા નથી. પણ તેમ કાંઈ થાતું નથી. આમાંથી છૂટ્યો પણ વળી પાછા આ લોકમાં અનેક પ્રકારના સુખદુઃખ આવે જ છે. તો ભગવાનને આપણે કોલ આપીને આવ્યા છીએ કે, હે ભગવાન ! હું તમારી ભક્તિ કરીશ, કથા સાંભળીશ, માળા ફેરવીશ, તમારા દર્શન કરીશ ને આ લોકમાં ક્યાંય બંધાઈશ નહીં. આપણે બધા ભગવાનને તેવો કોલ દઈને આવ્યા છીએ. પણ આ માયાનું આવરણ છે ને ! વળી ભૂલી જવાય. વળી આવો સત્સંગનો યોગ મળે, કોઈ આવા સંતોનો સમાગમ થાય, આવા ભગવાનના ભક્તોનો યોગ થાય કે સારા શાસ્ત્ર વાંચીએ તો એમાંથી જ્ઞાન થાય, તો આ દુનિયામાંથી વૃત્તિ પાછી વળે. વૃત્તિ પાછી વળે એટલે બધાય સાધુ બની જાઓ એમ નહીં, પણ જ્ઞાને કરીને સાધુ થાવું. મોટા સંતોએ લખ્યું "એક દિવસ જરૂર સાધુ થાવું પડશે. ને સાધુ થયા વિના ભગવાનના ધામમાં જવાશે પણ નહીં એમ પણ લખ્યું." બધા સાધુ થઈ જાય તો આ સંસાર કેમ ચાલે ? ને આ સાધુનું ભરણપોષણ કોણ કરે ? માટે બધાને આ ભગવા કપડાં પહેરાવવાની જરૂર નથી. મહારાજ કહે કે, જેને વૈરાગ્ય હોય એ સાધુ થાય ને સાધુ કહેવાય. વૈરાગ્યની દુર્બળતા

હોય તેણે ગૃહસ્થાશ્રમમાં રહેવું, પણ યોગ કરવો. કમળ પાણીમાં રહે છે, તો પણ પાણીમાં બૂડતું નથી. કલાકમાં બે ઈંચ કે ચાર ઈંચ વરસાદ પડે ત્યારે તળાવમાં પાણી બે ફૂટ કે ચાર ફૂટ ઊંચે આવી જાય, તો કમળ પણ ઉપર તરી આવે. પણ એ કમળ પાણીમાં બૂડતું નથી. તેમ તમે બધા ગૃહસ્થાશ્રમમાં ભલે રહેલા હો, પણ તેમાં ઓતપ્રોત થાવું નહીં.

સંસારમાં સરસો રહે, ને મન મારી પાસ,
સંસાર જેને લોપે નહીં, તેને જાણું મારો દાસ

સંસારમાં ભલે રહ્યા હોઈએ, પણ આ બધું ખોટું છે અને આપણે દેખીએ પણ છીએ કે ખોટું છે. બેઠાં બેઠાં કોઈનું હાર્ટ ફેઈલ થઈ જાય. તો શું ચાલે ? આ સંસાર છે એ સુખ ને દુઃખનો દરિયો છે ને કોઈક જ મોટો તરીયો હોય તે જ તેને તરી શકે. ત્યારે આપણે પણ જ્ઞાને કરીને સંસારમાંથી વિરક્ત થાવું. વચનામૃતમાં પણ વાતો સારી આવે. આપણે વાંચી, વિચારી, મનન કરીને જીવમાં ઊતારીએ તો શાંતિ થઈ જાય. આમ વાંચી નાખ્યું, આ કથા સાંભળી નાખી, વાંચીને નાખી દીધી. કથા સાંભળીને નાખી દઈએ, તો જીવમાં ઉતરે નહીં. વાંચી, વિચારી અને મનન કરીએ તો જીવમાં ઉતરે.

વચનામૃતમાં વાત આવે છે કે, જ્ઞાને કરીને સ્થિતિ થાય છે ત્યારે એક રસ ચૈતન્ય ભાસે છે અને ચૈતન્યને વિષે ભગવાનની પ્રકાશમાન મૂર્તિ દેખાય છે. આપણને જ્ઞાન થોડું થોડું હોય પણ મહારાજ કહે કે, ખરો જ્ઞાની તેને ગણીએ જેને હરિ મૂર્તિનું જ્ઞાન છે. જેને હરિમૂર્તિનું જ્ઞાન હોય એ જ સાચો જ્ઞાની કહેવાય. ત્યારે એમાં એમ નથી કે ત્યાગી હોય એ જ જ્ઞાની થઈ શકે. ગૃહસ્થ હોય એ જ્ઞાની ન થઈ શકે એવું નથી. ત્યાગી હોય ને ત્યાગીના નિયમ પ્રમાણે વર્તીને ભગવાનની ભક્તિ કરે, તો તે પણ જ્ઞાની થઈ શકે છે. ગૃહસ્થાશ્રમમાં જનકરાજા રાજ્ય કરતા હતા. પ્રિયવૃત્ત, ઉધ્ધવ, અક્રુર, વિદુર, સુદામા, બધા મોટા ગૃહસ્થ ભક્તો થઈ ગયા અને આપણા સંપ્રદાયમાં ગોરધનભાઈ, પર્વતભાઈ, આદિક ઘણા ભક્તજનો વ્યવહારમાં રહેલા હતા, છતાં પણ વિરક્ત-જ્ઞાની હતા.

તું ક્યાંથી આવ્યો છે? તું ક્યાં જવાનો છે ?

ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, આદિક બધા

સંતો ને ગોરધનભાઈ, પર્વતભાઈ, દાદાખાચર, મયારામ ભટ્ટ, આદિક બધા હરિભક્તો હતા તે આ લોકમાંથી નિવૃત્ત થઈને ભગવાનના અક્ષરધામમાં ભગવાનની મૂર્તિને સુખે સુખિયા થયા છે. તો આપણને પણ ઈચ્છા એવી જ છે કે, આપણે પણ અક્ષરધામમાં જ મહારાજની સેવામાં દેહને અંતે રહેવાનું છે. તો આપણે પણ આ જ્ઞાને કરીને કે હું આત્મા છું, ભગવાનનો ભક્ત છું, મારા આત્મા ને વિષે પરમાત્મા રહેલા છે.

મહારાજે વચનામૃતમાં પણ લખ્યું છે કે બ્રહ્મનો સંગ કરે, તો બ્રહ્મના જેવા ગુણ આવે છે. હું આત્મા છું, ભગવાનનો ભક્ત છું, મારા આત્માને વિષે પરમાત્મા રહ્યા છે. એવી ભાવના કરી અને આ લોકનું વ્યાવહારિક કાર્ય ભલે કરો, પણ સાથે સાથે આપણે ભગવાનને યાદ કરવા જોઈએ. ગુણાતીતાનંદ સ્વામીએ લખ્યું. "કે આ લોકમાં રહ્યા એટલે વ્યાવહારિક કાર્ય તો ગૃહસ્થને કરવું જ જોઈએ, પણ તે કરતા કરતા પણ પાછી વૃત્તિ કરીને ભગવાનને સંભારવા." હે ભાઈ ! તું વિચાર કર, તું ક્યાંથી આવ્યો છો? ને તું ક્યાં જવાનો છો ?

બીજું, વરસાદ વરસે તો વરસાદના પાણીમાં પરપોટા થાય છે. તે પરપોટા એક ક્ષણ માત્રમાં ફૂટી જાય છે. એમ આ સંસાર ક્ષણભંગુર છે. મહારાજે લખ્યું છે કે, જ્ઞાને કરીને સુખી થાવું. પછી મહારાજે લીંબુનું દૃષ્ટાન્ત આપ્યું કે ભગવાનના નિશ્ચય, માહાત્મ્યરૂપી ખટાઈ જેને ચડી ગઈ હોય, તેને પછી સંસારના સુખ ચલાયમાન કરી શકે નહીં. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ સંસારના વિષયોના પાંચ સુખ છે. એમાં દુનિયા આખી એ પંચવિષયના સુખમાં જ બંધાયેલી છે. કૂતરાં, ગધેડાં, બિલાડાં, માણસ પણ, પંચવિષયના સુખ ભોગવે જ છે, પણ મહારાજ કહે ભગવાનના ભક્તને પણ પંચ વિષય તો છે જ. જગતના જીવને જે પંચ વિષય છે, એમાં ને આમાં ઘણો ફેર છે. ભગવાનના ભક્તો હોય તેને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ તે ભગવાન સંબંધી જ હોય. મહારાજ કહે ભગવાનના નિશ્ચય, માહાત્મ્યરૂપી જેને ખટાઈ ચડી ગઈ હોય, તો એ આ પંચવિષયના સુખમાં લોભાઈ ન જાય. આપણે પણ ભગવાનનો આવો મહિમા સમજીએ કે, આ ભગવાન છે તે સર્વ સુખના નિધિ છે. સર્વના નિયંતા છે. ભગવાનની મૂર્તિમાં જેવું સુખ છે, જેવો આનંદ છે, એવો ક્યાંય પણ આનંદ નથી, તે સાંભળીએ છીએ પણ માયાનું આવરણ છે ને ? મહારાજે પણ કહ્યું કે,"કંઈકવાર અમે કહ્યું ને તમે સાંભળ્યું સો સો વાર... કામ પડે ત્યારે એ વાતનો નથી રહેતો નિર્ધાર" મહારાજ કહે મેં ઘણીવાર કહ્યું, તમે ઘણીવાર

સાંભળ્યું, પણ વળી કામ પડે ત્યારે એ વાતનો નિર્ધાર રહેતો નથી. વળી આપણે આ માયાના સુખમાં લોભાઈ જઈએ છીએ, પણ ભગવાનનો એવો એકાંતિક ભક્ત થઈ ગયો હોય, તો એને માયાનો યોગ થાય તો પણ એ લોભાય નહીં. એ ખરો જ્ઞાની કહેવાય. આપણા ઉપર સ્વામિનારાયણ ભગવાને ઘણી દયા કરી.

ઘોર કળિમાં સતયુગ સ્થાપ્યો,અનાદિ મોક્ષની રીત, પ્રેમાનંદ કહે નહીં માને તો પછી થાશે ફજેત

આજે જગતના જીવ બિચારા બળ્યા કરે છે. પણ મહારાજે આપણા ઉપર ઘણી દયા કરીને સતયુગ જેવો દેશકાળ સ્થાપન કર્યો. ઘોર કળિમાં સતયુગ સ્થાપ્યો, અનાદિ મોક્ષની રીત. અનાદિ જે મોક્ષની રીત હતી, તે મહારાજે આપણા પર દયા કરીને આ સત્સંગમાં સ્થાપના કરી. તો પ્રેમાનંદ સ્વામી કહે નહીં માને તો પછી થાશે ફજેત.

તો આપણે જો ભગવાનના આ વચનોનું પાલન બરાબર નહીં કરીએ, ધ્યાન ભજન નહીં કરીએ, આ લોકમાંથી નિર્વાસનિક નહીં થઈએ, તો પછી ફજેત શું થાશે ? પછી જન્મ મરણના ફેરા ભોગવવા જ પડશે. પુનરપિ જનનં ને પુનરપિ મરણમ્. જન્મ મરણના ફેરા ભોગવવા જ પડશે.

વળી કોઈ પ્રકારની વાસના રહી જાય, તો મહારાજે પ્ર. પ્ર. ના અઢારમાં વચનામૃત કહયું કે, કોઈ વાસના રહી જાય તો ભૂત-પિશાચના અવતાર આવી પડે છે. ત્યારે ઘણાંય એમાં દુઃખ થાય. ખાવા મળે નહીં, પાણી મળે નહીં. તલવારની ધાર જેવા પાંદડા તેમાં લટકવું પડે હો. એ તો આપણને ભગવાનના ભક્તને એવું કાંઈ થાય નહીં, પણ ભગવાનના ભક્તને થોડીક કાંઈક જો કાચ્યપ રહી જાય, તો ગર્ભવાસમાં જાવું પડે. તો ગર્ભવાસનું દુઃખ હમણાં જો આપણને સાંભરતું હોય તો એક મિનિટ આપણે ભગવાનને ભૂલીએ નહીં. પહેલા આપણે વાત કરી તેવું ગર્ભવાસમાં દુઃખ છે. અંતકાળે પણ જગતના જીવો જો ભગવાનની ભક્તિ ન કરી હોય, એને કોટિ વીંછીની વેદના થાય છે. મોટા સંતોએ એમાં લખ્યું "આદિ અને અંતનો જો વિચાર કરીએ તો મધ્યમાં મોહ ન પામીએ." આદિ એટલે ગર્ભવાસના દુઃખોની આપણે વાત કરી એ. તો આપણે એક મિનિટ પણ ભગવાનને ભૂલીએ નહીં. અંતકાળે આપણને મરવાની બીક લાગી જાય છે. એક સર્પ નીકળે તો કેટલા જણા બેસી

રહે ? આપણને બીક લાગી જાય કે આ સર્પ મને કરડશે તો હું મરી જઈશ, પણ આપણને આત્મા અને પરમાત્માનું જ્ઞાન દૃઢ થઈ જાય તો ભગવાનના ધામમાં જવાય. આ દેહ મૂકીને ક્યાં જાવું છે ? તો ભગવાનના ધામમાં જાવું છે. ભગવાનના ધામમાં તો આંહીના કરતા કોટિ ઘણું સુખ છે. આપણા માતા પિતા પાસે જાવું હોય તો આપણે રાજી થઈ જઈએ ને ? આપણા માતાપિતા પાસે જાશું. છોકરા અમેરિકા- ઈંગ્લેંડ જાય. વર્ષ બે વર્ષ પછી અહીં દેશમાં આવે, તો એમ થાય કે મારા મમ્મી-પપ્પાને મળશું. રાજી થઈ જાય. એમ આપણા માતાપિતા કોણ છે ? તો ભગવાન છે. ત્યારે ભગવાન પાસે જાવામાં તો આપણને આનંદ થઈ જાવો જોઈએ, પણ આપણને આનંદ થાતો નથી. આપણે જરાક માંદા થઈ જઈએ તો કહેશું ડૉક્ટરને બોલાવો. ડૉક્ટરને ભલે બોલાવો. ના નથી, પણ આપણાને વિક્ષેપ થઈ જાય છે કે, આપણા દેહનું શું થાશે ?

ભગવાન તો દયાળુ છે. બધા રસ્તા કરવાવાળા એ જ છે. આપણે જ્ઞાને કરીને સુખીયા રહી ને તૈયાર રહેવું. મારા ગુરૂ વાત કરતા કે, ભગવાન તેડવા આવશે. હમણાં આવશે, આજે આવશે, સવારે આવશે. એમ કરતા કરતા ભગવાન જરૂર આપણને અક્ષરધામમાં તેડી જાય છે. તો આપણે જ્ઞાને કરીને આ લોકમાંથી વાસના ટાળવી અને મહારાજની મૂર્તિમાં હેત કરશું, તો આ સંસારના બધા સુખ બંધનકર્તા નહીં થાય. તો આપણા પર ભગવાને દયા કરી ને આવો સત્સંગનો યોગ આપ્યો છે. તો આ સત્સંગરૂપી નાવમાં બેસીને આપણા જીવાત્માનું કલ્યાણ કરવું, તે જ આ મનુષ્ય જન્મનું સાર્થકપણું છે.

અક્ષરધામમાં કોઈ માયાનો કોઈ વિકાર છે જ નહીં

બીજું, સ્વામિનારાયણ ભગવાને ચાર વર્ણ અને ચાર આશ્રમનું પ્રતિપાદન કર્યું કે, ત્યાગી હોય તે ત્યાગીના નિયમ પ્રમાણે વર્તે અને ભગવાનનું ભજન કરે તો તેનો મોક્ષ થાય અને ગૃહસ્થાશ્રમી હોય, તે ગૃહસ્થના નિયમ પ્રમાણે વર્તીને ભગવાનની ભક્તિ કરે, તો તેનો તેના જેવો જ મોક્ષ થાય. અક્ષરધામમાં ત્યાગીની સભા નોખી છે ? કે ગૃહસ્થોની સભા નોખી છે ? બાઈયુંની કે ભાઈયુંની સભા નોખી છે? એવું ત્યાં નથી. અક્ષરધામમાં સ્ત્રી અને પુરૂષનો ભેદ છે નહીં. એમ આપણા શાસ્ત્રમાં લખ્યું છે કે, અક્ષરધામમાં કોઈ માયાનો વિકાર છે જ નહીં. અક્ષરધામમાં જેવું ભગવાન પુરૂષોત્તમ નારાયણનું દિવ્ય

સ્વરૂપ છે, એવું જ મુક્તનું પણ દિવ્ય સ્વરૂપ હોય છે. ત્યારે જો એ કલ્પના કરીએ તો, તો બધા ભગવાન થઈ જાય. તો મહારાજે મધ્યના ૬૭માં વચનામૃતમાં લખ્યું કે, ભગવાનનો ભક્ત છે તે ભગવાનનું ભજન કરી ને ભગવાનના સાધર્મ્યપણાને પામે છે અને જેવો ભગવાનનો દિવ્ય આકાર છે, તેવો જ દિવ્ય આકાર અક્ષરધામમાં ભગવાનના મુક્તને મળે છે. તો પછી સ્વામી સેવકપણું તો રહે નહીં. તો એના ઉત્તરમાં મધ્યના ૬૭માં વચનામૃતમાં સ્પષ્ટતા કરી કે, ભગવાનનો ભક્ત ભગવાનનું ભજન કરી અને ભગવાનના અક્ષરધામમાં ભગવાનની સેવામાં તે દિવ્ય દેહે રહે છે, પણ ત્યાં સ્વામી-સેવકપણું તો રહે છે. એ ભક્ત એમ જાણે કે હું મારા ભગવાનનો દાસ છું. આ મારા સ્વામી ભગવાન પુરૂષોત્તમ નારાયણ છે. એની કૃપાએ કરીને, એની ભક્તિ, ભજનથી જ હું આ સુખ સામર્થ્યને પામ્યો છું. એટલે ત્યાં સ્વામી સેવકપણાનો ભાવ રહે છે. બાકી સુખ તો ભગવાન દરેક ભક્તને સરખું જ આપે છે.

દેવો પણ ભરતખંડમાં મનુષ્ય જન્મ ઈચ્છે છે

ખીમા સુથાર નામના એક ભક્ત હતા. આ લોકમાં બહુ ભોળા જેવા હતા. પોતે ભણેલા કાંઈ નહીં, પણ ભગવાનનું અખંડ ભજન કરતા. સ્વામિનારાયણ,સ્વામિનારાયણ અખંડ ભજન કરતા. ભગવાનની મૂર્તિ તો એ ત્રણેય અવસ્થામાં દેખતા. એવા ભગવાનના એકાંતિક ભક્ત હતા. ત્યારે એ ભક્તે ભગવાનને પ્રશ્ન પૂછ્યો. મહારાજ ! તમે અક્ષરધામમાં બધા ભક્તજનોને લઈ જાઓ ત્યારે એને કેવું સુખ આપો છો ? એના ઉત્તરમાં સ્વામિનારાયણ ભગવાને કહ્યું કે "હે ભક્ત ! એ ભક્ત અક્ષરધામમાં જાય, ત્યાં જઈને ભગવાનની દિવ્ય મૂર્તિનાં સામું જોવે તો ચરણ જોતા જોતા તેને હજારો ને લાખો વર્ષો થઈ જાય. એ ભગવાનના ચરણમાં તલ્લીન થઈ જાય. એટલે એ બીજા અંગ જોવાને શક્તિમાન થાય નહીં. એવું ભગવાનના એકે એક અંગમાં દિવ્ય સુખ રહેલું છે. તો સમગ્ર મૂર્તિમાં કેવું સુખ હશે? તો આપણે એના ઉપર વિચાર કરીએ કે, આવું ભગવાનનું અક્ષરધામમાં દિવ્ય સુખ છે. તો એ સુખ પામવા ને માટે આપણે બધાએ અહીં એવો આગ્રહ રાખવો કે, આવું ભગવાનનું દિવ્ય સુખ છે ? એ સુખને આપણે જરૂર પામવું છે. ત્યારે એ સુખને પમાશે ક્યારે ? તો સાચે શુદ્ધ ભાવે ભજન, ભક્તિ અને સત્સંગ કરવાથી આ

મનુષ્યના દેહ વડે કરીને જ પમાય છે. ગાયનો દેહ ભલે પવિત્ર છે. એનામાં દેવતાઓ રહેલા છે. હવે કોઈક એવો પ્રસંગ હોય ત્યારે ગાયને માણસો પૂજે છે. તો ગાય એ પવિત્ર છે, છતાં પણ એ ગાયથી ભગવાનની ભક્તિ, ભજન, સત્સંગ થઈ ન શકે. એટલા માટે શાસ્ત્રમાં લખ્યું કે "દુર્લભો માનુષો દેહો." આ મનુષ્યનો દેહ છે તે બહુ દુર્લભ છે. બ્રહ્માદિક દેવોને એના લોકમાં બહુ સુખ છે. મનોવાંચ્છિત સુખ ભોગવે છે. મોટી મેડી મોલાતું છે. મનમાં સંકલ્પ થાય કે લાડવા જોઈએ, જલેબી જોઈએ, ભજીયાં જોઈએ, એવો સંકલ્પ કરે તો એને સંકલ્પ માત્રથી મળી જાય છે. ત્યાં મનોવાંચ્છિત સુખ ભોગવે છે. છતાં પણ એ સુખનો ત્યાગ કરીને આ ભરતખંડમાં મનુષ્યનો જન્મ ઈચ્છે છે. હે ભગવાન ! અમારા કાંઈ પુન્ય બાકી હોય, તો અમને આ ભરતખંડમાં મનુષ્યનો જન્મ આપજો. એ દેવતાઓ પણ આ મનુષ્યનો જન્મ ઈચ્છે છે, તે મનુષ્ય જન્મ આપણ સૌને મળ્યો છે. ત્યારે મનુષ્યનો જન્મ તો દુનિયા આખીને મળ્યો છે, પણ આપણને વિશેષ શું છે ? કે આપણને આ દિવ્ય સત્સંગનો યોગ મળ્યો છે. સત્સંગનો મહિમા મોટો, જીભે કહ્યો ન જાય. સત્સંગ થોડોક કરે તો તેનું જીભે વર્ણન કર્યું ન જાય.

તપ કરતા સત્સંગનું ફળ વધારે છે

વિશ્વામિત્ર અને વસિષ્ઠ એ બે ઋષિઓ હતા. વિશ્વામિત્ર ઋષિએ તપ કર્યું અને વસિષ્ઠ ઋષિએ સત્સંગ કર્યો. એક વખત વસિષ્ઠ ઋષિ વિશ્વામિત્ર ઋષિને ત્યાં મહેમાન થયા. ત્યારે વિશ્વામિત્ર ઋષિએ તેમને ૧૦,૦૦૦ વર્ષના તપનું ફળ અર્પણ કર્યુ અને પછી વશ્વામિત્ર ઋષિ વસિષ્ઠ ઋષિને ત્યાં મહેમાન થયા ત્યારે વસિષ્ઠ ઋષિએ લવ સત્સંગનું ફળ વિશ્વામિત્ર ઋષિને આપ્યું. ત્યારે વિશ્વામિત્ર ઋષિ કહે, મેં તમને ૧૦,૦૦૦ વર્ષના તપનું ફળ આપ્યું અને તમે મને ફકત લવ સત્સંગનું ફળ આપ્યું, આ તે કેવી મારી મશ્કરી ? એટલે વસિષ્ઠ ઋષિએ કહયું કે ઋષિવર તમારા ૧૦,૦૦૦ વર્ષના તપના ફળ કરતા મારા લવ સત્સંગનું ફળ વિશેષ છે. બન્નેના વિવાદનું સમાધાન ન થયું એટલે બંન્ને બ્રહ્માજી પાંસે ગયા. બ્રહ્માજી કહે મારે હાલમાં ખૂબ પ્રવૃત્તિ છે તમે શિવજી પાસે જાઓ એ જ તમારો નિર્ણય કરી આપશે. બંન્ને શિવજી પાસે ગયા. તેમણે પણ કહ્યું હાલમાં મારે ઘણી પ્રવૃત્તિ છે, તમો વિષ્ણુભગવાન

સત્પુરૂષ ને સત્શાસ્ત્ર, એનો સંગ કરીએ તેને સત્સંગ કર્યો કહેવાય. એટલે મહારાજ કહે આ આત્મા છે એ સત્ય છે. પોતે ગમે તેટલો મોટો હોય, વડાપ્રધાન હોય કે મુખ્યમંત્રી હોય કે પ્રધાન હોય કે રાજા હોય કે શેઠ હોય કે સાહેબ હોય કે સ્વામી હોય પણ આ દેહમાં આત્મા છે, ત્યાં સુધી એ કામ કરી શકે છે. આત્મા નીકળી જાય તો આ શરીર કાંઈ કામ કરતું નથી. એટલે આત્મા છે, એ સત્ય છે ને આત્માને વિષે પરમાત્મા છે તે સત્ય છે. કેટલાક અહં બ્રહ્માડસ્મિ હોય એ ઉત્તર કરે કે, અમે તો આત્મા સો પરમાત્મા. એટલે આત્મા એ પરમાત્મા થઈ જાય છે, પણ સ્વામિનારાયણ ભગવાને ના પાડી કે, આત્મા એ પરમાત્મા ક્યારેય થઈ શકતો નથી. શિક્ષાપત્રીના એકસોને એકવીસમાં શ્લોકમાં સ્વામિનારાયણ ભગવાને કહ્યું તે સ્પષ્ટ બતાવ્યું છે. શિક્ષાપત્રી ભાષ્યમાં ઘણું લખ્યું છે કે આત્મા એ પરમાત્મા ક્યારેય થઈ શકતો નથી. તો આત્માની અંદર પરમાત્મા રહેલા છે. એટલે સત્ એવો જે આત્મા, સત્ એવા જે પરમાત્મા અને સત્પુરૂષ. એ આત્મા ને પરમાત્માને ઓળખાવે કોણ ? તો કહે સત્પુરુષો. ગીતામાં, રામાયણમાં, ભાગવતમાં અને સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રી, વચનામૃત, સત્સંગિજીવન દરેકમાં સત્પુરુષના લક્ષણ લખ્યા છે.

આ ભગવા લૂગડાં પહેર્યાં એટલે સત્પુરૂષો બની ગયા એમ નહીં, પણ ત્રીસ લક્ષણે યુક્ત હોય તો જ એ સત્પુરૂષ કહેવાય. ત્યારે સત્પુરુષોને કોણ ઓળખાવે ? તો શાસ્ત્રો. ગીતા, રામાયણ, ભાગવત, વચનામૃત, સત્સંગિજીવન, શિક્ષાપત્રી એ બધાયમાં સંતોના લક્ષણો લખ્યા છે, તો એ લક્ષણે યુક્ત જોઈને સંતોનો સમાગમ કરે. સંત કે'ને કહેવાય ? એક મહાત્માએ લખ્યું છે કે ગુરૂ. 'ગુ' એટલે અંધકાર. 'રૂ' એટલે નાશ. અજ્ઞાન રૂપી અંધકારનો નાશ કરે તેનું નામ ગુરૂ કહેવાય. તો મહારાજ કહે આ ચારનો સંગ કરે એને સત્સંગ કર્યો કહેવાય.

તો આપણા ઉપર તો ભગવાને ઘણી દયા કરી અને આવો દિવ્ય સત્સંગનો જોગ આપ્યો. આવા શાસ્ત્રો, આવા સંતોનો યોગ છે. બધી વાતે મહારાજે સાનુકૂળ કર્યું છે, છતાં આવા યોગમાં જો આપણે ભગવાનની ભક્તિ, ભજન નહીં કરીએ તો આ ખામી ક્યારે ભાંગશું ? તો એ ખામી ભાંગવાને આપણા બધાને ભેળા કર્યા છે.

ગ.પ્ર.પ્ર.ના ૨૭ માં વચનામૃતમાં પણ બહુ સારી વાત છે કે, જેની આજ્ઞાએ કરીને પૃથ્વી સ્થિર રહી છે, વરસાદ વરસે છે, સમુદ્ર તેની મર્યાદામાં

પાસે જાઓ, એ નિર્ણય કરી આપશે. પછી બંન્ને વિષ્ણુ ભગગવાન પાસે ગયા. વિષ્ણુ ભગવાને વિચાર્યુ કે બંન્ને ઋષિઓ છે, એકના પક્ષમાં ન્યાય આપીશ, તો બીજા ઋષિ શ્રાપ આપશે. આથી તેમણે કહયું કે, આનો નિર્ણય શેષજી કરી આપશે. તમો શેષજી પાસે જાઓ. બંન્ને શેષજી પાસે આવ્યા અને કહ્યું કે, અમારા વિવાદનો નિર્ણય કરી આપો. શેષજી વિચારમાં પડી ગયા કે આ બન્ને મહાત્મા છે. તેથી પૂછયું કે તમે કોની કોની પાસે જઈ આવ્યા? બંન્ને ઋષિઓએ કહ્યું ,અમે બ્રહ્માજી, શિવજી અને વિષ્ણુજી પાસે જઈ આવ્યા. શેષજીએ વિચાર્યુ કે બ્રહ્માજી, શિવજી અને વિષ્ણુજીએ નિર્ણય નથી કર્યો અને મારી પાસે મોકલ્યા છે, તેથી વિચારીને નિર્ણય આપવો પડશે. આથી યુકિતથી એમને ઉત્તર આપ્યો કે, મારા માથા ઉપર પૃથ્વીનો કેટલો ભાર છે ? માણસના મસ્તક ઉપર ભાર હોય તો બોલી ન શકે. આ લોકમાં પહેલા ગરીબ માણસો ભારાઓ લઈ આવતા. લાકડાના ભારા લઈ જતા અને બજારમાં વેંચે. એમાંથી બે રૂપિયા કે પાંચ રૂપિયા મળે એમાંથી પોતાનો નિર્વાહ ચલાવતા. એટલે માથે લાકડાનો ભારો હોય ને કોઈ પૂછે કે ભાઈ ! મારી સાથે પ્રશ્ન-ઉત્તર કર. તો એને મજો ન આવે. શેષજીને કાંઈ એવું હતું નહીં, પણ એવું જણાવ્યું. અરે ભાઈ! મારા મસ્તક ઉપર પચાસ કરોડ જોજન પૃથ્વીનો ભાર છે, એ તમે ઉપાડો તો હું નિર્ણય કરી દઉં. હવે પચાસ કરોડ જોજન પૃથ્વીનો ભાર તો શેષજી સિવાય કોણ ઉપાડી શકે ? બન્ને વિચારમાં પડી ગયા. ત્યારે શેષજી કહે વિશ્વામિત્રજી, તમે ૧૦,૦૦૦ વર્ષની તપનું ફળ આપો ને સંકલ્પ કરો કે પૃથ્વી અદ્ધર થાય, તેથી વિશ્વામિત્રે સંકલ્પ કર્યો કે હે પૃથ્વી, હું તને ૧૦,૦૦૦ વર્ષ તપનું ફળ આપું છું, તું અદ્ધર થા, તો પણ તે અદ્ધર થઈ નહીં. ત્યારે શેષજીએ વસિષ્ઠઋષિને સંકલ્પ કરવાનું કહ્યું, ત્યારે વસિષ્ઠઋષિએ સંકલ્પ કર્યો કે હે પૃથ્વી, આ મારા લવ જેટલું સત્સંગનું ફળ આપું છું, તું અદ્ધર થા, ને પૃથ્વી અદ્ધર થઈ ગઈ! ત્યારે બન્ને વિચારમાં પડી ગયા. શેષજીએ એમને કીધું કે, તમારો નિર્ણય થઈ ગયો કે આ લવ સત્સંગનું ફળ વધારે છે.

સાચા એકાંતિક સત્પુરૂષો કોને કહેવાય?

તો એમાં કહેવાનો હેતુ એટલો જ છે કે, મનુષ્ય જન્મ તો દુનિયા આખીને મળ્યો છે, પણ આપણને આ વિશેષ શું છે કે આ સત્સંગ મળ્યો છે. સત્સંગ એટલે શું ? તો મહારાજ કહે સત્ એવો જે આત્માને સત્ એવા જે પરમાત્મા,

રહે છે, આકાશમાં ગાજ-વીજ થાય છે, તે મને મળ્યા એ ભગવાનનું કર્યું થાય છે. કયા ભગવાન મળ્યા છે ? આ સ્વામિનારાયણ ભગવાન. તો મને આ સ્વામિનારાયણ ભગવાન મળ્યા છે, તે એની આજ્ઞાએ જ આ બધું થાય છે. તો એવા ભગવાન પુરૂષોત્તમ નારાયણના સુખને મૂકીને આ સંસારના સુખમાં હું શું મોહ પામું ? મહારાજ કહે છે કે, આવી રીતે જેની સમજણ હોય અને એવી જ્ઞાનની દૃઢતાને પામ્યા હોય, તો તેના નેત્રમાં જોનારા ભગવાન છે, પગમાં ચાલનારા ભગવાન છે અને દુનિયા આખીને પોષણ કરવાવાળા એ શક્તિમાન થાય છે. એવા સત્પુરૂષો કે ભગવાનના ભક્તો, સત્પુરુષો એટલે આ ભગવા લૂગડાં પહેર્યા એટલે સત્પુરુષો થઈ ગયા એમ નહીં પણ સંતના જે ગુણ શીખે, તે ત્યાગી હોય કે ગૃહસ્થ આશ્રમમાં હોય, તે ગોરધનભાઈ, પર્વતભાઈ, મયારામ ભટ્ટ આદિક એ કાંઈ સંતો બન્યા ન હતા કે ભગવા લૂગડાં પહેર્યાં ન હતા. એ ગૃહસ્થાશ્રમમાં જ હતા, પણ એ આવી રીતે ભગવાનને સંભારીને કામ કરતા, તો ભગવાનમાં જેવું ઐશ્વર્ય હતું, એવું જ ઐશ્વર્ય ભગવાનના ભક્તમાં પણ જોવા મળતું. સંતોમાં પણ એવી રીતે હોય તો જ તે સંત કહેવાય.

ભગવાનની દયા થઈ જાય તો માયાના વિકારો ટળી જાય

તો મહારાજ કહે કે, આવી રીતે સંતો હોય કે ભગવાનના એકાંતિક ભક્તો હોય, તો તુચ્છ જેવા જીવ હોય તેનું માન-અપમાનને સહન કરે એ જ એની શોભા છે. આપણે સાચે ભાવે આ ભગવાનની ભક્તિ કરીએ તો આપણા અંતરમાં ભગવાન રહે. આમાં લખ્યું છે કે, ભગવાનના ભક્તો હોય, એવા સત્પુરુષો હોય એના હૃદયમાં ભગવાન અખંડ રહે છે. હવે આપણે વિચાર કરીએ કે ભગવાન આપણા હૃદયમાં અખંડ રહે છે કે ભાગી જાય છે ? તે ચોવીસ કલાકમાં કેટલા કલાક આપણા હૃદયમાં રહે છે? આમાં મહારાજે લખ્યું કે, એવા જે ભગવાનના સત્પુરુષો હોય એના હૃદયમાં અખંડ ભગવાન બિરાજમાન છે. તેને ચાલવાની શક્તિ આપે છે. બોલવાની, જોવાની, દરેકની શક્તિ ભગવાન આપે છે. તો ભગવાનનું અખંડ ભજન કરવાથી સત્પુરુષોમાં એવા ગુણો આવે. તો આવી રીતે ભગવાનના નિયમોનું પાલન કરી અને ભગવાનનું ભજન કરે, તો એના અંતરમાં ભગવાન અખંડ જ રહે છે. તો આપણે પણ સાચે ભાવે ભગવાનની ભક્તિ, ભજન, સત્સંગ કરીને

આ લોકના રાગ ટાળવા, કેમ કે અનાદિકાળના આ જીવને માયાના વિકારો પેસી ગયા છે, ત્યારે એ ભગવાનનું ભજન કરવા દેતા નથી. મોટા સંતોએ એક લૌકિક દૃષ્ટાંત આપ્યું છે કે, વરરાજા પરણવા ગયા. લોકમાં પરણવા જાય તે સસરાને ઘરે જાય, ત્યારે એની સાસુ પોંખવા આવે. બ્રાહ્મણો કાંઈક શ્લોક બોલ્યા. ત્યારે આ વરરાજા ત્યાં પોંખાવા માટે માંચી ઉપર ઊભા રહ્યા. ત્યાં ગામમાં ઓલા અડબંગી બાવાઓ પચીસ પચાસ આવી ને વરરાજાને મારીને નીચે ઉતારી દીધા અને એ એક બાવો માંચી માથે ચડીને ઊભો. મને પોંખો. એટલે સાસુ કાંઈ બાવાને પોંખે નહીં. એમ કરતા કરતા ઘણો ટાઈમ થઈ ગયો, પણ આ તો બાવા વરરાજાને પોંખવા આપે નહીં. ત્યારે ગામમાં જઈને પોલીસને બોલાવ્યા. પોલીસને બોલાવીને બાવોઓને પકડી અને કેદમાં પૂર્યા. પછી વરરાજા ને પોંખવા દીધા. એ તો એક માયિક દૃષ્ટાંત છે. તો વરરાજાને ઠેકાણે આ જીવાત્મા છે. જીવાત્મા ભગવાનને વરવાને માટે ચાર પાયારૂપી માંચી કે બાજોઠ ઉપર ઊભો છે. તે ચાર પાયા કયા ? તો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ એ ચાર પાયા છે. એ ચાર પાયા રૂપી બાજોઠ ઉપર આ વરરાજાને ઠેકાણે જીવાત્મા ભગવાનને વરવા ઊભો છે, પણ કામ, ક્રોધ, લોભ, મોહ, માન તે આદિ ઘણાંક છે. વચનામૃતમાં લખ્યું છે કે ૫૧ નું ટોળું છે. ત્યારે એ ભગવાનને વરવા દેતા નથી. પણ પછી જેમ એ પોલીસોને લઈ આવ્યા, તેમ આપણે ભગવાનનું શરણું લઈએ, ભગવાનને યાદ કરીએ, તો ભગવાનની દયા થઈ જાય. તો એ માયાના વિકારો ટળી જાય.

આપણી સર્વે ખામી ટાળી આ જન્મે દેહને અંતે ભગવાનની સેવામાં રહી જવાય તો ફેરો સફળ થયો કહેવાય

તો આપણે પણ આ ભગવાનને વરવાને માટે ધર્મ, જ્ઞાન, વૈરાગ અને ભક્તિ રૂપી બાજોઠ ઉપર ઊભા રહેશું, તો આ વૈરાગીઓ ભાગી જાશે. તો આપણે પણ સાચે ભાવે ભગવાનની ભક્તિ, ભજન, સત્સંગ કરી, ને આપણા અંતરમાં રહેલા જે માયાના બધા વિકારો છે, તે ટાળી અને દિનદિન પ્રત્યે ભગવાનની મૂર્તિમા હેત થાય અને આ લોકના રાગ ટળી જાય અને આ દેહને અંતે આપણે ભગવાનની સેવામાં રહી જવાય, તો આપણો મનુષ્ય જન્મનો આ ફેરો સફળ થયો કહેવાય. નહીંતર સ્વામીએ લખ્યું કે, કરોડો રૂપિયા કમાણા કે ભાઈભાઈ કહેવાણા, શેઠ શેઠ કહેવાણા, સાહેબ સાહેબ કહેવાણા કે

સ્વામી સ્વામી કહેવાઈએ, પણ જ્યાં સુધી આપણી આ ખામી નથી ટળી, તો હજી કાંઈ થયું નથી. તો આપણે બધાએ એકબીજામાં સાથ-સહકારથી કાળજી રાખીને ભજન કરશું તો તે ટળી જશે.

બીજું, હોલાની વાત લખી છે. હોલા જાળમાં બંધાઈ ગયા. તો બધા હોલા પ્રયત્ન કરે પણ જાળ ઉપડે નહીં. પણ એક ઘરડાં વૃધ્ધ હોલાએ કહ્યું અરે ભાઈયો, આમ તો જાળ ઉપડશે નહીં, તો હવે શું કરવું ? તો આપણે બધા ભેગા મળીને બળ કરીએ. તે બધાયે સાથે મળી અને બળ કર્યું, તો આખી જાળ ઊપડી ગઈ. બીજા કોઈ સારા શેઠીયા લોકો હતા તેણે કાતરથી એ જાળ કાપી નાંખી. તેમ આ માયા તોડવી બહુ અઘરી છે. કેમકે અનાદિકાળનો આ જીવ માયામાં રખડતો આવ્યો છે, એટલે માયામાં જ ગોથાં ખાધા કરે છે. કામ, ક્રોધ, લોભ, માન એવા અનેક પ્રકારના માયાના વિકારો પેસી ગયા છે, તો એ આપણે ટાળવા છે ? પણ એ ટળશે ક્યારે ? તો પેલા હોલાએ કેમ સાથે મળીને બળ કર્યું, તેમ આપણે બધા સાથે મળી, સંતો હરિભક્તો એકબીજા સાથે મળી ભગવાનની વાતું કરવી, આવી જ્ઞાન ગોષ્ઠિ કરવી કે હજી મારામાં આ ખામી છે તો ખામી કેમ ટળે ? તો અરસપરસ ભગવાનના મહિમાની, જ્ઞાનની, ધ્યાનની વાતું કરીએ અને એકબીજા અરસપરસ ઉપાય બતાવતા આવે. મહારાજ કહે કે, ત્યાગી ને ગૃહસ્થનો કોઈ મેળ નથી કે નાના-મોટાનો કાંઈ મેળ નથી, જેની સમજણ મોટી એ મોટો.(ત્યાગી હોય પણ એની સમજણ ઓછી પણ હોય)

એક અમારા સંત હતા તે એંશી વરસના હતા.તે છોકરાંઓ સાથે મશ્કરી કર્યા કરે. કાંઈ સમજણ નહીં. તો એ શું કે સ્વભાવે એવા હતા. એક સંત પચ્ચીસ વરસના હતા, પણ સારા સમજુ હતા ને જ્ઞાનની, ધ્યાનની, ભજનની વાતું કરતા અને પોતે પણ એવી સ્થિતિમાં વર્તતા હતા. તો નાના હતા તો પણ એ મોટા કહેવાયા. ગૃહસ્થ હોય, કોઈ સારા ધર્મ, નિયમ પાલન કરીને ભક્તિ કરતા હોય, તો એને પણ મહારાજ કહે કે મોટા કહેવાય. તો આપણે બધા એ ભેળા મળીને આવી રીતે જ્ઞાન ગોષ્ઠિ કરવી અને આપણી જે કાંઈ ખામી હોય, તે ટાળીને આ ને આ જન્મે કરીને દેહને અંતે ભગવાનની સેવામાં રહી જવાય, તો જાણે આપણો આ મનુષ્ય જનમનો ફેરો સફળ થયો કહેવાય. એ કામ કરવાને માટે જ આપણે બધા ભેળા થયા છીએ. આપણે બીજું કાંઈ કામ છે નહીં. કેટલાક ફિલ્મો જોવા જાય, તાયફો જોવા જાય. આપણે એવું કાંઈ છે નહીં. ભેળા શું કામ થયા છીએ ? કે આ ભગવાનની

ભક્તિ ભજન કરીને જે કાંઈ ખામી હોય, એ ટળી જાય અને દેહને અંતે ભગવાનના અક્ષરધામમાં રહી જવાય, તો જાણે આપણો આ ફેરો સફળ થયો કહેવાય. માટે આપણે બધા એ ખટકો રાખી ભજન કરવું.

મહારાજની આજ્ઞામાં વર્તવું

બીજું, ભગવાન તો બહુ મોંઘા છે. બહુ મોંઘા છો ઘનશ્યામ, નાવે કોઈની નજરે. આ ભગવાન તો બહુ મોંઘા છે. ઋષિમુનીઓ ધ્યાન કરી કરીને થાકી જતા.

સત્યયુગમાં ઋષિમુનીઓની વાત કરીએ તો ચ્યવનઋષિએ ૯૬ હજાર વર્ષ સુધી તપસ્યા કરી. સૌભરી ઋષિએ પાણીમાં બેસીને ૬૦ હજાર વર્ષ સુધી તપસ્યા કરી, તો પણ એને ભગવાન મળ્યા નહીં. તો આપણા સૌના તો મોટા ભાગ્ય છે કે, આપણને ઘેર બેઠાં આવા ભગવાન પુરૂષોત્તમ નારાયણની ઓળખાણ થઈ છે. તો આપણે બધાએ શું કરવાનું છે ? કે આ સ્વામિનારાયણ ભગવાનનો દૃઢ આશરો રાખવો.આ સ્વામિનારાયણ ભગવાન છે એ આપણા ઈષ્ટદેવ છે. એને વિષે પતિવ્રતાની ટેક રાખવી અને એમની આજ્ઞા જે સ્વામિનારાયણ ભગવાને ત્યાગી, ગૃહસ્થને જે પ્રમાણે શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે, તે પ્રમાણે આપણે વર્તીએ. દેહ છતાં પણ ભગવાન પોતાના ભક્તજનોને અન્ન વસ્ત્રને આબરૂએ કરીને રક્ષા કરે જ છે ને દેહને અંતે ભગવાન જરૂર પોતાના અક્ષરધામમાં તેડી જાય છે. તો આપણે બધાએ ભગવાનનો આશરો રાખવો. સાચે ભાવે ભગવાનની ભક્તિ, ભજન, સત્સંગ કરી લેશું, તો થોડા સમયમાં બહુ ભારે કામ થઈ જાશે.આગળ સતયુગમાં લાખ વર્ષનું આયુષ્ય હતું, તો પણ આપણે ભગવાનની ભક્તિ બરાબર નહીં કરી હોય, એટલે આપણો મોક્ષ થયો નથી. આજ તો થોડા સમયમાં આપણું આ જીવન સાચવી અને ભગવાનની ભક્તિ કરશું, તો એ અક્ષરધામમાં અપાર દિવ્ય સુખ રહેલું છે, તે સુખને પામશું.

બીજું, સારંગપુરના પહેલા વચનામૃતમાં લખ્યું કે, એક આંખનું મટકું ભરીએ એટલીવાર પણ જો ભગવાનનું સુખ લીધું હોય, તો એમ થાય કે મેં લાખો વર્ષો સુધી સુખ લીધું. જો આપણને એ સુખમાં જો દૃષ્ટિ પહોંચી જાય, તો આપણે એક મિનિટ પણ ભગવાનને ભૂલીએ નહીં. તો આપણે બધાએ એ સુખમાં દૃષ્ટિ પહોંચાડવી અને આ લોકના ક્ષણિક ને માયિક જે સ્ત્રી, ધન

આદિકના આ માયિક સુખમાંથી ધીમે ધીમે મોહ ટાળી ને ભગવાનની મૂર્તિમાં હેત કરવું.

બીજું, ગ.પ્ર.પ્ર.ના બત્રીસમાં વચનામૃતમાં પણ મહારાજે આપણ સૌને સારી વાત કરી કે પંચવિષય તો જગતના જીવને પણ છે અને ભગવાનના ભક્તને પણ છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પંચવિષયોને તો જગતના જીવો ભોગવે છે અને આપણે ભગવાનના ભક્તો ભગવાન સંબંધી પંચવિષયને ભોગવીએ તો આપણે ભક્ત બરોબર થયા કહેવાઈએ અને એવી રીતે ન થયા હોઈએ અને જગતના જીવો જેમ પંચ વિષયોને ભોગવે છે એ રીતે આપણે પણ એમાં લોલુપ થઈ જઈએ, તો એટલી આપણા ભક્તપણામાં કાચ્યપ કહેવાય. તો આપણે એ પણ ખ્યાલ રાખીએ કે, મહારાજે આપણને જે આજ્ઞા કરી છે, એ પ્રમાણે આપણે વર્તવું.

પ્રતિલોમ ધ્યાન વડે ભગવાનની અખંડ સ્મૃતિ રાખવી

બીજું દૃષ્ટાંત આપ્યું કે, ભગવાનના ભક્તોને કથાવાર્તા રૂપી ચારો કરીને ભગવાનની મૂર્તિ રૂપી માળા અથવા ખીલામાં વિરામ કરવો. પક્ષીઓનું અને જનાવરોનું દૃષ્ટાંત આપ્યું. પક્ષીઓ હોય, તે પારેવાં, ચકલાં આદિક બધા પક્ષીઓ કહેવાય. એ પોતે દિવસના ચારો કરવા જાય, પણ સાંજે આવીને પોતાના માળામાં વિરામ કરે. પશુઓનું દૃષ્ટાંત આપ્યું. ગાયું, ભેસું આદિક. તેઓ દિવસના ચરવા જાય પણ સાંજે પોતાને ખીલે આવી વિરામ કરે. તો એમાં પણ મહારાજે આપણને કહ્યું કે, તમે આવી રીતે કથા-વાર્તારૂપી ચારો કરી અને ભગવાનની મૂર્તિરૂપી ખીલે કે માળામાં વિરામ કરો છો ? કેમ તો આપણે પણ આ સંતો હોય તેને સત્સંગ સંબંધી કે ભગવાન સંબંધી કે ભગવાનના મંદિર સંબંધી પ્રવૃતિ પણ મહારાજે આજ્ઞા કરી છે, તે પ્રમાણે કરવી જોઈએ, પણ પ્રવૃતિ કરતા કરતા પણ ભગવાનની મૂર્તિનું સ્મરણ કરવું. તેમ ગૃહસ્થ લોકો હોય, એમને પણ વ્યાવહારિક કાર્ય કરવું જોઈએ,પણ વ્યાવહારિક કાર્ય કરતા કરતા પણ સાથે ભગવાનની મૂર્તિનું સ્મરણ કરવું. મોટા સંતો કહેતા કે ભગવાનના ભક્તોએ તો સવાર-સાંજ ભગવાનની અખંડ સ્મૃતિ રાખવી જોઈએ, છતાં પણ કદાચ વ્યાવહારિક કાર્યને વિષે પ્રવૃતિઓ રહેતી હોય, તો સૂતી વખતે અને ઉઠતી વખતે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું. તો એ ધ્યાન કરીને કારણ શરીરની વાસના ટળે છે. આમાં મહારાજે દૃષ્ટાંત સારૂં લખ્યું કે,

માળો અને ખીલો. કેટલાક ભક્તજનો પૂછે કે માળો અને ખીલો કોને કહેવાય ? તો એ એમ છે કે, માળો અને ખીલો એક જ કહેવાય. મોટા સંતો દૃષ્ટાંત આપતા કે માળો અને ખીલો. માળામાં પક્ષીઓ હોય તે માળાની અંદર જ રહે. બહાર દેખાય નહીં. તેમ ભગવાનની મૂર્તિને અંતરમાં ત્રણ દેહની ભાવના ટાળી અને પ્રતિલોમ વૃત્તિ વડે અંતરમાં ધારે તો એ માળામાં વિરામ કર્યો કહેવાય, અને ખીલો. જેમ પશુ હોય, ગાયું, ભેસું, બળદ આદિક ખીલે બંધાયેલા હોય. એ ખીલે વિરામ કરે તો એ બહાર દેખાય. એ બહાર મૂર્તિનું ધ્યાન કરે. બહાર મૂર્તિનું ધ્યાન કરવાથી મૂર્તિ તો દેખાય અને આનંદ પણ આવે.

આ દેહ વડે મોક્ષરૂપી કામ કરી લેવું

કારિયાણીના બારમાં વચનામૃતમાં કહ્યું કે, કારણ શરીરની વાસના ભગવાનની મૂર્તિનું અંતરમાં ધ્યાન કરવાથી ટળે છે. તો આપણે પણ સ્વામિનારાયણ ભગવાનના ભક્ત થયા છીએ. તો આ રીતે ભગવાનનો મહિમા સમજી અને કથા, વાર્તા, ધ્યાન, ભજન કરીને અંતરમાં ભગવાનની મૂર્તિનું સૂઈએ ત્યારે અને ઉઠીએ ત્યારે દરરોજ ધ્યાન કરવું જોઈએ અને કહ્યું કે, રજોગુણ કે તમોગુણ વર્તતા હોય, તે વખતે ધ્યાન કરવું નહીં. કેમકે આ જીવનો સ્વભાવ એવો છે, તે અનાદિકાળનો માયામાં ભટકતો આવે છે. એટલે આપણને ક્યારેક રજોગુણ તમોગુણના વેગ વર્ત્યા કરે. રજોગુણ હોય ત્યારે સંકલ્પો થયા જ કરે. કેટલાક હરિભક્તો કહે કે, સ્વામી અમારે સંકલ્પો થયા જ કરે છે. દિવસના ન થાય, પણ જ્યારે ધ્યાન ભજન કરીયે ત્યારે જ થાય. તો એ ધ્યાન ભજન કરે કે માનસી પૂજા કરે, ત્યારે જ સંકલ્પો થાય અને દિવસના નથી થતા એમ નહીં, થયા જ કરતા હોય, પણ આપણે ઓળખીએ નહીં.એટલે રજોગુણ કે તમોગુણ વર્તતો હોય. તમોગુણ એટલે આપણને શુન્ય વર્ત્યા કરે. કોઈકે આપણને કાંઈ કહ્યું ન હોય, કાંઈ દુઃખે ય ન હોય, છતાંય આવી રીતે ગુણનું કાર્ય વર્તતું હોય, તો તે વખતે આપણા અંતરમાં શાંતિ ન આવે. મહારાજે આમાં એમ કહ્યું કે, જ્યારે સત્વગુણ વર્તતો હોય ત્યારે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું. તો આપણે બધા ભગવાનના ભક્તો થયા છીએ, તો આ રીતે ભગવાનની મૂર્તિનું ધ્યાન, ભજન, કથા, વાર્તા, કીર્તન કરી અને આ લોકના રાગમાત્ર નિર્મૂળ કરી અને દેહને અંતે અક્ષરધામમાં

આપણે ભગવાનની સેવામાં રહી જવાય, તો આપણો આ ફેરો સફળ થયો કહેવાય. એટલે ગુણાતીતાનંદ સ્વામીએ લખ્યું કે, કરોડો કામ કર્યા, કરોડો રૂપિયા કમાણા, ભાઈ-ભાઈ કહેવાણા, શેઠ-શેઠ કહેવાણા કે સ્વામી-સ્વામી કહેવાણા, પણ જો મોક્ષ સંબંધી કામ આપણે બરાબર નથી કર્યું, તો એટલું કામ ઓછું કહેવાય. તો આપણે દરેકે આળસ, પ્રમાદ, મોહનો ત્યાગ કરી અને દિન-દિન પ્રત્યે ભનવાનની મૂર્તિમાં હેત થાય અને દેહને અંતે ભગવાનની સેવામાં, અક્ષરધામમાં રહી જવાય, તો જ આપણો આ મનુષ્યનો જન્મનો ફેરો સફળ થયો કહેવાય. માટે આપણે દરેકે કાળજી રાખી ભજન કરવું.

--- --- ---

જય શ્રી સ્વામિનારાયણ

"પ.પૂ. સ્વામીજીની વાતોના દિવ્ય મુક્તક"

- સુખના સરનામા બે જ છે, ભગવાન તથા ભગવાનના સાચા સંત.
- સંત સમાગમ થકી જ એકાંતિક ભક્ત થવાય છે.
- આપણે ભગવાનની કથા, વાર્તા, માળા, માનસી પૂજા અને ભજન એ વ્યસન રાખવા, તેણે કરીને ભગવાન આપણા ઉપર રાજી થાય.
- ભગવાનના સુખનો લોભ રાખીને જેમ ભગવાનનો સંબંધ અતિશય રહે તેમ ઉપાય કરે તેને બુદ્ધિવાન કહીએ.
- જે કાંઈ ખામી રહે છે, તે આપણા આળસ અને પ્રમાદે કરીને રહે છે.
- ભૂતકાળ ને ભવિષ્યકાળનો વિચાર ન કરતા વર્તમાનકાળ સુધારવો.
- ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવા નટની જેમ વૃત્તિ કેળવવી.
- પરમેશ્વરના સ્વરૂપનું ધ્યાન કરે ને પરમેશ્વરના વચનને હૃદયમાં ધારે, તેણે કરીને એ કારણ શરીર છે તે બળીને ખોખાં જેવું થઈ જાય છે.
- ત્રીસ લક્ષણે યુક્ત સંતના સમાગમથી જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે.
- કુશાગ્ર બુદ્ધિવાળાને બ્રહ્મની પ્રાપ્તિ થાય છે.
- ભગવાનનો યથાર્થ મહિમા સમજાઈ જાય તો આપણે એક ક્ષણ પણ ભગવાનને ભૂલીએ નહીં.
- આપણી સર્વે ખામી ટળી જાય ને આ દેહને અંતે ભગવાનની સેવામાં રહી જવાય તો ફેરો સફળ થયો કહેવાય.

- સ.ગુ. ધ્યાનીસ્વામી હરિસ્વરૂપદાસજી

શ્રી ઘનશ્યામ માનવ સેવા ટ્રસ્ટ

અંબિકા પાઈપ - આશીર્વાદ પાઈપ પાછળ,
ને.હા. નં. ૮, વઘાસી, આણંદ
મો. નં. ૯૮૭૯૨ ૦૫૯૪૪, ૯૮૨૪૯ ૦૬૮૦૪.